તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. તારીખ ૧ લી જાન્યુઆરી ૧૯૩૮. અંક ૧૧ મો.

## દેશકાળ અને યુવકો.

સમયના વ્હેણ બદલાય છે, શરદની ખુશનુમા રાત્રી ગઇ અને શીયાળાની કડકડતી ઠંડીએ તેનું સ્થાન લીધું છે.

આજના સમાજ જીવનની આવી સ્થિતિ છે. રૂઢીચુસ્તના જર્જરિત પુરાણા કીલ્લાને જમીન દોસ્ત કરવા મથતો યુવક આજે કયાં ઉભો છે? નવયુગના નાદને પીછાનતા અગ્રણીઓ અને અનુયાયીઓ આજે કેમ મૌન સેવે છે? આજે એમની સમક્ષ કાર્યક્ષેત્ર નથી? સમય નથી? કે ઉત્સાહ નથી? જૈન જગતના ચકાવે એટલા પર્યુષણ અને સંવત્સરીના ઝગડાથી ત્રાસેલો આજનો યુવક સમાજ સાચો માર્ગ શોધે અને પોતાના ધ્યેયને લક્ષમાં રાખી પ્રગતિ સાધે એમ સૌ કોઇ ઇચ્છે. એ તો કુદરતનો નીયમ છે કે ભરતી હોય ત્યાંજ ઓટ થાય અને ઓટ હોય ત્યાં ભરતી ચઢે.

જૈન સમાજની સાચી પરિસ્થિતિથી જાણકાર આપણા વડીલો અને સંયમીઓ વર્ષો પુરાણા ચીલે એમના ગાડા હાંકે રાખે એ શોચનીય છેજ.

દેશ કાળની અસર જ્યાં સુધી તેમની પાસે વૈભવ લક્ષ્મી છે ત્યાં સુધી ઓછી થશે છતાં એ વહેલા કે મોડા તેમને પણ પોતાના ગાડા નવયુગના રાહે લીધા વગર છુટકોજ નથી.

વખતસર એઓ ચેત્યા હોત તો—? સંસ્કૃતિના નામે આજે સશસ્ત્ર રાષ્ટ્રોમાં માનવતાનો સંહાર ચાલી રહેલો આપણે જોઇએ છે. પારકી આશાએ કે નસીબને આધીન બનીને આપણે બેસવું ન ઘટે.

દુનીયામાં રહેવું હોય તો આપણે આપણા પગ ઉપર ઉભા રહેવું પડશે. નબળા હોઇશું તો તાકાત કેળવવી પડશે. એ વગર સાચી સિદ્ધિ નથી.

આપણે આટલું વીચારીએ તો—

રમણીક ધીઆ.

**उद्‌धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥**

**અર્થ**:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દ્દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧-૧-૩૮. શનીવાર.


## જ્ઞાનની પરબ.

ગ્રીષ્મ રૂતુના પ્રખર તાપમાં, તૃષાથી પીડિત જીવોને માર્ગના પરિશ્રમથી પ્રસ્વેદ ઝરતા અંગવાળા પથિકોને પાણીની પરબ એક મધુરા આશ્રયસ્થાન સમી થઇ પડે છે! એ વેળા એના મૂલ્ય ખારા પાણીના સરોવરમાં મીઠા જળની વીરડી સમા કિંવા અમાપ અરણ્યમાં લીલી જગા ( oaseas ) સદ્દશ નિવડે છે. એના યથાર્થ મૂલ્યાંકન તૃષાતુરો કે મુસાફરોજ આંકી શકે.

એવુંજ ચિત્ર જ્ઞાન પ્રાપ્તિ અર્થે ઉભા કરાતાં છાત્રાલય બોર્ડિંગ યાને ગુરૂકુળ જેવી સંસ્થાઓનું દોરી શકાય. ગણત્રીના શહેરો બાદ કરતાં ગ્રામ્ય જનતાના મોટા ભાગને સ્વસંતાનોને કેળવણી આપવા સારૂ કેટકેટલી મુશીબતો વેઠવી પડે છે અને કેવા કેવા કડવા અનુભવોની તાવણીમાં તવાવું પડે છે એ તો એ જીવન જીવનારજ જાણી શકે. કેટલીક વાર તો અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓને ગાઉઓ ખુંદીને શિક્ષણ સ્થળે પહોચવું પડે છે. એ વેળા ટાઢ–તડકો કે વર્ષાના ઝાપટાનો વિચાર સરખો મનમાં પેસવા નથી પામતો. શિક્ષણ સંચયની લાલસા એ સર્વ કષ્ટોને સહન કરવાનું બળ અર્પે છે.

આમ જ્ઞાન અર્જન એ વિકટ ગ્રંથી રૂપ છેજ.

આવી પરિસ્થિતિ વચ્ચે કેંદ્રસ્થળમાં એકાદી બોર્ડિંગ એ કેવળ સગવડતા રૂપ થઈ પડે છે એટલુંજ નહિ પણ આસપાસના ગામોમાં વસનાર જનતા માટે આશીર્વાદ સમી નિવડે છે.

તાજેતરમાં કોન્ફરન્સના એક માનદ મહામંત્રી શ્રીયુત્ કાન્તિલાલ ઈશ્વરદાસ તરફથી એવીજ એક બોર્ડિંગના ઉદ્ઘાટનની ક્રિયા રાધનપુર મુકામે કરવામાં આવી. એ મકાન, એમાં વિદ્યાર્થીગણ સારૂ કરવામાં આવેલ સગવડ અને ઉદ્ઘાટન પ્રસંગે તત્ સંબંધી કરવામાં આવેલ ભાષણો પરથી સહજ અનુમાની શકાય કે રાધનપુર અને આસપાસની પ્રજામાં આ પ્રકારની સંસ્થાની આવશ્યકતા હતી અને આ કાર્યથી એની ખોટ પૂરાઇ છે. કેળવણી માટેનો શ્રીયુત્ કાંતિભાઇનો પ્રેમ ને પક્ષપાત જાણીતો છે. કેળવણીનું નામ આવતાંજ તે ભાઇનો હાથ ઝટ ખીસામાં પડે છે. ભાગ્યેજ એવી કોઈ કેળવણીની સંસ્થા હશે કે જેમાં તેમનો હિસ્સો નહી હોય. કોન્ફરન્સને કેળવણીના કાર્ય સારૂ અર્પણ કરેલ રૂપીઆ પચીસ હજાર જેવી નાદર રકમ તેમજ અંબાલા કૉલેજ ફંડમાં ભરેલ રૂપીઆ અગીઆર હજાર એ તો તાજાજ દાખલા છે–આ બોર્ડિંગ પાછળ પણ લગભગ પોણા બે લાખનું દાન છે.

શ્રીમંતો તેમના કાર્યનું અનુકરણ કરી જુદા જુદા કેન્દ્રોમાં આવી બોર્ડિંગ કે છાત્રાલયો સ્થાપન કરે તો જૈન સમાજનો જે એક આવશ્યક અને અતિ અગત્યનો પ્રશ્ન છે તેનો સહજ ઉકેલ આવે. આજે જે અજ્ઞાનતા રૂપી ડાકિનીની ચૂડ એની કોટમાં પડી છે, તેમાંથી છુટા થતાં વિલંબ ન થાય. જ્યાં લગી એ અંધારા ઉલેચાય નહિં અને જ્ઞાન રૂપી દિવાકરના પ્રકાશ કિરણો પ્રસરે નહિં ત્યાં સુધી જૈન સમાજની વર્તમાન વિષમ દશા, અવર્ણીય બેકારી, અને પરસ્પરની અસુયાપૂર્ણ કલહવૃત્તિ નષ્ટ થવાનીજ નથી.

જેમ દાની પુરૂષો સમયને ઓળખી ધન ખરચે છે તેમ આ પ્રકારની સંસ્થામાં શિક્ષણ લેના વિદ્યાર્થી ગણે પણ કેટલીક વાતો લક્ષ્યમાં લેવાની છે. આવા સ્થાનોની સફળતા ત્યારેજ લેખાય અને આમ જનતામાં એ પ્રતિ બહુમાન ત્યારેજ પેદા થાય કે જ્યારે એમાં ભણતા વિદ્યાર્થીઓ વિનમ્ર, પ્રતિભાવંત અને સદ્વર્તનશાળી તરિકે બહાર આવે. **ज्ञानक्रियाभ्यां मोक्षः** અથવા તો **सा विद्या या विमुक्तये** જેવા સૂત્રો તેમના દૈનિક જીવનમાં વણાયા હોય. જ્ઞાનની પાછળ કરણી હોયજ. એમાં રહીને તેઓ ધર્મ જેવા કલ્યાણકારી શબ્દને ભૂલ્યા ન હોય.

Knowledge is Power અર્થાત્ જ્ઞાનમાંજ સર્વ શક્તિ છે એ આંગ્લ ઉક્તિ અનુસાર કિંવા "લોકાલોક પ્રકાશજ્ઞાન એક પ્રધાન" સમા આગમ વચન પ્રમાણે પ્રત્યેક વિદ્યાર્થી અવધારી લે કે તેનું જીવન માત્ર ડીગ્રી મેળવવા અર્થે અથવા તો ઠીક ઠીક પૈસો રળવા અર્થે શકિત સંપાદન કરવા માટે નથી નિર્માયેલું. પણ સાથો સાથ હૃદયમાં કોતરી રાખે કે એણે ભવિષ્યમાં એક દ્દઢ ધર્મી, સાચા શહેરી અને સદાચારી સેવક તરિકે ભાવિ જીવનનો આંક દોરવાનો છે. તોજ આવી સંસ્થાના સ્થાપન અને એ પાછળ ખરચેલ લક્ષ્મીની સાર્થકયતા છે.

છાત્રાલયમાં વસનાર વિદ્યાર્થી સ્વતંત્રના બાહુ હેઠળ શિસ્ત પાલન અર્થે નિર્માયેલા કાનુનો હરગીજ ન ઉલંઘી શકે. સ્વતંત્રતા ને શિસ્ત પાલન એ વિરોધી તત્ત્વો નથીજ. તેજ જ્ઞાન શોભાસ્પદ ગણાય છે અને તેજ જ્ઞાન પ્રશસ્ય લેખાય છે કે જેના સંપાદનથી આત્મા ચારિત્રશીલ બને છે. જૈન ધર્મમાં "સમ્યગ્જ્ઞાન" પર જે વજન દેવાયું છે એનું કારણ પણ એ પરથી સહજ સમજાય તેમ છે. એકલા જ્ઞાનને લંગડું કહ્યું છે અને એકલી ક્રિયાને આંધળી કહી છે. ઉભયના યોગનેજ કાર્યકર દર્શાવ્યો છે. જ્ઞાન પરબના અમૃત ઝરણા પીનાર ભાવિ સંતાનો એ ભાવ સમજે એજ અભ્યર્થના.

---

## શ્રી જૈન દવાખાનું, પાયધુની, મુંબઈ.

આ દવાખાનાનો છેલ્લા બે માસમાં નીચે પ્રમાણે દરદીઓએ લાભ લીધો હતો.

| | પુરૂષ દર્દી | સ્ત્રી દર્દી | બાળ દર્દી | કુલ્લે | સરેરાશ |
|---|---|---|---|---|---|
| અકટોબર | ૬૩૬ | ૪૧૧ | ૫૭૯ | ૧૬૨૬ | ૫૩ |
| નવેમ્બર | ૫૮૨ | ૫૧૯ | ૫૦૯ | ૧૬૧૦ | ૫૪ |

બાઇ ડોકટર મીસીસ સાલ્ડાનાએ ૨૦૮ દર્દીની સારવાર કરી હતી. ઉપર પ્રમાણે દર્દીઓએ લાભ લીધો છે. આવા ઉપયોગી ખાતાને મદદ કરવા જૈન ભાઈ બ્હેનોને ખાસ આગ્રહ ભરી વિનંતિ છે.

# શ્રી ઇશ્વરલાલ અમુલખદાસ મોરખીયા જૈન વિદ્યાર્થી ગૃહ—રાધનપુર

# ઉદ્ઘાટન ક્રિયા.

રાધનપુરમાં તા. ૨૫-૧૨-૩૭ ના રોજ ઉપરોક્ત પ્રસંગે મંગળાચરણ, સ્વાગીત અને આમંત્રણ પત્રિકા વાંચન પછી શેઠ **કાંતિલાલ ઇશ્વરલાલે** પોતાના નિવેદનમાં જણાવ્યું કેઃ—

નેક નામદાર રાધનપુરના નવાબ સાહેબ બહાદુરના શુભ હસ્તે મ્હારા પૂજ્ય પિતાશ્રીના સ્મરણાર્થે ખોલવામાં આવેલ આ છાત્રાલયના નવા મકાનની ઉદ્ઘાટન ક્રિયા થાય છે એ મ્હારા જીવનમાં યાદગાર દિવસ ગણાશે. આપ નામદારના શુભ હસ્તે થોડા વખત પહેલાંજ શ્રી વાડીલાલ પુનમચંદ સેનેટોરિયમના મકાનનો પાયો નાંખવાની ક્રિયા થઈ છે. આપ નામદાર અને કેળવણી પાછળ મસ્ત બનેલા આચાર્ય વિજયવલ્લભસૂરિજી મહારાજને દિર્ઘાયુષ પ્રાપ્ત થાય એવી શાસનદેવને પ્રાર્થના છે.

આ બોર્ડિંગ અંગેનો ઇતિહાસ વર્ણવી તે કાર્યમાં શ્રી હરગોવનદાસ હરજીવનદાસ અને શ્રી. જેસંગભાઈ ચુનીલાલ અને ગાંધી લહેરચંદ પરશોત્તમદાસે લીધેલ શ્રમ બદલ આભાર વ્યકત કરતાં જણાવ્યું કે બોર્ડિંગનો હાલ ૫૦ વિદ્યાર્થીઓ લાભ લે છે. મકાન પાછળ રૂા. ૪૫૦૦૦) ખર્ચાયા છે અને અને રૂા. ૭૫૦૦૦) નિભાવાર્થે જુદા કાઢવામાં આવ્યા છે.

જૈન સમાજની હાલની આર્થિક સ્થિતિ જોતાં આવાં છાત્રાલયો, આપણે અનેક ઠેકાણે ઉઘાડે છુટકો છે. આ બોર્ડિંગમાં છેલ્લાં બે વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા બમણી રાખવા છતાં કેટલીએ અરજીઓ જગ્યાના સંકોચને લીધે પાછી કાઢવી પડે છે. આપણા સમાજની સ્થિતિનો ખ્યાલ આ ઉપરથી સ્હેજે આવી શકશે. છાત્રાલયોમાં વિદ્યાર્થીનું જીવન ઘડવાનું હોય છે. આજનો વિદ્યાર્થી તે સમાજનો વારસદાર છે, આવતી કાલનો શહેરી છે, અને રાષ્ટ્રની દોલત છે. તેથી તે નમુનેદાર શહેરી અને સમાજને જવાબદાર વ્યક્તિ બને તે બાબતનો ખાસ ખ્યાલ રાખવાનો હોય છે. છાત્રાલયમાં રહી વિદ્યાર્થીઓને વ્યવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ લેવાની ફરજ પડે છે. આપણા બાળકોમાં ધાર્મિક સંસ્કારો દઢ થઇ શકે, તો પછી મોટી ઉંમરે પહોંચતાં તે સંસ્કારોનો લેપ-જરા પણ ભુસાય નહિ. આજની કોલેજની કેળવણી લેતા મોટા વિદ્યાર્થીઓમાં આવા સંસ્કારોની ખામીની જે બુમ સંભળાય છે તેનું કારણ નાનપણમાં ધાર્મિક અભ્યાસની ખામીનું છે.

ગૃહસ્થો, કેળવણી અને બેકારી એ બે પ્રશ્નો આજે દરેક કોમોની માફક જૈન કોમને પણ મુંઝવી રહ્યા છે. આજના અતિ ઝડપથી આગળ વધતા આ નવયુગમાં જો કોઇ બાળક કેળવણી લીધા વિનાનો રહી જાય, અને બેકારીના પંજામાં રીબાતો જો કોઇ સ્વામીભાઇ, દુઃખથી કંટાળીને, પોતાના જીવનનો અંત લાવે તો તે સર્વનું પાપ મારી સમજ પ્રમાણે કોમના શ્રીમંતોના શીર આવે છે. છતી શક્તિ ગોપવવા માટે આપણે પ્રતિક્રમણમાં માફી માગવી પડે છે. એકાદ વખત થયેલ ભુલ માટે માફી હોઈ શકે. હર વખત થતી ભુલને જતી કરે તેટલા ભોળા શાસનદેવ નથી. કેળવણી અને બેકારીના આ વિષયોમાં આપણો શ્રીમંત વર્ગ ધારે તો ઘણું કરી શકે પરંતુ સમાજના કમનશીબે, આપણે મતમતાંતરોને લીધે, શ્રાવક અને શ્રાવિકાની આંતરિક સ્થિતિની વિચારણા તદ્દન ભુલી ગયા છીએ. દરેકને પોત પોતાનો પ્રમાણિક મત સ્વતંત્ર રીતે કરવાની છુટ હોઇ શકે પણ આખા સમાજની વિચારણાનો પ્રશ્ન, જ્યારે આવે, ત્યારે અંગત મતભેદોને ભુલી જઇ, એક સંપીથી તેનો ઉકેલ કરવો જોઇએ. પારસી કોમ, ફક્ત એક લાખની વસ્તીવાળી હોવા છતાં, કોમ પ્રત્યે, તેમનો સેવાભાવ જુઓ. એક લાખની નાની વસ્તીવાળી કોમે, કોમના ઉદ્ધાર માટે, મહાન સખાવતોથી, અને એક સંપીથી, વ્યાપાર રોજગાર અને હુન્નર ઉદ્યોગોમાં જે સ્થાન લીધું છે, તે વિચારવાનું છે. સાત ક્ષેત્રને પોષનાર, શ્રાવકના ઉદ્ધારનો વિષય, હવે તાકીદે હાથ લેવાની જરૂર છે. હજારો સુંદર દેવાલયો, દેવોને પણ દુર્લભ એવું તીર્થાધિરાજ શેત્રુંજય અને અને બીજા તીર્થક્ષેત્રો વિગેરે જોવાં, તપાસવાં અને સાચવવાની જવાબદારી શ્રાવક ક્ષેત્ર ઉપર છે, માટે શ્રાવક સુખી અને શ્રદ્ધાળુ હશે તોજ તન, મન અને ધનથી પોતાની ફરજ અદા કરી શકશે. વિચાર કરો, જૈન સમાજનું સ્થાન હાલ કયાં છે? પુષ્કળ દ્રવ્ય ખર્ચાવા છતાં આપણે પાછળને પાછળ કેમ રહીએ છીએ? આવા પ્રશ્નનો નિકાલ બહુજ વિચારપૂર્વક અને વિવેકપૂર્વક તાકીદે લાવવાની જરૂર છે.

અંતમાં ના નવાબ સાહેબને બોર્ડિંગની ઉદ્ઘાટન ક્રિયા કરવા વિનંતિ કરી હતી.

બાદ-આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજીએ જણાવ્યું કે કેળવણીની સંસ્થામાં વિદ્યાર્થીઓ જ્ઞાન અને ક્રિયાની પ્રાપ્તિ કરી પોતાના જીવન ધર્મ સંસ્કારી તથા સદાચારી બનાવવાના છે, જ્ઞાન ક્રિયાનો યોગ એ દુધમાં સાકર ભળ્યા જેવો છે, તેમજ આજે જેમના હસ્તે એવું ઉદ્ઘાટન થાય છે એમાં પણ કોઈ ઉમદા સંકેત છે. નવાબ સાહેબના હાથે પ્રજા કલ્યાણનું આ કાર્ય થાય એ સોનામાં સુગંધ ભળ્યા જેવું ગણાય. પ્રજાના કલ્યાણનો આધાર નવાબ સાહેબ એટલે રાજા પર છે. રાજવી એટલે પ્રજાપાળ તેમને પ્રજાનું પાલન પુત્રવત્ કરવાનું છે. આ સંસ્થામાં કેળવણી લેનાર વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં એને યથાર્થ ઉતારે અને ભવિષ્યમાં સુંદર શહેરી બની ધર્મને દીપાવે.

આ પછી શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાએ અને શ્રીમતી લેખવતી બ્હેને જુસ્સાદાર ભાષામાં કેળવણી સંબંધી વિવેચન કરેલ. શ્રીયુત્ મોતીચંદભાઇએ જાપાનના મીકાડેએ જાપાનનું એક નાનકડું ગામડું પણ કેળવણી વિહોણું ન રહે એ આદર્શથી ઉપાડેલ કાર્યનો દાખલો આપી "કેળવણીના" એજક પ્રશ્નને ચારે બાજુથી ઉપાડી લેવા જણાવ્યું હતું. કેટલાક વિદ્યાર્થીઓ શિષ્ટ પાલનથી સ્વતંત્રતા નાશ પામે છે એવું મંતવ્ય ધરાવે છે એ ભુલ છે એમ સ્પષ્ટ જાહેર કરી વિદ્યાર્થીઓને શિસ્ત જાળવવા વિનંતિ કરી હતી.

શ્રીયુત્ રતીલાલ વાડીલાલ અને સરન્યાયાધિશ જેસંગલાલ ચુનીલાલ તરફથી વિદ્યાર્થીગૃહના મૂળ ઇતિહાસને સ્પર્શતું વિવેચન થયું હતું. નવાબ સાહેબ તરફથી ઉપસંહાર કરાયા બાદ બોર્ડીંગના મકાન સામે ધ્વજા પતાકાથી શોભતાને સુંદર રીતે શણગારાયેલા મંડપમાં મળેલ આ મેળાવડાનું કાર્ય પૂર્ણ થયું હતું.

### શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી, શ્રીમાન્ કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીઆને રાધનપુરની જૈન પ્રજા તરફથી અપાયેલ

# માનપત્ર.

## સ્વધર્મનિષ્ઠ બંધુ શ્રીમાન્ કાન્તિલાલ ઈશ્વરલાલ મોરખીઆ.

રાધનપુર અને તેની આસપાસના પ્રદેશમાં વસતા વિદ્યાર્થિઓને જ્ઞાનનાં સાધનો પુરાં પાડવાના આશયથી સવા લાખ રૂપીઆ જેટલી ગંજાવર રકમ કાઢીને આપના સ્વર્ગસ્થ પિતાશ્રીના શુભ સ્મરણ નિમિત્તે '**શ્રી મોરખીઆ ઇશ્વરલાલ જૈન બોર્ડીંગ'ની** આપે સ્થાપના કરી છે, જેના ઉદ્ઘાટન પ્રસંગે અત્રે એકત્ર થયેલા અમો રાધનપુરનિવાસી જૈન બંધુઓ આપનું અન્તઃકરણપુર્વક અભિનંદન કરીએ છીએ.

સાધારણ સ્થિતિમાંથી આપબળે આગળ વધી અનેક જનસેવાની ઉપયોગી પ્રવૃત્તિઓમાં ઉદાર ફાળો આપી જે યશ અને કીર્તિ આપે આટલી નાની ઉમરમાં સંપાદન કર્યાં છે તે માટે અમો રાધનપુરી બંધુઓ આપના વિષે અત્યન્ત માન અને પ્રેમની લાગણી અનુભવીએ છીએ. કેળવણીના ક્ષેત્રમાં આપનો ઉદાર હાથ માત્ર રાધનપુરની જૈન પ્રજા પુરતો સંકોચી નહિ રાખતાં અખિલ હિંદના જૈનોના લાભ મળે તે માટે રૂપીઆ પચ્ચીસ હજારની નાદર રકમ જૈન સમાજનું નેતૃત્વ ધરાવતી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કૉન્ફરન્સ હસ્તક સોંપી જૈનોની પ્રાથમિક કેળવણીને આપે ભારે વેગ આપ્યો છે. તદુપરાન્ત **શ્રી મહાવીર જૈન વિદ્યાલયને** રૂપીઆ દશ હજારની રકમ આપીને તથા તાજેતરમાં યોજાયલી **શ્રી અંબાલા આત્મારામ જૈન કોલેજને** રૂપીઆ અગીઆર હજારની સુન્દર રકમ ભેટ ધરીને ઉચ્ચ કેળવણી પ્રત્યેની આપની તિવ્ર લાગણી અને સહાનુભૂતિ આપે પુરવાર કરી છે, જે માટે આખો જૈન સમાજ આપનો ભારે રૂણી છે. અનેક જૈનેતર સંસ્થાઓ તેમજ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ પણ આપની ઉદાર આર્થિક સહાય દ્વારા વિવિધ પ્રકારે પોષણ પામી રહી છે. આ રીતે આપની ઉદાર ભાવના વતનવાસી જૈન બંધુઓથી માંડીને અખિલ હિંદની સમગ્ર જનતાના કલ્યાણકાર્ય સુધી પહોંચવાનો મનોરથ ધરાવે છે એ ખરેખર અભિનન્દનયોગ્ય અને અનુકરણીય છે.

જૈન ધર્મ પ્રત્યેની આપની શ્રદ્ધા જાણીતી છે. આપનો સર્વ જીવનવ્યવહાર જૈન ધર્મના મૂળ સિદ્ધાન્તો અનુસાર ઘડવાનો આપ સતત પ્રયત્ન સેવો છો અને મુંબઇનું જીવન અસાધારણ વ્યવસાય તેમજ ઉપાધિઓથી ભરેલું હોવા છતાં આપ સામાયિક, પૂજા વિગેરે ધર્મનિયમોનું નિયમિત અનુપાલન કરીને આત્મજીવનને ઉજ્જવલ બનાવી રહ્યા છો. ધર્મક્રિયાનાં સાધનો પુરા પાડવાની દિશાએ પણ આપનાથી બનતું કરવા આપ ચુકયા નથી. **રાધનપુર જૈન શાળાને** રૂપીઆ વીશ હજારની ઉમદા ભેટ ધરી ધાર્મિક ક્રિયા કરનારાઓને આપે જે ઉત્તેજન આપ્યું છે તે રાધનપુરની જૈન પ્રજા કદિ વિસરી શકે તેમ છે જ નહિ. જીવદયાના વિવિધ ક્ષેત્રોમાં પણ આપનો ઉદાર હાથ હરહંમેશને માટે લંબાતો રહ્યો છે. અપંગ ઢોર પ્રત્યેની દયાથી પ્રેરાઇને તેઓને દુષ્કાળમાં પડતી ઘાસચારાની મુશ્કેલી દૂર કરવા માટે રાધનપુરની અંદર બીડ ખરીદ કરવા માટે આપે રૂપીઆ દશ હજારની ઉદાર રકમ અર્પણ કરી છે.

આપના નિવાસસ્થાન વીલે પારલેની પ્રજાને પણ આપ વિસરી ગયા નથી. ત્યાં વસતી પ્રજાનાં સુખ, શાન્તિ અને આરોગ્યને પોષક '**ઇશ્વરલાલ પાર્ક**'ને નામે ઓળખાતું સુન્દર ઉદ્યાન વીલે પારલેની જનતાને બક્ષીસ કરીને આપે ત્યાંની પ્રજાને આભારમુગ્ધ બનાવી છે.

આપનો અંગત પરિચય એટલો જ મધુર અને પ્રીતિજનક છે. આપની પાસે કોઇ પણ સારા કાર્ય મટે મદદ માંગવા આવનાર કદિ પણ નિરાશ થઇને પાછો ફર્યો નથી. ધર્મ, સમાજ તથા દેશહિતનાં કાર્યોમાં આપની ઉદારતા જગજાહેર છે. મુંબઇની અનેક જાહેર સંસ્થાઓમાં આપ સેવાભાવથી રસપૂર્વક ભાગ લઇ રહ્યા છો. જૈનોના જાહેર જીવનમાં આપનો હીસ્સો દિનપ્રતિદિન વધતો જાય છે. એક ગૃહસ્થ તરીકે આપનું જીવન સૌજન્ય અને નમ્રતાથી ભરેલું છે; એક મિત્ર તરીકે આપનો નિખાલસ સરળ સ્નેહભાવ સુવિદિત છે; એક વ્યાપારી તરીકે મુંબઇની શેરબજારના દલાલમંડળમાં આપનું મુબારક નામ પ્રથમ પંકિતએ શોભે છે, જે માટે અમો રાધનપુરની જૈન પ્રજા ખરેખર ખુબ મગરૂર છીએ.

અન્તમાં આપ સુસમૃદ્ધ અને દીર્ઘાયુ બનો અને દેશ, સમાજ તેમજ ધર્મને આપના તન, મન અને ધનનો નિરન્તર અનેકવિધ લાભ આપતા રહો એજ અમારા અન્તરની અભિલાષા, આશિષ અને પ્રાર્થના !!!

રાધનપુર.
તા. ૨૫-૧૨-૧૯૩૭.

**રાધનપુરની જૈન પ્રજા તરફથી.**
સહી-અંગ્રેજીમાં.
**પ્રમુખ,** ( દિવાન, રાધનપુર સ્ટેટ ).

<u>ફક્ત સભ્યોને વિચારણા માટે જ</u>

# શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.

## બેકારી નિવારણની યોજના.

[ નોટ:—કોન્ફરન્સની કાર્યવાહી સમિતિએ જૈન સમાજમાં પ્રસરેલી બેકારીના નિવારણાર્થે યોજના કરવા એક પેટા-સમિતિ નીમી છે. આ સમિતિએ સમગ્ર સ્થિતિની ઉંડા ઉતરી વિચારણા કર્યા પછી એક મુદ્દાસર રિપોર્ટ તૈયાર કરેલ છે જે કોન્ફરન્સની કમિટીના સભ્યોના વિચારણાર્થે જ અત્રે રજુ કરવામાં આવે છે. ]

**જૈન સમાજના ઉત્થાનના પ્રયાણમાર્ગરૂપે બેકારી નિવારણના પ્રશ્નની વિચારણા અને નિરાકરણની અત્યારે અનિવાર્ય આવશ્યકતા ઉપસ્થિત થઇ છે. અખિલ હિંદ જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની વર્કિંગ કમિટીનું તે પ્રત્યે ખાસ લક્ષ ખેંચાયેલ છે અને તેની તા. ૯-૫-૩૭ ના રોજે મળેલી સભાના ઠરાવાનુસાર નિમાયેલી પેટા-સમિતિ તત્સંબંધે નીચે પ્રમાણે યોજના રજુ કરે છે.**

જૈન સમાજ મુખ્યત્વે વેપારી કોમ હોઇ તેના મ્હોટા ભાગને સ્વતંત્ર વ્યવસાય વધુ રૂચીકર થઇ પડે એમ સર્વ પરિસ્થિતિ પર ચોક્કસ લક્ષ રાખતાં સ્પષ્ટ જણાઇ આવે તેમ છે. તેથી સૌથી પ્રથમ સ્વતંત્ર ધંધા-વેપાર-રોજગાર માટે કઇ રીતે અને કેટલા અંશે શકયતા સંભવે એ વિચારવાનું છે. તેના અભાવે અમુક વર્ગને નોકરી પણ સહાયકર્તા નિવડવા સંભવ છે. આ માટે અનુકૂલ સાધન અને યોગ્ય આર્થિક મદદ આપવાની જરૂર જણાય છે. તેમ થાય તો સમાજના અનેક નિર્વ્યવસાયી ભાઇઓને અને તે દ્વારા તેમના કુટુમ્બોને વિકાસમાર્ગે લઇ જવા બહુમૂલ્ય મદદ કરી શકાશે.

અન્ય સમાજોમાં હોય છે તેમ જૈન સમાજમાં પણ (૧) શિક્ષિત અને (૨) અશિક્ષિત એ પ્રમાણેના બે વર્ગો બેકાર રહેલા છે. શિક્ષીત જૈનો ખાસ કરીને કોઇ પણ પરીક્ષામાંથી તાજા પાસ થઇ ઉઠેલા અને અશિક્ષિત ઉમર લાયક કુટુંબવાલા હોય છે. તે વર્ગો માટે નીચેના ઉપાયો યોજી શકાય:—

૧. બેકાર જૈનો માટે આજીવિકા ઉત્પન્ન થાય તેવા ધંધાઓ માટે આર્થિક મદદ કરી અથવા તેવા ધંધાઓ વધારીને.

૨. નોકરી રહેનાર અને નોકરી રાખનાર બંનેનું રજીસ્ટર રાખી એક બીજાને અનુકૂળ મેળ કરાવી આપવાનુ ખાતું રાખીને તથા જૈન સંસ્થાઓ, પેઢીઓ વિગેરેમાં જૈનોને રાખવા માટે ભલામણો કરીને.

૩. આ સંસ્થાની સહાયથી નોકરીએ રહેલાઓ પાસેથી બીજા જૈનોને માટે નોકરી શોધી આપવા વિગેરેની મદદ લઇને.

### <u>ધંધાઓ.</u>

ન્હાની મુડીથી થઇ શકે તેવા અનેક ધંધાઓ અત્યારે મ્હોટા ભાગના બેકારોને સહાયરૂપ થઇ પડે એમ છે. તેમાંના ફેરી અને House to House Canvassing ( ઘેરઘેર ધંધાર્થે ફરવું ) અત્યારે વધારે પ્રચલિત છે. નીચેની વસ્તુઓની ફેરી માટે આશરે રૂા ૨૫) થી રૂા. ૧૦૦) સુધીની જો મદદ કરવામાં આવે અને તે રકમ પાછી વસૂલ કરી મદદનું કાર્ય ચાલુ રખાય તો બેકારી નિવારણના મહત્વના પ્રશ્નના નિરાકરણમાં ઘણી સહાયતા મળી શકે.

કાપડ, હોઝિયરી, ટોયઝ, મેવો, કેલેન્ડર, ચોપડીઓ, કટલરી, ફ્રુટસ, હથિયારો ( Tools ), ફોટો, કાર્ડ, કંકોત્રી વિગેરે.

આ ઉપરાંત કેટલાક એવા પણ ધંધાઓ છે કે જેમાં શિક્ષીત અને અશિક્ષીત બંન્ને વર્ગને સ્થાન છે અને તે દ્વારા સ્વતંત્ર ધંધાઓ સારી રીતે વિકસાવી શકાય તેમ છે. જૈનોના આચાર-વિચાર, માનસિક વલણ, રહેણી કરણી સામાન્ય પ્રજાજન કરતાં ઉચ્ચ છે એ ધ્યાનમાં લેતા તેની વળગુ સ્વતંત્ર ધંધા તરફ વધુ આકર્ષાશે. તેમને સામાન્ય ધંધાઓ કરતાં જીવનવિકાસના પંથે લઇ જતા ઉદ્યોગો વધુ અનુકૂળ થઇ પડવા સંભવ છે. આજના હરિફાઇના જમાનામાં પણ ફાયદાકારક રીતે કરી શકાય અને આપણા સમક્ષ રહેલા વિકટ પ્રશ્નનો ધીમે ધીમે પણ કાયમના માટે નીકાલ લાવી શકાય એ દ્રષ્ટિએ નીચેના ધંધાઓની નોંધ આપવામાં આવે છે:—

| અનુક્રમ નંબર | ધંધાઓના નામ | નાણાની જરૂરીઆત | રોકાણ શિક્ષીત | રોકાણ અશિક્ષીત |
|---|---|---|---|---|
| ૧ | Sellers of steel Furniture-લોઢાનું ફર્નિચર વેચનાર | ૨૦૦૦ | ૧ | ૪ |
| ૨ | Sign Board painters-પાટીયા ચિતરનાર | ૨૦૦૦ | ૧ | ૪ |
| ૩ | Rubber Stamp makers-રબરના સિક્કા બનાવનાર | ૧૦૦૦ | ૧ | ૩ |
| ૪ | Printing Block makers-છાપવાના બ્લોક બનાવનાર | ૧૦૦૦ | ૨ | ૧ |
| ૫ | Printing designers-છાપવાની ડિઝાઈન બનાવનાર | ૫૦૦ | ૧ | |
| ૬ | Primus, Petromax & Cycle Repairers-સ્ટવ, પેટ્રોમેક્ષ અને સાઈકલ રીપેર કરનાર | ૨૦૦૦ | ૧ | ૩ |
| ૭ | Mosquito curtain makers Pillow makers-મચ્છરદાની અને તકીયા બનાવનાર | ૨૦૦૦ | ૧ | ૪ |
| ૮ | Seeds and Nursery-ઝાડના બીયાં અને રોપા વેચનાર | ૨૦૦૦ | ૧ | ૩ |
| ૯ | Electroplaters-ધાતુ ઉપર ઓપ ચઢાવનાર | ૩૦૦૦ | ૧ | ૪ |
| ૧૦ | Secondhand drum sellers-જુના બોખા વેચનાર | ૨૦૦૦ | ૧ | ૪ |
| ૧૧ | Wooden Box sellers-લાકડાની પેટી વેચનાર | ૨૦૦૦ | ૧ | ૩ |
| ૧૨ | Packing material sellers-પેક કરવા માટેના સામાન વેચનાર | ૨૦૦૦ | ૧ | ૨ |
| ૧૩ | Headwear manufacturers-હેડવેર (ટોપી) બનાવનાર | ૨૦૦૦ | ૧ | ૪ |
| ૧૪ | Mucadums and Clearing Agents-મુકાદમ અને ક્લિયરિંગ એજંટ | ૨૦૦૦ | ૨ | ૩ |
| ૧૫ | Electrical fitting repairers-વિજલીના ફિટિંગ રીપેર કરનાર | ૫૦૦ | ૧ | ૦ |
| ૧૬ | Electrical machinery-ઇલેકિટ્રકલ મશીનરી | ૨૦૦૦ | ૧ | ૨ |
| ૧૭ | Printers-છાપખાનાવાળા | ૩૦૦૦ | ૨ | ૧ |
| ૧૮ | Printing materials & Calender makers and sellers-છાપવાના સામાન અને કેલેન્ડર બનાવનાર તથા વેચનાર | ૫૦૦૦ | ૩ | ૬ |
| ૧૯ | Photo studio-ફોટો સ્ટુડીઓ | ૩૦૦૦ | ૨ | ૨ |
| ૨૦ | Photo framers-ફોટો ફ્રેમ કરનાર | ૧૦૦૦ | ૧ | ૧ |
| ૨૧ | Collector of curios-કળા કૌશલ્યપૂર્ણ વસ્તુ સંગ્રહનાર | ૨૦૦૦ | ૧ | ૨ |
| ૨૨ | Enamelled wood workers-મીનાકારી કરનાર | ૧૦૦૦ | ૧ | ૨ |
| ૨૩ | Radio repairers and sellers-રેડીઓ રીપેર કરનાર અને વેચનાર | ૨૦૦૦ | ૨ | ૨ |
| ૨૪ | Stamp colloctors-સ્ટેમ્પ સંગ્રહનાર | ૫૦૦ | ૧ | |
| ૨૫ | Sweetmeet sellers-મીઠાઈ વેચનાર | ૧૦૦૦ | ૧ | ૧ |
| ૨૬ | Rags collectors-ચીથરાં ભેગાં કરનાર | ૧૦૦૦ | ૧ | ૨ |
| ૨૭ | Glass bottle collectors & sellers-કાચની બાટલી સંગ્રહ કરનાર અને વેચનાર | ૧૦૦૦ | ૧ | ૩ |
| ૨૮ | Aearated water manufacturing-સોડા લેમન વિગેરે બનાવનાર | ૨૦૦૦ | ૧ | ૨ |
| ૨૯ | Rich oil crushers-તેલ પીલનાર | ૧૦૦૦ | | ૧ |
| ૩૦ | Floor Mill proprietor-આટાની ઘંટીના માલેક | ૧૫૦૦ | ૧ | ૧ |
| ૩૧ | Small Chemists shop-ન્હાની દવાની દુકાન | ૧૦૦૦ | ૧ | ૧ |
| ૩૨ | Industrial chemical mixers-ઉદ્યોગિક રસાયણ સંમિશ્રણ કરનાર | ૩૦૦૦ | ૧ | ૩ |
| ૩૩ | Umbrella sellers & waterproofs-છત્રીઓ તથા વોટરપ્રુફ વેચનાર | ૧૦૦૦ | ૧ | ૧ |
| ૩૪ | Readymade cloth sellers-બનેલાં કપડાં વેચનાર | ૧૦૦૦ | ૧ | ૧ |
| ૩૫ | Glass setters and sellers-કાચ લગાડનાર અને વેચનાર | ૨૦૦૦ | ૧ | ૨ |
| ૩૬ | Plnmbers-પલમ્બર | ૨૦૦૦ | ૧ | ૨ |
| ૩૭ | Glassware and China sellers | ૧૦૦૦ | ૧ | ૧ |
| ૩૮ | Hosiery sellers-હોઝીયરી વેચનાર | ૧૦૦૦ | ૧ | ૧ |
| ૩૯ | Cutlery sellers-કટલરી વેચનાર | ૧૦૦૦ | ૧ | ૧ |
| ૪૦ | Hardware sellers-લોઢાં વિ. ધાતુનો સામાન વેચનાર | ૨૦૦૦ | ૧ | ૧ |
| ૪૧ | Utensils sellers-વાસણ વેચનાર | ૨૦૦૦ | ૧ | ૨ |
| ૪૨ | Metel scrap collectors-ધાતુનો ભંગાર ભેગો કરનાર | ૨૦૦૦ | ૧ | ૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩ | Wood, Film scrap sellers–લાકડા તથા ફીલ્મના ટુકડા ભેગા કરનાર | ૧૦૦૦ | ૧ | ૧ |
| ૪૪ | Textile waste callectors–વણાટકામના પડતર ભેગા કરનાર | ૨૦૦૦ | ૧ | ૪ |
| ૪૫ | Clock repairers and sellers–ઘડીયાલ રીપેર કરનાર અને વેચનાર | ૧૦૦૦ | ૧ | ૧ |
| ૪૬ | Enamellers and polishers–મીનાકારી અને પોલીશ કરનાર | ૬૦૦ | ૧ | ૨ |
| ૪૭ | Saffron and Sandlowood importers–કેશર સુખડ આયાત કરનાર | ૩૦૦૦ | ૧ | ૨ |
| ૪૮ | General importers–જનરલ આયાત કરનાર ( ઇમ્પોર્ટર ) | ૨૦૦૦ | ૧ | ૧ |
| ૪૯ | Masala Sellers–મસાલો વેચનાર | ૨૦૦૦ | ૧ | ૨ |
| ૫૦ | Gandhi shop–ગાંધીની દુકાન | ૩૦૦૦ | ૧ | ૨ |
| ૫૧ | Homes and bio–chomical sellers–ઘરગથ્થુ દવા વેચનાર વિગેરે વિગેરે | ૨૦૦૦ | ૧ | ૨ |

## ધંધાઓને મદદ માટે માર્ગ.

ઉપર પ્રમાણેના ધંધાઓ માટે મદદ કરવાનો હેતુ પાર પાડવા માટે બે માર્ગ છે:—

૧. એક ફંડ ભેગું કરવું અને તેના વહિવટ માટે એક પેટા-સમિતિ નીમવી. આ પેટા-સમિતિના કાર્ય માટે એક સેક્રેટરી અને હોંશીઆર સ્ટાફ રાખવો.

૨. એક પાંચેક લાખની ઓથોરાઇઝડ્ કેપીટેલની કુંપની ઉભી કરવી જેમાં બને તેટલા શેરો ભરાવવા. તેમાં લાંબી મુદ્દતની ડિપાઝિટો રાખવી.

આ કુંપની દ્વારા ઉપર જણાવેલા ઔદ્યોગિક ધંધાઓમાટે મોર્ટગેજ, નાની ડિપાઝિટ અગર ગેરંટી અથવા વીમો ઉતરાવીને જોઇતા પ્રમાણમાં લોનરૂપે રકમ આપવી. નક્કી કરેલા દર પ્રમાણે વ્યાજ તથા લોન રિફંડ લેવી અને તે રકમ ફરી ફરી ધીર્યા કરવી. થોડા વખતમાં આ કંપની સદ્ધર પાયા ઉપર આવી જવા સંભવ છે તે નીચેના ટોટલ પરથી જણાશે.

ધારો કે વ્યવસ્થાપક સમિતિ અથવા બોર્ડે છ ટકાનું વ્યાજ તથા ૩% લોન રિફંડ લેવા ઠરાવ્યું. ત્રણ ટકા ફિકસ્ડ ડિપાઝિટ વાળાને વ્યાજના આપવા પડયા. પાંચ લાખની મુડી ધીરવામાં રોકાઇ ગઇ તેમાં ૧ લાખના શેર અને ૪ લાખની ડિપાઝીટ રોકાઇ તો નીચે પ્રમાણેનું સરવૈયું થશે.

| આવક. | | ખર્ચ. | |
|---|---|---|---|
| ૪૫૦૦૦-૦-૦ | લોન રિફંડ સાથે. | ૬૦૦૦-૦-૦ | ઇન્સપેકશન સ્ટૉફ ઑફિસ વિગેરે. |
| | | ૧૦૦૦૦-૦-૦ | સિંકિંગ ફંડ-૩૦ વર્ષની પાલીસી લેવી તેના વાર્ષિક પ્રીમીઅમના. |
| | | ૧૨૦૦૦-૦-૦ | ફિકસ્ડ ડિપાઝિટવાળાને વ્યાજના. |
| | | ૧૭૦૦૦-૦-૦ | રિઝર્વ ફંડ ખાતે ૫૦૦૦). એડડેટ્ રિઝર્વ ખાતે ૧૦૦૦૦). શેર હોલ્ડરોને વ્યાજ ૨૦૦૦). |
| ૪૫૦૦૦-૦-૦ | | ૪૫૦૦૦-૦-૦ | |

એટલે કે રૂા. ૪૫૦૦૦) ની વસૂલાતમાંથી કદાચ ૩૫% સુધી ઓછી વસૂલાત આવે તો પણ કંપનીના સ્ટ્રકચરને વાંધો આવશે નહિં.

## તાત્કાલિક ઉપાય:-

ઉપર દર્શાવેલા ઉપાયોમાંથી કંપનીની સ્થાપનામાં વખત જવા સંભવ છે તેથી તાત્કાલિક ઉપાય તરીકે બેકાર જૈન બંધુઓને ફેરી વિગેરે ન્હાના ધંધાઓ માટે મદદ કરવા એક ફંડ એકત્ર કરી તેના વહીવટ માટે એક........સભ્યોની સમિતિ નીમવી જે ફંડના પ્રમાણમાં લોન રૂપે અથવા યોગ્ય લાગે તે પ્રમાણે પ્રતિષ્ઠિત જૈનની ઓલખાણ વા ખાત્રી લઇને મદદ આપે.

આ ઉપરાંત નોકરી શોધતા બંધુઓ માટે કોન્ફરન્સ ઑફિસમાં ઉપર પ્રમાણે નોંધ-રજીસ્ટર વિગેરે રાખવામાં આવે તેમ કરવું.

આશા છે કે ઉપરની યોજના જૈન સમાજ વધાવી લઇ બેકારીના પ્રશ્નને શિઘ્ર અને સરળતાપૂર્વક ઉકેલવા દાન પ્રવાહ આ દશામાં વહેવડાવશે.

## શ્રી જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડનો અમદાવાદમાં ભરાયેલો

# ઇનામ સમારંભ.

તા૦ ૨૧-૧૦-૩૭ ની રાતના ૭ વાગતાં શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં ઉત્તિર્ણ થએલા વિદ્યાર્થીઓ, કન્યાઓ અને સ્ત્રીઓને ઇનામ આપવાનો એક મેળાવડો પ્રેમાભાઈ હોલમાં શેઠ ત્રીકમલાલ મહાસુખરામના પ્રમુખપણા નીચે ભરાયો હતો.

મંગળાચરણ અને સ્વાગત ગીત ગવાયા બાદ ઝવેરી મુલચંદ આશારામ વૈરાટીએ મુંબઈ ધારા સભાના પ્રમુખ શ્રીયુત્ ગણેશ વાસુદેવ માવલંકર તથા શેઠ મંગળદાસ જેસીંગભાઈ ઉજમશીના મુબારક બાદીના સંદેશા વાંચી સંભળાવ્યા બાદ તેમણે એજ્યુકેશન બોર્ડ અંગે નિવેદન રજુ કરતાં જણાવ્યું કે—

જે પ્રજા પોતાની સંસ્કૃતિ અને સંસ્કાર જાળવી રાખવાનો ઇરાદો રાખે છે અને પોતાના પૂર્વજો તરફ માન અને સહૃદયની લાગણી ધરાવે છે તે સમાજે ભાવી પ્રજા માટે ધર્મના સાચા શિક્ષણ વડે ચારિત્ર્યનું ઘડતર થાય તેવા પ્રયત્નો કરવાની ખાસ જરૂર છે.

જગત્ના સુધરેલા દેશોમાં પ્રજાના ધાર્મિક સંસ્કારોનું રક્ષણ કરવાની જવાબદારીઓ સાધુઓ સ્વીકારે છે; અને ધર્મ પ્રચાર માટેની વ્યવસ્થિત પ્રવૃત્તિઓ આદરે છે. આપણા દેશોમાં પણ ભૂતકાળમાં સાધુઓજ પ્રજાના ધાર્મિક સંસ્કારોનું રક્ષણ કરતા અને ધર્મનાં સાચા સિદ્ધાંતોનો ફેલાવો કરતા. આધુનિક સમયમાં ઉદાર દીલના સાધુઓની સંખ્યા અલ્પ હોવાના કારણે અને સાચી સક્રિય પ્રવૃત્તિઓના બદલે નિરર્થક વીતંડાવાદો ઉપસ્થિત કરનાર ગર્વિષ્ટ સાધુઓ મોખરે આવતા હોવાને કારણે સમાજની વ્યવસ્થા ખોરવાઇ ગઇ છે અને ધર્મ પ્રચારના કાર્યમાં મુસ્કેલીઓ ઉભી થવા પામી છે.

આવા સંજોગોમાં, પ્રજાના ધાર્મિક સંસ્કારોનું રક્ષણ કરવાની અને તેનો વિકાસ સાધવાની જવાબદારીઓ સમાજના સમજુ અને કેળવાએલા વર્ગના શીરે આવી છે; એટલે તેણે તે માટેની અધુરી પ્રવૃત્તિઓ વિકસાવવાના પ્રયાસ કરવાનાં છે. હવે આપણે એજ્યુકેશન બોર્ડની પ્રવૃત્તિઓ તરફ નજર નાંખીએ.

આપણી શ્રીમતી જૈન કોન્ફરન્સના ભૂતકાલીન નેતાઓએ દીર્ઘ વિચારણાની અંતે ઇ. સ. ૧૯૦૯ માં તેના પુના ખાતે ભરાએલા અધિવેશન વખતે શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની સ્થાપના કરી છે. ત્યારથી એટલે છેલ્લાં ૨૮ વરસથી તે પ્રમાણિકપણે ખંત અને ઉત્સાહથી શીક્ષણના પ્રચારાર્થે પોતાની શક્તિ અને સાધનો અનુસાર વ્યવસ્થિતરીતે એકધાર્યું કામ કર્યે જાય છે.

ત્યાર બાદ તેમણે સંસ્થાના ઉદ્દેશો, તેની વ્યવસ્થા અને પરીક્ષામાં બેસનાર અને પાસ થનાર વિદ્યાર્થીઓ તથા કન્યાઓના છેલ્લા ૧૦ વરસના આંકડા રજુ કર્યા હતા તથા આવક જાવક અને ઇનામો તથા પાઠશાળાઓને અપાતી મદદના આંકડા રજુ કર્યા હતા અને જણાવ્યું હતું કે—આર્થિક મુંઝવણના કારણે બોર્ડને પાઠશાળાઓને અપાતી મદદ અને સ્કોલરશીપોનું કામ સંકોચવું પડયું છે. આવા નિર્દોષ ખાતા તરફ દાનવીરોએ પોતાનો હાથ લંબાવવો જોઇએ.

ત્યાર બાદ દલપતભાઇ મગનભાઇ જૈન પાઠશાળાની બાળાઓએ ગરબો ગાયા બાદ—

શ્રીયુત્ ફુલચંદ હરિચંદ દોશીએ જણાવ્યું કે—આપણા ધાર્મિક સંસ્કારોનું રક્ષણ કરવા માટે આવા વ્યવસ્થીત પ્રયત્નોની જરૂર છે. તેની સાથે આજના કેળવાએલા યુવકોને રોટલીનો પ્રશ્ન મુંઝવી રહ્યો છે. તેથી આપણી પ્રાથમિક સ્કૂલોમાં ઉદ્યોગીક શીક્ષણની જરૂર છે. આપણે આપણી કોન્ફરન્સ કે જે આવા ખાતાઓ ચલાવી રહી છે તેને સુકૃત ભંડારાદિ પ્રયત્નોદ્વારા આર્થિક સાંહાયતા આપવાની આપણી ફરજ વિચારવી જોઇએ.

ત્યાર બાદ શ્રીયુત્ ધીરજલાલ ટોકરશી શાહે ધાર્મિક કેળવણીની અગત્ય જોરદાર ભાષામાં જણાવી હતી. તેમજ શ્રીયુત્ મણીલાલ ચતુરભાઈ શાહે પણ કેળવણીની ઘડતર વિષે ઇસારો કર્યો હતો. ત્યાર બાદ શ્રીયુત્ ભોગીલાલ રતનચંદ શાહે કોન્ફરન્સનું મહત્વ કાવ્યદ્વારા જણાયું હતું.

છેવટે પ્રમુખ સાહેબે કેટલુંક વિવેચન કર્યા બાદ જણાવ્યું કે—

આ સ્થાન માટે કેળવણીમાં રસ લેતા કોઇ ગૃહસ્થની પસંદગી થઇ હોત તો તે વિશેષ યોગ્ય ગણાત છતાં પણ આપે મારા પ્રત્યે જે લાગણી દર્શાવી છે તે બદલ હું આપનો આભારી છું. આપણો ધર્મ અધ્યાત્મ પ્રધાન ધર્મ છે અને ભગવાન મહાવીરનાં જીવનમાંથી પણ એજ અધ્યાત્મ રસ ઝરે છે. આપણી ધાર્મિક કેળવણીનું પણ એ સાધ્ય હોવું જોઇએ અને એજ દષ્ટિએ આપણા પાઠય પુસ્તકો તૈયાર થવા જોઇએ. શ્રી વિજયવલ્લભસૂરિ જેવા દ્રષ્ટા કેળવણીમાં રસ લઈ રહ્યા છે, જ્યારે સાધુ વર્ગમાંનો મોટો ભાગ ઉદાસીન છે. આજે વર્ધામાં પણ કેળવણીના સ્વરૂપનું ઘડતર થઈ રહ્યું છે? આપણે પણ વિશાળ દૃષ્ટિ રાખી આપણાં બાળકોને સ્વદેશાભિમાની અને સાચાં નાગરિકો તૈયાર કરવાની તાલીમ આપવી જોઇએ. ત્યાર બાદ, તેમણે જણાવ્યું કે આજનાં ઈનામો આપની મ્યુનીસીપાલીટીના પ્રમુખ શ્રીયુત્ મણીલાલ ચતુરભાઇ શાહના હાથે અપાય એમ હું ઈચ્છું છું, આ ઉપરથી તેમના હાથે ઇનામોની વહેંચણી થયા બાદ શેઠ સારાભાઇ ડાહ્યાભાઇએ રમણલાલ સારાભાઈના નામથી બોર્ડના લાઈફ મેમ્બર તરીકે તથા પ્રમુખ સાહેબે સભાસદ તરીકે પોતાનાં નામ નોંધાવ્યાં હતાં જે બાદ સંગીતમાં ભાગ લેનાર બાળાઓને ઇનામો અપાયા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી
છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું: "હિંદસંઘ."—"HINDSANGHA."  Regd. No B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે.  છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ { જુનું ૧૧ મું. નવું ૬ ઠું. }  તારીખ ૧૬ મી જાન્યુઆરી ૧૯૩૮.  અંક ૧૨ મો.

# ગુજરાત એક જીવંત વ્યક્તિ.

પણ ગુજરાતને સીમાડા નથી. "ગુજરાત" એક જીવંત અને જાગ્રત વ્યક્તિ છે જે પોતાને એક કલ્પવામાં, પોતાનું અસ્તિત્વ એક દ્રઢ સંકલ્પદ્વારા સરજવામાં જીવનસાફલ્ય સમજે છે. એ ગુજરાતીઓનું બન્યું છે ખરું: પણ એ માત્ર માનવીઓનો સમૂહ નથી. જ્યાં ગુજરાતીઓ "ગુજરાત" છે ને રહેશે એવી નિર્ણયાત્મક કલ્પના સેવી એકઠા મળે છે ત્યાં ગુજરાતની હસ્તિ છે જ. ગુજરાત વિસ્તરે છે, જ્યાં ગુજરાતીઓ પોતાની ઉચ્છા શક્તિ અને સંકલ્પ બળથી એને સરજે છે ત્યાં "ગુજરાત" તો એક ભાવનાઘડી પણ જીવંત સાંસ્કારિક વ્યકિત છે. ગુજરાતના વ્યકિતત્વના ભાવથી પ્રેરાય એનું વ્યકિતત્વ સિદ્ધ કરવાનો જેણે સક્રિય સંકલ્પ કર્યો હોય તેનામાં ગુજરાતની અસ્મિતા હોય.

આ વ્યકિતત્વના ઘડતરમાં પર્વત ને નદીઓનું સ્થાન ગૌણ છે મુખ્ય સ્થાન તો જે મહાપુરૂષોએ ગુજરાતની આ ભાવના સરજાવી છે તેમનું છે. તેમના પરાક્રમે અથવા સાહિત્યકૃતિઓની કલ્પના અને ઇચ્છાને કેંદ્રસ્થ કરે છે. તે ઇતિહાસ કે સિદ્ધાંત રચી જાય છે અને ઉત્સાહ અને આનંદ પ્રેરે છે ગૌરવકથાઓનાં મંડાણ માંડે છે અને ગુજરાતનું સૂક્ષ્મ—શરીર બાંધી જાય છે.

ઇતિહાસના પ્રવાસના આવા મહાપુરૂષોમાં પ્રથમ જોઇએ તો સિદ્ધરાજ જયસિંહ. એણે સામ્રાજ્ય સ્થાપ્યું. પાટણને વિદ્યાનું કેન્દ્ર બનાવ્યું. પોતાની કીર્તિ ગાથાથી લોકસાહિત્યને સમૃદ્ધ કર્યું. ગુજરાત એક છે, મહાન છે, વંદનીય છે એ ભાવના ઉપજાવવાની સામગ્રીઓ એણે સરજી પણ જો કોઇએ ગુજરાતને સસંકલ્પ જીવંત વ્યક્તિ તરીકે કલ્પવાનો પહેલો પ્રયત્ન કર્યો હોય તો તે ધંધુકાના મોઢ વાણીઆએ ગુજરાતના સાહિત્ય સ્વામીઓના શિરોમણિએ, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિએ. એનું "કુમારપાલ ચરિત્ર" પાટણની મહત્તાની ભાવનામાંથી ગુજરાતની અસ્મિતા પ્રગટાવવાનો પહેલો પ્રયત્ન. આ જ્યોતિર્ધરના તેજે વસ્તુપાલ તેજપાળના કાળમાં અનેક કવિઓએ પોતાની કૃતિઓને ઉજ્જવળ કરી.

(—માનનીય શ્રી. કનૈયાલાલ મુનશીના સાહિત્ય પરિષદના પ્રમુખસ્થાનેથી અપાયેલા ભાષણમાંથી.

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ**:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**श्री सिद्धसेन दिवाकर.**

જૈન યુગ.
તા૦ ૧૬-૧-૩૮. રવીવાર.

# આ તે ભાગવતી દીક્ષા?

લાંબા સમય સુધી તોફાનોની ઝડી વચ્ચે સપડાયેલું નાવ મહા પ્રયાસે જમીનનો પ્રકાશ દેખે અને એકાદા કુશળ નાવિકની દોરવણીએ કિનારો પ્રાપ્ત કરે તેમ અંધેરી દિક્ષા પ્રકરણથી સંક્ષુબ્ધ થયેલ મુંબઇનું વાતાવરણ આખરે સમાધાનનો સુર કહાડે છે. એ માટેની જહેમતમાં સેવાભાવી સંસ્થાઓ અને યુવક મંડળોનો પ્રયાસ ન વીસરાય તેવો છે. યુવક સંઘ અન્ય તરખડો બાજુ પર રાખી આ એકજ સવાલ પાછળ કમર કસે તો એનું બળ અવશ્ય વધુ સંગીન થાય અને વારે કવારે સમાજનું રકત શોષતા આ બળતા પ્રશ્નનો કાયમી ઉકેલ આવે.

પણ અફસોસની વરાળ ઉઠે છે આ પદવીધરો પ્રત્યે! આચાર્ય ઉપાધ્યાય ને ગણિ કે પન્યાસોના હોદ્દ-ધરો—જૈન સમાજ માટેના પૂજ્ય સ્થંભો આપને નમ્રભાવે પુછીએ કે રાજનગર મુનિ સંમેલનમાં અતિ પ્રયાસે—સંખ્યાબંધ દિવસોના અંતે—ઘડાયેલ ઠરાવનું લીલામ બોલાવતાં આપને હૃદયડંખ પણ નથી થતો? પ્રભુશ્રી મહાવીરના અંચલા ઓઢનાર આટલી જલ્દીથી પ્રતિજ્ઞા ભંગ કરે એ શું ધર્મને શોભાસ્પદ છે? આ રીતે વિશ્વમાં જૈન શાસનનો વિજય વાવટો ફરકશે? દિ' ઉગ્યે ભાગવતી દીક્ષાના નામે આવા ભવાડા ચાલુ રહેશે તો વડોદરાનો કાયદો અચળ બનશે એટલુંજ નહિં પણ બ્રિટિશ હદમાં પણ એનાં મૂળ રોપાશે. એકાંતે આ વાત વિચારજો.

હજુ પણ સંતાકુકડી ને છુપી રીતે મૂંડન વૃત્તિથી હાથ નથી ઉઠાવાતો? ડભોઇમાં પહેરાવેલ વાઘા વડોદરા ઉતરે છે! પુત્રવાળી માતા સાધુનો કપડો તાણે છે! આવા બનાવો મહાવીર દેવના ત્યાગ ધર્મની યશગાથા નથી લલકારતા, પણ જોર શોરથી જાહેર કરે છે—આપની અદૂરદર્શિતા ને શિષ્ય સંખ્યા વૃદ્ધિની લાલસા! પૂરવાર કરે છે—દેશ-કાળ પારખી કામ લેવાની અશક્તિ! જે શાસન નાયક પોતે ગર્ભમાં છતાં માતાનું બહુમાન ચુકતા નથી! અરે, એ સારૂ સંયમને લંબાવે છે! અભિગ્રહ પૂરો થતાં, માત્ર સંસારી ભ્રાતાના સ્નેહ ભર્યા વચનોથી બે વર્ષ વધુ થોભી જાય છે! તેઓશ્રીના નામે તેમનાજ શાસનમાં આ જાતનો વહેવાર સંખ્યાબંધ કડવા અનુભવો પછી પણ ચાલતો જોઇ દુઃખ થાય છે. બાલ દિક્ષાઓ થઇ છે પણ અત્યારના જેવો શોરબકોર કે ચોરી છુપી અથવા તો એ પાછળ સાધુઓના પ્રપંચો નથી વાંચવામાં આવ્યા! લાક્ષણીક વ્યક્તિ માટે સંઘ સામે જઇ પ્રાર્થના કરે છે. ઉદાયન જેવો મહામાત્ય ધંધુકાના વાણીઆને વિનવે છે માતા-પિતાની આજ્ઞા અને સ્નેહીજનોની હસતા મુખડે વિદાય, એજ અર્હંતના શાસનમાં પ્રવ્રજ્યાનો ધોરી માર્ગ. એ મર્યાદા ખાતર પ્રભુતનયા સુંદરી આયંબિલ કરી કાયા સુકવે છે! એ ખાતર પ્રતિજ્ઞાબદ્ધ જંબુકુમાર ઘોડે ચઢે છે અને એ માટેજ અભયકુમાર શ્રેણિકના મુખ સામે નિહાળ્યા કરે છે! વીતરાગની દીક્ષા એ તો લોખંડના ચણા જેવી—અસિધારા વ્રત સમી—એ માટે ઉંડી ધગશ અને અમાપ નિડરતા જોઇએ. એનો અહલેક હૃદયના ઉંડાણમાંથી ઉઠવો જોઇએ. કથા સાહિત્ય કહે છે કે એવા મનોબળી પરણવા જતાં ને ચોરીમાં કંસાર જમતાં કૈવલ્ય પામ્યા છે. ભાવનાવાળા બાળકને નાગકેતુના ભવમાં અઠ્ઠમ ઉદય આવ્યાનું કોણ નથી જાણતું! જ્યાં ભાવની આટલી બધી કિંમત છે ત્યાં દોડાદોડી ને ઉતાવળનું શું પ્રયોજન? એમ કહેવામાં આવે કે—કદાચ સગાવહાલાની વાતોથી એ લોભાઇ જશે તો? કિંવા માતાના આગ્રહથી પાછો પડશે તો?—અથવા પિતાની દલીલોથી બદલાઇ જશે તો?—અગર આજ્ઞા સારૂં થોભતાં આયુષ્યનો અંત આવશે તો?—એવું કહેનારા "ભાવ"ને ઓળખતાંજ નથી—સાચા ભાવને એવા બંધન નથી—હોતાં—ત્યાગની યથાર્થ સમજ માતાપિતાના લાડ વચનો પી જઇ, તેમના અંતરને ફેરવી શકે છે. એને પ્રલોભનના ભય ડરાવી શકતા નથી.

પણ આજે એવું તો જવલ્લેજ દેખાય છે, ઘણું ખરૂં તો હળદરના રંગ જેવુંજ! ઉપર છલ્લો રંગ લાગતાંજ માનવ દીક્ષાઘેલો બને છે. ત્યાગની પ્રેરણા શાને આભારી છે એટલું પણ સમજાવી શકતો નથી. અને જ્ઞાનમાં તો એકડે એક જેવુંજ ઘણી વાર તો અચરે અચરે રામ પોકારી જાણે. પૂજ્ય શ્રી હેમચંદ્રસૂરિ કે શ્રી હીરવિજયસૂરિના ઉદાહરણ આપનારા તેઓશ્રીથી "સો"માં ભાગનું કંઇ કરી બતાવે તો ગજામત લેખાય.

જૈન ધર્મના ઉદાર તત્વો દુનિયા ભરમાં પ્રચારવાના અને એ દ્વારા સંખ્યાબંધ આત્માઓના હૃદયમાં શાસન રસિકના બી વાવવાના અતિ અનુકુળ સમયમાં દેશ કાળને અનુરૂપ ન આવે એવા કાર્યો આદરી એ સામે આડી દિવાલ ઉભી ન કરો. સંયમના ખમીરને બરાબર ચકાશી જુવો; અને એટલુંજ કહો કે **मा पमाए** પ્રમાદ ન કરીશ. બાકીની તૈયારીનો ભાર એના શીરેજ સોંપો. માતા પિતાદિને સમજાવી પોતાનો માર્ગ મોકળો કરવા સારૂ જે કંઇ સમજાવટ કે ખટપટ કરવી પડે તે એ ઘેર રહી કરે. એની હવા સરખી ઉપાશ્રયના દ્વારે ન પહોંચવી ઘટે. ચોળ મજીઠના રંગવાળો ઝાલ્યા નહિંજ રહે.

સાધુતાની સૌરભ અને ઉપાશ્રયની શાંતિ ડગમગે તેવા પ્રયાસથી હાથ ઉઠાવો. એમાંજ જૈનં જયતિ શાસનમ્‌નો નાદ ગાજે છે.

## નોંધ અને ચર્ચા.

### ગુરૂમંદિરો—

જૈન ધર્મમાં દેવ પછી ગુરૂનું સ્થાન આવે છે અને અવશ્ય તે પૂજનીક છે પણ તેથી દેવમંદિરો માફક જુદા જુદા ગુરૂમંદિરો ઉભા કરવાની જરૂર નથીજ. ચાલુ કાળ તરફ મીંટ માંડતાં, જૈનોની ઘટતી જતી સંખ્યા પ્રતિ ધ્યાન આપતાં, અને યુવાન વર્ગની સંખ્યા દેશમાંથી એકાદા મુખ્ય શહેરમાં ધસડાઇ જતી તેમજ એમાંના કેટલાક ભાગની ચળવિચળ મનોવૃત્તિ નિરખતાં વિના સંકોચે કહેવું પડશે કે નવા દેવમંદિરો ઉભા કરવા એ પણ અપ્રસ્તુત છે. જે આલિશાન દેવાલયો આજે ઉભા છે અને સંખ્યાબંધ જીનબિંબો મોજુદ છે એની બરાબર સાર સંભાળ થાય તે તરફ પ્રથમ લક્ષ્ય દેવાની અગત્ય છે. એ સારૂ શ્રદ્ધાસંપન્ન પૂજકો પેદા કરવાની ખાસ આવશ્યકતા છે. એ ઉપરાંત જીર્ણ-શીર્ણ થતાં અને ગતકાલિન ગૌરવની કીર્તિગાથા ઉચ્ચારતાં, કળાના અનુપમ ધામ સમા દેવાલયોના જીર્ણોદ્ધારની જરૂર છે એ વડેજ જૈનધર્મની પ્રાચીનતા પુરવાર કરી શકાય. એની સ્હાયથી જ ગતકાળના ઇતિહાસના અંકોડા જોડી શકાય. આ પરિસ્થિતિ નજર સામે ડોકીયા કરતી હોય! એને સફળતાથી પહોચી વળવાની ગુંચ ન ઉકળતી હોય! ત્યાં ગુરૂઓના નામે જુદા મંદિરો ખડા કરવા એ બિલકુલ મુનાસીબ નથી એ પ્રવૃત્તિ પર હવે કાપ મુકવો ઘટે છે. જ્યાં દેવ માટે પૂજકો નથી જડતાં ત્યાં ગુરૂ માટે કયાંથી મેળવવા? આ તર્કે ખંભાતમાં આચાર્ય શ્રી વિજયવલ્લભ સુરિએ ફેરવેલ દિશા તરફ ધ્યાન ખેંચીએ છીએ. માંડવીની પોળના દેરાસર સમિપ નાનકડી દેરીમાં શ્રીમદ્ આત્મારામજી મહારાજની અને તેઓશ્રીને વંદન કરતી શ્રી હર્ષવિજય તેમ પોતાની મુનિ વેષમાં પ્રતિકૃતિઓ મુકાવી; ને પૂજનવિધિ બંધ કરી છે તેમ અન્ય કરે તે ઇષ્ટ છે. ફોટો, મૂર્તિકે બાવલા સર્જનના આ યુગમાં સદંતર એ પ્રવૃત્તિથી હાથ ઉઠાવવાનુ કહેવું કિંવા એ માર્ગે દોરાવું અશકય ધારી ઉક્ત સુચના ઇષ્ટ માની છે.

### સેવાના સન્માન—

ગાંધી યુગમાં સાચા સેવકોની પિછાન જલ્દી થાય છે. દિવસાનુદિવસ જનતા એ શકિત હસ્તગત કરવામાં પાવરધી બને છે. લક્ષ્મીના બળે કે પ્રજ્ઞતાના પ્રવચને નેતા બની જવાનો યુગ આથમી રહ્યો છે એક કાળ એ હતો કે મુંબઇની પ્રાંતિક કોંગ્રેસ સમિતિમાં કેવલ ડીગ્રીધરો કે વકીલ ડોકટરોજ દેખાતા. પણ સેવાના સૂત્રે એ સ્થાનના દ્વાર ઉકત પદવી વિહુણી અને મધ્યમ કક્ષાની વ્યકિતઓ સારૂ ખોલી દીધા છે. શ્રીયુત્ મણિભાઇ જેમલ શેઠ જેવા મધ્યમ કક્ષાના બંધુની પુનઃ એકવાર પ્રાંતિક સમિતિના સભ્ય તરીકે 'સી' વોર્ડની રસાકસી ભરી હરિફાઇમાં ત્રીજે નંબરે વરણી થઇ છે એ પરથી તેમના સેવાભાવીપણાની પ્રતિતી થાય છે. સ્ટેન્ડીંગ કમિટિના સભ્ય તરિકેની, અને સ્વયંસેવક મંડળના પ્રમુખ તરીકેની તેમની સેવાઓ જૈન સમાજમાં જાણીતી છે. રાષ્ટ્રસેવક તરિકેની પ્રગતિમાં અગ્રગામી બનતાં એ બંધુને અમારા ધન્યવાદ છે. એથી સેવાની તમન્ના અન્ય બંધુઓમાં પ્રગટો એજ ભાવના.

### વિહારના ફાયદા—

કરાંચી જેવા દૂર પ્રદેશમાં વિચરી, આમિલ સરખી માંસાહારી કોમમાં અહિંસાનો સંદેશ ફેલાવનાર, સારીયે પલ્લીવાલ જાતિમાં પુનઃ જૈનધર્મના બી રોપનાર, અને બંગાળની સરાક જાતિને વર્ષોથી ભુલી ગયેલ પૂર્વજોના પ્રાચીન ધર્મનું નવેસરથી પાન કરાવનાર એ મુનિરાજો આપ સર્વને અમારા હાર્દિક ધન્યવાદ છે. સાચા હૃદયના વંદન છે. આપે જે રાહ સ્વીકાર્યો છે, એ સાધુ સંસ્થાને ઝેબ આપે તેવો છે એટલુંજ નહિં પણ દેશ-કાળ જોતાં અતિ જરૂરી છે. કેટલાક બંધુઓ વાતવાતમાં આખીયે સાધુ સંસ્થાને નિંદે છે. તેઓ ઉપરોક્ત કાર્યો તરફ દ્રષ્ટિપાત કરશે તો જણાશે કે એમ કરવામાં પોતે કેવી ગંભીર ભૂલ કરે છે. અલબત ઉજળું એટલું દુધ નજ હોય તેમ પીળુ એટલું સુવર્ણ પણ નજ લેખાય! છતાં, માત્ર ભેળના કારણે દુધ કે સુવર્ણ જેવા પદાર્થો પર ટીકાના બાણ છોડવા એમાં વ્યવહારૂ બુદ્ધિનું દિવાળુ જ છે. સાધુ સંસ્થામાં ઘઉંમાં કાંકરા હોય તેવો વર્ગ છે પણ તેટલાજ કારણે આખી સંસ્થા પ્રત્યે કાદવ નજ ઉરાડાય. વિહારના ઉપર મુજબ સુંદર પરિણામો નિરખી કેવળ ગુજરાતનેજ ધર્મક્ષેત્ર માની બેઠેલા મુનિરાજો આંખ ઉઘાડશે અને પ્રભુશ્રી મહાવીર દેવના અણમૂલા સંદેશને,-વિશ્વભરમાં અતિ મહાન્ અને અતિ અગત્યના ગણાતા 'અહિંસા'ના પયગામને ભારતવર્ષના અન્ય પ્રાંતોમાં પહોંચાડવા માટે કેવું વિશાલ સ્થાન છે એ અવધારશે અને તરત જ ગુજરાતની મર્યાદા બહાર નિકળી પડશે તો સાધુતાની સાચી સુગંધ પ્રસરતાં વિલંબ નહીંજ થાય. ગુજરાતને આજે જે વસ્તિ ભારે પડવા લાગ્યો છે અને જેનું અજીર્ણ થવા માંડ્યું છે, તે આપોઆપ ઓછું થઇ જશે. ત્યાગ જીવન જૈન-જૈનેતર જનતામાં અકારૂ ન લાગતા પ્રતિષ્ઠાસંપન્ન લેખાશે.

મુનિરાજ! વિચરો, મદ્રાસ, મેવાડ અને ઉત્તર હિંદ તથા પંજાબ આદિ પ્રદેશો આપની માર્ગપ્રતિક્ષા કરી રહ્યાં છે.

### શ્રી કેશરીયાજીનો સળગતો પ્રશ્ન—

શ્રી કેશરીયાજી તીર્થના વહીવટ સંબંધીનો સળગતો પ્રશ્ન—જે એક સમયે કેટલાક ખાસ સવાલોમાંનો એક હતો એટલુંજ નહિં પણ જેને સારૂ આપણી કોન્ફરન્સે ખાસ અધિવેશન મેળવ્યું હતું—પુનઃ તાજો કરવાની જરૂર છે. કમીશનની લંબાણ હકીકત સાંભળ્યા બાદ મહારાણાસાહેબ તરફથી હજુ સુધી કંઇ પણ નિર્ણય બહાર આવ્યો નથી. વળી અજાયબી ભર્યું તો એ છે કે એક કાળે એ અર્થે અનશન સુધી જનાર પૂજ્ય શ્રી શાન્તિવિજય સુરિ પણ એ પરત્વે મૌન છે. ભિન્ન ભિન્ન લેખકોની દ્રષ્ટિયે દોરાયેલ છાપામાં આવતાં ચિત્રોમાંથી સહજ તારવી શકાય તેમ છે કે પ્રમાદમાં રહી જૈન સમાજ કઇ કક્ષાએ ઉતરી પડ્યો છે. જો તીર્થની હુકમત સંબંધમાં હજુ પણ આપણી ચક્ષુઓ ચલુ રીતિ અનુસાર મીચાયેલી રહેશે અને સમાજ નાયકો કેવળ મૃતકની શાંતિના ચાહક બનશે તો વિના સંકોચે કહી દેવું પડશે કે—પવિત્ર તીર્થો આપણે ગુમાવી બેસીશું અને રાસકાર ઉપાધ્યાયજી મહારાજ શ્રી વિનયવિજયજીના શબ્દો—

'લગન વેળા ગઇ ઉંઘમાં પછી પસ્તાવો થાય'—

— આપણા માટે તો ખરા પડશે જ.

# કૉન્ફરન્સની કેળવણીની યોજનાના વીકાસમાં–

આધુનીક યુગમાં કેળવણી જીવન વીકાશનું મુખ્ય અંગ છે. સમાજ રાષ્ટ્ર કે ધર્મની પ્રગતિમાં એનું સ્થાન અનુપમ છે. જ્યાં કેળવણી નથી ત્યાં સંસ્કાર નથી, સાચી ભાવના નથી. જીવનનો સાચો રાહ નથી. વસ્તી પત્રકના બોલતા આંકડાઓએ તે સિદ્ધ કર્યું છે. ઈત્તર કોમોની દષ્ટિએ જૈન કોમમાં શીક્ષીતોનું પ્રમાણ ઠીક ઠીક છે છતાં એ વણીક બુદ્ધિને શોભે તેવું તો નહીજ. જૈન કોમમાં શ્રીમંતાઇ છે, વૈભવ છે, દાનના પ્રવાહ અને દયાના ઝરણાં પણ અખુટ છે. પણ એ બધા જૈન કોમની ઉન્નતિ માટે નથી. અપવાદ બાદ કરવામાં આવે તો જૈન કોમના એ લક્ષ્મીનંદનોની એ અઢળક લક્ષ્મી દેવ મંદિરો અને ઉપાશ્રયો બાંધવામાં તેમજ ધર્મની જાહો-જલાલીને નામે થતા મહોત્સવો અને જમણો પાછળ વેડફાઇ જાય છે. કોઇ વસ્તુપાલ તેજપાળના દાખલા લઇ તેમનું આંધળું અનુકરણ કરવાના પ્રયત્નો કરે છે જ્યારે કોઈ શ્રાવક અને શ્રાવીકા ક્ષેત્રને બાદ કરીને અન્ય ક્ષેત્રમાં કીર્તિ અને પ્રતિષ્ઠાની લાલસામાં હજારોના એંધાણ કરે છે. 'અહિંસા પરમો ધર્મ' નું પાલન કરનારા આપણે પંચેન્દ્રી જીવો (પશુ પંખી વી.) ને પોષવામાં શુરા છીએ જ્યારે આપણા સાધર્મિ બંધુઓ બેકારીના ખપ્પરમાં હોમાઇ આત્મહત્યા કરે, વિધર્મી બને તેની આપણને કાંઇજ પડી નથી એમ આજની સમાજની પરિસ્થિતિ ઉપરથી સહેજે પ્રતિત થઇ શકે તેમ છે. સમાજ અને ધર્મોન્નતિનું સાચું પ્રથમ પગથીયું કેળવણી છે. કેળવણી–વીહોણી વ્યકિત, નથી સમાજનું કે દેશનું ભલુ કરી શકતી! નથી પોતાના આત્માનું કે ધર્મનું પણ સુધારી શકતી.

છેલ્લા કેટલાક માસથી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સે જૈન સમાજ સમક્ષ કેળવણીની યોજના રજુ કરી છે. કોઇ કેળવણી રસીક દીલની નાદાર સખાવતનો લાભ સમગ્ર જૈન જનતાને મળે એ હેતુથી તેની સુંદર રચના થઇ છે. સમાજનું દુઃખ દર્દ મીટાવવાના અનેક સંસ્થાઓના પ્રયાસોમાં કોન્ફરન્સ એક મોટી અને હિન્દુસ્તાન આખાનું પ્રતિનિધિત્વ ધરાવતી વગવાળી સંસ્થા છે. તેનું આદ્ય સુકાન વર્ષો સુધી જૈન સમાજની મુંગી સેવા બજાવનાર બાહોશ સક્રીય કાર્યકરને સોંપવામાં આવ્યું છે. અનેક સંસ્થાઓના સંચાલક તરીકે અને ઉચ્ચ કેળવણીના વીકાસમાં યશસ્વી ફાળો આપી જૈન સમાજનું ગૌરવ વધારનાર શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પ્રાણ સમા એ પુરૂષની પ્રતિ-ભાએ કોન્ફરન્સમાં નવજીવન રેડયું છે. અનેક વખતની સતત્ જાહેરાત છતાં આ કેળવણી પ્રચારની યોજનાનો લાભ ગણ્યા ગાંઠ્યા શહેરોએ ઉઠાવ્યો હોય એમ પ્રતિત થાય છે. ખરેખર જો આ હકીકત સત્યજ હોય તો એ યોજનાના સર્જકો અને વીચારકોએ પુનઃ તેના કારણ શોધવા ઘટે.

એક બાબત ચોક્કસ છે કે આજનો જૈન સમાજ અનેક મુશીબતો વચ્ચે ઘેરાયેલો છે. અજ્ઞાનતા બેકારી સિવાય અનેક સામાજીક રૂઢીઓ જેવી કે સારા નરસા અનેક પ્રસંગો અને અવસરોના વ્યવહારીક મોટા ખર્ચા, સંકુચીત માનસ ભરી લુખી ભાવનાઓ વી. આજનો યુવક કેળવણી પ્રીય હોય, તેનું બાલ માનસ કેળવણીના સીંચનથી ભરપુર બન્યું હોય, છતાં એ સગીર વયના સાગરને ઓળંગે તે પહેલાં અનેક આફતના વાદળાઓની હારમાળા તેના પર ઝઝુમી રહી હોય છે. અનેક ચીંતાના ઉલ્કાપાતો વચ્ચે તેનો આત્મા મુંઝાઇ જાય છે અને દીનતા દરીદ્રતા અને કંગાળીઅતના હડધુત ખાડામાં તેનું અનેક આશા અને આદર્શભર્યું જીવન હડસેલાઇ જાય છે. એને નથી સમજ પડતી કે આ કેળવણી મારૂં શું સાર્થક કરશે? રાત દીવસની કાળી મજુરી જેવા પરીશ્રમો અને વેદના ડુંગરો તળે એ દબાઈ જાય છે. રીબાઇ જાય છે અને સત્યા-નાશ, એજ એનો અંતીમ માર્ગ મોકળો કરે છે.

અત્યારની કેળવણીની યોજનાની કેટલીક શરતો આકરી લાગે છે. કલેશ કજીઆ અને ગચ્છવાડા વચ્ચે ઘેરાયલા માનસને માટે પણ આ યોજના ખુલ્લી છે છતાંએ મદદ પુરતી રકમનો અર્ધો હીસ્સો લાભ લેનાર સ્થળના કાર્યવાહકોએ ઉપાડવો રહ્યો. એ કાર્ય મુશ્કેલ છે. સંયુકત ભાવના અને ઉચ્ચ આદર્શ એનો ભાર સરળ કરી શકે પણ અત્યારની પરિસ્થિતિમાં એમાં જોઇતી સફળતા ન પણ મળી શકે.

યોજનાના નીયામકો આ દૃષ્ટિબિંદુ લક્ષમાં લઇ તેનાં વીકાસનો માર્ગ મોકળો કરશે એજ અભ્યર્થના.

લેખકઃ–**રમણીક ઘીઆ.**

---

**વર્તમાન**—(રાધનપુર)

રવીવારને દિને બોર્ડીંગના મકાનમાં પ્રતિમાજી પધરાવવા સારૂં રથયાત્રાનો વરઘોડો ધામધુમથી ચઢયો હતો. આચાર્યશ્રી વિજયવલ્લભ સુરિ ઉપરાંત–સિદ્ધિસુરિના સંઘાડાના આચાર્ય વિજયભદ્ર સૂરિએ પણ એમાં ભાગ લીધો હતો. રથયાત્રામાં ગાડીઓ મોટરો મોટી સંખ્યામાં હતી. રાજ્ય તરફના અશ્વારો સૌકોઇનું ધ્યાન ખેચતાં. પાલખી ઉપરાંત ત્રણ રથ હતા. શ્રીફળની પ્રભાવના–લગભગ અઢી કલાકે સારાશહેરમાં ફરી રથયાત્રા બોર્ડીંગના મકાને ઉતરી હતી.

---

અનુસંધાન પૃષ્ટ ૫ ઉપરથી ચાલુ

વૈભારગિરિ પર્વત ઉપર અને એક ઉષ્ણ (ગરમ) પાણીના કુંડોના ઉપર અને "પીપલા પાષાણ ગૃહ" ની ઉંચે જૈન મંદિરોના મધ્ય ભાગમાં આવેલ છે. આ ગૃહ છવીશ ફુટ ઉંચાઇએ અને લંબાઇ પહોલાઈમાં સાડી એકાસી ફીટથી ઉત્તર દક્ષિણ તરફ અઠોતેર ફીટ પૂર્વથી પશ્ચિમ દિસા સુધી આવેલ છે, જેને જરાસંઘની બેઠક પણ કહે છે અને તેવા ચાર ગુમ્બજો વિપુલગિરિ પર્વત પર તથા એક રત્નગિરિ પર્વતની પૂર્વ દિસાએ મથાલાના ભાગમાં આવેલ છે.

(કનિંગ હામ–આર્ચિઓલોજીકલ સર્વે ઑફ ઈન્ડીયા. સન ૧૯૦૫–૦૬.)

# ભારતના જૈન ગુફા-મંદિરો.—

લેખકઃ—
શ્રી. નાથાલાલ છગનલાલ શાહ.

લેખાંક ૨ જો.

## રાજગૃહી, (ચાલુ)

સોન ભંડાર ગુફા કે જેને વર્તમાનમાં સુવર્ણ ભંડાર નામથી ઓળખાવે છે. ઈ. સ. પૂર્વે છઠી શતાબ્દિમાં થઇ ગએલ શિશુનાગ વંશના મહારાજા શ્રેણિક (બિમ્બીસાર)નો મશહુર ખજાનો આ ગુફામાં રહેતો, જે પર્વતની તલેટીમાં આવેલ છે. આ ગુફાના દ્વાર પર તીર્થંકર ૠષભદેવની પુરાતન મૂર્તિ કાર્યોત્સર્ગ ધ્યાન મુદ્રાએ સ્થિત છે. તેની જોડમાં કુમાર નમિ-વિનમિ તેમની ભક્તિમાં બંન્ને બાજુએ ઉભેલ છે.

જૈન સાહીત્યોમાં "જ્ઞાતા ધર્મ કથા" [1]નામના પુરાતન ગ્રંથમાં રોહિણીયા નામના ચોરનો ઉલ્લેખ કરેલ છે.

વૈભારગિરિ પાસે આવેલ ગુફાને રોહિણીયાની ગુફા નામથી ઓળખાવે છે રોહિણીયા નામના ચોરને ગુપ્ત રહેવાની આ ગુફા હતી, જેથી તેને કોઇ પકડી શકતા નહી. એક સમયે શ્રી મહાવીર શ્રમણ દશામાં આ ગુફા પાસે થઇ વીચરતા હતા તે સમયે આ ચોરને મહાવીરે ધર્મોપદેશ આપ્યો જે સાંભળવાથી તેને ઘણો પશ્ચાત્તાપ થયો. ત્યારથી રોહિણીયાએ પોતાનો જાતી સ્વભાવ બદલાવી ભક્તિ માર્ગમાં જીવન ગાળવા લાગ્યો.[2]

રાજગ્રહના પવિત્ર પર્વત પર શ્રી મહાવીર દેવના અગીઆર ગણધર સિદ્ધિ પદને પામ્યા છે.[3] તેમજ શ્રી ધન્ના અને શાલીભદ્ર પોતાની અગણિત રિદ્ધિ તેમજ સંપત્તિનો ત્યાગ કરી આ પવિત્ર પર્વત પર સંથારો (કાયોત્સર્ગ) કરી મુક્તિ-પદ મેળવેલ છે.[4] તેવીજ રીતે શ્રી મેઘકુમાર, અભયકુમાર, અને કયવન્ના શેઠ જેવા અણગારો કાર્યોત્સર્ગ-સંથારો કરી દેવલોક ગએલ છે.[5] ઉપર બતાવેલ સોન ભંડાર ગુફા શ્રી મહાવીરની પોષધશાળા તરીકે ઉપયોગ થયેલ મનાય છે.[6]

## રાજગૃહના પહાડોની લંબાઈ.

વૈભારગિરીથી વિપુલગિરી ૧૨૦૦૦ ફીટ લંબાઇ
વિપુલગિરીથી રત્નગિરી ૪૫૦૦ ફીટ લંબાઇ
રત્નગિરિથી ઉદયગિરિ ૮૫૦૦ ફીટ લંબાઇ
ઉદયગિરિથી સોનગિરિ ૭૦૦૦
સોનગિરિથી વૈભારગિરિ ૯૦૦૦ " "

રાજગૃહના પાંચ પર્વતોના મધ્ય ભાગની ઘાટીમાં જુનો એક સ્તુપ આવેલ છે. તે ઇંટોના ટીલાનો આશરે વીશ ફીટની ઉંચાઇએ છે તેને "મનીઆર મઠ" કહેવામાં આવે છે. આ પાંચ પર્વતો પૈકી વૈભારગિરિ પર પાંચ જૈન મંદિરો આવેલ છે, તેમાં એકમાં જૈન તીર્થંકરના ચરણ પાદુકા છે, તે મધ્ય-કાળમાં બનેલી છે. વૈભારગિરિના નીચેના ભાગમાં સાત પાણીના કુંડ છે. ગંગા, યમુના, અનંતૠષિ, સપ્તૠષિ, બ્રહ્મકુંડ, કાશ્યપૠષિ. આસકુંડ અને માર્કંડકુંડ નામના કુંડો આવેલ છે. જે માટે ભગવતી સુત્રમાં ઉલ્લેખ મળી આવે છે.[1]

વિપુલગિરિ પર્વતના નીચેના ભાગમાં છ કુંડ આવેલા છે. સિતાકુંડ. સુરજકુંડ. રામકુંડ, ગણેશકુંડ. ચંદ્રમાકુંડ, અને શૃંગિૠષિકુંડ આવેલા છે. તેમ વૈભારગિરિ, વિપુલગિરિ, રત્ન-ગિરિ, ઉદયગિરિ અને સોનગિરિ પર જૈન મંદિરો આવેલાં છે.

પુરાતન કિલ્લાની ભીંતોનો આગળનો ભાગ મોહટા થરોથી બનેલ હતો. આ કોટની ભીંતો બાણગંગાથી પૂર્વ અને પશ્ચિમમાં સૌથી અધિક ઉંચી અગીઆરથી બાર ફીટ સુધીની છે. સોનગિરિના થોડા ભાગ ઉપર અને વૈભાર, વિપુલ અને રત્નગિરિ આ ત્રણે પર્વતોની ઉપરની ભીંતો ઘણીજ તુટી ગયેલી છે, અને તે તુટી જતાં હાલમાં સાતથી આઠ ફીટ સુધીની રહેલ છે. ઉદયગિરિ પર્વતથી મહોટા કોટની શરૂઆત થાય છે, તે વૈભારગિરિ, સોનગિરિ, રત્નગિરિ અને છાયાગિરિ સુધી પહાડોની દક્ષિણે તેમજ પૂર્વ દિશા સુધી ચાલી ગએલ છે. તે કીલ્લાની ભીંતના બહાર જણાતા ગુમ્બજ ઘણા વખાણવા લાયક છે, જે બનાવવામાં ઘણાજ કુશલ કારીગરોની શક્તિ વાપરેલ ગણાય છે. એવા સત્તર ગુમ્બજ જે દેખવામાં આવે છે તેમાંના સાત બાણગંગાના ઘાટ તરફ અને ચાર પ્રાચીન રાજગૃહની પશ્ચિમ દિશા તરફ તેમ ત્રણ ગુમ્બજ પૂર્વ દિશા તરફના ભાગમાં આવેલ છે. ત્યાર પછી ચાર ગુમ્બજ ઉત્તર દિસાના દ્વાર તરફ આવેલ છે, અને એક ગુમ્બજ વિપુલગિરિ ઉપરના દ્વાર તરફ છે. પાંચ ગુમ્બજ વૈભારગિરિ પર આવેલ છે, તેમાંનો એક ગુમ્બજ ચાર જૈન મંદિરોમાંના છેલ્લા મંદિરથી ૧૫૦ કદમ અંતરે આવેલ છે, એક ગુમ્બજ સતપર્ણ ગુફાના સ્હામે આવેલ મંદિરથી ૩૦૦ કદમ છેટે આવેલ છે, તેના પર ચઢવા ઉતરવા માટે પાવડીઆં બનેલાં છે, ઉપરના ગુમ્બજો સીવાય બીજા દેખવા લાયક ગુમ્બજો હજુ સુધી હસ્તી ધરાવે છે. તેવા બે ગુમ્બજો

અનુસંધાન પૃષ્ટ ૪ ઉપર જુઓ.

૧ જ્ઞાતા ધર્મ કથા અ. ૧૮૫ પત્ર ૨૩૬.
૨ જિનપ્રભસૂરિના તીર્થકલ્પ ઉર્ફે રાજવિહારમાં વૈભારગિરી કલ્પ. (વીક્રમ સંવત ૧૩૬૪) શ્લોક ૧૨ પૃષ્ટ ૭૨-૭૩ રોયલ એશિયાટીક સોસાયટી-કલકત્તા.
૩ પંડિત હંસ સોમ વિરચીત તીર્થમાળા. સંવત ૧૫૬૫ પૃષ્ટ.....
૪ જિન પ્રભસૂરિના તીર્થ કલ્પ ઉર્ફે રાજવિહાર શ્લોક ૯-૧૨ પૃષ્ટ ૭૨-૭૩.
૫ પંડિત સોભાગવિજય વિરચીત તીર્થમાળા ઢાલ ૧૦ શ્લોક ૧૭-૧૮
૬ શ્રી શીલવિનય કૃત-પ્રાચીન તીર્થમાળા સંગ્રહ ભાગ ૧ પૃષ્ટ ૧૦૯

૧ ભગવતી સૂત્ર શતક બીજો ઉદ્દેશક પાંચમો પૃષ્ટ ૨૮૯. રા. આગમ સંગ્રહ.

# અંધેરીનું દીક્ષા પ્રકરણ.

## દીક્ષાના ફજેત ફાળકા.

### અંતે સમજાવટથી નીકળેલો વચલો માર્ગ.

એક સવારે શ્રી પ્રેમસૂરિ તરફથી અંધેરી ગામના ઉપાશ્રયમાંથી ગામના સંઘ તરફ ઓર્ડર છુટે છે કે તમારે આવતી કાલે અત્રે એક દીક્ષા આપવાની છે, મારવાડી ભાઇઓ આ અણચિંતવ્યા ઓર્ડિનન્સથી મુંઝાય છે, પરસ્પર મસલત કરે છે, જીવાભાઇ પ્રતાપશી હા કે નાનો ઉત્તર કરડાઇમાં માગે છે, મારવાડીઓ ટાઢે પાણીએ ખસ કાઢવા પ્રયત્ન કરે છે, પણ તેમ ન થતાં અજાણ્યાને ઓચીંતા દીક્ષા આપવાની તેઓ સાફ ના પાડે છે, શેઠ મણિલાલ કરમચંદના બંગલાનો આશ્રય લેવાય છે, સાધુઓ ત્યાં પોતાનું કામ આટોપવા તૈયારી કરે છે, શેઠ મણીલાલ આ વસ્તુ સ્થિતિનું પરિણામ જાણતા હોવાથી મહારાજને આવી રીતે દીક્ષા ન આપવા સમજાવે છે, મહારાજના બળ આગળ શેઠ મણીલાલ નરમ પડે છે, પરિણામે દીક્ષા ગુપચુપ અપાઈ જાય છે, નેમચંદના નેમવિજયજી બને છે, મા બાપ જેઓ બહારગામ હતા તેમને ખબર પડે છે, કાળી ધા નાંખતા આવે છે, પુત્રને પાછો સોંપવા આજીજીઓ થાય છે, પ્રેમસૂરિ ચોકખી ના સંભળાવે છે, ધાંધલની બીક સાધુઓને પેસે છે, જીવતલાલ શેઠના અજિત કિલ્લાનો આશ્રય સાધુઓ લે છે, શેઠ જીવતલાલના બંગલે દીક્ષિતના માતાપિતા ટાઢ તડકો, ભુખ તરસ વેઠતા નાના બચ્ચાંઓ સહિત લાંઘણ કરતાં નજરે પડે છે, અંધેરીવાસીઓનો આત્મા કકળી ઉઠે છે, જીવદયા પ્રતિપાલ શેઠશ્રીનું રૂંવાડું પણ ફરકતું નથી, સાધુઓ અંદર કલ્લોલ કરે છે, માતાપિતા બહાર કલ્પાંત કરે છે. એક ગૃહસ્થ શેઠ ભોગીલાલને હૃદયમાં લાગી આવે છે, દીક્ષિતના માતાપિતાની વહારે ધાય છે, તેઓ આચાર્યશ્રીને સમજાવવા પ્રયત્ન કરે છે, પરંતુ તેમને પણ કડવો અનુભવ થાય છે, દરમ્યાન મુંબઈ જૈન યુવક સંઘને કાને વાત આવતાં તે જાગી ઉઠે છે, કાર્યવાહકો મસલત કરી જાહેર સભા દ્વારા વિરોધ કરે છે, હીરાબાગનો હોલ દીક્ષિતના માતા અને બ્હેનના કલ્પાંતથી ગમગીન બને છે, અને આવી દીક્ષા પ્રત્યે ખુલ્લા તિરસ્કારની લાગણીના ઉભરાઓ ઠલવાય છે, યુવક સંઘને આમ પીઠબળ મળે છે, અંધેરીમાં પણ સભા ગોઠવાય છે, સરઘસ કાઢવાનું નક્કી થાય છે, આ સમાચારનો બોમ્બ શેઠશ્રીના કિલ્લા ઉપર પડતાં તેના કાંગરા ધ્રુજી ઉઠે છે, સૈન્યની જમાવટ થાય છે, બીજી બાજુથી સુલેહના દૂતદ્વારા બાજી સંકેલવાની પેરવીઓ શરૂ થાય છે, અનુભવ વૃદ્ધ તેમજ વયોવૃદ્ધ શ્રી. સોરાબજી (મુંબઈ સમાચારવાળા) દૂતનું કાર્ય શિર ઉપર ઉપાડે છે અને યુવક સંઘના કાર્યવાહકો સાથે મળી રસ્તો કાઢવા પ્રયત્ન કરે છે યુવકો અંધેરીમાં ભેગા થાય છે, શ્રી પ્રેમસૂરિને અગમ્ય ભય પેદા થાય છે, શેઠશ્રી જીવતલાલના કિલ્લાને સુરક્ષિત રાખવા ૧૫૦ માણસોને બંગલામાં હાજર રાખવામાં આવે છે, આ ઉપરાંત પોલીસ પાર્ટી તથા સારજન્ટો કિલ્લાના પ્રવેશ દ્વાર ઉપર યુવકોનો સામનો કરવા ખડે પગે તૈયાર થાય છે, બીજી બાજુ સભામાં સમાધાનનું વાતાવરણ ફેલાય છે, યુવકો નમતું આપે છે, છતાં સરઘસની બ્હીક બંગલામાં વસનારાઓમાંથી જતી નથી, સરઘસ ગોઠવાય છે, આગળ વધે છે, શાંતિપૂર્વક પોતાની લાગણી વ્યક્ત કરી સરઘસ વિખરાય છે, કિલ્લા નિવાસીઓ છુટકારાનો શ્વાસ ખેંચે છે, અને યુવકો પોતાનો વિજય માનતા વિખરાય છે, નવ દીક્ષિત સમાધાનની શરતો મુજબ અલગ રહે છે, અને એ રીતે આ પ્રકરણનો હાલ તુરત અંત આવે છે.

—મનસુખલાલ હીરાલાલ લાલન.

# સમાચાર સાર.

**હેમ સારસ્વત સત્રઃ**—કરાંચીમાં ભરાયેલાં સાહિત્ય સંમેલને ઠરાવ કર્યો છે કેઃ-"આ સંમેલન પરિષદને સૂચના કરે છે કે ગુજરાતના અગ્રગણ્ય જ્યોતિર્ધર અને સાહિત્યકાર શ્રી હેમચદ્રાચાર્યના સ્મરણો પરિષદની સાથે જોડાયેલાં રહે એવાં પગલાં યોજવાં અને એને નિમિત્તે પાટણમાં હેમ સારસ્વત સત્ર યોજવો."

**જ્ઞાન માટે ઉદાર સખાવતઃ**—સાંભળવામાં આવ્યું છે શ્રી ગુજરાત પાટણના જ્ઞાન ભંડારોના ઉદ્ધાર અર્થે આશરે ૫૦ હજાર રૂપીઆની મોટી રકમ પાટણ નિવાસી ઝવેરી હેમચંદ મોહનલાલે જુદી કાઢી છે, અને એ રીતે એક અતિ મહત્વની ખોટ પૂરી પાડવાનો નિર્ણય થયો છે.

**શોકનો ઠરાવઃ**—મુંબઇ જૈન સ્વયં સેવક મંડળ તરફથી શ્રીમતી સ્વરૂપ રાણી તરફેના શોક જનક અવસાન માટે શોક દર્શાવતો ઠરાવ કરવામાં આવ્યો છે.

**મહાવીર જયંતિની રજાઃ**—મહાવીર જયંતિની રજા ચૈત્ર શુદ ૧૩ ના રોજ પળાય તે માટે મુંબઇ ઇલાકાના ખજાનચી શ્રી. લટ્ટે સાહેબને જૈનોનું એક ડેપ્યુટેશન મળ્યું હતું.

**રાધનપુર પ્રગતિ કરે છેઃ**—રાધનપુરના શ્રીમંતોની સખાવતના ઝરા વહેતા થયા છે. બહુજ થોડા સમયને આંતરે બબ્બે જાહેર સંસ્થાઓનાં મંડાણ થયા છે. એક તો શેઠ રતીલાલ વાડીલાલ તરફથી વાડીલાલ પુનમચંદ આરોગ્ય ભુવન, જેનો પાયો નાખવાની ક્રિયા નામદાર નવાબ સાહેબના શુભ હસ્તે થઇ છે અને શેઠ રતીભાઈ તથા ધીરૂભાઇની રાજ્યભક્તિથી ખુશ થઈ નામદાર નવાબ સાહેબ તરફથી આરોગ્ય ભુવન માટેની બે હજાર વાર જમીન બક્ષીસ આપવામાં આવી છે.

## = મૌક્તિકો. =

ગુંડાબાજીથી અથવા પાખંડથી, વાક્ચાતુર્યથી અથવા સુંદર લેખોથી ધર્મની રક્ષા કદી નથી થઈ, નથી થવાની, ધર્મ રક્ષા ધર્મીઓની શુદ્ધિથી-તપશ્ચર્યાથીજ થઇ શકે છે.

જે વસ્તુની પ્રત્યક્ષ સાબિતી આપી શકાય એમ હોય, તેને શ્રદ્ધાથી માની લેવાની સાફ ના પાડવી; અને જે વસ્તુ જાતિ અનુભવ વિના બીજી રીતે પુરવાર થઈ શકે એવીજ ન હોય, તેને નિઃસંશયપણે શ્રદ્ધાથી સ્વીકારી લેવી.

બુદ્ધિવાદીઓ ખાસા માણસો છે, પણ બુદ્ધિવાદ જ્યારે પોતાને વિષે સર્વ શક્તિમત્તા આરોપે છે ત્યારે તે ભયાનક રાક્ષસ બને છે. બુદ્ધિને સર્વ શકિતમાન માનવીએ પથ્થરને દેવ માનીને પૂજા કરવા જેવી ખરાબ મૂર્તિ પૂજા છે બુદ્ધિનું મૂળ મગજમાં છે, શ્રદ્ધાનું હૃદયમાં છે. શ્રદ્ધાથી અંતર્જ્ઞાન અને આત્મ જ્ઞાનની વૃદ્ધિ થાય છે, એટલે કે અંતઃકરણ શુદ્ધ થાય છે બુદ્ધિથી બાહ્ય જ્ઞાન અથવા ભૈતિક જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## મહાવીર જયંતિની જાહેર રજા.

અરમતીર્થંકર શ્રી મહાવીર સ્વામીનો જન્મ દિવસ ચૈત્ર શુદ ૧૩ ત્રયોદશી સર્વત્ર સમાજમાં ધાર્મિક ક્રિયાઓ, જાહેર સભાઓ, સરઘસ-રથયાત્રાઓ આદિ ઉત્સવદ્વારા ઉજવવામાં આવે છે. જૈનો મુખ્યત્વે વેપારી કોમ હોઈ તે દિવસે બેંકો બંધ રહેતી નથી તેમજ કોર્ટો વિગેરેમાં પણ ઉક્ત કારણસર ઘણી અગવડતા આવે છે. તેથી તે દિવસ જાહેર તહેવાર-પબ્લિક હોલીડે તરીકે સ્વીકારાય એ જરૂરનું છે. કેટલાક દેશી રાજ્યો અને મ્યુનિસિપાલીટીઓમાં તો એ દિવસ જાહેર રજાના દિવસ તરીકે સ્વીકારાયેલ છે તેમજ મુંબઇ, અમદાવાદ આદિ મુંબઈપ્રાંતના શહેરોમાં અનેક મુખ્ય વ્યાપારી બજારો તે દિવસે બંધ રાખવામાં આવે છે. તેથી એ દિવસ પબ્લિક અને બેંક હોલીડે તરીકે ગવર્મેન્ટ દ્વારા જાહેર થાય એ ઇચ્છવા યોગ્ય છે.

હાલમાં શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે તે માટે સમાજના ત્રણે ફિરકાઓ દ્વારા એકત્રિત પ્રયાસ કરવા નિર્ણય કરેલ છે અને તદનુસારે શ્રી જૈન શ્વે કોન્ફરન્સ, શ્રી સ્થાનકવાસી જૈન શ્વે. કોન્ફરન્સ, શ્રી દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર કમિટીના તરફથી સંયુક્ત પિટીશન ( અરજી ) મુંબઇ ગવર્મેન્ટને ટુંક સમયમાં મોકલવામાં આવનાર છે.

લિ. સેવક,

૧૨-૧-૧૯૩૮ **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

રેસીડેન્ટ જનરલ સેક્રેટરી,

---

# શ્રી જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડ.

## ધાર્મિક પરીક્ષાઓનાં પરિણામ.

[ બોર્ડ દ્વારા **શેઠ સારાભાઈ મગનભાઈ મોદી** પુરૂષવર્ગ અને **અ. સૌ. હીમઈબાઈ મેઘજી સોજપાલ** સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ૩૦ મી ઇનામી પરીક્ષાઓ તા. ૨૬-૧૨-૩૭ ના રોજ લેવામાં આવી હતી તેમાના કેટલાક ધોરણોનાં પરિણામો આ નીચે આપવામાં આવે છે. ]

**પુરૂષ ધોરણ ૫ વિભાગ ૪ ( તત્વજ્ઞાન વિષય ) :—**
પરીક્ષકઃ—પંડિત રમાપતિજી મિશ્ર, મુંબઈ.

| નંબર | નામ. | ગામ | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | રતનલાલ સંઘવી, | છોટીસાદડી. | ૪૮. | પાસ. |

**પુરૂષ ધોરણ ૩** પરીક્ષકઃ—પંડિત જીવરાજ રામજી શાહ, મુંબઈ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | નરોત્તમદાસ નગીનદાસ શાહ | મુંબઇ. | ૯૨. | રૂ.૧૮) |
| ૨ | કેશવલાલ જયંતિલાલ શાહ, | ભાવનગર. | ૪૪. | પાસ. |
| ૩ | હિંમતલાલ અમરચંદ ઝવેરી, | ભાવનગર. | ૪૧. | ,, |
| ૪ | પરમાણંદ મોહનલાલ, | પાદરા. | ૩૩. | પાસ. |

( ૧ વિદ્યાર્થી નાપાસ )

**સ્ત્રી ધોરણ ૪** પરીક્ષકઃ-શ્રી. પ્રભુદાસ દીપચંદ શાહ રાંદેર.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શારદાબ્હેન ફુલચંદ, | અમદાવાદ. | ૪૭. | પાસ |
| ૨ | શારદાગૌરી ધરમચંદ | રાંદેર | ૪૬. | ,, |

---

# સ્વીકાર અને સમાલોચના.

**વીરપ્રવચન**—લેખક શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી, કિંમત માત્ર આઠ આના.

ઉપરનું પુસ્તક પ્રેમ દીપક પુષ્પમાળાની બીજા પુષ્પ તરીકે બહાર પડયું છે. જૈન ધર્મના તત્ત્વો સંબંધી જ્ઞાન જે મહાપુરૂષોના ચરિત્રો અને ઇતિહાસોમાંથી તારવી શકાય છે, તેવું જ્ઞાન સહેલાઇથી પ્રાપ્ત થઇ શકે તે માટે શ્રી મહાવીરસ્વામી, શ્રી પાર્શ્વનાથપ્રભુ, ભરત-ચક્રવર્તિ આદિના ચરિત્રોનો સાર સાર વિભાગ આ પુસ્તકમાં રજુ કરી તેની સાથે તત્ત્વજ્ઞાનનો અને જૈન દર્શનવડે લાક્ષણિક કેટલો સંબંધ છે તે દર્શાવવા સારો પ્રયત્ન થયો છે. ભાષા પણ કથાનક વિભાગને લક્ષ્યમાં રાખી સરળ રાખેલ હોવાથી વાંચનારને જરા પણ કંટાળો આવે તેમ નથી. ૨૮૦ પૃષ્ટનું વાંચન છતાં માત્ર ૦-૮-૦ ની નજીવી કિંમત રાખવાનો હેતુ માત્ર પ્રચારાર્થેજ છે. દરેકને પુસ્તક ઘરમાં રાખવા ભલામણ છે.

**સરાક જાતિ**—આ નાનું પુસ્તક મહારાજ શ્રી પ્રભાકર-વિજયજી તરફથી બહાર પાડવામાં આવ્યું છે. બંગાલ તરફ વસતી આ કોમના ઉદ્ધાર માટે શ્રી પ્રભાકરવિજયજી આદિ જે મહેનત લે છે તે પ્રશંસનીય છે. આ નાના પુસ્તકમાં તે જ્ઞાતિ પ્રથમ જૈન હતી તે દર્શાવનારા પુરાવાઓ આપેલ છે. શ્રીયુત્ વનરાવન મોરારજી તરફથી ભેટ આપવામાં આવે છે.

**વિદ્યાવિજયજીના વચનામૃતો**—સંગ્રાહક શ્રી. માવજી દામજી શાહ ( ધાર્મિક શિક્ષક પન્નાલાલ હાઇસ્કુલ ) ઉપરોક્ત લઘુ પુસ્તકમાં મુનિમહારાજશ્રીના અનેક પ્રસંગે ઉચ્ચારાયેલા વ્યાખ્યાનોમાંથી ઉપયોગી ફકરાઓનો સંગ્રહ કરવામાં આવ્યા છે. પુસ્તિકા વાંચવા લાયક છે. કિંમત ૦-૩-૦

**પાટણ જૈન મંડળ રજત મહોત્સવ અંકઃ**—પ્રકાશક પાટણ જૈન મંડળ-મુંબઇ. આ અંક બનતા પ્રયત્ને શુશોભિત કરવામાં આવ્યો છે. અનેક પાટણનિવાસી દાનવીરોના ફોટા-ઓથી સમૃદ્ધ કરવામાં આવ્યો છે પણ લેખ સામગ્રી જોઇએ તેવી સરસ ન કહેવાય. આવા અંકોની કિંમત ફોટાઓ કરતાં વિદ્-તાભર્યા લેખોથી જ વધુ અંકાય છે તે પ્રકાશકો ધ્યાનમાં લે.

**—મનસુખલાલ હીરાલાલ લાલન.**

---


**તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ**

# જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | | રૂા ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,**
૨૦, પાયધુની—**મુંબઇ, ૩**

તાર:-"HINDSANGHA."

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

[ સ્થાપના સને ૧૯૦૯ ]

પ્રમુખ:-
શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ.
બી. એ. એલ એલ. બી; સોલિસિટર.
માનદ મંત્રીઓ:-
શ્રી સૌભાગ્યચંદ ઉ. દોશી.
બી. એ. એલ એલ. બી; સોલિસિટર.
શ્રી બબલચંદ કે. મોદી.

૨૦, પાયધુની, મુંબઈ, ૩.
તા૦ ૧૬ જાન્યુઆરી ૧૯૩૮.

શ્રીયુત

સુજ્ઞ શ્રી,

વિ. વિનંતિ કે શ્રીમતી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ દ્વારા આ બોર્ડની સ્થાપના થયા પછી સમાજમાં ધાર્મિક તથા વ્યવહારિક શિક્ષણાદિ પ્રચારાર્થે યોગ્ય પ્રયાસો થતા રહ્યા છે તે આપને વિદિત હશે.

અત્યારે બોર્ડની સ્થાપનાને ૨૭ વર્ષ પૂર્ણ થયેલ હોવાથી તેના રજત મહોત્સવની ઉજવણી અને તેને અનુલક્ષી અન્ય કાર્યક્રમ રાખવા વિચરણા ચાલે છે. આ પ્રસંગે **જૈન સાહિત્ય સંમેલન** મેળવવા માટે પણ સૂચના થયેલી છે.

જૈન સાહિત્યના વિકાસ અને પ્રચારની દૃષ્ટિએ આવા સાહિત્ય સંમેલનની અત્યારે કેટલી અને કયાં સુધી આવશ્યકતા છે તે બાબત આપના વિચારો અને અભિપ્રાય જાણવાની તક મેળવવા બોર્ડની વ્યવસ્થાપક સમિતિએ નિર્ણય કરેલ હોવાથી આપને નિવેદન કરવાનું કે તત્સંબંધે આપ તા. ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૩૮ સુધીમાં અમોને આપના વિચારો અવશ્ય લખી મોકલાવી આભારી કરશો. આવું સંમેલન ભરાય તો તેમાં જૈન અને જૈનેતર વિદ્વાનોનો કેટલો સહકાર મળશે, એવા સંમેલનથી સામાજિક લાભ થશે કે કેમ અને સંમેલનને સફળ બનાવવાની આપણી પાસે પૂરતી સાધન સામગ્રી છે કે નહિ એ અને એને આનુસંગિક સર્વ બાબત પરના આપના વિચારો પૂરતી છૂટથી સર્વ અંશે જરૂર વિગતવાર જણાવવા તસ્દી લેશો જેથી ભવિષ્યની કાર્ય દિશાનું સૂચન થાય.

આપ આવા સંમેલન માટે સહમત હો તો તેની યોજના અંગેની ઘટતી સૂચનાઓ પણ અવશ્ય કરવા કૃપા કરશો.

પ્રત્યુતર શિઘ્ર જણાવવા વિનંતિ છે.

લિ૦ સેવકો;

**સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી.**

**બબલચંદ કેશવલાલ મોદી.**

માનદ મંત્રીઓ.

[ આ અંગે સાહિત્ય પ્રિય બંધુઓ બોર્ડને અવશ્ય અભિપ્રાય લખી મોકલે એજ વિનંતિ. ]

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."  Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે  છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જીનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧ લી ફેબ્રુઆરી ૧૯૩૮. | અંક ૧૩ મો.

## બાળકોના નાચો અને નાટકો.

નાટક, નાચ, સંગીત; ચિત્રકળા આદિ લલિત કળાઓ બે રૂપે ખીલવી શકાય. એક સ્વસંતોષાર્થે, અને બીજી ધંધાર્થે. ધંધાર્થે ખીલવનારાઓના પદ્ધતિ અને ધોરણ આશ્રયદાતાઓની રુચિનો ખ્યાલ કરીને અને તેમને પોતાની કળા મોહક લાગે એ રીતે ગોઠવાય છે. એમાં ઉત્તેજક હાવભાવ, શૃંગાર, શોભા વગેરેની સાથેજ કળાને મેળવેલી હોય છે. ઘણીવાર કળા ગૌણ હોય છે. અને કૃત્રિમ શોભા અને મદ ઉત્પન્ન કરનારી સામગ્રી અને ચેષ્ટાઓજ વધારે હોય છે. એ સાથે જો નરસિંહ મહેતો, તુકારામ વગેરે જેવાના જીવન ચરિત્રો ગોઠવ્યા હોય તો તે સારાં માણસોને લલચાવવી અને તેમનો વિરોધ ઓછો કરવા પુરતોજ હોય છે. જેને પ્રેક્ષકોની ભોગવૃત્તિઓને પોષવી છે તેને પોતાના જીવનમાં તેનો અતિરેક થઈજ જાય અને પરિણામે બાપડા કળાકારોના જીવન ચારિત્રમાં અત્યંત ઉતરી જાય છે. ઉદર પોષણાર્થે એમને લોકોની હિનરૂચીઓને ઉત્તેજવી અને પોષવી પડે છે, અને તેના ભોગ પોતાને બનવું પડે છે.

શાળાઓમાં ઉજવવાના નાટકો અને નૃત્યોનું પ્રયોજન ધંધાર્થે તેનું શિક્ષણ આપવાનું નથી. આથી સીનેમાં, રંગભૂમિ. નૃત્યશાળા વગેરેના યોજકો શાળાના ગુરૂજનો ન થવા જોઇએ. એટલે કે શાળાના નાટ્ય સમારંભોમાં એમનું અનુકરણ કરવાનો વિચારજ ન હોવો જોઇએ. મોહ તો રખાયજ ક્યાંથી? ઉલટું બને તો શાળાના કળાગુરૂઓનો એ આદર્શ હોવો જોઇએ કે સાદામાં સાદા સાધનોથી અને અત્યંત શિષ્ટ અને સંયમપૂર્ણ અભિનયથી પણ કળાને પૂર્ણપણે ખીલવી શકાય છે, અને પૂરેપૂરો આનંદ અનુભવી શકાય છે, એમ સિદ્ધ કરી બતાવવું, અને રાજસવૃત્તિના કળાકારો તથા પ્રેક્ષકોને શુદ્ધ રૂચીનો સ્વાદ ચખાડવો.

છેવટે નાટ્યનાચ સંગીત વગેરે સર્વે ભોગવૃત્તિ સાથે સંબંધ ધરાવનારી કળાઓની બાબતમાં આપણે આ કદી ના ભૂલવું જોઇએ કે રાષ્ટ્રોનું ભાવી સંયમી પ્રજાઓના હાથમાં છે. આથી આપણી કળાની ખીલવણીની આ સંયમવૃત્તિને પોષક જ હોવી જોઇએ. એક ભોગ બીજી ભોગવૃત્તિઓને ઉશ્કેરે છે. આથી બાળકના નાટકના લેબાસમાં અને મંડણમાં એને ફાંકડા બનવું પડે એવું ન યોજવું જોઇએ. જે એમ માનતા હોય આટલી બધી મર્યાદાઓમાં રહી કળાની ખીલવણી કરવી એ કળાને કુબજા કરવા જેવું છે, તે મારી અલ્પમતિ પ્રમાણે તો કળાને ભાગ્યેજ સમજે છે.

—કીશોરલાલ ઘ. મશરૂવાળા.

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**श्री सिद्धसेन दिवाकर.**

જૈન યુગ.

તા૦ ૧-૨-૩૮. મંગળવાર.

# ભારતનું યાત્રા ધામ—વિઠ્ઠલનગર.

આત્મ કલ્યાણ અર્થે યાત્રાએ નિકળવું અને ભિન્ન ભિન્ન તીર્થ સ્થળોમાં પરિભ્રમણ કરવું એ આર્યાવર્તમાં જીવનનો એક અનુપમ લ્હાવો ગણાતો આવ્યો છે અને આજે પણ ગણાય છે. જુદા જુદા ધર્મોના વિદ્યમાન તીર્થસ્થાનો એ વાતની સાક્ષી પુરે છે. જો કે અધ્યાત્મ રસનો અમૃત પ્યલો પીનાર માટે કિંવા ઉપાધિમય જીવનની મર્યાદા વટાવી કેવલ નિસ્પૃહ જીંદગી વ્યતીત કરનાર વ્યક્તિ માટે—દેવને શોધવા સારૂ તીર્થાટન કરવાપણું નથી. એ તો પોતાના ઘટમાં રામ જોઇ શકે છે, આમ છતાં તીર્થ સ્થળનો મહિમા અનેરો મનાયો છે અને સંખ્યાબંધ આત્માઓ અહર્નિશ એ પ્રતિ ગમનાગમન કરી રહ્યાં હોય છે એની પવિત્ર રજ માથે ચઢાવવાની ભાવના અંતરમાં ઉભરતી હોય છે. એ પરથીજ એના પ્રભુત્વનો ખ્યાલ આવે છે.

આજના વીઠલનગર પાછળ ઉપરોક્ત પ્રકારનો ઇતિહાસ નથી પણ ભારતની પ્રજાએ જે સ્વતંત્રતા મેળવવાનો નિર્ધાર કર્યો છે અને એ અર્થે પ્રતિ વર્ષે રાષ્ટ્રિય મહાસભા ભરાય છે એની બેઠક માટેનું ગુજરાતને ફાળે આવેલ આ મોંઘેરૂં સ્થાન છે. સ્વરાજ્યની કુચ એ આંગળીના ટેરવે ગણાય તેટલી સંખ્યાની નહિં પણ પાંત્રીશ કરોડની જબરદસ્ત યાત્રા છે અને એ માટેનું ચાલુ વર્ષનું કેંદ્રસ્થાન હરિપુરા ગામમાં મહિના ભરની જહેમતો વેઠી ઉભું કરાયેલ સ્વર્ગસ્થ નેતા વીઠલભાઇ પટેલની સ્મૃત્તિ તાજી કરાવતું વીઠ્ઠલ નગર છે.

મહાત્મા ગાંધીજીના કોંગ્રેસમાં પ્રવેશ પછી એ સંસ્થાની પ્રગતિ કુદકે ને ભુસ્કે આગળ વધતીજ રહી છે. હિંદ ભરમાં કોઇ અવનવી ભરતીના મોજા ગર્જારવ કરી રહ્યાં છે. જનતાની નાડીઓમાં ચેતનત્વની કોઇ અનેરી અસ્મિતા ભભુકી ઉઠી છે. જગતભરની દૃષ્ટિ હિંદના બનાવો પ્રતિ આકર્ષાઇ ચુકી છે. સ્વરાજ્ય પ્રાપ્તિ અર્થેનો સંગ્રામ અને રાષ્ટ્રિય મહાસભાનું અધિવેશન એ માત્ર મૂઠીભર આત્માઓનો પ્રશ્ન કે થોડા ચળવળીયાઓની હીલચાલ નથી રહી. એની ચીનગારી પૂર્વથી પશ્ચિમ ને ઉત્તરથી દક્ષિણ સુધીના ખૂણે ખૂણે પ્રજ્વલિત થઇ ચુકી છે અને આમ જનતાના હૃદયમાં ઓતપ્રોત બની છે. તેથીજ મોટા શહેરોમાં ભરાતી ને જાત જાતની સગવડો અર્પતી મહાસભા ગામડામાં પગ માંડતાંજ જનસમૂહનું લક્ષ્ય ત્યાં પણ મંડાણું છે. જાત જાતની અગવડોનો સામનો કરી આમ પ્રજા મોટી સંખ્યામાં ત્યાં ઉતરી પડે છે. એ સાથે ગ્રામ ઉદ્યોગના પ્રદર્શને, ખાદી અને હિંદનીજ પેદાશમાંથી હિંદનાજ કારીગરોએ નિપજાવેલી વસ્તુઓના સંગ્રહસ્થાને આકર્ષણના અજબ જાદુ જગાવ્યાં છે. એમાં સેગાંવના સંતની દૂર દર્શિતા દ્રષ્ટિગોચર થાય છે. આર્યાવર્તના ઉદ્ધારનો સાચો રાહ નયનપથમાં આવે છે. ગ્રામિણ પ્રજાના સમૂહ વચમાં પહેલા પગલા ફૈજપુરમાં પાડી રાષ્ટ્રની આ સર્વશ્રેષ્ઠ સંસ્થાએ આમ જનતાના પીઠબળનો જેમ કસ કહાડયો છે તેમ હિંદની પ્રજાએ પણ ધર્મ કે કોમના ભેદ વગર—જ્યાં રેલ્વે પહોંચી નથી ને માર્ગ પુરાતન પદ્ધતિનો છે એવા દૂર ગામડામાં હાડમારી કે અગવડતાનો રંચ માત્ર ઉદ્‌ગાર કહાડયા વિના, સ્વરાજ્ય હાંસીલ કરવાની ધગશના અને મહાસભા પ્રત્યેના અલૌકિક પ્રેમના દર્શન કરાવ્યા છે. પ્રણેતાના અંદાજને પણ પાછળ મૂકયો છે.

ત્યાર પછીનું બીજું સ્થાન તે હરિપુરા—તે દરમીઆન દેશની પરિસ્થિતિ બદલાણી છે. સાત પ્રાંતમાં તો રાજ્યધુરા મહાસભાવાદીઓના હસ્તમાંજ છે. તેઓએ જમા ઉધાર પાસા તરફ નજર રાખીને પ્રજાના શીરે લદાયેલા બંધનો ઢીલા કરવામાં તેમજ દેશ—કાળોચિત સુધારણા દ્વારા પ્રજાને પ્રગતિના માર્ગે આગળ કૂચ કરાવવામાં ઠીક ઠીક પ્રયાસ કર્યો છે. વાતાવરણમાં ગમગીની ફેલાવતાં વાદળો વિખેરી નાંખ્યા છે. સ્વતંત્રતાના પ્રાણ વાયુમાં તાજગીનું ચૈતન્ય કેવું ઝળહળી રહ્યું છે એની ઝાંખી કરાવી છે. એટલેજ આજે જનતાનો તનમનાટ જુદો છે. વળી જે કાંટાળા તાજને મસ્તકે રાખી લાગલાગટ બબ્બે વર્ષ સુધી અન્ય કોઇ પણ જાતની પરવા કર્યા વગર નહેરૂ કુટુંબમાં જવાહર સમા રાષ્ટ્રપતિ જવાહરલાલે દેશના પ્રત્યેક ખુણામાં જાગ્રતિના પૂર આણ્યા છે ને ઠંડી પડતી ચિરાગને પુનઃ ઝગમગતી કરી છે. એ જવાબદારી ભર્યું સુકાન તેમના સરખી તમન્નાવાળા સુભાષ બાબુના હાથમાં સોંપરત થવાનું છે. હિંદના માથે ફેડરેશન લાદવા સબંધી ઝઝુમતા ભાવિ ભયનો સામનો કેવી રીતે કરવો એની જ્યાં રેખા દોરાવાની છે એવું આજનુ વીઠલ નગર સાથેજ ભારતવર્ષના નર—નારી કિંવા આબાળ વૃદ્ધો માટે યાત્રાધામ સમું છે. જગતના બીજા દેશોની એના નિર્ણય તરફ મીંટ મંડાઇ રહી છે. જંગલમાં મંગળ સમા એ સ્થાને માનવ મેદનીના જુથ ઝામવાની આગાહી થઇ રહી છે. તૈયારીઓ પણ તડામાર ચાલી રહી છે. જનતાના હૃદય ભરતીના હિલોલે ચઢી રહ્યાં છે

જૈન સમાજ એનાથી અલિપ્ત નથીજ. એનો ભૂતકાળ રાજકીય જીવનની સુવાસ પૂરી પાડે છે. સમર્પણવૃત્તિના પાઠ એને શિખવા પડે તેમ નથીજ. લોકોત્તર કલ્યાણની ભાવના સેવનાર લૌકિક કલ્યાણ માટે સદૈવ કાર્યશીળ હોયજ. ઉન્નત્તિના પ્રત્યેક પગલાને એ ખાંધ દેતાજ આગળ વધે

ગુજરાતના આંગણે ભરાતા આ મહાન્ મેળામાં જૈન સમાજનો પ્રત્યેક જૈન યથા શકિત—તન મન ધનનો ફાળો નોંધાવી, ઇતર સમાજની જોડાજોડ ઉભો રહે. શકય હોય તેઓ નજરો નજર એ દ્રશ્ય નિહાળી સુપ્ત સમાજમાં ચેતન આણવાના મંત્ર શીખી આવે.

# નોંધ અને ચર્ચા.

## આદર્શ નેતા ગાંધીજી—

ભારતવર્ષમાં મહાત્મા ગાંધીજીનું સ્થાન અનોખુ અને અદ્વિતીય છે. પૂર્વે જે નેતાઓએ રાષ્ટ્રિય મહાસભાનું સુકાન સંભાળેલું અને આજે જેઓના હાથમાં એની લગામ છે તેઓ પ્રત્યે પૂર્ણ માન દાખવીને નિઃસંકોચ કહી શકાય કે તેમના જેવી એકધારી સેવા અને તે પણ સર્વદેશીય અન્યત્ર જવલ્લેજ દ્રષ્ટિગોચર થાય છે. માત્ર રાજકરણમાંજ નહિં પણ સળગતા સામાજીક પ્રશ્નોમાં, ગુઢ ને ગુંચવણભર્યાં ધાર્મિક સવાલોમાં, અને આર્થિક તેમજ કેળવણીને લગતાં રંગબેરંગી કોકડાઓના ઉકેલમાં, તેઓશ્રીના પ્રયાસો સુવિદિત છે તેમના કાર્યની–તેમની સચોટ પ્રેરણાની–એકધારી અને વિશાળ જનતાના હૃદય ઉંડાણને સ્પર્શતી–છાપ બેઠી છે. એ પરથી નવયુગ સર્જનતાના માપ કહાડી શકાય છે. મહાન્ નેતાગીરીના મૂલ્યાંકન થઇ શકે છે. નાદુરસ્ત તબિઅત છતાં આજે તેઓ બંગાળના કેદીઓની મુકિત અર્થે જે અથાગ પરિશ્રમ સેવી રહ્યા છે અને શાસક વર્ગમાં તેમજ શાસિત પ્રજામાં–ઉભયમાં સંતોષજનક પરિણામ લાવી શકયા છે એ પરથી પ્રશંસાના ઉદ્દગાર સહજ નિકળી જાય છે. ઉભય વર્ગનો આવો ચાહ થોડાકનાજ ભાગ્યમાં સર્જાયો હોય છે. સહજ પ્રશ્ન ઉદ્ભવે કે આ જાતની પ્રભુતા કેવી રીતે લાભી શકાણી? તેઓશ્રીના જીવનમાં ડોકિયું કરતાં જણાઇ આવે તેમ છે કે એ પાછળ સંખ્યાબંધ વર્ષોનો કાંટાળો ને ભલભલાના અંતરને વલોવી નાંખે તેવો ગંભીર ઇતિહાસ ભર્યો છે. લીલાં સુકાં કે ટાઢા મીઠા અનુભવોની તો એક લ્હાર લાગી છે! અહિંસા અને સત્યના અસિધારા વ્રત પર ટટાર રહેવામાં કેટલાયે કર્કશ અનુભવો સહન કરવા પડયા છે. એ સર્વમાં મોખરે તરી આવતી એક વાત–'વિચાર-વાણી અને વર્તનની એકતા' સ્મરણમાં રાખવા જેવી છે. ત્યારેજ સીક્કાની ઉભય બાજુ સમા અહિંસા ને સત્ય જીવનરૂપી પટમાં તાણા–વાણા માફક વણી શકાય છે. પ્રત્યેક સંસ્થાના નાના મોટા સૌ કાર્યકરોએ એમાંથી ધડો લેવા જેવો છે ભલેને પોતે ગમે તેવા અધિકાર પર બેઠો હોય છતાં નાનામાં નાના સેવક જેટલું કાર્ય રંચ માત્ર ગર્વ ધર્યા વગર આપવા બંધાયેલો છે એ સુત્ર યાદ રાખવાનું છે. પ્રેમભાવ અને કરકસરભર્યો–સાદો–વહીવટ એ તો એમના જીવનનો મુદ્રાલેખ દરેક જાહેર સંસ્થાએ અપનાવવા યોગ્ય છે. રાષ્ટ્રિય મહાસભા.ની પ્રગતિમાં અગ્ર ભાગ ભજવનાર આ મહાન્ નેતાની કાર્ય પધ્ધતિ સંસ્થાઓના કાર્યમાં ઉત્સાહ રેલાવનાર ચેતનાવંત ઉષ્માં સમી હોવાથી અનુકરણીય છે. તેઓશ્રીનું ભારતવર્ષ પરત્વેનું સ્વપ્ન સૌ કોઇએ હૃદયમાં કોતરી રાખવા જેવું છે. એનો સમાવેશ નિમ્ન શબ્દોમાં થાય છે.

"મારો પ્રયત્ન એવા ભારતવર્ષને માટે હશે જે ભારતવર્ષમાં પ્રજાના વર્ગોમાં ઉંચા નીચાના ભેદો નહિ હોય. એ ભારતવર્ષમાં સૌ કોમો હળી મળીને રહેતી હશે. એ ભારતવર્ષમાં અસ્પૃશ્યતાના પાપને તથા કેફી પીણાં અને કેફી પદાર્થોને સ્થાન નહિ હોય. સ્ત્રીઓ પુરૂષોના જેટલાજ હક ભોગવતી હશે; આપણે બાકીની આખી દુનિયા સાથે શાંતિથી રહેતા હઇશું. અને કોઇને લુંટતા કે કોઇનાથી લુંટાતા નહિ હોઇએ એટલે આપણે નાનામાં નાનું લશ્કર રાખવું પડશે, મૂંગા કરોડોના હિત વિરોધી નહિ હોય તેવા તમામ દેશી કે વિદેશી હિત સંબંધો ચીવટપૂર્વક જાળવવામાં આવશે. મને પોતાને દેશી અને વિદેશી વચ્ચેનો ભેદ અકારો છે." આવું મનોરમ સ્વપ્ન ફળતું નિરખવા મહાત્માજી ઘણું વર્ષ જીવો.

## કાર્યકરો જાગ્રત બને—

'સંસ્થાના સભ્ય તરિકે મારે પણ યથાશકિત ફરજ અદા કરવીજ જોઇએ' એવું ભાન પ્રત્યેકના હૃદયમાં ન થાય ત્યાં સુધી ઉન્નત્તિના સ્વપ્ના કે પ્રગતિના પ્રલાપો એ કેવલ વાણી–વિલાસમાંજ પરિણમવાના. એ પાછળ તો ખંતીલા હૃદયોના સતત્ વહેતાં ઝરણોની અગત્ય છે. તન–મન–અને ધનના ભોગની આવશ્યકતા છે. એ અર્થે ધનિક–બુદ્ધિશાળી અને સેવાભાવી કાર્યકરોનો યોગ સાંપડે તોજ ચક્રની ગતિ એકધારી ચાલુ રહે. દશકા પૂર્વેની અને અત્યારની સ્થિતિમાં ઘણો ફેર પડી ગયો છે. આજે પરિવર્તન કે ક્રાન્તિ એ કેવલ તીખા શબ્દબાણોથી કે ગર્જારવભર્યાં વાકપ્રહારોથી નથી આણી શકાવાની. આંદોલનમાં ગરમી આણવાની શકિત છેજ, પણ એને ટકાવી રાખવા સારૂ સેવાવ્રતીઓના સમર્પણ ને આમ–જનતાના આકર્ષણ ન ભુલાવા ઘટે. કાર્યકરોની નાડી પરિક્ષા પર તેઓની દિશા દોરવણી પર તેઓ દ્વારા સમયાનુકુળ કાર્યક્રમો પર આમજનતાની ગરમીનું પ્રમાણ નિર્ભર રહેવાનું. એટલેજ પ્રથમ તો કાર્યકરોનું લક્ષ્યબિંદુ એકાદ મૂળ પદાર્થ પરત્વે કેંદ્રિત થવાની જરૂર છે. તેવા કેંદ્ર વિના એકધારો પ્રયાસ અશકય છે. શરીરરૂપી યંત્રના પ્રત્યેક અવયવો પોતપોતાના કાર્યમાં જરા પણ ક્ષતિ આણ્યા શિવાય કામ આપે છે તેમ સંસ્થાના નાનાં–મોટા–સર્વ કોઇએ પોતાનો ભાગ ભજવવાનો છે. પ્રત્યેકે પોતીકી જવાબદારી સમજી લઇ, સંસ્થા પ્રત્યેનું રૂણ અદા કરવાનું છે. તોજ રજુ થયેલ યોજનાઓ કાર્યરૂપે પરિણમશે. તોજ અરૂણોદયની નોબત વાગશે. દિગંબર બંધુઓ દેશકાળ ઓળખે છે–સંખ્યાબંધ તીર્થ કેસોમાં લાખોના આંધણ મૂકીને જે ચુકાદા મેળવાયા એમાં ઉંડા ઉતરીને નિષ્પક્ષભાવે ડોકિયું કરતાં સહજ જણાશે કે શ્વેતાંબરોના અસલ હક્ક હતા તે ઘણાખરા કાયમજ રહ્યા છે અને વહીવટી તંત્ર પણ તેમના હસ્તકજ રખાયું છે. માન્યતાના વમળમાથી બહાર નિકળી જૈનેતર વિદ્વાનોના લખાણો તરફ દ્રષ્ટિ કરવામાં આવશે તો સહજ જણાશે કે જૈન ધર્મના આગમ ગ્રંથો–પ્રાચીન અને વજન મૂકવા લાયક–શ્વેતાંબર સંપ્રદાય જેવા અન્યત્ર નથીજ. તીર્થોના ઇતિહાસની સાંકળના અંકોડા એ ગ્રંથો અને ત્યારપછીના સાહિત્યથી સહજ જોડી શકાય છે. શ્વેતાંબરોએ ઉદારતાથી–સાધર્મી વાત્સલ્યના નાતાથી–ધર્મ કરણીમાં સગવડતા કરી આપવામાં ઓછાશ નથી દાખવી–દિગંબર માન્યતા પ્રમાણે તીર્થોમાં હસ્તક્ષેપ સરખો નથી કીધો. કાયમી ઐકયતા ટકાવી રાખવા સારૂ અને વિના કલેશે વિધિ-વિધાન ચલુ રહે એ અર્થે ઘણા પ્રસંગોમાં નમતું તોલ્યું છે. આમ છતાં અંજામ બુરો આવ્યો છે! દિગંબર બંધુઓમાંના કેટલાકની કલહકારી સંકુચિત વૃત્તિએ અનિચ્છાથી કોર્ટના દ્વાર દેખવા પડયા છે અને દ્રવ્યવ્યય કરવો પડયો છે. આમ છતાં દિગંબર બંધુઓની હજી પણ એ

# ઈતિહાસ આવશ્યકતા.

લેખક:—**ચીમનલાલ સંઘવી.**

ઇતિહાસને, જગતનાં પ્રત્યેક રાષ્ટ્ર ને સમાજોએ, જીવન, સાહિત્ય ને પ્રગતિના આવશ્યક અંગ તરીકે અપનાવ્યો છે. જેમ ઇતિહાસ વધારે ભવ્ય ને વધારે સમૃદ્ધ તેમ તે રાષ્ટ્ર કે સમાજનું શિખર વધારે ઉન્નત ને વધારે યશસ્વી. પ્રત્યેક ક્ષણે પ્રજાજીવન ચણાતું જાય છે. તે ચણતરના પાયામાં ઇતિહાસ એ આવશ્યક રસ છે તે રસ જે અંશે નિર્મળ, રમણીય, લેપક, તેજસ્વી ને સમૃધ્ધ તે અંશે તે ચણતર ઓપવન્તુ. ને તેથીજ ઇતિહાસ, સંશોધન, શિલાલેખો, તામ્રપત્રો, સાંસ્કૃતિક અવશેષો, લિપિઓ, પુરાણ ગ્રન્થો વિગેરે અભ્યાસનાં આવશ્યક અંગો મનાયાં છે.

સૃષ્ટિના પ્રત્યેક રાષ્ટ્ર ને સમાજને પોતાનો સ્વતંત્ર ઇતિહાસ છે. તે ઇતિહાસમાં તે રાષ્ટ્ર કે સમાજની પ્રગતિનાં પ્રતિબિંબ મૂળ કરતાં પણ વધુ ઉજળાં ઝીલાયાં, ને આલેખાયાં છે: ભારતવર્ષજ જગતમાં એવો દેશ છે જેનો ઇતિહાસ વિકૃત કલમે આલેખાયો હોય; જૈન સંઘજ એવો સમાજ છે જેનો ક્રમીક ઇતિહાસ પણ આલેખાયો ન હોય ને છતાં જગતમાં ભારતવર્ષજ એવો દેશ છે, જૈન સંઘજ એવો સમાજ છે જેની પાસે, સ્વ ઇતિહાસને અપ્રતિમ બનાવે એવી, અખૂટ સામગ્રી ને પૂર્વજોનો સાંસ્કૃતિક વારસો અન્ય કોઇ પણ કરતાં વિપુલ પ્રમાણમાં હોય.

ભારતવર્ષના સ્વતંત્ર ને સમૃધ્ધ ઇતિહાસના સર્જનની આવશ્યકતાનો સ્વીકાર થઇ ગયો છે. પણ જૈન સમાજ હજી તે વિષે કંઇક મૌનભર છે.

જૈન સમાજ ને સાહિત્ય પાસે ઇતિહાસની વિપુલ સામગ્રી પડી છે. પણ તેને વ્યવસ્થિત ક્રમમાં મુકી ભવ્ય ઇતિહાસ રૂપે તેને જન્માવવાની સમાજની તમન્નામાંજ કંઇક ઉણપ છે.

જૈન ઇતિહાસના ત્રણ વિભાગ પડે: પ્રાચીન, મધ્ય, ને અર્વાચીન.

કાળચક્ર, તેનાં ઉત્સર્પિણી ને અવસર્પિણી બે પાસાં, પ્રત્યેક પાસાંના છ છ આરા, તે પાસાં ને આરાઓનો ક્રમ, તે તે પાસાં ને તે તે આરાઓમાં સૃષ્ટિની સ્થિતિ, ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો, પ્રતિવાસુદેવો, સમાજ, તારક તીર્થંકરો; અઢીદ્વીપ, તેનાં ક્ષેત્રો, તે તે ક્ષેત્રોમાં પ્રાણીઓની સ્થિતિ, જંબુદ્વીપની મર્યાદા ને ભરતક્ષેત્રની ભૌગોલીક સ્થિતિ વિગેરેના વ્યવસ્થિત આલેખને ઇતિહાસની ભૂમિકા બને.

અર્વાચીન અવસર્પિણી યુગની શરૂઆત; પ્રાથમિક માનવી; નિર્દોષતા; યુગલીઆ; પતનક્રમ; નાભિ રાજવિ; તે સમયનો સમાજ, શ્રી રીખવદેવ, તેમનો જીવન વિકાસ, પ્રથમ મહામાનવી તરીકે તેમની સેવાઓ; દુ:ખી માનવો, તેમનો ઉધ્ધાર, વ્યવસ્થા ને કલાનાં પગરણ, આધ્યાત્મિક જીવનનું પ્રભાત; રાજ્યોની સ્થાપના; પ્રથમ સામ્રાજ્ય, ચક્રવર્તી ભરત; ભરત બાહુબલિ યુધ્ધ; ભરતની વિજય યાત્રા, તેનું તેજસ્વી ને રંગભર જીવન; મન્દિરો; બ્રાહ્મણોની ઉત્પત્તિ; સગર ચક્રી; અજીતનાથ; તે પછીના તીર્થંકરો, ચક્રવર્તીઓ; શ્રી શાંતિ–કુંથુ–અરનાથ; શ્રી મલ્લીનાથ; રાજવિઓનાં માનસ; શ્રી મુનિસુવ્રત સ્વામી; રામ, રાવણ, દશરથ, રામાયણ, સીતા, લક્ષ્મણ; નળ, દમયન્તિ, પુષ્કર; શ્રી નમીનાથ-વિગેરે વસ્તુ સામગ્રીમાંથી પ્રાચીન ઇતિહાસની સૃષ્ટિ ખડી થાય.

શ્રી નેમનાથ, રાજીમતી; વસુદેવ; શ્રી કૃષ્ણ, કંસ, જરાસંઘ, પાંડવો; તે સમયનો સમાજ; મહાભારત; રાષ્ટ્ર; પતન; અશ્વસેન રાજવિ; પ્રસેનજીત; શ્રી પાર્શ્વનાથ; શાશુનાગ; યુધ્ધો; તે સમયનાં રાજ્યો, રાજવિઓ ને પ્રજા; સામાજીક સ્થિતિ–વિગેરેનો મધ્ય ઇતિહાસ બને.

શ્રી મહાવીર, તેમની પ્રતિભા અને જીવનકાર્ય; બુદ્ધ; ચેટક; ચેટક કુંવરીઓ; દધિવાહન; શતાનિક; કરકંડુ; ચંડ; શ્રેણિક; ઉદયન; પુલસાકી; રાજ્યો; યુદ્ધો; મગધ સામ્રાજ્યનું ઘડતર ને વિકાસ; ગૌતમ; શાલિભદ્ર; ધન્નો; તે સમયનાં શક્તિ–બુદ્ધિ–સૌન્દર્ય–સમૃદ્ધિ; સુધર્મા; જંબુ; કોણીક; ઉદયન; વાસવદત્તા; પ્રભવ; સય્યંભવ; મગધ સામ્રાજ્ય; દક્ષિણ; નંદો; ચાણક્ય; ચન્દ્રગુપ્ત; ભદ્રબાહુ; વરાહમિહિર; સ્થુલિભદ્ર; અશોક; સંપ્રતિ, તેની મહત્તા; શુંગે; વિક્રમ; શાલિવાહન; પાદલિપ્તસૂરિ; તરંગવતી; નાગાર્જુન; સિદ્ધસેનદિવાકરસૂરિ; જૈન સાહિત્ય; સિદ્ધાંતો; ભોજ; વનરાજ; સિદ્ધરાજ; હેમચંદ્રસૂરિ; વિમળશાહ; ઉદયન; કુમારપાળ; દક્ષિણના રાજવિઓ; વસ્તુપાળ; તેજપાળ; જગડુશાહ; અકબર; હીરસૂરિ; ભામાશાહ; શાન્તિચન્દ્ર શેઠ; યશોવિજયજી; વિનયવિજયજી; આનંદઘન–વિગેરેની સાથે ચાલુ સમય સુધીની સ્થિતિના સમાજનું પ્રતિબિંબ ઝીલી અર્વાચીન યુગનો ઇતિહાસ બને.

જૈન ઇતિહાસની સાથેજ જગતનો ઇતિહાસ સંકળાયો છે. પરીણામે, તેના આલેખન સમયે, અન્ય દિશાએ આછોજ સ્પર્શ કરતાં, જગતના ઇતિહાસનું પ્રતિબિંબ પણ તેમાં આવી જાય.

સેંકડો ગ્રન્થો સર્જાય એટલી ઇતિહાસ સામગ્રી; સર્જનની અતીવ આવશ્યકતા; ને છતાં વ્યવસ્થિત ભવ્ય ઇતિહાસનો અભાવ.

જૈન ઇતિહાસની ખોટ પુરવાને હોય તેમ ડો૦ ત્રિભુવનદાસ લ. શાહે "પ્રાચીન ભારતવર્ષ" નામે પ્રચંડ ઐતિહાસીક ગ્રન્થનું આલેખન કર્યું, પણ તે તે સ્થાનથી અતિ દૂર ભાસે છે. તે ગ્રન્થની કાળ મર્યાદા ઘણી સાંકડી છે; ભાષા ભવ્ય, રમણીય કે વિચાર ઝીલક નથી. દલીલસિદ્ધિમાં સચોટતા નથી. ને જે સમયનું પ્રતિબિંબ ઝીલવાનો તેમાં પ્રયાસ કરાયો છે તેટલા સમયનો ઇતિહાસ આલેખવાને તે પ્રચંડ ગ્રન્થના પાંચમાં ભાગ જેટલાં પૃષ્ટ પણ વધુ ગણાય.

અન્ય સુંદર ઇતિહાસના અભાવમાં તે ગ્રન્થનો ઇતિહાસ તરીકે સ્વીકાર ભલે થાય; પણ પ્રતિનિધિત્વ ધરાવતા ઇતિહાસની ખોટ તો હજી સજ્જ સ્વરૂપેજ ઉભી છે.

---

લાલસા ઘટતી નથી એ આશ્ચર્યકારી છે. તેઓને અપીલ અને પ્રીવી કૌંસીલના મોહ નથી છુટતા. એ સારૂ તીર્થરક્ષક કમિટિ મનગમતાં લખાણોદ્વારા–ધર્મના નામે ખોટો કોળાહળ પ્રગટાવી ધન એકઠું કરે છે! શ્વેતાંબરોને હલકા પાડવા, શ્વેતાંબરમત સમિક્ષા જેવા ગ્રંથો પ્રગટ કરાય છે! એકજ ધર્મના અનુયાયી હોય, દેશકાળ જ્યારે સંપનો પોકાર પાડે છે ત્યારે–પરિષદો ઐક્ય કરવાના ઠરાવ કરે છે ત્યારે–યુવાનો ત્રણે ફિરકાના સંયુકત મંડળો સર્જવાના કોડ સેવે છે ત્યારે–જરા પણ છાજતું નથી. પરમાત્મા મહાવીર દેવના નામે-દિગંબર બંધુઓને દેશકાળ ઓળખી આ આંતરકલહની પ્રવૃત્તિથી સત્વર હાથ ઉઠાવવા વિનંતિ કરીએ છીએ. એ સમાજના સમજુ વર્ગને મધ્યસ્થ દ્રષ્ટિએ પરિસ્થિતિનો અભ્યાસ કરવા આગ્રહ કરીએ છીએ.

# કૉન્ફરન્સની કેળવણીની યોજનાના વિકાસમાં—

લેખાંક ૨ જો.

જૈન સમાજના એક સળગતા પ્રશ્નોમાં કેળવણીનો મહત્વનો પ્રશ્ન છણવા માગતી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કેળવણી પ્રચારની યોજના તરફ સૌ કોઇનું ધ્યાન ખેંચાઇ રહ્યું છે. અત્યારે શાળામાં અપાતી કેળવણી સાથે કેટલેક અંશે આ યોજના સંકળાએલી છે. આજની કેળવણીની પદ્ધતિ તરફ ઘણાને મતભેદ હશે અને છે એમ અત્યારના વર્તમાન પત્રોના લખાણો અને યુનીવર્સીટી પદવીદાન પ્રસંગોના ભાષણો વીગેરે પોકારે છે. તે ઉપરાંત થોડા વખત પહેલાં મળેલી વર્ધા ખાતેની કેળવણી પરીષદ અને નવી યોજનાની વીચારણા વિગેરે તેના પ્રતિબિંબ છે. કેળવણીની જરૂરીઆત વિષે કોઇને મતભેદ છેજ નહી. સમાજના આજના અનેક અનિષ્ટ તત્વો, કુરૂઢીઓ, વહેમો, અંધશ્રધ્ધા, કુસંપ વીગેરે કેળવણીના અભાવને આભારી છે. સુશીક્ષીત સમાજ હંમેશાં વાતાવરણને નિર્મળ બનાવવાનો પ્રયાસ કરે છે. તેમાં સુંદરતાનું સીંચન કરે છે અને જીવનને આદર્શરૂપ બનાવે છે.

સમાજની પ્રત્યેક વ્યક્તિ સુખની અભિલાષા રાખેજ. તેના પ્રયત્નમાં કેળવણી પ્રારંભનું પગથીયું છે. કેળવણી લીધા વગરનાં માનસનું અત્યારના સમયમાં સાચું મુલ્ય અંકાતું નથી. જીવનમાં ડગલે અને પગલે શીક્ષણની આવસ્યકતા છે અને કેળવણી પ્રચારની યોજના સમાજે એજ કારણથી વધાવી લેવી રહી.

આ યોજના પ્રચારને અંગે કોન્ફરન્સે કેળવણી પ્રચાર યોજનાની કેન્દ્રસ્થ સમિતિ નીમી છે અને નીયમો ઘડયાં છે. કેળવણીના વિકાસમાં નીયમોને જરૂર સ્થાન હોઇ શકે પણ તેમાં સંકુચીતતા અથવા તો બંધન ન હોઈ શકે. હોય તોએ સરળ અને વિશાળતાભર્યા હોય. આ યોજના પ્રચારના કેટલાક નીયમો જાણે યોજનાને રૂંધતા ન હોય તેમ લાગે છે.

સૌથી પહેલો નીયમ કોન્ફરન્સ પ્રત્યે અભિરૂચિ ધરાવતી વ્યક્તિજ સ્થાનીક સમિતિમાં આવી શકે અને તેના સમર્થનમાં નીયમ બીજામાં સુકૃત ભંડાર ફંડના લવાજમ ચાર આનાનો ફાળો સમિતિમાં સભ્ય તરીકે આવનાર સભ્યને માટે ફરજીઆતનો છે. આ યોજનાના પ્રચારકો અથવા તો તેને આગળ ધપાવવાની પ્રવૃતિ કરનાર વ્યક્તિ કોન્ફરન્સનો સભ્ય બને એ પ્રશંસનીય છે. છતાંએ કોઇ વ્યકિત પોતાના અમુક સિધ્ધાંત ખાતર અથવા તો કોન્ફરન્સના સર્વ ઉદ્દેશોનું પાલન કે સ્વીકાર ન કરી શકે અને માત્ર આ યોજના પ્રત્યે અભિરૂચિ રાખીને કાર્ય કરવાની ઇચ્છા કરે તો તેને તક મળી શકે કે કેમ એ વીચારણીય છે. કોન્ફરન્સે અત્યાર સુધી કરેલી પ્રગતિ અને બનેલા બનાવોને લીધે અગાઉના જેવો વેગ અત્યારે ન હોય અને તેટલે અંશે કોન્ફરન્સ સમાજનો સુંદર સહકાર સાધવાને ભાગ્યશાળી ન બને છતાંએ તેણે પોતાના દરવાજા તો ખુલ્લા રાખવા ઘટે. પોતાની અનેકવિધ પ્રવૃતિઓથી સમાજને આકર્ષવી અને લોકપ્રીય બનાવવી રહી સુકૃત ભંડાર ફંડનો ચાર આનાનો ફાળો જેવી નજીવી રકમ સહુ કોઇ આપી શકે. છતાંએ જ્યારે એ નહી આપવાની ઇચ્છા રાખતી વ્યક્તિ કોન્ફરન્સને માનતી નથી એવું માનવાને કંઈ કારણ નથી. કોન્ફરન્સનું સંખ્યાબળ વધારવાની ખાસ આવસ્યકતા છે પણ તે આવી રીતે તો નહીજ.

કેળવણી પ્રચારની યોજનાની ત્રીજી શરત સ્થાનીક સમીતી પોતાની જરૂરીયાત રકમનો અંદાજ કાઢી પોતે કેટલી મદદ મેળવી શકે તેમ છે તે નક્કી કરવાની છે. અને તેની સાથે ચોથી શરતમાં એકત્ર થએલી રકમ જેટલીજ રકમ કોન્ફરન્સ આપવાને તૈયાર થાય છે. એકત્ર રકમ કરવી એ મુસ્કેલ કાર્ય છે. આપણે જાણીએ છીએ તો ખરાજ કે આપણો સમાજ આજે અનેક નાત, વાડા અને ગચ્છોમાં વહેંચાએલો છે. દરેકનો રોટી તેમજ બેટી વ્યવહાર પણ ઘણા ખરા સ્થળે જુદોજ છે. ધાર્મિક માન્યતાઓના ઝગડાઓએ આગમાં ઘી હોમ્યું છે અને કેટલાક સાધુઓના ઉપદેશોએ સમાજની રહી સહી શક્તિ અને પ્રતિભાને વેડફી નાખી છે. આ બધી પરિસ્થિતિમાં રકમ એકત્ર કરવાનું કાર્ય કપરૂં તો રહ્યુંજ. એ સીવાય આજે જૈન સમાજને સેવાભાવી અને સક્રીય કાર્યકરોની મહાન ખોટ છે. જે થોડા ઘણા કાર્યકરો છે તે પોતાની અનેક ઉપાધી વચ્ચે પુરાયલા હોવાથી નાણા કદાચ ભેગા થાય તોએ વહીવટનું કાર્ય પણ મુશ્કેળ છે.

આ યોજનાનો હેતુ ગામડાની કેળવણીને પહેલાં પહોંચવાનો છે, અને એ હેતુને લક્ષમાં રાખી ગામડાની માગણીને પ્રથમ પસંદગી આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. એ તો સમજી શકાય તેવી વાત છે કે ગામડા કરતા શહેરના બાળકને જોઇતી સગવડો અને જરૂરીઆતો સહેલાઈથી મળી શકે. એટલે આ પ્રકારનો હેતુ રાખવામાં યોજના નીયામકોએ દીર્ઘદ્રષ્ટિ વાપરી છે.

આપણે આજે સહેલાઇથી જોઇ શકીએ છીએ કે શહેરોમાં બેકારી કેટલી બધી છે અને તે સાથે ગામડાની પરિસ્થિતિનો વીચાર કરીએ તો આપણને સહેજે ખ્યાલ આવશે કે ગામડાની દુર્દશા કરતાં ઘણી વધારે છે, જ્યારે કેળવણી અંગેનું ખર્ચ પ્રમાણ બંન્ને ઠેકાણે લગભગ સરખું ગણાય, અને ગામડાની મુસ્કેલી એ તો વધારેજ. કુદરતના વીપરીત સંજોગોને લીધે ગામડાની જનતા અનેક રીતે પાયમાલ થઇ રહી છે, એ પરિસ્થિતિમાં આ યોજનાનો લાભ આપવા માગતા સ્થાનીક કાર્યકરો અડધી રકમ કઇ રીતે મેળવે એ વીચારણીય છે. આજે તો એવો પણ પવન વાતો જાય છે કે છોકરાને કેળવણી આપવા કરતાં નોકરી ધંધે લગાડવાનું વધારે ગમે એટલે જે કેળવણીનો પ્રચાર કરવાની આપણી અભિલાષા છે તે એમને મન આફત સમી લાગે છે. આપણો જૈન સમાજ ભલે વણીક હોવાથી વ્યાપાર કુશળ કહેવાય પણ તે અમુક વર્ગજ. સમાજના મોટા ભાગમાં નરી અજ્ઞાનતા છે. એ અજ્ઞાનતા દૂર કરવાને માટે સાચા ભેખધારીઓની જરૂર છે. ગામડે ગામડે અને શેરીએ શેરીએથી જ્યારે નિરક્ષરતા નાબુદ થશે ત્યારે કેળવણી પ્રચારના આછા કીરણો પ્રકાશશે; અને એ અજવાળે સમાજનું ભાવિ ઉજવળ થશે.

આપણે એ સુવર્ણ દીવસની રાહ જોઇએ તે પહેલાં કેળવણી પ્રચારની યોજનાના વિકાસ માર્ગની વચ્ચે આવતાં કંટકો દુર કરી સરળ અને સુઘડ નીયમોનું સર્જન કરીએ. યોજનાના નીયામકો માર્ગ મોકળો કરે એજ અભ્યર્થના.

—રમણીક ધીઆ.

# ભારતના જૈન ગુફા-મંદિરો.

લેખકઃ—
શ્રી. નાથાલાલ છગનલાલ શાહ.

લેખાંક ૩ જો.

## રાજગૃહનો પુરાતન ઇતિહાસ.

રાજગૃહનું પુરાતન નામ ગિરીવ્રજ અથવા કુશાગ્રપુર હતું. વીસમા જૈન તીર્થંકર મુનીસુવ્રતનો જન્મ અહીં થયેલ અને કેવળ જ્ઞાન અહીં પામેલ છે. તીર્થંકર મહાવીર સ્વામી રાજગૃહમાં પોતાની જીંદગીનો ઘણો ભાગ ઉપદેશક તરીકે ગાળેલ તેમ તેમના અગીઆર મુખ્ય ગણધરો આજ તીર્થ પર મોક્ષ પદને પામ્યા છે. મહાવીરના છઠ્ઠા શિષ્ય આર્ય સ્યમ્ભવને અહીઆં શાંતિ જિનની પ્રતિમાના દર્શન થવાથી દિક્ષા ગ્રહણ કરેલ હતી મહાવીર નિર્વાણ પછી બાર વર્ષે ગણધર ગૌતમ યાને ઇંદ્રભૂતિ બાંણુ વર્ષની ઉમરે રાજગૃહમાં સ્વર્ગે ગયેલ તેમ બીજા નિન્હવ તિષ્ય ગુપ્ત પણ રાજગૃહમાં થયેલ છે. રાજગૃહ નગરના ઉત્તર અને પૂર્વ દીસા વચ્ચેના ખુણામાં આવેલ ગુણ શૈલ્ય યાને ગુણ શિલ ચૈત્યની અંદર શ્રમણ તીર્થંકર મહાવીર રહેતા હતા.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કૃત 'ત્રિષ્ઠિ સલાકા પુરૂષ ચરિત્ર"[1] માં જણાવેલ છે કે—ગુણશિલ ચૈત્ય ચૈત્યવૃક્ષથી શણગારેલું હતું.

"चैत्य वाक्षोपासो भातम" वृक्षा पसा

હાલના જૈનો રાજગૃહના દક્ષિણે અગીઆર માઇલ છેટે અને પુરાતન શહેરના દક્ષિણ દરવાજાની દક્ષિણે આવેલ ગુણાવા નામના સ્થાનને ગુણશિલ ચૈત્ય તરીકે ઓળખાવે છે. રાજગૃહ નગરને લગતા ગુણશિલ ચૈત્યનું જે રીતે વર્ણન કરેલ છે. પરંતુ ગુણશિલ ચૈત્ય પુરાણા સમયમાં એ રાજગૃહ નગરનો એક ભાગ હતો તે વખતે શ્રમણ મહાવીર રાજગૃહ નગરના બહાર ગુણશિલ ચૈત્યમાં આવી રહેત્તા.

ગુણભદ્રાચાર્ય કે જેઓ વિક્રમના નવમા સૈકામાં દક્ષિણમાં થઇ ગયેલ છે તેમના દિગમ્બર-ઉત્તર પુરાણમાં[2] બતાવેલ છે કે રાજગૃહમાં આવેલ વીપુલાચલ પર્વત પર શ્રમણ મહાવીરનું રહેવાના ઠેકાણા તરીકે બતાવેલ છે. તે પરથી ગુણશિલ ચૈત્ય વિપુલાચલ પર્વત પર શ્રમણ મહાવીરનું રહેવાના ઠેકાણા તરીકે બતાવેલ છે. તે પરથી ગુણશિલ ચૈત્ય વિપુલાચલ પર્વતની સપાટ જમીન પર આવેલ સિદ્ધ થાય છે. શ્વેતામ્બર સાહિત્ય પ્રમાણે ગુણશિલ ચૈત્ય માફક વિપુલાચલ પર્વત જુના રાજગૃહના ઇશાન ખુણા તરફ બતાવેલ છે.

પુરાતન રાજગૃહ નામના શહેરનો વીસ્તાર ૪૦ માઇલના આસપાસનો હતો જ્યારે આ નગર કુશાગ્રપુર તરીકે ઓળખાતું તે સમયની ભીંતો અને પાયાના ભાગો અદ્યાપીર્યંત જોવામાં આવી શકે છે જે ઇતિહાસકાળ પહેલાંના છે.[3]

મહાભારતના સભા પર્વમાં આ પાંચ પહાડો માટે નીચેના શ્લોકથી વર્ણવેલ છે.

"वैहारो विपुलः शैलो वागहो वृषभस्तथा ।
तथा ऋषिगिरि स्तात् शुभश्चैत्यकपञ्चमाः ॥"

સભાપર્વ. અ. ૨૧ શ્લોક ૨.

પહેલા નંબરથી વૈભારગિરી પર્વતથી શરૂઆત કરીએ તો વિપુલ પર્વત પાંચમી જગાએ આવે છે. તેથી ચોખ્ખી રીતે ઉપરના સાહિત્યના ક્રમવાર લીસ્ટથી 'ચૈત્યક'ને મળતું આવે છે. ચૈત્યક નામ પ્રત્યક્ષ રીતે બતાવી આપે છે કે તે ટેકરીના નામથી ઓળખાવવામાં આવેલ છે. કારણ કે તેના પર ચૈત્ય અર્થાત ચૈત્ય વૃક્ષ યાને ગુણશિલ ચૈત્ય હતું.[1]

ઇશિગીલી સુત્ર જે બૌદ્ધ સંપ્રદાયનું છે—તેમાં બતાવેલ છે છે કે—વૈભાર, પાન્ડવ, વેપુલ અને ગ્રિજકૂટને બતાવી રીશીગિરી ઉપરથી મહાત્મા ગૌતમ બુધ્ધે જણાવેલ છે કે—હે ભિખ્ખુઓ તે પર્વત પર બીજા સાધુઓ રહે છે કે જે બીજા નિયમો પાળે છે[2]

મઝમીનીકાય સુત્રમા વર્ણવેલ છે કે—

મહાત્મા ગૌતમ બુધ્ધે જણાવેલ છે કે એક વખત જ્યારે હું રાજગૃહની વલચર ઉપર રહેતો હતો ત્યારે ઇશીગીલી પર્વતના ઢોલાવ ઉપર પાછલી બાજુએ કેટલાક નિગ્રંથો હતા જેઓ ટટ્ટાર કે જે કદી બેસતા નહી અને સખ્ત દુખ અને તપશ્ચર્યા કરતા. રીવાજ મૂજબ શ્રમણ મહાવીર અને બીજા નિર્ગ્રંથો તે પર્વત પર વારંવાર વસતા હતા.

(એન્યુઅલ રિપોર્ટ.)

વૈભારગિરિ પર્વતના જુના મંદિરમાં બાવીશમા જૈન તીર્થંકર અરિષ્ટનેમિની પદ્માસન શ્યામ પત્થરની શિલ્પકળામય મૂર્તિ ગુપ્તરાજ્યકાળની છે. તે મૂર્તિના પલાંઠીના નીચેના ભાગમાં ગુપ્ત રાજાનો શિલાલેખ કોતરાએલ છે જે ગુપ્તવંશના મહારાજા શ્રી ચંદ્રગુપ્ત બીજાનો છે. તેમનો રાજ્યકાળ ઈ. સ. ૩૭૫ થી ૪૧૩ ગણવામાં આવે છે. આ મૂર્તિ ગુપ્તરાજ્ય સાસનમાં જુનામાં જુની છે. કમભાગ્યે આ મૂર્તિનું મસ્તક તુટી જવા પામેલ છે. બીજી ત્રણ મૂર્તિઓ તેની જોડમાં ઉભેલ છે, તે પણ ગુપ્તરાજ્ય કાળની છે. **(मा) हाराजा (धी) रा (जा) श्रीचंद्र.**

વૈભારગિરિ પર શ્વેતામ્બર જૈન મંદિરમાં શ્રમણ પ્રભુ મહાવીરની શિલ્પકળામય મૂર્તિ અને ગામના મંદિરમાં શ્રી આદિનાથની મૂર્તિ જે બારમી શતાબ્દિની છે તે પ્રાચીન શિલ્પીના નમુનારૂપ છે. ત્યાર પછીના સમયની મૂર્તિઓની શિલ્પકળા તેની સરખામણીમાં જોવામાં આવતી નથી.

ગુપ્તવંશમાં ઘણા રાજ્ય કર્તાઓ ભારતવર્ષમાં થઈ ગયેલ છે તેમાંના કેટલાક રાજાઓએ જૈન ધર્મ અંગિકાર કરી જૈન મંદિરો બનાવેલ હતાં જે કાળ બળે નાશ થતાં તેના મળી આવતા અવશેષો પરથી સિદ્ધ થઇ શકે છે. ગુપ્ત રાજ્યકાળમાં જૈન ધર્મ સારી ઉન્નતી પર હતો. જેના આગળ ઉપર બીજા પ્રકરણોમાં જોવામાં આવી શકશે.

**નોટ**—"પ્રાચીન ભારતવર્ષ" એ નામના ત્રણ ગ્રંથો ડૉ. ત્રીભોનદાસ લે. તરફથી બહાર પડેલ છે તેમાં ગુપ્ત વંશના શિક્કાઓની ઓળખ આપી છે. પરંતુ ગુપ્તવંશી મહારાજા ચંદ્રગુપ્ત બીજો કે જે જૈન ધર્મને માનનાર હતો તે માટે તેમના ગ્રંથોમાં શિલાલેખોના પ્રમાણથી સિદ્ધ કરી શકયા નથી.

---

૧ ત્રીષષ્ટિસલાકા પુરૂષ ચરિત્ર કર્તા આચાર્ય હેમચંદ્ર.
૨ ઉત્તરપુરાણ કર્તા. આચાર્ય ગુણભદ્ર.
૩ મોન્યુમેન્ટસ ઓફ બૅન્ગાલ નં. ૭ સન ૧૮૯૫.

૧ આર્ચિઓલોજીકલ સર્વે ઓફ ઇન્ડીયા. સન. ૧૯૦૫–૦૬.
૨ આર્ચિઓલોજીકલ સર્વે ઓફ ઇન્ડીયા. સન. ૧૯૨૫–૨૬.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

## ધાર્મિક પરીક્ષાઓનાં પરિણામ.

[ બોર્ડ દ્વારા **શેઠ સારાભાઇ મગનભાઇ મોદી** પુરૂષવર્ગ અને **અ. સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાલ** સ્ત્રીવર્ગ ધાર્મિક હરિફાઇની ૩૦ મી ઇનામી પરીક્ષાઓ તા૦ ૨૬-૧૨-૩૭ ના રોજ લેવામાં આવી હતી તેમાંના કેટલાક ધોરણોનાં પરિણામો આ નીચે આપવામાં આવે છે ]

( ગતાંક થી આગળ )

**પુરૂષ ધોરણ ૫ વિભાગ ૩** ( અધ્યાત્મ વિષય )

પરીક્ષકઃ-શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટર, મુંબઇ.

| નંબર | નામ. | ગામ. | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | અમૃતલાલ શિવલાલ શાહ, | મુંબઇ. | ૬૦ | રૂ. ૨૦) |
| ૨ | બાદરમલ અનોપચંદ પરીખ, | થરાદ. | ૩૬ | |

**સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૫** ( સંસ્કૃત વિષય )

પરીક્ષકઃ-શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન, મુંબઇ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શાંતા બ્હેન મોહનલાલ કરમચંદ, | અમદાવાદ. (દ. મ. શા ) | ૬૬ | રૂ. ૨૦) |
| ૨ | નિર્મળા બ્હેન છોટાલાલ પરીખ, | ભાવનગર. | ૪૮. | |
| ૩ | શારદાબ્હેન રતિલાલ પટવા, | વિરમગામ. | ૪૭. | |
| ૪ | હીરાબ્હેન પરમાણંદ શાહ, | મુંબઇ. | ૪૫. | |

**સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૪** ( પ્રાકૃત વિષય )

પરીક્ષકઃ-શ્રી. હરગોવિંદદાસ રામજી, મુંબઇ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | કાંતાબ્હેન માવજી શાહ, | મુંબઇ. | ૭૬ | રૂ. ૨૫) |
| ૨ | ભીખીબ્હેન ધરમચંદ શાહ, | બારશી. | ૬૩ | રૂ. ૧૫) |

**સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૧** ( તત્ત્વજ્ઞાન વિષય )

પરીક્ષકઃ-ડો. જયંતિલાલ સુરચંદ બદામી, બી. એસ. સી; પી. એચ ડી, અમદાવાદ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ચંદ્રાબ્હેન સોમચંદ, | પાદરા. | ૫૭. | રૂ. ૨૦) |
| ૨ | ઇંદુમતિ ચંપકલાલ મહેતા, | અમદાવાદ. (દ. મ. શા ) | ૫૪. | રૂ. ૧૦) |
| ૩ | ધીરજ બ્હેન મગનલાલ દલસુખભાઇ, | ગોધરા. | ૫૦. | |

**સ્ત્રી ધોરણ ૩** પરીક્ષકઃ-શ્રી. ભગવાનદાસ મીઠાભાઇ શેઠ. જુન્નેર.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | રમણગૌરી રતિલાલ શાહ, | રાંદેર. | ૯૪. | રૂ. ૧૮) |
| ૨ | શ્રીમતી મોહનલાલ, | જુન્નેર. | ૮૦. | રૂ. ૧૪) |
| ૩ | કુસુમ કેવળચંદ, | જુન્નેર. | ૪૧. | |
| ૪ | પુષ્પાવતી નેમચંદ કાપડીઆ, | ભરૂચ. | ૩૯. | |
| ૫ | તારા બ્હેન ડાહ્યાભાઇ, | ઉંઝા. | ૩૬. | |

( ૧ બ્હેન નાપાસ )

**સ્ત્રી ધોરણ ૨** પરીક્ષકઃ-શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી, મુંબઇ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | કળાવતી ઠાકોરદાસ, | રાંદેર. | ૬૭. | રૂ. ૧૫) |
| ૨ | ભદ્રાબ્હેન મણીલાલ, | ઉંઝા. | ૫૮. | રૂ. ૧૨) |
| ૩ | શાંતાબ્હેન ખેમચંદ નાથજી, | ગોધરા. | ૫૬. | રૂ. ૯) |
| ૪ | મધુકાંતાબ્હેન રતિલાલ શાહ, | અમદાવાદ. (દ. મ. શા.) | ૫૧. | રૂ. ૬) |
| ૫ | પદ્મા બ્હેન સોમચંદ, | પાદરા. | ૪૯. | |
| ૬ | રમણ બ્હેન મણીલાલ, | આમોદ. | ૪૯. | |
| ૭ | સરસ્વતીબ્હેન ભગવાનદાસ શેઠ, | જુન્નેર. | ૪૩. | |
| ૮ | સરસ્વતીબ્હેન રૂપચંદ શાહ, | નિપાણી. | ૩૭. | |
| ૯ | મંગુબ્હેન વાડીલાલ, | ઉંઝા. | ૩૬. | |
| ૧૦ | ચંપાબ્હેન માણેકલાલ, | ગોધરા | ૩૪. | |

( ૩ બ્હેનો નાપાસ )

## પૂજ્ય સાધુ સાધ્વીઓને.

સાધુ સાધ્વીઓ આદિને સંસ્કૃતની બે ચોપડી પૂર્ણ થયા પછી વિશેષ બોધ થવા અર્થે અન્યદર્શનીકૃત નીચે જણાવ્યા મુજબના "પંચ કાવ્યગ્રન્થો" વાંચવા પડે છે (૧) રઘુવંશ (૨) કીરાતાર્જુનીય (૩) કુમારસંભવ અથવા મેઘદૂત (૪) નૈષધ (૫) માઘ. આ પાંચ અથવા છએ કાવ્યગ્રંથોમાં ઓછેવત્તે અંશે શૃંગારરસ આવે છે. કેટલાકમાં તો તેનું પ્રમાણ ઘણું છે. આવા શૃંગારિક ગ્રંથો વાંચવા એ મુનિઓને અને તેમાં પણ સાધ્વી માતાઓને માટે તો બીલકુલ ઠીક નથી કારણ કે કોઇ પણ શબ્દ તેમાં રહેલી અસર કર્યા વિના વ્યર્થ જતો જ નથી. તેમાં પણ આ વિષય તો ખાસ કરીને એક વખત વાંચ્યા પછી સ્મરણગત રહ્યા કરે છે એવો સામાન્ય રીતે સર્વમાન્ય અનુભવ હોય છે તેથી એ ગ્રંથો સાધુ-સાધ્વીઓને ન વાંચવા યોગ્ય લાગે છે. ત્યારે અત્રે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે બે ચોપડી પૂર્ણ કર્યા પછી સંસ્કૃતના વિશેષ બોધાર્થે શું વાંચવું? આના જવાબરૂપે મુનિરાજ શ્રી નેમસાગરજી મહારાજે મને સૂચન કરેલ છે તે અત્રે સાદર રજુ કરૂં છું. આશા છે કે પૂ. મુનિવરો અને આપણી પ્રકાશન સંસ્થાઓ તે પ્રત્યે લક્ષ આપશે.

હીરસૌભાગ્ય કાવ્ય અને વિજયપ્રશસ્તિ બન્ને કાવ્ય ગ્રંથો જૈન મુનિઓની ભાવવાહી-લાલિત્યપૂર્ણ કૃતિઓ છે. તેના અવલોકનથી-વાંચનથી સંસ્કૃત ભાષાજ્ઞાન વધે તેમ છે. તદુપરાંત આચાર્યશ્રી જયશેખર સુરિએ "જૈન કુમારસંભવ કાવ્ય" રચેલ છે તેમાં કાળીદાસે જેમ કુમારસંભવમાં શંકરના કુમાર-પુત્ર કાર્તિકસ્વામીની ઉત્પત્તિ આપી છે તેમ આ ગ્રંથમાં ઋષભદેવસ્વામીના કુમાર ભરત મહારાજની ઉત્પત્તિ આપી છે અને બહુ જ સુંદર ગ્રંથ બનાવ્યો છે.

ખાખરેચી.<br>
૨૦-૧-૩૮

સેવક,<br>
**રાજપાળ મગનલાલ વ્હોરા.**

## જાણવા જોગ.

જૈન ભાઇઓને પરસ્પરની સગવડતા મળે એ હેતુથી અમોએ જૈન યુગમાં નીચેના મુદ્દાઓની જાહેર ખબરો ચોકસ સમય સુધી મફત છાપવાનું નક્કી કર્યું છે

૧ કોઇ પણ ગૃહસ્થને પોતાને ત્યાં કોઇ પણ કામ માટે જૈનભાઇ અગર બ્હેનની જરૂરીયાત હોય તેમની ટુંકામાં ટુંકી જાહેર ખબર લેવામાં આવશે.

૨ કોઇ પણ જૈનભાઇ બ્હેનને નોકરી જોઇતી હોય તો તેમની પણ જાહેર ખબર મુફ્ત લેવામાં આવશે.

ઉપરોક્ત જાહેર ખબરો ટુંકી મુદ્દાસર હશે તો વધુમાં જગ્યાની અનુકૂળતા પ્રમાણે બે માસ સુધી મફત લેવામાં આવશે. ત્યારબાદ લંબાવવાની જાહેર ખબર દેનારની ઇચ્છા હશે તો તદન જુજ ચાર્જ લઇ છાપવામાં આવશે.

જૈન જનના આ યોજનાનો લાભ જરૂર લેશે.

**—જૈન યુગ કમીટી.**

## સમાચાર સાર

**—પંજાબ તરફ વિહાર—**આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીએ શિષ્ય પરિવાર સહિત પંજાબ તરફ વિહાર કર્યો છે.

**—અપીલ—**વિનિતા ( અયોધ્યા ) નગરીના પ્રાચીન જિનાલયોના જીર્ણોદ્ધાર માટે અત્રેથી શ્રી ગોડીજી મહારાજના દહેરાસરના ટ્રસ્ટી સાહેબો તરફથી જૈન સમાજને મદદ માટે અપીલ કરવામાં આવી છે.

**—જૈન યુવક પરિષદ માટે—**કરાંચીથી ભાઇશ્રી ખીમચંદ મગનલાલ વોરા જૈન જ્યોતિમાં એક સુંદર લેખ લખી જૈન યુવક પરિષદને કરાંચીને આંગણે મેળવવાની સુચના કરી છે જે ઘણી આવકારદાયક છે.

**—યુવક પરિષદની સ્થાયી સમિતિ—**હરિપુરા ખાતે મહાસભાની બેઠક દરમીયાન જૈન યુવકો મોટા પ્રમાણમાં ત્યાં હાજર થશે એમ ધારી એ વખતે તા. ૧૯ થી ૨૧ ફેબ્રુઆરીના દિવસોએ જૈન યુવક પરિષદની સ્થાયી સમિતિની બેઠક ત્યાં બોલાવવાનો સરક્યુલર બહાર પડયો છે, સમય સ્થળ હવે પછી નક્કી થશે.

**—શ્રી સંતબાલ સંઘ બહાર—**શ્રી સંતબાલે જે લંબાણ અને સ્પષ્ટ નિવેદન બહાર પાડયું છે, તેથી સ્થાનકવાસી સંઘમાં જબરદસ્ત ખળભળાટ મચી રહ્યો છે, અને લીંબડી સંઘે તો તેમને તા. ૧૬-૧-૩૮ ના રોજ ઠરાવ કરીને સંઘ બહાર પણ મૂકી દીધા છે.

**—મંદિર પ્રવેશ બીલ—**શ્રી મુનશીજીએ મુંબઈની ધારાસભામાં રજુ કરેલાં મંદિર પ્રવેશ બીલથી સનાતનીઓના એક નાના ટોળાએ શોરબકોર કરવો સરૂ કર્યો છે, અને તેને માટે વિરોધના સૂર કાઢવા માટે સભાઓ, સરઘસો કાઢવા શરૂ કર્યા છે.

**—માનપત્ર—**આ સંસ્થાના માનદ્ મહામંત્રી દાનવીર શ્રીયુત્ કાન્તિલાલ ઇશ્વરલાલને રાધનપુરની બાજુના સમીગામના સંઘ તરફથી માનપત્ર આપવાનો એક મેળાવડો તા. ૧૩-૧-૩૮ ના રોજ શેઠ હાલચંદ હાથીચંદના પ્રમુખપણા નીચે મળ્યો હતો. જે વખતે શેઠ શ્રી કાન્તિલાલભાઇએ માનપત્રનો ઉત્તર આપ્યા બાદ રૂા. ૧૦૦૧ ની સખાવત જાહેર કરી હતી. તેમજ શેઠશ્રીના ધર્મપત્ની શકરીબ્હેને પણ શ્રાવિકાશ્રમની દુરસ્તી માટે રૂા. ૧૦૦૧ ની સખાવત કરી હતી.

**—દેવસુર સંઘની સભા—**આ સંઘની એક સભા તા. ૬-૧૨-૩૭ ના રોજ બોલાવવામાં આવી હતી જે કોરમના અભાવે મુલતવી રહેવાથી મુલતવી રહેલા કામકાજ ઉપર વિચાર કરવા તા. ૨-૨-૩૮ ના રોજ રાત્રીના શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં (મુંબઇ) મળશે.

**—ખુલ્લું મુકાયું—**શેઠ ડોસાભાઈ મગનલાલ અને સોના ચાંદી બજારનું ધર્માદા દવાખાનું સરદાર શ્રી વલ્લભભાઇ પોતાના હાથે તા. ૧-૨-૩૮ મંગળવારના રોજ અગીયારી ગલીના નાકે દવાખાનાના નવા મકાનમાં ખુલ્લું મુકવામાં આવ્યું છે.

## શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

### ઔદ્યોગિક શિક્ષણ પ્રચારાર્થે યોજના.

### મહાવીર જૈન ઉદ્યોગ મંદિર, બારશીની સ્થાપના.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કેળવણી પ્રચારની યોજનામાં કોઈ પણ સ્થળે જૈન વિદ્યાર્થીઓને ઔદ્યોગિક શિક્ષણ આપવા માટે સ્વતંત્ર સંસ્થા ઉભી થતી હોય અને તેને આર્થિક મદદની અપેક્ષા હોય તો તેવી સંસ્થાને મદદ કરવાના ઉદ્દેશનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉદ્દેશાનુસાર યોજનાના નિયમોને આધીન રહી **બારશી** ( જી. શોલાપુર ) માં ઉદ્યોગિક સંસ્થાની સ્થાપનાર્થે રૂા. ૬૦૦) છસોની એક વર્ષ માટે કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિએ મદદ મંજુર કરી છે. પરિણામે ત્યાંના સ્થાનિક સદ્ગૃહસ્થોએ પણ તેટલીજ રકમ એકત્ર કરતાં શ્રી મહાવીર જૈન ઉદ્યોગ મંદિરની સ્થાપના કરવામાં આવી છે. જૈન સમાજ આ પ્રમાણે યોજનાનો લાભ મેળવે તો અનેક ઔદ્યોગિક સંસ્થાઓની સત્વર અને સહેલાઇથી સ્થાપના થઇ શકે. કોન્ફરન્સ નિયમાધીન આર્થિક સહાયતા આપશે.

તદુપરાંત કેળવણી પ્રચારની યોજનામાં જેટલી રકમ સ્થાનિક સમિતિ એકત્ર કરે તેટલી રકમ સામાન્યતઃ કોન્ફરન્સ તરફથી આપવા ઠરાવવામાં આવેલ છે. આ નિયમથી જૂદા જૂદા સ્થળે કેળવણી પ્રચાર માટે સ્થાનિક કે પ્રાંતિક સમિતિઓની સ્થાપનામાં ઘણીજ સરળતા કરવામાં આવી છે. આશા છે કે સમાજના ઉત્કર્ષ અર્થેની આ યોજના દરેક પ્રાંત અને શહેરમાં આગેવાન કેળવણી પ્રિય બંધુઓ અપનાવશે.

લિ. સેવક,

**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી,**

તા. ૧૮-૧-૩૮

ઑનરરી સેક્રેટરી.

કો. કેળવણી પ્ર. કેન્દ્રસ્થ સમિતિ.

## जैन विद्यार्थी को छात्रवृत्ति.

एक योग्य जैन श्वेतांबर मूर्तिपूजक व्यवहारिक शिक्षण लेनेवाले विद्यार्थी कों एक वर्ष पर्यन्त मासिक रू. ३) तीन की छात्रवृत्ति देना है. जिसे आवश्यक्ता हो अपनी उम्मर, कौटुम्बिक स्थिति, विद्याध्ययन खर्च, शिक्षण वर्ग आदि के व्योरे के साथ नीचे लीखे पत्ते पर अर्जी करे.

**'एल' जैन.**

C/o 'जैन युग' कार्यालय.

जैन श्वे. कॉन्फरन्स, २०, पायधुनी, बम्बई ३.

**—જામનગરનો સંઘ—**જામનગરનો પગવાળો યાત્રિક સંઘ માંગરોળ, વેરાવળ, ઉના આદિનું સ્વાગત ચાખી રાજુલા થઇ તા. ૩-૨-૩૮ ના રોજ મહુવા પહોંચશે. મહુવામાં ૨ થી ત્રણ દિવસ રોકાઇ તળાજા તરફ પ્રયાણ કરશે. મહુવા આચાર્ય શ્રી નેમિસૂરિજીની જન્મભૂમિ હોવાથી ત્યાં મોટા પ્રમાણમાં ધામધૂમ થવા સંભવ છે. તેમજ સંઘ એકાદ બે દિવસ વધુ રોકાવા પણ સંભવ છે. સંઘમાં વ્યવસ્થા જોઇએ એટલી સરસ જળવાતી નથી એવી બુમો ઘણે સ્થળેથી સાંભળવામાં આવે છે તેમજ કોઇ કોઇ મુનિરાજના પરાક્રમો ! પણ બહાર પડયા હોય એમ સાંભળવામાં આવ્યું છે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું: "હિંદસંઘ."—"HINDSANGHA."    Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે.    છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧૬ મી ફેબ્રુઆરી ૧૯૩૮. | અંક ૧૪ મો.

## તપશ્ચર્યા.

શરીર જ્યારે અસ્વસ્થ થાય છે ત્યારે ઔષધની આવશ્યક્તા ઉભી થાય છે; તેમ આત્મા જ્યારે જડપ્રેમી બને છે; જ્યારે માયા અને મોહના રોગોથી ઘેરાય છે; જ્યારે ક્રોધ અને કામ તેને સતાવે છે; ત્યારે તે રોગો નાબૂદ કરવા માટે પણ ઔષધની ઉપયોગિતા ઉભી થાય છે.

જગતના અનેક ઉદ્ધારક પુરુષોએ આ દર્દો નિવારવા ભિન્ન ભિન્ન ઔષધિઓ આપી છે; તેમાં ભગવાન મહાવીરની ઔષધી રામબાણ જેવી નીવડી છે; તે સંજીવની શારીરિક, માનસિક અને આત્મિક ત્રણે દર્દો પર એક સરખી અસર કરી શકે છે. આ ચમત્કારી ઔષધનું ઘણાએ મહાપુરુષોએ સેવન કર્યું છે. અને દુ:ખમય સંસારમાં રહેવા છતાં શાન્તિનો શ્વાસ ખેંચ્યો છે.

આ અદ્દભુત ઔષધીનું નામ તપશ્ચર્યા છે. તપનું મહાત્મ્ય વેદથી માંડીને ગીતા સુધી ગવાયું છે. ભગવાન બુધ્ધે તપશ્ચર્યામય જીવન જીવી બતાવ્યું છે. અને એ મધ્યકાલથી માંડીને આજ સુધીના મહર્ષિઓએ અરણ્યવાસ સેવી તપશ્ચર્યા દેવીની ઉપાસનાઓ સાધી છે. પરંતુ તે બધામાં મહાવીરની તપશ્ચર્યા સર્વોત્કૃષ્ટ ગૌરવભર્યું સ્થાન લઇ લે છે.

કારણ કે ભગવાન મહાવીરે બાંધેલી તપશ્ચર્યા એકજ પ્રકારની નથી પણ વિવિધ છે. તેમજ વૈધિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ સંશોધાયેલી છે. તેજ તેની વિશેષતા છે.

જો દર્દો ભિન્ન ભિન્ન હોય તો દવાઓ પણ ભિન્ન ભિન્નજ જોઇએ. તે બિના સહેજે સમજાય તેવી છે. આથી પ્રભુ મહાવીરે વિશ્વનાં પ્રાણીઓની નાડ તપાસી પરંપરાગત આવેલાં પાપો નિવારવા માટે બાર પ્રકારની તપશ્ચર્યા ફરમાવેલી છે.

જેમ શરીર અને આત્મા ભિન્ન ભિન્ન હોવા છતાં વર્તમાન સ્થિતિમાં શરીરનું દુ:ખ ચેતન પણ વેઠે છે; તેથી એ બન્ને એક રૂપ બની ગયાં છે. પણ જો શરીર અને ચેતનનો ભેદ યથાર્થ સમજાય તો તેના અંગે ઉદ્દભવતી સુખ દુ:ખની લાગણી વિરમે; અને એ રીતે ચેતન પોતાનાજ સુખ કે આનંદમાં મસ્ત રહી શકે; એટલે દેખાતાં બધાં દુ:ખો નાબૂદ થઇ જાય.

આ કારણે પહેલી બાહ્ય અને પછી આંતરિક એમ બે તપશ્ચર્યા વર્ણવી છે. બાહ્ય તપશ્ચર્યાનો સંબંધ શરીર જોડે છે તથા આંતરિક તપશ્ચર્યાનો સંબંધ આત્મા સાથે છે.

—"ભારતરત્ન."

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

**—श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧૬-૨-૩૮. બુધવાર.


## તાપી કાંઠે.

સરિતા તાપીના જળ આજે કલ્લોલ કરી રહ્યાં છે. અલ્પ કાળમાં એના કિનારે ભારતવર્ષના પ્રત્યેક ખુણામાંથી હજારો યાત્રિકો ઉતરી આવી, ભાવી વ્યુહ રચનાનો નકશો દોરશે. જ્યારથી રાવી કિનારે સ્વાતંત્ર્યનો પ્રથમ અહલેક પ્રગટાવવામાં આવ્યો ત્યારથી ઇતર દેશોથી ઘણી ઘણી બાબતોમાં પાછળ ગણાતી હિંદની આર્ય પ્રજા કોઇ અદ્ભુત ચેતનતા ને ધારી રહી છે. દિવસાનુદિવસ એનો પાવક વધુ ને વધુ પ્રજ્વલિત થતો રહ્યો છે. રાષ્ટ્રિય મહાસભા યાને કોંગ્રેસ સરખી પગભર અને જીવંત સંસ્થા દેશમાં બીજી શોધી પણ જડે તેમ નથી—એના વ્યાસપીઠ ઉપરથી પાડવવામાં આવતાં સંદેશમાં અનેરા જાદુ ભર્યા છે. એ ઝીલવાને અગણિત હાથો તૈયારજ છે. આ જાતના પ્રભુત્વ પાછળ પચાસ વર્ષની એકધારી મહેનત અને માનવીની રોમરાજી ખડી કરી દે તેવો ગહન છતાં સ્વાર્પણ—સમર્પણ અને બળિદાનની ઉર્મિઓથી ગુંથાએલો ઇતિહાસ છે. આજે એના પારાયણનો સમય નથી. આજે સ્વતંત્રતાની કૂચમાં જે વિકટ પંથ વટાવી ચુકયા તેની નોંધ લેવાનો સમય પણ નથી. બાકી રહેલ માર્ગ ઓછો વિકટ છે એમ પણ નથી. એ વિકટતા કેમ કાપી શકાય. એનો સામનો સિદ્ધાંત પર અચળ ઉભી, જરા પણ પાછી પાની કર્યા સિવાય કેમ કરી શકાય એજ આજનો જટિલ પ્રશ્ન છે.

જે તાપીના જળ વાટે હિંદના હુન્નરની યશકલગી દૂર દેશો સુધી પહોંચતી—હિંદની કારીગીરીના યશસ્તોત્ર ગવાતાં, જે તાપીના કિનારે રાજ્ય કરતી આંગ્લ પ્રજાના પ્રથમ વહાણો નાગરેલાં એજ સરીતા તાપીના જળ સામે, શ્વેત અભ્રની શીતળ છાયામાં બેસી, ભારતવર્ષના વિરાટ માનવ સમુદાયે ગુલામી બંધન ફગાવી દેવાના—સ્વતંત્રતારૂપી ચેતના અર્પતા પ્રાણવાયુના સંચાર કરવાના, અને પુરાતન કાળની એ કળા—કારીગરીની પ્રાણપ્રતિષ્ઠા પુનઃ કૌશલના પાયે સ્થાપના કરવાના—વ્રતદ્રઢ કરવાના છે. અધિવેશન અને એ પાછળ આ જાતની મહાભારત ધામધુમનો એ એકજ હેતુ છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથીજ. માત્ર શાસન કર્તા આંગ્લ પ્રજાનીજ નહિં પણ પાશ્ચિમાત્ય દરેક પ્રજા ભારતવર્ષની જાગ્રતિનો એ પરથી તાગ કહાડે અને ઉઘાડી આંખે જોઇ લ્યે કે હિંદના તનુજોનો નિર્ધાર શો છે? હરિપુરા અધિવેશનનો સભારંભ એ ત્રણ દિનનો જલસો નથી. એ અર્થે વાપરેલ દ્રવ્ય ગમે તેમ વેડફી નંખાયું નથી. એ માટે સંખ્યાબંધ આત્માઓએ સેવેલ પરિશ્રમ નકામો પણ નથી. એમાંથી તો પ્રબળતમ હુતાશન પ્રગટવાનો છે એ દ્વારાજ અણવાંચ્યા ભાવિની સત્કાર પ્રશસ્તિ ઉચ્ચારવાની છે. લાદવામાં આવતાં ફેડરેશન પ્રત્યે હિંદના પાંત્રીશ કરોડ અંતરોમાં કેવો ઉમળકો ઉદ્ભવે છે એના દર્શન પણ ત્યાંજ થવાના છે.

જૈન સમાજ તાપી કાંઠાના સમારંભનું યથાર્થ મૂલ્યાંકન કરે. માત્ર સાથ પુરી બેસી ન રહેતાં એનો બારિકાઇથી અભ્યાસ કરે. એમાં તલ્લીન બને. પૂર્વજોનો ઇતિહાસ ઉકેલ, રાજ્યકરણમાં એ સાથે જૈનોનું સ્થાન કયાં હતું તેનો વિચાર કરે. '**कम्मसूरा धम्मसूरा**' એ વચન યાદ કરે. જ્યારથી Politics માંથી જૈનો સંન્યાસ લેતાં થયા ત્યારથી જૈન ધર્મ વીરોનો મટી જવા માંડયો. એમાં રહેલી પ્રશંસનીય વીરતા પર નિર્બળતા ને બીરૂતાના આવરણ છવાવા માંડયા. અહિંસા ને આત્મભાન જેવા વિશ્વમાન્ય ગુણો ધરાવનાર શ્રી મહાવીરનો ધર્મ કેવળ બકાલોનો બની રહ્યો. અહિંસાના ઓઠા તળે એમાં નબળાઇ ને ગેહેશૂરતા ઉભરાવા માંડી એથી સ્થિતિ એ આવી કે આજે એનું કંઇ સ્થાનજ નથી જણાયું. આથી કોઇ એમ ન માને કે રાષ્ટ્રિ પ્રગતિમાં એનો કંઇ ફાળો નથી! સ્વરાજ્ય યાત્રામાં એનો સાથ છે. ધન દેવામાં કે આહુતિ ધરવામાં એના સંતાનો પાછળ નથી રહ્યાં. છતાં કહેવું જોઇએ કે જે સ્થાન એનું હોવું ઘટે તે હજુ પણ નથી લભી શકાયું. એ માટે દોષ આપણો પોતાનોજ છે. ક્ષુદ્ર કલેસોમાં અટવાઇ રહી આપણે બહાર નજર કરવાનો પ્રયાસ સરખો નથી કર્યો.

ગુજરાતના આંગણે એકત્ર થતી જીવંત સંસ્થાના દર્શન કરી જૈનો પોતાની એક માત્ર સંસ્થાની શાથિલતા ઉરાડવાના પણ લ્યે. નિયમિત અધિવેશનથી જાગૃતિના કેવા પૂર ફરી વળે છે એનો તાગ કહાડે, અને સત્તર પંદર કાર્યક્રમોની વિચારણા થોડા સમય માટે અભરાઇએ ચઢાવી જૈન સમાજની સુષુપ્તિ નિવારી જાગ્રતિ આણવાના એક માત્ર કાર્ય પાછળ મંડી જાય. સમાજ—સામે કેવળ ચર્ચાત્મક પ્રશ્નો નથીજ. એને તીર્થોના સંરક્ષણ, દેવાલયોના વહીવટ, જ્ઞાનભંડારોનો ઉદ્ધાર અણખેડયા ક્ષેત્રોમાં ધર્મપ્રચાર, લુપ્ત પ્રાય થતી જ્ઞાતિઓમાં જૈનત્વના મંડાણ આદિ સંખ્યાબંધ સવાલોનો દેશકાળને અનુરૂપ પધ્ધતિએ ઉકેલ આણવાનો છે એમાં જવલ્લેજ મતભેદ જેવું છે ટુંકામાં કહીયે તો સાત ક્ષેત્રરૂપ આખું તંત્ર વ્યવસ્થિત કરવાનું છે. એ કરવા સારૂ કેવી દીર્ઘદ્રષ્ટિ, કેવી પ્રેમભાવના અને કેવી અડગતા સંચીત કરવાની જરૂર છે તે અહીંથી શીખીલે અને એ પાછળ ભોગ દેવા કૃતનિશ્ચય થાય. એજ અભ્યર્થના—

---

## સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોને વિનંતિ.

**ચાલુ વર્ષ સંવત્ ૧૯૯૪ ના સભાસદ તરીકેના સુકૃત ભંડાર ફંડના ફાળામાં ઓછામાં ઓછા રૂા. ૫) સત્વર મોકલી આપવા વિનંતિ છે.**

**—કોન્ફરન્સ કાર્યાલય**

# નોંધ અને ચર્ચા.

## કેળવણી અને યુવાનો—

કેળવણીની યોજના પ્રગટ થયા છતાં, એ માટે પ્રબંધ કરનારા કે લાભ લેનારા ક્યાં છે? માની લઇએ કે કેંદ્રસ્થ સમિતિએ જાહેર કરેલી નિયમાવલી કઠીણ છે છતાં એ માટે સુચના મોકલવાના દ્વાર ખુલ્લાં છે. જેઓ કેળવણી પ્રત્યે પ્રેમ ધરાવે છે અને જેઓ સારી રીતે જાણે છે કે હાલના સંયોગોમાં-ફી તથા પુસ્તકોના ખર્ચો વધી ગયા છે એવા સમયમાં-કેળવણી સમિતિની જાહેરાત અમુકાંશે સ્હાયકારી છે; તેઓ કેમ કટિબધ્ધ થઇ આ કાર્ય ઉપાડી નથી લેતા? સંસ્થાની કાર્યવાહી સહ મળતા ન થનાર બંધુઓ પણ આ યોજનાનો લાભ લઇ પોતાના સ્થાનમાં ભણતા વિદ્યાર્થીઓને સુપ્રમાણમાં મદદકર્ત્તા બની શકે છે. જરા ઉંડા ઉતરી જોશે તો સહજ જણાશે કે હિસાબની ચોખવટ સિવાયની ઘણીખરી બાબતો સામાન્ય છે. સુચનાઓ મોકલી ફેરફાર કરાવી શકાય તેવી છે. સમિતિ તો રસ લેનાર ચારપાંચ બંધુઓ સાથે મળીને પણ સ્થાપી શકે. આ યુગમાં હિસાબ કે રીપોર્ટ માટેનો પ્રશ્નજ ન શોભે. એની ચોખવટ માટે યુવાન બંધુઓને કહેવાપણું ન હોય. જરૂર છે ઉમંગી બંધુઓએ એકત્ર મળી એ માટે કટિબદ્ધ થઇ, પોતાના સ્થાન પુરતાં બજેટ નક્કી કરી તાકીદે કેંદ્રસ્થ સમિતિને મોકળવાની. જરૂર છે જનતાને ખાતરી કરાવવાની કે યુવાનો માત્ર વ્યાસપીઠ ગજાવી જાણે છે એમ નહિં પણ તેઓ રચનાત્મક કાર્યો બજાવી શકે છે. સમય થોડો છે. નવા સત્રના આરંભ વચ્ચે ઝાઝા માસ નથી. એટલેજ સત્વર કામ ઉપાડી લેવાની કેળવણીમાં રસ લેતાં બંધુઓને હાકલ છે.

## ધારાસભાની વેદીપર—

હરિજન મંદિર પ્રવેશ બીલ વાંચનની વિધિમાંથી પસાર થઇ ગયું છે. જોતજોતામાં એ કાયદારૂપે અવતાર ધારણ કરશે. એથી હરિજનોની બધી મુસ્કેલી ટળી જવાની નથી. ટ્રસ્ટીઓને જે કાયદાની અગવડ નડતી હતી તે હવે નહીં નડે. મુંબઇ પ્રાંતમાં આ રીતે જ્યાં લોક સમુહને ટ્રસ્ટીઓ હરિજન બંધુઓ પ્રત્યે લાગણી ધરાવતાં હશે ત્યાં એથી સુધારણા થશે ને હરિજનો દેવના દર્શન કરી શકશે. આટલા સામાન્ય લાભ સામે જુના વિચારનાં એક વર્ગે જે રોષ ઠાલવ્યો છે એ દેશ-કાળ જોતાં અર્થહીન લાગે છે. સનાતની બંધુઓ આ જાતની રૂઢિ ચુસ્તતામાં ધર્મ મનાવી રહ્યા છે એ ગળે ઉતરે તેમ નથી. એ વાતની ખાતરી તો તેઓએ કઢાડેલા સરઘસની જનસંખ્યા ઉપરથીજ નિકળી શકે તેમ છે. આ તકે એટલું સ્પષ્ટ કરવાની જરૂર છે કે એ સાથે જૈનોને કંઇ સંબંધ નથી. અસ્પૃશ્ય ગણાતા ભાઇઓ મોટા ભાગે હિંદુ ધર્મના અનુયાયી જોવાય છે અને જૈનોના જે મંદિરો મોજુદ છે એ પ્રત્યે તેમને કંઇ કહેવાનું નથી. આમ છતાં ધારીએ કે તેઓ જૈન ધર્મ પાળવા કટિબધ્ધ થાય તો એમણા પ્રવેશ સામે જૈન સંઘને લાલબત્તી ધરવાપણું ન જ રહે. જૈન ધર્મ કહે છે કે સમુદ્રમાં જીનપ્રતિમાના આકારના માછલાને જોઈ જીવો સમ્યક્ત્વ પામે છે. જૈન ધર્મ કહે છે કે વીતરાગની મૂર્તિ જોઇ જીવો સમભાવ પ્રાપ્ત કરે છે-કષાયથી વિરક્ત થાય છે-એ જૈન ધર્મ અમુકના ઇજારાનો ન જ હોય. એ ધર્મના પ્રણેતાના દર્શન હવા-પાણી માફક સર્વજન સુલભજ હોય. એના મંદિરોમાં દેહશુચિ કરી સૌ કોઇ જઈ શકે. આભડછેટના પ્રશ્નને ત્યાં સ્થાનજ ન હોય.

## કોમીવાદનું ભુત—

બીજું એક બીલ પસાર થવાની ઘડીઓ ગણાય છે તે મ્યુનીસીપાલીટી આદિ મંડળોમાં સંયુક્ત મતદારી સંબંધીનું છે. એમાં મુસ્લીમ બંધુઓને વાંધો આવતો જણાયો છે-જ્યાં લગી દેશની એક પ્રજા તરિકેનું ગૌરવ નહિં સમજાય અને દરેક વાતમાં કોમી દ્રષ્ટિ આગળ કરવામાં આવશે ત્યાં લગી ત્રીજી સત્તાની ગુલામી આપણા શીરે ઠોકેલીજ રહેવાની છે-ભાગ્યેજ કોઈ ધર્મ અન્ય ધર્મીઓના માથા ફોડવાનું કે પડોશી કોમોસહ લડવાનું કહે છે. ધર્મના મૂળ તત્વોમાં જ્યાં પશુ-પક્ષી અને કીટક સૃષ્ટિ સહ પ્રેમ-દયાના ઝરણા વહી રહ્યાં છે ત્યાં માનવ પ્રેમ કરવાના ફરમાન હોય તેમાં શી નવાઇ? ધર્મના નામે-શાસ્ત્રના ઓઠા તળે-કેટલાક ઝનુની ભાઇઓએ ઉભી કરેલી ચાલબાજીઓજ વારે ક્વારે કોમીટંટા જન્માવે છે. પરસ્પર સહકારથી કામ લેવાય અને એકબીજાનો સહવાસ વધતો રહે તો વહેમ ને અવિશ્વાસ સહેજે ઓગળી જાય. એમ કરવામાં સંયુક્ત મતદારી આવશ્યક છે. જૈન સમાજ આજે વસ્તુસ્થિતિ સમજી ગયો છે કે જેથી અલગ મતદારીમાં એનું નામ નથી. હિંદી તરિકે ઉભવામાંજ ગૌરવ છે. એથી જૈન ધર્મને રંચ માત્ર ક્ષતિ પહોંચવાપણું નથી હક્ક ડુબવાપણું નથી-ધર્મની રક્ષા કે કોમનું કલ્યાણ માત્ર કોમીભાવના વાળાથીજ થાય છે એમ માનવું ભુલભર્યું છે. એનો આધાર તો પોતીકી જાગ્રતિ ઉપર અને સાચા સેવાભાવીને ચુંટી મોકલવા પર રહે છે.

## જૈનો હિંદુ ગણાય કે?—

આ પ્રશ્ન થોડી ગુંચવાળો છે. હિંદુ ધર્મની વાત કરીએ તો ઘણીખરી બાબતોમાં જૈન ધર્મ એનાથી ભિન્ન છે એટલે ધર્મના દ્રષ્ટિ બિન્દુથી હિંદુઓ અને જૈનો જુદા ગણાય. જેમ બૌદ્ધધર્મી અને જૈન ધર્મી ગણાય છે અગર હિંદુ ધર્મી અને શાખો છે તેમ. પણ રાજ્યશાસનમાં જ્યાં હિંદુ અને નોનહિંદુ એવા ભેદ પાડેલા છે ત્યાં અગર કાનુનોમાં જ્યાં હિંદુ લૉ અને ઇસ્લામી લૉ (કાયદો) એવા ભેદ છે ત્યાં જૈનોનો સમાવેશ હિંદુઓમાંજ છે. એવા સંયોગોમાં એને હિંદુ લૉ લાગુ પડે છે એટલે એ રીતે જૈનો હિંદુઓમાંજ લેખાય છે. જૈન સંખ્યાના સ્પષ્ટ આંકડા મેળવવા સારૂ તેમજ હિંદુ ધર્મ અને જૈન ધર્મ અમુક અપેક્ષાથી ભિન્ન છે એ વસ્તુ સ્થિતિની ચોખવટ સારૂ વસ્તી પત્રકમાં જૈનો માટે જુદુ કોલમ રખાયેલ છે. આ ઉપરથી સહજ સમજી શકાશે કે જૈન સમાજ ધર્મનો પ્રશ્ન અલગ રાખીએ તો Non-Hindu નથીજ પણ હિંદુ સમાજ સાથે જોડાયેલોજ છે. એટલે અંશે હિંદુજ છે.

# ભારતના જૈન ગુફા-મંદિરો.

લેખકઃ—
શ્રી. નાથાલાલ છગનલાલ શાહ.

## ગૃદ્ધકૂટગિરિ. (રાજગૃહ.)

રાજગૃહના પાંચ પર્વતોથી વધારે ઉંચાઈએ આ ગૃદ્ધકૂટગિરિ નામનો પર્વત આવેલ છે. શિશુનાગ વંશના મહારાજા બિમ્બીસાર (શ્રેણિક)ના રાજ્યકાળ સમયમાં બનાવેલ સડક હજુ હસ્તી ધરાવે છે. આ સડકની પહોળાઈ દસ કદમ હોવાથી ત્યાં આવજાવ કરનાર ત્યાંના પહાડી જંગલને સુગમતાથી વટાવી પર્વત ઉપર પહોંચી શકે છે. અહીંઆં પુરાતન કાળનો એટલે ઐતિહાસિક સમય પહેલાંના સમયનો એક કોટ હતો, જે ઉદયગિરિ પર્વતના ઉંચાઈવાળા ભાગથી તે નીચેના ઘાટના ઢોલાવ સુધી જઇને જયગિરિના ઉંચાઈના મથાળા સુધી ગએલ છે. આ સ્થાને પુરાતન સમયના બે સ્તુપો એંશી ફુટ લંબાઈના આવેલ છે. અહીંઆં સરકારી શોધખોળની શોધના પરિણામે દશમીથી બારમી શતાબ્દિના સમયની સેંકડો ખંડિત મૂર્તિઓના અવશેષો મળી આવ્યા છે. "નકવાપહાડ"થી ગૃદ્ધકૂટગિરિની ઉંચાઇના મથાળા સુધી દેઢ માઈલના વિસ્તારમાં પ્રાચીન સમયના પાષાણના મકાનોના ખંડીત ભાગો જોવામાં આવે છે.

પુરાતન રાજગૃહ જરાસંઘના સમયમાં મગધની રાજ્યધાની હતું (જુઓ સભાપર્વ અધ્યાય ૨૧) આ સમયે રાજગૃહનગરની પાસે એટલે નગરની ચારે બાજુઓ પાંચ પહાડોમાં હોવાથી તેનું નામ તે વખતમાં ગિરીવ્રજ પડયું હોય એ સંભવીત છે. આ શહેરની પાસે ઉંના પાણીના કુંડો હતા અને તે વર્તમાનમાં પણ છે તેની નોંધ ભગવતી સુત્રમાં પણ લીધેલ છે.[1]

રાજગૃહની પૂર્વાવસ્થા વિષે આવશ્યક ચૂર્ણિમાં જણાવેલ છે કે એનું મુળ નામ 'ક્ષિતિપ્રતિષ્ટિત' હતું ત્યારબાદ ચનકપુર થયું પછી "રૂષભપુર" પછી "કુશાગ્રપુર" અને ત્યાર પછી મહારાજા શ્રેણિકના પીતાએ "રાજગૃહ" નામ આપ્યું.[2]

### પુરાતન રાજગૃહ અને મનીઆરમઠ–તેના અવશેષો.

જૈન સાહિત્યોમાં શાલીભદ્ર શેઠની રીદ્ધિ (ખજાનો)ના માટે ઘણા ઠેકાણે વર્ણન કરવામાં આવેલ છે તે ખજાનો કુવાની અંદર રાખ્યો છે તેમ વર્તમાનમાં કહેવાય છે. પુરાતન સમયમાં શાલીભદ્રના સ્મરણના ચિન્હ તરીકે જૈનોએ એક મંદિર બનાવેલ હતું. જે પાયાના કામમાં આવેલી સીમેન્ટની આકૃતિઓના લીધે જુના મંદિરનું બાંધકામ ઇ. સ. ૩૦૦ થી ઇ. સ. ૫૦૦ વચ્ચે ગુપ્ત વંશના પ્રથમના રાજ્ય કર્તાઓની આબાદીના સમયમાં બાંધકામ થયેલું હોવું જોઇએ એમ સારી રીતે ધારી શકાય છે. મંદિરની આસપાસ આવેલી રક્ષક દેવોની આકૃતિઓમાં નાગોની (આકૃતિ) વિશેષપણાના લીધે કોતરાએલ છે. આ વાત ચોખ્ખી રીતે માની શકાય છે કે હિન્દુસ્તાનમાં પૃથ્વી તળે આવેલા દ્રવ્યનું રક્ષણ સર્પદેવો કરે છે. જરાસંઘની બેઠક નામની ગુફા માટે પુરાતન વસ્તુ શાસ્ત્રીઓએ મૌર્યયુગ પહેલાંની માનેલી છે; અને મી. ફરગ્યુસન સાહેબે ઉપરોક્ત ગુફા–આસેરિયા (અસિરીયન) અંશવાળી અને બિર્સનિમરૂદની નકલ તરીકે ગણી છે.[1]

1 ભગવતી સુત્ર શતક બીજો ઉદ્દેશક પાંચમો.
2 „ „ પૃષ્ટ. ૧૩ ટીપણ.

## નવીન રાજગૃહ.

આ શહેરની પાસે એક પ્રાચીન ટીંબો સો ફીટની પહોળાઇનો શોધખોળ ખાતા તરફથી શોધી કાઢવામાં આવેલ છે. તેના ખોદકામમાંથી એક જૈન શ્રમણની મૂર્તિ મસ્તક રહીત ધ્યાન મુદ્રાએ, પદ્માસનવાળી (શ્વેતામ્બર જૈન શ્રમણની) અને એક ગોળ સોના મોહોર (શિક્કો) મળવા પામેલ છે. તેની લીપી બ્રામ્હી ગુપ્ત રાજ્ય શાસન સમયની છે. જેમાં "જિતરક્ષિતસ્ય" લખએલ છે. આ મહોર જૈન રાજાની હોવાનું મળી શકે છે.[2]

ઇ. સ સાતમા સૈકામાં ચીનાઇયાત્રી હુએન સૅાગ રાજગૃહની મુલાકાતે આવેલ તે સમયે વિપુલ પર્વત પર જ્યાં મહાત્મા ગૌતમબુધ્ધે ઉપદેશ આપેલ તે જગા શોધી કાઢી હતી. અહીંઆં ઘણા નિગ્રંથો રહે છે અને તપશ્ચર્યા કરે છે. તેમ પોતાના પ્રવાસમાં જણાવેલ છે.[3]

1 કેવટેમ્પલ્સ ઓફ ઇન્ડીયા. પૃષ્ઠ. ૩૪–૩૫.
2 બેન્ગાલ બીહાર અને ઓરિસાના પ્રાચિન જૈન સ્મારક.
3 વૉટર્સ. ઑન યવનશૅાગ ટ્રાવેલ્સ ઇન ઈન્ડીયા. વૅા. ૨ પૃષ્ઠ. ૧૫૪.

---

## પ્રચાર માટે ક્ષેત્ર.

શીઘ્ર કવિ ભોગીલાલ રતનચંદ સાથની વાતચીત પરથી જાણવામાં આવ્યું છે કે ગઢસીવાણ કે જ્યાં મોકલસર સ્ટેશનથી જવાય છે ત્યાં લગભગ જૈનોના હજાર–અગીયારસો ઘર છે. નજીકમાંજ ગુડા, આહોર ને ઝાલોર ગામો છે. આહોરમાં લગભગ હજાર ઘર ને ઝાલોરમાં પાંત્રીસસો ઘર છે. આમ છતાં જ્ઞાન અને ઉપદેશના અભાવે ભાગ્યેજ થોડા નવકારમંત્ર પણ જાણે છે! માંડ મહિને ન્હાતાં હશે. જવાહરજી સંતના પ્રચારથી પાટોડી દરબારે માંસ છોડયું તેમ એ પ્રદેશમાં જીવદયાનો સંદેશ પ્રચારવામાં એ સંત સ્હાયક બન્યા. તાજેતરમાં જૈન સમાજ સુધારક મંડળની સ્થાપના ગઢસીવાણમાં થઇ છે. આવા પ્રદેશમાં ઉપદેશક તેમજ સાધુ સંતોના વિહારની ખાસ જરૂર છે.

---

## નોકરી જોઇએ છે—

એક સંસ્કારી જૈન યુવક કે જેને દુધની ડેરીનો તથા મીણાકારી દાગીનાના વેચાણનો અનુભવ છે તેને કોઇપણ ખાતામાં.

C/o 'જૈન યુગ.'

# પ્રગતિ સાધનાર્થે–વિચારશ્રેણી.

એટલું પ્રારંભમાંજ જણાવી દેવાની જરૂરીયાત છે કે અહીં નીચે દર્શાવેલી બાબતો મારી પોતાની પસંદગીની છે. મને એમાં પરમાત્મા પાસે પહોંચવા સારૂ વધુ તથ્ય જણાવાથી તેમજ એ દ્વારા આત્મિક ગુણો–જ્ઞાન–દર્શન. ચારિત્રની ઉજ્વળતા સવિશેષ થવાનું લાગ્યાથી એ ક્રમ મેં અહીં દોર્યો છે. એ સાથે શાસ્ત્રોક્ત કરણીઓને નથી તો વિસારી મુકવાની કે નથીતો ક્ષતિ પહોંચાડવાની. અલબત્ત પ્રત્યેક કરણીમાં સમજ પૂર્વક વિચારણાની તો આવશ્યકતા જરા પણ ભૂલી જવાની નથીજ. ગતાનુગતિકતા કે પતાવી નાંખવાની વૃત્તિ માટે મુદ્દલ સ્થાનજ નથી. સમજણપૂર્વકનું કાર્ય એજ સારી કરણી છે એ મંતવ્યને દૃષ્ટિ સમિપ રાખીને ઉન્નત્તિના પંથે પળવાનું છે. એનો મુદ્રાલેખ–રીઝવવો એક સાંઈ, લોક તે વાત કરેરી–માં સમાયો છે.

પ્રાતઃકાળમાં જાગ્રત થતાંજ–નવકાર મંત્ર સ્મરણ કર્યા પછીજ વિચારવું—

'હું કોણછું? કયાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું!
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા.
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંત તત્વ અનુભવ્યા.'

અર્થની વિચારણા સાથે બની શકે તો 'આવશ્યક' યાને રાઇપડિક્કમણ્ કરવું; બાકી અંધારે ગમેતેમ ગણી જવાથી યથાર્થ લાભ નથીજ. શૌચવિધિ આદિ દેહ શુદ્ધિના દરેક કાર્યો સંસારસ્થ આત્માએ સમજપૂર્વક કરવા. એ તંદુરસ્તી અને પવિત્રતાના કારણભૂત છે એમ સમજી એમાં ઉચિત સમય આપવો. શરીર સ્ફુર્તિ અર્થે વ્યાયામ પણ કરવો. ધર્મ અર્થ અને કામરૂપ ત્રિવર્ગ સાધના પ્રતિ નજર રાખી સર્વ કાર્ય કરવું.

રાગદ્વેષ રૂપ મહા મલ્લોના પાશમાંથી સદાને સારૂ મુક્ત થવા માટે જેમનામાં એ દોષોનો લવ સરખો પણ નથી એવા વીતરાગ પરમાત્માની પૂજા ઉક્ત હેતુ સાધનાર્થે કરવી. ન તો દ્રવ્ય પૂજામાં લીન રહી 'ભાવ પૂજા'ને સાવ વિસારી મૂકવી કે ન તો એકલી 'ભાવ પૂજા'ના ઉપાસક બની બેસવું. અમુક હદ સુધી ઉભય પ્રકારની આવશ્યકતા છે. એ પૂજન વિધિમાં 'અહિંસા પરમો ધર્મ' અને 'કષાયજય' જેવા સુત્રોને અણુ-માત્ર વિસ્મરણ ન થવા દેવા. એ વેળા વિચારવું કે 'ચિત્ત પ્રસન્નેરે પૂજનફળ કહ્યું.' 'ચરમ નયણ કરી માર્ગ જોવતાંરે, ભૂલ્યો સયળ સંસાર' 'સેવન કારણ પહેલી ભૂમિકા, અભય, અદ્વેષ અખેદ.' 'ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિ-શણ જગનાથ.' 'આતમ બુદ્ધે કાયાદિકે ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ; કાયાદિકનો હો સાખીધર રહ્યો, અંતર આતમ રુપ' જ્ઞાનાનંદેહો, પૂરણ પાવનો, વર્જિત સકળ ઉપાધિ. અતિંદ્રિય ગુણગણ મણિ આગરૂ, એમ પરમાતમ સાધ.' 'કનકોપળવત્ પયડિ પુરૂષ તણીરે, જોડી અનાદિ સ્વભાવ; અન્ય સંજોગી જિહાં લગે આત્મારે, સંસારી કહેવાય.' 'નિજ સ્વરુપ જે કિરિયા સાધે, તેહ અધ્યાત્મ લહિયેંરે; જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયેંરે. 'અમીય ભરી મૂરતિ રચીરે, ઉપમા ન ઘટે કોય; શાંત સુધારસ ઝીલતીરે, નિરખત તૃપ્તિ ન હોય' 'વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો, કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો.' 'શુદ્ધ શ્રદ્ધાન્ વિણ સર્વ કિરિયા કરી, છારપર લીંપણો તેહ જાણો.' 'આપણો આતમ ભાવજે, એક ચેતના ધારરે; અવર સવિસાથ સંયોગથી, એહનિજ પરિકર સારરે.' 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' રાગ દ્વેષ મોહ પખ વર્જિત આતમ શું રઢમંડી' 'જિનવરમાં સઘળા દરશન છે. દર્શને જિનવર ભજનારે.' જિનસ્વરૂપ થઇ જિન આરાધે, તે સહી જિનવર હોવેરે.' અગુરૂ લઘુનિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકળ દેખંત' 'ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે નિજ ધ્રુવપદ પહિચાણ રે' જેજે અંશેરે નિરુપાધિકપણું, તેને કહીયેરે ધર્મ; સમ્યક્દ્રષ્ટિ રે ગુણઠાણથી, જાવલહે શિવ શર્મ.' ગુણ અનંત આતમ તણારે, મુખ્યપણે તિહાં દોય; તેહમાં પણ જ્ઞાનજ વડુંરે, જિણથી દર્શન હોય. 'જ્ઞાન વિના જગ જીવડારે, ન લહે તત્વ સંકેત' 'પ્રીતિ અનંતીપર થકી, જે તોડે તે જોડે એહ' સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે, દર્શન શુદ્ધતા તેહ પામે; જ્ઞાન, ચરિત્ર, તપ, વીર્યોલ્લાસથી, કર્મ જીપી વસે મુક્તિ ધામે.

આ બધા વચનામૃતો પર ખાસ વજન આપવાનું છે. ત્યારેજ ભક્તિ–સેવા કે અનુષ્ઠાનમાં રહેલો શુદ્ધ હેતુ સાધી શકાશે આમ દેવપુજા–ગુરૂવંદન કે ધર્મ શ્રવણમાં લક્ષ્ય સ્થાન અવસ્ય નેત્ર સામે રાખવુંજ જોઇએ. મેરૂ પર્વત જેટલા ઓઘા મુહપત્તિની ઉક્તિ લાગુ ન પડે એ વાત ધ્યાનમાં રાખવી. પ્રતિદિન એટલો સમય અવશ્ય બચાવવો જોઈએ કે જે દરમ્યાન એક સામાયિક સમભાવ પૂર્વક આચરી શકાય. જે વેળા સ્વાધ્યાય કે નવું અધ્યયન થઇ શકે કિંવા ધ્યાન ધારી શકાય વા સમતા રસનું સુખ અનુભવી શકાય સંસારવાસી આત્મા તરિકે જીવન જીવવાનું હોવાથી કેવળ ધર્મ પુરૂષાર્થ પ્રતિ મીંટ માંડવાનુંતો ન ફરમાવી શકાય છતાં એટલું તો આગ્રહપૂર્વક કહી શકાય કે. અર્થ–કામ રૂપ બે વર્ગની સાધનામાં એટલી હદે આસક્તિ ન ધરવી કે જેથી ધર્મને સાવ વિસરી જવાય. જરૂર ધર્મને નેત્ર સન્મુખ રાખીનેજ ઉચિત વ્યવસાય કે વાણિજ્ય આદરવા જોઇએ. જેમ વ્યાપારી તરિકે પ્રતિષ્ઠા–પ્રમાણિકતા કે વટ સાચવવાની આવશ્યક ફરજ સમજવામાં આવે છે તેમ સત્ય–અહિંસા અને કરૂણાવૃત્તિને પણ સાથમાંજ ગણવાની અગત્ય છે. ધર્મ એ કોઇ મંદિર કે ઉપાશ્રયમાં રાખવાની નોખી વસ્તુ નથી પણ જીવનમાં વણી લેવાની વસ્તુ હોવાથી દરેક કાર્યમાં એ સાથેજ છે એમ અવધારવું જોઇએ. આપણું જીવન એવે માર્ગે વહન થતું હોય કે તે પરથી ધર્મમયતાનું મૂલ્ય અંકાઈ શકે. વળી એવા આરંભ સમારંભમાં ન લદાઈ જવું કે જેથી માત્ર લક્ષ્મીનો લાભ થાય પણ સરસ્વતી સાવ રિસાઈ બેસે; અથવા તો ધનવૃદ્ધિ લાધે પણ વ્રત–નિયમ ને તંદુરસ્તી તદ્દન જોખમાઇ જાય; અગર તો જડ રિદ્ધિનો વિસ્તાર વધે છતાં સાચી એવી જે આત્મ સંપત્તિ તેનું તલીયું દેખાય! ઉપરના થોડા શબ્દમાં શ્રાવક તરિકે આપણે કેવું જીવન જીવવું એનો સારોયે ખ્યાલ આવી જાય છે. પ્રત્યેક જૈને બારવ્રત ગ્રહણ કરવા જોઇએ; અલબત તેમાં પોતપોતાની શક્તિ વિચારી ઘટતી છુટછાટ રાખવી વ્રત વિહોણું જીવન એ જૈનનું તો નજ હોઇ શકે. સાહસ ખેડવા–ઉદ્યોગો આદરવા અથવા તો કુશળ વ્યાપારી બનવું એની મનાઇ નજ હોઇ શકે. મુદ્દો તો એજ

# સાધુ સંસ્થા વિનાશને પંથે.

(લેખકઃ-વાડીલાલ જીવરાજ શાહ, મુંબઈ.)

"જે ઓછામાં ઓછું લે છે અને વધુમાં વધુ આપે છે" આ સિદ્ધાંત લગભગ હવે સાવ નષ્ટ થયો છે. પરંતુ "જે વધારેમાં વધારે લે છે અને ઓછામાં ઓછું આપે છે," આ સિદ્ધાત હવે મુખ્યત્વે કરીને પ્રચલિત થયો છે. પરિણામે સમાજમાં એક વર્ગ એવી સચોટ માન્યતા રાખે છે કે સાધુ સંસ્થા જૈન સમાજપર બોજારૂપ છે. નાનકડી એવી વર્તમાન જૈન સમાજ આવી વિશાળ સાધુ સંસ્થા ધરાવતાં છતાં અવનતિને માર્ગે ઘસડાતી જાય છે તે ખુબ વિચારણીય છે.

આજે સાધુ સંસ્થા પાસે કોઇ વ્યવસ્થીત કાર્યક્રમ નથી તેનો કોઇ નાયક નથી, તે તદન નિરંકુશ બની રહી છે. જે આત્મ કલ્યાણ માટે તેમને ભેખ ધારણ કરેલ છે તે તેમનાથી બની શકે તેમ નથી. એકાંત કીયા કાંડ અને તે પણ યંત્રવત્ તે તેનું જીવન છે. તેની પાછળનો ઉદ્દેશ-હેતુની મૌલિક વિચારણા નથી. જે સિંહનો વેશ ધારણ કરેલ છે તેમાં શું શિયાળનો આત્મા નથી વસતો? દશ પ્રકારનો યતિ ધર્મ શાસ્ત્રકારોએ બતાવેલ છે.

खंति अज्जव मद्दव मुत्ति तव संजमे अचोधव्वो।
सच्चं सोअकिंचण बंभं च जइधम्मो॥

ક્યાં છે તેમની ખંતિ, (ક્ષમા) આર્જવતા મૃદુતા ઈત્યાદિ સંયમ માર્ગના સ્થંભ રૂપ ગુણો? આજે તો સુખશીલીયા જેવું જીવન જીવી રહ્યા છે. કહે છે અમો અકીંચન છીએ પણ કાર્ડ કવર એ ચલણી નાણું નથી તો શું છે? જેને ઘરબાર કુટુંબ કબીલો-જન્મભુમિનો ત્યાગ કર્યો તેને ટપાલો-લખવી અને તે પણ એક પેઢીના રૂપમાં? તેઓ પાર્કરની પેનો રાખી શકે! અન્ય કીંમતી વસ્તુઓનો ઉપભોગ કરી શકે! અને છતાં 'અકીંચનપણા'નું નામ ધારણ કરવું–તે વિજ્ઞાનના જમાનામાં ન માની શકાય. જ્ઞાનને નામે ફંડો જમા કરાવી વ્યવસ્થા કરવી. પુસ્તક પ્રકાશન ને નામે દ્રવ્ય ભીક્ષા માગવી; પેપરો કાઢવાં-અને પોતાની માન્યતા પોષવા સામસામી હુંસાતુંસી કરવી-આ સર્વમાં ત્યાગીપણું ક્યાં રહ્યું? હંમેશ નીત્યક્રમમાં 'અષ્ટપ્રવચન માતા'નો પાઠ બોલી ભુલ માટે મિથ્યા દુષ્કૃત દેવાય છે-પણ તે 'અષ્ટપ્રવચન'માં કહેવાતી ગુપ્તિ-સમિતિનું ક્યાંય ઠેકાણું છે? કહે છે કે સાધુજીવનમાં બાવીસ પરિસહોનો સામનો કરવો પડે છે. તે માટે નવતત્વમાં **खुहा पिवासा सीउण्हं** ક્ષુધા પિપાસા શીત ઉષ્ણ ઇત્યાદિ બાવીસ પરિસહો બતાવેલ છે. પણ અત્યારે ઘણેભાગે પરિસહો સહન કરવા જેવું છેજ ક્યાં? આજે ક્ષુધા-તૃષાનો પરિષહ ક્યાં છે. અન્ન જળ સુલભ છે. શીત અને ઉષ્ણુતાનો પરિસહ ક્યાં છે. વસ્ત્ર અને આલિશાન મકાનો-ઉપાશ્રયો-મળી આવે છે. તેમ વિહાર પણ તેવો નથી. આમ પરિસહો પણ લગભગ નામમાં રહી ગયા છે. આજ પરિષહો 'તત્ત્વાર્થ સુત્ર'માં બતાવેલા છે આમ જે સાધુજીવનની સખ્તાઇ હતી તે તો ઓછી થવા છતાં પણ આપણા વડીલ બંધુઓ લગભગ પ્રમાદી-એદી જીવન જીવી રહ્યા છે. આખી સાધુસંસ્થાનો સામાન્યપણે વિચાર કરતાં નીત્ય ક્રમમાં એટંકે પ્રતિક્રમણ-પડિલેહણ કલાક બે કલાક વ્યાખ્યાનના સમયને બાદ કરતાં બાકીનો સમય ઉંઘવામાં કે વાતોમાં અગર અન્ય અપ્રસ્તુત કાર્યમાં જાય છે. એવો ઘણો થોડો અપવાદ હશે કે જેમનો સમય સ્વાધ્યાયમાં જતો હોય.

ઇંગ્લીશમાં કહ્યું છે કે Idle hands find fault with tools. નવરો બેઠો નખોદવાળે. જ્યારે સમયનો મોટો ભાગ આમ નકામો જાય ત્યારે પોતાનું કલ્યાણ ન સાધી શકે તો પરની તો આશા કેમજ રાખી શકાય? એટલુંજ નહિ આજના ઝઘડાઓ સમાજમાં જે દ્રષ્ટિગોચર થાય છે તે આ પ્રકારના જીવનનેજ આભારી છે. પવિત્ર દીક્ષાને નામે આટલો કોલાહલ શો? દેવદ્રવ્યના નામે ઝગડાઓ મચાવવા તે શું? અને તેમાં હાથ આપણા પૂ. ગુરૂદેવોનોઃ બે વર્ષ પર આચાર્ય પદવી લેવા માટે પડાપડી કરવી, અને તે પદવીનું લીલામ કરવું-આ પ્રતાપ પણ એ આપણા પુજ્યોનો! છતાં પણ આપસમાં એકજ પાટ પર બેસી, મળીને ચર્ચાસ્પદ પ્રશ્નોનો નીકાલ કરવા સરખો કોઇને વિચાર નથી આવતો. જ્યારે કોઇ કહે તો જાણે અહમીન્દ્રો ન હોય-તેમ વંદન વ્યવહાર કે અંતર્ગત નબળાઇ આડે આવવાથી સામ સામે પરામર્શ કરી શકે નહી. પરિણામે ક્ષુલ્લક પ્રશ્નોમાં શક્તિનો અપવ્યય અત્યંત થઇ રહ્યો છે. ખરીરીતે જ્યારે આવી વિશાળ સાધુ સંસ્થા ધરાવવા માટે અભિમાન લેવાનો વિષય બને ત્યારે તેનાજ બદલે આજે વિપરીત માન્યતા સાધુ સંસ્થા સામે બનતી જાય છે. માર્ગમાં કોઇ પણ સ્થળે મુનિ મળે-અને મસ્તક નમી પડે. એમ જે વર્ષો પહેલાં બનતું-તે આજે મસ્તક નમાવવામાં શરમ મનાતી જાય છે-આ શું બતાવે છે?

આજે લોકો એકજ વાત કરે છે કે-તમો અમારૂં કલ્યાણ ન કરી શકો તો તમારૂં કરો. પણ એક યા બીજા કારણો ઉપસ્થિત કરી અમારી અંદર જે ભાગલા પડાવવાની નીતિ અખત્યાર કરી છે-તેને મૂકી દો. ભલું ન કરી શકો તો નહિ-પણ ભુંડું ન કરો. જ્યારે ધાર્મિક પ્રશ્નો આવે છે-ત્યારે

---

છે કે એવા દરેક પ્રયાસમાં આત્મ લક્ષ્ય જરા પણ વિસ્મૃત ન થવું જોઇએ. ચાહેતો દિવસ ભરના અવકાશ ટાણે, કિંવા પર્વદિને અથવા તો નિશાકાળના શાંત સમયમાં સર્વજ્ઞોએ નિરૂપણ કરેલા મૂળભૂત તત્ત્વોનું અવશ્ય સ્મરણ-મનન, નિદિધ્યાસન અને ચિંતન કરવું જોઇએ. એનું નામજ ધર્મ કથા છે. જે દેશમાં વસીયે છીએ અને જે સમાજમાં જન્મ્યા છીએ, તે માટે વિચાર કરવાનો કિંવા ઉચિત ભોગ આપવાનો સંસારી મનુષ્ય તરિકે કદિ પણ જૈન ધર્મમાં પ્રતિબંધ મુકાયેલો નથીજ. એ તો દાંડી ઠોકીને જણાવે છે કે જૈન ધર્મને શોભાવનારા સાચા જૈનો તેજ છે કે જેઓએ સ્વ પુરૂષાર્થ વડે સમાજના કષ્ટો કાપ્યા છે અને કલ્યાણ વધાર્યાં છે; જેઓએ સ્વ પરાક્રમ વડે રાષ્ટ્રપરના સંકટો નષ્ટ કર્યાં છે અને રાષ્ટ્ર હિત અર્થે પ્રાણ પાથર્યાં છે. આ જાતના જ્વલંત ઉદાહરણો જૈન સાહિત્યમાં સંખ્યાબંધ પડ્યા છે. અનુકરણ કરવામાં દોષ જેવું નજ હોય. બારવ્રત ધારી ચેટકરાજ કે હસ્તિપીઠપર પ્રતિક્રમણ કરનાર છતાં યુદ્ધમાં નિડર રહી વિજય વરનાર આભૂ મંત્રીના કથાનકો એ વાતની સાક્ષી પુરે છે. એ સબંધમાં વધુ કહેવું એ સોનાને પાણી ચઢાવવા બરાબર છે.

—મોહનલાલ દીપચંદ ચોકસી.

શાસ્ત્રોને નામે મતભેદ ઉભા તમો કરો અને લડાવો અમને–એ ક્યાંનો ન્યાય? એ વખતે દેવદ્રવ્ય કે દીક્ષાને નામે અમને હોળીનું નાળીએર કરી આપસમાં શીર ફોડાવો છો. પણ જ્યારે શત્રુંજય–કેશરીયાજી આદિ તીર્થોના પ્રશ્નો આવ્યા–ત્યારે આડ હાથનો અંચળો ઓઢી ધ્યાનમાં બેસી ગયા! ખરી રીતે તો તે વખતે તમારે તમારૂં પાણી બતાવવાની જરૂર હતી. ક્યાં ગયું–તમારૂં એ ચારિત્ર બળ? ક્યાં છે એ તમારૂં મંત્રતંત્ર બળ? ત્યાં જો તમોએ ધાર્યું હતે તો તીર્થના પ્રશ્નોમાં આખી સમાજને ખૂબ દોરવણી આપી હોત. એકજ મહાત્મા ગાંધીએ હિન્દ ભરને કેવી દોરવણી આપી તે પ્રત્યક્ષ છે. છે શક્તિ સાધુ સંસ્થામાં–કે વખત આવે યા હોમ કરી શકે! તેમાં તો તેમને નથી કંઇ આગળ પાછળ જોવાનું; વળી સમાજનું પીઠબળ સંપૂર્ણ મળી શકે પણ તે વખતે તો પ્રશસ્ત રાગ-દ્વેષ પણ સાધુઓથી ન થઇ શકે તેમ કહેવામાં આવે છે અને શ્રાવકોને જ આગળ કરાય છે. નહિ તો કાળીકાચાર્ય–અને વિષ્ણુકુમાર આદિના દૃષ્ટાંતો ક્યાં મોજુદ નથી?

પણ આતો પોથીમાંના રીંગણાંની જેમ પાટ ઉપર બેસી શ્રાવક વર્ગને જ સંભળાવા માટે છે. પોતાને માટે કંઇ નથી. પોતે કોઇપણ સદ્પ્રવૃત્તિને અપનાવી શકે નહિ; નહિ તો આજે વર્ષોથી કામ કરતી શ્રીમતી કોન્ફરન્સ દેવીને–અને તે દ્વારા થતી સદ્પ્રવૃત્તિને અત્યંત વેગ આપ્યો હોત. પણ જેમ અસ્પર્શ્યતાની આભડછેટ હિન્દુ સમાજને લાગી તેમ આવી સદ્પ્રવૃત્તિ વિષે પણ અસ્પર્શ્યભાવનાનું ભૂત તેમને વળગી રહેલ છે. આપણા પૂર્વાચાર્યો તો તેથી અલિપ્ત રહ્યા. કારણ કે શ્રીમાન્ હરિભદ્રસૂરિએ ધર્મબિન્દુમાં–રત્નપ્રભુસૂરિએ 'આરંભ સિદ્ધિ' આદિ ગ્રંથમાં–શ્રી જીનદત્તસૂરિજીએ વિવેક વિલાસમાં–' કલીકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અર્હન્નીતિ, યોગ શાસ્ત્ર આદિમાં શ્રાવક–શ્રાવિકા ક્ષેત્રની આબાદી માટે ઠેર ઠેર સુક્ષ્મ સુક્ષ્મતર વિવેચન કરેલ છે તેમને શ્રાવક–શ્રાવિકા ક્ષેત્રની આબાદી હૃદયગત હતી–ત્યારે વર્તમાન સાધુ સંસ્થા જો ઉપર બતાવેલ પૂર્વાચાર્યોની જેમ આબાદીનો ઉપદેશ આપવા મંડી જાય તો 'પાપ'ના છાંટા લાગે છે–આ મનોવૃત્તિ શ્રાવક–શ્રાવિકા ક્ષેત્રના હિતમાં કેટલી બાધક બની છે–તેતો આજે જૈન સમાજની સંખ્યાની દૃષ્ટિએ જુઓ, વાણીજ્ય ક્ષેત્રમાં જુઓ–એમ પ્રત્યેક ક્ષેત્રમાં જોઇએ તો પ્રતિ દિવસે જૈન સમાજ અધોગતિએ પહોંચતી જાય છે. જ્યારે અન્ય સમાજો કુદકે ભૂસ્કે આગળ વધતી જાય છે ત્યારે આ આપણી સ્થીતિ છે.

તેમાંયે સાધુ સંસ્થા પોતાનું હિત પણ જોઈ શકી નથી તે ખેદનો વિષય છે. આજે ઘણીજ થોડી એવી સાધુ-વ્યક્તિઓ છે કે જે અન્ય હજારો જૈનેતરોમાં બેસી જૈન દર્શન વિષે યા બીજા કોઇ વિષય પરત્વે જાહેર સભાઓ ગજાવી શકે છે! આજે ચાર ડઝન આચાર્યોમાં ભાગ્યેજ અડધો ડઝન આચાર્ય મળી આવશે કે જે કોંગ્રેસ જેવા પ્લેટફોર્મ ઉપરથી એકાદ તળસ્પર્શી વ્યાખ્યાન આપી શકે. એટલે જે આજે મહાન વ્યાખ્યાન વાચસ્પતિનાં બીરૂદો ધારવાનો દાવો કરે છે તે જૈન ઉપાશ્રયની ચાર દિવાલોની અંદરની મર્યાદા સુધીજ છે. ખરેખરી જૈન સમાજની પ્રગતિ સાધવી હોય તો આજે 'જૈન ધર્મ' વિષે જૈનેતરોને જાહેર ભાષણોથી સમજાવવાની જરૂર છે અને તે અંગે 'જૈન દર્શન' વિષે પ્રથમ વ્યાપક દૃષ્ટિએ મંથન કરવું જોઇએ; અને તેમ કરી જૈનેતરોને જૈન ધર્મનો બોધ કરાવવો જોઇએ. ટુંકમાં નવા જૈનો બનાવવાનો આ સરળ માર્ગ છે. જૈનો તો વ્યાખ્યાન સાંભળી એટલા રીઢાં થયેલા હોય છે કે તેમને હવે વ્યાખ્યાનોની અસર ક્વચીત જ થાય છે.

એટલે મુનિ સંસ્થાએ પોતાનો મોભો જાળવવો હોય તો તેમને પોતાની જવાબદારીનું ભાન થવું જોઇએ; અને શીક્ષણ આદિ સંખ્યાબંધ પ્રશ્નો એવા છે કે તે સાધુ સંસ્થાએ જ અપનાવવાં જોઇએ. એમાં ચારિત્ર બાધક કંઈ નથી. વળી તેમ કરતાં સમાજ પાસેથી જે સેવા–ભક્તિ રૂપમાં લેવામાં આવે છે–તેના વળતર રૂપે પણ આવા પ્રશ્નો અપનાવવાથી કાર્ય સરશે; પરિણામે તે પ્રશ્નો નીમીત્તે થતો વ્યય અટકશે. અને બચત શક્તિ અન્ય પ્રશ્નોમાં કાર્ય સાધક નીવડશે. આમ સમય ઓળખી રચનાત્મક કાર્ય કરવામાં આવશે, તો જૈન સમાજનો અભ્યુદય જલ્દી થશે તે નિઃશંક છે. ૐ શાન્તિ!

---

અનુસંધાન પૃષ્ટ ૮ ઉપરથી.

**પુરૂષ ધોરણ ૨:** પરીક્ષક:–શ્રી ભોગીલાલ લલ્લુભાઈ શાહ, મુંબઇ.

| નંબર | નામ. | ગામ. | માર્ક. | ઇનામ |
|---|---|---|---|---|
| ૧ | રમણલાલ વાડીલાલ દોશી, | કપડવંજ. | ૬૮ | રૂા. ૧૫) |
| ૨ | નિહાલચંદ ઉમેદમલ સોલંકી, | વરકાણા. | ૬૭ | રૂા. ૧૨) |
| ૩ | રમણલાલ વીરચંદ, | પાદરા. | ૬૬ | રૂા. ૭ાા |
| ૪ | જીવણલાલ પોપટલાલ | વરકાણા. | ૬૬ | રૂા. ૭ાા |
| ૫ | પરમાણંદ કુલચંદ શાહ, | ભાવનગર. | ૬૫ | |
| ૬ | મનુભાઈ કેશવલાલ, | પાદરા. | ૬૦ | |
| ૭ | લાલચંદ ખેતશી શાહ, | ભાવનગર. | ૫૭ | |
| ૮ | રતિલાલ કાલીદાસ, | અમદાવાદ. | ૫૪ | |
| | | (જૈન શ્વે. મૂ. બો.) | | |
| ૯ | આણંદલાલ સોમચંદ | ,, ,, | ૫૩ | |
| ૧૦ | સૌભાગ્યચંદ છોટાલાલ શાહ, | સુરત. | ૪૮ | |
| | | (જૈન બો.) | | |
| ૧૧ | કપૂરચંદ મુલચંદ જૈન, | હિંડૌન. | ૩૬ | |
| ૧૨ | ફકીરચંદ અમૃતલાલ પરીખ, | અમદાવાદ. (પ્રા.) | ૩૫ | |
| ૧૩ | નગીનચંદ ઝવેરચંદ શાહ, | સુરત. | ૩૫ | |
| | | (જૈન વિ. આ.) | | |

**પુરૂષ ધોરણ ૫ વિભાગ ૧ ख ખંડ (ન્યાય વિષય)**

પરીક્ષક:–પં. દરબારીલાલજી ન્યાયતીર્થ, સત્યભક્ત, વર્ધા.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | હજારીલાલ જૈન, | ગુજરાંનવાલા. | ૫૬ | રૂા. ૨૦) |
| ૨ | વસંતીલાલ જૈન, | ,, | ૫૫ | રૂા. ૧૦) |
| ૩ | તિલકચંદ જૈન, | ,, | ૫૪ | |
| ૪ | ધનરૂપમલ, | ,, | ૩૪ | |
| ૫ | કેવલચંદ જૈન, | ,, | ૩૩ | |

(એક વિદ્યાર્થી નાપાસ)

**પુરૂષ ધોરણ ૫ વિ. ૧ क ખંડ (ન્યાય વિષય)**

પરીક્ષક:–પં. દરબારીલાલજી–વર્ધા.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ગંગાપ્રશાદ વિનીત, | ગુજરાનવાલા. | ૫૨ | રૂા. ૨૦) |

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

## ધાર્મિક પરીક્ષાઓનાં પરિણામ.

[બોર્ડ દ્વારા શેઠ **સારાભાઈ મગનભાઈ મોદી** પુરૂષવર્ગ અને **અ. સૌ. હીમઈબાઇ મેઘજી સોજપાલ** સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ૩૦ મી ઇનામી પરીક્ષાઓ તા. ૨૬-૧૨-૩૭ ના રોજ લેવામાં આવી હતી તેમાના કેટલાક ધોરણોનાં પરિણામો આ નીચે આપવામાં આવે છે.

( ગતાંકથી આગળ )

**પુરૂષ ધોરણ ૧** પરીક્ષકઃ-શ્રી. કેશરીચંદ ચુનીલાલ બદામી; બી. એ. એલ એલ. બી; સુરત.

| નંબર | નામ. | ગામ. | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | કનૈયાલાલ માણેકચંદ શાહ, | પાલણપુર. | ૭૨ | રૂા. ૧૫) |
| ૨ | મીસરીમલ મુલચંદ લુક્કડ, | પાલીતાણા. (જી. બ્રહ્મ) | ૭૧ | રૂા. ૧૦) |
| ૩ | નાનાલાલ છોટાલાલ કોઠારી, | ભાવનગર. | ૬૮ | રૂા. ૮) |
| ૪ | વસંતલાલ રતિલાલ, | પાલીતાણા. (જી. બ્રહ્મ) | ૬૭ | રૂા. ૬) |
| ૫ | રમણલાલ ભોગીલાલ પરીખ, | અમદાવાદ. (R. C. T. I) | ૬૭ | રૂા. ૫) |
| ૬ | બાલુભાઈ મોહનલાલ વોરા, | પાલીતાણા. | ૬૬ | રૂા. ૪) |
| ૭ | ચંદુલાલ વાલચંદ, | ભાવનગર. | ૬૪ | રૂા. ૩) |
| ૮ | ભોગીલાલ પ્રભુદાસ શાહ, | ભાવનગર. | ૬૩ | રૂા. ૩) |
| ૯ | ભીખુલાલ તુલસીદાસ શાહ, | પાલીતાણા. (જી. બ્રહ્મ) | ૬૧ | રૂા. ૨) |
| ૧૦ | ઉત્તમલાલ ખુશાલચંદ શાહ, | બારશી. | ૬૧ | રૂા. ૨) |
| ૧૧ | ભંવરલાલ પારખ, | ભોપાલગઢ. | ૬૦ | |
| ૧૨ | કાંતિલાલ ગુલાબચંદ શાહ, | પાલીતાણા. (ય. ગુરૂ) | ૫૯ | |
| ૧૩ | ધીરજલાલ હીરાચંદ ગાંધી, | ભાવનગર. | ૫૯ | |
| ૧૪ | જવાહીરલાલ મુણોત | ભોપાલગઢ. | ૫૮ | |
| ૧૫ | લક્ષ્મીચંદ હીરાચંદ પારેખ, | પાલીતાણા. (સિદ્ધ બાલા) | ૫૮ | |
| ૧૬ | કરમચંદ દેવશી શાહ, | પાલીતાણા. (જી. બ્રહ્મ) | ૫૭ | |
| ૧૭ | ધુલચંદ ગંભીરમલ ગાંધી, | રતલામ. | ૫૭ | |
| ૧૮ | મનસુખલાલ અમૃતલાલ દોશી, | ભાવનગર. | ૫૬ | |
| ૧૯ | રમુજીલાલ વાડીલાલ મોદી, | મહુવા. | ૫૬ | |
| ૨૦ | મોહનલાલ પુખરાજ ગુજરાણી | ઓશીયા. | ૫૬ | |
| ૨૧ | જયંતિલાલ ચત્રભુજ શાહ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા) | ૫૬ | |
| ૨૨ | નાગરદાસ મણીલાલ શાહ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા) | ૫૬ | |
| ૨૩ | નાગરદાસ ત્રિભોવન મહેતા, | ” ” | ૫૫ | |
| ૨૪ | વીરચંદ ભાઈચંદ શાહ, | સુરત. (જૈન વિ. આ.) | ૫૩ | |
| ૨૫ | અમૃતલાલ ભવાન શાહ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા) | ૫૩ | |
| ૨૬ | ચીમનલાલ છગનલાલ ગાંધી, | ગોધરા. | ૫૨ | |
| ૨૭ | મોહનલાલ હરખચંદ શાહ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા) | ૫૧ | |
| ૨૮ | અનોપચંદ ગુલેચ્છા, | ઓશીયા. | ૫૧ | |
| ૨૯ | ચીમનલાલ પુરશોત્તમ અજમેરા, | પાલીતાણા. (સિદ્ધ. બ્રહ્મ) | ૪૯ | |
| ૩૦ | જમનાદાસ જગજીવન દોશી, | ભાવનગર. | ૪૯ | |
| ૩૧ | કનુભાઈ ગિરધરલાલ દેશી, | ગોધરા. | ૪૮ | |
| ૩૨ | કાંતિલાલ દેવશી શાહ, | પાલીતાણા. (જી. બ્રહ્મ) | ૪૮ | |
| ૩૩ | કાંતિલાલ જગજીવન દોશી, | ભાવનગર. | ૪૮ | |
| ૩૪ | આશકરણ ગુલેચ્છા, | ઓશીયા. | ૪૬ | |
| ૩૫ | ચીમનલાલ નાગરદાસ શાહ, | પાલીતાણા. (જી. બ્રહ્મ) | ૪૬ | |
| ૩૬ | ચંપકલાલ વાડીલાલ, | પાદરા. | ૪૧ | |
| ૩૭ | જેસંગલાલ છગનલાલ શાહ, | અમદાવાદ. (મેડીકલ કો.) | ૪૫ | |
| ૩૮ | હિંમતલાલ જાદવજી કપાસી, | પાલીતાણા. (સિદ્ધ બાલા) | ૪૪ | |
| ૩૯ | મહાસુખરાય હીરાચંદ દોશી, | ભાવનગર. | ૪૪ | |
| ૪૦ | ચંપાલાલ ચત્રભુજ કોચર, | ઓશીયા. | ૪૩ | |
| ૪૧ | હિંમતલાલ મગનલાલ શાહ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા) | ૪૩ | |
| ૪૨ | પ્રાણલાલ વસનજી શાહ, | પાલીતાણા. (યશો. ગુરૂ) | ૪૩ | |
| ૪૩ | રતિલાલ દેવશી શાહ, | પાલીતાણા. (જી. બ્રહ્મ) | ૪૨ | |
| ૪૪ | રતિલાલ પ્રાગજી દોશી, | સુરત. (જૈન બોર્ડિંગ) | ૪૨ | |
| ૪૫ | સુમન્તરાય અમૃતલાલ શાહ, | મુંબઇ (પ્રા.) | ૪૧ | |
| ૪૬ | શાંતિલાલ દલસુખભાઈ શાહ, | અમદાવાદ (પ્રા.) | ૩૯ | |
| ૪૭ | ભાઈચંદ છગનલાલ મહેતા, | પાલીતાણા. (સિદ્ધ. બાલા) | ૩૮ | |
| ૪૮ | ચંપકલાલ કાલીદાસ શાહ, | પાદરા. | ૩૮ | |
| ૪૯ | બાબુલાલ મણીલાલ શાહ, | અમદાવાદ. (જૈન શ્વે. પૂ. બો.) | ૩૬ | |
| ૫૦ | ઉમેદચંદ હરખચંદ શાહ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા) | ૩૬ | |
| ૫૧ | નાથાલાલ ગોવિંદજી શાહ, | ” ” | ૩૫ | |
| ૫૨ | કાંતિલાલ હીરાચંદ શાહ, | સુરત. (જૈન વિ. આ.) | ૩૪ | |
| ૫૩ | કુંદનલાલ છગનલાલ, | પાદરા. | ૩૪ | |
| ૫૪ | વાડીલાલ વીરચંદ શાહ, | સુરત (જૈન બો.) | ૩૪ | |
| ૫૫ | વીરચંદ ગોવિંદજી શાહ, | સુરત ” | ૩૩ | |

( ૨૧ વિદ્યાર્થીઓ નાપાસ )

અનુસંધાન પૃષ્ટ ૭ ઉપર જુઓ.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની; મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧૬ મી માર્ચ ૧૯૩૮. | અંક ૧૬ મો.

## સાચો બ્રાહ્મણ અને સાચો યજ્ઞ.

આવેલામાં જે આસક્તિ નથી કરતો, અને જતાનો જે શોક નથી કરતો; આર્ય વચનમાં જે આનંદ પામે છે; ઓપીને તથા અગ્નિમાં નાખીને શુદ્ધ કરેલા સોના જેવા જે નિર્મળ છે; જે રાગદ્વેષ અને ભય વિનાનો છે; તપસ્વી છે; શરીરે કૃશ છે; ઇંદ્રિય નિગ્રહી છે; જેનાં લોહીને માંસ સુકાઈ ગયાં છે; જે સુવ્રતી છે તથા નિર્વાણ પામેલો છે; સ્થાવર જંગમ પ્રાણોને બરાબર જાણી લઇ, જે ત્રણ પ્રકારે તેમની હિંસા નથી કરતો; ક્રોધથી, હાસ્યથી, લોભથી કે ભયથી જે અસત્ય વચન નથી બોલતો; સચિત્ત કે અચિત્ત કોઇ પણ પદાર્થ-થોડો હો કે ઘણો પરંતુ-બીજાએ આપ્યા વિના જે નથી લેતો; મન-વચન-અને કાયાથી દેવ, મનુષ્ય અને પશુયોનિ વિષયક મૈથુન જે નથી સેવતો; પાણીમાં કમળની પેઠે જે કામ ભોગોથી અલિપ્ત રહે છે; જે અલોલુપ છે; જે ભિક્ષાજીવી છે, ઘરબાર વિનાનો છે, નિષ્કંચન છે, ગૃહસ્થોના સંસર્ગ વિનાનો છે તથા પૂર્વ સંબંધોને બંધુઓનો ત્યાગ કરી, જે ફરી તેઓમાં આસક્તિ નથી રાખતો-તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

પશુઓને યજ્ઞમાં બાંધવાં અને હોમવાં વગેરે યજ્ઞ કર્મો તથા તેવું વિધાન કરનારા બધા વેદો પાપકર્મનાં કારણ રૂપ હોઈ, દુરાચારી પુરૂષને બચાવી શકતા નથી. કારણ કે કર્મોજ જગતમાં બળવાન છે. માત્ર મૂંડાવાથી શ્રમણ થવાય નહિ, માત્ર ઓમકારથી બ્રાહ્મણ થવાય નહિ; માત્ર અરણ્યવાસથી મુનિ થવાય નહિ; અને માત્ર દાભનાં વસ્ત્રથી તાપસ થવાય નહિ. પરંતુ સમતાથી શ્રમણ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ, અને તપથી તાપસ થવાય. કર્મથીજ માણસ બ્રાહ્મણ-ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર થાય છે, જે ગુણો વડે માણસ સાચો સ્નાતક (બ્રાહ્મણ) થઇ શકે છે, તે ગુણો જ્ઞાની પુરૂષોએ વર્ણવેલા છે તે ગુણોવાળા તથા સર્વ કર્મોથી રહિત એવા પુરૂષને અમે બ્રાહ્મણ કહીએ છીએ. એવા ગુણવાળા શ્રેષ્ઠ બ્રાહ્મણોજ પોતાનો કે બીજાનો ઉદ્ધાર કરવાને સમર્થ છે.

(શ્રી "મહાવીર સ્વામીનો અંતિમ ઉપદેશ" અધ્યન ૨૫.)

उद्धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
—श्री सिद्धसेन दिवाकर.

જૈન યુગ.

તા૦ ૧૬-૩-૩૮. બુધવાર.

# એ બળતી ચિરાગ.

સંખ્યાબંધ માનવોમાં ભાગ્યેજ એવો કોઇ આત્મા હશે કે જેના હૃદયમાં હરિપુરાને નજરે જોયા પછી, ત્યાંની ધમધમતી ધરતી પર પગ મેલ્યા પછી, પોતાના માદર વતન માટે, પોતાના પ્યારા દેશ માટે-કંઇને કંઇ સેવા કરી છુટવાની તમન્ના નહીં પ્રગટી હોય! શકય ભોગ દેશની વેદી પર ધરવાની બળતી ચિરાગ કેટલાયના અંતરો અજવાળતી હશે!

તો પછી જે સમાજની ઉણપ્રગુના ઓસરતી ચાલી છે! અને પારો પીછેહઠ કર્યો જાય છે, જેની જાગ્રતિ કેવળ પરસ્પરના છિદ્રાન્વેષણમાં જ પર્યાપ્ત થઈ જાય છે, અને જેનું સામર્થ્ય યોગ્ય આંદોલનના અભાવે અવ્યવસ્થિત રીતે ખરચાઇ રહ્યું છે, એને શું બળતી ચિરાગની અગત્ય નથી? હરિપુરાનો આતશ સગી આંખે જોનારામાં જૈન સમાજના નરનારીઓ પણ હતાજ.

શાસ્ત્રકારના કથન પ્રમાણે પ્રત્યેક આત્માના આઠ રૂચક પ્રદેશ એવા નિર્મળ છે કે જ્યાં કર્મો તરફથી થતા પ્રચંડ હલ્લાની પણ કંઇ અસર થતી નથી. એ પવિત્ર પ્રદેશ આશ્રયી વાત કરીએ તો શું ગમે તેવા મતફેરો છતાં સમાજ કે ધર્મ માટે કંઇને કંઇ કરી છુટવાની વૃત્તિ પ્રગટ નથી થઇ? અરે એ બળતી ચિરાગનો આછો પાતળો પ્રકાશ એ રૂચક પ્રદેશો પર નથી પડયો? કહેવુંજ પડશે કે ગમે તેવા મતભેદો છતાં શકય ત્યાગ દાખવવાનો કિંવા બનતો ભોગ ધરવાનો આતશ જરૂર પ્રજ્વલિત થયો છેજ.

રાષ્ટ્રિય મહાસભા એ સકળ ભારત વર્ષના કલ્યાણ અર્થે ઉભી છે. તેવીજ રીતે જૈન મહાસભાનો કાર્ય પ્રદેશ-અખિલ જૈન જનતાની સાથે છે. એકાદ મહારાજ્યના સાત અંગ ન હોય તેમ જૈન ધર્મ પ્રણેતાઓએ સાત ક્ષેત્રની યોજના ઘડેલી છે. પ્રત્યેક ક્ષેત્ર નવપલ્લવિત રહે તેવા કાનુનો નિર્માણ કર્યા છે. એ ક્ષેત્રો તરફ જોવાની, એને યથાર્થરૂપે અવધારવાની, બરાબર સમજવાની, સંપૂર્ણપણે એ ફલ્યા ફુલ્યા રહે તે માટે ચાંપતા ઇલાજો લેવાની, અને પ્રતિવર્ષ એ ક્ષેત્રો સુંદર પાક આપતા રહે તેવો પ્રબંધ કરવાની ખાસ અગત્ય છે. એ સારૂ વિચારણા ને આચરણા જરૂરી છે. રાષ્ટ્રિય મહાસભાની પ્રગતિનો છેલ્લા દશ વર્ષનો ઇતિહાસ દૃષ્ટિ સન્મુખ રાખી જૈન સમાજે ઉપર વર્ણવ્યા સાત અંગોને વ્યવસ્થિત કરવા સારૂ દેશ-કાળ અનુસાર એનું ગતિ-યંત્ર અસ્ખલિત વહન થયે જાય એ સારૂ-અંતરની નિર્મળતા પૂર્વક રેખાંકન કરવાની ઘડી આવી ચુકી છે. વણિક પ્રજ્ઞા-ઇચ્છિત ફકીરી, સેવાની અભિલાષા અને ભોગ દેવાની તમન્ના કેવું પરિવર્તન આણી શકે છે! ગુંચવાયેલા કોકડા ઉકેલી શકે છે! એકધારો માર્ગ ચીંધી શકે છે અને અડગ નિરધારથી એક બહારની સત્તાને પણ વિચાર કરતી કરી દે છે એ નજર સામેનો બનાવ છે.

જરૂર છે નિર્મળ હૃદયે જોવાની ને યથાર્થ રૂપે અમલ કરવાની, માન્યતાના કેટલાયે અકોડા એ અર્થે દૂર ફગોટી દેવા જોઇએ. પ્રભુતાના કે પ્રતિષ્ઠાના ઓઠા તળે એકઠી કરેલી ભૂતાવળને ભગાડયા સિવાય સાચો રાહ નજ હાથ આવે. સાથો સાથ એટલું પણ નિશ્ચિત કરી લેવાનું છે કે આમ જનતાની નાડ પરખી લઇનેજ કાર્ય દિશાના આંક મૂકાયે. પગલે પગલે આગળ વધાય. થોડાકની ભભૂકતી જવાળા પર મદાર બાંધી નકશો દોરવા કરતાં ઘણાકની બળતી ચિરાગ પરજ લક્ષ્ય દેઇ, તેના પરજ વધુ ધ્યાન આપી લાઇન દોરી નક્કી કરવાની છે. જેમ દેશને તેમ સમાજને-જેમ મોટી સંસ્થાઓને-તેમ નાની કે મર્યાદિત ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓને-હરિપુરા મહાસભાનો એ સંદેશ છે. એ તો ઉદાહરણરૂપે ઉભી છે.

જૈન સમાજે એની પ્રતિનિધિત્વધારી સંસ્થાએ જોવાનું છે કે-Where the shoe pinches! અર્થાત્ જોડો ક્યાં ડંખે છે? જે ધર્મમાં અહિંસા ને સત્યના જબરદસ્ત પૂજારીઓએ ગુંથેલા નિતરાં સિદ્ધાન્તો છે, જે ધર્મમાં કેવળ પરમાર્થે નિઃકિંચન જીવન ગાળનાર નર-નારીઓનો સમૂહ યાને સાધુ-સાધ્વી સંસ્થા છે. જે ધર્મમાં 'Knowledge is power' અર્થાત્ 'લોકાલોક પ્રકાશકર જ્ઞાન એક પ્રધાન' જેવું સૂત્ર પાયારૂપે છે, ત્યાં આજે અસ્તવ્યસ્ત દશા કે નિર્નાયકતા કયાંથી ભરાણી? જે સમાજમાં આજે પણ શ્રીમંતો છે. જેના દાનવારિનો પ્રવાહ આજે પણ મહાસભાને ચરણે વહે છે તે, નરનારીગણ-શ્રાવક અને શ્રાવિકા સંસ્થા કેમ શૃંખલાના અંકોડા સમી સુવ્યવસ્થિત ને સુસંગઠિત નથી? ભારત વર્ષની ભૂમિનો પ્રત્યેક ખુણો ઓછા વત્તા અર્હન્ત મંદિરોથી અલંકૃત છે. જેના પ્રત્યેક ભાગમાં વીતરાગ દશાનો પૂર્ણ ખ્યાલ આપતી મૂર્તિઓ સુસંખ્યામાં દ્રષ્ટિગોચર થાય છે અને જેના તીર્થો માદર વતન-વ્હાલી માતાના ચારે ખુણામાં આવેલ છે-જેની નોંધ હરિપુરા કોંગ્રેસ ગાઇડમાં સહર્ષ ને સગર્વ લેવાયલી છે, એ આજે યોગ્ય દેખરેખ વિહુણા! વ્યવસ્થિત તંત્ર વગરના! ન ધણિયાતી મિલ્કત સમાન! કેમ છે? ઓ વિજેતા વર્ગના સંતાન-જૈનત્વના બિરૂદધારી જૈન કોઇ દિ' એ સંબંધી ત્હેં વિચાર્યું છે ખરૂં? મનોરથ માળાના મણકા ત્યજી દઇ જાગ્રત થા, યાદ રાખ '**उद्यमेन हि कार्याणि सिध्यन्ति**' હરગીજ **न मनोरथैः** હરિપુરાએ પ્રગટાવેલી બળતી ચિરાગ અંતરમાં ધારણ કર. મૂળ પર નજર રાખી આજુબાજુનું ચોગઠું ગોઠવ. ઉતાવળા થઇ ઘણાનો સહકાર ગુમાવવા કરતાં ધિરજથી-બાંધ છોડથી-ભાવને જીવંત રાખી ભાષાને મીઠી બનાવી ઘણાનો સાથ સાંધ તો પ્રગતિના પૂર વહેવા સહજ છે.

હરિપુરાની બળતી ચિરાગ જૈન સમાજના હૃદય અજવાળશે?

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## કાર્યવાહી સમિતિની સભા.

### સર પ્રભાશંકર પટ્ટણીના અવસાનને અંગે દીલગીરીનો ઠરાવ.

**તા૦ ૧૬-૩-૩૮ ના રોજ મળેલી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કાર્યવાહી સમિતિએ સર પટ્ટણીજીના અવસાન પ્રત્યે દીલગીરી દર્શાવતો ઠરાવ ઘડયો છે.**

**સર પ્રભાશંકર પટ્ટણી,** જેઓ આપણી કોન્ફરન્સ તરફ ખૂબ પ્રેમ રાખી અનેક વખતે સલાહ આપતા હતા. અને કોન્ફરન્સના ભાવનગરના અધિવેશન વખતે રાજ્ય તરફથી સક્રિય સહાય તેમજ વાટાઘાટમાં સલાહ આપી જૈન કોમ તરફ તેમનો હાર્દીક સંબંધ બતાવતા રહ્યા હતા તેમના દેહોત્સર્ગથી અમારી કોન્ફરન્સ અત્યંત દીલગીર થઇ છે અને તેમના કુટુંબી જનોને દીલાસો આપે છે તેમના આત્માને શાંતિ પ્રચ્છે છે.

આ ઠરાવની નકલ સેક્રેટરીએ દીવાન સાહેબ અનંતરાય પટણીને મોકલી આપવી.

અનુસંધાન પૃષ્ટ ૪ ઉપરથી.

પાઠશાળા આવો માણસ ન રાખી શકે. જેટલા તેવા હોય તેઓને સંસ્થા સ્કોલરશીપ આપીને મોટી પાઠશાળા સ્થાપી ત્યાં શીક્ષકો રાખી ભણાવે અને ભણવું તેટલુંજ તેમનું કામ હોય. અને આ ઉપરાંત આવી પાઠશાળાઓનાં ઔદ્યોગીક એવું શિક્ષણ દાખલ કરવું જોઇએ કે જે તેઓ આ પાઠશાળામાંથી અભ્યાસ કરીને બહાર આવે ત્યારે તેઓને સમાજ પર આધાર ન રાખવો પડે, અથવા તેઓ સમાજને ભારે ન પડે. આથી જેઓ કેટલાક ધાર્મિક અભ્યાસમાં આગળ વધી શકે તેવા હોય છે તેઓને ઉત્તેજન મલશે અને અટકી પડશે નહી. અને જૈન જનતાને ઉત્તમ અભ્યાસકો મળશે. ને મોટી પાઠશાળા વિવેચકો તૈયાર કરી શકે જેઓ ગામો ગામ જઇ લોકોને ઉપદેશ આપી અહિંસાનો વાવટો ફરકાવે અને "સવીજીવ કરૂં શાસન રસી" ની ભાવનાને દિગંતમાં ફેલાવે. આ કરવા માટે ક્રિશ્ચન મીસનરીઓ અને પાદરીઓનો દાખલો લઈ શકાય.

પરીક્ષાના પ્રશ્ન પત્રો બાબતમાં કહેવું જોઇએ કે દરેક વર્ષ જુદા જુદા પરિક્ષકો રાખવામાં આવે છે તે સારૂં છે પણ તેમાં યુનીવરસીટીની માફક એક સભા હોવી જોઇએ. કારણ પ્રશ્નો કાઢવામાં આવે છે તે કાંતો તદન સહેલા હોય છે અને કેટલોક અભ્યાસક્રમનો ભાગ તદન રહી જાય છે. તેથી પ્રશ્ન પત્રો કાઢનારને સુચના આપવી ઘટે કે, તેઓએ યુનીવરસીટીની માફક પ્રશ્ન પત્રો કાઢવા જોઇએ. તેમાં અભ્યાસક્રમનો કોઇપણ ભાગ રહી ન જવો જોઇએ. અને સવાલો ઓછામાં ઓછા દશ હોય. ૧૦૦ માર્કમાં ૬ સવાલો બહુજ ઓછા છે. અને દરેક સવાલમાં "અથવા" નો ભાગ મુકી બધાં અભ્યાસક્રમ બમાવી દેવો જોઇએ જેથી કરીને વિદ્યાર્થીઓના અભ્યાસની પુરેપુરી પરિક્ષા થઇ શકે.

"પરીખ"

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ—

## મારવાડ પ્રાંતિક પરિષદ.

### પસાર થયેલા ઠરાવો.

પરિષદમાં કુલ ૧૩ પ્રસ્તાવો પાસ કરવામાં આવ્યા—

૧ સ્વર્ગસ્થ આગેવાનો બદલ શોકપ્રદર્શન.

૨ અ. ભા. કોન્ફરન્સની કેળવણી પ્રચારની યોજનાને અમલમાં મૂકવા તથા મારવાડ પ્રાંતમાં શિક્ષણ પ્રચારાર્થે ઘટતા પગલા લેવા શ્રી ઢઠ્ઠાજી, રાયસાહેબ ભભૂતમલજી, બેમચંદજી સીંધી, મુલચંદ સજમલજી વિગેરે વિગેરે સભ્યોની એક વગદાર સમિતિ નીમવામાં આવી.

૩ સંગઠન અંગે

૪ કુરિવાજ ત્યાગવા અંગે.

૫ અહિંસા અંગે.

૬ શિક્ષણ સંસ્થાઓને મદદ કરવા માટે.

૭ વ્યર્થ ખર્ચ બંધ કરી દ્રવ્ય શિક્ષણ, સાહિત્ય પ્રચારાદિ કાર્યોમાં ખર્ચવા.

૮ શિરોહી જૈન Museum માં જુનાં તામ્રપત્રો, ખંડિત મૂર્તિઓ વિ. રાખવા અંગે.

૯ સુકૃત ભંડાર ફંડમાં મદદ આપવા.

૧૦ બેકારી નિવારણ.

૧૧ જૈન વિધિ અપનાવવા.

૧૨ જૈન ધર્મ પ્રચાર (શરાક-પલ્લીવાળ જાતિ અંગે)

૧૩ કન્યાવિક્રયાદિ બંધ કરવાના ઠરાવો થયા હતા.

# સમાચાર સાર

**સાધુમાંથી સંસારી બન્યા**—કરાંચીમાં મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજના હાથે હજી તો ૩ માસ પહેલાંજ જેમણે ઘણી ધામધુમથી દીક્ષા લીધી હતી તે ભાઇ રણજીતસિંહ સાધુઓના આકરાં જીવનથી કંટાળી, તેમજ સંસારીક સંબંધીઓની મોહ જાળમાં સપડતા સાધુ વેષ છોડી પાછા સંસારી બની પોતાને વતન ચાલ્યા ગયા છે. આ અંગે મહારાજશ્રી પણ કહે છે કે સાધુ જીવનમાં રહી પાપી જીવન ચલાવે તેના કરતાં સંસારી જીવન વધારે સારૂં છે.

**કદંબગિરિના શીખર પર**—સૂરિસમ્રાટ સર્વતંત્ર, સ્વતંત્ર સૂરિચક્ર ચુડામણી શ્રી શ્રી શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મહારાજ સાહેબના પ્રતાપે અને પ્રભાવે કદંબગીરીની ભવ્ય અંજન શલાકા અને પ્રતિષ્ઠાને લગતુ કામ આગળ વધી રહ્યું છે. દરમ્યાનમાં એક મહાન જિન પ્રતિમા-૬૩ ફુટ ઉંચી પ્રતિમા સર્જવાનો હુકમ છુટયો હોય તેમ જણાય છે.

**મહાવીર જયંતિની જાહેર રજાને અંગે**—શ્રી વીર જયંતિની જાહેર રજા પાળવામાં આવે તે વિષે ત્રણે ફીરકાના આગેવાનોની સહીઓથી મુંબઈ સરકારને અરજી કરેલ, તેના જવાબમાં વડા પ્રધાન શ્રી ખેરે જણાવ્યું છે કે તા૦ ૨૩ મી ના રોજ તમારા ડેપ્યુટેશનને હું મળીશ. આથી તે તારીખે આગેવાનો શ્રી ખેર સાહેબને મળવા જશે એમ જણાય છે.

# કેળવણી

કેળવણીમાં બધી કોમો કરતાં જૈન કોમ પછાત છે એ વાત સર્વ કોઇ જાણે છે અને તે ખોટ પૂરી પાડવા માટે જૈન પ્રજાએ ઘણા છાત્રાલયો બોર્ડીંગો અને અભ્યાસગૃહો ઉઘાડયા છે. જ્યાં જાવ ત્યાં જૈન પાઠશાળા અને કન્યાશાળા નજરે પડશે. આથી એમ કહી શકાય કે જ્ઞાનની પુરી પરબો ગોઠવાયા છતાં .અત્યારે કેળવણી-જ્ઞાનના અર્થમાં બીજા વર્ગો કરતાં ઓછી કેમ છે? કાંતો જ્ઞાનના ઝીલનારમાં કે કાંતો દેનારમાં ખામી છે; અથવા તો તેના સંચાલકોમાં કોઇ પ્રકારની ખામી છે. છાત્રાલયોમાં યા બોર્ડીંગ હાઉસોમાં ખાસ કરીને સંચાલકોની અને ગૃહપતિઓની ખામી નજરે પડે છે, અથવા તે કબુલ ન કરીએ તો હાલના વિષમય વાતાવરણને દોષ દેવો જોઇએ. છાત્રાલયોમાં ફર્યો છું. ત્યાંના વિદ્યાર્થીઓનું વર્તન જોતાં એમ કહી શકાય કે જૈન નામને બટ્ટો લગાડે છે અથવા તો તેમ નહિ તો જૈન નામને દીપાવતા તો નથીજ, કારણ પૂજા વીગેરે ધાર્મિકક્રિયા અને ધાર્મિક અભ્યાસ વેઠની માફક કરે છે. તે કરવું જોઇએ તે ખાતર કરતા નથી. તેમાં રસ નથી. આ બાબતમાં બોર્ડ કાંઇ કરી શકે ધાર્મિક ક્રિયાઓમાં રસ પડે તેવું સાહિત્ય રચાવી શકાય. આ દશા થવાનું ઘણાઓનું એક કારણ સ્વતંત્ર વાતાવરણ કહી શકાય. સ્વતંત્ર વાતાવરણ સ્વતંત્રતાના વિચારોની સાથે સ્વચ્છંદતા લાવે છે, અને તે ધાર્મિકતાને પોષી શકતું નથી. ઘરે માતાપિતાદિ ધર્મની વાતો કરે, દેવદર્શન એકદમ સુલભ હોય જેથી ધાર્મિક વાતાવરણની અસર બાળક પર સારી રહે છે. જ્યારે સ્વતંત્ર વાતાવરણમાં દેરાસર છતાં વિદ્યાર્થીઓ નિરંકુશ હોવાથી અને ધાર્મિક વાતાવરણને ઉત્પન્ન કરનાર વાતો અને વિચારોનો અભાવ હોવાથી ધાર્મિકતા ઓસરતી જાય છે. સ્વતંત્ર વાતાવરણ મનને છોડી મુકે છે. મર્યાદાને અપનાવતું નથી. આ સર્વ વસ્તુઓ માટે ગૃહપતિઓને ખાસ સુચના બોર્ડ મોકલાવી શકે. સ્વતંત્ર વાતાવરણમાં ધાર્મિક વાતાવરણ બહુજ ઓછું હોય છે, તે તેવા સાહિત્ય વડે ઉત્પન્ન કરવું જોઇએ. જૈન બોર્ડીંગો અને છાત્રાલયો બાબત લખવાનું મુખ્ય કારણ એ છે કે તેમાંથી વિદ્યાર્થીઓ પરિક્ષામાં બેસે છે, બીજું પાઠશાળાઓ કરતાં આ સંસ્થાઓ વિદ્યાર્થીઓને ધાર્મિક અભ્યાસ માટે સારી રીતે તૈયાર કરી શકે. કારણ કે આખો દિવસ અને રાત ચોવીશે કલાક વિદ્યાર્થીઓ સંસ્થામાંજ રહે છે. બીજુ બોર્ડ સાધુઓને આવી જગ્યાઓએ રહેવા વિનંતિ કરી વિદ્યાર્થીઓના માણસને ધાર્મિકતાનો ઓપ લગાડી શકે. અસ્તુ.

શ્રી જૈન એજ્યુકેશન બોર્ડની કેળવણી પર દૃષ્ટિપાન કરીએ. આ સંસ્થાનો મૂળ ઉદ્દેશ :વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓની પરીક્ષા લઇ ઉત્તીર્ણ થનારને ઇનામ આપી તેઓને ધાર્મિક અભ્યાસમાં રસ લેતા કરવા તે છે. અને તે રીતે તેઓમાં ધાર્મિક શ્રદ્ધાને દૃઢ બનાવવી. પણ તેનો મુખ્ય આધાર તો ઘરના વાતાવરણ અને પાઠશાલાના શિક્ષકો પર રહે છે. ખરૂં કહીએ તો ધાર્મિક શ્રદ્ધાનો આધાર માતા પર રહે છે. તેથી સૌથી પહેલાં સ્ત્રી કેળવણી-સ્ત્રીઓને ધર્મ શું ? ધાર્મિક આસ્થા શું ? તે જણાવવું જોઇએ. સ્ત્રીઓને જ્ઞાન આપવા માટે પાઠશાલાઓછે અને તેની પરીક્ષા બોર્ડ સારી રીતે લે છે. ધાર્મિક અભ્યાસની પરિક્ષા બોર્ડ લે છે. પણ ધર્મ શ્રદ્ધા-સાચી શ્રદ્ધાનું શું ? વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓને ધર્મશ્રદ્ધા વિષે શિક્ષણ મળે તેવી ગોઠવણ બોર્ડ કરી શકે તે માટે જરૂરી કાર્યક્રમ ઘડી શકાય. હુ જ્યારે આ વર્ષે પરિક્ષામાં બેઠો હતો ત્યારે બીજા વિદ્યાર્થીઓ સાથે વાત કરતાં માલુમ પડયું હતું કે તેઓ તો માત્ર ૩૩ ગુણાંક મેળવી પાસ થવા ઇચ્છે છે. કોઈ ધાર્મિક અભ્યાસ કરવો જોઇએ અને કરવાની જરૂર છે. એમ સમજી કરત નથી. કેટલાક તો શ્રી મહાવીર જૈન વિદ્યાર્થીની લોન લે છે તેથી પરિક્ષામાં બેસવુંજ જોઇએ અને જેમ તેમ કરી પાસ થવું જાઇએ. અથવા તો લોન બંધ થશે. એટલે ધાર્મિક અભ્યાસ અને ધાર્મિક પરિક્ષા પસાર કરવી તે તેઓને માટે તેટલાજ માટે છે.. હૃદયના ઉંડામાંથી અભ્યાસની તરસ નથી. ( કેટલાંક અપવાદ બાદ કરતાં ) બોર્ડ આ માટે એવું સાહિત્ય રચાવી શકે કે જેને લીધે તેઓ સારી રીતે અભ્યાસ કરી શકે અને તેમનું માનસ અભ્યાસ તરફ વાલે અભ્યાસનો તેમને શોખ લાગે.

હાલનો અભ્યાસ ક્રમ કેટલાક સુધારા માંગી લે છે. અને આ બાબતમાં બોર્ડના સંચાલકોને "શ્રી રાજનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધાર્મિક ઇનામી પરિક્ષાની સંસ્થા" નો અભ્યાસક્રમ વિચારી જવા મારી વિનંતી છે. બાળ ધોરણ પેલીમાં સામાયક સૂત્ર અર્થ વિગેરે લેવાય છે તે બરાબર છે. બાલધોરણ બીજામાં બે પ્રતિક્રમણના અર્થ વિગેરે મંગાય છે. તે વધારે છે, તેથી ઓછો અભ્યાસ હોવો જાઇએ કારણ કે વિદ્યાર્થીઓ તેટલો અભ્યાસ એક વર્ષમાં ન કરી શકે. પુરૂષ ધોરણ પહેલામાં પાંચ પ્રતિક્રમણ અર્થ સાથે છે તે બરાબર છે. જૈનદર્શન જોકે સારૂં છે છતાં કેટલાક વિદ્યાર્થીઓ બહોળું વાંચન ન હોવાથી સમજી શકતા નથી. અથવા તો તેમાંની દરેક બાબતો ધાર્મિક શિક્ષકો બરાબર સમજાવી શકતા નથી, તે માટે બોર્ડ તેઓને સુચના લખી મોકલે, તેમજ દરેક ધોરણમાં પેલા અને બીજા બાળ ધોરણ માફક કથાનકો રાખવા જોઇએ. જે હાલના અભ્યાસક્રમમાં નથી. ચાલુ અભ્યાસક્રમમાં પ્રાકૃત માટેનો અભ્યાસક્રમ પુ. ધો. ત્રીજા અને ચોથામાં છે તે તો ઠીક પણ સંસ્કૃત અભ્યાસક્રમ નથી જે પુરૂષ ધોરણ પેલા અને બીજાના પેટા વિભાગ તરીકે રાખવો જોઇએ તેની પણ જરૂર છે. બોર્ડે એક એવા માણસની નીમણુંક કરવી જોઇએ કે જે ગામે ગામ ફરી સાંસારીક સંજોગોને લીધે ધાર્મિક અભ્યાસ કરી શકે તેવા વિદ્યાર્થીઓ તેને છોડી દે છે તેની શોધ કરી પરિક્ષા કરે અને નક્કી કરે કે તેઓનામાં જૈન ધર્મ પરત્વે કેટલી માનની લાગણી છે, તે તેને કેટલો પચાવી શકે તેમ છે. અને તેનો તે ઉંડો અભ્યાસી થઈ શકે તેમ છે કે નહિ. આ માણસ આચાર, વિચાર, અને વાણીએ સાધુપુરૂષ હોય. તે પહેલાંથી છેલ્લા ધોરણ સુધી ન.ની મોઢેથી પરિક્ષા લે ને જૈન તત્ત્વ જ્ઞાનનો ઉંડો અભ્યાસી હોય કે જેથી તે નાના બાળકોનાં મગજમાં સારા વિચારો ભરી શકે. દરેક

અનુસંધાન પૃષ્ટ ૩ ઉપર જુઓ.

# તીર્થધામોમાં ત્રીસ દિવસ.

લેખકઃ-
મનસુખલાલ લાલન.

લેખાંક ૧ લો.

## જગડીયા, પાનસર, ભોયણીજી, શંખેસર.

**જગડીયા**—ઘણા વર્ષના ગાળા પછી તીર્થધામોની યાત્રાએ જવાનો પ્રસંગ પ્રાપ્ત થયો, અને અમો તા૦ ૩-૨-૩૮ ના રોજ મુંબઈથી જગડીઆ જવા માટે રાતની ૧૦-૩૦ ની લોકલમાં રવાના થયા. સવારે ૮ાા વાગે અંકલેસર સ્ટેશને ઉતરી રાજપીપળા સ્ટેટની બહુજ ધીમી ચાલની ગાડીમાં બેઠા, અને ત્યાંથી ૪ થું સ્ટેશન જગડીઆ આવતાં અમો ત્યાં ઉતરી ગયા. સ્ટેશનથી ધર્મશાળા જવાની સડક પાકી બાંધેલી છે, અને માત્ર ૦ાા માઇલ જેટલે છેટે હોવાથી ચાલતાજ ત્યાં પહોંચી ગયા. ધર્મશાળાના વિશાળ દરવાજામાંથી પસાર થઈ બાજુની બીજી ધર્મશાળામાં ઉતર્યા, જગડીયાનું દેરાસર દેખાવમાં સુંદર છે, અને હવા પાણી સારાં હોવાથી મુંબઇના તેમજ આજુબાજુના લોકો તે સ્થળનો ઠીક લાભ લે છે, દહેરાસર વિશાળ છે, ધર્મશાળાઓ પણ સારી છે, ઉપરના ભાગમાં વાંચનાલય છે, જેમાં પુસ્તકો સારાં છે, પરંતુ પત્રો આવતાં નથી, એકાદ પત્ર આવે છે, ત્યાંના મુનીમ જેવા જણાતા એક ભાઇને કોઈ જૈન પત્ર આવે છે કે કેમ એમ પૂછતાં તે ભાઈ રાડ પાડી ઉઠયાં કે ભાઇ અમારે જૈનના છાપાં જોતાં નથી, નકામા આવા તીર્થોમાં ઝગડા પેદા કરે છે, આ રીતે આપણા કલેશની દુર્ગંધ કયાં સુધી પસરી છે તેનો ખ્યાલ કરતાં ભરૂચથી સંઘ આવેલો તેથી એ દિવસ રહી ત્યાંથી પાનસર જવા રવાના થયા.

**પાનસરઃ**—ગુજરાતીઓમાં ખાસ કરીને જાણીતા આ મનોહર સ્થળમાં અમો મહા શુદ ૬ ને દિવસે સવારે ઉતર્યા, ઠંડીનું જોર જણાવા લાગ્યું, અને રેતાળ રસ્તા ઉપરથી ચાલી ધર્મશાળાએ આવ્યા, બહુજ વિશાળ દેરાસર મનોહર ટાવર, અને વિશાળ ધર્મશાળાઓથી શોભીતું આ સ્થાન મેસાણા લાઇનમાં જતાં એક ઉંચ પ્રદેશ પર આવેલું છે, અહિં હવા તથા વાતાવરણ આનંદી દેખાતું હતું, અને રહેવાનું ગમે તેવું હોવા છતાં કોઈ પણ વસ્તુ ખાધા ખોરાકીની જોઇએ તેવી નહિ મળતી હોવાથી, તેમજ માત્ર એકબે રબારીની દુકાનો હોવાથી વિશેષ રહેવું ફાવતું નથી. સ્હવારમાં સુંદર સરણાઈ અને નોબત વાગતાં જે મીઠાશ વાતાવરણમાં ગુંજે છે, તે ન ભુલાય તેવી છે, દહેરાસરનું કામ કંઈક અંશે અધુરૂં રહ્યું છે. કાર્યકરોની નજર તે પરત્વે ઓછી થઇ ગઈ હોય એમ જણાય છે, યાત્રિકો પણ કમતી આવે છે. મૂળનાયકજી શ્રી મહાવીર પ્રભુની અલૌકિક પ્રતિમા છે, ભીંતોમાં ચારસમાં તીર્થોની કોરણી કરી છે તે જોવા લાયક છે, આ સ્થળે જણાવવું જોઇએ કે આ કોતરકામ કરતાં પણ વધુ ઉપયોગી દહેરાસરને સંપૂર્ણ બનાવવાની જરૂરીયાત છે, દહેરાસરની વિશાળતાના પ્રમાણમાં ખુલ્લા ઓટલાઓ બહુ શોભતા નથી. કાર્યવાહકો આ તરફ લક્ષ આપશે તો ઠીક થઇ પડશે.

**ભોયણીજીઃ**—આબાલવૃદ્ધ જેના ગુણગાન નિત્ય ગાય છે, તેવા મલ્લિનાથજીના મેળાનો પ્રસંગ મહા શુદ ૧૦ નો નજીક હોવાથી અમો મહા શુદ ૮ ને રોજ ભોયણીજી મુકામે જવા ઉપડયા પાનસરથી કલ્લોલ જંકશને ગાડી બદલી ભોયણી સ્ટેશને બપોરના ૧૧ાા વાગે ઉતર્યા, યાત્રિકોના ટોળાં અહિં દેખાવા લાગ્યાં, અમો મુખ્ય ધર્મશાળામાં સામાન ઉતરાવી તપાસ કરવા લાગ્યા, તો કહે કે બન્ને ધર્મશાળામાં ઓરડીઓ ખાલી નથી. લગભગ ૧ કલાકની સેકણી પછી ત્રીજી ધર્મશાળા ઉઘાડવામાં આવી. અમોએ ત્યાં એક ઓર-ડીમાં પડાવ નાંખ્યો. ઉપરાઉપર માણસોના ગાડાંઓ તથા ટ્રેનોમાં માણસો આવવા લાગ્યાં. દુકાનો હોટલો વિગેરે બંધાતી હતી, મહા શુદ ૯ ની સવારે તો એક પણ ઓરડી ખાલી મળે નહિ, તપાસ કરતાં જણાયું કે આજુબાજુના પ્રદેશના અને ઠેઠ અમદાવાદ સુધીના લોકો ૧-૨ ગોદડાં મુકી તાળાં મારીને ચાલી ગયા હતા. ઘણી તકરારો ઓરડીઓ માટે ચાલી, તાળાંઓ તુટયાં, ફરીયાદો થઈ, મારામારીના પ્રસંગ પણ થયા, ઓટલા અને પરસાળોમાં યાત્રિકો ઉતર્યા, ટાઢ સખત પડવા લાગી, યાત્રિકો મુંઝાયા, એકેક ઓરડીમાં બબે ત્રણ ત્રણ કુટુંબોનો સમાવેશ થવા લાગ્યો. આમ કરતાં દશમનો દિવસ આવ્યો, સાંજે નોકારશી જમી, અમદાવાદના સ્વયંસેવકોની દેખરેખ છતાં જમવાની અવ્યવસ્થા માટે તો આપણે પંકાયેલા છીએજ, અર્ધી ધુળ મ્હોઢાંમાં આવતાં ખાધું ન ખાધું કરી ઉઠી ગયા, રાત્રે આરતીની ધામધુમ જોઇ, શંખેશ્વર જવા માટે તૈયારીઓ કરવા લાગ્યા એકંદર ત્યાંના મુનિમ સરળ અને સમજાવટથી કામ લેતા હતા અને સાદાઈ તથા સગવડતા ઠીક સચવાતી હતી

**શંખેશ્વરજીઃ**—મહા શુદ ૧૧ ને રોજ સવારના ૪ાા વાગતામાં ભોયણીના સ્ટેશને આવ્યા, અંધારૂં ઘોર, ઉંચું સ્ટેશન, અને લગભગ ૧૫૦૦ માણસોની ચિક્કાર ગીરદી, ન મળે મજુર કે ન મળે બત્તી. આ અંધારામાં મહા મુશીબતે સામાન સ્ટેશનથી ઉતારી પ્લેટફોર્મ પર લાવ્યા, ઘણાક ભાઇઓને ટીકીટ ન મળતાં એમને એમ બેસી ગયા. અમદાવાદથી લગભગ ખાલી ગાડી આવી, અને મહા મુશીબતે બધાને સમાવી કટોસણ આવી, ત્યાંથી વીરમગામ જતી ગાડીમાં બેઠા, અને સવારે ૮ાા વાગે વીરમગામ સ્ટેશને ઉતર્યા, સંખે-સર જવા માટે હારીજનો રસ્તો લગભગ બંધ થતાં વીરમ-ગામથી મોટર સર્વીસ ચાલુ છે તેમાં જવું પડે છે, રાધન-પુરના પેસેન્જરોને પણ ત્યાં થઇનેજ જવું પડે છે. ૮ાા વાગાના સ્ટેશન પર ઝાડ નીચે બેઠા તે ૧૧ાા વાગે મોટર આવી, પરંતુ રાધનપુરના એક શ્રીમંત ગૃહસ્થ સહકુટુંબ હતા, તેમણે આખી મોટર રીજવર્ડ કરતાં અમો તો રખડી પડયા વીરમ-

ગામના અમારા સંબંધી સ્ટેશન પર ચા નાસ્તો લઈ આવેલા તેથી જરા રાહત હતી, અમો તો મુંઝાયા, વળી બકરી ઇદનો દિવસ હોવાથી મોટર ડ્રાઈવર બીજો મળે નહિ, અંતે મહા મહેનતે બીજી મોટર ૧ વાગે મળી અને અથડાતા પછડાતા ૪ વાગે શંખેશ્વર ભેગા થયા. વીરમગામથી શંખેશ્વર જતાં વચમાં સારાં સારાં ગામો આવે છે. માંડલ સુધી તો ગવર્નમેન્ટની હદ હોવાથી સડક પાકી બાંધેલી છે. ત્યાંથી પંચાસર ગામ મોટું આવે છે, આપણું પ્રાચીન જિન મંદિર ત્યાં છે પાણીની પરબની સગવડ પણ ઠીક છે. શંખેશ્વર ગામ સાધારણ ગામડું છે, પહેલાં તો મોટર ઠેઠ ધર્મશાળા સુધી જતી હતી, પરંતુ એકાદ અકસ્માત થયો હોવાથી હવે ગામને ઝાંપે મોટર ઉભી રાખે છે. ત્યાંથી સામાન ઉપડાવી ધર્મશાળામાં ગયા, ધર્મ-શાળા સંપૂર્ણ સગવડવાલી ડબલ રૂમની નવીજ બંધાઇ છે, આ ધર્મશાળાનું અનુકરણ બીજા ગામોના તીર્થોએ થવું જોઇએ. શંખેશ્વર પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય છે, હમણાંજ રીપેર થયેલું હોવાથી ઘણુંજ મનોહર દેખાય છે, ન્હાવા ધોવાની તથા સેવા પૂજાના સાધનોની પણ વ્યવસ્થા ઠીક છે, પ્રતિમાજી ઘણાજ પ્રાચીન અને ચમત્કારિક છે, કહેવાય છે કે ૮૬ હજાર વર્ષ પહેલાંની પ્રતિમાજી છે, આજુબાજુ બાવન જિનાલયની ભમતી છે. યાત્રિકોને જમવા માટે ભોજનશાળા કારખાના તરફથી ચાલે છે, યાત્રિક દીઠ ૧ ટંકના ૪ આના લેવામાં આવે છે, ભોજન વ્યવસ્થા સાધારણ છે, તે ખાતું અલગજ ચાલે છે, કામ કરનાર ભાઇજ લોટ દાળ વિગેરે પૂરા પાડતા હોય તેમ જણાતું હતું. જેથી કંઇક લોભવૃત્તિ જણાઇ આવતી હતી. દહેરાસરનો વહીવટ ઠીક છે, કચ્છી ભાઇ મુનીમનું કામ કરે છે. શંખેશ્વર એવા પ્રદેશપર આવેલું છે કે જ્યાંથી કાઠીયાવાડનું ઝીંઝુવાડા, કચ્છનો વાગડ પ્રદેશ મારવાડ તથા ગુજરાત ચારે પ્રાંતોની સરહદ લગભગ ૧૦ માઇલને અંતરે છે જેથી મનાય છે કે ભૂતકાળમાં એ સ્થળની જાહોજલાલી વધુ હશે. ત્યાંથી પાલીતાણા જવા તૈયારીઓ કરી

(અપૂર્ણ.)


## તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

## જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | | અસલ કિંમત | | ઘટાડેલી કિંમત. |
|---|---|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | | રૂા ૩-૦-૦ | | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | | રૂા. ૧-૮-૦ | | ૦-૮-૦ |
| જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃત:— | | | પૃષ્ટ. | |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,**
૨૦, પાયધુની—મુંબઇ, ૩.


# ષડ્દર્શન સંબંધી ટુંકો ખ્યાલ.

(ગતાંકથી ચાલુ)

૫. બૌધમત એનું અપર નામ ક્ષણિકવાદ પણ છે. પ્રણેતા ગૌતમબુદ્ધ જ્ઞાના દ્વૈતની માન્યતા ધરનાર અને ક્ષણે ક્ષણે આત્મા નાશ પામે છે ને નવિન ઉત્પન્ન થાય છે એવો મત ધરનાર આ મત છે. એની દશ આજ્ઞાઓ નીચે પ્રમાણે છે.

(૧) પ્રાણાતિપાત વિરમણ, (૨) અદત્તાદાન વિરમણ એમાં વગર આપ્યું લેવું નહિં તેમ ચોરી કરવી નહિં. એ વાતનો સમાવેશ થાય છે. (૩) બ્રહ્મચર્ય પાડવું. (૪) મૃષાવાદ કહેતાં જુઠું ન બોલવું. (૫) પૈશુન્ય કહેતાં ચાડી ન ખાવી. (૬) ઔદ્ધત્ય કહેતાં કઠોર ભાષણ ન કરવું. અગર કોઇનુ અપમાન કરવું નહિં (૭) નકામી ગરબડ કરવી નહિં. (૮) લોભ કરવો નહિ. (૯) ક્રોધ કરવો નહિં. (૧૦) ધર્મમાં અવિશ્વાસ રાખવો નહિં.

૬. જૈન દર્શન. પ્રણેતા તીર્થંકર ભગવાન પ્રથમ શ્રી રૂષભદેવ, ચરમ શ્રી મહાવીર પ્રભુ. તીર્થંકર ૨૪. દરેક તીર્થસ્થાપના વેળા ત્રિપદી સંભળાવે જેના પરથી ગણધર યાને પટ્ટ શિષ્યો દ્વાદશાંગીની રચના કરે. એ સબંધી વિસ્તારથી સ્વરૂપ ૪૫ આગમમાં આલેખવામાં આવ્યું છે. નવતત્વો ષડ્દ્રવ્ય, અષ્ટકર્મ અને નય, સપ્તભંગી તથા ગુણસ્થાન સ્વરૂપ એમાં મુખ્ય છે. ચાર્વાક મતનું બીજુ નામ નાસ્તિક મત છે. એ માત્ર પ્રત્યક્ષ પ્રમાણનેજ માને છે. ઇશ્વર નથી. કર્મ નથી અને પરભવ પણ નથી એ તેનુ મંતવ્ય સારૂએ વિશ્વ માયાની ગુંથણી રૂપ યાને માયા જાળ સદૃશ છે– એની ગણના દર્શનમાં નજ થાય.

ષડ્દર્શન સબંધમાં વિશેષ જાણવાના ઇચ્છુકોએ અંગે, તેમજ સ્યાદ્વાદ મંજરી ષડ્દર્શન સમુચ્ચય આદિ ગ્રંથો વાંચવા. ઉપરના મતો અને તેમાંથી નીકળેલા પેટા મતો અને ભિન્ન ભિન્ન શાખાએનો પ્રારંભિક ક્રમ આ પ્રમાણે છે. (૧) શ્રી રૂષભદેવથી જૈન ધર્મ, (૨) સાંખ્યમત, (૩) વૈદિક (૪) વેદાંત (૫) પાતંજલિ, (૬) નૈયાયિક, (૭) બૌદ્ધમત, (૮) વૈશેષિકમત (૯) શૈવમત (૧૦) વામમાર્ગ (૧૧) રામાનુજ (૧૨) મધ્વ (૧૩) નિંબાર્ક (૧૪) કબીરમત (૧૫) નાનકમત (૧૬) વલ્લભ સંપ્રદાય (૧૭) દાદુમત (૧૮) રામાનંદી (૧૯) સ્વામીનારાયણ (૨૦) બ્રહ્મસમાજ (૨૧) આર્ય સમાજ આ ક્રમ જે નામોથી મતો પ્રચલિત થયા છે અને જેના જુદા ધામો ઉદ્ભવ્યા છે એ દૃષ્ટિથી દોરાયેલ છે. એ સિવાય તો જેમ જૈન ધર્મમાં દિગંબર શ્વેતાંબર અને સ્થાનકવાસી અને તે દરેકમાં પાછા અવાન્તર ભેદો છે તેમ બીજા મતોના પણ સંખ્યાબંધ ભેદો છે.

ઉપરની ગણનામાં ઇસ્લામ અને ક્રિશ્ચિયાનીટી યાને ખ્રીસ્તી ધર્મને લીધા નથી કેમકે તેનો ઉદ્ભવ ભારત વર્ષની બહાર થયો છે. જેના પ્રણેતાના નામ અનુક્રમે મહમદ પેગમ્બર અને જીસસક્રાઇસ્ટ છે.

ઉપરોક્ત પાંચ દર્શનોના મંતવ્ય સામે જૈન દર્શન– "આત્મા છે. આત્મા નિત્ય છે. આત્મા કર્મોનો કર્તા છે. તેમજ

# રાષ્ટ્ર સેવામાં ધર્મ સેવા.

એક સમય એવો પ્રવર્તતો હતો કે જ્યારે રાષ્ટ્ર સેવા શું છે એ વિષે અજ્ઞાન વર્તતું હતું. ધર્મના બાહ્ય આચાર વિચારમાંજ લોકો, કર્તવ્યની ઇતિશ્રી થયેલી માનતા હતા. પરંતુ પરિવર્તનશીલ વિશ્વમાં બધા દિવસો એકસરખા જતા નથી. અને તેથી આજે આપણે એક એવા વૈજ્ઞાનીક તબક્કે આવી પહોંચ્યા છીએ કે જેના પ્રતાપે આપણે આપણા સંકુચીત માનસ વર્તુલમાંથી વિશ્વના બ્હોલા ક્ષેત્રમાં ઝંપલાવવું આવશ્યક થઇ પડેલ છે.

રાષ્ટ્રની ઉન્નતિમાં ધર્મની ઉન્નતિ, અને રાષ્ટ્રની અવનતીમાં ધર્મની અવનતી સમાયેલી છે એ ઉઘાડી આંખે જોઇ શકાય તેવું સત્ય છે.

શ્રેણિક રાજ અને કુમારપાળ મહારાજ વખતે જૈન ધર્મ પુરબ્હારમાં ખીલ્યો હતો. પરંતુ કરાલ કાળના તાંડવમાં રાષ્ટ્ર જીવન જોખમયું. મોગલયુગ શરૂ થયો, અને તેની સાથેજ ધર્મ જીવન સંકટગ્રસ્ત બન્યું. હિન્દુ મન્દિરો, હિન્દુ મૂર્તિઓ અને આગમો, આસમાની–સુલતાની નામની એ મોટી આફતો માંહેની સુલતાની આફતના ભોગ બન્યા. આથી સ્પષ્ટ જોઇ શકાય છે કે રાષ્ટ્રોત્થાનમાં ધર્મોત્થાન અને રાષ્ટ્રપતનમાં ધર્મપતન સંકલીન થયેલાજ છે.

આજે એક મુકલલકડી શરીરધારી મુઠી હાડકાના ધણી, એ અજબ ડોસાએ, ભારતને જગતભરમાં પ્રસિદ્ધ કરી દીધેલ છે. ભારતની એ વિભુતિના શસ્ત્રાસ્ત્રો એટલે જૈનોના વ્રતો–"અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ." જૈનોએ તો ગર્વ લેવા જેવો આ ધન્યપ્રસંગ છે. એક મહાન દેશ હિંસાના ખપ્પરમાં હોમાયા વિના–રાજકીય જીવનમાં પણ અહિંસાથી વિજયમાળ પહેરી શકાય છે એ સત્ય એક ગાંધીએજ જગતને શીખવ્યું છે.

એ મોહનના બંસીનાદે માત્ર ભારત વર્ષજ નહિં પણ સમગ્ર જગત મુગ્ધ બન્યું છે. એને જોવા અને એના થોડા શબ્દો સાંભળવા સેંકડો નહીં, હજારો નહીં પણ લાખો માણસો ઉલટે છે. આ સર્વ કોનો પ્રતાપ? કયો વૈભવ એની પાસે છે? કહેવુંજ પડશે કે. ત્રિયોગની ઐકયતા, અહિંસા અને સત્ય સાથે તાદાત્યમ્યતા, અને સર્વ જીવપર એનો અપૂર્વ મૈત્રીભાવ.

એના સાદે ભારતવર્ષે પોતાની શીકલ બદલી નાખી છે તે સમયે ભારતનાજ સંતાન તરીકે જૈનોની શું ફરજ છે? દેશોદ્ધારના કાર્યમાં જૈનોનો ફાળો કયારે પણ ઓછો ઉતર્યો નથી. વીર મહારાણા પ્રતાપને અણીની ઘડીએ ટકાવનાર ભામાશાહ હતા. મહારાણા વીરધવલની જમણી અને ડાબી ભુજા એટલે મહામંત્રી વસ્તુપાળ અને તેજપાળ. સિદ્ધરાજના ચાણાકય તુલ્ય અમાત્યો એટલે ઉદાયન અને શાંતુ ભીમદેવના મહામાત્ય એટલે વીર વિમલશાહ કેટલી પ્રશસ્તી લખી શકાય?

માત્ર દેશખાતરજ નહીં પણ ધર્મ ખાતર પણ રાષ્ટ્ર સેવામાં ફાળો આપવો જરૂરી છે. રાષ્ટ્ર સ્વાધીન હશે, સ્વતંત્ર હશે તો ધર્મ પણ સ્વાધીન અને સ્વતંત્ર હશે અને રાષ્ટ્ર જો પરાધીન અને પરતંત્ર હશે તો ધર્મ પણ પરાધીન અને પરતંત્રજ રહેવાનો.

જો કે વર્તમાન રાષ્ટ્રોદ્ધારના પવિત્ર કાર્યમાં જૈનો પચ્છાત તો નથીજ. બલ્કે જૈન કોમે આગેવાની ભર્યો ભાગ લીધોજ છે. તો પણ પ્રત્યેક જૈનની ફરજ છે કે દેશના આ ભગીરથ કાર્યમાં જે જે રીતે શકય હોય તે તે રીતે પોતાનો ફાળો આપી કૃતાર્થ બને. સ્વદેશી વસ્તુઓ વાપરે અને અન્યને તે માર્ગે પ્રેરે. આજનો યુગધર્મ આ વસ્તુ માગે છે.

**રાજપાળ મગનલાલ વ્હોરા.**

---

ભોક્તા છે, મોક્ષ છે અને સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્ર એ મોક્ષના ઉપાય છે" એ ૭ સ્થાન સુચવી, દરેકની માનિનતા એકાંગી ને દોષ મૂલક છે એમ સાબિત કરે છે.

પંચ ભૂતોનો સ્વભાવ પ્રત્યક્ષપણે કઠીન દૃષ્ટિગોચર થાય છે જ્યારે ચૈતન્યનો સ્વભાવ તેથી વિલક્ષણ છે માટે નાસ્તિક મત કહે છે કે આત્મા જેવી કોઇપણ વસ્તુ નથી. પંચ ભૂતથી સર્વ કંઇ ઉત્પન્ન થાય છે ને અંતે એમાં મળી જાય છે એ ઠીક નથી. ભૂતોનો ધર્મ ચૈતન્ય કહી શકાય બાકી એનું કાર્ય હરગીજ માની ન શકાય.

આત્માને સર્વથા અનિત્ય માનતાં બંધ મોક્ષ સુખ દુઃખ આદિ ઘટાવી શકાય નહિં તેમજ સર્વથા નિત્ય માનતા મૃત્યુ તેમજ પરભવ આદિ બનાવનો સમન્વય ન સાધી શકાય તેથી **पूर्वा परक्षप त्रुटितानु संधान लक्षण** યાને નિત્યા નિત્ય માનવો વ્યાજબી છે. આથી બૌદ્ધ મંતવ્ય દોષિત પુરવાર થાય છે.

આત્મા મિથ્યાત્વાદિ હેતુઓ વડે કર્મો સંચિત કરે છે તેથી સુખ દુઃખનો અનુભવ કરનાર આત્મા પોતેજ છે. આથી કપિલ મતની માન્યતા અસંગત છે. આ પ્રમાણે ઉકત ૭ પદોનો યથાર્થ વિચાર અવધારતાં એ દરેક યુક્તિ યુક્ત જણાય છે અને તેથી એક દેશીય મંતવ્યવાળા ઉપરના પાંચ દર્શનો દલીલોમાં પાંગળા અનુભવાય છે. અનેકાંત દૃષ્ટિયે સર્વ વિષયો–પદાર્થો–નો વિચાર કરનાર જૈન દર્શનસર્વોત્કૃષ્ટ સિદ્ધ થાય છે જિજ્ઞાસુને એ સારૂ આત્મ પ્રબોધ ગ્રંથ પા. ૫૯ જોવા ભલામણ છે.

સંગ્રાહક:—**ચોકસી.**

---

## શ્રી જૈન દવાખાનું.

પાયધુની, મુંબઇ ૩.

ઉપરોકત દવાખાનામાં છેલ્લા ત્રણ માસમાં નીચે પ્રમાણે દર્દીઓએ લાભ લીધો હતો.

| | પુરૂષ દર્દી | સ્ત્રી દર્દી | બાળ દર્દી કુલ્લે | સરેરાસ |
|---|---|---|---|---|
| ડીસેમ્બર | ૫૧૭ | ૪૩૨ | ૫૯૭ = ૧૫૪૬ | ૫૧ |
| જાનેવારી | ૪૭૪ | ૪૪૧ | ૭૧૫ = ૧૬૩૦ | ૫૩ |
| ફેબ્રુઆરી | ૪૫૩ | ૪૩૯ | ૪૫૦ = ૧૩૪૨ | ૪૮ |

બાઇ ડોકટરે સ્ત્રી દર્દીઓની સારવાર કરી હતી. આવા ઉપયોગી ખાતાંને મદદ કરવા જૈન ભાઇ બ્હેનોને ખાસ આગ્રહપૂર્વક વિનંતિ છે.

# જૈન શ્વે. મારવાડ પ્રાંતીક પરીષદ.

## જૈન કોમની બેકારી મટાડવાનો પ્રમુખ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢાએ બતાવેલો માર્ગ.

### પરીષદમાં ૨૦ હજાર નરનારીઓની હાજરી.

ફીરીનપુરા, તા૦ ૧૨ મી માર્ચ.

જૈન શ્વેતાંબર મારવાડ પ્રાંતીક પરીષદની બેઠક મારવાડમાં આવેલા મંડોલી ખાતે મળી હતી અને તેના વરાયલા પ્રમુખશ્રીનો આગેવાનોએ ભવ્ય સત્કાર કર્યો હતો. પરીષદની બેઠકનો પ્રારંભ ગયા બુધવારે આચાર્ય સમર્થ શ્રી વિજયશાન્તિસૂરિજીની હાજરીમાં થયો અને લગભગ ૨૦ હજાર માણસોએ પરીષદ્દમાં હાજરી આપી હતી લોકોમાં ઉત્સાહ ઘણો જણાતો હતો. પરીષદ્દમાં લાઉડ સ્પીકરોની ગોઠવણ કરવામાં આવી હતી. આચાર્ય સમર્થ શ્રી શાન્તિસૂરિજીએ પરીષદ્દના ઉદ્ઘાટન વેળાનું ભાષણ આપ્યું હતું.

તેમણે પરીષદ્દમાં હાજર રહેલાં નરનારીઓની મોટી સંખ્યાને તેમનાં બાળકોને ધાર્મિક અને વ્યવહારૂ શિક્ષણ આપવાનો બોધ આપ્યો હતો. ખરાબ સામાજીક રૂઢીઓનો નાશ કરવાનું અને કન્યાઓનાં લગ્ન માટે મોટી રકમોની થતી માગણી અટકાવવાનું પણ તેમણે જણાવ્યું હતું.

**પ્રમુખ અને સત્કાર પ્રમુખના ભાષણો**

પરીષદ્દના સત્કાર પ્રમુખે તેમનાં ભાષણમાં પ્રતિનિધિઓનો સત્કાર કરતાં કેળવણી, લગ્ન અને બેકારી વગેરેના પ્રશ્નોની પણ ચર્ચા કરી હતી. પરીષદ્દના પ્રમુખ શ્રી ગુલાબચંદજી ઢઢા એમ. એ. એ. તેમનું ભાષણ કરતાં આચાર્યશ્રીએ અને સત્કાર પ્રમુખે દર્શાવેલા વીચારો સાથે સંમતી દર્શાવી હતી, અને છોકરા છોકરીઓને ઉચ્ચ તેમજ ઉદયોગીક શિક્ષણ આપવાની જરૂરીયાત પર ખાસ ભાર મુકયો હતો.

જૈન કોમમાંની બેકારીના પ્રશ્ન સંબધમાં તેમણે જણાવ્યું હતું કે આખા હીંદના ૪૦,૦૦૦ જૈન દેવળોમાં જૈનો નોકરીઓ સ્વીકારે અને તેમને સાધારણ ફંડમાંથી વેતન અપાય તો બેકારીના પ્રશ્નનું નિરાકરણ આવી જાય. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો જૈન ધર્મનો સ્વીકાર કરનારાઓને જૈન કોમમાં લેવામાં આવે તો જૈન કોમની વસ્તીમાં થતા ઘટાડા પર અંકુશ મુકાશે

પરીષદની વિષય વીચારીણી સમીતી મજબુત અને પ્રતિનિધિત્વવાળી બને તેવી. રીતે તેની રચના કરવામાં આવી હતી. પરીષદની બેઠક ચાલુ છે.

## નોકરી જોઇએ છે.

ન્યાય-વ્યાકરણ-સાહિત્ય અને આગમના અભ્યાસી જૈન પંડિતને નોકરીની જરૂર છે તો કોઈ પણ સંસ્થાને જરૂર હોય તો "જૈન યુગ" પત્રની ઓફીસમાં લખી જણાવો.

# આગમ મન્દિર!!

આ એક ફળદ્રુપ ભેજાની અપૂર્વ કલ્પના છે. ભૂતકાળમાં અનેક મંદિરો થયા છે, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે; પરંતુ બહારની હવામાં આવેલ સમાચાર પ્રમાણે જેનાં શ્રીમદ્ સાગરાનંદ સૂરિજીની આગમ મંદિરની યોજના અત્યાર સુધીમાં તો કોઇને નથીજ સ્ફુરી એમ કહેવામાં અતિશયોક્તિ નથી જણાતી. દેવમંદિરો થાય, ગુરૂમંદિરો થાય, તો પછી આગમ મંદિરો કેમ ન થાય?

હસ્તગિરિના અરણ્યમાં સુંદર મંદિરો થાય વચમાં સમવસરણ થાય, અચ આજુબાજુ ચાર ફુટ ઓરસ ચોરસ પહોળાઇવાળા સ્થંભો થાય. અને તેના પર પીસતાલીસે આગમો અંકિત થાય! કેટલી સુંદર કલ્પના!! અને અભૂતપૂર્વ યોજના!!!

જો ખરેખરજ આ યોજના મૂર્તસ્વરૂપ ધારણ કરે-અને કરશેજ-તો શ્રી સાગરજી મહારાજ બીજા દરેકના-કરતાં લક્ષ ખેંચાય તેવી જુદી રીતેજ અમર થઇ જવાના એ માટે શંકા જેવું નથી તંદુપરાંત તેઓની "આગમમોધ્ધારક"ની પદવી પણ આ યોજનાથી સફળ થાય તે સ્વભાવિકજ છે. એ સર્વ ઉપરાંત પાષાણમાં અંકીત થયેલા આગમ શાસ્ત્રોને પ્રાયઃ કોઇ જાતની હાની થવાનો ભય પણ દૂર થાય છે અને એ ખાતે નાણાં ખર્ચનારના નાણાં સફળ થાય છે. વળી આ દાર્શનિક સ્થાન અવલોકવા-દર્શન વંદન કરવા અતિ દૂર દૂરથી પણ લોકો આકર્ષાઇને આવશે.

પ્રાંતે શ્રી સાગરજી મહારાજની દૂરદેશી અને આ નૂતન-સાહસને માટે તેમને વંદના કરી આગમ મંદિરની સફળતા ઇચ્છીએ છીએ **अस्तु** रा. म.

# સ્વીકાર અને સમાલોચના.

**ભક્તામર સ્તોત્ર—ગુજરાતી પદ્યાત્મક અનુવાદ** અનુવાદક માવજી દામજી શાહ ધાર્મિક શિક્ષક પનાલાલ હાઈસ્કુલ મુંબઇ—ભક્તામર જેવા સર્વ લોકોને પ્રિય સ્તોત્રના અત્યાર સુધી ૨ થી ૩ અનુવાદ પદ્યમાં થયા છે, તેવોજ આ એક અનુવાદ છે, બીજા અનુવાદો કરતાં ભાષા સરળ હોવાથી તુરતજ સમજી શકાય છે, કઠીન શબ્દોનો કોષ પણ પાછળના ભાગમાં આપ્યો છે, મુલ્ય ૦-૪-૦ છે, પુસ્તક સ્કુલમાં ચલાવવા લાયક છે.

Humanitarian Cut-look By M. K. Davraj આ એક નાનું પુસ્તક દક્ષિણ ભારત જીવ રક્ષા પ્રમારક સભા તરફથી મળ્યું છે, દક્ષિણમાં જીવ દયાના ફેલાવા માટે ઉપયોગી છે કે ૪૩૬ મીન્ટ સ્ટ્રીટસો કારપેટ મદ્રાસ એ સિરનામેથી મફત મળી શકે છે.

—મનસુખલાલ લાલન.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠ્ઠું. | તારીખ ૧ લી એપ્રીલ ૧૯૩૮. | અંક ૧૭ મો.

## જૈન શ્વે. કોન્ફરન્સનું અધિવેશન.

### ભાવનગરનું આમંત્રણ

બાબુ નિર્મળકુમારસિંહ નવલખાના પ્રમુખપણા નીચે મુંબઈ-ખાતે સંવત ૧૯૯૦ માં જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ૧૪ મું અધિવેશન મેળવવામાં આવ્યાબાદ પંદરમું અધિવેશન મેળવવાની મંત્રણા છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી હતી

આ માટે થોડા સમય પૂર્વે ભાવનગરના આગેવાન જૈનોની એક મીટીંગ મળી, અને તેમાં નિર્ણય કરવામાં આવ્યો હતો કે કોન્ફરન્સની સ્વાગત સમિતિ માટે એક સો સભ્યો નોંધાય તો ભાવનગરમાં કોન્ફરન્સને આમત્રંણ આપવું.

આ ઠરાવ બાદ સ્વાગત સમિતિના સભ્યો નોંધવાનું કામ શરૂ કરવામાં આવ્યું અને એક સો ને પાંચ સભ્યો નોંધાઇ જતાં ગુરૂવાર તા. ૨૪મી માર્ચની રાત્રીએ શ્રી જૈનધર્મ પ્રસારક સભાના હોલમાં સ્વાગત સમિતિના નોંધાયેલ સભ્યોની એક સભા મેળવવામાં આવી હતી.

આ પ્રસંગે સભ્યોની હાજરી સામાન્ય રીતે સારી સંખ્યામાં હતી. પ્રારંભમાં કોન્ફરન્સના અધિવેશનોના ભૂતકાળનો અને તે મેળવવામાં આવે તો તેના કર્તવ્યમાર્ગને આછો વિચાર કરવામાં આવ્યા બાદ છેવટ ઠરાવ કરવામાં આવ્યો કે-

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું આગામી અધિવેશન ભાવનગર ખાતે મેળવવાનું કોન્ફરન્સનું ઓફીસ ઉપર આમંત્રણ મોકલી આપવું.

સ્વાગત સમિતિના વધુ સભ્યો નોંધવાનું અને તેને અંગે વધુ પ્રવૃત્તિ કરવા માટે હાલ શ્રીયુત જમનાદાસ અમરચંદ ગાંધી, શ્રી જગજીવનદાસ શિવલાલ પરીખ બી. એ. એલ એલ. બી. તથા શ્રી ચત્રભુજ જયચંદ શાહ બી. એસ. સી. એલ એલ. બી. ની કામચલાઉ મંત્રીઓ તરીક ચુટણી કરવામાં આવી છે.

વધુ સભ્યો નોંધવાનું કાર્ય શરૂ છે.

## અખિલ હિંદ જૈન શ્વે. કૉન્ફરન્સ.

### આગામી અધિવેશન માટે ભાવનગરનું આમંત્રણ.

### કાર્યવાહી સમિતિએ સહર્ષ સ્વીકાર્યું.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક સભા બુધવાર તા૦ ૩૦ માર્ચ ૧૯૩૮ ના રોજ શ્રીયુત ડો. **પુનશીભાઈ હીરજી મૈશેરી** જે. પી. ના પ્રમુખપણા હેઠળ સંસ્થાના કાર્યાલયમાં મળી હતી. સભ્યો સાહી સંખ્યામાં હાજર હતા.

શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલિસિટરે (રેસીડેન્ટ જનરલ સેક્રેટરી) શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું આગામી પંદરમું અધિવેશન ભરવા માટે ભાવનગરમાં નિમાઇ ચેલી સ્વાગત સમિતિના કામ ચલાઉ માનદ મંત્રીઓ શ્રીયુત જમનાદાસ અમરચંદ ગાંધી, ચતુર્ભુજ જેચંદ શાહ, બી. એ એલ એલ. બી. અને જગજીવનદાસ શિવલાલ પરીખ, બી. એસ. સી. એલ એલ બી તરફથી આવેલ આમંત્રણ પત્ર રજુ કરતાં સભ્યોમાં આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી હતી. શ્રી. મણીલાલ મોકમચંદ શાહની દરખાસ્તને શ્રી. કેશરીચંદ જેસંગલાલનો ટેકો મળતાં આગામી અધિવેશન માટે ભાવનગરનું આમંત્રણ સહર્ષ આભાર સહિત સર્વાનુમતે સ્વીકારવામાં આવ્યું.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીએ શ્રી મહાવીર જયંતિની રજા માટે મુંબઈ સરકારના વડા પ્રધાન ના. બી. જી. ખેરને ત્રણે ફિરકાઓના આગેવાનો ડેપ્યુટેશનમાં મળયા તત્સંબંધેની હકીકતો રજુ કરી હતી જેની નોંધ લેવામાં આવી.

માંડોલીમાં (જી. જોધપુર) આચાર્ય શ્રીમદ્ વિજય શાંતિસૂરિશ્વરજી મહારાજની પ્રેરણાથી મારવાડ પ્રાંતિક કોન્ફરન્સ ભરવામાં આવેલ તે બદલ કાર્યવાહકો આદિનો આભાર માનવા ઠરાવવામાં આવ્યું.

બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

લિ૦ સેવકો,

**મોતીચંદ ગિ. કાપડીઆ.**

૩૧-૩-૩૮ **કાંતિલાલ ઈશ્વરલાલ.**

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

**उद्‌धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ**:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

**—श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧-૪-૩૮. શુક્રવાર.


## ત્યારે કરીશું શું ?

ઉપરનુ વાકય એ સુપ્રસિધ્ધ વિચારક ને લેખક મહાત્મા ટોલ્સ્ટ્રાયના એક ગ્રંથના મથાળે છે. આજે એ અહીં ઉધ્ધરિત કરવાનો હેતુ એજ છે કે આપણી કોન્ફરન્સને કાઠીયાવાડના એક નામાંકિત શહેર તરફનુ આમંત્રણ મળી શકયું છે. પૂર્વે એજ સ્થળમાં અતિ દબદબા-સહિત અધિવેશન ભરાયેલ. એજ પૂનિત સ્થાનમાં પુનઃ એક વાર પગલા પાડતાં પૂર્વે–અધિવેશનો ઘણીવાર ત્રણ દિવસના જલસામાં પરિણમતા દ્રષ્ટિયે નિરખી, ઠરાવોની લાંબી હારમાળા કોઇ પણ જાતના સક્રિય રૂપમાં અવતરતી ન દેખી–અંતરના ઉંડાણમાંથી–અનુભવની નોંધપોથીમાંથી સહજ પ્રશ્ન ઉઠે છે કે ત્યારે કરીશું શું ? અર્થાત્ એ પ્રસંગ લાધ્યો છે તે વેળા કંઇક નવિન દિશા કિંવા નવી રેખા દોરીશું કે પૂર્વવત્ અચરે અચરે રામ કરી હતા ત્યાંના ત્યાંજ રહીશું ?

ઘણીવાર પોકાર કરવામાં આવ્યો છે અને એકવાર વધુ કરીએ કે આ કર-યુગ યાને ગાંધીયુગ છે. ભૂતકાળના ગૌરવપર નૃત્ય કરવાનો કે ભાવિ કાળ સંબંધે સુંદર સ્વપ્નો સેવવાનો, વિવિધ મનોરથ સર્જવાનો, અલંકારિક ને મોહક શબ્દોમાં ઠરાવ રચના કરવાનો સમય સાચેજ વહી ગયો છે. જેમ કાંગ્રેસ માટે અરજી–પીટીશન વિનંતી કે ભલામણ કરવાની પ્રણાલિકાને સ્થાને મહાત્માજીના આગમન પછી જાતે કેટલું કરી શકાય તેવું છે-કદાચ સરકાર તંત્ર સોંપી દે તો કેટલું કરી દેખાડવાની તાકાત છે. અગર કરેલ નિશ્ચય માફક–જનતાની માંગણી માફક–સરકાર તરફથી હાથ ન લંબાવાય તો એ નિશ્ચય એ માંગણી–બર લાવવા કેટલી હદે અસહકાર કે સત્યાગ્રહ રૂપે શક્તિનુ પ્રદર્શન કરવાનું બળ છે–એ વિચારણા ચલાવવાનો દિન ઉગ્યો છે અરે એ પ્રથાનો પ્રભાતકાળ થઇ પણ ચુકયો છે. તેમ આપણી કોન્ફરન્સ માટે પણ સમયના વહેણ જરૂર બદલાયા છે. સમાજને ઉદ્દેશી ઇચ્છા પ્રદર્શિત કરવાના કે સુચના–ભલામણ કરવાના વર્ષો વીતી ગયાં છે. આપણે કેટલા તસુ ભરી શકીએ છીએ અને અગત્ય ઉભી થતાં નિર્ધારિત પંથે દ્રઢ કદમ ભરી શકીએ છીએ કે કેમ એનુ તોલન કરવાનો–અનુમાપ કહાડવાનો–સમય સામે ડોકીયાં કરે છે.

ચૌદ અધિવેશનના કાર્યનો સરવાળો કરી લાભાલાભના આંક મૂકવાના છે. પલ્લુ નમતું જણાય તોજ જુનો માર્ગ ઇષ્ટ છે પણ એને બદલે પલ્લુ ઉંચે જતુ હોય તો માત્ર સરવાળાપર ન રાચતાં બાદબાકી ને ભાગાકાર કરવાની હિંમત પણ કેળવવાની છે. યુગની હાકલ તો ગુણાકાર તરફ ધ્યાન આકર્ષે છે–સરવાળાનો મોહ જતો કરવાનો નાદ સુણાવે છે એ શ્રવણ કરવાની તમન્ના છે ?

ગણિતનો નિયમ બેનાં આંક સુધીનો સરખાઇ દાખવે છે, પણ જ્યાં ત્રીજા પર આવ્યા કે સરવાળા કરતાં ગુણાકાર દોડી દોટ મૂકે છે અને પછી તો અંકે અંકે ચમત્કૃતિના દર્શન થાય છે. એ નિતરૂ સત્ય અહર્નિશ આંખતળેથી પસાર થતું નિહાળવા છતાં અત્યાર સુધી અણસ્પર્યું રહ્યું છે. એ પ્રતિ મીંટ માંડવાનીજ નહિં, પણ એને ચીટકી બેસવાની–એનાજ અમલી કાર્યમાં આકંઠ મજ્જન કરવાની ઘડી પ્રાપ્ત થઇ છે દેહનું બળ એના અંગ ઉપાંગો પર અવલંબે છે અને સંસ્થાનુ બળ એની પ્રાંતિક ને શહેરી કે ગ્રામ્ય સમિતિઓમાં સમાય છે. જ્યાં એમાંજ વિદગ્ધતા–અસંગતતા કે અકર્મણ્યતાદિ દોષો હોય! અરે પરસ્પર શૃંખલાબધ્ધતા જેવો દ્રઢ સબંધ ન હોય ત્યાં એકજ સૂર એકજ ધ્વનિ કયા પ્રકારે ગુંજવાનો ? સુઘોષા ઘંટાનો નાદ થતાંજ બાકીના દેવલોકમાં ઘંટાઓ બજવા માંડે છે એ **શ્રીકલ્પસૂત્રનું** વચન છે, રેડીયોના મુખ્ય મથકેથી સુણાવાતા સંદેશ જ્યાં જ્યાં એના રવને ગ્રહણ કરી શકે તેવા મશીનો હોય છે ત્યાં પહોંચે છે, એ અનુભવનો વિષય છે અને અલ્હાબાદના સ્વરાજ્ય ભુવનની કચેરીમાંથી પાઠવેલો પયગામ ભારતવર્ષના ભિન્ન ભિન્ન પ્રાંતોમાં એકધારો પહોંચી જાય છે, એ તો હજુ નજર સામે સિધ્ધ–સમૃધ્ધિમાં મધ્યાન્હના કદમ ચુમની આપણી રાષ્ટ્રિય મહા સભાની કાર્યવાહીનો ધોરી માર્ગ છે.

શું એ સર્વ પરથી ધડો લઇ, સર્વ કરતાં પ્રથમ એ કાર્ય ઉપાડવાની જરૂર નથી ? શા સારૂ કોન્ફરન્સ મૈયાની સમિતિઓ પ્રાંત–શહેર કે ગામમાં ન સ્થાપવામાં આવે ? શા માટે વર્ષભર એ જીવંત રહે એવો કાર્યક્રમ યોજવામાં ન આવે ?

સામાજીક સવાલોનો તોટો નથીજ અને કેળવણી બેકારી જેવા પ્રશ્નો તો ગળે વળગ્યા છે, છતાં ઉપર વર્ણવ્યા પ્રમાણે સંગીન જડ ન નંખાય ત્યાં સુધી એ બધા પંગુ જેવા છે. કોન્ફરન્સનો સંબંધ દરેક સ્થળના સંઘો સાથે જેટલો ધર્મના નાતાથી જોડાએલો છે, તેટલો અન્ય કશાથી નથી. ધાર્મિક સવાલોમાં જેટલી એક વાકયતા જણાય છે, તેટલી સામાજીક પ્રશ્નોમાં ભિન્નતા ને વિષમતા દ્રષ્ટિગોચર થાય છે. એટલે સંગઠનમાં અને એને લગતા જીવંત કાર્યક્રમમાં ધાર્મિક મુદ્દો અગ્ર પદે રહેવો જોઇએ. તે વિના આમ સમુહનો સંપર્ક નહીં જામે.

નાડ પારખી ઉપચાર કરીશું કે બાહ્યોપચારમાં મગ્ન થઇશું એ હાલ તો એરણપર છે.

ભાવનગર અધિવેશન પર એનો નિર્ણય અવલંબે છે.

# નોંધ અને ચર્ચા.

### ધર્મોન્નતિના કાર્યો—

જૈન ધર્મની ઈતર ધર્મીઓ પ્રશંસા કરે, રાજ્યના હાકેમો એમાં સાથ પુરે, અને દેશાન્તરોમાં એ સમાચાર છુટથી પ્રસરી જાય એવા કાર્યો બનતાં રહે એ અવશ્ય અભિનંદનીય હોયજ. એ સાથે એટલો ઉલ્લેખ કરવાનો કે એ વેળા દેશ-કાળ પ્રતિ નજર અને સકળ જનતાને લાભદાયી થઇ પડે તેવા માર્ગે દ્રવ્ય વ્યય કરવાની વૃત્તિ જાગ્રત હોવી ઘટે. સંકુચિત માનસ દ્વારા સાચી ઉન્નતિ નજ થઈ શકે. ઉદાર એવા વીતરાગ ધર્મની પ્રભાવના વિશાળ હૃદયથીજ થાય. એ ધોરણે સંઘપતિ પોપટલાલ ધારશીભાઇની સખાવત સુંદર લેખાય કાઠીયાવાડમાં એ સંઘ દ્વારા જે જાગ્રતિ આવી, એવીજ મારવાડમાં માંડોલી નગરે પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે એકત્ર થનાર માનવ મેદની અને માલેગામમાં ઉજવાતાં મહોત્સવ ટાણે ગોઠવવામાં આવેલ વ્યાખ્યાનમાળા દ્વારા શકય છે. મુંબઈમાં જાહેર હોસ્પીતાલ માટે એવીજ એક સખાવત મર્હુમ શેઠ પ્રેમચંદ રાયચંદના તનુજો તરફથી ટુંક સમયમાં કરવામાં આવી છે. જો કે જૈનોએ ભૂતકાળમાં માત્ર પોતાની કોમ પુરતીજ સખાવતો કરી છે એમ કહેવું અવશ્ય ખોટુંજ છે; છતાં વર્તમાન કાળના શ્રીમંતોને એટલી તો વિનંતિ કરી શકાય કે જૈન ધર્મની પ્રભાવનાના કાર્યો મર્યાદિત કક્ષામાં નથી સમાઇ જતાં. શુદ્ધ ભાવનાથી અને પરમાર્થ દ્રષ્ટિથી કરાતાં દરેક કાર્યો પછી તેની શરૂઆત નાની હોય કિંવા તે મોટા પાયા પર રચાયા હોય, એ સર્વ દીર્ઘ દ્રષ્ટિથી કરાય તો કરનાર તેમજ તે જે સમાજ અને ધર્મનો હોય તેને જરૂર દીપાવે છે. અલબત એ વેળા પણ કયા ક્ષેત્રમાં કિંવા કયા ખાતામાં પ્રથમ આવશ્યકતા છે એ તો જરૂર વિચારણીય છે.

### સંસ્થા ક્રિયોદ્ધાર માંગે છે—

સાધુ સંસ્થા જરૂર જૈન સમાજનું એક પવિત્ર અને આવશ્યક અંગ છે. જેવું સાધુનુ તેવુંજ સાધ્વીનુ. ઉભય મળીને જે શ્રમણ સંસ્થા તરિકે ઓળખાય છે તેનોજ અત્રે વિચાર કરવાનો છે. એ સંસ્થામાં કેટલુંક અનિષ્ટ તત્ત્વ એટલા પ્રમાણમાં દાખલ થઇ ચુકયું છે કે જો એનો યોગ્ય ઉપચાર નહિં કરવામાં આવે તો એ સડો સારીયે સંસ્થાને દોષભાજન બનાવી મૂકશે, એટલુંજ નહિં પણ કલંકિત કરવાની સ્થિતિએ પહોંચાડી દેશે. જૈન ધર્મમાં અનેકાંત દ્રષ્ટિ મુખ્ય ભાગ ભજવે છે, છતાં બ્રહ્મચર્ય વ્રત માટે તો એકાંત આજ્ઞાજ અપાયેલી છે. જ્યાં એમાં ગાબડું પડયું કે નાવ તળીએ જઇ બેસેજ. એ સંબંધી જરા જેટલી કસુર ન જ ચલાવી લેવાય. પંચ મહાવ્રતની ચકાસણી કરીનેજ સાધુ તરિકે સ્વીકારવાની આજ્ઞા શાસ્ત્રકારોની છે, પણ એ જાતની પરિક્ષા કરવાનુ સામર્થ્ય જૈન સમાજના મોટા ભાગમાં આજે નથી. છતાં પ્રત્યેક જૈનની ફરજ સાધુતાના બહુમાન કરતાં પૂર્વે 'કંચન-કામિની'નો ત્યાગ જોવાની તો છેજ. અઠવાડીકમાં પ્રગટ થયેલા સમાચાર મુજબ સાધ્વી શીતળશ્રી ચારિત્ર ત્યજી સુભદ્રદેવી બની સંસાર માંડે છે! પાટણમાં સાધુઓ મારામારી કરે છે! રાધનપુરમાંથી સાધુ પલાયન થાય છે! જામનગરના સંઘમાં પણ કેટલાક સાધુઓએ આચાર મર્યાદા ઉલ્લંઘન કર્યાનું સંભળાય છે. ઈ. બનાવો નમુનારૂપ છે. એને લગતી શિથિલતાઓની વાતો વૃદ્ધિગંત થતી ચાલી છે! આચાર્યોની સંખ્યા વધ્યા છતાં જો જવાબદારીનું ભાન ન જળવાતું હોય કિંવા નિર્નાયકતા ડંકા મારતી હોય તો જરૂર ઉચ્ચારવુંજ પડે કે એટલા બધા આચાર્યો કરતાં એકાદ સત્યવિજય પન્યાસજી વધુ આવકારલાયક છે. મુનિ સંમેલનના ઠરાવનો ભંગ કે ત્યાર પછીનું ડહોળાયેલું વાતાવરણ સ્પષ્ટ સુચવે છે કે દેશકાળને અનુરૂપ એકાદા સંગીન તંત્રની તાકીદે સ્થાપના થવી જોઇએ. એનામાં સર્વ સાધુ સાધ્વીને દોરવણી આપવાની ને નિયંત્રણ કરવાની શક્તિ, તેમજ એ સામે ચેડા કહાડનાર માટે નશિયત કરવાની સત્તા હોવીજ જોઇએ. સંઘ પ્રતિષ્ઠા, ને આગમ મંદિરના પ્રેરક સુરિવરો આ પિછાણશે કે?

### પ્રાંતિક સંમેલનો—

પ્રાંત પૂરતી પરિસ્થિતિનો વિચાર કરી યોગ્ય ઠરાવો કરવા એક પ્રતિનિધિત્વ ધરાવતી મુખ્ય સંસ્થાના આશ્રય હેઠળ પ્રાંતિક સંમેલન ભરવા જરૂર ઈષ્ટ છે; એથી જાગ્રતિ પણ આણી શકય છે. છતાં એમાં કેટલીક ચોખવટ ને અમુક જાતના કાનુનોની આવશ્યકતા અવશ્ય છેજ. એ જાતની પ્રથા વડેજ મહારાષ્ટ્રનું સ્થાન આજના જૈન સમાજમાં સુસંગઠિત ગણાય છે. એ પછી પંજાબનો નંબર આવે છે. મારવાડે એ દિશામાં પગ માંડયો છે. જ્યારે મુખ્ય સંસ્થા ચોકાળમાંથી મુખ બહાર ન કાઢતી હોય ત્યારે એની શાખાઓ વસંતનો વાયુ આસ્વાદે એ પ્રશંસનીય ગણાયજ. આમ છતાં ઉભય વચ્ચે એક વાકયતાનો તાર સુરક્ષિત રહે એ સારૂ કંઇક નિયમન તો જોઇએજ. વળી ભરતપુર રાજ્યમાં ઉપાશ્રયમાં વ્યાખ્યાન વાંચવું હોય તો પણ રાજ્યની પરવાનગી જોઇએ જેવા દેશી રાજ્યના સ્વચ્છંદી કાનુનો સુધરાવવા કે એ સામે પડકાર આપવા કેંદ્રસ્થ સંસ્થા કરતાં આવા પ્રાંતિક સંગઠનો વધુ અસરકારક નિવડે તેથી પ્રાંતિક સંમેલન નિયમિત મળતા રહે તોજ સંગઠનની ગાંઠ મજબુત બંધાય એથી એ ઉત્તેજવા યોગ્ય છે ગુજરાતે પણ એ દિશા નિરખવી ઘટે છે.

### વ્યાયામ પ્રવૃત્તિ અને વહીવટદારો—

આજે ભાગ્યેજ કહેવાની જરૂર હોય કે ભાવિ સંતતિના શરીરો દ્રઢ મજબુત અને ખડતલ બનાવવામાં વ્યાયામનું શિક્ષણ કંઈ અનેરો, છતાં અતિ મહત્વનો ભાગ ભજવે છે. દરેક સમાજે પોતાની ભાવિ પ્રજામાં એના ઉંડાં બી વાવવા જોઇએ. એ માટે મુંબઇ જેવા વિશાળ શહેરમાં હવા ઉજાસવાળા વિશાળ ચોગાનો વસ્તીભર્યાં લતાઓ નજીક નહિં જેવાજ દ્રષ્ટિગોચર થાય છે. છતાં ઘણી ખરી જ્ઞાતિઓ પોતાની વાડીઓમાં વ્યાયામની તાલીમ આપવાનો બંદોબસ્ત કરી યુગની એક આવશ્યકતા અપનાવે છે એમ કહી શકાય. જૈન સમાજમાં પણ સદ્‌ગત શેઠ દેવકરણ મુલજીભાઇએ દીર્ઘ દર્શિતાથી એ વાત જોઇ, જૈનો માટે લાલબાગ-ધર્મશાળાની જગ્યાનો પ્રબંધ નામના ભાડાથી કરી આપ્યો અને શ્રી મુંબઇ જૈન સ્વયસેવક મંડળ મારફતે ત્યાં વ્યાયામશાળાના મંડાણ થયા. એ સંસ્થા વર્ષો થયાં કેવું કામ કરી રહેલ છે એ જૈન જૈનેતર સમાજથી અજાણ્યુ નથી. અફસોસજનક વાત તો

# હૈમ સારસ્વત સત્ર.

લેખક:-મોતીચંદ ગિ. કાપડીઆ, સોલિસીટર.

કરાંચી મુકામે મળેલી ગુજરાતી સાહિત્ય સંમેલને **હૈમ સારસ્વત સત્ર** ગુજરાત પાટણ અણહિલ્લપુર પાટણમાં ઉજવવાનો ઠરાવ ગત નાતાલના તહેવારોમાં અધિવેશન વખતે કર્યો છે. શ્રી હેમચંદ્રાચાર્ય એ જૈન કોમની તો મહાન **વિભૂતિ** છે અને કલિકાલ સર્વજ્ઞના નામથી અંકિત થયેલ છે, પણ તેને સમસ્ત સાહિત્યકારો ગુજરાતના એક મહાન જ્યોતિર્ધર તરીકે સ્વીકારે એ એક રીતે ગૌરવનો વિષય છે.

અત્યાર સુધી ગુજરાતી ભાષાનું મૂળ શ્રી નરસિંહ મ્હેતા સુધી જતું હતું. તેનો યુગ ૧૩ મી સદીની આખર લગભગ ગણાય. કેટલાક વખતથી જૈન વિદ્વાનોએ નરસિંહયુગ પહેલાની અનેક જૈન કળાકૃતિઓ ગુજરાતી ભાષામાં જનતા સમક્ષ રજુ કરી. ત્યારથી ગુજરાતી સાહિત્યકારોનું લક્ષ્ય એ બાબત તરફ ખેંચાયું. ત્યાર પછી તો શ્રી હેમચંદ્રાચાર્યનું 'સિદ્ધ હૈમ વ્યાકરણ' જાહેરાતમાં આવ્યું. તેના આઠમા અધ્યાયમાં અર્ધ માગધી સાથે અપભ્રંશ અને સુરસેની ભાષાનો ક્રમ વિચારતાં ગુજરાતી ભાષાનું મૂળ દશમી સદી જતું લાગ્યું. ત્યાર બાદ હેમચંદ્રાચાર્યના 'દેશીનામમાળા' અને બીજા કોશો તપાસતાં તેમાં વર્તમાન ગુજરાતીનાં મૂળો દેખાયાં. તેમના અપભ્રંશના દષ્ટાંતોનું વર્તમાન ગુજરાતી ભાષા સાથે સામ્ય વિચારતાં ગુજરાતનું આદ્ય સ્થાન હેમચંદ્રાચાર્ય સુધી લંબાતું જણાયું. એટલે હેમચંદ્રાચાર્યને આદિ ગુજરાતી સાહિત્યકાર અને મહાન ગુજરાતી જ્યોતિર્ધર તરીકે ઓળખવાનાં સાધનો વધતા ગયાં.

એ ઉપરાંત ગુજરાતની અસ્મિતાનો પ્રથમ ખ્યાલ શ્રી હેમચંદ્રાચાર્યને આવ્યો હતો એમ પણ જણાયું. જેમ કાલીદાસે રામનો મહિમા ગાવા માટે રઘુવંશ બનાવ્યો, તેમ ગુજરાતનો મહિમા ગાવા માટે શ્રી હેમચંદ્રાચાર્યે દ્વયાશ્રય કાવ્ય રચી કમાલ કરી. એમાં એમણે ગુર્જરાધિપ મુળરાજ સોલંકીથી ઇતિહાસ શરૂ કરી એને સિધ્ધરાજ જયસિંહ સુધી આણ્યો અને કુમુારપાળ ચરિયંમાં કુમારપાળ સુધી એ ઇતિહાસ તેઓશ્રી લઇ આવ્યા. ગુજરાતના વ્યક્તિત્વનો આ પ્રથમ પ્રયાસ થયો અને ગુજરાતની એ પરિસ્થિતિ લાવનાર અને કુમારપાળને ગુજરાતના મુખસ્થાને મુકનાર શ્રી હેમચંદ્રાચાર્ય છે એ વાતની સમસ્ત ગુજરાતી સાહિત્યકોને ઓળખાણ થઇ.

શ્રી હેમચંદ્રાચાર્યનું ગૌરવ તો અનેક પ્રકારનું છે, વિવિધ છે અને નમન કરાવે તેવું છે. એમણે વ્યાકરણ રચ્યું તો સર્વાંગ સુંદર, એમનો છંદોનુશાસન છંદ (વૃત) ના વિષયમાં પરિપૂર્ણ, અલંકારમાં અલંકાર ચુડામણિ, કાવ્યમાં ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર અને પરિશિષ્ટ પર્વ, યોગમાં યોગ શાસ્ત્ર, કોશમાં અભિધાન ચિંતામણિ-આવી રીતે લગભગ સાહિત્યના સર્વ ક્ષેત્રોમાં એ ઘુમ્યા છે. જૈનોને એમના તરફ પક્ષપાત હોય તે સ્વાભાવિક છે, પણ એમની ખ્યાતિ એમની વિશિષ્ટ કૃતિઓને લઇને છે. એમાં સર્વ દેશીય તત્ત્વોજ હોવાથી એ જૈન સાહિત્યક તરીકે નાના વર્તુળમાં ફરવાને બદલે સમસ્ત ગુજરાતના સાહિત્યક થાય એ સ્થાન એમને માટે તદ્દન ઉચિત છે. એમની હયાતીમાં એમની કીર્તિ કાશ્મીર સુધી પહોંચી હતી, તેથી એક વખતે તેઓ ભારત સમસ્તના સાહિત્યકાચાર્ય તરીકે સ્વીકારાય તો તેમાં નવાઇ પામવા જેવું નથી.

તેઓ સાહિત્યક હોવા ઉપરાંત રાજકારણ મુત્સદી હતા અને છતાં બાળ બ્રહ્મચારી હોઇ ઉગ્ર યોગી જીવન વહન કરી રહ્યા હતા. એમની કૃતિઓથી એમનું સ્થાન અવિચળ છે અને વધારે પ્રશંસાને ખેંચી રહે તેવું છે.

એ અમર સાહિત્યકારના ગુણગ્રામ કરવા અને પારણની પ્રશંસા કરવા ગુજરાતના સાહિત્ય રસિકો પાટણ મુકામે એકઠા થાય અને થોડા દિવસ સુધી નાના પાયા ઉપર સાહિત્ય સંમેલન કરે એ આનંદનો વિષય છે. શ્રી હેમચંદ્રાચાર્ય ને વિશિષ્ટ સ્થાન મળે એ તો એમનાં તપને, એની કૃતિઓને અને એમની વિશિષ્ટ જીવન સરણીને લઇનિ છે, છતાં જૈન તરીકે આપણને એમાં આનંદ થાય એ તો સહજ વાત છે. એમના જીવનની અનેક વાતો હજુપણ પાટણમાં ગવાય છે, જૈન ઉપાશ્રયોમાં શ્રવણ થાય છે તે સર્વનો સંગ્રહ થાય, અનેક જૈન ગ્રંથો રાસાઓ અને ચરિત્રોમાંથી એનો ઉદ્ધાર થાય એ પણ ઇચ્છવા યોગ્ય છે. એ સર્વ એકસ્થાને એકત્ર થતાં શ્રી હેમચંદ્રાચાર્ય ને એના ખરા સ્વરૂપમાં ઓળખવાનું જરૂર બની આવશે.

જૈન ધર્મના મહાન લેખક તરીકે તો તેમનું સ્થાન સુપ્રસિદ્ધ છે. પણ ગુજરાતના જ્યોતિર્ધર તરીકે ભારતના મહાન મહાન લેખક કે વિચારક તરીકે તેઓનું સ્થાન મુકરર થાય કે આદ્ય ગુજરાતી સાહિત્યક તરીકે કે પ્રથમ ગુજરાતની અસ્મિતાના પ્રાદુર્ભાવ કરનાર તરીકે એ જાહેર થાય તે અનેક રીતે ઇષ્ટ છે. એથી એ જૈનના મટી જવાના નથી, પણ સમસ્ત ગુજરાતના થવાના છે અને ભવિષ્યમાં સમસ્ત હિંદના થવાના છે એ વાતને નજરમાં રાખી એ દૃષ્ટિએ આપણા સાહિત્યસ્વામીઓ પોતાનો ફાળો જરૂર આપશે એવી આશા રખાય.

પાટણને આ ખાસ ગૌરવનો વિષય છે. પાટણ સમસ્તના જૈન અને જૈનેતર બંધુઓ આ સત્રને સફળ બનાવવામાં

અનુસંધાન પૃષ્ટ ૮ ઉપર.

---

એ છે કે આવી એક ઉપયોગી સંસ્થાને વધુ સગવડતા કરી આપી, સંગીન પાયા પર મેળવાને બદલે ઉક્ત ચેરીટીઝના હાલના ટ્રસ્ટીઓએ સ્થાન ખાલી કરવાની નોટિસ આપી છે! શું જૈન સમાજના આગેવાનો અથવા તો હાલના વહીવટદારો ભાવિ પ્રજાના શરીર સ્વાસ્થ્ય માટે કંઇજ લાગણી નથી ધરાવતાં. ઉક્ત સ્થાનને એક નમૂનેદાર ધર્મશાળામાં ફેરવી નાંખવાને બદલે સાંભળવા પ્રમાણે ચાલી બાંધી પૈસાની આવક કરવા માંગે છે એ વાતનો સાચી હોય તો ભાર દઇને રહેવું પડશે કે તેઓ દેશ-કાળની અગત્ય પિછાની નથી શક્યા ! કોઇબી સંજોગોમાં સૌથી વધુ અગત્ય જૈનો સારૂ એક સગવડવાળી ધર્મશાળા છે કે જ્યાં યાત્રિકોને સગવડ મળી શકે; અને વ્યાયામ આદિ પ્રવૃત્તિઓ સુતરાં ચલાવી શકાય.

# મારવાડ પ્રાંતિય જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## દ્વિતીય અધિવેશન, માંડોલી.

### ૨૫ થી ૩૦ હજારના માનવ સરોવરના અપૂર્વ ઉત્સાહ વચ્ચે શિક્ષણ પ્રચાર, સંગઠન, બેકારીનિવારણાદિ અગત્યના પ્રશ્નોની થયેલી છણવટ.

### મારવાડમાં કોન્ફરન્સથી આવેલી જાગૃતિ.

માંડોલી ( જી. જોધપુરમાં )માં ફાગણ સુદ ૧૦ ને તા. ૧૧-૩-૩૮ ના રોજ શ્રી સુમતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા તથા શ્રી ધર્મવિજયજી મહારાજ અને શ્રી તીર્થવિજયજી મ. ની મૂર્તિની સ્થાપના પ્રસંગે પરમ પૂજ્ય યોગેન્દ્ર ચુડામણી આચાર્ય શ્રી **વિજયશાંતિસૂરીશ્વરજી** મહારાજની પ્રેરણાથી મારવાડ પ્રાંતિક કોન્ફરંસ ભરવા ત્યાંના સમસ્ત પંચોએ નિર્ણય કરી જુદા જુદા પ્રાંતો અને શહેરોમાં છાપેલી આમંત્રણ પત્રિકા મોકલતાં મારવાડમાં આનંદ અને ઉત્સાહની લાગણી ઉભરાતી હતી. નવયુવકોએ પત્રોદ્વારા કોન્ફરંસના અધિવેશન માટે સૂચનાઓ તથા આગેવાનોએ અધિવેશનને સફળ બનાવવા દરેક જાતની તૈયારીઓ કરી હતી. માઉંટ આબુથી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસને તાર મળતાં મી માણેકલાલ ડી. મોદીને અધિવેશનના કાર્ય માટે માંડોલી મોકલી આપવામાં આવ્યા હતા. અધિવેશનના પ્રમુખ તરીકે લોકમાન્ય શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ. ની વરણી થઇ હતી. બીજા નીચે પ્રમાણેના અધિકારીઓની વરણી 'બોલી' દ્વારા થઈ હતી.

સ્વાગત પ્રમુખઃ શા. સમનાજી માલાજી બાલફણા,
ઉપ-પ્રમુખઃ શા. તારાચંદ મદાજી,
,, શા. જોરાજી ગુલબાજી,
સેક્રેટરી શા. ગેનાજી કાકરીજી દલેચા,
,, શા. વીરચંદ નારાયણજી.

અધિવેશનના મંડપો ગામની બહાર એક તલાવડીને તીરે ઉભા કરવામાં આવ્યા હતા. અમદાવાદવાળા આર. તોલાટ કંપનીના લાઉડ સ્પીકરો મારવાડના લોકોને અજાયબી ઉપજાવતા હતા.

તા. ૯ મી માર્ચ ૧૯૩૮ ની બપોરે લગભગ ૧૫ હજાર જેટલી માનવ મેદની વચ્ચે અધિવેશનની શરૂઆત કરવામાં આવી. બાગરાના બે ભાઇઓએ સ્તુતિ કર્યા બાદ મી. મોદીએ આમંત્રણ પત્રિકા વાંચી. અત્રે આચાર્ય સમ્રાટ શ્રી વિજય શાંતિસૂરિશ્વરજી મ. પધારતાં મંડપમાં લોક માતું નહોતું. સ્વયંસેવકોને વ્યવસ્થા જાળવવામાં ઘણી મુશ્કેલી નડી. જનતાની વિનંતિથી આચાર્યશ્રીએ પ્રવચન કરતાં સ્તુતિ કરી જણાવ્યું કે 'ૐ'માં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઓલાર્ડ, આમીન્ આદિ અનેક તત્ત્વો સમાઇ જાય છે. લોકો તાલીઓ પાડે છે તે તેમના મોંઢા ઉપરજ પડે છે, કારણ તાલીઓથી કંઇ સરે એમ નથી, કામ કરી બતાવવાની જરૂર છે. કોન્ફરંસ શું વસ્તુ છે તે તમે જાણો છો. એ એક મહાન શક્તિ છે. આજે દરેક કોમ આગળ વધી રહી છે ત્યારે જૈનોમાં અને ખાસ કરી મારવાડમાં કન્યાવિક્રય, બાળલગ્ન, વરવિક્રય, વૃદ્ધ વિવાહ આદિ પ્રથાઓ પ્રચલીત છે તે આપણને શરમાવનારી છે. આજે ભેદ-ભાવ રાખી શકાય નહિં. સૌમાં ઐક્યતા કરી Universal love વિશ્વપ્રેમની ભાવનાને જગતમાં ફેલાવો. મહાવીર પ્રભુને ચંડકોશીયા નાગે દંશતા રૂધીરની જગ્યાએ દૂધ નિકલે એ શું ? વિશ્વપ્રેમરૂપી દૂધ એમની નસોનસમાં વ્યાપી રહેલ હોવાથીજ દૂધના દર્શન થયા. આવીજ રીતે ખરા જૈનના રોમે રોમમાં વિશ્વપ્રેમજ હોય. દશવૈકાલિક. ઉતરાધ્યયન આદિ સૂત્રોમાં સર્વ પ્રાણી એક સમાન છે એ મતલબના સૂત્રો ઉલ્લેખી તેઓશ્રીએ જૈનોની ઘટતી જતી સંખ્યા, ધર્મ ગુરૂઓની જવાબદારી, સંગઠન આદિ અંગે મનનીય અસરકારક વ્યાખ્યાન આપી '**ધર્મલાભ**' આપ્યા હતા.

અત્રે એક છોકરી ખોવાઈ જવાના ખબર રેડીઓદ્વારા લોકોને જણાવવામાં આવ્યા.

બાદ સ્વીટઝરલેંડના મી. જયોર્જ-જેઓ આચાર્યશ્રી વિજયશાંતિસૂરિજીના પરમ ભક્ત છે, તેઓએ ઉભા થઇ મધુર કંઠે **નવકાર** મંત્ર બોલી સ્વાગત સમિતિ, કોન્ફરંસ કાર્યકર્તાઓનો તથા ગુરૂદેવે તેઓને પોતાની છત્રછાયામાં રાખવા જે કૃપા કરી છે તે બદલ આભાર વ્યક્ત કરી અવિવેશનની સફળતા ઇચ્છી હતી.

સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી **સમનાજી માલાજી બાલફણાએ** ઉભા થઈ સ્વાગત નિમિત્તે બે શબ્દો કહી વિશેષ ભાષણ મી. માણેકલાલ મોદી વાંચી સંભળાવશે તે સાંભળવા વિનંતિ કરી હતી.

બાદ શ્રી કલ્યાણમલજી ( કાંલંદ્રી ), અમીચંદજી સિપાણી ( નાગોર ) જોરાજી ગુલબાજી, ખેમચંદજી સિંધી, ચંપકલાલ શાહ, પ્રભુદાસ જગમોહનદાસ, ચીમનલાલ મહેતા, તારાચંદ મદાજી, શંકરલાલ જૈન, બાબુલાલ, હિંમતલાલ રિખવચંદ, જીવરાજ મયાચંદ, તારાચંદ વનાજી, નવલમલજી, માણેકલાલ મોદી, મનોહરચંદજી આદિની દરખાસ્ત અને ટેકાથી શ્રીમાન્ **ગુલાબચંદજી ઢઢ્ઢા, એમ. એ.** ને પ્રમુસ્થાન આપવામાં આવ્યું હતું. શ્રી ચમનાજી માલાજીએ રેશમી માળા પ્રમુખના ગળામાં પહેરાવી હતી.

આચાર્યશ્રીએ રેશમી માળાની જવાબદારી સમઝાવતાં જણાવ્યું કે આ ઢોળ સમાન્ છે અને તે ઢોળ જેને સોંપવામાં આવે છે તે તેને બજાવવા ધ્યાનમાં રાખે એમ સૌ ઇચ્છે છે. મુંબઇ સમાચાર, જૈન, જૈન યુગ, જૈન ધ્વજ આદિના પ્રતિનિધિઓની સામે (શાક્ષી) અહિં આ 'ઢોળ' સોંપવામાં આવે છે. આશા છે કે ઢઢ્ઢાજી આ જવાબદારી જનતાના સહકારથી પૂરી કરશે અને મારવાડ જેવા પ્રાંતને આ ઢોળદ્વારા કુંભકર્ણની નિદ્રામાંથી જાગૃત કરશે.

## હું ઢોલી બનવા તૈયાર છું.

તાલીઓના ગડગડાટ વચ્ચે ચાંદીની ખુરશી ઉપર પ્રમુખસ્થાન લેતાં શ્રી **ગુલાબચંદજી** ઢઢ્ઢાએ જણાવ્યું કેઃ—

પૂજ્યપાદ આચાર્ય મ. શ્રી વિજયશાંતિસૂરીજી મહારાજ, ભાઇઓ અને બ્હેનો! આપે આ અધિવેશનનો પ્રમુખ ચુંટી મ્હને જે માન આપ્યું તે બદલ હું આપનો આભારી છું. આચાર્યશ્રીએ મ્હને ઢોળ બજાવવાની આજ્ઞા કરી છે તો જૈન સમાજના ઉદ્ધાર માટે હું ઢોલી બનવા તૈયાર છું. (તાલીઓ) પણ યાદ રાખજો કે મ્હારા ઢોલ પ્રમાણે સૌને નાચવું પડશે—કુરૂઢીઓ, ઝઘડાઓ દફનાવવા પડશે. તમે સૌ સુરાતનથી કામ કરશો તો જ ઢોલી બનવામાં મને માન મળશે ગુરૂદેવ સમક્ષ સૌએ કર્તવ્ય પરાયણ થવા પ્રતિજ્ઞા લેવી જોઇએ.

સમય અધિક થવાથી બીજા દિવસ પર બેઠક મુળતવી રહી.

## (૨)

તા. ૧૦-૩-૩૮ ના દિવસે સ્તુતિ થવા પછી મી. માણેકલાલ મોદીએ સ્વાગત પ્રમુખ તરફથી ભાષણ વાંચતા તેમાં જણાવવામાં આવ્યું હતું કેઃ—

પ્રત્યેક મનુષ્ય ઉન્નતિ અને સુખની ઇચ્છા કરે છે તે માટે યથાશક્તિ, યથામતિ પ્રયાસો પણ ચાલે છે. પણ સામુદાયિક ઉન્નતિ માટે કોન્ફરંસ જેવી સંસ્થા હોય તોજ કાર્ય સફળ થાય અને ધ્યેયની પ્રાપ્તિ કરી શકાય. આજે આપણામાં નથી વેપાર, નથી વાણિજ્ય, નથી બળ, નથી કળ, નથી બુદ્ધિ, નથી શુદ્ધિ, આચાર-વિચારના સંશયો અને ઝઘડાઓ આપણને અવન્નતિની દિશામાં ઘસડી રહ્યા છે. આપણી 'શરાફી' નાણામાં નથી રહી, વાતોમાં-કાગળોમાંજ છે. વેપાર મૂકી મારવાડમાં કન્યાવિક્રય રૂપી 'હુંડીઓ' ચલાવવામાં આપણે શૂરા બન્યા છીએ. કોમને એ લાંછન રૂપ છે. અનમેળ વિવાહ, વરવિક્રય, બાળવિવાહ આદિની કુપ્રથાઓ નાબૂદ કરો અન્યથા ગવર્મેન્ટને કાયદાઓ કરવા ફરજ પડશે. કુરિવાજો ત્યાગ કરવા અપીલ કરી સંગઠન કરવા તથા મારવાડમાં કેળવણી પ્રચાર માટે શિક્ષણ સંસ્થાઓ ઉઘાડવા, ધાર્મિક શિક્ષણ પ્રચાર ઘટતા ઉપાયો લેવા શ્રી સંઘ, પંચોને આગ્રહપૂર્ણ વિનંતિ કરવામાં આવી હતી.

## પ્રમુખ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા.

પ્રારંભમાં કોન્ફરંસની સ્થાપના અને વિકાસ સંબંધી ઇતિહાસ જણાવતા સમાજ અને ધર્મની ઉન્નતિ અર્થે કોન્ફરંસ દેવી જેવી અનૂપમ સંસ્થા મારવાડમાં સ્થાપવામાં આવી તે બદલ સૌએ ગૌરવ લેવા અને તેની પ્રગતિ માટે તનતોડ પ્રયાસો કરવા અપીલ કરી હતી. તેઓએ મુંબઇના અધિવેશનમાં એકે તડાકે સવાલાખ રૂપીઆ ભેગા થયા બાદ વડોદરા, પાટણ, અમદાવાદ, ભાવનગર, કલકત્તા આદિ સ્થળોના અધિવેશનોમાં લોકોમાં વ્યાપેલ ઉત્સાહની યાદ આપી હતી.

## શિક્ષણ પ્રચાર.

જૈનો વીરનાપુત્ર છે, તેઓમાં અંધ શ્રદ્ધા ન હોવી જોઇએ, વર્તમાન પ્રગતિ યુગને ઓળખી વિદ્યાપ્રચાર કરવાની જરૂર છે વિદ્યાપ્રચાર જેવા સદ્કાર્યોમાં જો દ્રવ્ય વ્યય થશે તો સમાજને અનેક રીતે ઉપયોગી થશે. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ અને શ્રી લલિતસૂરીજી મહારાજ તથા યોગીરાજ મારવાડમાં અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ કરવા અહર્નિશ પ્રયત્નો કરી રહ્યા છે જેના પરિણામ સ્વરૂપ શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈન બાલાશ્રમ ઉમેદપૂર, શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય વરકાણા, આત્માનંદ હાઇ સ્કૂલ-કોલેજ, સાદડી સ્કૂલ આદિ સંસ્થાઓ સ્થાપન થઇ છે. તેને પોષણ આપશે તો તે કલ્પવૃક્ષ સમાન સમાજને ફળદાયી નિવડશે.

## પૂર્વની જાહોજલાલી અને આધુનિક સ્થિતિ.

આજે કટોકટીના સમય વચ્ચે આપણે પસાર થઇ રહ્યા છીએ. 'સંગઠન' માટે ચારે બાજુથી રણદુંદુભી વાગી રહી છે. જરા વિચાર કરો! આપણામાં બેકારી કેટલી ભયંકર છે. કેટલાએ લોકો પાસે ખાવા, પીવા, પહેરવા, ઓઢવાનાં સાધનો પણ નથી. સટ્ટાએ સર્વ નાશ કરી પાયમાલી કરી છે. દરેક ધંધાઓમાં તિક્ષણ હરીફાઇ જાગી છે. તમારા ધન અને તમારી પ્રતિષ્ઠાની રક્ષા ખાતર સટ્ટા ત્યાગો. લાખો અને કરોડો રૂપીઆ સટ્ટામાં હોમાયા, લખપતિઓ ભિખારી થયા પણ હજુ આપણામાંથી સટ્ટાએ વિદાય નથી લીધી શ્રી હેમચંદ્રાચાર્યના જમાનામાં પાટણમાં ૧૮૦૦ ક્રોડપતિઓ હતા. ગાંધારમાં શ્રી હીરસૂરી પધાર્યા ત્યારે ૧૦૦૦ લગભગ કોટયાધીશો હતા. આજે એ પ્રાંત ખંડેર છે. શું પરિવર્તન? વિચારો. અને ખરા વેપાર બેકિંગના આપણા ધંધાને સજીવન કરો.

આગળ ચાલતા મારવાડમાં કન્યાવિક્રય, જમણવાર આદિની કુરૂઢીઓમાં ખર્ચાતા દ્રવ્ય તરફ લક્ષ ખેંચતા શ્રી ઢઢ્ઢાજીએ મારવાડમાં ૨૫ રૂા. તોલાના હિસાબે જીવીત માંસ (છોકરી) વેચાણ થાય છે જે કસાઇથી પણ વધારે નિષ્ઠુરતા, લજ્જાસ્પદતા દાખવે છે તે ત્યાગ કરવા જોશદાર શબ્દોમાં અપીલ કરી હતી.

## અજૈનોને મળતા એક કરોડ રૂપીઆ.

૪૦૦૦૦ લગભગ જૈન મંદિરોમાં અજૈન પુજારીઓ માટે લગભગ ૧ કરોડ રૂપીઆ વાર્ષિક ખર્ચાય છે. તેની જગ્યાએ સાધારણ ખાતામાંથી જૈનોને પગાર આપી નોકર રાખવામાં આવે તો એ દ્રવ્ય આપણાં ઘરમાં રેહેવાની સાથે બેકારીના પ્રશ્નનો નિકાલ લાવી શકાય. ભગવાનને આપણે અજૈનોને સોંપ્યા છે એ ન હોવું જાઇએ.

પ્રમુખે લંબાણ સુંદર મૌખિક ભાષણમાં અનેક વિષયોની ચર્ચા કરી તે દ્વારા જનતા ઉપર સારી છાપ પાડી હતી.

બાદ મી. માણેકલાલ ડી. મોદીએ સફળતા ઇચ્છનારા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા.

## વિશ્વ પ્રેમની ભાવના.

બાદ શ્રી વિજયશાંતિસૂરીશ્વરજી મહારાજે ઉપદેશ આપતાં જણાવ્યું કે ઢઢ્ઢાજીએ તમોને લાડુ, જલેબી ખવરાવેલ છે તેના

પાચન અર્થે મ્હારે ચુર્ણની ગોળી આપવી જોઇએ. ઉત્તરાધ્યયન સૂત્રમાં કેશી મુનિના અધિકારથી તમે પરિચિત હશો. તેમાં જાતિની વિશેષતા નથી-ગુણોની વિશેષતા બનાવવામાં આવી છે. ગીતામાં, ગરૂડ પુરાણમાં, ભગવતી સૂત્ર આદિમાં પણ તેને મળતા ઉલ્લેખો છે. કર્મથી બ્રાહ્મણ અને ક્ષત્રીય થાય છે, જાતિની વિશેષતા ગણે તેજ હીન હોય છે, જ્યાં જ્યાં પક્ષપાત છે ત્યાં ધર્મ નથી, દૃષ્ટિ રાગવાળો મહા પાપી છે વિગેરે મતલબના સૂત્રો ઉલ્લેખી સમાનતા-વિશ્વપ્રેમના ગુણો ખીલવવા તેઓશ્રીએ જણાવ્યું હતું. આજે એકટિંગમાં બોકો માનનારા રહી ગયા છે. મૂળ સમજતા નથી. સમતા ને ઉલટાવો તામસ થાય-અર્થ અનર્થ થઇ જાય તેથી જગતમાં ભવ્ય જીવોના ઉપકારાર્થે જીનેશ્વર પ્રભુએ પ્રરૂપેલ ધર્મને બરાબર સમજી સમાજ કલ્યાણ કરો.

બાદ સબજેક્ટ કમિટીની ચુંટણી માટેની જાહેરાત થયા બાદ રાતના સબજેક્ટ કમીટી મળી હતી; જેમાં સૌએ ચર્ચા કરી અધિવેશનમાં રજુ કરવાના ઠરાવો નક્કી કર્યા હતા.

(૩)

તા. ૧૧-૩-૩૮ ના રોજ સ્હવારે લગભગ ૩૦ હજાર માણસોની ઉપસ્થિતિમાં બેઠક શરૂ થતાં મંગળાચરણ થયા બાદ મી. મોદીએ સફળતા ઇચ્છનારા સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા જેમાંઃ—

પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી, શ્રી વિજયલલિતસુરિશ્વરજી, શ્રી જૈન શ્વે. કોન્ફરંસના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ, શેઠ શાંતિદાસ આશકરણ જે. પી. (મુંબઈ), બહાદુરસિંહજી સીંધી કલકત્તા, દયાચંદજી પારેખ, કલકત્તા, તાજબહાદુરસિંહજી કલકત્તા તથા મુંબઇના શેઠો, રા. સા. રવજી સોજપાલ, રતિલાલ વાડીલાલ પુનમચંદ, કાંતિલાલ ઇશ્વરલાલ, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટર, સાકરચંદ મોતીલાલ, મોહનલાલ હેમચંદ ઝવેરી, મોહનલાલ બી. ઝવેરી, સોલિસિટર, રમણિકલાલ કેશવલાલ ઝવેરી, સોલિસિટર, માણેકલાલ ચુનીલાલ, ફુલચંદ શામજી, ચીમનલાલ વાડીલાલ શાહ, રણછોડભાઇ રાયચંદ ઝવેરી, હીરાલાલ સુરાણા-સોજત, મુલચંદ આશારામ વૈરાટી અમદાવાદના સંદેશાઓ હતા.

બાદ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા જેની વિશેષ વિગત આગામી અંકમાં અપાશે.

---

# ચર્ચાપત્ર.

નોટઃ-આ મથાળા નીચે આવતા લેખો તંત્રીની સમતિવાળા છે તેમ સમજવું નહિ. તંત્રી.

---

શ્રી જૈન યુગના માનદ તંત્રી જોગ.

નીચેની વિગત આપના અંકમાં પ્રગટ કરશો.

**શ્રી કેળવણીની યોજના અને આપણા અધિકારીઓ.**

ગયા માર્ચ માસમાં મુંબાઈ ખાતે મળેલી ઓલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમીટીની બેઠક મલ્યા પછી ચુંટાયેલા નવા સેક્રેટરીઓએ ઝડપી કામ લેવાની શરૂઆત કરી. ઓફિસની પ્રવૃતીને વધુ ઝડપી બનાવવા પ્રયત્ન કર્યા. દરમ્યાન એમાંના તદ્દન નવા પણ ઉદાર સેક્રેટરી ભાઈશ્રી કાંતીલાલ મોરખીયાએ કેળવણી કાર્યમાં રૂા. પચીસહજાર આપવાની ઓફર કરી. આ ઓફરથી કાર્ય કર્તામાં નવું જોર અને ઉત્સાહ આવ્યો. કેળવણીને લગતી અનેક યોજનાઓ વીચારાઇ. છેવટે પ્રાથમીક માધ્યમિક કેળવણી ગામડામાં વધુ પ્રમાણમાં આપવાનું બની આવે તેવી રીતે એક સ્કીમ તૈયાર થઇ. રૂા. પચીસ હજાર આપનાર એ ઉદારચીત ગૃહસ્થે એ રકમ બે વર્ષમાં ખરચી નાંખવાની જવાબદારી કમીટીને માથે નાંખી હતી. એક વર્ષ એમને એમ પસાર થયું. ફક્ત બસો પાંચસો સીવાય વધુ રકમ એ અંગે ખરચાઇ નથી. રૂા. આવી ગયા છતાં કામ ઢીલમાં પડયું.

અને એ દિશામાં પૈસા તુરતમાં ખરચી નાંખવાની તાલાવેલી લાગી હતી એ ઓછી થતી ગઇ પરીણામે ઉદારચીત ગૃહસ્થને પોતાના પૈસા વપરાયા સીવાય પડી રહ્યા છે તેનું દુઃખ થયાજ કરે છે એ દુઃખ તદ્દન વાજબી અને ખરૂં છે. અત્યારે આપણે જે રીતે બેપરવાઇથી એ કામ કરી રહ્યા છીએ એ રીતે પૈસા આપનાર ભાઈના મનને સંતોષ આપી શકીએ તેમ નથી. ખરી વાત તો એ છે કે આવી નવી યોજનાઓ પ્રત્યે જનતાનું ધ્યાન ખેંચવા માટે આગેવાનો તેના પ્રચાર માટે મુસાફરીઓ કરવી જોઇએ. જુદી જુદી જગાના આગેવાનો સાથે મળી તેજ વખતે યોજનાને સફળતા મળે તેવી રીતે કમીટીઓ નીમાવી તે દ્વારા અમલ કરાવવા પ્રયત્ન કરવો જોઇએ. ફક્ત પત્ર વહેવારથી આવી યોજનાઓ સફળ થવાનો સંભવ ઘણો ઓછો છે. જો આપણા ઓધ્ધેદારો એપ્રીલ મે માસની રજાઓમાં જુદી જુદી જગાના પ્રોગામો ગોઠવે તો યોજના વધુ સફળતા મેળવે. મારે મારા અંગત કામે સાણંદ અને વઢવાણ જવાનું થતા સાણંદના આપણા સ્ટેન્ડિગ કમીટીના સભ્ય ભાઈ કેશવલાલ નાગજી સાથે કેળવણીની યોજના બાબત વાતચીત થતા તેઓએ આ કામમાં રસ લેવાની અને પ્રવૃતિ હાથ ધરવાની ઇચ્છા દેખાડી. તેઓની ભાઇ કાંન્તીલાલભાઇ સાથે વીરમગામ મુકામે ઓળખાણ પણ કરાવી હતી તેવીજ રીતે વઢવાણ કેમ્પમાં શ્રી વઢવાણ શ્વે. મૂર્તિ જૈન વિદ્યાર્થી ભુવનના સ્થાપક અને સુપ્રીન્ટેન્ડેન્ટ સાથે આ યોજ-

અનુસંધાન નીચેની કોલમમાં.

---

નાની ચર્ચા થતા તેઓએ તેમાં રસ લેવાનું મને કહ્યું. સુપ્રી. તરફનો કેળવણી યોજના મંગાવતો પત્ર પણ કોન ઓફીસમાં આવી ગયો છે. આ લખવાની મતલબ એટલીજ છે. એ યોજના અંગે નિમાયેલી કમીટીના સભ્યોમાંથી ઘણાને એપ્રીલ મે જુન માસમાં કામકાજ ઓછા છે કોર્ટોમાં રજા છે. એટલે બધા ભાઇઓ જુદી જુદી જગાએ જુદા જુદા ગ્રુપમાં મુસાફરી યોજનાને અમલમાં મુકવા પ્રયત્ન કરે તો તેઓ સહેલાઇથી કરી શકે તેમ છે. હવા ખાવાના સ્થળોનો મોહ છોડી આવી મુસાફરી હવા ખાવા જેવીજ છે એમ સમજી તે પ્રમાણે મુસાફરીઓ ગોઠવે એમ ઇચ્છી આ લેખ પુરો કરૂં છું.

લી. આપનો વિશ્વાસુ,

**મણીલાલ એમ. શાહ,**

સભ્ય સ્ટેન્ડીંગ કમીટી.

# ભારતવર્ષના જૈન ધર્મ પ્રરૂપકો

ચાલુ કાળના ઐતિહાસીકો હવે જૈન ધર્મના શ્રી મહાવીર સ્વામી અને શ્રી પાર્શ્વનાથને ઇતિહાસની દૃષ્ટિયે થયેલ મહાન્ વિભુતિઓ તરીકે સ્વીકારવા લાગ્યા છે. એતો નિશ્ચિત છે કે શોધ ખોળનું ઉંડાણ જેમ વૃદ્ધિ પામતું જશે તેમ, માત્ર છેલ્લા બે તિર્થંકરોજ નહિં પણ શ્રી આદિનાથથી માંડી બાકીના બાવીશ ને પણ ઐતિહાસિક સ્વીકાર્યે ચાલવાનું નથી. હીંદી માસિક કલ્યાણના સંત અંકમાં 'રીખવદેવ' અને તેમના પુત્ર 'ભરત' સંબંધી જે વૃત્તાન્ત દ્રષ્ટિગોચર થાય છે તે ઘણા ખરે અંશે જૈન ધર્મમાં વર્ણવેલ હકીકતને મળતું આવે છે. જો કે લેખક એની સંકલના માટે ' ભાગવતનો હવાંલો આપે છે. આ રીતે જોઇએ તો ' ગુજરાતીના દિપોત્સવી અંક'માં જેમ સંપ્રદાય દ્રષ્ટિયે તણાઇ લેખકે ચીતરી માર્યું કે જૈનોએ નવિન રામાયણ અને મહાભારત બનાવ્યા તેમ અહીંપણ કદાચ કહેવાય કે ' ભાગવત ' ના આ પુરૂપોપરથીજ જૈનોએ આદ્ય તીર્થંકર શ્રી રીખવદેવ ને સર્જી લીધા એનો અર્થતો એજ થયો કે જૈનો એ જેટલી જેટલી પ્રસિધ્ધ વિભુતિઓ જોઇ એટલી એટલી પોતાનામાં અપનાવી લઇ જૈન ધર્મનું કલેવર વિસ્તાર્યું આપ કહેવું જેટલું સ્હેલું છે તેટલું પૂરવાર કરવું સહજ નથી. જૈનો બેધડક, પોતાની સામગ્રી રજુ કરી, નિષ્પક્ષ તપાસનું આહ્વાન કરી શકે છે. દલીલપુરસ્સરને ન્યાય પ્રમાણુના ધોરણે વિચાર ચલાવી નિર્ણય બાંધતાં આ યુગમાં સત્ય તરિકે સ્વીકૃત કરવા જેવી બાબતો જૈનોનીજ સિધ્ધ થવાની એવી તેમને પ્રતિતી છે. એમાં અતિશયતા સંભવે પણ ' પુરાણુ ' સુચિત ગપ્પાષ્ટકો કે ડગલે પગલે દેખાતા વિરોધો નહીંજ જડી આવે.

આજે પણ જે નગરીઓના નામો જૈન સાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે તેનુ અસ્તિત્વ અગર નષ્ટ થયેલ ના ખંડીયેર દ્રષ્ટિગોચર થાય છે. જૈનો જેમણે ભારતવર્ષના ચાલુ સમયના મુખ્ય ધર્મ પ્રરૂપકો તરિકે સ્વીકારે છે અને જેમના વિસ્તૃત ચરિત્રો કલિકાળ સર્વજ્ઞ શ્રીમદ હેમચંદ્ર સુરિએ ' ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર ' ગ્રંથમાં રસમય શૈલીએ વર્ણાવ્યા છે એ પરથીજ હરકોઇ વાંચક જોઇ શકશે કે એની રચના પુરાણુકારોના ચોવીશ અવતારો પરથી નથી થઇ; એટલુંજ નહીં પણ એ પાછળ તો લાંબો ઇતિહાસ પડયો છે.

અનુસંધાન પૃષ્ટ ૪ ઉપરથી.

પોતાનો ફાળો જરૂર આપશે એવી વિજ્ઞપ્તિ કરવાની ભાગ્યેજ જરૂર હોય. સત્ર સમારંભનો દિવસ તો હવે પછી મુકરર થશે, પણ શોધ ખોળ કરનારે - કે લેખકોએ તો અત્યારથીજ પોતાનું કાંર્ય શરૂ કરી દેવાની જરૂર છે એ ભાગ્યેજ જણાવવાની જરૂર હોય. અનુમાન પ્રમાણે આવતી દિવાળી પછી કે કદાચ આવતી નાતાળમાં એ સમારંભ પાટણ મુકામે થવા સંભવ છે, પણ શોધખોળ અને પર્યાલોચનાનું કાર્ય એટલું લાંબું છે કે એટલો સમય પણ ભાગ્યેજ પૂરતો ગણાય. તેથી સાહિત્ય રસિકો પોતાનું કાર્ય અત્યારથીજ શરૂ કરી દેશે એવી આશા રાખવી અસ્થાને કે અયોગ્ય નહિજ ગણાય. એ કાર્યની વિશાળતા અને શોધખોળની દિશા તરફ પણ અવારનવાર સૂચના અન્યત્ર કરવામાં આવશે.

ગુજરાતના આ મહાન જ્યોતિર્ધરને ઉજવવા સમસ્ત ગુજરાત ખડે પગે તૈયાર થાય એટલું ઇચ્છી ગુજરાતી સાહિત્ય સંમેલનના આ યોગ્ય ઠરાવ તરફ આદર બતાવી અત્ર વિરમીયે. હવે પછી આ વિષય પર માર્ગસૂચક વિચારો બતાવવામાં આવશે તેને જરૂર સ્થાન મળશે. એ પણ જણાવી દેવાની જરૂર છે. સંમેલનના પ્રમુખ શ્રીયુત કનૈયાલાલ મુનશીને આ વિષયપર ખૂબ રસ છે એમ તેમના પ્રમુખ તરીકેના ભાષણ પરથી તથા મુંબઈમાં છાપાના પ્રતિનિધિઓ સમક્ષ કરેલા વિવેચન પરથી જણાય છે. તેઓ અડગ નિશ્ચયથી આ કાર્ય પાર પાડશે એમ આશા રહે છે. આપણે પણ એ સુંદર કાર્યમાં આપણો યથાશક્તિ ફાળો જરૂર આપીએ.

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

## ના. વડા પ્રધાનને મહાવીર જયંતિની રજા માટે મળેલ ડેપ્યુટેશન.

સમગ્ર જૈન સમાજના ત્રણે ફીરકાઓનું પ્રતિનિધિત્વ ધરાવતી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમિટિ અને શ્રી સ્થાનકવાસી જૈન શ્વે. કોન્ફરન્સના જનરલ સેક્રેટરીઓ તરફથી તા. ૧૫-૨-૩૮ ના રોજ ગવર્મેન્ટ ઓફ બોમ્બેને શ્રી મહાવીર જયંતિની જાહેર રજા માટે જે પીટીશન કરવામાં આવી હતી તત્સંબંધે પત્રવ્યવહારના પરિણામે મુંબઇ સરકારના વડા પ્રધાન ના. બી. જી. ખેર ને નીચેના આગેવાન બન્ધુઓનું એક ડેપ્યુટેશન તા. ૨૩-૩-૩૮ ના રોજે સ્ટા. ટા. ૧૧ વાગે સેક્રેટરીએટમા મલ્યું હતું.

શેઠો રાવસાહેબ રવજી સોજપાલ જે. પી., અમૃતલાલ રાયચંદ ઝવેરી, લાલચંદ હીરાચંદ દેશી એમ. એલ. એ, તોતાલાલજી ( રાયબહાદુર ચંપાલાલ રામસ્વરૂપવાળા ) મોહનલાલ કાલીદાસ શાહ સોલીસીટર, મકનજી જે. મહેતા બાર-એટ-લો., ડો. પુનશી હીરજી મૈશેરી જે. પી, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલીસીટર, ચીમનલાલ ચકુભાઈ શાહ સોલીસીટર, રતનચંદ ચુનીલાલ ઝવેરી બી. એ; ડો. ચીમનલાલ ને. શ્રોફ અને વૃજલાલ ખીમચંદ શાહ સોલીસીટર.

ડેપ્યુટેશન તરફથી શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલીસીટરે ના. વડા પ્રધાન સમક્ષ જૈન સમાજની આ માંગણી અંગેના વિવિધ કારણો દર્શાવી તે દિવસ જાહેર તહેવાર તરીકે સ્વીકારવાની અગત્યતા ભારપૂર્વક રજુ કરી હતી. લગભગ પોણા કલાક પર્યન્ત ના. વડાપ્રધાને સન ૧૯૦૮ થી અત્યાર પર્યન્ત રજાઓ અંગે જૈન સમાજદ્વારા થયેલ પીટીશનો પ્રયાસો વિ. ની હકીકત ઘણીજ શાંતિપૂર્વક સાંભળી વળચીત કરી હતી. ચાલુવર્ષની રજાઓ જાહેર થઇ ચુકેલી હોવાથી આગામી વર્ષ માટે એ બાબત વિચાર કરી યોગ્ય કરવા ના. વડા પ્રધાને ડેપ્યુટેશનને ખાત્રી આપી હતી.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧૬ મી એપ્રીલ ૧૯૩૮. | અંક ૧૮ મો.

## અહિંસા પ્રવચન.

સત્ય અને અહિંસાનો માર્ગ એ ખાંડાની ધાર જેવો છે. ખોરાક યોગ્ય રીતે લેવાય તો શરીરને પોષણ આપે છે તેમ અહિંસાનું યોગ્ય રીતે પાલન થાય તો તે આત્માને પોષણ આપે છે. શરીરનો ખોરાક તો મર્યાદિત પ્રમાણમાં ને અમુક વખતોએજ લઇ શકાય, પણ અહિંસા જે આત્માનો ખોરાક છે, તેનું સેવન તો અહર્નિશ ચાલુ રાખવાનું છે. એમાં તૃપ્તિ જેવી કોઈ વસ્તુજ નથી. હું એક ધ્યેયની પ્રાપ્તિ માટે મથી રહ્યો છું એ ભાન મારે પ્રતિક્ષણ રાખવાનું છે ને એ ધ્યેયની દૃષ્ટિએ મારે મારા વિચાર, વર્તન, વગેરેની કસોટી કર્યા કરવાની છે.

અહિંસાનું પ્રથમ પગથિયુંજ એ છે કે આપણે આપણા નિત્યના જીવનમાં, એક બીજાની સાથેના વ્યવહારમાં સત્ય, નમ્રતા સહિષ્ણુતા, પ્રેમ, કરુણા વગેરે ખીલવીએ. અંગ્રેજીમાં કહે છે કે પ્રમાણિકપણું એ શ્રેષ્ઠ વ્યવહારની નીતિ છે. પણ અહિંસાની દૃષ્ટિએ એ કેવળ વ્યવહારની નીતિ નથી. વ્યવહાર નીતિ તો કદાચ બદલાય. અને બદલાય છેજ. પણ અહિંસા એ તો એક અવિચળ સિદ્ધાંત છે. આસપાસ હિંસાનો દાવાનળ સળગ્યો હોય ત્યારે પણ તેનું પાલન કરવું જોઇએ. અહિંસક માણસ અહિંસા પાળે એમાં કશું પુણ્ય નથી. વસ્તુતઃ એ અહિંસાજ છે કે કેમ એ કહેવું મુશ્કેલ પડે છે. પણ એ જ્યારે હિંસાની સામે ખડકાય ત્યારે હિંસા અહિંસા વચ્ચેનો ભેદ માણસ સમજી શકે છે. આપણે નિત્ય જાગૃત હોઇએ, નિરંતર પોતા પર ચોકી રાખતા હોઇએ, અવિરત પ્રયત્ન કર્યાંજ કરતા હોઇએ તે સિવાય આપણામાંથી એ બની શકે એવું નથી.

એટલે આપણી અહિંસા સબળનું શસ્ત્ર હોવી જોઇએ તેને બદલે એ નિર્બળનું શસ્ત્ર તો નથી? એ સવાલ હું તમને ને મને પૂછું છું. એ અમુક અંશે નિર્બળના હાથમાં પણ કામ આપી શકે છે એ સાચું છે. એવી રીતે એણે આપણા હાથમાં કામ આપ્યું છે. પણ જ્યારે તે આપણી નિર્બળતા ઢાંકવાનો બૂરખો બની જાય ત્યારે તે આપણને નામર્દ બનાવે છે. નામર્દાઇના કરતાં તો શરીર બળ વાપરનારનું શૂરાતન હજાર દરજ્જે સારું।

નામર્દાઇના કરતાં લડતાં લડતાં મોતની ભેટ કરવી હજાર દરજ્જે સારી.

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ:**–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**श्री सिद्धसेन दिवाकर.**

જૈન યુગ.
તા૦ ૧૬-૪-૩૮. શનીવાર.

# અમારા મંગળમય મહાવીર.

અહિંસાના અવતાર, દયાના ફિરસ્તા, અને કરૂણા રસના ભંડાર પ્રભુ શ્રી મહાવીરને કોણ નથી જાણતુ? લગભગ પચીશ સૈકા પૂર્વે આજ ભારત વર્ષમાં–આજ ફુલકુસુમિત ને દ્રુમદળ શોભિની ભૂમિપર એ જન્મ્યા. બિહારના સારાયે પ્રદેશમાં–ક્ષત્રીકુંડ નગરના પ્રત્યેક ખુણામાં આનંદ આનંદ ઉભરાઇ રહ્યો. માનવો અને દાનવો ગંધર્વો અને કિન્નરો સૌ કોઇ હર્ષાતિરેકથી થનગની રહ્યા. શાસ્ત્રકાર કહે છે કે ચૈત્ર શુકલની એ ત્રયોદશીએ નરકાગાર જેવા અંધકારમય પ્રદેશમાં પણ પ્રકાશના ઓળા ઉતર્યા, અમાપ દુ:ખના રાશિ વચ્ચે સુખની લહરીઓ પ્રસરી રહી ત્યાં આ માનવ લોકની શી વાત કરવી! એ વેળા 'વર્ણાનામ બ્રાહ્મણો ગુરૂ' એ વાકય આબાળવૃદ્ધ પર્યંત વિના રોક-ટોકે પોતાનો પ્રભાવ વિસ્તારી રહ્યું હતું. દ્વિજ મહાશયોના હસ્તમાં માત્ર ધર્મનીજ નહિં પણ સમાજ અને રાષ્ટ્રના આંટીઘુંટી ભર્યા પ્રશ્નોની ચાવી હતી. તેમની સલાહ પ્રમાણેજ ન્યાય તોળાતો. તેમની સુચના મુજબજ વ્યવહારના કાર્યો ઉકેલાતા અને તેમની ભલામણથીજ સંધિ–વિગ્રહના કોલકરાર થતા. જનતાનુ માનસ એટલી હદે અજ્ઞાનતારૂપી અંધકારથી આચ્છાદિત થયું હતું કે તે ભૂતદયા જેવી સરળને સામાન્ય વાત પણ વિચારી શકતી નહીં! નજર સામે યજ્ઞ-યાગની ભડભડતી જવાળાઓમાં જીવતા ને મૂંગા પ્રાણીઓના જીવન સ્વાહા થવા દેતી! એ રાંકડા જીવોની મૃત્યુકાળની કારમી ચીસો પણ બહેરા કાન પરજ અથડાતી! અંતરમાં કોમળતા જેવી લાગણીજ ન હોતી! લોહી માંસ ચક્ષુ સામે ઢગલા બંધ વહેતા ને ઉભરાતા નિરખ્યા છતાં હૃદયનો તાર પણ ઝણઝણતો નહી. રાંકડા પશુઓની શી વાત પણ ખુદ માનવજાત પણ યજ્ઞની વેદીપર હોમાતી! સ્વર્ગ-મોક્ષના પરવાના આપવા એ ભૂદેવોનો ધર્મ થઇ પડયો હતો! ગો, ભૂમિ અને કન્યાના–દાનોની વાતો–પ્રશસ્તિઓ લલકારતાં દ્વિજો ઉઘાડા છોગે જનસમૂહને ધર્મના અંચળા હેઠળ પુન્ય થવાના પ્રલોભન દાખવી લૂંટી રહ્યાં હતાં. ચોમેર અમર્યાદ હિંસાનુ સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતુ!!!

આવા ભયંકર કાળમાં શ્રી મહાવીર જન્મ્યા. ગર્ભમાંથીજ માતા પ્રત્યેનુ બહુમાન શિખવવાની લીંટી દોરી, નાગને દૂર ફેંકી દઈ, પિશાચને મુષ્ટિ પ્રહાર દઇ, સાથે રમતા ગોઠીઆઓની ભયવૃત્તિ ડામી, નિર્ભયતાનો જળ સંચાર કર્યો. યૌવન વયે સંસારમાં પડયા અને ગ્રહસ્થ જીવનના આદર્શ નિવડયા. વડિલ ભ્રાતાના આગ્રહે બે વર્ષ વધુ ગ્રહસ્થ જીવનમાં રોકાયા, છતાં અંતરમાં નિશ્ચિત કરેલ ધ્યેય ન વીસર્યા. એ ધ્યેયના અભ્યાસમાંજ રકત બન્યા. સમય વીતતાં આગાર અને એને લગતાં પ્રલોભનો 'સર્પ કાંચળીનો ત્યાગ કરે' તેમ ત્યજી દઇ નિકળી પડયા. સંયમી થયા. આત્મ શોધનના પ્રયાસોમાં એકતાર બન્યા. તપ અને મૌન જેવા જલદ શસ્ત્રો ધારણ કરી વિવિધ ગ્રામ-નગરોમાં, વિચિત્ર જનવૃંદોના વિધ વિધ ઉપસર્ગો સમભાવે રંચમાત્ર સામો પ્રતિકાર કર્યા વગર સહન કરવા લાગ્યા લગભગ સાડા બાર વર્ષનો એ કાળ કેવળ સ્વરૂપ દર્શનની સિદ્ધિઅર્થે સ્વજીવન કસવામાંજ વીતાવ્યો. અનુભવ પોથીમાં જાત જાતના સ્વભાવોની, ભિન્ન ભિન્ન કોટીના વર્તાવોની, ચિત્રવિચિત્ર પ્રકૃતિઓની, સંપૂર્ણપણે નોંધ લેવાણી. એ પર વિચારણાઓ થઇ સુધારણાના માર્ગોની સરખામણી મૂકાણી અને એ બધામાંથી એકજ સુર ઉઠયો–'પ્રથમ જ્ઞાન ને પછી ક્રિયા, કિંવા દયા.' 'આત્મ સાક્ષાત્કાર વિના ઉપદેશકપણુ નજ શોભે' બળવો ક્રાન્તિ કે નવસર્જન ત્યારેજ પ્રગટાવી શકાય કે જ્યારે એ દરેક શબ્દ પાછળ રહેલી ઉષ્મા સ્વજીવનના અણુએ અણુએ, પ્રત્યેક આત્મ પ્રદેશમાં ફરસી ચુકી હોય, શીરાઓમાં વહી રહેલા રકતમાં એકમેક થઇ હોય.' વિચાર વાણીને વર્તનની કિંવા વિચાર–ઉચ્ચાર ને આચારની એકતા હોય 'ક્રાન્તિકારીત્વ કે નવસર્જકપણુ માત્ર શબ્દબાણો ફેંકવામાં કિંવા જાતજાતના તુક્કા ઉઠાવવામાં નથી સમાતુ'. પ્રચલિત પંથોની, એના પ્રરૂપકોના જીવન વ્યવહારની, એનાથી જન સમૂહના હૃદયમાં પ્રગટેલી અસરની પૂર્ણપણે આલોચના કરીને કૈવલ્યની પ્રાપ્તિ થતાં પરમાત્મા મહાવીર દેવે સનાતન સત્ય જગત સન્મુખ રજુ કરવાનો માર્ગ નક્કી કર્યો. મૈત્રી પ્રમોદ કારૂણ્યને માધ્યસ્થ ભાવનારૂપ મુદ્રાલેખ આંકી અહિંસાનો ધ્વજ સર્વત્ર ફરકાવવાનો, માત્ર માનવોનીજ નહિં, કેવળ મોટા પશુઓનીજ નહિં, પણ નાનામાં નાના કીટકથી માંડી ચોરાશી લક્ષયોનિ પર્યંતની–અખિલ જીવ સૃષ્ટિની 'અમારી' નો પયગામ પ્રત્યેક ખુણામાં પ્રચારવાનો નિર્ધાર કર્યો. મતમતાંતરોની ભીષણ આંટીઘુંટીમાં, વાદવિવાદની વિડંબનાજનક પ્રવૃત્તિમાં, જીવનના કિમતી વર્ષો ન વીતી જાય એ અર્થે અનેકાંત દૃષ્ટિથી–સાપેક્ષ વૃત્તિથી વિચારસરણીની ભૂમિકા નિર્માણકરી મંડનાત્મક શૈલીના શ્રી ગણેશ માંડયા. પ્રેમ ભાવથીજ ઉપદેશરૂપી અમૃત પાવાના મંગળાચરણ કર્યા. પ્રસરેલ પિશાચ લીલા ને પ્રવર્તી રહેલ તાંડવ નૃત્યમાં અગ્રભાગ ભજવતાં ભૂદેવો ને પરાજય આપી અજ્ઞાન તિમિરનો ધ્વંસ કરી જ્ઞાન દશાની સાચી ઉષાના દર્શન કરાવવા, જનવૃંદમાં ઘરકરી બેઠેલ ભીરૂતાને પરાવલંબન વૃત્તિ નષ્ટ કરી, દરેકના

# નોંધ અને ચર્ચા

## ભદ્રંભદ્રના અરણ્ય રોદન—

સમાજના કેટલાક બંધુઓ કે જે પોતાની જાતને ધર્મ-પાલક અને ધર્મરક્ષક માની બેઠા છે અને પોતાના ટોળાની બહાર કેવળ અધર્મ જ જોવાનું જેમને એકાક્ષી ઉંટડી માફક વ્યસન પડયું છે તેઓ પુનઃ 'સમાચાર' ના પાનાપર કોળાહળ કરવા લાગ્યા છે. તેઓની હાસ્યજનક ચેષ્ટા નિરખી, દલીલ વિહુણા ઠરાવ જોઇ, અફસોસ થાય છે. એકાદા ચકુભાઇના ચિત્રણ અવલોકતાં કે 'વીરશાસન'ના પાના પર પ્રભુદાસભાઇનું કપોળ કલ્પિત પ્રલાપ વાંચતાં કેવળ ગાડરવૃત્તિના પ્રદર્શન સિવાય એ પાછળ જરા પણ પ્રજ્ઞા પ્રાગલ્ભ્ય દ્રષ્ટિગોચર થતું નથી. ત્રણે ફિરકાની આગેવાન સંસ્થાઓ શ્રી મહાવીર જયંતિ જેવા પવિત્ર દિનને રજાના દિવસ તરિકે નિયત કરવાના પ્રયાસ કરે એમાં રાચવા-માચવાનુ હોય કે એ સામે વરાળ કે ઉભરા કહાડવાના હોય? અંદર અંદરના મતફેરને આવે ટાણે આગળ ધરી યદ્વા તદ્વા ચીતરી મારવું એમાં ધર્મની ધગશનુ બુંદ સરખુ નથી પણ કેવળ 'આપણો ભાવ કોઇ પુછતુ નથી' એવી ઇર્ષાગ્નિ ભભુક્તી જણાય છે. શાસનના ઇજારદારો ભલે ને ઘરમાં બેઠા મોતીના ચોક પૂર્યાં કરે! કૂપમંડુક માફક પોતાના નાનકડા ટોળાને આખા સમાજરૂપે કલ્પી લ્યે! પોતાને 'હમબી નવાબ ભરૂચકે' માફક આગેવાન અવધારી લ્યે! પણ બહારની જનતા એવા આંધળીયા મંતવ્ય કબુલ રાખે તેમ નથી. એ ગોળ-ખોળની પિછાન સારી રીતે કરી શકે છે કોન્ફરન્સ શું ચીજ છે એ આટલા વર્ષે સમજવાપણું નથી જ. એના અધિ-વેશનો, એની હસ્તક ચાલતા ખાતાઓ, શ્રી કેશરીયાજી પ્રક-રણમાં શેઠ આણંદજી કલ્યાણજી અને કોન્ફરન્સે સાથે મળી નિમેલા પ્રતિનિધિઓ પરથી જૈન સમાજમાં એ મહાન્ સંસ્થાનું સ્થાન કેવું છે તે સહજ સમજાય તેવું છે. મુંબઇ ઇલાકાનું પ્રધાનમંડળ પણ એનો તોલ કરી શકે તેમ છે. કેવલ એકાદા સુરિની મોરલી એ નૃત્ય કરવા સિવાય જેને અન્ય કોઇ જાતની ગમ કે કાર્યવાહી નથી એવા એકાદા મંડળની કાર્યવાહી ગમે તેવો બેસુરો નાદ કહાડે-એમાં અરણ્ય રોદન સિવાય કંઇજ નથી. ગત વર્ષની હેંડબીલ બાજીએ અને એમાં હાથા રૂપ બનેલ શાસનની રસિકતાનો સ્વાંગ ધરતી સોસાયટીએ પોતાના હાથે જ એ નગ્ન સત્ય પ્રકાશી દીધું છે.

## હાલની બીજી બાજુ શામાટે નથી જોવાતી?

અંધેરી પ્રકરણમાં મોટરમાં ઉપાડી જવાની જે છેલ્લી ઝપાઝપી થઇ એ સામે સોસાયટીની અમદાવાદ શાખા વિરોધના આંસુ પાડે છે! એ પાછળ નાસ્તિક સુધારકોનો એને હાથ દેખાય છે. ત્યારે પ્રશ્ન ઉઠે છે કે એ આસ્તિક સોસાયટી માત્ર એક બાજુ કેમ તપાસે છે? શ્રી પ્રેમસુરિએ રાજનગર મુનિસંમે-લનના ઠરાવ ને ઠોકરે મારી મૂંડી નાંખવામાં ઉતાવળ કરી એ વાત કેમ આ ઢીંગલીબાઈ વીસરી જાય છે? એ મુદ્દાના પ્રશ્નને 'જૈન-ચર્ચા'માં યાદ કર્યા વગર કોઇ ભળતી રીતે જ આખા બનાવનો બચાવ કરાયેલો એટલા ખાતર તો સમાચારના અધિ-પતિ સાહેબને 'જૈન-ચર્ચા' હેઠળ જુદી નોંધ કરવી પડેલી. જે સત્ય એક ત્રાહિત વ્યક્તિની દ્રષ્ટિ આકર્ષે છે એ માટે કેવળ ધર્મનો સ્વાંગ ધરનારી-ને જૈન સમાજનો સમગ્ર ઇજારો રાખ-નારી આ પુતળીબાઈ કેમ ચશ્મપોષી ચલાવે છે? જૈન ધર્મ વિનયના પાયાપર રચાયેલો છે. એ વિનયના પાલણ અર્થે સંયમકાંક્ષી સુંદરીને લાંબો કાળ સંસારમાં થોભવું પડયું! ખુદ શ્રી વર્ધમાન કુંવર વધુ બે વર્ષ રોકાયા! જ્યાં બંધુની આજ્ઞા માટે આવા જવલંત દષ્ટાન્તો છે ત્યાં માતાની આજ્ઞાના બહુ-માન માટે શું પૂછવાપણુ હોય? આ જાતની ઉમદા મર્યાદાને ભૂસી વાળી કેવળ છાની છુપી-કે રડાકૂટાની દીક્ષાઓ આપી. સમાજમાં કળહનો હુતાશન પ્રગટાવવાનો ધંધો લઈ બેસનાર માટે કાં મૌન સેવાય છે! એક તરફ એવા કરતુતો ચાલુ રહેતા ખાતરી રાખવી કે બીજી બાજુ અંધેરી જેવા બનાવ રોજના થઇ પડવાના માટે વાસદ પ્રકરણનો હવાલો આપી સંમેલનના ઠરાવનું પાલન કરવા સારૂં સૌ ત્યાગીઓનું પુનઃ ધ્યાન ખેંચીએ છીએ.

## શ્રી સિદ્ધચક્ર યાને નવપદ આરાધન—

વર્ષમાં ચૈત્ર તેમજ આસો માસમાં નવપદ આરાધનના નવ દિવસો આવે છે. આયંબિલની ઓળી તરિકે એ સુપ્રસિદ્ધ છે. ભાગ્યેજ એ પર્વારાધનથી કોઇ ગામ બેનસિબ રહેતું હશે! આજ કેટલાક વર્ષોથી આ તપની ઉજવણી કેટલાક સ્થળે તો ભારી આડંબરપૂર્વક કરાય છે. આ વેળા એવી એક ઉજવણી શ્રી સંખેશ્વર તીર્થમાં છે જ્યાં સાથમાં એકવીસ છોડનું ઉદ્યા-પન હતું. પણ એકાએક આગ લાગવાથી એમાંના સત્તર છોડ બળી ગયા! એમ થવામાં કયાં તો બેદરકારી કે અશુદ્ધિ તરફ અનુમાન ખેંચાય છે. દેશ કાળ જોતાં એટલું કહ્યા વગર નથી

---

હૃદયમાં કોઇ અનોખી શકિત ભરી છે, દરેક આત્મામાં અનંતશક્તિ સમાઇ છે. ફક્ત એ આવિર્ભાવ કરવાનીજ ઢીલ છે, એવું ભાન કરાવવા મહસેનવન દોડી આવ્યા. અગીઆર બ્રાહ્મણ પંડિત મન્યોને પ્રતિબોધ્યા તેમનાંજ વેદપદો સમ્યક વિચારણાથી મિષ્ટવાણી વડે સમજાવ્યા અને ત્રિપદીનું રહસ્ય દર્શાવી તે સર્વને પોતાના પટ્ટ શિષ્યો બનાવ્યા. પ્રથમ હલ્લો સફળતાથી પાર ઉતાર્યો. એજ વિદ્વાનોની મદદથી એમનાજ પૂર્વજોએ અને વિદ્ય-માન જ્ઞાતિ બંધુઓએ ફેલાવેલી ઇંદ્રજાળ દૂર કરવા કમર કસી. પાછળના જીવનના ત્રીશ વર્ષો અંગ-બંગ-પાંચાળ કે વત્સ યા લાટ આદિ દેશ ખુંદી વળી, 'શાસન રસી સવીજીવ કરૂં'ની અમર ભાવના પૂર્તિમાં ગાળ્યા એ તીર્થપતિ મહાવીરની જયન્તિ ઉજવનારા આપણે આજે કયાં ઉભા છીએ? એજ અહિંસાની લગની અક્ષરશ: જેને લાગી છે તે સંતના જીવન તરફ મીંટ માંડવા જેટલી તાકાત આપણામાં છે? ત્રણ ફિરકાના ઐકયની વાત ઉચ્ચારનારા આપણે એકમાં પણ પુરો મેળ જોડી શકયા છીએ?

સંધાણ નથી કરી શકાતું એમાં મુશીબત રૂપી ખડક કયાં આડા આવે છે એ જોવા સારૂ અંતરશોધની આવશ્યકતા છે. હૃદયની સાફદીલી ને 'અહમ્' 'મમ' ના આવરણ ચીરી નાંખ્યા વગર એ સ્થિતિ શકય નથીજ. શું જયન્તિના મેળાવડામાંથી એટલું સામર્થ્ય લાભી શકાશે?

# તીર્થધામોમાં ત્રીસ દિવસ.

લેખકઃ-
મનસુખલાલ લાલન.

લેખાંક ૨ જો.

## પાલીતાણા, કદંબગિરિ.

**પાલીતાણા**—પાલીતાણા મુકામે શ્રી. પોપટલાલ ધારશીનો જામનગરનો સંઘ ફાગણ શુદ ૨ ઉપર આવી પહોંચવાનો હોવાથી ત્યાં ભારે ગીરદી થવાનો સંભવ હતો, જેથી અમોએ પાલીતાણા બે ત્રણ દિવસ વહેલા પહોંચી જવાનું નકી કર્યું હતું, વીરમગામથી રાતની ૧૧ વાગાની ગાડીમાં રવાના થઇ સ્હવારે ૭ વાગે શિહોર સ્ટેશને ઉતર્યા, પ્રાતઃકાળનો સમય, અને ઉત્સાહિત વાતાવરણ વચ્ચે જામનગરથી આવતા અનેક સંબંધીઓનો મેળાપ અને સંઘ સંબંધી અવનવી વાતો સાંભળતા પાલીતાણા પહોંચ્યા, રસ્તામાંજ ધર્મશાળામાં જગા મળશે કે નહિ એ પ્રશ્ન ઉપર વિચાર ચલ્યો. અમોએ કલ્યાણ ભુવન પાસે ગાડી ઉભી રખાવી, સામાન ઉતાર્યો, ત્યાં બારણા આગળજ ત્યાંના વહીવટ કર્તા ઝવેરભાઇ કે જેઓ અમારા ખુબ પીછાણવાળા હતા છતાં જાણે ઓળખતાજ ન હોય તેવી રીતે તેમણે સંભળાવી દીધું કે ભાઇ ઓરડી ખાલી નથી, અમે પાંચ મીનીટ તેને જોઈ રહ્યા, ત્યાં બીજા કોઇ શ્રીમંત જૈન ભાઈના બે ટાંગા આવ્યા, અને તેમને માટે બે અને ત્રણ નંબરની ઓરડીઓ ઉઘાડવા હુકમ અપાઈ ગયો. ત્યાર બાદ અમોએ ચંપા નિવાસ તેમજ કલ્યાણ ભુવનની બાજુની ધર્મશાળા ચાંદ ભુવનમાં તપાસ કરી, પણ સર્વ સ્થળે એકજ જવાબ. છેવટે ઘોઘાવાળી ધર્મશાળા જે અમારા વેવાઇની હતી, ત્યાં ગયા ત્યાં પણ પ્રથમ તો રખવાળે બુમ મારી કે જગ્યા નથી, પરંતુ પાછળથી અમોને ઓળખી મેડી ઉપરનો ઓરડો ઉઘાડી આપ્યો.

પાલીતાણાની ધર્મશાળાઓના મુનીમોની એટલી બધી જોહાકી છે કે નજરે જોનારને કમકમાટી ઉપજ્યા વિના રહેતી નથી, મેં મારી નજરે એક ડોસી અને તેના નવ વરસના બાળકને રાતના ૧૧ વાગતાં સુધી ઓરડી વિના રઝળતા જોયા, બીજી સ્રીઓ પણ આંખમાંથી આંસુઓ સારતી ધર્મશાળાઓને ઓટલે ઉભી હતી, મેં મોતીસુખીયાની ધર્મશાળામાં બે ત્રણ બાઇઓને રાતની રાત વચલા ઉપાશ્રયમાં સુઇ રહેવાની સગવડ કરાવી આપી. આ સંબંધમાં અત્રે લંબાણ થવાથી વધુ નથી લખતો, પરંતુ પાલીતાણાની ધર્મશાળાઓ ખરેખર ધંધાદારી દુકાનોજ કહી શકાય. એટલું બસ છે. અમો ગયા તે દિવસે જામનગરનો સંઘ પણીયારી મકામે હતો, ત્યાં પાલીતાણાના સંઘ તરફથી નોકારશી હતી, ત્યાંથી બીજે દિવસે સંઘે તળેટીમાં પડાવ નાંખ્યો અને તળેટી અને ગામ વચ્ચે હજારો માણસોની અવર જવર દરરોજની ચાલુ થઇ ગઈ.

શંત્રુજયના પર્વત ઉપર બીજે દિવસે ચડયા, સંઘના ઘણા ભાઇઓ પણ ચડતા હતા, તેની સાથે વિવિધ વાર્તાલાપ કરતા ઉપર ગયા, ઉપરનું મનોરમ્ય અને પવિત્ર સ્થાન કોની આંખને ટાઢક ન આપે? વિશાળ રંગમંડપની મધ્યમાં દેવકરણ મુળજીએ અર્પણ કરેલ વિશાળ સમવસરણ ભવ્યતામાં ચોર વધારો કરે છે. દાદાને પ્રથમ પૂજા કરવાની ધમાલ, ધકાધકી, માળીઓની બુમાબુમ અને નહાયેલ અને વગર નહાએલની અડાઅડ આ વધું ઘણુંજ વધારે પડતું કહેવાય, પરંતુ એકંદર પ્રથમ કરતાં ઘણુંજ વ્યવસ્થિત ચાલતું હોય એમ લાગ્યું. શુદ ૬ ને દિવસે શ્રી પોપટભાઇને માળ પહેરવાની હોવાથી ડુંગર ઉપર ઘણીજ ધામધૂમ થઇ હતી, અને લગભગ ચાર હજાર માણસોની તે વખતે હાજરી કહી શકાય. આ બધામાં દુઃખની વાત એકજ હતી અને તે નોકારશીનાં જમણ, સવાર સાંજ છએ દિવસ સુધી એકજ સ્થળ ઉપર ૧૦ થી ૧૫ હજારની માનવ મેદની જમતી હોવાથી કિચડ એટલો બધો થતો કે જમવા ન જવું વધારે યોગ્ય લાગતું, ન મળે પીરસનાર, ન મળે સભ્યતા, કે ન મળે વ્યવસ્થા, પગરખાં ઉપર બેસીને જમવાનું અને વગર પાણીએ ઉઠવાનું. આ શરમાવનારી રીતિમાં આપણે કયારે સુધારો કરીશું તે સમજાતું નથી.

**કદંબગિરિઃ**—પાલીતાણા ૭ દિવસ રહ્યા તેમાં એક દિવસ વચ્ચે કદંબગિરિ (નેમિસૂરિજીના માનીતા) જઇ આવ્યા, મને સમજ નથી પડતી કે આટલે દૂર અરણ્યમાં એક ખુણામાં પડેલા પત્થરાળ ટેકરાને કદંબગિરિ કોણે નામ આપ્યું? કદંબ ગણધરનું એ નિર્વાણ સ્થાન મનાય છે, પરંતુ મને તો એ માત્ર માન્યતાજ લાગી, પાલીતાણાથી ટાંગો કરી ત્યાં રવાના થયા, શેત્રુંજી નદી ઉતરી, ભંડારીયા ગામ થઇ તેની પાછળ ઉજ્જડ પ્રદેશમાં આવ્યા, ત્યાં નીચેના ભાગમાંજ બાવન દેરીવાળા નવા બંધાયેલા જિનાલયને જોયું, ત્યાં ગંજાવર મૂર્તિઓની પેટીઓ આવ્યાજ કરતી હતી, શ્રી નેમિસૂરિજીની મહત્વાકાંક્ષા અહિંની વિરાટ મૂર્તિઓમાંજ તરી આવતી હતી, એક એક પ્રતિમા ૧૦ થી ૧૨ બળદો ખેંચી શકે, અને તે પણ જ્યારે કદંબગિરિ જેવા ચઢાવવાળા ટેકરા ઉપર ચડાવાતી જોઇ ત્યારે કલ્પના થવા લાગી કે શું નાની મૂર્તિઓથી કામ ન સરે? પણ એ અમારા હાથની વાત ન હોતાં અમો નીચે સેવા પૂજા કરી, ઉપર ચડયા, ત્યાં મધ્ય ભાગે નવાં દહેરાસરો બંધાય છે, નવું તીર્થ જમાવવાની તાલાવેલીનાં દર્શન થાય છે, ત્યાં શ્રી નેમિસૂરિજીનો નામચીંત શિલાલેખ વાંચ્યો, અને એમાં રહેલી ક્ષુલ્લક ભાવનાની પણ ઝાંખી કરી, ત્યાર બાદ નીચે ઉતરી ત્યાંની કહેવાતી વીશીમાં જમ્યા, પરંતુ જમ્યા પછી લાગ્યું કે ન જમ્યા હોત તો સારૂં હતું, પરંતુ ત્યાં ટાઇમ એવો હોય છે કે જમ્યા વિના ચાલે તેમ પણ નહતું, તેથી ન છુટકે કાંકરા કચરાવાળું ભોજન જમી, પોપટભાઇની બંધાતી ધર્મશાળાના દૂરથી દર્શન કરી પાલીતાણા મુકામે સાંજના પાછા આવ્યા.

(અપૂર્ણ)

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ

## ધાર્મિક પરીક્ષાઓનાં પરિણામ.

[ બોર્ડ દ્વારા શેઠ **સારાભાઈ મગનભાઇ મોદી** પુરૂષવર્ગ અને **અ. સૌ. હીમઇબાઈ મેઘજી સોજપાળ** સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ૩૦ મી ઇનામી પરીક્ષાઓ તા. ૨૬-૧૨-૩૭ ના રોજ લેવામાં આવી હતી તેમાંના કેટલાક ધોરણોના પરિણામ અગાઉના જૈન યુગમાં પ્રકટ થયેલા છે. શેષ આ નીચે આપવામાં આવે છે.

**બાળ ધોરણ ૧** પરીક્ષકો:-શ્રી રતિલાલ બીખાભાઈ શાહ અને તલકચંદ કાનજી કપાસી, મુંબઈ.

| નંબર. | નામ. | ગામ. | માર્ક. | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | કાંતિલાલ મણીલાલ, | અમદાવાદ. (જૈન વિ. મ.) | ૭૦ | રૂા. ૧૦) |
| ૨ | પોપટલાલ રામચંદ પારેખ, | જુન્નેર. | ૬૯ | રૂા. ૮) |
| ૩ | ડાહ્યાભાઇ ભોગીલાલ, | સુરત. (જૈ. વિ. આ.) | ૬૬ | રૂા. ૬) |
| ૪ | ઝવેરચંદ કરસનદાસ, | પાલીતાણા. (સિ. બાલા) | ૬૪ | રૂા. ૫) |
| ૫ | ચિતરંજન નાથાલાલ, | બગવાડા. | ૬૩ | રૂા. ૪) |
| ૬ | રમણિકલાલ કાળીદાસ, | પાલણપુર. | ૬૨ | રૂા. ૩) |
| ૭ | કાંતિલાલ જૈન, | જાલોર. | ૬૧ | રૂા. ૨) |
| ૮ | રસિકલાલ સુખલાલ, | બગવાડા. | ૫૯ | રૂા. ૨) |
| ૯ | સુરેન્દ્રલાલ માણેકચંદ, | ચાંદવડ. | ૫૭ | રૂા. ૨) |
| ૧૦ | જયંતિલાલ નગીનદાસ, | ગોધરા. | ૫૭ | રૂા. ૨) |
| ૧૧ | અમૃતલાલ દેવચંદ, | બગવાડા. | ૫૬ | રૂા. ૧) |
| ૧૨ | પારસમલ પનાલાલ, | વરકાણા. | ૫૫ | રૂા. ૧) |
| ૧૩ | હીરાલાલ ન્યાલચંદ, | પાલીતાણા. (ય. ગુરૂ.) | ૫૫ | રૂા. ૧) |
| ૧૪ | અનોખીલાલ મુલચંદ, | ચાંદવડ. | ૫૪ | રૂા ૧) |
| ૧૫ | રમણિકલાલ મુળજી, | પાલીતાણા (ય. ગુરૂ.) | ૫૪ | રૂા. ૧) |
| ૧૬ | મુલચંદ જૈન, | જાલોર. | ૫૩ | ૦-૮-૦) |
| ૧૭ | શામજી ગુલાબચંદ, | પાલીતાણા (સિદ્ધ બાલા.) | ૫૩ | ૦-૮-૦) |
| ૧૮ | જગાલાલ દલીચંદ, | જુન્નેર. | ૫૨ | |
| ૧૯ | હરિલાલ કસલચંદ. | પાલીતાણા. (જીન. પ્રભા) | ૫૧ | |
| ૨૦ | ગુલાબચંદ સીતારામ, | ચાંદવડ. | ૫૧ | |
| ૨૧ | ભોગીલાલ છોટાલાલ, | પાલણપુર. | ૫૦ | |
| ૨૨ | કપૂરચંદ ગણેશલાલ, | હિંડૌન. | ૫૦ | |
| ૨૩ | સુમતિલાલ બલાખીદાસ, | પાટણ. | ૪૯ | |
| ૨૪ | મોતિલાલ પુનમચંદ. | ચાંદવડ. | ૪૮ | |
| ૨૫ | મનુભાઇ પ્રેમચંદ, | અમદાવાદ. (પંચભાઇપોળ શાળા.) | ૪૭ | |
| ૨૬ | પોપટલાલ મણિલાલ, | અમદાવાદ. (જૈ. વિ. મં.) | ૪૭ | |
| ૨૭ | અમૃતલાલ મોહનલાલ, | ગેરીતા. | ૪૭ | |
| ૨૮ | ગજરાજ જૈન, | જાલોર. | ૪૭ | |

| નંબર | નામ. | ગામ. | માર્ક. |
|---|---|---|---|
| ૨૯ | ધર્મચંદ્ર જૈન, | જાલોર. | ૪૭ |
| ૩૦ | બાબુલાલ ત્રિકમલાલ, | બગવાડા | ૪૭ |
| ૩૧ | પોપટલાલ મંગળજી, | પાલણપુર. | ૪૬ |
| ૩૨ | પરમાણંદ મુળજી, | પાલીતાણા. (ય. ગુરૂ.) | ૪૬ |
| ૩૩ | જયંતિલાલ તારાચંદ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા) | ૪૬ |
| ૩૪ | ઉત્તમલાલ નાથાલાલ, | પાલણપુર. | ૪૬ |
| ૩૫ | બચુભાઇ વ્રજલાલ, | ભરૂચ. | ૪૬ |
| ૩૬ | હજારીમલ જૈન, | જાલોર. | ૪૬ |
| ૩૭ | મનુભાઇ ડાહ્યાભાઇ, | પાલીતાણા. (ય. ગુરૂ.) | ૪૬ |
| ૩૮ | મનુભાઈ રતિલાલ, | અમદાવાદ. (લવારપોલ પાઠ) | ૪૬ |
| ૩૯ | હિંમતલાલ રતનચંદ, | ભાવનગર. | ૪૬ |
| ૪૦ | હરિલાલ જગજીવનદાસ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા. | ૪૬ |
| ૪૧ | હિંમતલાલ ડાહ્યાલાલ, | ભાવનગર. | ૪૫ |
| ૪૨ | પ્રતાપરાય શિવલાલ, | ભાવનગર. | ૪૫ |
| ૪૩ | ચિમનલાલ ગિરધરલાલ, | દાહોદ. | ૪૫ |
| ૪૪ | પોપટલાલ નાથાલાલ, | પાલણપુર. | ૪૫ |
| ૪૫ | પુખરાજ જુહારમલ, | વરકાણા. | ૪૫ |
| ૪૬ | જયંતિલાલ રતિલાલ, | પાલીતાણા. (યશો. ગુરૂ.) | ૪૪ |
| ૪૭ | રસિકલાલ હંસરાજ, | કરાંચી. | ૪૫ |
| ૪૮ | માંગીલાલ ગોકળચંદ, | હિંડૌન. | ૪૫ |
| ૪૯ | વાડીલાલ સાકરચંદ, | કરાંચી. | ૪૪ |
| ૫૦ | શાંતિલાલ મણિલાલ | ગોધરા. | ૪૪ |
| ૫૧ | વીરચંદ જૈન, | જાલોર. | ૪૪ |
| ૫૨ | ભાનુભાઇ દલીચંદ ગાંધી, | ભાવનગર. | ૪૪ |
| ૫૩ | પ્રમોદરાય ધનવંતરાય, | ,, | ૪૪ |
| ૫૪ | રાયચંદ્ર જૈન, | જાલોર. | ૪૪ |
| ૫૫ | અંબાલાલ હરજીવન, | કરાંચી. | ૪૪ |
| ૫૬ | જ્ઞાનચંદ નેમીચંદ, | ઓશીયા. | ૪૪ |
| ૫૭ | રાયચંદ મગનલાલ, | બગવાડા. | ૪૪ |
| ૫૮ | યશવંતરાય કાનજી, | ભાવનગર. | ૪૩ |
| ૫૯ | પરમાણંદ પોપટલાલ, | ,, | ૪૩ |
| ૬૦ | મોહનલાલ જુહારમલ, | સાદડી. | ૪૩ |
| ૬૧ | નાનચંદ ચુનીલાલ, | જુન્નેર. | ૪૩ |
| ૬૨ | કાંતિલાલ વનમાલી, | પાલીતાણા. (સિદ્ધ. બાલા.) | ૪૩ |
| ૬૩ | જગજીવન વિઠલદાસ, | પાલીતાણા. (ય. ગુરૂ.) | ૪૩ |
| ૬૪ | લક્ષ્મીચંદ પ્રેમચંદ, | ,, | ૪૩ |
| ૬૫ | ગિરધરલાલ મોહનલાલ, | ઉંઝા. | ૪૩ |
| ૬૬ | બાબુલાલ અમથાલાલ, | મુંબઇ. (જૈન વિદ્યા.) | ૪૩ |
| ૬૭ | રસિકલાલ મલુકચંદ, | પાલણપુર. | ૪૩ |
| ૬૮ | પુખરાજ ગુલાબચંદ, | જાલોર. | ૪૨ |
| ૬૯ | ચંદનમલ ખીમરાજ, | વરકાણા. | ૪૨ |

| નંબર | નામ. | ગામ. | માર્ક. |
|---|---|---|---|
| ૭૦ | કુમુદચંદ્ર ગિરધરલાલ | પાલીતાણા. (યશો. ગુરૂ.) | ૪૨ |
| ૭૧ | બાલુભાઇ શામજી, | ભાવનગર. | ૪૨ |
| ૭૨ | દીપચંદ અંબારામ શાહ, | સાંગલી. | ૪૨ |
| ૭૩ | રામજીલાલ મુલચંદ, | હિંડૌન. | ૪૧ |
| ૭૪ | જયંતિલાલ રમણલાલ, | જુન્નેર. | ૪૧ |
| ૭૫ | સાકરલાલ હરલોચન, | આમોદ. | ૪૧ |
| ૭૬ | હરખચંદ ભુતાજી, | સુરત. (જૈન વિ. આ.) | ૪૧ |
| ૭૭ | ચંદ્રવદન નેમચંદ, | ભરૂચ. | ૪૧ |
| ૭૮ | ફકીરચંદ ઇસરમલ, | હિંડૌન. | ૪૧ |
| ૭૯ | વિજયરાજ જૈન, | જાલોર, | ૪૧ |
| ૮૦ | નટવરલાલ કેશવલાલ, | ગોધરા, | ૪૧ |
| ૮૧ | શાંતિલાલ અમૃતલાલ, | ભાવનગર. | ૪૧ |
| ૮૨ | નરસિંગદાસ મોતીલાલ, | ચાંદવડ. | ૪૧ |
| ૮૩ | કીર્તિલાલ કાલીદાસ, | પાલણપુર. | ૪૧ |
| ૮૪ | જયંતિલાલ માવજી, | ભાવનગર. | ૪૧ |
| ૮૫ | અમૃતલાલ વીરજી, | પાલીતાણા. (સિદ્ધ. બાલા) | ૪૦ |
| ૮૬ | રસિકલાલ પ્રેમચંદ, | પાલણપુર. | ૪૦ |
| ૮૭ | ચંદુલાલ દોલતચંદ, | પાલણપુર. | ૪૦ |
| ૮૮ | નગીનદાસ મોહનલાલ, | ભાવનગર. | ૪૦ |
| ૮૯ | ચંદુલાલ પ્રભુદાસ, | , | ૪૦ |
| ૯૦ | અચળદાસ ફોજમલ | વરકાણા. | ૪૦ |
| ૯૧ | મનસુખલાલ મણીલાલ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા) | ૪૦ |
| ૯૨ | ફુલચંદ ચિમનલાલ, | હિંડૌન | ૪૦ |
| ૯૩ | જયંતિલાલ ગોકળદાસ, | અમદાવાદ. (ચિ. ન. બો.) | ૪૦ |
| ૯૪ | ઓટમલ જૈન, | જાલોર. | ૪૦ |
| ૯૫ | શેષમલ કેશરમલ, | ઓશીયા. | ૪૦ |
| ૯૬ | સાકરલાલ કાળીદાસ, | બગવાડા. | ૩૯ |
| ૯૭ | વિનોદચંદ હરગોવનદાસ, | ઉંઝા. | ૩૯ |
| ૯૮ | વસંતલાલ સાકરચંદ, | જુન્નેર. | ૩૯ |
| ૯૯ | મનસુખલાલ પરમાણંદ, | ભાવનગર. | ૩૯ |
| ૧૦૦ | રાજમલ જૈન, | જાલોર. | ૩૯ |
| ૧૦૧ | જેઠમલ જૈન | જાલોર. | ૩૯ |
| ૧૦૨ | માંગીલાલ ધોકા, | સાદડી. | ૩૯ |
| ૧૦૩ | હિંમતલાલ ભાઇચંદ, | પાલીતાણા. (ય. ગુરૂ) | ૩૯ |
| ૧૦૪ | માણેકચંદ ગણેશમલ, | બારશી. | ૩૯ |
| ૧૦૫ | ધીરજલાલ હંસરાજ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા.) | ૩૯ |
| ૧૦૬ | જસવંતરાજ ખીમરાજ, | વરકાણા. | ૩૯ |
| ૧૦૭ | જયંતિલાલ ભોગીલાલ, | સુરત. (જૈન વિ. આ) | ૩૯ |
| ૧૦૮ | જયંતિલાલ છોટાલાલ | ઉમતા. | ૩૯ |
| ૧૦૯ | રમણલાલ ચુનીલાલ, | મહુધા. | ૩૯ |
| ૧૧૦ | રામસહાય ચંદુલાલ, | હિંડૌન. | ૩૯ |

| નંબર | નામ. | ગામ. | માર્ક. |
|---|---|---|---|
| ૧૧૧ | સોભાગમલ હીરાચંદ, | રતલામ. | ૩૯ |
| ૧૧૨ | ભવંરલાલ મિશરીમલ, | ઓશીયા. | ૩૯ |
| ૧૧૩ | ચંદુલાલ છોટાલાલ, | ભાવનગર. | ૩૯ |
| ૧૧૪ | દુર્ગાલાલ જોહરીલાલ, | હિંડૌન. | ૩૮ |
| ૧૧૫ | પનાલાલ વાડીલાલ, | સાંગલી. | ૩૮ |
| ૧૧૬ | ચિમનલાલ વીરચંદ, | ભાવનગર. | ૩૮ |
| ૧૧૭ | ખીમચંદ મગનલાલ, | બગવાડા. | ૩૮ |
| ૧૧૮ | બાબુલાલ મંગળદાસ, | ઉંઝા. | ૩૮ |
| ૧૧૯ | પ્રવીણચંદ દેવચંદ, | ભાવનગર. | ૩૮ |
| ૧૨૦ | પ્રતાપરાય વેલચંદ, | ,, | ૩૮ |
| ૧૨૧ | ભોગીલાલ હીરાલાલ, | ,, | ૩૮ |
| ૧૨૨ | ધીરજલાલ જીવણલાલ, | ,, | ૩૮ |
| ૧૨૩ | સોભાગચંદ અમૃતલાલ, | ભરૂચ. | ૩૮ |
| ૧૨૪ | પ્રતાપરાય મણીલાલ, | પાલીતાણા. (યશો ગુરૂ.) | ૩૮ |
| ૧૨૫ | રમણલાલ વાડીલાલ, | ગોધરા. | ૩૮ |
| ૧૨૬ | બાબુભાઇ કેશવલાલ, | ,, | ૩૮ |
| ૧૨૭ | કાંતિલાલ ખેમચંદ, | ,, | ૩૮ |
| ૧૨૮ | નટવરલાલ જેઠાલાલ, | બોરસદ. | ૩૮ |
| ૧૨૯ | પ્રકાશચંદ છુટનલાલ, | ઓશીયા. | ૩૭ |
| ૧૩૦ | સાકરલાલ ચુનીલાલ, | બગવાડા. | ૩૭ |
| ૧૩૧ | કાંતિલાલ રામચંદ, | બારશી. | ૩૭ |
| ૧૩૨ | જેઠમલ પરતાપચંદજી, | જાલોર. | ૩૭ |
| ૧૩૩ | છોટમલ કિશનમલ, | વરકાણા. | ૩૭ |
| ૧૩૪ | બુદ્ધિલાલ જુગરાજ, | ચાંદવડ. | ૩૭ |
| ૧૩૫ | રમણલાલ નથુભાઇ, | જુન્નેર. | ૩૭ |
| ૧૩૬ | જયંતિલાલ ગોરધનદાસ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા.) | ૩૭ |
| ૧૩૭ | ચંપકલાલ મુલચંદ, | પાલીતાણા. (સિદ્ધ. બાલા.) | ૩૭ |
| ૧૩૮ | ડાહ્યાભાઈ સોમચંદ, | આમોદ. | ૩૭ |
| ૧૩૯ | રામસહાય ગંગાધર, | હિંડૌન. | ૩૭ |
| ૧૪૦ | હર્ષદરાય હરીલાલ, | ભાવનગર. | ૩૭ |
| ૧૪૧ | રતિલાલ દલસુખભાઇ. | બોરસદ. | ૩૭ |
| ૧૪૨ | બાબુભાઇ પાનાચંદ, | ગોધરા. | ૩૭ |
| ૧૪૩ | હજારીલાલ ચંદુલાલ, | હિંડૌન. | ૩૭ |
| ૧૪૪ | જ્ઞાનચંદ ભૌરીલાલ, | ,, | ૩૭ |
| ૧૪૫ | નગરાજ પોરવાડ. | સાદડી. | ૩૭ |
| ૧૪૬ | સંપતલાલ જસરાજ, | ઓશીયા. | ૩૭ |
| ૧૪૭ | બાબુલાલ નિહાલચંદ, | ગેરીતા. | ૩૭ |
| ૧૪૮ | કુસરાજ છલાણી, | ઓશીયા. | ૩૭ |
| ૧૪૯ | ઓટરમલ ચેથમલ, | વરકાણા. | ૩૭ |
| ૧૫૦ | રમણિકલાલ છોટાલાલ | પાલણપુર. | ૩૭ |
| ૧૫૧ | નરોતમદાસ પુરશોતમદાસ, | ,, | ૩૭ |
| ૧૫૨ | તારાચંદ સુંદરજી, | પાલીતાણા. (સિદ્ધ. બાલા.) | ૩૭ |
| ૧૫૩ | નગીનલાલ છોટાલાલ, | ભરૂચ. | ૩૬ |
| ૧૫૪ | શાંતિલાલ વાડીલાલ, | જુન્નેર. | ૩૬ |
| ૧૫૫ | ભીકમચંદ મુલચંદ, | હિંડૌન. | ૩૬ |

| નં. | નામ. | ગામ. | માર્ક. |
|---|---|---|---|
| ૧૫૬ | કાંતિલાલ ત્રિભોવનદાસ, | પાલીતાણા. | ૩૬ |
| | | (સિદ્ધ. બાલા.) | |
| ૧૫૭ | શાંતિલાલ ચુનીલાલ, | પાલણપુર. | ૩૬ |
| ૧૫૮ | ધનસુખલાલ નગીનદાસ | પાલીતાણા. | ૩૬ |
| | | (જિન. બ્રહ્મ) | |
| ૧૫૯ | શાંતિલાલ ડાહ્યાભાઈ, | પાલણપુર. | ૩૬ |
| ૧૬૦ | ભોગીલાલ ઉત્તમચંદ, | જુન્નેર. | ૩૬ |
| ૧૬૧ | છાજુલાલ મુલચંદ, | હિંડૌન. | ૩૬ |
| ૧૬૨ | મંગલચંદ નેમીચંદ, | ઓશીયા | ૩૬ |
| ૧૬૩ | નવલમલ જૈન, | જાલોર. | ૩૬ |
| ૧૬૪ | છોટાલાલ નાગરદાસ, | ઓશીયા. | ૩૬ |
| ૧૬૫ | ગીજુલાલ મણિલાલ, | પાલીતાણા. | ૩૬ |
| | | (સિદ્ધ. બાલા.) | |
| ૧૬૬ | પોપટલાલ વિઠલચંદ, | સાંગલી. | ૩૬ |
| ૧૬૭ | રિષભચંદ નવાજી, | જાલોર. | ૩૬ |
| ૧૬૮ | પોપટલાલ શંકરલાલ, | પાદરા. | ૩૬ |
| ૧૬૯ | વિનયચંદ્ર પ્રાણલાલ, | કરાંચી. | ૩૬ |
| ૧૭૦ | નેમચંદ હરિલાલ, | પાલીતાણા. | ૩૬ |
| | | (સિદ્ધ. બાલા.) | |
| ૧૭૧ | છનાલાલ નાથાલાલ, | ગેરીતા. | ૩૫ |
| ૧૭૨ | સુજાનમલ સમરથમલજી, | રતલામ. | ૩૫ |
| ૧૭૩ | ચંપાલાલ સમીરમલ, | ઓશીયા. | ૩૫ |
| ૧૭૪ | ચંદ્રકાંત તારાચંદ, | ચાંદવડ. | ૩૫ |
| ૧૭૫ | ચીનુભાઈ કાલીદાસ, | પાદરા. | ૩૫ |
| ૧૭૬ | સંચાલાલ કેશવલાલ, | ચાંદવડ. | ૩૫ |
| ૧૭૭ | વર્દ્ધમાન રતીચંદજી, | રતલામ. | ૩૫ |
| ૧૭૮ | દેવીચંદ જૈન, | જાલોર. | ૩૫ |
| ૧૭૯ | મદનચંદ ભીકમચંદ, | ઓશીયા. | ૩૫ |
| ૧૮૦ | બાબુભાઇ બાલાભાઇ, | દાહોદ. | ૩૫ |
| ૧૮૧ | મેઘરાજ પૃથ્વીરાજજી, | ઓશીયા. | ૩૫ |
| ૧૮૨ | વૃજલાલ પુરશોતમ, | પાલીતાણા. | ૩૫ |
| | | (સિદ્ધ. બાલા.) | |
| ૧૮૩ | હરિલાલ ડાહ્યાભાઈ, | ,, | ૩૫ |
| ૧૮૪ | સંપ્રિતલાલ ચુનીલાલ, | ,, | ૩૫ |
| | | (જીનદત્ત બ્ર.) | |
| ૧૮૫ | રસિકલાલ દુર્લભદાસ, | ભાવનગર. | ૩૫ |
| ૧૮૬ | સુમંનરાય જુદાલાલ, | ,, | ૩૫ |
| ૧૮૭ | મોતીલાલ લાલચંદ, | બારશી. | ૩૫ |
| ૧૮૮ | શાંતિલાલ સોભાગચંદ, | ભરૂચ. | ૩૫ |
| ૧૮૯ | ચંપાલાલ નેમીચંદ, | ઓશીયા | ૩૫ |
| ૧૯૦ | ગાંડાલાલ જગજીવન, | કરાંચી. | ૩૫ |
| ૧૯૧ | સુધાકર બાલારામ, | સાંગલી. | ૩૫ |
| ૧૯૨ | ઉમેદમલ સંપતરાજ | ઓશીયા. | ૩૪ |

**નીચેના દરેક વિદ્યાર્થીને ૩૪ (ચોત્રીશ) માર્ક મળ્યા છે:—**

| નં. | નામ. | ગામ. | માર્ક. |
|---|---|---|---|
| ૧૯૩ | કેશવલાલ લલ્લુભાઇ, | ભાવનગર. | ૩૪ |
| ૧૯૪ | હિંમતલાલ ડાહ્યાભાઇ, | પાદરા. | ૩૪ |
| ૧૯૫ | મનહરલાલ છગનલાલ, | બગવાડા. | ૩૪ |
| ૧૯૬ | કાંતિલાલ રતનલાલ, | બોરસદ. | |
| ૧૯૭ | ચીમનલાલ મણીલાલ, | મુંબઇ. | |
| ૧૯૮ | મોતીલાલ નાથાલાલ, | પાલનપુર. | |
| ૧૯૯ | નટવરલાલ વિઠલદાસ, | ભાવનગર. | |
| ૨૦૦ | ભાઇચંદ રણછોડ, | પાલીતાણા. (યશો. ગુરૂ.) | |
| ૨૦૧ | પુખરાજ પ્રતાપચંદ, | જાલોર. | |
| ૨૦૨ | નથમલ જૈન, | ,, | |
| ૨૦૩ | ત્રિલોકચંદ જૈન, | ,, | |
| ૨૦૪ | બાબુલાલ જૈન, | ,, | |
| ૨૦૫ | શંકરલાલ જૈન | ,, | |
| ૨૦૬ | હિંમતલાલ અનોપચંદ, | ભાવનગર. | |
| ૨૦૭ | શાંતિલાલ મોહનલાલ, | બારશી. | |
| ૨૦૮ | ગુલાબચંદ જૈન, | જાલોર. | |
| ૨૦૯ | રિખબચંદ કપુરચંદ, | ,, | |
| ૨૧૦ | શાંતિલાલ રવચંદ, | ચાંદવડ. | |
| ૨૧૧ | ધનરાજ નથમલ, | ,, | |
| ૨૧૨ | શાંતિલાલ હીરાલાલ, | દાહોદ. | |
| ૨૧૩ | મણીલાલ ચુનીલાલ, | બોરસદ. | |
| ૨૧૪ | માણેકલાલ અંબાલાલ, | કરાંચી. | |
| ૨૧૫ | પ્રેમચંદ સાકરચંદ | ,, | |
| ૨૧૬ | જીવરાજ ગોરધન, | પાલીતાણા (સિદ્ધ. બાલા.) | |
| ૨૧૭ | મણીલાલ મોહનલાલ દોશી, | પાલણપુર. | |
| ૨૧૮ | રસિકલાલ નાગરદાસ વર્દ્ધમાન, | અમદાવાદ. | |
| | | (પંચભાઇ પોળ પાઠ.) | |
| ૨૧૯ | દેવરાજ સાગરમલ, | વરકાણા. | |
| ૨૨૦ | ચુનીલાલ તારાચંદ, | ,, | |
| ૨૨૧ | વસંતરાય વીઠલદાસ, | મુંબઈ. | |
| ૨૨૨ | રતિલાલ વીરજી, | પાલીતાણા. (જીનદત્ત. બ્રહ્મ.) | |
| ૨૨૩ | ટોકરશી અમૃતલાલ, | ,, (સિદ્ધ. બાલા.) | |
| ૨૨૪ | રમણલાલ ડાહ્યાભાઇ, | આમોદ. | |
| ૨૨૫ | કનુલાલ કાલીદાસ, | મહુધા. | |
| ૨૨૬ | ભંવરલાલ ચુનીલાલ, | ઓશીયા. | |

**નીચેના દરેક વિદ્યાર્થીને ૩૩ માર્ક મળ્યા છે.**

| નં. | નામ. | ગામ. |
|---|---|---|
| ૨૨૭ | મણીલાલ જેઠાલાલ, | ભાવનગર. |
| ૨૨૮ | ચંપકલાલ ભગવાનદાસ, | ,, |
| ૨૨૯ | ખાંતિલાલ ગિરધરલાલ, | ,, |
| ૨૩૦ | જગજીવન ઉજમશી રામજી | ,, |
| ૨૩૧ | રસિકલાલ અમૃતલાલ, | ,, |
| ૨૩૨ | સારાભાઇ ચુનીલાલ, | બોરસદ. |
| ૨૩૩ | તેજપાળ રાયચંદ. | અમદાવાદ. (ચિ. ન. બો.) |
| ૨૩૪ | રતિલાલ નગીનદાસ, | જુન્નેર. |
| ૨૩૫ | વૃજલાલ લવજીભાઇ, | ભાવનગર. |
| ૨૩૬ | મનુભાઈ મણીલાલ, | અમદાવાદ. (ચિ. ન. બો.) |
| ૨૩૭ | બચુભાઇ દેવચંદ, | બોરસદ. |
| ૨૩૮ | કાંતિલાલ વીરપાલ, | પાલીતાણા. (યશો. ગુરૂ) |
| ૨૩૯ | જયંતિલાલ જીવાભાઇ, | ,, ,, |
| ૨૪૦ | નટવરલાલ વાડીલાલ, | અમદાવાદ. (પંચભાઇપોળ પાઠ) |
| ૨૪૧ | ગુણવંતલાલ ચિમનલાલ, | ,, ,, |

૨૪૨ શાંતિલાલ કકલભાઇ મોદી, પાલણપુર.
૨૪૩ ઇંદરમલ કચરમલજી, રતલામ.
૨૪૪ ભમરલાલ ચંપાલાલજી, „
૨૪૫ ચંચલરાજ મહેતા, વરકાણા.
૨૪૬ ઉતમચંદ મુલતાનમલજી, „
૨૪૭ હસ્તીમલ ચુનીલાલજી, „
૨૪૮ પુખરાજ કિશનાજી, „
૨૪૯ ભભૂતમલ અસલાજી, „
૨૫૦ ચીનુભાઇ વાડીલાલ, ઉમતા.
૨૫૧ રમણિકલાલ ડાહ્યાભાઈ, મુંબઈ. (જૈન વિદ્યા.)
૨૫૨ રસિકલાલ નેમચંદ, ભાવનગર.
૨૫૩ કાંતિલાલ કસ્તુચંદ, ભાવનગર.
૨૫૪ રતિલાલ વાડીલાલ દલસુખભાઇ, ગોધરા.
૨૫૫ ત્રિકમલાલ મણીલાલ, ગેરીતા.
૨૫૬ નટવરલાલ ત્રંબકલાલ, ભરૂચ.
૨૫૭ જયવદનલાલ ચંદુલાલ, વેજલપુર-ભરૂચ.
૨૫૮ મણીલાલ અમૃતલાલ, „ „
૨૫૯ બાલુભાઇ ગોવનભાઇ, „ „
૨૬૦ ફુલચંદ ભૌરીલાલ, હિંડૌન.
૨૬૧ મનસુખદાસ ઇંદરચંદ, ઓશીયા.
૨૬૨ પુનમચંદ ઓસવાલ, „
૨૬૩ કેશરીમલ છોટમલ, „
૨૬૪ હીરાલાલ કુંદનમલ, „
૨૬૫ જેઠમલ લાદુરામ, „
૨૬૬ નેમીચંદ જોધરાજ, „
૨૬૭ તેજરાજ દેવરાજ, „
૨૬૮ રાજમલ ભુરમલ, „
૨૬૯ ભંવરલાલ ચુનીલાલ, „
૨૭૦ પદમચંદ ઉગમચંદ, „
૨૭૧ કુંદનમલ દેસલડા, „
૨૭૨ ગુલાબચંદ આશકરણ, „
૨૭૩ મનસુખલાલ કાંતિલાલ, ભાવનગર.
૨૭૪ શાંતિલાલ રાયચંદ, „
૨૭૫ અમૃતલાલ કૃષ્ણચંદ, સાંગલી.
૨૭૬ પારસરાજ પૃથ્વીરાજ, ઓશીયા.
૨૭૭ ચાંદમલ રોડમલ, „
૨૭૮ મોહનલાલ ચાંદમલ, „
૨૭૯ જોહરીલાલ અબેરાજ, „
૨૮૦ સુરજમલ રોડમલ, „
૨૮૧ ભંવરલાલ કલ્યાણમલ, „
૨૮૨ મેઘરાજ પારખ, „
૨૮૩ મુરારીલાલ શંકરલાલ „
૨૮૪ દલીપચંદ શામલાલ, „

(બીજા ૪૩ વિદ્યાર્થીઓ નાપાસ).

**પુરૂષ ધોરણ ૫ વિ. ૨ કર્મ વિષય** માં બેસેલા રતલામના ૩ વિદ્યાર્થીઓ ના પાસ છે.

**નોટ**—આ ધોરણોની પરીક્ષાઓના બાકી રહેલાં પરિણામ આવતા અંકમાં આપવામાં આવશે.

## સમાચાર સાર

—વલસાડમાં જૈન યુવક મંડળ તરફથી મહાવીર જયંતિની ઉજવણી ધામધૂમ પૂર્વક કરવામાં આવી હતી. જુદા જુદા વકતાઓએ ભાષણો આપ્યા હતા.

—મુંબઈ જૈન યુવક સંઘનું નવું બંધારણ તેની જનરલ સભાની ત્રણ મીટીંગોની ચર્ચા પછી પાસ કરવામાં આવ્યું છે, બંધારણમાં કલ્પનાની ઉંચી સૃષ્ટિનું દિગ્દર્શન થાય છે, પરંતુ સમાજના સૂત્રધારો એ કલ્પના સબ્દિમાં વિહાર કરવા તૈયાર થશે ખરા? ત્રણે ફિરકાના ઐક્ય ઉપર મુખ્ય લક્ષ્ય બિંદુ રખાયું છે, એ પ્રશંસનીય છે.

—અત્રે પાયધુની પરના મહાવીર સ્વામીજીના દહેરાસરમાં ૧૪ પ્રતિમાજીની પ્રતિષ્ઠા વૈશાખ માસમાં થવાની છે.

—મુંબઇમાં કોમી રમખાણ પાછું ફાટી નીકળ્યું છે, ૧૪૪ મી કલમનો અમલ ચાલુ થયો છે.

—કેળવણીની કોન્ફરન્સની યોજનાના પ્રચાર અર્થે કોન્ફરન્સ તરફથી શ્રી. રાજપાળ મગનલાલ વોરાને સુરત જિલ્લા તરફ પ્રવાસે મોકલવામાં આવ્યા છે.

—શ્રી જીવદયા મંડળી તરફથી દર વર્ષે શ્રી મહાવીર જયંતીના દિને 'જીવદયા દિન' ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૧૨-૪-૩૮ ના રોજ સાંજના ૭ વાગે માધવબાગમાં મુંબઇના ભિન્નભિન્ન લગભગ ૨૩ ઉપરાંત મંડળોના સહકાર સાથે શ્રી. જમનાદાસ માધવજી મ્હેતાના પ્રમુખપણા નીચે 'જીવદયા દિન' ઉજવવામાં આવ્યો હતો.

અનુસંધાન પૃષ્ટ ૩ ઉપરથી.

ચાલતું કે આપણો મોહ જે ભારી કિંમતના ચંદ્રવા-પુંઠીયા પર છે તે ઘટાડી સાચી રીતે જ્ઞાન પ્રતિ વાળવાની જરૂર છે. મોટી રકમ અપ્રકાશિત અને ભંડારોમાં નામશેષ થઇ રહેલ પ્રતોનો ઉદ્ધાર કરવામાં ખરચાવી જોઇએ. ઉદ્યાપન કરનારે આ વાત લક્ષ્યમાં રાખી, માત્ર દેખાવના ઉપકરણોનો ખડકલો કરવા કરતાં એ માટે ઠીક ઠીક દ્રવ્ય ખરચવું ઘટે. આટલી વાત પ્રાસંગિક જણાવી મૂળ પર આવતાં એટલું હરકોઇને જણાયા વગર નહીં રહે કે આપણા પર્વોમાં-એના આરાધનમાં શાંતિ ને સમજભરી કરણીને બદલે ધમાધમ ને દેખાદેખી બહુ વધી પડી છે. જ્ઞાનપૂર્વકની ક્રિયા અતિ અલ્પ જણાય છે. સુંદર પૂજાઓ-વિવિધ વાજીંત્રોના સહકારયુક્ત ભણાવાની હોય. અંતરાળે એમાં સમાવેલ રહસ્ય સમજાવાતુ હોય એ પાછળનો ભાવ વર્તનમાં ઉતારાતો હોય. અમાપ શાંતીની જમાવટ થઇ હોય. આયંબિલ પણ વિવિધ વાનીઓના મોહથી નહિં પણ રસ ગૃદ્ધિના ત્યાગથી કરાતા હોય. તોજ સાચુ પર્વારાધન લેખાય. નવપદજી આરાધન તપ એ આત્મકલ્યાણના અમોઘ કારણ રૂપ છે જ. એ કરતાં નથી કોઇ મોટો મંત્ર તેમ અન્ય કોઇ મોટું તપ પણ નથી. આયંબિલ તપની શક્તિ અચિંત્ય છે. એ તપથી જેના જીવનનો પલ્ટો થયો છે એવા શ્રીપાળરાજવીની કથા આજે પણ ઘરોઘર વંચાય છે. આ પ્રથા ઉત્તેજના પાત્ર છે. મયણાસુંદરીનો સારોયે પ્રસંગ નારીગણના ગૌરવની કીર્તિ કથા સ્મૃતિપટમાં તાજી કરાવે છે. આજનો સ્ત્રીસમુદાય એના પાન કરી પોતાનામાં રહેલ શક્તિના સાક્ષાત્કાર કરે.

# જૈનોના ત્રણે ફિરકા દ્વારા ઉજવાયેલ શ્રી મહાવીર જયંતિ ઉત્સવ.

## જૈન ધર્મના સિદ્ધાન્તો ને ક્રિયામાર્ગના ઝગડાઓ નાબૂદ કરી પ્રચાર કરવા અને ઐકય સ્થાપવાની હાકલ.

અખિલ વિશ્વોપકારી પ્રભુ શ્રી મહાવીર સ્વામીની જન્મ જયન્તિ ઉજવવા સમગ્ર જૈન સમાજની સંસ્થાઓ-શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી દિગમ્બર જૈન તીર્થ ક્ષેત્ર કમિટી, શ્રી શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના સંયુક્ત આશ્રય હેઠળ ચૈત્ર શુદ ત્રયોદસી મંગળવાર તા૦ ૧૨-૪-૩૮ ના રોજ રાતના સ્ટાં. ટા. ૮-૩૦ વાગે હીરાબાગના હોલમાં શ્રીમાન્ શેઠ **ચુનીલાલ ભાઇચંદ મહેતાના** પ્રમુખપણાં હેઠળ એક જાહેર સભા મળી હતી. ત્રણે ફિરકાઓના આગેવાન ભાઇ-બ્હેનો ઉપરાંત જનતાએ પણ ઘણા મ્હોટા પ્રમાણમાં હાજરી આપી હતી હોલ ચિકાર ભરાઇ જતાં કેટલાકોને ગેલેરીમા ઉભા રહેવું પડયું હતું જૈન સ્વયંસેવક મંડળના બેન્ડે જનતાના આનંદમાં ઉમેરો કર્યો હતો

શ્રી મુંબઇ અને માંગરોળ જૈન કન્યાશાળાની બાળાઓએ "વંદન કરીએ પ્રભુ મહાવીર" ની પ્રભુ સ્તુતિથી આ આનંદ પર્વની શુભ શરૂઆત કરી હતી. શ્રી મણીલાલ જેમલ શેઠે પત્રિકા વાંચ્યા બાદ શ્રી મણીલાલ મોકમચંદ શાહે પ્રમુખ સ્થાન માટે દરખાસ્ત રજુ કરી હતી જેને શ્રી રતનચંદ ચુનીલાલ ઝવેરી, બી એ નો ટેકો મળતાં શેઠ ચુનીલાલ ભાઈચંદ મહેતા (તાલીઓના ગગડાટ વચ્ચે) પ્રમુખસ્થાને બિરાજ્યા હતા.

### શ્રી ચુનીલાલ ભાઇચંદ મહેતા.

પ્રમુખશ્રીએ પ્રારંભમાં આભાર માની જણાવ્યું કે જૈન ધર્મનું જ્ઞાન મને અલ્પ છે. મહાવીર સ્વામીના જન્મ ચરિત્રથી હું સંપૂર્ણ રીતે પરિચિત ન ગણાઉ શ્રી મોતીચંદભાઈ કાપડીઆએ ત્રણે ફિરકા તરફથી યોજવામાં આવેલી આ સભાના પ્રમુખસ્થાને મ્હને આવવા કહ્યુ ત્યારે મ્હેં એક જૈન તરીકે તે સ્વીકાર્યું. જૈન તરીકે મ્હને અભિમાન છે અને ધર્મ પ્રત્યે પ્રેમ છે પણ જ્યારે એકજ મહાવીર પ્રભુના સંતાનને અંદર અંદર લડતા જોઉં છું ત્યારે હૃદય દ્રવે છે. એક પીળા કપડાંવાળાને મહાવીર માને, બીજા શ્વેત વસ્ત્રવાળાને અને ત્રીજા નગ્ન સ્વરૂપે મહાવીરને માને અને તે માટે ઝગડાઓ ઉપસ્થિત કરે, હજારો લાખો રૂપીઆ કોર્ટમાં ખર્ચે, ભૈયાઓ રાખી સ્વરક્ષણ કરે-એ મહાવીરના પૂત્ર અને મહાવીરના ધર્મને શોભાવનાર નથી. સાધુઓના નામે પાર્ટીઓ-દળબંદીઓ બંધાય અને નિરર્થક કજીયાઓ ઉભા કરવામાં આવે એ આજના જમાનામાં જૈન ધર્મની હસ્તીને ભયમાં મૂકવા જેવું છે. ત્રણે ફિરકાઓએ ભેગા મલી જે બાબતમાં આપણે ભેગા મલી શકીએ તે દિશા તરફ વળવાની જરૂર છે. સંપ કરીને આગળ વધવાથીજ આપણા ધર્મ, આપણાં સમાજની ઉન્નતિ થશે અને જગત્માં જૈન ધર્મ વિશ્વ ધર્મ તરીકે દીપી ઉઠશે.

અમેરિકામાં જૈન ધર્મ અંગે જ્યારે મ્હેં ત્યાં માહીતિ આપી ત્યારે ત્યાંના લોકો ચકિત થઇ ગયા હતા. એમના મગજમાં ૨૫ ૩૦ ઉપવાસ કરવાની વાત, દ્રવ્ય રાખ્યા શિવાય સંયમ પાળવાની વાત તથા જોડા પહેર્યાં વિના સાધુઓના પાદ વિહાર કરવાની વાતો ઉતરે એવી નહોતી. મ્હેં એમને સમજાવી ત્યારે તેઓ આપણાં ધર્મ વિષે અધિક જાણવા ઉત્સુક થયા. આવા પ્રદેશોમાં જૈન ધર્મ પ્રચાર કરવા આપણે પ્રયત્નો કરવા જોઇએ. જૈન ધર્મ ત્યાગ પ્રધાન ધર્મ મનાય છે એનાં સિદ્ધાન્તોને ધાર્મિક, વ્યવહારિક અને રાજદ્વારી ક્ષેત્રમાં વિકસાવવા ખૂબ અવકાશ છે. ત્રણે ફિરકાઓએ એકત્ર થઇ થોડું ઘણું પણ પ્રેકટિકલ કાર્ય કરવા કમર કસવી જોઇએ હાલમાં શ્વેતાંબર મૂ. કોન્ફરન્સ દ્વારા ત્રણે ફિરકાઓના સહકારથી મહાવીર જયંતિની રજા માટે ના. વડા પ્રધાન ખેર સાહેબને મળી પ્રયાસ ચાલુ છે ને પ્રશંસનીય છે. ઐકય થશે તો આવા અનેક કાર્યો સફળતાપૂર્વક કરી શકાશે અંતે જૈન ધર્મના છત્ર નીચે સૌને એકત્ર થઇ કર્તવ્ય કરવા પ્રમુખે અપીલ કરી હતી.

### શ્રી મોતીચંદ કાપડીઆ.

શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટરે જણાવ્યું કે આજે આપણે ત્રણે ફિરકાના ભાઈ-બંધુઓ અત્રે પ્રભુ શ્રી મહાવીરના ગુણ ગ્રામ કરવા એકત્ર થયા છીએ. આવા પ્રસંગો આપણે વધારતા જઇએ તો કોમની સ્થિતિ ઉંચી આવવામાં જરા પણ સંદેહ નથી. આપણે અંદર અંદર લડવા મંડયા છીએ તે ખૂબ શરમાવનારી બીના છે. આપણા મૂળ સ્વરૂપને વિચારશો તો જણાશે કે મૂળ સિદ્ધાન્તોમાં મતફેર નથી. ક્રિયા અંગે મતભેદો ઉભા કરવામાં આવ્યા છે. ક્રિયા તો સાધન ધર્મ છે. શ્રી આનંદઘનજી કે શ્રી યશોવિજયજી એકજ ધ્યેયની સિદ્ધિ અર્થે જૂદા જૂદા સાધનો સ્વીકારે તો તેમાં જરાય વાંધો ન હોઈ શકે તેઓ જૈન રહી શકે છે જૈન ધર્મ પાલી શકે છે; અને યાવત્ મોક્ષ પદ પ્રાપ્ત કરી શકે છે. ક્રિયા પદ્ધતિ પર ટીકાને માટે અધિકાર નથી. એ માટે હૃદયભેદ ન સંભવે. આપણે નજીવા ઝગડાઓમાં પડી ખરા ધર્મને ભૂલી ગયા છીએ. ઝઘડાઓ ઘણાં કર્યા, હવે તે માટે વખત નથી. અત્યારે તો આપણા ધર્મને વિશ્વધર્મ કેમ બનાવી શકાય, તેના સ્યાદ્વાદ, સપ્તભંગી. નયના સ્વરૂપો જગતને ગળે કેમ ઉતરે એ માટે પ્રયાસો કરવા જોઇએ. જૈન ધર્મના સિદ્ધાન્તો લોજીક, અને એથીકસ જેવા કોઈ પણ વિભાગને પૂરે પૂરી રીતે શોભાવે તેવા છે (તાલીઓ) માત્ર અંદર અંદરના કળહો ભૂલી જવા જોઇએ. આજે વીર પરમાત્મા અત્રે હોત તો આપણી દશા જોઈ શું કહેત? એ વિચારો. અકબરના વખતે ૨ કરોડ જૈનો હતા. ગાંધારમાં ૧૨૦૦ કોટી ધ્વજો હતા—આજે શું દશા છે? બાર લાખ લગભગમાં પણ ભેદ-ભાવ-વાડા-કુંડાળા. આપણે જગત્ની સપાટીપર ટકવા માટે ઐકય કરવાની જરૂર છે. ઝઘડાઓમાં આત્મ સન્મુખતા નથી-મોક્ષ સન્મુખતા નથી તેથી જૈન ધર્મની યશધ્વજા ફરકાવવા વક્તાએ જોરદાર શબ્દોમાં અસરકારક રીતે અપીલ કરી હતી.

### શ્રી ચિમનલાલ ચકુભાઈ.

શ્રી ચીમનલાલ ચકુભાઇ સોલિસિટરે વૈમનસ્ય ટાળી આમ જનતાએ જાગૃત થવા સૂચના કરી હતી. ફેરફારો કરવા માટે નેતાઓ કરતાં આમ જનતા વધારે શક્તિમાન ગણાય. રાજકીય કે વ્યવહારિક ક્ષેત્રમાં જનતાની શક્તિજ કામ કરે છે આજે કોમી ભાવ વધારવા માટે સમય નથી. સ્થાનકવાસીની કન્યા સ્વામીનારાયણને અપાય અને મૂર્તિપૂજકને ન અપાય એ કઇ જાતની નીતિ? સંખ્યા વધે છે કે કેમ એ જોવા કરતાં સિદ્ધાન્તો પ્રચાર પામે છે અને જૈન ધર્મની રીતિ એ પ્રસરે છે કે અન્ય રીતે એ તરફ લક્ષ આપવાનું છે. અહિંસાને જૂદી જૂદી રીતે વિકસાવી શકાય. અહિંસા ધર્મ યુગ ધર્મ બને એ માટે તથા મનુષ્ય-મનુષ્ય પ્રત્યે અહિંસા કેમ પ્રકટે તે માટે ઐકયતા સ્થાપી પ્રયાસ કરવા અને એ રીતે વીર ધર્મ શોભાવવા 'જૈન' નામધારીએ તત્પર થવું જોઇએ.

પ્રૉ. જગદીશચંદ્ર એમ. એ ના ભાષણમાં અહિંસા અને અનેકાન્તવાદના સિદ્ધાંતો તથા જીવો અને જીવવાદોની બાબત ભાર મૂકી જણાવવામાં આવી હતી. મનુષ્ય-મનુષ્ય હોઇ પરમપદ પ્રાપ્ત કરી શકે છે તે માટે જૈન ધર્મના સિદ્ધાંતો બહુમૂલ્ય છે.

શ્રી કમળકુમાર શાસ્ત્રીએ મહાવીર પ્રભુના સમયે જગતમાં વ્યાપી રહેલ હિંસાવાદ, યજ્ઞ પ્રથા આદિની હકીકતો જણાવી સમભાવ ખીલવવા, તીર્થોના ઝઘડા નાબુદ કરવા, 'જૈન' તરીકે જૈન બનીને રહેવા જણાવ્યું હતું.

### શ્રી મુલચંદ આશારામ.

શ્રી મુલચંદ આશારામ ઝવેરીએ એક સુંદર રમુજી દષ્ટાંત આપી મહાવીરના પૂત્રોએ વિશાળ દષ્ટિ રાખી સંપ્રદાય ભાવ ત્યજી એકત્ર થવાની જરૂરીઆત જણાવી હતી. તેઓએ આત્માના વિકાસમાં જે આવરણો આવતા હોય તેને દૂર કરવા તથા આપણી શક્તિઓ વૃથા ન બરબાદ કરવા સુંદર શૈલીમાં વિવેચન કર્યું હતું. શ્રી મણીલાલ મોકમચંદ શાહે સંપ રૂપી વૃક્ષને મજબૂત બનાવવા જણાવ્યું હતું.

શ્રી લાલભાઇ કલ્યાણભાઇ ઝવેરી અને શ્રી નાણાવટીના મહાવીર પ્રભુના જીવન અંગે પ્રસંગોચિત વિવેચનો થયા બાદ શ્રી મનસુખલાલ હીરાલાલ લાલને પ્રમુખશ્રીએ આજના ઉત્સવને સફળ બનાવવા જે કૃપા કરી છે તે બદલ આભાર માનવા દરખાસ્ત રજુ કરી હતી શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ તેના ટેકામાં જણાવ્યું હતું કે આજે વક્તાઓએ તીર્થોના ઝગડાઓ નાબુદ કરવા સૂચના કરી છે; પ્રમુખશ્રીએ પણ ઐકયતા સ્થાપવા પ્રયાસો કરવા આપણને જણાવ્યું છે પણ એની જવાબદારી પ્રમુખશ્રી ઉપર વધુ રહે છે. તેઓશ્રી તટસ્થ રીતે કાર્ય કરી શકે એ સ્થિતિમાં છે તેથી આશા છે કે તેઓશ્રી આપણને ઐક્યતાના માર્ગે આગળ લઇ જશે. આટલું જણાવી પુષ્પ હાર અર્પણ કર્યા હતા. પ્રમુખશ્રીએ ઐક્યતાના કાર્યો માટે પોતાની સેવાઓ અર્પવા ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું. બાદ 'જય ધ્વની' વચ્ચે ઉત્સવ વિરામ પામ્યો હતો.

---

# મહાવીર જયંતિ ઉત્સવો.

## મુંબઇમાં હીરાબાગ, માંડવી, ઘાટકોપર, દાદર વિગેરે સ્થળોએ ઉજવવામાં આવી.

**હીરાબાગ**—શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ તથા અન્ય સંસ્થાઓના આશ્રમ નીચે શ્રી. ચુનીલાલ ભાઇચંદ મહેતાના પ્રમુખપણા નીચે મહાવીર જયંતિ ઉજવવામાં આવી હતી. (સવિસ્તર હેવાલ માટે જુઓ પાનું ૯)

**માંડવી**—શ્રી કચ્છી વીસા ઓશવાળ મિત્રમંડળ આદિ ત્રણ મંડળો તરફથી મહાવીર પાઠશાળાના હોલમાં શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઈ એડવોકેટના પ્રમુખપણા નીચે મહાવીર જયંતિ ઉત્સવ નિમિત્તે સભા મળી હતી, જે પ્રસંગે ગરબાઓ વિગેરે રસીક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શ્રી. મોહનલાલ ચોકસી આદિ વકતાઓએ વિવેચનો કર્યાં હતાં.

**દાદર**—શ્રી દાદર જૈન મિત્રમંડળ તરફથી આ વર્ષ દાદરમાં પંન્યાસજી મહારાજશ્રી રિદ્ધિમુનિજી મહારાજના પ્રમુખપણા નીચે મહાવીર જયંતિ ઉજવવામાં આવી હતી ઉકત પ્રસંગે શ્રી. મોતીચંદ કાપડીઆ, માવજી દામજી શાહ આદિ વકતાઓએ વિવેચનો કર્યાં હતાં.

**ઘાટકોપર**—શ્રી ઘાટકોપર જૈન યુવક સંઘ તરફથી મુંબઇ સરકારના ખજાનચી ઓન. શ્રી. લઠ્ઠેના પ્રમુખપણા નીચે કોન્ગ્રેસ છાવણીના વિશાળ મંડપમાં મહાવીર જયંતિ ઉજવવામાં આવી હતી, જે વખતે શ્રી. શાન્તિલાલ શાહ. શ્રી. પરમાણંદ કાપડીઆ આદિ વિદ્વાન વકતાઓએ સુંદર વિવેચનો કર્યાં હતાં, હાજરી પણ બીજી બધા સભાઓ કરતાં ત્યાં વિશેષ જણાતી હતી.

આ રીતે આ વર્ષે મહાવીર જયંતિ ઉજવવામાં મુંબઇએ ઘણો સુંદર ફાળો આપ્યો છે એમ ચોક્કસ કહી શકાય.

આ પ્રસંગ હજુ પણ જો સમગ્ર સંસ્થાઓના એકત્ર બળથી એકત્ર ઉજવવામાં આવે તો વધારે સુંદર જીવડે, એટલુંજ નહિ પણ વિદ્વાન વક્તાઓને સાંભળવાનો લાભ ઘણા ભાઇ-બહેનો લઇ શકે:—

—મ. હી લાલન

---

તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

**જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો**

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—મુંબઇ, ૩

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧ લી મે ૧૯૩૮. | અંક ૧૯ મો.

## વૃદ્ધિ પામતા મૂર્તિવાદ સામે લાલ બત્તી.

ઉપરના મથાળાથી, આ લેખક પ્રતિમાથી વિરૂદ્ધ છે એવું કોઇ ન માને. પ્રતિમા એ મજબુત આલંબન છે અને તેથી જિન પ્રતિમાની ખાસ આવશ્યક્તામાં લેખક માનનાર છે. પરંતુ ઉત્તમ વસ્તુ પણ મર્યાદાતીત થાય, ત્યારે લાભને બદલે હાની ઉપજે છે. એ વિષે એકાદ સ્થાનનો ઉલ્લેખ પર્યાપ્ત થશે એમ માનું છું.

શત્રુંજય ઉપર લગભગ ત્રીસ હજાર ઉપરાંત પ્રતિમાઓ હોવાનું મનાય છે. ભલા વિચારો કે એ સર્વની પ્રક્ષાલ પૂજા યથાર્થરીતે બની શકતી હશે કે? આ લેખકને પાલીતાણામાં એ પ્રકારના વહીવટમાં કેટલોક સમય રહેવાનું બન્યું હતું, એટલે તત્સંબંધી જાતિ અનુભવથી કહી શકું છું કે જરૂરીયાત વિના પ્રતિમાઓને વધાર્યે જવી એ આશાતના વધારવા સમાન છે.

ખૂદ શાસ્ત્રકારોએ પણ નવી પ્રતિમા કે નવા મંદિરો કરાવવા કરતાં જુનાના ઉદ્ધારમાં સવિશેષ લાભ પ્રાપ્તિ બતાવી છે, તેથી પણ જાણી શકાય છે કે નવું કરવા કરતાં જીર્ણોદ્ધાર કરવામાં કે જુનાને સંરક્ષણ કરવામાં વિશેષ લાભ છે.

સિદ્ધાચલજી ઉપરની પ્રક્ષાલનું એક સાચું દ્રશ્ય રજુ કરૂં છું. ગંદા કપડાવાળા પૂજારીના એક હાથમાં પાણીની કુંડી હોય, બીજા હાથમાં વાળાકુંચી હોય, પછી જે જે પ્રતિમાને પ્રક્ષાલ કરવાની હોય તેને, વાળાકુંચી પાણીમાં બોળી બેદરકારીથી પ્રતિમા ઉપર તે વાળાકુંચી "કુચકુચ" અવાજ થાય તેવી રીતે ઘસી આગળ ચાલે અને બીજે ઠેકાણે તેમ કરે. નીચે પાણી વેરાયેલું હોય જે યાત્રિકના પગ નીચે કચરાતું હોય છે. આ દ્રશ્ય ચીતરી ચડે તેવું હોય છે. આપણા અંગ ઉપર એવી વાળાકુંચી કોઇ ઘસે તો કેવું લાગે? ત્યારે "જિન પ્રતિમા જિન સારીખી" કહેનારા આપણે, એક વિદ્વાન મુનિશ્રીના કહેવા મુજબ શાસ્ત્રમાં ક્યાંઇ વાળાકુંચીના ઉપયોગનો ઉલ્લેખ સરખો પણ આવતો નથી, છતાં તેનો ઉપયાગ કર્યે રાખીએ છીએ.

મૂર્તિવાદના નામે આજે જયપુર જેવામાં ધીકતો વ્યાપાર ચાલે છે. કેટલીક મૂર્તિઓને જુની ઠરાવવા જમીનમાં દાટવામાં આવે છે આવી તો અનેક આશાતનાઓ થાય છે.

મૂર્તિઓ બેસારવામાં પણ ક્યાંઇ વિવેક કે કળાને તો સ્થાનજ નથી જણાતું. બસ નકરો મલ્યો એટલે જેમ આવે તેમ મૂર્તિઓ બેસારવામાં આવે છે આનો અર્થ શું?

પાલીતાણા ગામના મોટા દેરાસરના ગભારામાં હું ન ભૂલતો હોઉં તો પાષાણનીજ એંસી ઉપરાંત પ્રતિમાઓ છે. ગોખલાઓમાં તો ચડ ઉતર ચાર હારોમાં મૂર્તિઓ બેસાર્યેજ રાખી છે! ચક્ષુઓના ઠેકાણા નહીં, મુગટ આંગી પણ અનફીટ અને ખરાબ લાગે તેવા હોય છે, કેસરના રેગાડા ચાલતા હોય, અવ્યવસ્થિત રીતે ફુલો લદાયેલાં હોય આ આપણી જિન ભક્તિ અને કળા (!)

ઉપર દર્શાવેલા મંદિરથી તદ્દન નજીકમાં આવેલ દિગંબર મંદિર જુવો. પક્ષરાગથી રહિત તટસ્થ અવલોકનકાર હશે તો જરૂર પ્રશંસાના ઉદ્ગાર કાઢશે. અતિ ભવ્ય અને શાંત રસમાં ઝીલતી પાંચ પ્રતિમાઓ, સુંદર ચકચકિત ૨–૩ ધાતુની પ્રતિમાઓ, અપૂર્વ શાંતિ, એ સર્વ બાબતો ચિત્રવૃત્તિને અડોલ કરી તાદાત્મ્યતા આણે છે. માત્ર ચક્ષુહિનતા ત્યાં સાલ્યા કરે છે.

આજે પૂ. વિજયનેમિસૂરિજી મહારાજ કદંબગિરિ યાને બોદાનાનેસના અરણ્યમાં હજારો પ્રતિમાઓ બેસારવા ઇચ્છે છે. તત્સંબંધે અનેક લોકવાયકા ચાલે છે. કોઇ કહે છે કે તેમાં રાજદ્વારી હેતુ રહેલો છે, અર્થાત્ શત્રુંજય બંધ થાય તો આ તીર્થ ઉપયોગી થાય, કોઈ કહે છે કે એ ભૂમિમાં ભવિષ્યમાં હજારો જૈનો રહેનાર બને તો અગાઉથીજ તેમના આત્મઅભ્યુદયાર્થે આ સર્વ તૈયારીઓ થાય છે, કોઇ કહે છે કે આ મહદ્ કાર્યથી શ્રી નેમિસૂરિજી યાદગાર થવા માગે છે. એ સર્વ વાતોમાં ગમે તેટલું તથ્ય હો પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતાં દરેક તીર્થો ઉપર રાજકર્તા તરફથી અને આપણાજ બન્ધુઓ તરફથી ભયની તલ્વાર લટકે છે, તેને પૂજનાર જૈનો પ્રતિપળે ઓછા થતાજ જાય છે તેવા વિષમ સમયમાં આવું સાહસ એ વધારે પડતું નથી જણાતું શું?

**રાજપાળ મગનલાલ વ્હોરા.**

उद्‌धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः
न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

**જૈન યુગ.**

તા૦ ૧-૫-૩૮. રવીવાર.

# પરિસ્થિતિનું માપ.

**અ**નુભવી સુકાની વહાણને કઇ દિશામાં વાળવું છે એ નક્કી કરીને જ સુકાન ફેરવે છે. દીર્ઘદર્શી નેતા જન-સમૂહની નાડ પારખીને જ કાર્યક્રમના આંક માંડે છે. પારંગત સેનાપતિ શત્રુ સૈન્યનું બળ માપીને જ વ્યુહ-રચના દોરે છે. દક્ષ ઉપદેશક શ્રોતા વર્ગની રૂચીનું તોલન કરીને જ બોધ દેવાની ભૂમિકા બાંધે છે અને હોશિયાર વૈદ્ય દરદીની સંપૂર્ણ તપાસ કરી લીધા પછીજ નિદાનનો ક્રમ મન સાથે અવધારી લઇ પડીકા બાંધે છે. આમ કરવાનો હેતુ એક જ હોય છે અને તે એટલો જ કે નિર્ધારિત કાર્યમાં વિજયશ્રી કેમ વરવી ! બુદ્ધિમત્તાનું એ લક્ષણ છે. અનુભવી હૃદયની એમાં પિછાન છે. નિતિકારની દ્રષ્ટિએ એમાં કાર્યારંભનો લગભગ વિજય છે. Well begun is half done એ ઉક્તિને કોણ નથી જાણતું ?

અને સામુદાયિક જીવનને લગતાં કાર્યોમાં તો સાચેજ અનુભવી હાથ, રગ પારખુ ડોકટર કે અગમ દર્શી નાયક અનેરૂં પરિવર્તન જોત જોતામાં કરી નાંખે છે. To strike the iron when it is hot એ સુત્રનો સધિયારો એના અંતરમાં રમણ કરતો જ હોય છે. વાતાવરણની ગરમી પારખતાં જ ઘાણનો ઘા કરી ઇપ્સિત ઘાટ ઘડે છે. એ કાળે એની પ્રત્યેક ક્ષણ લાખેણી હોય છે. 'વેળા એજ વસુ' અર્થાત્ Time is money' જેવી ઉકિતઓનો સાચો ખ્યાલ એ ઘડીએ જ થાય છે. જગત્ ઉંઘતું હોય છે ત્યારે એ ઉજાગરામાં જીવન નીચોવી નાંખતો હોય છે. '**आरंभस्यान्त गमनं द्वितियं बुद्धि लक्षणम्**' એ એનું એક માત્ર કેંદ્રસ્થાન નિયત થયેલું હોય છે.

આટલી લંબાણ ભૂમિકા રચવાનું કારણ એજ કે કોન્ફરન્સનું અધિવેશન ભાવનગરને આંગણે ભરવાનું નિશ્ચિત થઇ ચુકયું છે ત્યારે કોન્ફરન્સ એટલે આપણે પરિસ્થિતિનું માપ કહાડવામાં ભૂલ ન કરીએ. સંસ્થા તો જડ છે પણ એ પાછળ સંખ્યાબંધ ચેતનોની હુંફ હોવાથીજ—ઉત્સાહી કાર્યકરોની એ પ્રતીકરૂપ હોવાથીજ–સંસ્થા જીવંત ગણાય છે. એની બેઠકમાં સુષુપ્ત સમાજને ઢંઢોળી, જાગ્રત કરવાની–કામ કરતો બનાવી દેવાની અખૂટ શકિત ભરી છે. એ મોકો નજર સામે આવી રહ્યો છે. યુવાન–પ્રૌઢ કે વૃધ્ધ સૌ કોઈ આજથી જ વિચારવા માંડે કે જૈન સમાજને પ્રથમ કઇ ચીજની આવશ્યકતા છે ! એ વેળા ભૂતકાળને કે એની ગૌરવ ગાથાને દ્રષ્ટિ સન્મુખ રાખવાની મણા નજ કરી શકાય, છતાં એટલી સુચના તો ખરી જ કે એ પર નૃત્ય કરવાનો કિંવા એ નામે ચરી ખાવાનો સમય નથી રહ્યો. વિશ્વ આજે જબરા સંક્રાતિ કાળમાં ભીંસાઇ રહ્યું છે. ભારત વર્ષ એના એક ભાગરૂપ હોવાથી, એ યંત્રનામાંથી મુકત નથીજ. પરિવર્તનના ચક્રો જબરી ગતિએ ફરી રહ્યાં છે. આ જાતની વર્તમાન સ્થિતિ તરફ ધ્યાન રાખીને જ આવતા કાળ માટેની યોજનાના શ્રી ગણેશ મંડાવા ઘટે. બળતા સવાલોનો તોટો નથી જ. તોટો છે માત્ર એનો યથાર્થ રીતે ઉકેલ આણવામાં ધરવી પડતી ધિરજનો ! કામ કરવાનો ઉમંગ સૌને છે છતાં ખોટ છે માત્ર હાથ પકડી સાચા રાહે દોરે તેવા એક આગેવાનની ! મૂઠીભર યુવાનોને રંજન કરે, એવી બાબતો, વૃદ્ધગણના મોટા ભાગને રૂચે નહીં એવી બાબતો, મત આપતાં મુઝવણ ઉભા કરે એવી બાબતો–ઘણીયે આવી ગઇ છે અને ભવિષ્યમાં નહીં આવે એવું કંઈ નથી જ. પણ જરૂર છે એક માત્ર તે બાબતની કે જેના આગમનથી સુષુપ્ત સમાજ જાગી જાય–એનો અવાજ થતાં એની તંદ્રા બરફ સમ ઓગળી જાય–એનો કુંકારો થતાં ગાત્રોમાં કોઇ અનેરૂં રકત ફરવા માંડે–એના અમલ સાચેજ જૈન તરિકે ઓળખાતા પ્રત્યેક ખોલીયામાં કોઈ નવી જ ચેતના પ્રગટાવે.

એવી બાબત આણવાની જે મગજમાં શકિત હશે–એ વિષય પર વિચારવાની જેનામાં બુદ્ધિમત્તા હશે–એને લગતો ઠરાવ કરાવવાની જે હાથોમાં સત્તા હશે–અને એ ઠરાવને માત્ર કાગળ પર નહિં પણ સર્વત્ર આચરણમાં ઉતારાતો કરાવવાનું જે પગોમાં સામર્થ્ય હશે તેજ વ્યકિત પ્રેરણાદાયી બની રહેશે. ચાહેતો તે નર હો કે નારી હો, અગર તો–તે બાળ–યુવા, પ્રૌઢ કે વૃધ્ધ કોઇપણ હો. એણે પરિસ્થિતિનું સાચું માપ કહાડયું છે એમ કહેવામાં જરાપણ હૃદય શંકા નહીં ધરે.

મલ્યા અને છુટા પડયા. એમ કહેવરાવવા કરતાં મલ્યા પછી આટલી ભૂમિ આગળ વધ્યા એમ સાચેજ જો કહેવરાવવું હોય તો અત્યારથી જ પ્રત્યેક કાર્યકરે, દરેક સભ્યે, સમાજ માટે કંઇ કરી છુટવાની જેને તમન્ના છે એવા સર્વ જૈન બંધુઓએ દૈનિક કાર્યક્રમમાં જૈન સમાજને કઇ વસ્તુની સૌ કરતાં પ્રથમ આવશ્યકતા છે એ ચિંતવવાનો સમય આમેજ કરવો ઘટે છે.

અગત્ય છે એવા કાર્યક્રમની કે જે માત્ર જૈન સમાજના અમુક વર્ગને ન સંતોષે પણ સારીયે જૈન જનતાને સ્પર્શે. અગત્ય છે એવા કાર્યક્રમની કે જેની સ્મૃતિ કેવળ સુકૃત ભંડાર ટાણેજ ન થાય પણ અહર્નિશ યાદ આવે. અગત્ય છે એવા કાર્યક્રમની કે જેના જમે-ઉધાર પાસા પરથી પ્રગતિ કે પીછેહઠના આંકડા મૂકીશ કાય. પુનઃ મળવાનો અવસર પ્રાપ્ત થતાં યથાર્થરૂપે એનું સરવૈયું દોરી શકાય.

અમારી નજરે એ કરતાં કોઇ વધુ બળતો પ્રશ્ન નથી. જ્યાં સુધી અંકોડાઓ વેરણ છેરણ દશામાં પડયા છે. વ્યવસ્થિત રીતે એના સંધાણ થયા નથી ત્યાં સુધી સળંગ શૃંખલા કયાંથી તૈયાર થવાની હતી ?

અને શૃંખલાની અસ્તિ વિના એના ઉપયોગનો પ્રશ્ન સંભવેજ શી રીતે ?

# નોંધ અને ચર્ચા

## દંપતી જીવનની ગુંચ—

લગ્નગ્રંથીથી જોડાયેલ પતિ-પત્ની વચ્ચે કેટલીક વાર એવો અણમેળ થઈ જાય છે કે જેથી ઉભયના જીવન ખારા બની જાય છે. આ જાતના અણમેલમાં કયાં તો પરસ્પરના સ્વભાવોની વિચિત્રતા કે માતા–પિતા વા સ્નેહી સ્વજન તરફનું વૈમનસ્ય કામ કરતું હોય છે. ઘણી વાર એમાં સહન કરવાનું નારીજાતને શીરે આવી પડે છે; કેમકે પતિ બીજી સ્ત્રી કરવા સુધીની કક્ષા પર પહોંચી જતાં વિલંબ કરતો નથી! પાશ્ચિમાત્ય પ્રથા છે—પ્રથમ ચહાવું પછી તેની જોડે જોડાવું યાને પરણવું. આર્યાવર્તમાં ઘણુખરૂં પ્રથમ પરણવું અને પછી જ ચહાવાની ક્રિયા શરૂ થાય છે. માતાપિતા દ્વારા જેની સહ સંબંધ યોજાય છે તેને જ ચહાવાનું અને તેની જ સાથે સારૂંયે જીવન ગમે તેવા સંયોગોમાં વીતાવવાનુ દ્રષ્ટિગોચર થાય છે. નારીજીવનના ગૌરવનો એ પાછળ જ્વલંત ઇતિહાસ છે. પણ આંગ્લ પ્રજાના સંસર્ગથી ભાવના પલટાવા માંડી છે. મનપસંદગીના લગ્ન પર વધુ વજન અપાવા લાગ્યું છે. એમ છતાં મેળ ન મળે તો એ પ્રજાની માફક છુટા છેડા લેવાનો અવાજ પણ ઉઠી ચુકયો છે. ભલે આજે એ સુંદર જણાય છતાં આર્યપ્રજાના જીવન સહ એ બંધબેસતો નથી જ. જૈન જૈનેતર જનતાનું વિમળા પ્રકરણે ખુબ આકર્ષણ કર્યું છે. માનીએ કે રાધનપુર મહાજન ધણીને બીજા લગ્ન કરવાની મના ફરમાવશે. તેથી શું વિમળા સુખી થશે? અરસ પરસ જે કેરીવતો બહાર આવી છે તે જોતાં પતિ–પત્ની વચ્ચે સંગીન મેળ ન કરાવવામાં આવે, એ પાછળ દોરી ખેંચતા બળો દૂર કરવામાં ન આવે ત્યાંલગી દાંપત્ય જીવનની શાંતિ હવામાં લટકે છે. આ કિસ્સામાં સજ્જન ગ્રહસ્થોએ અગર એકાદા ખંતીલા સેવકે વચ્ચે પડી ઉભય કુટુંબોની મીનાકસી ટાળી, સમજુતીથી જોડ આણવો ઘટે છે. કેવલ ઠરાવ કે ઉપરછલ્લાં આંદોલનથી સ્થિતિ સુધરે તેમ નથી જ.

## છાપાની કોલમો કે કટારો?

મુંબઇમાં કોમી છમકલું હજી તાજુંજ છે. એટલે સહજ કટારો યાદ આવે જ. અને કેટલાક પ્રસંગોમાં છાપાના કોલમો જે જાતના લખાણથી ભરેલાં હોય છે એ લખાણો કટારો કરતાં પણ વધુ ભયંકર સ્થિતિ જન્માવે છે જ. સ્વતંત્રતા પ્રશંસનીય છે, પણ સર્વ કાળે તો નહીં જ. ગમે તેવા હાથોમાં પણ નહીં જ. વ્યવહારની મર્યાદાજ કંઇક અંકુશ માંગી લ્યે છે. જૈન સમાજના છાપામાં કે જૈન ચર્ચામાં દ્રષ્ટિપાત કરીશું તો છેલ્લા અંકો આવુંજ કંઇ વિસંવાદી ચિત્રણ નજરે પાડે છે. 'રાજકોટની દિક્ષા' યોગ્ય રીતે નહોતી અપાણી એ પૂરવાર કરવા લેખક શ્રી મોહનલાલ ધામીનો આખો પત્ર ઉતારે છે, પણ ખુબી એજ છે કે એજ કોલમોમાં અંધેરીની દિક્ષા પરત્વે લખતાં એ પત્રની સુચના સરખી લક્ષમાં નથી લેવાતી! કોઇ જુદુ જ વળણ લેવાય છે! કરાંચીના દિક્ષા પ્રસંગથી સારો યે અંક ભરનાર જૈન જ્યોતિ. લોકાંશાની ચર્ચા વેળા સંતબાળ સામે મુનિશ્રી ન્યાયવિજયજીના વિદ્વતાભર્યા લેખો પ્રગટ કરી સેવા કરનાર એના તંત્રીને આજે એજ મુનિશ્રીના લેખમાં સાંપ્રદાયિકતા નજરે ચઢે છે! અગ્રપાને પોતે મૂકેલ શ્રી ટી જી. શાહકૃત 'તે દિન જિન મંદિરે રે, રડતા વીર પ્રભુને જોયા' કવિતમાં કંઇપણ અજુકતુ નથી લાગતું! આજે એક જૈન ધર્મી લેખક,–પોતે જેમણે દેવ અને સર્વગુણ સંપન્ન લેખે છે તેવી વિભૂતિને રડતી ચિતરશે, અન્ય વળી છાજીયા લેતી આલેખશે તો પછી જૈનેતર લેખક કોઇ અનેરો વાઘો પહેરાવતી અને તેઓશ્રી દ્વારા કોઇ મનમાનતું ઉચ્ચરાવતી શું નહીં બતાવશે? એ કાળે જૈનોએ પોતાના પ્રભુને નામે ભજવાતું એ ફારસ મૂંગા મૂંગા જોયાજ કરવું ને? ગત વર્ષમાં દૈનિક છાપામાં કોઈ લેખકે એવી જ રીતે 'તીર્થંકરોની પરિષદ' ભરી મનગમતા વચનો જુદા જુદા તીર્થંકરોના મુખે ઉચ્ચરાવેલા. એ સર્વ ચલાવી લેવું ઇષ્ટ નથી જ. આ વાત નજીવી નથી. એ પાછળ તો જૈન ધર્મના કેટલાક મહત્વના સિદ્ધાંતો માર્યા જાય છે. અનભિજ્ઞ જનસમૂહ પર વિચિત્ર છાપ પડે છે. વીરપ્રભુ જેવી સમર્થ વ્યકિતને પણ લમણે હાથ દઈ આંસુ સારવાના હોય તો સ્થિતિ સુધારનાર કયો વીરલો જન્મશે? રચના અને સરખામણી પણ વિચારપૂર્વક થવી ઘટે છે. એ વેળા વિભૂતિનું વ્યક્તિત્વ ને સિદ્ધાંત દૃષ્ટિ સન્મુખ રખાવાં ઘટે છે. આવા જોડકણા કે કટાક્ષથી જૈન સમાજ કે જૈન ધર્મની સેવા ભાગ્યેજ થાય છે! આ કરતાં વધુ ગંભીર કટાર 'વીરશાસન' ફેરવે છે. શ્રી મહાવીર જયન્તિ કિંવા જન્મ કલ્યાણક જેવો પવિત્ર દિવસ 'રજા' તરીકે પળાય, એ માટેનાં શુભ પ્રયાસ પાછળ એને ખ્રીસ્તીધર્મ પ્રચારવાની યુક્તિના દર્શન થાય છે! એ સારૂ ધર્મપરિષદનો હેવાલ ચિતરતાં કંઇ અસબંધ ચર્ચા જેવું પણ નથી જણાતુ! એક સારી વસ્તુની પ્રશંસા કરવાને બદલે એ વાતપર ખોટો વંટોળ ચઢાવવા કેવા બાલિશ પ્રયત્નો થાય છે તેનો એ પરથી ખ્યાલ આવે છે. કોન્ફરન્સ જેવી પ્રતિષ્ઠિત સંસ્થા એક કામ ઉપાડે કે યેન કેન પ્રકારેણ એ સામે ધુળ ઉરાડવા મંડી જવું!! આ જાતની વૃત્તિ સમાજ કે ધર્મની કઈ સેવા બજાવે છે? છાપાના કોલમો આ જાતની મહત્વશૂન્ય ચર્ચાઓમાં જ ભરાય તો એથી પ્રગતિ નથી થતી. સમાજનું લક્ષ્ય કેંદ્રિત નથી કરી શકાતુ, ને સંઘટન જોખમાય છે.

## પૂજકો વધારવાની પ્રથમ જરૂર.

આત્મ કલ્યાણના કારણ સમી, ને ધ્યાન કરવાના અનુપમ સાધનરૂપ–અરિહંતની મૂર્તિ–એની અંજન–સળાકા–એની પ્રતિષ્ઠા કોને ન ગમે? સંખ્યામાં વધારો થાય એ પણ અવશ્ય આનંદનો વિષયજ મનાય. છતાં એ ત્યારે જ શોભે કે જ્યારે કલ્યાણ પિપાસુ–ધ્યાનધારૂ આત્માઓ ઉભરાતા હોય. એ મહામૂલા બિંબોની પૂજા–પ્રક્ષાલના ભક્તો દ્વારા થતી હોય. પૂજારી-ગોઠી કે ભાડુતી માણસો મારફતે જો પૂજાવિધિ પતાવાની હોય તો સંખ્યા વૃદ્ધિથી શો લાભ? એક સમય એ પણ હતો કે ઘરોઘર ગ્રહ દેવાલયો હતાં અને કુટુંબમાં નાના મોટા સૌ કોઇ પૂજા કરતા; એટલે બિંબોની સંખ્યા એ હિસાબે ઓછી પડતી. પણ સમય ફર્યો છે વસ્તી ઘટી છે, ગણત્રીના શહેરોમાં ખડકાવા માંડી છે. પ્રવૃત્તિ વધી પડી છે અને પૂજન વૃત્તિ ઢીલી પડતી જાય છે. ઘણા ખરા વિધાનો પગારદાર માણસો પાસ કરાવવા પડે છે. આવા વિષમ સંયોગોમાં બિંબ સંખ્યા વધારવા કરતાં એના ઉપાસકો–પૂજકો વધારવાની પ્રથમ આવશ્યકતા છે. પૂજા પાછળનો ભાવ શાથી ઓસરે છે એના કારણોની તપાસ કરી પુનઃ એ પ્રગટાવવા–કટિબધ્ધ થવા સારૂ સર્વ સાધુગણને પ્રાર્થના છે. યુક્તિ પુરસ્સર ઉગતી પ્રજાના હૃદયમાં એ ઉતારવાની અગત્ય છે.

# તીર્થધામોમાં ત્રીસ દિવસ.

લેખકઃ- મનસુખલાલ લાલન.

લેખાંક ૪ થો.

## તારંગાજી, આબુ, દીલવાડા.

ફાગણ શુદ ૬ ની સાંજની ગાડીમાં પાલીતાણાથી રવાના થઇ તારંગા જવા માટે સવારના ૮ વાગે મ્હેસાણા જંકશન ઉપર ઉતર્યા, ત્યાંથી બરાબર ૧૦ વાગે તારંગાહીલ તરફ જવા ગાડી ઉપડી, અને બપોરના ૧ વાગે તારંગાહીલ સ્ટેશન ઉપર ઉતર્યા, સ્ટેશન ઉપર જ તારંગાહીલ ઉપર જતા બે ચાર યાત્રાળુઓ અને ૧ સીપાઇ મળ્યા, સીપાઇએ અમોને પુછ્યું કે શ્વેતાંબર છો કે દીગંબર? અમોએ કહ્યું શ્વેતાંબર, એટલે તેણે તુરત જ અમોને ઉપર જવા માટે તૈયાર થવા જણાવ્યું, અને પોતે સાથે આવનાર છે એમ પણ સાથોસાથ જણાવ્યું. સ્ટેશન ઉપર વિશાળ ધર્મશાળા હમણાંજ બંધાયેલી છે, અને ઓરડાઓ સુંદર અને ખુલ્લા મેદાનમાં હોવાથી આનંદજનક લાગે છે, રહામે જ ૨-૮ નાની દુકાનો હતી, એક હોટલ હતી, ત્યાં ચા નાસ્તો કરી તારંગા હીલ ઉપર જવા તૈયારી કરી, હમણાં હમણાં શેઠ આણંદજી કલ્યાણજી તરફથી મોટરની સગવડ કરવામાં આવી છે, કેટલાએક ગાડામાં પણ જાય છે, અમો મોટરમાં બેસી તળેટીએ આવ્યા, ત્યાં અમોને આપણા હિંદુસ્તાનની કંગાલીયતનું પૂરૂં ભાન થયું અમારો એક એક ટ્રંક કે બીસ્તરો લેવા માટે મજુરોની જે મારામારી જોઇ તે દૃશ્ય ખરેખર કરૂણાજનક હતું, તલેટીમાં ૧ બુંદીનો લાડવો, લગભગ કુંગાઇ ગયેલો, અને ગંધાતો તથા ચપટી સેવાં મળ્યાં, લાડવો પાછો આપી સેવાં ખાઇ પાણી પી ઉપર ચડવા લાગ્યા, બરાબર બપોરનો સમય, તડકો તપતો હતો, સામાન ઉપાડનારથી અમો જરા આગળ નીકળી ગયા, પાસે ઝાડીમાં વાઘનો ભાસ થયો અમો આગળ વધતા થંભી ગયા, સીપાઇ અને પગી આવ્યા, તેમણે તપાસ કરી તો બાજુના નહેરાંમાં પાણી પી વાઘ ચાલી ગયો છે એમ તેમણે પગલાં ઉપરથી નિહાળી કહ્યું. લગભગ ૪॥ વાગ્યાને સુમારે ધર્મશાળામાં પગ મૂક્યો, પગ મૂકતાં અહિં પણ પાલીતાણા જેવો અનુભવ થયો, મુનસર ગામથી આવેલાં લગભગ ૨૦૦ માણસોનો સંઘ મુખ્ય બેઉ ધર્મશાળાની ઓરડાંઓ રોકી રહ્યો હતો અમોને મહામુશીબતે જુની ખંડીયેર ધર્મશાળામાં એક ઓરડી મલી, ચામા ચીડીયાં, છાપાં, અને ભમરાથી ભરપૂર આ કોટડીમાં કેમ રહેવાય? અમો તો લગભગ આખો દિવસ બહાર ચોકમાં બેસીને ગાળતા હતા. રાતના તદ્દન અંધારૂં થતાં બીહામણું લાગવા માંડ્યું, મુનીમને ધર્મશાશાળામાં એકાદ ફાનસ રાખવા લગભગ ૬ થી ૭ વખત કહ્યું પરંતુ વારંવાર ઉડાઉ જવાબ મળ્યો, ફાનસ નથી, હમણાં મોકલું છું, ઇત્યાદિ જવાબોની સાથે જ રાતના ૧૨ વાગી ગયા, છેવટ કંટાળી થાકેલા હોવાથી ઉંઘી ગયા

અજિતનાથજી મહારાજનું ભવ્ય જિનાલય, મહાન્ અલૌકિક મૂર્તિ અને કુમારપાળ ભૂપાળના વખતનું સ્થાપત્ય નિહાળતાં નયનોને અનેરો આનંદ મળ્યો. કારખાના ઉપર હમણાં એક વયોવૃદ્ધ જૈન ભાઇની નીમણુક થઇ છે, જેની વાતચીત ઉપરથી નિખાલસ અને કર્તવ્ય બુદ્ધિવાળા જણાયા, એમણે કેટલીએક ફરીયાદ કરી. જે વાસ્તવિક લાગી. કારખાનાનું કામ નિયમસર ચાલે છે, મુનિમના સ્થાન ઉપર પિતાપુત્ર બેઉ બ્રાહ્મણ હોવાથી બ્રાહ્મણરાજ જેવુ ચાલે છે, અને તેથી બેદરકારી પણ જણાય છે, ભોજનશાળા ચાલે છે, તેઓનો પણ આ બાબતમાં જ કચવાટ હતો, અમો તો ત્રણ દિવસ રહ્યા તે દરમ્યાન રોજ સંઘ તરફથી નોકારશીનું જમણ થતું હોવાથી રસોઇની કડાકુટથી તેમ જ ભોજનશાળાના લાભથી વિમુખ રહ્યા હતા. ભોજનશાળામાં તદ્દન મફત જમવાનું રાખ્યું છે, તેના બદલે નામનો પણ ચાર્જ જોઇએ, એવી સૂચના અમોએ કરી. ત્રીજે દિવસે તારંગાહીલથી નીચે ઉતર્યા, રાત સ્ટેશન ઉપરની ધર્મશાળામાં ગાળી, સવારે આબુરોડ જવા માટે મ્હેસાણા પુના આવ્યા, ત્યાંથી ૧૦ વાગાની ગાડીમાં રવાના થઇ બપોરના ૧ વાગે આશરે આબુરોડ સ્ટેશન ઉપર ઉતર્યા. આબુના પહાડ ઉપર જવા માટે મોટરનો કોન્ટ્રેકટ છે, તેમણું અમને કહ્યું કે હમણાં મોટર ઉપડે છે. બેસો, પરંતુ ૧ કલાક ખોટી કર્યા પછી કહે કે પેસેન્જર પૂરા નથી જેથી ૪ વાગે મોટર ઉપડશે, આમ ૧ વાગા સુધી સ્ટેશન ઉપર ખોટી થયા પછી આબુરોડની બજારમાં વીશીમાં ગયા, ત્યાં જમી ૩॥ વાગે પુનઃ સ્ટેશન ઉપર આવ્યા. ત્યાંથી મોટરમાં રવાના થઇ ચાલુ પહાડના રમ્ય દ્રશ્યો નિહાળતા ચાલુ કેમ્પ આવ્યા, ત્યાં મોટરે છોડી દીધા, ત્યાંથી ઠેકેદારની જ બેલ ગાડી કરી (જે ફરજીયાત છે) દીલવાડા કે જે કેમ્પથી ૪ માઇલ છે, ત્યાં આવ્યા, લગભગ ૭ વાગ્યાનો સમય થતાં ધર્મશાળામાં આવ્યા, એક કોટડી માળ ઉપર લીધી, લગભગ ધર્મશાળા ખાલી જેવી હતી, કારણ કે હજુ જોઇએ તેવો ઉનાળો બેઠો ન હતો, ધર્મશાળામાં ગંદકી વધારે પડતી કહેવાય, પાણીનું મહા દુઃખ; થાકયા પાકયા મુસાફરને પાણી પીવા ન મળે પરબ કે ન મળે નળ, બે આના આપીએ તોજ ૧ ડબ્બો વેચાતો મળે. આ દુઃખ અસહ્ય કહેવાય, ચાલુના ભંડારના અઢળક ધનનો વ્યય આવી જરૂરીયતોમાં વાપરવા શું ત્યાંના સત્તાવાળાઓ લક્ષ નહિ આપતા હોય? અહીંના વહીવટ માટે ઘણું કહેવાનું છે, જે આવતા અંકમાં આપીશ.

(અપૂર્ણ)

## નોકરી જોઇએ છે.

ન્યાય-વ્યાકરણ-સાહિત્ય અને આગમના અભ્યાસી જૈન પંડિતને નોકરીની જરૂર છે તો કોઈ પણ સંસ્થાને જરૂર હોય તો "જૈન યુગ" પત્રની ઓફીસમાં લખી જણાવો.

# ::: કૉન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ. :::

## કાર્યવાહી સમિતિની સભા.

કાર્યવાહી સમિતિની એક સભા તા૦ ૨૪-૪-૩૮ રવિવારના રોજ શેઠ **ચુનીલાલ વીરચંદ**ના પ્રમુખપણાં હેઠળ મળી હતી. સભ્યો સારી સંખ્યામાં હાજર હતા.

કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિના કામકાજનો રિપોર્ટ રજુ થતાં તેની નોંધ લેવા ઠરાવ્યું ઉપસ્થિત સભ્યોએ યોજનાના વિકાસ અને પ્રચાર અંગે ઉપયોગી સૂચનાઓ કરી હતી.

મુંબઈ અને પરાંઓના વિદ્યાર્થીઓ માટે સ્થાનિક સમિતિ નીમાય એવી સૂચના થઇ હતી. કેટલાક સભ્યો એ માટે પ્રયત્ન કરી રહ્યા છે.

પંડિત સુખલાલજીના તા૦ ૧૭-૪-૩૮ ના પત્ર દ્વારા બનારસ વિશ્વ વિદ્યાલય જૈન ચેર, અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, વિગેરેની હકીકતો રજુ થઇ જેની નોંધ લેવાઈ.

## કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ

આ સમિતિ તરફથી યોજનાના પચાર માટે મી૦ રાજપાલ મગનલાલ વ્હોરાની પ્રચારક તરીકે નિમણુંક કરવામાં આવી છે. તેમને ગુજરાત પ્રાંતમાં મોકલ્યા છે. તા૦ ૨૮-૩-૩૮ ના રોજ મુંબઇથી નિકલી દહેણું, સામટા બંદર, ગોળવડ, વાપી, દમણ, બગવાડા, વલસાડ, બીલીમોરા, જલાલપોર, નવસારી, સુરત, બારડોલી, કડોદ, વ્યારા, કડોર, અંકલેશ્વર, ભરૂચ, આમોદ, જંબુસર, પાદરા થઇ તેઓ વડોદરા પહોંચ્યા છે. સુરત અને વડોદરામાં પહેલાં સમિતિઓ નીમાયેલી હતી. તદુપરાંત **દહેણું, ગોળવડ, વાપી** અને **આમોદ**માં સ્થાનિક કેળવણી પ્રચાર સમિતિઓ નીમાઇ છે

**વઢવાણ કેમ્પ**માં એક સ્થાનિક કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ નીમાઈ છે. આ સમિતિએ રૂા. ૧૫૧) એકત્ર કર્યા છે કેન્દ્રસ્થ સમિતિએ તેટલી રકમ આપવા મંજુરી આપી છે.

ઔદ્યોગિક શિક્ષણ આપવા માટે મુંબઇમાં સ્વતંત્ર સંસ્થા સ્થાપવાની બાબત કેન્દ્રસ્થ સમિતિમાં વિચારાઇ છે, અને તે માટે રિપોર્ટ કરવા નીચેના સભ્યોની એક પેટાસમિતિ નીમવામાં આવી છે.

શ્રી. બબલચંદ કેશવલાલ મોદી.
શ્રી. ડૉ. લલ્લુભાઈ ચકુભાઈ જરીવાલા.
શ્રી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલિસિટર.

## બનારસ વિશ્વ વિદ્યાલયમાં જૈન વિદ્યાર્થીઓ.

બનારસ હિંદુ યુનિવર્સીટી જૈન ચેર ના પ્રૉફેસર પંડિત સુખલાલજી કોન્ફરન્સ ઉપરના તા. ૧૭-૪-૩૮ ના પત્રમાં જણાવે છે કેઃ—

"યુનિવર્સિટીમાં બે દિગંબર વિદ્યાર્થિઓ જૈન ન્યાય આચાર્ય પરીક્ષા આપે છે, જેમાં આ વર્ષે એક M. A. થયેલ આચાર્યના પ્રથમ વર્ષમાં તત્કાળ બેસશે. બીજાએ આચાર્યનો બીજો ખંડ પાસ કર્યો છે. માત્ર એકજ વર્ષ એને બાકી છે. તે કદાચ આગળે વર્ષે પુરૂં કરશે.

શ્વેતાંબર ત્રણ વિદ્યાર્થીઓ મુખ્ય છે. એમાં એક આ વર્ષે ફાઇનલ B. A. માં છે. એણે જૈન દર્શનની શાસ્ત્રી પરીક્ષાનો બીજો ખંડ આ વર્ષે આપ્યો. બીજા એકે પ્રાચીન ન્યાયનો શાસ્ત્રી બીજો ખંડ ક્વીન્સ કાલેજમાં આપ્યો અને યુનિવર્સિટીમાં જૈન આગમ શાસ્ત્રી પરીક્ષાના બીજા ખંડમાં આવતે અઠવાડિયે બેસશે. ત્રીજા વિદ્યાર્થીએ જૈનાગમ મધ્યમ પરીક્ષાનું પેલું વર્ષ આ વર્ષે આપવા ધાર્યું છે તે આવતે અઠવાડીયે તેમાં બેસસે. છેલ્લા બે મેટ્રીક પાસ થયેલ છે અને ત્રીજો તો આ વર્ષેજ આવેલ છે.

સ્થાનકવાસી ભણનાર વધારે છે પણ પરીક્ષા બે જણ આપે છે. જેમાં એકે દર્શન મધ્યમા ચાર વર્ષની એક સાથે આ વર્ષે આપી છે બીજાએ જૈન દર્શન શાસ્ત્રી ખંડનું બીજું વર્ષ આ વખતે પતાવ્યું અને જૈન આગમ બીજા વર્ષમાં આવતે અઠવાડીયે બેસશે તે ઉપરાંત એ ભાઇ આયુર્વેદવિશારદની પૂર્ણ પરીક્ષા આ વર્ષે આપવા બેઠેલો છે.

× × × × આ સિવાય અહિંની અતિ મહત્ત્વની કાયમી અને ઠોસ પ્રવૃત્તિ બે છે. એકમાં ગ્રંથ સંપાદન ઉપરાંત નવ ગ્રંથ નિર્માણ થાય છે અને બીજીમાં પરીક્ષા આપવાના ભાર સિવાયજ ઉંડી અને વ્યાપક અધ્યયન-અધ્યાપનની તાલીમ ચાલે છે. શાસ્ત્ર પ્રકાશન અને નિર્માણમાં બે ગ્રંથ લગભગ પૂરા છપાઇ ગયા છે. હું ધારૂં છું કે એ બન્નેઓ તેમાંનો એક ખાસ હેમચંદ્રકૃત પ્રમાણમીમાંસા કદાચ અત્યાર લગીની સમગ્ર જૈન વાઙ્મય ઉપાસનાનું નાનું સુસ્વાદુ ફળ સિદ્ધ થશે. એની બધી નોટો ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિએ હિંદીમાં છે. × × × × × ×."

જૈન ચેર સંબંધી કેટલીક હકીકત જણાવી પંડિતજી જણાવે છે કે "પંજાબના અમુક ગૃહસ્થોએ એક જૈન છાત્રાલય અહિં કર્યું છે. જે માત્ર શાસ્ત્રીય અભ્યાસ કરાવવા અને મુખ્યતયા જૈન ચેરનો ઉપયોગ કરી લેવા છે. એમાં વિદ્યાર્થીઓ આવ્યા છે અને હજી આવશે."


**તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ**

**જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.**

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—**મુંબઇ, ૩**

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

## ધાર્મિક પરીક્ષાઓનાં પરિણામ.

[બોર્ડ દ્વારા **શેઠ સારાભાઈ મગનભાઇ મોદી** પુરૂષવર્ગ અને **અ. સૌ. હીમકુબાઈ મેઘજી સોજપાળ** સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ૩૦ મી ઇનામી પરીક્ષાઓ તા. ૨૬-૧૨-૩૭ ના રોજ લેવામાં આવી હતી તેમાંના કેટલાક ધોરણોના પરિણામ અગાઉના જૈન યુગમાં પ્રકટ થયેલા છે. શેષ આ નીચે આપવામાં આવે છે.

**કન્યા ધોરણ ૧** પરીક્ષિકાઃ—શ્રી. લીલાવતીબ્હેન દેવીદાસ અને શ્રી. વિમળાબ્હેન વાડીલાલ, મુંબઇ

| નંબર. | નામ. | ગામ. | માર્ક | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | ભામિની નેમચંદ મહેતા, | નિપાણી. | ૯૩ | રૂા ૧૦) |
| ૨ | શાંતા ગુલાબચંદ દરડા, | પુના. | ૯૦ | રૂા. ૮) |
| ૩ | પુષ્પાવતી કસ્તુરચંદ શાહ, | અમદાવાદ (દ. મ. શા.) | ૮૫ | રૂા. ૬) |
| ૪ | ધનલક્ષ્મી જેસંગભાઇ શાહ, | અમદાવાદ. (દેડકાપોળ શ્રા. શા.) | ૮૨ | રૂા. ૫) |
| ૫ | પદ્મા પ્રેમચંદ શાહ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૮૦ | રૂા ૩-૮ |
| ૬ | સવિતા ચીનુભાઇ | ,, ,, | ૮૦ | રૂા. ૩-૮ |
| ૭ | સુશીલા મણીલાલ શાહ, | અમદાવાદ. (શાહપુર શ્રા.) | ૭૮ | રૂા. ૨) |
| ૮ | કુસુમ નગીનદાસ શાહ, | અમદાવાદ. (દ મ. શા.) | ૭૮ | રૂા. ૨) |
| ૯ | ભાનુમતી ભાઇલાલ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૭૭ | રૂા. ૨) |
| ૧૦ | ભાનુમતી ઉજમશી માણેકચંદ, | ભાવનગર. | ૭૭ | રૂા. ૨) |
| ૧૧ | મંજુલાબ્હેન લાલભાઇ શાહ, | અમદાવાદ. (પ્રધાન. ક) | ૭૫ | રૂા. ૧) |
| ૧૨ | અનુસુયા રતિલાલ શાહ, | અમદાવાદ. (જૈન. શ્રા. શા.) | ૭૫ | રૂા. ૧) |
| ૧૩ | કાન્તાબ્હેન માણેકચંદ, | પાલીતાણા. (નીતિસૂરી પા.) | ૭૫ | રૂા. ૧) |
| ૧૪ | ઇન્દુમતી મણીલાલ ચોકસી, | મુંબઇ. (મું. માં ક.) | ૭૪ | રૂા. ૧) |
| ૧૫ | કુમુદ ચિમનલાલ, | મુંબઇ. (મું. માં. ક.) | ૭૪ | રૂા. ૧) |
| ૧૬ | કમળા પોપટલાલ ઝવેરી, | મુંબઈ. (મું. માં. ક.) | ૭૩ | રૂા. ૧) |
| ૧૭ | મંગળા ગિરધરલાલ ખેચરભાઇ, | ભાવનગર. | ૭૦ | |
| ૧૮ | ચંપા ચુનીલાલ કાપડીઆ, | આમોદ. | ૭૦ | |
| ૧૯ | કળાવતી ભલાભાઈ દોલતરામ | અમદાવાદ. (પ્રધાન. ક) | ૭૦ | |
| ૨૦ | સુશીલા મગનલાલ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૭૦ | |
| ૨૧ | નંદકુંવર ભગવાનદાસ, | ભાવનગર. | ૬૯ | |
| ૨૨ | તારા મગનલાલ શાહ, | સુરત. (વનિતા વિ.) | ૬૯ | |

| નંબર. | નામ. | ગામ. | માર્ક. |
|---|---|---|---|
| ૨૩ | સુશીલા રમણલાલ, | અમદાવાદ. (મનસુખભાઇની શાળા) | ૬૮ |
| ૨૪ | સુનંદા ત્રિકમલાલ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૬૮ |
| ૨૫ | કળાવતી ચિમનલાલ, | સુરત. (વનિતા વિ.) | ૬૮ |
| ૨૬ | જયા નરોત્તમદાસ, | પાલીતાણા. (નીતિસૂ. પા.) | ૬૭ |
| ૨૭ | પ્રભાવતી મોહનલાલ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૬૭ |
| ૨૮ | મધુ હરિલાલ ડાહ્યાભાઇ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૬૭ |
| ૨૯ | લીલાવંતી ત્રિભોવનદાસ, | મુંબઇ. (મું માં. ક.) | ૬૭ |
| ૩૦ | પ્રભાવતી લક્ષ્મીચંદ ઝવેરી, | મુંબઈ. (મું. માં. ક.) | ૬૭ |
| ૩૧ | લીલાવતી પીતાંબરદાસ મહેતા, | પુના. | ૬૭ |
| ૩૨ | મધુકાંતા હરિલાલ ચુનીલાલ | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૬૬ |
| ૩૩ | લીલાવતી આણંદજી, | પાલીતાણા. (નીતિસૂ પા) | ૬૬ |
| ૩૪ | વિમળા ચંપકલાલ, | સુરત. (જૈ. ગ્ના. ઉ.) | ૬૬ |
| ૩૫ | હસમુખ નગીનદાસ, | સુરત. (જૈ. ગ્ના. ઉ.) | ૬૫ |
| ૩૬ | જાસુદ રણછોડલાલ, | અમદાવાદ (પ્રધાન. ક.) | ૬૫ |
| ૩૭ | મધુરી દીપચંદ, | ભાવનગર. | ૬૫ |
| ૩૮ | સુભદ્રા વીરચંદ, | અમદાવાદ. (દ. મ. શા.) | ૬૪ |
| ૩૯ | જયા કલ્યાણજી, | પાલીતાણા. (નીતિસૂ. પા.) | ૬૪ |
| ૪૦ | રમિલા ઝવેરચંદ ઝવેરી, | સુરત. (જૈ. ગ્ના. ઉ.) | ૬૪ |
| ૪૧ | વિમળા હરિલાલ ગુલાબચંદ, | ભાવનગર. | ૬૪ |
| ૪૨ | રસિલા જગજીવન નરોતમ, | ,, | ૬૩ |
| ૪૩ | સરસ્વતી ત્રિભોવનદાસ, | ,, | ૬૨ |
| ૪૪ | રતન માણેકચંદ ગુજરાથી, | પુના. | ૬૨ |
| ૪૫ | પુષ્પાવતી મણીલાલ શાહ, | ,, | ૬૧ |
| ૪૬ | કુસુમબ્હેન છોટાલાલ, | ગોધરા. | ૬૦ |
| ૪૭ | શારદા નગીનલાલ, | આમોદ. | ૬૦ |
| ૪૮ | કંચન મોતીલાલ, | અમદાવાદ. (દ. મ. શા.) | ૬૦ |
| ૪૯ | કાન્તા કેશરીચંદ, | સુરત. (જૈ. ગ્ના. ઉ.) | ૬૦ |
| ૫૦ | શારદા ચિમનલાલ, | અમદાવાદ. (પ્રધાન ક.) | ૫૯ |
| ૫૧ | વસંત ફત્તેચંદ અમીચંદ, | ભાવનગર. | ૫૯ |

| નંબર. | નામ. | ગામ. | માર્ક. |
|---|---|---|---|
| ૫૨ | શાંતા રતનશી, | પાલીતાણા. (નીતિસૂ. પા.) | ૫૮ |
| ૫૩ | લલિતા નાનાલાલ ગુલાબચંદ, | ભાવનગર. | ૫૮ |
| ૫૪ | પત્તી બાબુલાલ, | પુના. | ૫૭ |
| ૫૫ | હીરા માણેકલાલ શાહ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૫૭ |
| ૫૬ | કળાવતી સારાભાઈ, | અમદાવાદ. (પ્રધાન. ક) | ૫૭ |
| ૫૭ | પ્રેમકુંવર ઠાકરશી | પાલીતાણા. (નીતિસૂ. પા.) | ૫૭ |
| ૫૮ | સવિતા નાનાલાલ, | અમદાવાદ. (શાહપુર શ્રા.) | ૫૭ |
| ૫૯ | પ્રભાવતી ભોગીલાલ, | અમદાવાદ. (દડેકાપોળ શ્રા.) | ૫૬ |
| ૬૦ | રસિલા ડાહ્યાભાઈ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૫૬ |
| ૬૧ | મંજી હીરાચંદ, | પાલીતાણા. (નીતિસૂ. પા) | ૫૬ |
| ૬૨ | લીલાવતી મંગળદાસ, | સુરત. (જૈ. જ્ઞા. ઉ.) | ૫૬ |
| ૬૩ | સુમિત્રા લાલભાઇ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૫૫ |
| ૬૪ | ઇન્દુમતિ ફુલચંદ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૫૫ |
| ૬૫ | કંચન લલુભાઇ ભગવાનદાસ, | ભાવનગર. | ૫૫ |
| ૬૬ | રમા જયંતિલાલ બીખાભાઇ, | ,, | ૫૫ |
| ૬૭ | વસુમતિ બાબુભાઇ ઝવેરી, | સુરત. (જૈ. જ્ઞા. ઉ.) | ૫૫ |
| ૬૮ | સુભદ્રા રામચંદ, | મુંબઇ. (મું. મા. ક.) | ૫૪ |
| ૬૯ | જસકોરબ્હેન મોહનલાલ, | ભાવનગર. | ૫૪ |
| ૭૦ | સરસ્વતી બાબુભાઇ ઝવેરી, | સુરત. (જૈ. જ્ઞા. ઉ.) | ૫૩ |
| ૭૧ | પ્રભાવતી લલ્લુભાઇ, | ભાવનગર. | ૫૩ |
| ૭૨ | કમળા ધરમશી વોરા, | મુંબઇ. (મું. માં. ક.) | ૫૨ |
| ૭૩ | વિમળા ભોગીલાલ, | ગેરીતા. | ૫૨ |
| ૭૪ | કાન્તા શનીલાલ, | દાહોદ. | ૫૨ |
| ૭૫ | શાંતા ચતુરદાસ, | પુના. | ૫૨ |
| ૭૬ | શારદા સાકરચંદ, | આમોદ. | ૫૧ |
| ૭૭ | પદ્મા કુંવરજી નરોત્તમ, | ભાવનગર. | ૫૧ |
| ૭૮ | હીરા તલકચંદ, | ,, | ૫૦ |
| ૭૯ | સુશીલા પોપટલાલ શાહ, | અમદાવાદ. (શાહપુર શ્રા.) | ૫૦ |
| ૮૦ | લીલાવંતી ચુનીલાલ ગંભીરભાઇ, | ભાવનગર. | ૫૦ |
| ૮૧ | કાંતા છગનલાલ, | પાદરા. | ૪૯ |
| ૮૨ | જયા વેલચંદ, | પાલીતાણા. (નીતિસૂ. પા.) | ૪૯ |
| ૮૩ | માનવંતી માણેકલાલ શાહ, | મુંબઇ. (મું. માં. ક.) | ૪૯ |
| ૮૪ | વિમળા ગિરધરલાલ, | દાહોદ. | ૪૮ |
| ૮૫ | હસુમતિ રામચંદ ફતેચંદ, | ભાવનગર. | ૪૮ |
| ૮૬ | શાંતા અમૃતલાલ, | અમદાવાદ. (શાહપુર શ્રા.) | ૪૮ |
| ૮૭ | મધુકાંતા દોલતરામ, | અમદાવાદ. (શાહપુર શ્રા.) | ૪૮ |
| ૮૮ | મોહનબાઇ ચાંદમલ, | રતલામ. | ૪૭ |
| ૮૯ | જયા વિઠલદાસ ફુલચંદ, | ભાવનગર. | ૪૭ |
| ૯૦ | કુસુમ બાબુલાલ, | પુના. | ૪૬ |
| ૯૧ | વિદ્યા હીરાલાલ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૪૫ |
| ૯૨ | શારદા વલ્લભદાસ ત્રિભોવનદાસ, | ભાવનગર. | ૪૪ |
| ૯૩ | સરસ્વતી મોતીલાલ, | બોરસદ. | ૪૪ |
| ૯૪ | વિમળા પ્રેમચંદ, | અમદાવાદ. (શાહપુર શ્રા.) | ૪૩ |
| ૯૫ | લીલાવતી ચુનીલાલ, | બોરસદ. | ૪૩ |
| ૯૬ | સુભદ્રા રાયચંદ છોટાલાલ, | ભાવનગર. | ૪૩ |
| ૯૭ | પદમાં ફુલચંદ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૪૧ |
| ૯૮ | વસુમતિ માણેકલાલ, | ,, ,, | ૪૧ |
| ૯૯ | જયાવતી માણેકલાલ, | ,, ,, | ૪૧ |
| ૧૦૦ | વિદ્યા સાકરલાલ, | બોરસદ. | ૪૧ |
| ૧૦૧ | યમુનાબ રતનચંદ વખારીઆ, | નિપાણી. | ૪૧ |
| ૧૦૨ | સુનંદા ચમનલાલ શાહ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૪૦ |
| ૧૦૩ | કાંતા અંબાલાલ, | બોરસદ. | ૪૦ |
| ૧૦૪ | સુશીલા સુંદરલાલ, | ભરૂચ. | ૪૦ |
| ૧૦૫ | સવિતા હઠીસંગ, | મુંબઇ. (મું. માં. ક.) | ૩૯ |
| ૧૦૬ | શારદા માણેકલાલ નહાલચંદ, | ગોધરા. | ૩૯ |
| ૧૦૭ | ગજરા તલકચંદ, | પાલીતાણા. (નીતિસૂ. પા.) | ૩૯ |
| ૧૦૮ | કાંતા મોતીચંદ બકોરભાઈ, | ભાવનગર. | ૩૯ |
| ૧૦૯ | સુશીલા દલપતરામ, | અમદાવાદ. (શાહપુર શ્રા.) | ૩૯ |
| ૧૧૦ | લીલાવંતી ગુલાબચંદ લલ્લુભાઇ, | ભાવનગર. | ૩૮ |
| ૧૧૧ | ઇંદુમતિ ચિમનલાલ, | અમદાવાદ. (પ્રધાન. ક) | ૩૮ |
| ૧૧૨ | શ્રીમતી ચિમનલાલ, | અમદાવાદ. (જૈન. શ્રા.) | ૩૮ |
| ૧૧૩ | વિદ્યા મનસુખલાલ, | બોરસદ. | ૩૮ |
| ૧૧૪ | ચંદ્રકાંતા પોપટલાલ, | અમદાવાદ. (પ્રધાન. ક.) | ૩૭ |
| ૧૧૫ | પ્રભાવંતી કેશવલાલ, | ,, ,, | ૩૭ |
| ૧૧૬ | પુષ્પા જસવંતલાલ હાથીભાઇ, | ,, ,, | ૩૭ |
| ૧૧૭ | શારદા સાંકલચંદ, | બોરસદ. | ૩૭ |

## સમાચાર સાર

**—સ્થાનિક કેળવણી પ્રચાર સમિતિ—**મુંબઈ અને પરાં વિભાગમાં કેળવણી લેતા જૈન બાળકોને દરેક પ્રકારની પુસ્તક ફી આદિની સગવડ કરી આપવા, તથા અન્ય માર્ગે પણ કેળવણી તો પ્રચાર કરવા માટે કોન્ફરન્સ કેળવણી પ્રચારની યોજના અનુસાર અત્રે મુંબઈમાં સ્થાનિક કેળવણી પ્રચાર સમિતિ ઉત્સાહી યુવાનોએ ઉભી કરી છે, અને તેના હાલ નીચેના ગૃહસ્થો સભ્યો થયા છે.

૧ શ્રી. કાન્તિલાલ ઈશ્વરલાલ
૨ „ જમનાદાસ અમરચંદ ગાંધી
૩ શ્રી. મણીલાલ મોકમચંદ શાહ
૪ „ મનસુખલાલ હીરાલાલ લાલન
૫ „ મણીલાલ જેમલ શેઠ
૬ „ મોહનલાલ દીપચંદ ચોકસી
૭ „ વલભદાસ ફુલચંદ મહેતા
૮ „ નાનચંદ શામજી શાહ
૯ „ કેસરીચંદ જેસંગભાઇ શાહ

ઉપરના સભ્યોમાંથી શ્રી મનસુખલાલ હીરાલાલ લાલનની હાલમાં કામ ચલાઉ મંત્રી તરીકે નીમણુંક કરવામાં આવી છે, આ સમિતિ પોતાની કાર્ય દિશા નિશ્ચિત કરવા થોડા સમયમાં મળશે, અને એ રીતે કોન્ફરન્સની કેળવણી પ્રચાર યોજનાને વેગ આપવા માટે પોતાના સર્વે ચક્રો ચાલુ કરવા અભિલાષા રાખે છે.

| નંબર. | નામ. | ગામ. | માર્ક. |
|---|---|---|---|
| ૧૧૮ | પ્રભાવતી ગોતમચંદ દોશી, | નિપાણી. | ૩૬ |
| ૧૧૯ | લાભકુંવર અમીચંદ, | મુંબઇ. (મું. માં. ક.) | ૩૬ |
| ૧૨૦ | સુશીલા લલ્લુભાઇ, | પાદરા. | ૩૬ |
| ૧૨૧ | શાંતા રાજારામ, | નિપાણી. | ૩૫ |
| ૧૨૨ | સવિતા અમરતલાલ, | બોરસદ. | ૩૫ |
| ૧૨૩ | પોપટબ્હેન નેમાજી, | પુના. | ૩૪ |
| ૧૨૪ | શારદા મહાસુખભાઈ, | દાહોદ. | ૩૪ |
| ૧૨૫ | કમળા ચુનીલાલ નાથજી, | ગોધરા. | ૩૪ |
| ૧૨૬ | શાંતા ભગવાનદાસ, | અમદાવાદ. (પ્રધાન ક.) | ૩૪ |
| ૧૨૭ | મંછા અમીચંદ, | મુંબઇ. (મું. માં. ક) | ૩૪ |
| ૧૨૮ | જસીબ્હેન ઝવેરચંદ, | બોરસદ. | ૩૪ |

**નીચેની દરેક બ્હેનોને ૩૩ માર્ક મળ્યા છે.**

૧૨૯ કાંતાબ્હેન ભોગીલાલ, પાદરા.
૧૩૦ શારદા સોમચંદ, બોરસદ.
૧૩૧ મંગળા મણીલાલ અમરચંદ, ભાવનગર.
૧૩૨ તારા મોહનલાલ શાહ, બોરસદ.
૧૩૩ પદમા મોહનલાલ શાહ, અમદાવાદ. (મનસુખભાઇ ક.)
૧૩૪ વિમળા ખેમચંદ, ગોધરા.
૧૩૫ માનકુંવર ચુનીલાલ, પાલીતાણા. (નીતિસૂ પા.)
૧૩૬ ગજરા હઠીચંદ, „ „
૧૩૭ પ્રભાવતી વેલચંદ, „ „
૧૩૮ ગુણવંતી મોહનલાલ, „ „
૧૩૯ બબી કેશવલાલ, અમદાવાદ. (પ્રધાન. ક.)
૧૪૦ સવિતા સાકલચંદ જેસંગભાઈ, „ „
૧૪૧ શારદા આશારામ, „ (દિડકાપોળ શ્રા.)
૧૪૨ વિદ્યા ભોગીલાલ, „ (જૈન શ્રાવિકા.)
૧૪૩ શાંતા રાયચંદ છગનભાઇ, ભાવનગર.
૧૪૪ નિર્મળા સૌભાગ્યચંદ પ્રભુદાસ, „
(બીજી ૧૮ બ્હેનો નાપાસ છે).

**—આગમન—**ન્યાયવિશારદ મુનિશ્રી ન્યાયવિજય મહારાજે જામનગરના સંઘના આગ્રહથી જામનગરમાં ધામધુમ પૂર્વક પ્રવેશ કર્યો છે, તેમની છટા અને વિદ્વતા ભર્યાં વ્યાખ્યાનોથી જનતા ખૂબ આકર્ષાઇ દરરોજ હજારોની સંખ્યામાં હાજરી આપે છે, તેઓશ્રી વિશાશ્રીમાળી પાઠશાળાના હોલમાં પધાર્યા છે.

**—પેઢી નબળી પડી—**જુનાગઢના જાણીતા વેપારી શ્રી પરશોતમ શામજીની વેરાવળમાં ચાલતી પેઢી નબળી પડવાથી કેટલીયે નિરાધાર સ્ત્રીઓની થાપણ રઝળી પડી છે.

**—ગંભીર હોનારત—**મુંબઇ ખાતે તા. ૨૫મીએ વહોરા બજાર સ્ટ્રીટમાં આવેલા જૈન દહેરાસરના ઉપાશ્રયનું મકાન એકાએક તુટી પડવાથી તેના કાટમાલ નીચે કેટલાક મજુરો કચડાઇ ગયા હતા, તેના પરિણામે એક મજુરની લાશ મળી આવી હતી. અને છ શખશોને ઇજા થવાથી તેમને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. કાટમાંથી દબાયેલાઓને ખસેડવા માટે બંબાખાનાં તથા સીલ્વેજ કોર આખો દિવસ તથા રાતના પણ કાટમાલ ખસેડતા હતા. આ મકાન પડવાને પરિણામે ચાર માણસનાં મરણ નીપજ્યાં હતાં. એમ જણાય છે કે ઉપલા મકાનની દિવાલ તથા છાપરાંનો ભાગ તુટી પડતાં મકાનની અંદર કામ કરતાં કેટલાક મજુરો તે નીચે દટાઇ ગયા હતા જ્યારે કેટલાકને ઓછી વધતી ઇજા થવા પામી હતી. રાઘુ પાડું નામનો મજુર ત્યાંજ મરણ પામ્યો હતો અને ઇજા પામેલા છ સખસોને સરવાર માટે ગોકલદાસ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમાંથી મકાનના સુપરવાઇઝર વંદ્રાવનદાસ મદનજીનું સર હરકીશનદાસ હોસ્પીટલમાં મરણ નીપજ્યું હતું. આ મકાનનું કાટ ખસેડવાનું કામ છેક મંગળવારે સવાર સુધી ચાલ્યું હતું. તે વખતે પરોઢીએ મોહનલાલ ઓધવજી ત્રીવેદી નામના દેરાસરના કલાર્કની લાશ મળી આવી હતી. એ રીતે કુલ્લે ચાર સખસોનાં મરણ નીપજ્યાં હતાં. આજે મરનારોની લાશ ઉપર જ્યુરી ભરવામાં આવી હતી તે વખતે મંદિરના ટ્રસ્ટીઓ તરફથી મી. કાનુગા એડવોકેટ, મી. ઘોંડી તથા મી. આંબેડકર એડવોકેટ હાજર થયા હતા. મરનારની લાશને ઓળખાવ્યા બાદ તપાસ મુલતવી રહી હતી.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."    Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે.    છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧૬ મી મે ૧૯૩૮. | અંક ૨૦ મો.

## મુંબઇમાં વસતા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ તથા બાલિકાઓની કેળવણી માટે

# મદદની યોજના.

શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ, મુંબઈ.

આથી સર્વે જૈન ભાઇઓને જણાવવાનું જે મુંબઈમાં વસતી પ્રજાને પોતાના બાળક બાલિકાઓને કેળવણી આપવાનું કામ ઘણું ખર્ચાળ અને મુશ્કેલીભર્યું હોય છે. અને એ આર્થિક મુશ્કેલીને અંગે કેટલાએક માબાપો પોતાના સંતાનોને જોઇતા પ્રમાણમાં કેળવણીમાં આગળ વધારી શકતા નથી, અને આથી આપણી સમાજના બાળકોનો મોટો ભાગ કેળવણીથી વંચિત રહી જાય છે.

આપણા સમાજમાંથી ઉપરની આર્થિક મુશ્કેલી દૂર કરવા માટે મુંબઈમાં વસતા જૈન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ પોતાને જોઈતી કેળવણી સહેલાઇથી લઈ શકે, અને એમના માર્ગમાં કંઇપણ અવરોધ ન પડે, એ હેતુથી અમારી સમિતિ તરફથી વિદ્યાર્થીઓ તથા બાલિકાઓને ભણવાના સાધનો એટલે કે **સ્કુલ ફી** તથા **પાઠય પુસ્તકો** આપવાનો નિર્ણય કર્યો છે, આ યોજનાનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ નિયમો તથા અરજીનું ફોર્મ નીચેના સ્થળેથી મંગાવી લેવું, અને તે ફોર્મ પર સઘળી વિગત ભરી મોકલી આપવું.

આશા છે કે જૈન વિદ્યાર્થીઓ અને બાલિકાઓ આ યોજનાનો સંપૂર્ણ લાભ ઉઠાવશે.

લી૦ સેવકો;

મનસુખલાલ હીરાલાલ લાલન.

કેસરીચંદ જેસીંગલાલ શાહ.

માનદ્ મંત્રીઓ.

શ્રી કૉ. કે. પ્ર. સ્થાનિક સમિતિ, મુંબઇ.

૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ નં. ૩.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
—श्री सिद्धसेन दिवाकर.

જૈન યુગ.
તા૦ ૧૬-૫-૩૮. સોમવાર.

# ભાવભીનું આમંત્રણ.

ભાવનગરે પોતાના આંગણે જૈન મહાસભાને નોતરી જેમ અંતરંગ પ્રીતિના દર્શન કરાવ્યા છે તેમ એક આવશ્યક ફરજ પણ બજાવી છે. ગુજરાત–કાઠીયાવાડમાંજ વિષમતાને વૈમનસ્યના વંટોળ વાઇ રહ્યા છે. એક કરતા વધુ શહેરોમાં સંઘનું સંગઠન જોખમાઇ ચુકયું છે અને પરસ્પરના મતફેરોએ મનોભેદની આડી દિવાલો ઉભી કરી દીધી છે. એક એવા વર્ગનું અસ્તિત્વ પણ ત્યાંજ દ્રષ્ટિગોચર થાય છે કે જે કુવાના દેડકાની માફક ધર્મીપણાનું લેબલ પોતાના વર્તુળમાં જ જુવે છે–એ બહાર સર્વત્ર એને અધર્મ જણાય છે! જાણે કેટલીકવાર એવો આડંબર ધારણ કરે છે કે એના સિવાય ગુજરાત–કાઠીયાવાડમાં ભાગ્યેજ કોઇને ધર્મ કે સમાજની પડી હોય! આવી દીવો લઇ ભુસકો મારવાની આંધિને નિર્મૂળ કરી, સહસ્રરશ્મિરૂપ સત્યનો સાચો ને સ્વચ્છ પ્રકાશ પ્રસરાવી, ભાનભુલા બંધુઓની આંખો ખોલવા સારૂ અધિવેશન ભરવાની જરૂર ગુજરાતનાજ કોઇ શહેરમાં હતી, એ માટે સહર્ષ બીડુઝડપવાની પહેલ કરનાર ભાવનગર ધન્યવાદને પાત્ર છેજ. સ્વાગત સમિતિમાં જે નામો નોંધાયા છે એ જોતાં હર્ષ થાય તેમ છે

જૈન સમાજમાં ઘણી ખરી રીતે અમદાવાદ અને ભાવનગર મોખરે ગણાય છે. એવી જનવાયકા છે કે પ્રથમ ક્રિયા માર્ગમાં અગ્રણી છે તો બીજું જ્ઞાન માર્ગમાં **ज्ञानक्रियाभ्यां मोक्षः** માનનાર જૈન દર્શન આ બેલડીપરજ અવલંબે છે. કદાચ એ શહેરોને લગતી સરખામણીમાં મતભેદ પણ હોય છતાં જૈનધર્મ માટેની ધગશ અને જૈન ધર્મની પ્રભાવના માટેની આકાંક્ષા એ શહેરોમાં સવિશેષ છેજ એ નિસંદેહ વાત છે. વળી ભાવનગરની કેટલીક વિલક્ષણતા પણ છે. રાજ્ય સાથે જૈન પ્રજાનો મીઠો સંબંધ હોવાથી ઇપ્સિત કાર્ય સિદ્ધિ માટેની અનુકુળતાઓ સવિશેષ છે. વિવિધ મંતવ્યો ધરનારી છતાં સહકારથી કામ કરનારી આગેવાન સભાઓ જે સ્થાનમાં છે ત્યાંની લોક જાગ્રતિ માટે શું કહેવું. જૈનોમાં પંકાયેલા માસિકો ને અઠવાડીકનું તે ઉદ્દગમસ્થાન. સંઘના એકધારા ઐકયનું એ કેન્દ્ર, જાણીતી કાર્યકરોની એ માતૃભૂમિ–સાચેજ જ્યારે પોતાને આંગણે ભારતવર્ષના મહેમાનોને આમંત્રે છે ત્યારે ભાવિ સફળતાની–સમાજ પ્રગતિના નવિન રેખાંકનો દોરાવાની કંઇ કંઇ અભિલાષાઓ સમુદ્રના તરંગો માફક હૃદયમાં ઉછળવા લાગે છે. અંતર પોકારી ઉઠે છે કે વર્ષોથી ડહોળાયેલા અને સંક્ષુબ્ધતાના વમળમાં ચકાવે ચઢેલા વાતાવરણને સ્થિર થવાનો એ સંકેત તો ન હોય! સમાજની એ ઝંખના છે. સંયોગો પરથી એ સાર તારવી શકાય છે. મુસદ્દીઓની ધરતીમાં અગ્રેસર મનાતા ભાવનગર પ્રત્યે એવી આશા વધુ પડતી તો નથીજ. સંગઠનનો ભાનુ એ સ્થળે વાદળસમૂહને ભેદી પુનઃ પૂર્ણ કળાએ પ્રકાશે અને યશ કલગી એ સ્થળને શીરે મૂકાય તો સોનુંને ભળી સુગંધ જેવું જ.

આ તો મનોરથ માળાના મણકા નોતરવામાં જોશ દાખવનારા ધારશે તો મનોરથોને સિદ્ધિના રૂપમાં જરૂર ફેરવી શકશે. એ માટે શંકાને સ્થાન નથીજ. કારણ ભાવનગર માટે કોન્ફરન્સ મેળવવી એ નવી વાત નથી. પૂર્વે શેઠ મનસુખભાઇના પ્રમુખપદે એ મેળવી, પૂર્ણ રીતે ફતેહમંદ બનાવી છે. આમ અનુભવનો સધિયારો છે. વૃદ્ધોનો સહકાર છે અને નવા લોહીના હાથમાં સુકાન છે શ્રીમંત–ધીમંતને સેવાભાવીની હાર્દિક પ્રેરણાને જળસિંચન ચાલુ હોય ત્યાં નવપલ્લવિતતા પ્રાપ્ત થાયજ.

દિ' ઉગ્યે સંકુચીતતાના થરો તુટવા લાગ્યા છે. રંગ બેરંગી પ્રશ્નો તોડ માંગી રહ્યા છે. વિચિત્ર બળોની સાઠમારી પ્રવર્તી રહી છે. એક બીજાને ભીંસી દેવાની તાલાવેલી જોર કરી રહી છે એવા વિષમ ચોઘડીયે અંતરમાં સંગઠનની ઉત્કટ લગની ને જૈન સંસ્કૃતિ–જૈન સિધ્ધાંત અને જૈન ધર્મનું સાચુ જ્ઞાન જેને હોય તેજ સમભાવ કેળવી વિખુટા પડતા બળો ને ઉલ્ટા માર્ગે ક્ષય થતી શક્તિને–ઉન્માર્ગેથી વાળીને–બળથી નહિં પણ કળથી કામ લઇને–સન્માર્ગે ચઢાવી શકે. એને એવા દોરમાં ગુંથી લ્યે કે એ વડે સુષુપ્ત સમાજમાં નવજીવનનો સંચાર થાય. જુન્નરે નિદ્રાને પાણીયુ પકડાવ્યુ. મુંબઇ એ તંદ્રાના તંતુઓને તાણી નાંખી દૂર ફગોટી દીધા છતાં નવ પ્રાણ ફુંકવાનો સમય તો હવેજ પ્રાપ્ત થાય છે; કારણ કે જુન્નર જઇ આવ્યા બાદ જૈન સમાજના વાતાવરણમાં સંતાકુકડીની દિક્ષાના ઘેરા વાદળો ઝઝુમતા હતા. મદારીની મોરલીએ નાચનાર જુથ વધી પડયું હતું. એ અંધારા આકાશ હેઠળ દીર્ઘદર્શિતાથી કરાયેલ સાદ ઘણા થોડાએજ સાંભળ્યો. પણ આજે તો આકાશ નિરભ્ર બન્યું છે. મુનિ સંમેલનનાં પટ્ટકની શી દશા થઇ એ નેત્ર સામે છે. બુધ–ગુરૂએ દુધ–પાણી જુદા કરી આપ્યા છે. શ્રી મહાવીરના જયેષ્ટ પુત્રો કેટલા પાણીમાં છે તેના માપ નિકળી ગયા છે. દેશકાળની કપરી ભેરી બઝી રહી છે અને એને અનુરૂપ પરિવર્તન આણનારજ ટકી શકશે. એ સ્વર તો તેમના કાનોમાં પણ ગુંજી રહેલ છે કેટલાક સાથ આપી રહ્યા છે ને બીજા મોડા વહેલા આપશેજ એમ માનવું વધુ પડતું નથીજ. તેથીજ લઘુ પુત્રો કમર કસી તૈયાર થાય. શત્રુંજય ગિરિરાજના સન્મુખ નિર્મળ ભાવે 'પણ' લઇનેજ ભાવનગરમાં પગલા પાડે. નવયુગને શોભતો ને સારાયે ભારતના જૈનોને એક સાંકળે સાંધતો કાર્યક્રમ યોજે.

'જૈનં જયતિ સાસનમ્' નો અહલેક જગાવે.

# નોંધ અને ચર્ચા.

## સ્વામી વાત્સલ્યનું જમણ—

આજે આપણે એ ભૂમિકા પર આવી ચુકયા છીએ કે જે વેળા સ્વામીવાત્સલ્યના નામે માત્ર એકાદ ટંકનું ભોજન આપી સંતોષ ન માનવો જોઇએ. શાસ્ત્રકારે એનો જે અર્થ યોજ્યો છે અને એને લગતું જે મહાત્મ્ય નિરૂપણ કર્યું છે તે યથાર્થ રૂપમાં જોવું જોઇએ. મંડપ દુર્ગમાં આવનાર નવિન જૈનને સ્વધર્મીબંધુના નાતાથી એકેક ઇંટ ને સો સોનૈયા દરેક ઘેરથી અપાતાં અને જોતજોતામાં આગંતુક વ્યક્તિ ને પોતાના જેવી સમૃદ્ધ બનાવી દેવાતી એ વાત પાછળનો ભાવ અવશ્ય વિચારણીય છે. જો આજે રોટીનો પ્રશ્ન ગૂઢ બન્યો હોય, જો આજે મહિનાના ત્રીસ દિનમાં ઓગણત્રીશનો પ્રશ્ન મુંઝવણ પેદા કરતો હોય તો પછી એક વાર મિષ્ટાન્ન આપી સ્વામીવાત્સલ્ય કર્યાનો લ્હાવો માણવો એ વાસ્તવિક નથી. સ્વધર્મીબંધુનું રોજનું જીવન ઠીક ઠીક વધ્યું જાય તેવો પ્રબંધ કરવો એજ આજના યુગને બંધ બેસતું સાચું સ્વામીવાત્સલ્ય છે. વધુ અફસોસજનક વાત એ છે કે અગત્ય જ્યારે ઉપરોક્ત વસ્તુની છે ત્યારે કેવલ એકાદ વેળાના માલપાણીથી સંતોષ મનાય છે અને એમાં પણ કોઇ અજ્ઞાન ચોઘડીયાની ભૂલનું પ્રદર્શન ચાલુ રખાય છે! ગમે તે કારણે સંઘ જમણમાં પૂર્વે જૈનધર્મ પાલતા આપણા જ કચ્છી બંધુઓને બકાત રખાયા હોય, પણ આજના યુગમાં નજર સામે એમ કરવામાં દીવા જેવી ભૂલ સમજાયા છતાં 'પીછેસે ચલી આતી હૈ' માટે એ ચાલુ રાખવી એ સુજ્ઞ પુરૂષનું કાર્ય નથી જ. એમાં ડહાપણનું દેવાળું છે, એટલું જ નહિં પણ સ્વધર્મીબંધુઓના એક મોટા ભાગનું અપમાન છે. અરે જૈન ધર્મના એક અણમૂલા સિદ્ધાંતનું ખંડન છે. અરિહંતના એક પણ ઉપાસકને ઇરાદાપૂર્વક દૂર રાખી સ્વામીવાત્સલ્ય માણી નજ શકાય. આજે એમાં કચ્છી–ગુજરાતી કે મારવાડી ભાઇ જેવા ભેદને સ્થાન નજ હોઇ શકે. જ્યાં એ સ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં જાગ્રત બની એનો અડગપણે સામનો કરી સુધારવા કમર કસવી ઘટે. યુવાન મંડળોએ એ માટે પહેલ કરવી જોઇએ.

## જાગ્રત સમાજમાં મતની કિંમત—

જૈન સમાજ હવે સાવ પછાત નથી. રાષ્ટ્રિય મહાસભાના આંદોલન પછી મોડો મોડો પણ એ જાગ્રત થવા લાગ્યો છે. અલબત આજે એમાં વાડા કે તડાનો શુમાર નથી છતાં દિવસાનુદિવસ એ ગાંઠના બંધ ઢીલાં પડી એકજ પિતાના સંતાન તરિકેનો ભાવ વૃદ્ધિંગત થતો જાય છે. એટલે સમાજના પ્રશ્નમાં–જાહેર સંસ્થાના સંચાલનમાં 'મારા મતની પણ કિંમત છે' એ સૂત્ર સમજાતું જાય છે. તેથીજ જ્યાં આજે વર્ષો પહેલાં હરિફાઇનું નામ નિશાન પણ નહોતું–અરે વાર્ષિક ચુંટણી એ કઇ ચીડીયાનું નામ છે એ પણ કોઇ જાણતું નહોતું, ત્યાં આજે ચુંટાવાની તમન્ના વધવા માંડી છે. જો એમાં સંસ્થા પ્રત્યે પ્રેમ હોય અને સાથોસાથ યોગ્યતા હોય તો એ વૃત્તિ સાચેજ પ્રશંસા પાત્ર છે.—ઉત્તેજવા લાયક છે. એમાં સંઘર્ષણ ત્યારે જ ઉદ્ભવે છે કે કેટલાક, વર્ષોથી ચીટકી બેઠેલા, કોઇપણ જાતની સંગીન સેવા આપ્યા વગર, પોતાનું સ્થાન કાયમ રાખવા ઇચ્છતા હોય છે. વળી કેટલાક કેનવાસીંગના જોરે મનધાર્યું કરાવવાના નાદથી કિંવા તેમ ન બને તો પત્થરા ફેંકવાના નિંદ્ય આશયથી એમાં પ્રવેશવા ઇચ્છતા હોય છે. જ્યાં આ જાતની ખોટી સ્પર્ધા પ્રગટે ત્યાં મતની કિંમતના નામે કેવલ શક્તિનો વ્યય થાય છે. સંસ્થાનો ઉત્કર્ષ આઘો ઠેલાય છે. સ્થિતિ જોખમાય છે. કરવાના કાર્યો ખોરંભે પડે છે અને વિતંડામાં સમયની બરબાદી થાય છે. જૈન સમાજ ને આવી સ્થિતી જરૂર હાનિકર છે. એની નાની મોટી દરેક સંસ્થામાં જુનાને બદલે નવું લોહી આવે તે ઇષ્ટ છે. છતાં સંસ્થાની પ્રગતિ કેમ થાય એ ભાવ દરેકના અંતરમાં અગ્રપદે હોવો જોઇએ એ ભુલવું જોઇતું નથી જ. વળી સંચાલન સમિતિમાં શ્રીમાન્–ધીમાન્ અને સેવાધારીનો સરખો સહકાર ઇષ્ટ ને આવશ્યક છે.

## પ્રકરણો પરથી હાથ કયારે ઉઠાવાશે?

દિ' ઉગ્યે કે એકાદું નવું પ્રકરણ ડોકિયાં કરતું જ હોય છે. કમનસિબી છે જૈન સમાજની કે જ્યારે દેશ–કાળ હાકલ પાડે છે સંઘટનની–બદલાતી પરિસ્થિતિમાં કોમે કોમના એકધારા સંગઠનની–હિંદી તરિકે–એક પ્રજા તરિકે–કટિબધ્ધ થવાની–ત્યારે અહીં ચોકા વધતાં જ જાય છે. કોલમો કટારોની ગરજ સારે છે. મીનાકશા વૃદ્ધિ પામતા જાય છે. મિત્રતાના ગાઢ બંધનવાળા સામસામે મોરચા માંડી સમાજ–જનતા કે જગતને કોઇ અનોખો પાઠ પઢાવે છે? સામાન્ય વાતને સિદ્ધાંતનો ઓપઆપી મહત્વનો પ્રશ્ન સર્જી દે છે. અને પછી દિક્ષા પ્રકરણ, સંવત્સરી પ્રકરણ–અંધેરી પ્રકરણ–વિમળા પ્રકરણ શાસ્ત્રાર્થ પ્રકરણ અને ટી. જી. શાહ પ્રકરણ કે જૈન જ્યોતિ પ્રકરણના નામે એ વહેલો વિકસ્વર થતો જાય છે. આવા પ્રકરણો અત્યાર સુધી તો વાંચીયા રહ્યા છે. એને લગતી ચર્ચાઓમાંથી સંગ્રહીત કરાય તેવું નવનીત નથી જ લાધ્યું. તેથીજ દુઃખ સહિત કહેવું પડે છે કે સમાજને એકધારા લક્ષ્ય પર લઇ જવાની આ મહામૂલી ઘડીયે–સમાજને સંગઠિત દોરમાં વીંટવાના આ કિંમતી ચોઘડીયે–શા સારૂ આવી મામુલી વાતમાં વીસમીસદીના એક કિંમતી ગણાતા સાધનનો દુરૂપયોગ કરો છો? જ્યાં જ્ઞાનની ઓછાશ છે, ને શક્તિની અપૂર્ણતા છે. લાંબી નજરે જોવા જેવી–એ પરથી લાભાલાભના આંકડા મૂકવા જેવી–દીર્ઘદર્શિતાનો દાવો કે સધિયારો નથી ત્યાં 'આમ કર્યું હોત તો' અગર 'ફલાણાનું માન્યું હોત તો' અથવા તો આમાં 'શિષ્યમોહ' કહેવાય અને 'આ તો સાચા સુધારકનો ધર્મ' ગણાય એવા ફુવારા ઉરાડવાનો કંઇ જ અર્થ નથી. ભુલ સૌ કોઇથી થાય છે. 'Err is human.' પણ એ હસ્તે મુખડે કબુલવાની તાકાત બહુ જ થોડામાં હોય છે. એ નિયમ ઉપસ્થિત ચર્ચામાં સર્વને સરખો લાગે છે. બહુમતીના યશોગાન ગાનારા જ બહુમતીને ઠોકરે ચઢાવે છે, ત્યાં બીજી કઇ વાતોના વિચાર કરવા? 'ગતં ન શોચામિ' કરી એવી નજીવી બાબતો સંકેલાવી ઘટે. પુનઃ એવું ન બને તેવા માર્ગો નિયત કરવા જોઇએ. સમજુનો એજ રાહ.

# તીર્થધામોમાં ત્રીસ દિવસ.

લેખકઃ-
મનસુખલાલ લાલન.

લેખાંક ૫ મો.

## દિલવારા, અચલગઢ.

ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે દિલવાડાની ધર્મશાળામાં ઉતર્યા, આબુના પહાડના પશ્ચિમ તરફના વિભાગ ઉપર પહાડની મધ્યમાં વિશાળ સપાટ જમીન જે આવેલી છે તે વિશાળ જમીન ઉપર જગવિખ્યાત પાંચ જિનાલયો બંધાયેલાં છે, આ જિનાલયો બહુ ઊંચા નહિ હોવાથી તેમજ સ્થાપત્યની કલા સૈકા જુની હોવાથી બહુ દૂરથી દેખી શકાતાં નથી. પાંચે મંદિરો પરસ્પર સંકળાયેલાં છે, અને જાણે કે એક જ સમૂહમાં ન હોય તે રીતે દેખાય છે. ધર્મશાળાની સામે જ મંદિરમાં પ્રવેશ કરવાનો દરવાજો આવે છે ચડાણવાળી જમીન ઉપરથી આગળ વધતાં પ્રથમ પેઢીના વહીવટના મકાનો તથા તેને ઉપયોગમાં આવતા ઓરડાઓ આવે છે, જતાં ડાબા હાથ તરફ જરા ઉંચાણના ભાગમાં જગદ્ગુરૂ શ્રી શાંતિસૂરિજીની કોટડી દેખાય છે, જ્યાં ભક્તજનોની ભીડ વારંવાર દેખાયા જ કરે છે. ત્યાર પછી પોરવાડ જ્ઞાતિના મુકુટ સમાન વિમળશાહનું બંધાવેલું અલૌકિક કોતરકામવાળું શ્રી આદીશ્વર ભગવાનનું જિનાલય આવે છે, આ જિનાલયમાં પગ મૂકતાં જ અને તેની કોતરણી જોતાં પગ ત્યાંજ સ્થિર થઈ જાય છે, સંગેમરમરના પત્થરોપર અદ્ભૂત કોતરકામ કરનાર શિલ્પીઓ અને કામ કરાવનારની ધીરજ એ બેઉનો વિચાર કરતાં તેઓ પ્રત્યે અંતરના ઊંડાણમાંથી ધન્યવાદના સૂરો ગુંજી ઉઠે છે, હું તો એકેએક દેરીનું કોતરકામ નિહાળતો આગળ વધતો હતો, મારી સાથે એક સ્વીટઝરલેન્ડના ગૃહસ્થ પણ એજ કોતરકામ નિહાળી હર્ષથી કુદતા હતા; સહસ્ર પાખંડીવાળું કમળ જે રંગમંડપની મધ્યમાં આવેલું છે, તેનું કોતરકામ જોતાં તો અકલ પણ કામ કરતી નહતી, એક સલાટને પૂછતાં તે કહે કે ૧ પાખંડી તુટી ગઇ છે, તેના જેવી બનાવતાં આજે અમોને ૭ માસ થયા છે, છતાં કામ જોઇએ તેવું થઇ શકયું નથી. જ્યાં જ્યાં જુનું તુટી જવાથી રીપેર થયું છે, ત્યાં ત્યાં જુના નવાનો ભેદ સ્પષ્ટ દેખાઇ આવે છે, એટલું જ નહિ. પણ કઢંગું પણ દેખાય છે. ભમતીમાં ફરતાં એક વસ્તુ ખાસ ધ્યાન ખેંચે તેવી છે, વિમળશાહ શેઠને સ્વપ્નમાં અંબિકા દેવી આવેલાં, અને જે જે વસ્તુઓ તેઓને પ્રથમ મળી આવી તે વસ્તુઓ અખંડ રીતે એક ઓરડામાં ગોઠવવામાં આવી છે, મુનિસુવ્રત સ્વામીની કાળા પત્થરની મૂર્તિ, બીજી આજુબાજુની મૂર્તિઓ, ભૈરવ, દેવી, આદિની નાની મૂર્તિઓ આ બધું ઐતિહાસિક દૃષ્ટિએ અવશ્ય સંગ્રહણીય છે, અને તે યોગ્ય રીતે સંઘરાયેલું છે, દહેરાસરની સામેજ વિમળશાહની સ્વારી અને આરસ પહાણના હસ્તીઓ જોતાં આરસ ઉપર કામ કરનારા નિષ્ણાતો કેટલા હશે તેનો સ્હેજે ખ્યાલ થાય છે. ત્યાંથી સામી બાજુ જતાં જમણા હાથ તરફ ગુજરાતના ગૌરવ સમા વસ્તુપાળ તેજપાળનું બંધાવેલું નેમિનાથ ભગવાનનું જિનાલય આવે છે, તેની કોતરણી પણ તેવી જ, બલ્કે તેનાથી પણ ચડે તેવી છે, દેરાણી જેઠાણીના ગોખલાને નામે વિખ્યાત થયેલા બે નાના પ્રતિમાગૃહોનું કોતરકામ ખરેખર અવર્ણનીય છે, એક એક ઇંચની આરસની કટકી ઉપર સુંદર મ્હેલની રચના કરી જે કોતરકામ કર્યું છે તેની કિંમત તો તેના નિષ્ણાતોજ આંકી શકે. ઇતિહાસ કહે છે કે વસ્તુપાળ તેજપાળની પત્નીઓ અનુપમાદેવી અને લલિતાદેવી ઘણી બુદ્ધિશાળીઓ હતી, અને તેમની બુદ્ધિને પરિણામે જ આ અલૌકિક જિનાલયની હસ્તી થઇ છે, ત્યાર બાદ આજુબાજુ બે ત્રણ બીજાં દહેરાસરો પણ છે, જેમાં એક સલાટનું દહેરાસર છે, જેને માટે ઉક્તિ છે કે એ સલાટોએ આ જિનાલયનું કામ કરતાં એટલું ધન ઉપાર્જન કર્યું કે તેઓને પણ ઇચ્છા થઇ કે આટલું બધું દ્રવ્ય આવા શુભ કામમાં આપણે પણ વાપરી નાંખવું, અને તે વાપરી તેમણે આ દેહરાસર બંધાવ્યું છે, એકંદર આ જિનાલયોની ખ્યાતિ તીર્થધામ કરતાં પણ અભૂતપૂર્વ સ્થાપત્ય અને કલા માટે ચિરસ્મરણીય છે. અને જૈનોને ગૌરવાન્વિત બનાવનારાં છે એ વાત તો નિઃસંદેહ છે. આ બધાં દહેરાસરોનાં દર્શન કરવામાં તેમ જ સેવાપૂજા જે હાલની પ્રથા પ્રમાણે બહુ મોંઘાં થઇ ગયાં છે, એટલે કે ઘી' અને ચડાવા થયા પછી જ થઇ શકે તે પણ મોડા મોડા કરી ધર્મશાળામાં આવતા હતા. અને પેટ પૂજાની તૈયારી કરતા, પરંતુ આ સ્થળે સખેદ જણાવવું પડે છે કે દીલવારામાં એક પણ મોદીની સારી દુકાન નથી, કે જ્યાંથી સાફ અનાજ મળી શકે, એકમ ારવાડી ભાઇની દુકાન છે તે વીશી પણ ચલાવે છે, એટલે વીશીની ઘરાકીના લાલચે અનાજ સરૂં આપે જ નહિ, ઘી ચોકખું લેવા માટે ૫ માઇલ ચાલીને કેમ્પમાં જવું પડતું. આ ત્રાસથી ત્યાં વધારે રહેવાનું ફાવે તેમ નથી, વહીવટમાં પણ ઘણી ખામી દેખાય છે, કેસર દહેરાસર તરફથી તો બીલકુલ રહેતું જ નથી, વેચાતું લઇએ તોજ પૂજા કરી શકાય, ફુલ પણ કારખાના તરફથી જ વેચાય છે, વાસણ ગાદલાં પણ સારાં મળતાં નથી, તેમાંએ ગાદલાં ગોદડાં તો એવાં છે કે તે પાથરવા કરતાં નીચે સુઇ રહેવું સારૂં. એકંદરે આબુની વિખ્યાતિના પ્રમાણમાં ચોકખાઇ અને સુગમતા નથી. આ માટે વહીવટદારોએ લક્ષ આપવું ઘટે છે, આ સ્થળે ત્રણ દિવસ રહી ચોથે દિવસે અચળગઢ જવા નિકળ્યા.

દીલવાડાથી અચલગઢનું શિખર લગભગ ૬ માઇલ છેટે છે, આબુ પહાડનો પશ્ચિમ વિભાગ છોડી પુનઃ પૂર્વ વિભાગ તરફ આવવું પડે છે. આબુનું ઊંચામાં ઊંચું શિખર ગુરૂ શિખર છે, તેનાથી માત્ર ૧૦૦ ફુટ નીચું અચલગઢનું શિખર છે. ઘણા લોકો ચાલતા જાય છે, ત્યારે ન ચાલી શકનારાઓ બેલ ગાડીમાં જાય છે. રસ્તામાં જાનવર બીલ વિગેરેની બીક લાગતી હોવાથી શીરોહીનો ચોકી પહેરો સાથે રહે છે. રસ્તો રમણીય અને ઊંચાણ નીચાણવાળો આવે છે, જુઇના ઝાડની ઘટાઓ અવારનવાર દેખાય છે. ૫ માઇલ ચાલ્યા પછી

# સરાક જાતીનો પુરાતન ઈતિહાસ.

લેખક—
નાથાલાલ છગનલાલ શાહ.

લેખાંક ૧ લો.

ભારતવર્ષનો પુરાતન ઇતિહાસ શોધખોળ દ્રષ્ટીએ તપાસતાં હિંદમાં ઘણા સંપ્રદાયોમાં ધર્મ પરિવર્તન કર્યાના દાખલા મળી આવે છે. તે સંબંધીનું સંશોધન કાર્ય જૈનીઝમમા અદ્યાપી પર્યંત થએલ મળી આવેલ નથી. ઇતિહાસકાળ પહેલાં અને તે પછીના સમયમાં જૈન તીર્થંકરોના વિહાર અંગ (ચંપા અને તેનો પ્રદેશ) બંગ (બંગાળા) કલિંગ (ઓરિસ્સા) જેવા પ્રદેશોમાં ઘણાં પ્રમાણુમાં થએલ. તે સંબંધી જૈનોના પુરાતન સાહિત્યોમાં ઉલ્લેખો થયેલ મળી શકે છે. તીર્થંકરોના ઉપદેશથી આ પ્રદેશોમાં અહિંસાના તત્વોએ ઉંડા મૂળ નાખ્યાં હતાં, તેમ ઇ. સ. પૂર્વે આ પ્રદેશોમાં લાખોની સંખ્યામાં જૈનોની વસ્તી હસ્તી ધરાવતી હતી. જે સમયમાં જૈનધર્મ એ રાજ્યધર્મ હતો. જે સમયે જૈન રાજાઓએ તેમ ધનાઢય શ્રાવકોએ શિલ્પકળામય જિન ભુવનો હજારોની સંખ્યામાં સ્થાપિત કરેલ હતાં, જે સમયના જૈનો પોતાના પ્રાણ અર્પણ કરી ધર્મની, રાજ્યની અને સમાજની સેવા બજાવવા ઉત્સુક હતા, જે પ્રદેશોમાં હજારોની સંખ્યામાં ઉપદેશ આપનાર જૈન શ્રમણો વીચરતા, જે પ્રદેશોની ધાતુની ખાણો શોધી કાઢનાર જૈન ધનાઢયો હતા, તેવા પ્રદેશોનો વર્તમાનમાં ઇતિહાસ તપાસીશું તો આ પ્રદેશોમાં વસનારા જૈનોનું ધર્મપરિવર્તન કેમ થયું, તે સંબંધી પ્રકાશમાં લાવવું એ ઘણો જ અગત્યનો વિષય છે.

ઇ. સ. પૂર્વેના સમયમાં જ્યારે જૈન રાજ્યકર્તાઓનો રાજ્ય અમલ આ પ્રદેશોપર ચાલતો, તે સમયે. અંગ, બંગ અને કલિંગ જેવા આર્યાવર્તના દેશોને હિંદુ શાસ્ત્રોમાં અનાર્ય દેશોથી ગણના કરેલ છે. તેમ મ્લેચ્છ દેશો તરીકે વર્ણવેલ છે. સબબ આ સમય પર આ પ્રદેશોમાં જૈનોનું પ્રાબલ્ય એવા પ્રમાણમાં હતું કે આ દેશોમાં હિંદુઓને વસવાટ કરવાનું તેમ જવાનું ઘણું મુશ્કેલ હતું, તે માટે હિંદુશાસ્ત્રોમાં આદિત્ય પુરાણ તથા પદમ પુરાણ, પ્રબોધ ચંદ્રોદય જેવા ગ્રંથોમાં નોંધ લીધેલ છે.

આદિત્ય પુરાણ નામના ગ્રંથમાં જણાવેલ છે કે—

अंग बंग कलिंगाश्च लाट मालविकास्तथा ।
गत्वैतो कामतो देशान् कलिंगाश्च पतेत् द्विजः ॥

ભાવાર્થ–અંગ, બંગ અને કલિંગ જેવા દેશોમાં ખાસ કામ શિવાય કોઇએ જવું નહી, સબબ કલિંગાધિપતી દરેકને પતીત કરી નાખે છે.

પદમ પુરાણ નામના ગ્રંથમાં જણાવેલ છે કે—

गुरुणा प्रिते निसुते बाह्लोका यायिनोऽग्निवाक्ताश्च ।
शशिश्रेन सुरसेनाः कलिंग्ज शाल्वाश्च पिडयन्ते ॥

પદમ પુરાણ-અધીખંડ પૃ. ૩૨૯ (XVI–13)

પ્રબોધ ચંદ્રોદય નાટક એ નામની હિંદુની પુરાતન બનાવેલ કૃતી છે. તેમાં જૈનો ઉપર અણછાજતા પ્રહારો કરેલ છે, ઉપરાંત જણાવેલ છે કે—

अंग बंग कलिंगेषु सौराष्ट्र मगधेषु च ।
तीर्थयात्रा विना गच्छन पुनः संस्कारमर्हति ॥
सागता स्तावत्सिन्धु गान्धार पारसिक मागधा ।
न्ध हुण बङ्ग कलिंगादी म्लेच्छ प्रायान्प्रविष्टाः ॥

પ્રબોધ ચંદ્રોદય અંક–૫ પૃષ્ટ. ૧૭૬–૭૭

ભાવાર્થ–અંગ, બંગ, કલીંગ, મગધ વી. દેશોમાં તીર્થયાત્રા વિના કોઇએ જવું નહી, તેમજ એ પ્રદેશોને મલેચ્છ દેશો તરીકે વર્ણવેલ છે.

તે ઉપરાંત અન્ય પણ વેદજ્ઞ પંડિતોએ કહેલ છે કે—

न पठेद्यावनी भाषां, प्राणैः कण्ठगतैरपि ।
हस्तिना ताऽ यमानोऽपि, न गच्छेजैन मंदिरम् ॥

ભાવાર્થ–પ્રાણો કંઠ સુધી આવી ગયા હોય, છતાં પણ યવન (મલેચ્છ) ભાષાન બોલવી. હસ્તિના (હાથીના) પગ તળે કચરાઇ જવાનું ભલે હોય પરંતુ જૈન મંદિરમાં ન જવું.

પ્રિય વાંચક-આ પરથી સ્હેજે સમજાઇ શકે તેમ છે કે પુરાતન સમયમાં ઉપરોક્ત દેશોમાં જૈન રાજવીઓની સત્તા અને પ્રાબલ્ય તેમજ જૈન દર્શનની જાહોજલાલી કેવા પ્રમાણમાં હશે ? (અપૂર્ણ)

---

ખેતીની લાયકની અને સપાટ રસાળ જમીન આવે છે અચલગઢની ટેકરીની તલેટીમાં અચલેશ્વર મહાદેવનું મંદિર અને મ્હોટું તલાવ છે, ત્યાંથી પગરસ્તે ઉપર જવાય છે, ચઢાવ જરા કઠણ છે. દહેરાસર પહેલાં જ ત્યાં વહીવટની પેઢીનું સ્થાન આવે છે, લોકોની અવર જવરના પ્રમાણમાં જગ્યા ઘણી ટુંકી છે. ન્હાવાનું તથા જમવાનું પણ એજ સ્થાનમાં છે, ત્યાં સ્નાન કરી પૂજાનાં કપડાં વિગેરે પહેરી થોડું ચાલી દહેરાસરમાં જવાય છે, ત્યાં જમવા માટે કારખાના તરફથી સગવડ છે, માત્ર અગાઉથી જણાવી દેવું પડે છે, મંદિરના દરવાજા આગળ જ્યાં જમાદારો ચોકી કરે છે, ત્યાં આગળ કોઇ પીરનું સ્થાનક હમણાં હમણાં ઉપસ્થિત કરવામાં આવ્યું છે, વહીવટદારોએ આવા ઉપક્રમથી ચેતવાની જરૂર છે આવી નની વસ્તુઓ ભવિષ્યમાં મોટા ઝગડાઓ ઉપસ્થિત કરે છે દહેરાસરમાં મૂળ ગભારામાં ઘણું જ અંધારૂં રહે છે. ૧૪૪૪ મણ સોનાની દશ મૂર્તિઓ કહેવાય છે, ચૌમુખજી સોનાના છે, અને તે મુખ્ય જિનાલયમાં બિરાજમાન છે, આ પ્રતિમાઓનું બારીક નિરીક્ષણ કરતાં સુવર્ણ નહિ પણ પંચ ધાતુનું મિશ્રણ જણાય છે, સંવત ૧૩૦૦ ની આસપાસની પ્રતિષ્ઠિત મૂર્તિઓ છે એમ પલાંઠી પરના શિલાલેખથી સમજાય છે, ત્યાં સેવા પુજા કરી અગાશીમાં ઉભતાં આબુની રમ્યતાનું ખરેખર દર્શન થતું હતું, પગ નીચેથી સરસર કરતા ચાલી જતાં વાદળાંઓ, આસપાસની રસાળ જમીન, દૂર દૂર દેખાતું નાનું સ્ટેશન, બનાસ નદીનો નાનો લીસો જેવો દેખાવ, અને બાજુમાં ઉન્નત મસ્તકે ઉભેલાં ગુરૂશિખરને જોઇ પુલકિત હૃદયે ત્યાંથી નીચે ઉતરી સાંજના ૬ વાગે દિલવારા આવ્યા, બીજે દિવસે ત્યાંથી મોટરમાં સાંજના રવાના થઇ ઉદયપુર જવા માટે આબુરોડ સ્ટેશન પર આવ્યા. (અપૂર્ણ)

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમીતી.

### મંત્રીઓની નીમણુંક.

જૈન સમાજમાં પ્રાથમીક, મેટ્રીક, પર્યન્તની માધ્યમીક અને ઉદ્યોગિક કેળવણી પ્રચાર માટે અખીલ ભારતવર્ષીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સ દ્વારા કેળવણી પ્રચારની યોજના કરવામાં આવી છે, તદનુસારે અમદાવાદ, સુરત, વડોદરા, બારશી, વઢવાણ કેમ્પ, શીહોર, દહેણું, ગોલવડ, વાપી, આમોદ આદી સ્થળે સ્થાનીક સમીતીઓ નીમાઇ છે, જે દ્વારા તે સ્થળોના વીદ્યાર્થીઓ મદદ મેળવી શકે છે. મુંબઇ અને પરાંઓ માટે પણ નીચેના બંધુઓની એક સ્થાનીક કેળવણી પ્ર. સમીતી નીમાઇ છે.

શ્રી. કાંતીલાલ ઇશ્વરલાલ, શ્રી. જમનાદાસ અમરચંદ ગાંધી, શ્રી. મણીલાલ મોકમચંદ શાહ, શ્રી. મણીલાલ જેમલ શેઠ, શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી. વલ્લભદાસ ફુલચંદ મહેતા, શ્રી. નાનચંદ શામજી શ્રી. કેશરીચંદ જે. શાહ, અને શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન ( માનદ મંત્રીઓ )

કેન્દ્રસ્થ સમીતીના સભ્યો તરીકે શ્રી. મણીલાલ એમ. શાહ અને શ્રી. મણીલાલ જેમલ શેઠને કો-ઓપ્ટ કરવામાં આવ્યા છે.

સમીતીના માનદ મંત્રી શ્રી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, બી. એ એલ. એલ. બી, સોલીસીટરે તા૦ ૨૫-૪-૩૮ ના પત્રદ્વારા આપેલ રાજીનામું તા૦ ૭ મે ૩૮ ની સભામાં દીલગીરીપૂર્વક સ્વીકારી તેઓએ બજાવેલી સેવા બદલ આભાર માનવા તથા તે સમીતીના મંત્રીઓ તરીકે શ્રી. પરમાણંદ કુંવરજી કાપડીઆ, બી. એ. એલ. એલ. બી અને શ્રી. મણીલાલ મોકમચંદ શાહની નીમણુંક કરવા ઠરાવવામાં આવેલ છે.

યોજનાના પ્રચાર માટે પ્રચારક મી. રાજપાલ મગનલાલ વ્હોરા કાઠીયાવાડમાં પ્રવાસ કરે છે. જૈન સમાજ વીદ્યાર્થીઓના લાભાર્થે જુન માસ લગભગ સ્કુલો વીગેરે ઉઘડે તે પહેલાં યોજનાનુસારે સ્થાનીક સમીતીઓ પોતાના ગામોમાં નીમશે. એવી આશા રાખવામાં આવે છે.

**મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ,**
**કાંતીલાલ ઇશ્વરલાલ,**
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

---

**ચાતુર્માસ નિર્ણય**—જેમ જેમ ચોમાસાંનો સમય નજીક આવતો જાય છે, તેમ તેમ સાધુ મુનિરાજો અને સાધ્વીજીઓ પોતાનું ચાર માસનું નિવાસસ્થાન નક્કી કરતા જાય છે. સૂરિસમાટ્ વિજયનેમિસૂરિ ભાવનગર ચોમાસું કરશે, જ્યારે તેના અન્ય બે શિષ્ય-આચાર્યો મહુવા, તથા અમદાવાદ ચાતુર્માસ કરશે એમ સંભળાય છે આચાર્ય વિજયમોહનસૂરિ શેઠ પોપટલાલ ધારશીના અત્યાગ્રહને માન આપી જામનગર ચાતુર્માસ કરશે, જ્યારે ન્યાયતીર્થ ન્યાયવિજયજી મહારાજ પણ ચાતુર્માસ જામનગર મુકામે કરશે એમ જાણવામાં આવ્યું છે. શ્રી સાગરાનંદજી મહારાજ પાલીતાણામાંજ રહેશે, અને વિજયવલ્લભસૂરિજી પંજાબ તરફ પ્રયાણ કરી રહ્યા છે.

# મુંબઇ જૈન યુવક સંઘનું નવું બંધારણ

## 'જૈન' પત્ર શું કહે છે?

× × જૈન યુવક—સંઘના આ નવા સુધારેલા બંધારણમાં જૈન યુવકની વિશાળ દૃષ્ટિ અને જવાબદારીનું ભાન દેખાઇ આવે છે. જૈન યુવક હવે માત્ર જૈન યુવક જ નથી રહ્યો-એ મૂર્તિપૂજક, સ્થાનકવાસી કે દિગંબર સંપ્રદાયનો જ સભ્ય નથી રહ્યો-એ પોતે ભારતીય છે અને શ્રમણ સંસ્કૃતિનો વારસદાર છે એ આ આખા બંધારણનો મૂળ પાયો છે.

× × જૈન યુવકનું માનસ કેટલું નિર્ભય અને નિર્મળ હોવું જોઇએ, તેનો આભાસ પણ આ સંઘની નીતિ અને કાર્યપદ્ધત્તિમાં મળે છે.

× × મુંબઈ જૈન યુવકસંઘનું આ નવું બંધારણ પુરાણા વાણીયુગની એટલે કે ગર્જનાયુગની સમાપ્તિ સૂચવે છે. જૈન યુવક કર્તવ્યશીલ રહેવો જોઇએ, ક્ષુદ્ર વાદવિવાદોથી પર હોવો જોઇએ, તેમ તે જેટલો સમાજભક્ત, ધર્મનિષ્ઠ હોય તેટલો જ રાષ્ટ્રપ્રેમી હોવો જોઇએ. નવું બંધારણ એ ભૂમિકા ઉપર જ રચાયું છે. મુંબઇ જૈન યુવક સંઘ, આ પ્રકારની પોતાની ક્રિયારૂચી અને ક્રિયાતત્પરતા માટે અભિનંદનને યોગ્ય છે.

× × જ્યાં એકધારી કર્તવ્યપદ્ધત્તિ અને નિયમન ઉપર કોઇ એક ઉપરી આગેવાનની જાગૃત દૃષ્ટિ રહે છે ત્યાં જ એ સંસ્થા પ્રમાદ અને દંભથી દૂર રહી શકે છે. મુંબઇ-જૈન યુવક-સંઘ, કદાચ એ વિષયમાં ભાગ્યશાળી હોય પરંતુ બીજા ઉઠીને હજી ઉભા થતા-અસ્તિત્વમાં આવવાની રાહ જોતા યુવક સંઘોના સંબંધમાં આ બંધારણ કદાચ બરાબર બંધબેસતું ન થાય. એટલા માટે જ અમે એનું અનુકરણ કરવાની સલાહ આપતાં સંકોચાઇએ છીએ.

× × જૈન સમાજમાં, મુંબઈ જૈન યુવક-સંઘના જેવા જ ઉદ્દેશ ધરાવતી યુવક-સંઘ સંસ્થાઓ મોટા પ્રમાણનાં ઊભી થાય, સ્વાવલંબી બને અને ધીમે છતાં મક્કમ પગલે આગળ વધે એ જોવા અમે ઉત્સુક છીએ; આત્મા હશે તો દેહ કોઇ કાળે મળી જશે. દેહની નીરોગતા અને સુદ્રઢતાથી કીંમત અમે ઓછી નથી આંકતા; પણ દેહની ચિંતામાં ચેતન મુંઝાઇ ન જાય એ તો જોવું જ પડશે.

'જૈન' તા. ૧૫-૫-૩૮.

---

**આગમમંદિર**—શ્રી સાગરાનંદજી મહારાજની કલ્પના સૃષ્ટિમાંથી ઉત્પન્ન થયેલાં આગમમંદિરની યોજનાની ઘડતર ઘડાઈ રહી છે, એજ ધૂન પાછળ તેમનું સર્વ લક્ષ્ય કેંદ્રિન થયું છે, રૂપીયા સાડાતેર લાખના ખર્ચનો અંદાજ બહાર આવ્યો છે. આ યોજનાની સવિસ્તર હકીકત જો જાહેરમાં મૂકવામાં આવે તો ઘણું જાણવાનું મળે.

**કદમ્બગિરિનો મહોત્સવ**—કદંબગિરિનો પ્રતિષ્ઠા મહોત્સવ સંપૂર્ણ થઈ ગયો છે, યાત્રિકો અને આચાર્યો પોતપોતાના નિયત સ્થાન તરફ જવા ઉપડી ગયા છે. થોડા દિવસ પહેલાં ૫ થી ૬ હજારની માનવ મેદનીથી ગાજી રહેલી કદંબગિરિની તલાટી પાછી નિર્જન બનવા લાગી છે. ઉપજ સારા પ્રમાણમાં થયાનું સંભળાય છે.

# આત્મ વિચારણા.

### સવાલ (૧) ક્યાંથી આવ્યો?

જવાબ-આત્મા અનંતા કાળથી આ સંસારમાં છે, અહિંયા કેમ પડિ રહ્યો? સંસારમાં શાથી રૂલ્યો? મનુષ્ય જન્મ કેવી રીતે પામ્યો? મારા ધારવા પ્રમાણે સારી ભાવના વડે અશુભ કર્મોનો ક્ષય કરી, મનુષ્ય જન્મ જોગા શુભકર્મનો સંચય કરી, દેવ, મનુષ્ય તિર્થંચ યા નરકમાંથી આ મનુષ્ય જન્મ પામ્યો હોઇશ. તો કાંઇ શુભ કાર્યો કરી, ધર્મ ઠીક ઠીક આરાધી, ભાવનાઓ ભાવી, કારણ કે "ભાવના ભવનાશિની" અને "મતિ તેવી ગતિ" ફરીથી મનુષ્ય જન્મ મલે તો સારી પેઠે ત્યાગ આરાધી, સંયમી બની, મુક્તિ પદની સાધના કરવી. પણ આ બને ક્યારે? એ બને ત્યારે કે જ્યારે ગયા ભવના થોડાક ધાર્મિક સંસ્કાર આ ભવમાં સાંપડ્યા છે. તો તેને તોડીને નહીં પણ તેમાં વધારો કરીને, તેને દૃઢ કરીને. વખત આવે તો આ ભવમાં પણ સર્વ ત્યાગ આરાધી, મુક્તિપદની સાધના કરવી; કારણ આત્મા એ નિમિત્તવાસી છે. નિમિત્ત આવી જાય તો કુદી જવાય. આ આત્મા મનુષ્ય જન્મ પામ્યો. મનુષ્ય જન્મની કીંમત છે. તે અમુલ્ય છે. અમુલ્યના બે અર્થ. "અ" એટલે "નહિ"; જેનું કાંઇ મુલ્ય નહિ એટલે જે વસ્તુ મફત મેળવી શકાય. તથા બીજો અર્થ; અમુલ્ય એટલે જે વસ્તુ ગમે તેટલું મુલ્ય આપ્યા છતાં પણ મલે નહિ. મનુષ્યભવ મલ્યા પછી તેને જીવી જાણીએ અને મરી જાણીએ; તો બીજો અર્થ સધાય. બાકી તો મનુષ્યભવ મલ્યો તો યે શું અને ન મલ્યો તો યે શું? આવ્યા અને ગયા. મનુષ્ય જન્મ હારી ગયા. જે ફરી ફરી મલવો રસ્તામાં પડ્યો નથી. મનુષ્ય તો થયા પણ અનાર્ય દેશ, હિનમતિ, અકુલ, અનારોગ્ય શરીર, ધર્મ દુર્લભ, સમયની ખેંચતાણ, આળસ, એ બધું અથવા એ બધામાંનું એક હોય તો પણ મનુષ્યભવ નકામો જાય. આ બધામાંથી તારો છુટકારો થયો છે. અને તે સર્વમાંથી તારો ઉદ્ધાર થયો છે. તો તું હવે તેનો ઉપયોગ કર. સાવધ થા. બેસી ન રહે. ઉઠ. આળસ ન કર. બીજાને ઉપદેશ દેનાર તું કુંભકર્ણની મહા અજ્ઞાન નિંદ્રામાંથી જાગૃત થા. બીજાને કહે, "ઓ નવલોહીઆ જુવાન!!! ઉઠ. કમ્મર કસ. તારામાં, તારા ધર્મમાં, તારા સમાજમાં, તથા તારા દેશમાંથી બદીઓને દૂર કર. તેને સારા પાયા પર મૂક. જે જે કાર્યોમાં તું બીજાથી પાછો પડ્યો છે તેમાં આગળ વધ." તું ક્યાં ઘરડો સાઠ વર્ષનો ડોસો થયો છે. ઉઠ! હજુ તારૂં તાજું લોહી વહે છે, આત્મોદ્ધાર માટે કમ્મર કસ. મનુષ્ય જન્મની સાર્થકતા સાધ.

### સવાલ (૨) ક્યાં છે?

### સવાલ (૩) કોણ છે?

જવાબ-અત્યારે ક્યાં ઉભો છે. વિચાર કર. તું જૈન છે? તો વિચાર કર. જૈન એટલે શું? જૈન એટલે જિનનો અનુરાગી-અનુયાયી. જિન એટલે રાગદ્વેષનો જીતનાર, અઢાર દુષણોએ રહિત, રાગદ્વેષ રૂપી આંતર શત્રુઓના જીતનારના અનુયાયી થઇને રાગદ્વેષ તને શોભે? પણ ફીકર નહિ. તું કર્મને આધીન છે. પણ કર્મને આધીન બનતો નહિ. તેને તપરૂપી અગ્નિમાં હોમ આપી યજ્ઞ કર. સાચો યજ્ઞ કર. સાચી હોળી કર. તેમાંથી પસાર થઇ શુદ્ધ થા. તે કાંઇ રસ્તામાં નથી. તેને માટે તારે કાંઈ કાંઈ કરવું પડશે પણ હે! વીરના બાલક? કોઇથી પણ ડરતો નહિ. મોહ પામતો નહિ. સિંહની કેસવાળી પકડી સ્વારી કરનાર; તું ક્યાં છે તે વિચાર. તું જૈન છે? વીરબાલક છે? વીરનો પુત્ર છે? વીર બન. તું જૈન થઇ અજૈનના આચારો ન સેવ. રાત્રિભોજન, કંદમૂળ ભક્ષણ, મહાવિગય ભક્ષણ, એ કરવા યોગ્ય નથી. એ તને શીખવવાનું ન હોય. એ તો તારામાં હોય જ. શાથી તું આટલો અધમ બન્યો એ સમજાતું નથી. તે વિચાર. જગ્યા ત્યારથી સવાર ગણી આગળ વધ. ખરાબ ટેવોને કાઢ. પાનનાં બીડાં સીગારેટ તને ન શોભે, તે વીરને શોભે? તે બાયલાઓને શોભે. ચાને તિલાંજલી દે. હાડકા, માંસને સુકવી નાખનાર, શરીરના લોહીને બાળી મુકનાર, સ્વર્ગની સીડીને છોડી દે. એ તારે માટે નથી. તારા જૈનના આચાર વિચાર પાલવા કમ્મર કસ. "સવીજીવ કરૂં શાસન રસી" ને હૈયામાં વણાવ અને તેને દિગંતમાં ફેલાવવા ઉતાવળો થા. "આત્મવત્ સર્વ ભૂતેષુ" એ ભાવનાને સમજ અને કલેશ અને કુસંપને બાજુએ મૂક.

> "ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે,
> મીત્તી મે સવ્વ ભૂએષુ, વેરં મજઝં ન કેણઇ."

આ સુત્ર બોલનાર તું શું કરે છે? તું જાગ, તારા સમાન દરેકને સમજ. સૌ પ્રાણીઓને વિષે મૈત્રી રાખ.

બીજા ધર્મોને તીરસ્કાર નહિ. તેઓને સમજવા પ્રયત્ન કર, અને કહે કે અમે તો વિતરાગના પૂજારી, અમે જેવા તેવાના પૂજારી નથી. અમે રાગદ્વેષના જીતનાર. અઢાર દુષણે રહિત એવા પ્રભુના પૂજારી-અનુયાયી છીએ પણ દુનીયા સ્વાર્થી મનાય છે તેથી પહેલાં તું તારૂં સંભાળ. આત્મા અને મુક્તિના અસ્તિત્વ માટે તું પ્રમાણ ન માંગ. મુક્તિ મેળવવા ઉજમાળ બન. બાર ભાવના તથા ચાર ભાવનાનું સ્વરૂપ સમજ.

"પરિખ"


## તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ
## જૈન સાહિત્યના અમલ્ય ગ્રંથો.

**રૂ. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા. ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીના સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઈતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,**
૨૦, પાયધુની—મુંબઇ, ૩.

## કૉન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ.

ઉપરોક્ત સમિતિની એક સભા રવીવાર તા. ૮-૫-૩૮ ના રોજ મળી હતી. પ્રમુખસ્થાન શ્રી. મણીલાલ મહોકમચંદે સ્વીકાર્યા પછી નીચે પ્રમાણે કામકાજ કરવામાં આવ્યું હતું.

૧ સેક્રેટરીઓ તરીકે શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન અને કેસરીચંદ જેસીંગલાલ શાહની નીમણુંક કરવામાં આવી.

૨ બીજી સંસ્થાઓના સહકાર મેળવવા માટે સંસ્થાઓને મોકલવાનું નિવેદન પત્ર તૈયાર કરી મંત્રીઓએ મોકલી આપવાનું નક્કી કરવામાં આવ્યું.

૩ વિદ્યાર્થીઓ મદદ મેળવી શકે તે માટે એક જાહેર વિજ્ઞપ્તિ પત્ર તૈયાર કરી તે પણ બહાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું.

**નોટ**—ઉપરના ઠરાવો અનુસાર તૈયાર થયેલા નિવેદન પત્ર તથા જાહેરાત આ પત્રમાં અન્ય સ્થળે આપવામાં આવ્યા છે.

ઉપર પ્રમાણે કામકાજ કરી મીટીંગ બરખાસ્ત થઇ હતી.

## સમાચાર સાર

**પ્રતિષ્ઠા મહોત્સવો**—વૈશાખ માસ સારા કામ માટે બહુજ મશહુર ગણાય છે. આ વર્ષે વૈશાખ માસમાં ત્રણ મ્હોટા પ્રતિષ્ઠા મહોત્સવો થયા છે. ૧ લું અત્રે મુંબઇમાં શ્રી મહાવીરસ્વામીજી મહારાજના દહેરાસરજીમાં ૧૪ પ્રતિમાઓ ગાદીએ બેસાડવામાં આવી. આખોએ ઉત્સવ ઘણાજ ધામધૂમ પૂર્વક ઉજવાયો હતો. બીજો પ્રતિષ્ઠા મહોત્સવ દાદરમાં ઉજવાયો હતો, જેમાં પણ પરાંમાં તેમજ મુંબઇમાં વસતા ગૃહસ્થોએ બહુજ ઉલટપૂર્વક ભાગ લીધો હતો. ત્રીજો મહાન્ ઉત્સવ કદમગિરિમાં અંજનશલાકા કરાવવાનો તથા નવી પ્રતિમાઓને તખતનશીન કરવાનો થયો હતો. આ પ્રસંગ વધારે સ્મરણીય એટલા માટે રહેશે કે જંગલમાં મંગલ થયા છે. અનેક દેશાવરોથી લોકોએ આવી આ ઉત્સવમાં ભાગ લીધો હતો. ૧૨ દિવસ સુધી જુદા જુદા સદ્દગૃહસ્થો તરફથી નોકરાશીઓના જમણો થયા હતાં. આ પ્રસંગ શ્રી નેમિસૂરિજીની કારકીર્દિમાં ચિરસ્મરણીય રહેશે એમ માનવામાં આવે છે.

---

### શ્રી કૉન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ, મુંબઈ.

૪૫-૪૭; ધનજી સ્ટ્રીટ,
**મુંબઈ**, તા.

**શ્રીયુત્ મંત્રી, શ્રી.**

વિ. અમોને જણાવતાં આનંદ થાય છે કે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગની મુંબઇમાં વસતી પ્રજા પોતાનાં બચ્ચાંઓને કેળવણીમાં વિશેષ રસ લેતા કરી શકે, એ બાબતમાં તેમને નડતી આર્થિક મુશ્કેલીઓ તેઓ દૂર કરી બચ્ચાંઓની કેળવણી આગળ અને આગળ વધારી શકે એ હેતુથી અત્રે ઉપરોક્ત સમિતિની સ્થાપના થઇ છે, અને એ સમિતિએ મુંબઈમાં અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને તેમના **સ્કુલની ફીઓ** તથા **પાઠ્ય પુસ્તકો** બની શકતા પ્રમાણમાં પૂરાં પાડવાનો નિર્ણય કર્યો છે.

ઉપરોક્ત સ્થાનિક સમિતિનું કામ સરળતાપૂર્વક અને સંપૂર્ણ વેગથી ચાલી શકે એ માટે આપની સંસ્થાના સહકારની અમારી સમિતિને જરૂર જણાય છે, તો આપ સાહેબ આપની સંસ્થામાંથી એક પ્રતિનિધિ ચુંટી અમારી સમિતિમાં મોકલશો એવી આશા છે.

**નોટ**—સભ્ય થવા માટે કંઇ પણ લવાજમ રાખ્યું નથી માત્ર સુકૃત ભંડાર ફંડના ૦-૪-૦ વર્ષના આપવા જોઇશે. આપ ઉપરને શિરનામે પત્રવ્યવહાર કરી જરૂર પ્રતિનિધિનું નામ અને એડ્રેસ મોકલશો.

લી૦
**મનસુખલાલ હીરાલાલ લાલન.**
**કેસરીચંદ જેસીંગલાલ શાહ.**
માનદ્ મંત્રીઓ,
**શ્રી કો. કે. પ્ર. સ્થાનિક સમિતિ, મુંબઈ.**

---

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧ લી જુન ૧૯૩૮. | અંક ૨૧ મો.

# મંદિર યુગલ એટલે?

## કલ્પનાની ગિરિશૃંખલામાંથી નીકળતી જૈન સાહિત્યની ગંગા અને યમુના.

એકજ હિમાદ્રિના બે શિખરો.
ભિન્ન ભિન્ન શિખરપરથી નીકળતા
બે વિશાળ જલ પ્રવાહો.
બન્ને સરિતાઓ પોતાના મીઠા જળના સ્રોત ભારત-વર્ષના કલ્યાણ માટે ભારતમૈયાના ચરણમાં રેડે છે.

એકજ ભૂમિમાં વિચરતા બે મહાન્ આચાર્યો.
ભિન્ન ભિન્ન મગજથી નીકળતા
બે વિશાળ સાહિત્ય મંદિરો.
બન્ને મંદિરોનું ઉત્કૃષ્ટ સાહિત્ય—જૈન જન સાહિત્ય-કારોની પીપાસા તૃપ્ત કરવા અભિલાષા સેવે છે.

|————પરંતુ————|

પ્રયાગની પવિત્ર પૃથ્વીના પટપર આ ઉભય બેલડીઓ એકાકાર બની વિશાળ ભારતના અનેક પ્રાંતોમાં
પોતાની મિષ્ટ જળ સમૃદ્ધિ પીરસે છે. તો

**પાલીતાણાની પવિત્ર ભૂમિ શું જૈન સાહિત્ય મંદિરોનું પ્રયાગ ન બને?**

અને આ રીતે

એકજ ભૂમિ, એકજ ધ્યેય, એકજ રચના, એકજ સમૃદ્ધિ અને એકજ સાહિત્યસેવાનો ધોરી માર્ગ હોવા છતાં
સાહિત્ય વાટિકામાં વિહાર કરતા વિહંગમો માટે બે ભિન્ન ભિન્ન વાટિકાઓને બદલે
એક વિશાળ અને સમૃદ્ધ વન ન બને?

**જરૂર બને.**

બન્નેના કર્ણધારો અને પ્રણેતાઓના હૃદયમાં એકાકારની ભાવના જાગૃત થાય, કીર્તિના ઉંચા કાંગરાવાળા
બે મીનારાઓની ક્ષુધા સમી જઈ એકજ અનન્ય કીર્તિસ્થંભ ઊભો કરવાની તમન્ના જાગે, અને
જૈન સાહિત્યના એકલા ઉદ્ધારનાજ ધોરી માર્ગની એ મહાનુભાવોને ઝાંખી થાય
તો ઉપર જણાવ્યું તેમ જરૂર

**પાલીતાણા સાહિત્ય સરિતાઓનું પ્રયાગ બને.**

—મનસુખલાલ લાલન.

उद्‌धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः
न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

અર્થઃ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—श्री सिद्धसेन दिवाकर.


# જૈન યુગ.

તા૦ ૧-૬-૩૮. બુધવાર.


## કીર્તિનાં કોડ !!

આર્યાવર્તની અજોડ કથા મહાભારત તો આજે આબાલવૃદ્ધને સુપરિચિત છે. એ મહાભારતના ઐતિહાસિક યુદ્ધના ત્રણ મહાન્ યોદ્ધાઓ કર્ણ અર્જુન અને અશ્વત્થામાથી પણ મહાભારતનો ઇતિહાસ વાંચનાર અજાણ્યો નથી. પાણીપતના યુદ્ધની હાકલ પડતાંજ એ ત્રણે યોદ્ધાઓએ પોતાના રથોને સર્વ સામગ્રીઓથી સુસજ્જિત કરી સમરાંગણના મોરચા તરફ હાંકી મૂકયા, ત્રણેના ચક્રોની ઘડઘડાટ કરતી ધરીઓ કોઈ અજબ ઉત્સાહના પૂરથી વાતાવરણને ભરતી ધરણીના પેટાળ પર પૂર વેગથી ફરી રહી હતી, ત્રણેયે પોતાનાં ચક્રો અજબ શૌર્યથી વેગવંતા કરી એક બીજાથી જરા પણ ઓછા નહિ ઉતરવાની અભિલાષા સેવતા સમરાંગણમાં ઘૂમતા હતા, આ બીના જગપ્રસિદ્ધ છે, પરંતુ આજે જ્યારે આવીજ ઐતિહાસીક ઘટનાઓ બનવાના નિશાનો વાગી રહ્યાં છે, ત્યારે મહાભારતની એ પુરાણી વસ્તુ રચનાની યાદ સ્હેજે આવી જાય છે.

જૈન જગતના વર્તમાન યુગના કીર્તિની મહત્વાકાંક્ષાના સમરાંગણમાં સાધુ સમાજના ત્રણ શિરોમણિએ પોતાના ચક્રો પૂર વેગથી ચલાયમાન કર્યાં છે, એઓ પણ પરસ્પરની સ્પર્ધાના ક્ષેત્રમાં પોતાના રથોને યાહોમ ફેરવી રહ્યા છે, અને એજ ધ્યેય પાછળ અજબ ધૂનથી મચી રહ્યા છે. ફરક માત્ર એટલોજ છે કે મહાભારતની યોદ્ધાઓની ત્રિપુટીનુ ધ્યેય નિશ્ચિત અને વિજયની આકાંક્ષાથી મંડિત થયેલું હતુ, જ્યારે આ આચાર્યત્રિપુટીનું ધ્યેય માત્ર પોતાની નામના અને મહત્વાંકાંક્ષાજ દષ્ટિએ પડે છે.

આચાર્ય શ્રી નેમિસૂરિની કલ્પનાસૃષ્ટિમાંથી ઉત્પન્ન થયેલું જંગલમાં મંગળ કરતું કદમ્બગિરિનું ભાગ્યશાળી શિખર હજુ તો ઉદયકાળની સપાટી ઉપરથી હમણાંજ આગળ વધવા લાગ્યું છે, ત્યાં તો આગમોદ્ધારક જાણે કે પોતાનુ બિરૂદ સિદ્ધ કરી બતાવવા મથતા ન હોય તેમ આગમ મંદિરની જંગી યોજના યોજી રહ્યા છે, અને એ એકજ લક્ષ્ય તરફ સઘળી શકિતનો વ્યય કરી રહ્યા છે, ત્યારે ત્રીજા શ્રી વિજયમોહનસૂરિને પણ એમજ લાગ્યું કે આ ઉભય આચાર્યોથી હું કેમ અલગ પડી જાઉં ? તેથી તેમણે પણ પોતાની કલ્પનામાંથી સાહિત્ય મંદિરની યોજના મૂકી, અને તે યોજના પાર પાડવા કમ્મર કસી તે પાછળ યાહોમ લાગી પડયા.

હજુ તો કદંગિરિની રેતીમાંથી મહોત્સવના રજકણો ઉડી ગયાં નથી, અને હજારો મૂર્તિઓની વિધિપૂર્વકની અંજનશલાકા પછી તેમની વ્યવસ્થા કરવાનું પણ મુશ્કીલ થઇ પડયું છે, ત્યાં તો પાલીતાણાની તળેટીમાં નવીન ધડાકો સંભળાય છે, ચતુર્મુખ સમવસરણવાળું મંદિર, આસપાસ નાની દહેરીઓ, વિશાળ ભીંતો પર મોટા અક્ષરથી કોતરવાના આગમો, પ્લાનોની સજાવટ, શિલ્પીઓની દોડધામ અને તેર લાખ જેવડી ગંજાવર રકમનું એ પાછળ પાણી. આ ધડાકો હજુ તો કાનના પડદાઓ પર અથડાઇ મગજમાં કાંઇ નવા ચમકારા કરાવતો હતો, ત્યાં તેનીજ સ્પર્ધા કરતા સાહિત્ય મંદિરની યોજના એક નવીન ભેજાંમાં જન્મી, અને સાહિત્ય મંદિરના મંડાણ મંડાણાં. કાઠીયાવાડમાં એક કહેવત છે કે "હોળી સામી ડાકણ" એ ન્યાયે વર્ધમાન આગમ મંદિરની સામે સાહિત્ય મંદિરના પાયા ન નંખાય તો કેમ ચાલે ? કયા નક્ષત્રના વરસાદે આ અંકુરા ઉત્પન્ન કર્યાં, જે અંકુરાઓને વિશાળ વૃક્ષો બનાવવા માટે ત્રણ ધુરંધર કૃષીકારો અમારાં ધનરૂપી જળસમૂહથી રાતદિન તે અંકુરાઓ સીંચી રહ્યા છે, પોતાની સઘળી શકિત અને સમયનો એ પાછળ વ્યય કરી રહ્યા છે, પરંતુ નથી સમજી શકાતું કે તીક્ષ્ણ બુદ્ધિશાળી ગણાતા ભેજાંઓ પણ કયા ભાવી ઉત્કર્ષને માટે આ ધમાલ આદરી રહ્યા છે? જૈન જનતાના કયા કલ્યાણનો માર્ગ આમાં તેઓ નિરખી રહ્યા છે? ભેજાંના એક ખુણામાંથી નીકળેલી ધૂનને કાંઇ પણ ભોગે પૂરી કરવી, શ્રીમંતોના ધનભંડાર એ ધૂનની પાછળ ખાલી કરવા એમાંજ શું જૈન જનતાનું કલ્યાણ તેઓ કલ્પી રહ્યા છે? આજે જ્યારે જૈન જગતના અન્ય ક્ષેત્રો યોગ્ય ધનસિંચનના અભાવે ક્ષીણ થઈ રહ્યાં છે, અને સુકાઇને જમીનદોસ્ત થઇ રહ્યાં છે, ખુદ જૈનોની હસ્તી પણ ભયમાં આવી રહી છે, જ્યારે જૈનત્વનું રક્ષણ કરનાર ચોકીયાતો નિર્બળ બનતા રહ્યા છે, ત્યારે વિશાળ ધનવ્યયથી બનેલાં મૂર્તિમંદિરો કે આગમમંદિરો, ગુરૂમંદિરો કે સાહિત્યમંદિરોની જરૂર કેટલી? રક્ષણહાર વિનાની મહેલાતો કાંતો લુંટાઇ જશે અથવા તો નિશ્ચેષ્ટ ખંડીયેરો સમાં પડવાં રહેશે, ત્યારે આજની આ ધૂન માટે તે વખતની ભાવિ પ્રજા હસશે અને કહેશે કે અમારા પૂર્વજોની અઢળક સંપત્તિનો આ વ્યય? અમારાં પૂર્વજોનાં પરસેવાથી પેદા થયેલા પૈસાનો આ રીતે વ્યય કોણે કરાવ્યો હશે? અને જ્યારે તેઓ જાણશે કે આ ધૂન અને કલ્પનાઓ પાછળ મહાન્ સૂરીશ્વરોની મહત્વાકાંક્ષાઓના ઉન્નત તરંગો ઊછળતા હતા, કીર્તિકોટના ઉંચે કાંગરે ઊભી વિશ્વમાં પોતાની અહાલેક જગાવવાના મનસ્વી કોડ

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## ગુજરાત કાઠીયાવાડમાં નિમાયેલી કેળવણી પ્રચાર સમિતિઓ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઔદ્યોગિક કેળવણી પ્રચારની જે યોજના કરવામાં આવી છે તેની સ્પષ્ટતા માટે એ જણાવવું જરૂરી છે કે એ યોજનાનુસાર મેટ્રિક પર્યન્ત અભ્યાસ કરતા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને ફી, પાઠ્યપુસ્તકો અને ન્હાની સ્કોલરશિપ જે ગામમાં વિદ્યાર્થી અભ્યાસ કરતા હોય ત્યાં, તેના વતન અથવા તે પ્રાંત કે જીલ્લાની સમિતિ મારફતે મદદ મળી શકે છે. વિદ્યાર્થીએ મદદ મેળવવા માટે આમાંથી કોઇપણ સમિતિને વિગતવાર અરજી કરવી જોઇએ. આ પ્રકારની સમિતિઓ અત્યાર પર્યન્ત મુંબઇ, અમદાવાદ, વડોદરા, બારશી, સુરત, વઢવાણ કેમ્પ, શિહોર, આમોદ, દહેણું, ગોલવડ, વાપી, મીયાગામ-કરજણ, બોરસદ, મોરવી, અને રાજકોટમાં નીમાઇ છે. આ ઉપરાંત અન્ય સ્થળોના આગેવાન બંધુઓ પણ પોતાના પ્રદેશની કેળવણીની જરૂરીઆતને પહોંચી વળવા માટે જૂન માસમાં સ્કૂલ ઉઘડે તે પહેલાં સમિતિઓ સ્થાપે એ ઇચ્છવા યોગ્ય છે.

કેન્દ્રસ્થ સમિતિએ અત્યાર અગાઉ મંજુર કરેલી રકમ ઉપરાંત વઢવાણ કેમ્પ મુંબઈ અને આમોદની સમિતિઓને એક વર્ષ માટે અનુક્રમે રૂ૦ ૧૫૧) રૂ૦ ૫૦૦) અને રૂ૦ ૨૫૧) ની મદદ મંજુર કરવા ઠરાવ્યું છે.

સમિતિના એક મંત્રી શ્રીયુત મણીલાલ મોકમચંદ શાહ યોજનાના પ્રચારાર્થે પ્રવાસમાં નિકળ્યા છે તેમના જણાવવા મુજબ કોન્ફરન્સની આ યોજનાને સ્થળે સ્થળે વધાવી લેવામાં આવે છે અને આગેવાનો આ કાર્યને આગળ વધારવા ઉદ્યુક્ત જણાયા છે. તેઓ સુરત થઇ જંબુસર ગયા હતા. તે બાજુના કેટલાક વિદ્યાર્થીઓને આર્થિક મુસ્કેલીના કારણે શિક્ષણ છોડવા ફરજ પડી હતી. કોન્ફરન્સની યોજનાએ તેમને ટેકો આપેલ છે. ભરૂચ, સીનોર, પાલેજ, ડભોઈ આદિ સ્થળે તેઓએ આગેવાનો દ્વારા સમિતિ સ્થાપવા પ્રેરણા કરી કરાવી છે. આશા છે કે કોન્ફરન્સના આ એક મહત્વના રચનાત્મક અને મતભેદ વિનાના કાર્યને જનતા ટેકો આપી ગામો-ગામ સમિતિઓ સ્થાપવાના કાર્યમાં સહકાર આપશે.

લિ૦ સેવક;

તા૦ ૨૯-૫-૩૮. **પરમાણંદ કુંવરજી કાપડીઆ.**

મંત્રી, કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.

---

હતા, ત્યારે તેઓ તે પ્રતિ કરૂણા અને તિરસ્કારની એક આછી નજર પણ ફેંકયા વિના નહિ રહે.

ભાવિ પ્રજાનો હર્ષ કે ખેદ તો ભવિષ્યના ગર્ભમાં સમાયેલો છે, પણ આજનો અમારો યુવાન વર્ગ પણ કાં ઘોર નિદ્રામાં પડયો છે? કાં તેઓ તે પ્રત્યે તદન ઉદાસીન થઇ રહ્યા છે! નથી કલ્પી શકાતું કે અયોગ્ય દીક્ષા પ્રત્યે જોર શોરથી બંડ ઉઠાવનાર યુવાનો આવી મનસ્વી ધૂનો પ્રત્યે કાં આંખમીંચામણા કરી રહ્યા છે? સમાજના શિષ્ટ વર્ગને તેમજ યુવાન મિત્રોને જો આ ધનવ્યય વ્યાજબી લાગતો હોય તો જરૂર તેને ટેકો આપે, પરંતુ જો સમાજના દ્રવ્યનો અપવ્યય ભાસતો હોય તો તે સામે લાલ બત્તી ધરે અને એના સૂત્રધારોને ચેતવણી આપે કે સમાજના દ્રવ્યનો સદવ્યય કરો તેમાંજ તમારૂં અને જનતાનું કલ્યાણ છે.

**—મનસુખલાલ લાલન.**

## શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સનું ૧૫ મું અધિવેશન ભાવનગરમાં.

સહર્ષ રોશન કરવાનું કે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું ૧૫ મું અધિવેશન ભાવનગરમાં ભરવા માટે રચાયેલ સ્વાગત સમિતિ તરફથી મોકલાવેલા આમંત્રણનો શ્રી કોન્ફરન્સે સ્વીકાર કર્યો છે. ભાવનગરને આંગણે જૈન કોમની ઉન્નતિના કાર્યો કરવા માટે ફરી પ્રસંગ પ્રાપ્ત થયો છે. આવા પ્રાપ્ત થએલા પ્રસંગને ઉજ્જવલ કરવા અને જૈન કોમની દરેક રીતે ઉન્નતિ સાધવાના કાર્યમાં સહકાર અને મદદ આપવા સ્વાગત સમિતિમાં દરેક પ્રતિષ્ઠિત સેવાભાવી શ્વે. મૂ. જૈન બંધુ તથા બ્હેનને જોડાવા અને જેઓની સ્વાગત સમિતિના સભાસદ થવા જેટલી શકિત ન હોય તેઓને કોન્ફરન્સ મેળવવાના કાર્યમાં બીજી રીતે મદદરૂપ થવા અમારી નમ્ર વિનંતિ છે.

લી૦ સેવકો,

| | |
|---|---|
| શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ<br>૧૫ મું અધિવેશન<br>સ્વાગત સમિતિ-**ભાવનગર**<br>C/o શ્રી યશોવિજય<br>જૈન ગ્રંથમાળા.<br>ઠે૦ ગાંધીચોક-**ભાવનગર** | **વકીલ જગજીવન શીવલાલ પરીખ**, બી એસ સી એલએલ. બી.<br>**ગાંધી જમનાદાસ અમરચંદ,**<br>**શાહ ચતુર્ભુજ જેચંદ,** બી એ. એલએલ. બી. |

માનદ મંત્રીઓ.

## સુરતના જૈન વિદ્યાર્થીઓને મદદ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિની યોજના મુજબ સુરત શહેરની શાળાઓમાં અભ્યાસ કરતા શ્વેતાંબર મૂર્તિ. વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને જરૂરીઆતના પ્રમાણમાં સ્કૂલ ફી તથા પુસ્તકો વિગેરેની સહાય આપવાનું નકી કરવામાં આવ્યું છે. માટે જેઓને તેવી સહાયની જરૂર હોય તેઓએ તાત્કાલિક નીચેના ઠેકાણેથી ફોર્મ મેળવી અરજી કરવી.

લિ૦

**ઉજમશી ત્રિભુવનદાસ શાહ,**

મંત્રી, કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ.

નવાપુરા, **સુરત.**

# તીર્થધામોમાં ત્રીસ દિવસ.

લેખકઃ-
મનસુખલાલ લાલન.

લેખાંક ૬ ઠો.

## ઉદયપુર, કેસરીયાજી.

અમદાવાદથી સાંજના ૬ વાગે ઉપડતો મીટર ગેજનો દીલ્હી એક્ષપ્રેસ જે આબુ રોડ સ્ટેશને રાતના લગભગ ૧૦ વાગે આવે છે, તેમાં ઉદયપુર જનારાઓ માટે એક ખાસ સગવડ રાખવામાં આવી છે, એક મોટો ડબ્બો અમદાવાદથી ઉદયપુર સીધો જાય છે, જેથી ઉદયપુર જનારાઓને જરા પણ તકલીફ પડતી નથી. અમોએ તે ટ્રેનમાં તેજ ડબ્બામાં જગા મેળવી લીધી, મરૂભૂમિના લુખ્ખા પ્રદેશમાંથી ગાડી રાત્રીના સડસડાટ ચાલી જતી હતી, રાતના ૨ાા વાગે મારવાર જંકશન આવ્યું, ત્યાંથી તાજેતરમાં ઉદયપુર જવા માટે ટુંકી લાઇન નીકલી છે જેથી અજમેર ચિતોડ વિગેરે સ્થળે જવાની જરૂર રહેતી નથી. સ્હવારે ૯ વાગે માવલી સ્ટેશન આવ્યું. મારવાડમાં ખાસ સગવડવાળું જંકશન આ કહી શકાય. દરેક વસ્તુ સારી અને સસ્તી મળે, જમવાનું પણ સસ્તુ અને સુંદર મળે. દૂરથી આવતા મુસાફરો માટે આશીર્વાદ સમાન છે. બરાબર ૧૧ાા વાગે ઉદયપુર સ્ટેશને ઉતર્યા, સ્ટેશનથી હાથીપોળની આપણી ધર્મશાળા ૨ાા માઇલ દૂર છે, પરંતુ કેસરીયાજી જનારાઓ માટે મોટર કન્ટ્રાકટર ધર્મશાળા સુધી ફ્રી લઇ જાય છે. જેથી ખાસ અગવડનો ખ્યાલ આવ્યો નહિ. અમો થાકી ગયા હતા, તેથી તેજ દિવસે કેસરીયાજી જવાનો વિચાર બંધ રાખ્યો, અને ધર્મશાળામાં રહ્યા, અને છેવટે ત્રણ દિવસ સુધી ઉદયપુરજ રહેવું પડ્યું.

ઉદયપુરની ધર્મશાળા ગામ બહાર દરવાજાની નજીકજ છે, ધર્મશાળા મોટી, અને સારી બાંધેલ છે, લાઇટ વિગેરેની સગવડ હોવાથી તેમજ શહેર હોવાથી દિવસ સ્હેજે નીકળી જાય છે, વહીવટ પણ સારો કહેવાય, ઠામ વાસણ વિગેરે પણ નિયમસર મળી શકે છે, આપણા યાત્રાળુઓ ચોકખાઇ શીખ્યા ન હોવાથી ગંદકીની ફરીયાદ તો રહે છેજ, પણ તેમાં ધર્મશાળાનાં વહીવટદારોને દોષ અપાય તેમ નથી ઉદયપુરમાં રહેવાનો પ્રસંગ મળવાથી ત્યાંના જુના રાજમહેલો, દરબારગઢ બાગ બગીચા, આદિ જોવાની તક સારી મળી, મોગલ સમયની જનાનાને ન્હાવા ધોવાની સગવડવાળા હોજ ઝરૂખા અને ફુવારા આદિ જોતાં મોગલ સમયની જાહોજલાલીનું થોડુંક પણ ભાન આવતું હતું. શહેર પુરાતન બાંધણીનું અને મજબુત કિલ્લેબંદીથી તેમજ કુદરતી પહાડોથી રક્ષાયેલું છે, અરવલ્લીની લાંબી હારમાળાઓની ગોદમાં ઉદયપુર જે દૂરથી સફેદ ચાદર જેવું દેખાય છે તે છુપાઇ રહેલું જણાય છે.

શહેરમાં તેમજ બહાર નાના મોટાં મળી ૩૩ જિન મંદિરો છે, અમોએ લગભગ ૨૦ થી ૨૫ દહેરાસરોનાં દર્શન કર્યાં, તેમાં એકાદ બે દહેરાસરોનું મીનાકારી કામ કાચ અને પત્થરમાં કરેલું છે, તે ખરેખર જોવા જેવું છે, આ બાજુ પૂર્વકાળમાં આવાં મીનાકારી કામના મૂલ્ય વિશેષ હોવાં જોઇએ એમ મનાય છે.

ઉદયપુરથી ચોથે દિવસે મોટરમાં ફાવતું ન હોવાથી ટાંગામાં કેસરીયાજી જવા રવાના થયા, અને ખરેખર મોટર કરતાં ટાંગામાં કુદરતી દશ્યો નિહાળવાની જે મજા આવી તે ચિરસ્મરણીય રહેશે. ઉદયપુરથી ૩૬ માઇલ લાંબો પ્રવાસ જોકે કંઇક કંટાળાભર્યો લાગે, પરંતુ એકંદરે ખેતીવાડીનાં દશ્ય ભિલ્લોના નિવાસસ્થાનો, પુરાતન શહેરના ખંડીયેરો આદિ જોવાની તક મળતાં કંટાળો વિસારે પડતો હતો, ઉદયપુરથી કેસરીયાજીનો માર્ગ હવે મોટરો પછી લગભગ ધોરી માર્ગ જેવો થઇ પડ્યો છે, રસ્તે ઉંટપર જતી વણજારો, ભીલ્લ કઠીયારાઓનો એક ગામથી બીજા ગામનો પ્રવાસ આદિથી સડક જાગતી જ રહે છે. અર્ધ માર્ગ વીત્યા પછી ટીડી ગામે ટાંગા બદલાય છે, અને ત્યાર પછી ખેતીનો પ્રદેશ ઓછો થતો જાય છે, અને ખાખરાના અને વાંસના વનનાં વન નજરે પડે છે, એ બધાની વચ્ચેથી માર્ગ કાપતો મેવાડથી ઉંધી દીશામાં એટલે ગુજરાત તરફ ચાલતો ટાંગો સાંજના ૫ વાગે કેસરીયાજીના કોટમાં દાખલ થયો.

ગામમાં હજુ તો પ્રવેશ કરીએ છીએ ત્યાં તો ચોપડાઓના ભારા ઉચકી પંડયાઓ પાછળ પડયા, ગામ ગોત્ર નામ આદિની પૂછવાની ધમાલ ચાલી, આપણને પણ રમુજ ઉપજવા લાગી, અને રમુજ કરાવી ધર્મશાળામાં ઉતારો લીધો, ધર્મશાળા મોટી છે, હજુ બાંધકામ ચાલુ છે, ઉતર્યા પછી જણાયું કે અહિં તો પંડ્યાનો આશ્રય લીધા વિના એક ડગલું પણ ચાલી શકાય તેમ નથી, દુધ જોઇએ તો પંડ્યો, દાતણ જોઇએ તો પંડ્યો, પરંતુ અમે તો પંડ્યાને મચક નહિ આપવાનો નિર્ણય પ્રથમથી જ કરેલ હોવાથી તકલીફ વેઠીને પણ બધું જાતે ભેગું કર્યું; સાંજ પડતાં આરતીની હાકલ પડી, અમોએ તેજ વખતે કેસરીયાજીના મંદિરની પહેલી મુલાકાત લીધી, દરવાજા પર દરબારી ઠાઠ, ચોકી પહેરાની ધમાલ, જોતાં આગલા ચોકમાં આવ્યા, તો ભાગવતની કથા વાંચવાનું નામચીંધ સિંહાસન દેખાયું, ત્યાંથી ઉપર રંગમંડપમાં થઇ દહેરાસરની અંદર આવ્યા, આરતીની ધમાલ, જાતજાતની બોલી, ચામરની બોલી, વીંજણાની બોલી, પાંચ આરતીની બોલી, અને વધારે આશ્ચર્યજનક તો એ કે એ બધી ઉપજ પાછી ગોઠીઓની, નહિ કે મંદિરની. આરતી ઉતારતાં પણ પંડયાઓની એટલી બધી ચાગલાઈ દેખાતી હતી કે યાત્રિકોને પણ કંટાળો આવતો હતો.

બીજે દિવસે સ્હવારે પૂજા કરવા ગયા, સ્નાન કર્યા પછી લગભગ ૧ કલાકે પૂજા કરવા મળી, સ્હવારનું દહેરાસરનું દશ્ય, તો એક બજાર જેવું દેખાય છે, સખેદ જણાવવું પડે છે કે ભગવાન રૂપી સાધન વડે કમાણી માટે દુકાનદારી ચલાવતા પંડયાઓ ગોઠીઓનો જે ત્રાસ છે તે અપર્ણનીય છે, દહેરાસરમાંજ ફુલ વેચવાની ધમાલ, આખું દહેરાસરજ જાણે

# આપણું ભાવી જ્ઞાન મંદિર

યાને

## કૉન્ફરન્સ લાયબ્રેરી.

( લખનાર:—**ઝવેરી મુલચંદ આશારામ વૈરાટી.** )

આખીએ જૈન સમાજ, એટલે તેના સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને જ્ઞાન અને ચારિત્રના ઉંચા પ્રદેશમાં લઇ જવા માટે સાર્વજનીક જૈન લાયબ્રેરીઓ અને તેના સાંગોપાંગ વિકાસની કેટલી અને કેવી અગત્ય છે તેની ગંભીરતા પૂર્વક વિચારણા કરવાનો પ્રસંગ આપણી સામે આવતો જાય છે.

જ્ઞાનના નામે આપણે વરસો થયાં તપ તપીએ છીએ, તેના બહુમાન કરીએ છીએ. **"જ્ઞાન પંચમી"** જેવો વિસિષ્ઠ તહેવાર પ્રતિ વર્ષ ઉજવીએ છીએ. જ્ઞાનના ઉદ્યાપનો અને મહોત્સવો કરીએ છીએ. આ બધુંએ કરવા છતાં અને એ પાછળ દ્રવ્ય અને શક્તિનો વ્યય સારી રીતે કરવા છતાં જ્ઞાન વિષયક આપણી દશા અશ્રુ સરાવે તેવી છે. સમજુ અને ભણેલા સ્ત્રી પુરૂષો માટે જ્ઞાન વિકાસ સાધવાના અને એમનો જ્ઞાન અનુભવ સમૃદ્ધ કરવાના આપણા સાધનો સાવ પાંગળાં છે.

પ્રજાને વિવિધ પ્રકારના જ્ઞાન અને અનુભવથી વિભૂષિત કરવા માટે આધુનીક કાળમાં **લાયબ્રેરીઓ** અને **જ્ઞાનમંદિરો** કેટલા અને કેવાં ઉપયોગી સાધનો છે, અને પ્રજાસેવા માટેનું એ કેવું અણમોલ અંગ છે, એ ગુજરાતમાં અર્વાચીન પુસ્તકાલયોના સંગીન પાયા નંખાયાને બબ્બે દાયકા વીતી ગયા પછી પણ હજી આપણે સમજી શક્યા નથી. એનું મહત્વ સામાન્ય જનતા ન સમજી શકે એ સ્વાભાવીક છે. પણ શીક્ષિત વર્ગના સમુહસમી કોન્ફરન્સે તો આ પ્રશ્નને હવે સાંગોપાંગ ઉપાડી લેવો જોઇએ. સાધનો સગવડ અને દ્રવ્યના અભાવે કદાચ એ પ્રશ્નને કોન્ફરન્સ અત્યારે ન ઉપાડી શકે તો પણ કોન્ફરન્સરૂપી ઉત્તમ માટીના ક્ષેત્રમાં, નાંખેલાં આ બીજો, કાળે કરીને ઉગશે, અને વિકાસ પામશે, એ શ્રદ્ધાએ આ લેખ લખવાને હું પ્રેરાયો છું.

જ્યારે શ્રીમતી કોન્ફરન્સના ટેબલ ઉપર **"કોન્ફરન્સનું સ્વતંત્ર મકાન"** અને **"કોન્ફરન્સ લાયબ્રેરી"** જેવા અગત્યના પ્રશ્નો વિચારવાને આવે છે. તેવા પ્રસંગે "કોન્ફરન્સ લાયબ્રેરી" નામનો આ લેખ આધુનીક લાયબ્રેરીઓના અંગેની કેટલીએક સામગ્રી રજુ કરશે.

આપણી કોન્ફરન્સ લાયબ્રેરી કેવી હોવી જોઇએ. તેનું સ્વરૂપ કેવું હોવું જોઇએ તેનું મકાન કેવું હોવું જોઇએ, તેના ગ્રંથપાળ કેવા હોવા જોઇએ તેની રચના અને વ્યવસ્થા કેવાં હોવાં જોઇએ, એની વિચારણાં કરતાં પહેલાં આપણે અહીં આધુનીક લાયબ્રેરી નિષ્ણાતો અને વિચારક નેતાઓના આશયોનો સારાંશ જાણી લઇએ કે જેનાથી આપણે પુસ્તક અને તેનું મહત્વ તથા અર્વાચીન પુસ્તકાલયની ભાવનાના હૃદયને સમજી શકીએ.

**અર્વાચિન નેતાઓ કહે છે:—**

અર્વાચીન સરસ્વતી મંદિર જેવાં, આ પુસ્તકાલયો જ એવાં છે કે, જેમાં સૌ કોઇ સૌથી વધુ પ્રમાણમાં, ભેદભાવ અને રાગદ્વેષ વિના, મધુર જ્ઞાનામૃત, અને નિર્દોષ ભ્રાતૃભાવ અનુભવે છે.

**જે. સી. ડાના.**

( ન્યુ યોર્ક શહેરના ગ્રંથપાળ )

*　　*

પ્રાચિન રોમમાં દાણા મફત વહેંચાતા, ને તે લાંચને લીધે લોકોના ધાડાં શાન્ત રહેતાં—કાબુમાં રહેતાં—આધુનીક અમેરીકામાં પુસ્તકો મફત વહેંચીને તથા તેના અંગે મળતા લાભો પ્રજા સમસ્તને આપીને આપણે ધાડાંનેજ પ્રજાની વિધાતક વૃત્તિઓને નાબુદ કરવા માંગીએ છીએ. આ બે હકીકતોમાંજ જે સંસ્કૃતિ નાશ પામી અને જે સંસ્કૃતિ ટકી રહેશે તેની વચ્ચેનો તફાવત રહેલો છે.

**જે. એન. લેનાડે.**

(ન્યુયોર્ક પરગણાના બફેલો શહેરના ગ્રંથપાળ)

*　　*

છોકરા છોકરીઓને વધુ અભ્યાસની તથા પોતાની બુદ્ધિ શક્તિ પિછાનવાની તક મળે, અને થાકેલાં નરનારીઓ દિવસના છેડે સૂક્ષ્મ ઉંચો આનંદ અનુભવે, માટે અને જેઓ પોતાનો નવરાશનો વખત જાતને તથા સમાજને નુકશાન કરવામાં વીતાડે છે, તેમને સન્માર્ગે દોરવા માટે પુસ્તકાલયો જરૂરનાં છે.

**એફ. એ. હચીન્સ.**

( વિસ્કોન્સિન યુનિવર્સિટી )

*

---

કે એક બજાર એટલી ધમાધમ અને સ્વાર્થાંધતા. આ બધું જોતાં એમજ લાગ્યું કે જૈનો છતી આંખે આંધળા છે, હાથે કરીને પંડયાઓના પંજામાં પકડાઇ જઇ પુન્યને બદલે પાપના ભાગી થાય છે, મૂળ ગભારામાં પણ કેસરની અસહ્ય ગરમી, સાથે પૂજા કરનારાઓની ગીરદી, અને ધક્કામુકી જોઇ આપણે તો દૂરથીજ પ્રણામ કરવાનો નિર્ણય કર્યો. એક હપ્તો પૂરો થતાં વળી બપોરના ૧૨ વાગે પાછી એ જ પખાલ, એજ પૂજા એજ ધમાલ અને એજ બજારવૃત્તિ. એક આખો દિવસ રહી આ બધું નિહાળી, ધર્મશાળામાં પણ કુતરાઓના અસહ્ય ત્રાસથી આખી રાત ઉજાગરો વેઠી બીજે દિવસે વહેલી સ્હવારે ટાંગામાં ઉદયપુર જવા માટે રવાના થઇ ગયા, ઉદયપુરથી પણ તેજ દિવસે સાંજના મુંબઇની ટીકીટ લઇ અમદાવાદ રસ્તે મુંબઇ આવી પહોંચ્યા, અને આ રીતે અમારા ત્રીસ દિવસનો પ્રવાસ સંપૂર્ણ થયો.

પુસ્તકાલયો મોજ શોખની વસ્તુ નથી, તે થોડાએક સંસ્કારી માણસો માટે કે થોડાએક વિજ્ઞાન પૂજકો માટેજ નથી. તે વિદ્યા સેવકોના કોઇ એકાદ સંપ્રદાય કે વાડા માટે નથી પણ તેનો પાયો તો મહાન અને વિશાળ એવી પ્રજા-કલ્યાણ માટેની ભાવના ઉપર રચાયો છે.

**સી. સી. ઘેચ.**

( આલ્બામા પોલીટેકનીક ઇન્સ્ટિટ્યુટના પ્રમુખ )

* *

શિક્ષણ પદ્ધતિના જે કાર્યવાહકો વાંચતા શીખવે છે. અને પછી સસ્તું અને ખરાબ વાંચન સુલભ છે તે કાળમાં સારૂં અને સસ્તું વાંચન પુસ્તકાલયો દ્વારા પુરૂં પાડતા નથી. તેઓ તો બાળકોને જમણ માટેની વિધીપુરસ્સરની રીત શીખવ્યા પછી તેમને ખોરાક પૂરો પાડે નહીં તેવી રીતે વર્તતા હોય છે.

**મેલ્વીલ ડયુઈ.**

( દશાંગ પદ્ધતિ વર્ગીકરણના શોધક )

અને

( ન્યુયોર્કસ્ટેટ લાયબ્રેરીના સંચાલક )

* *

ખરેખર જે શહેરો પ્રજાને બાગબગીચાઓ–રસ્તાઓ અને શાળાઓને કરવેરાની આવકમાંથી નભાવે છે. તેની પાસે એવું કાંઇજ સંગીન કારણ નથી કે તે પોતાના શહેરીઓને મફત વાંચન પુરૂ પાડવાની ના પાડી શકે.

**એફ. એ. હચીન્સ.**

* *

ગ્રંથ એ ઉત્તમ સોબતી છે. તમે ઇચ્છો કે તરત એ સર્વબોધ સાથે હાજર થશે. પણ તમારી પાછળ પડશે નહીં તમારા દુર્લક્ષથી તે ગુસ્સે થતો નથી, તમે બીજા આનંદો તરફ વળો તો તે ઈર્ષા કરતો નથી. પણ કશોજ બદલો લીધા વિના મૌન પૂર્વક તમારી સેવા કરે છે, તે પોતાના શરીરમાંથી તમારી સ્મરણ શક્તિમાં પેસતો જાય છે. તેનો આત્મા ઉડીને તમારામાં આવે છે. અને તમારા મગજ ઉપર કાબુ કરી લે છે.

**બીચર.**

* *

તમે પુસ્તકાલયમાં પેસતાંજ ઘણા બહોળા જન સમુદાયમાં દાખલ થાઓ છો. ત્યાં મોટામા મોટો લાભ એ મળે છે કે તમને ઓળખાવનાર માણસની તમારે જરૂર પડતી નથી. અને તેમાંના મોટા સમૂહમાંથી ફાવે તે સાથીને તમે પસંદ કરી શકો છો. કારણ કે એ અમર માણસોના મુંગા સમુદાયમાં જરાએ અહંકાર નહીં હોવાથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ માણસ હલકામાં હલકા માણસની સેવામાં નમ્રતાથી હાજર થાય છે. અને તમે તમારી હલકાઇનો ખ્યાલ લાવ્યા વિના ગમે તે મહાન્ માણસ સાથે છુટથી વાતચીત કરી શકો છો. કારણ કે ઉત્તમ ગ્રંથો ઉચ્ચ કુળની પેદાશ હોવાથી તેઓ કોઇ પ્રકારના ભેદભાવથી કોઇની લાગણી દુઃખવતા નથી.

**જીડી.**

* *

મારા અભ્યાસગૃહમાં તો મને ખાત્રીપૂર્વક માત્ર બુદ્ધિમાનો સાથેજ વાર્તાલાપ કરવાનું મળે છે, અને બહાર–બહાર તો મુર્ખાઓના સંસર્ગમાંથી છુટવું મુશ્કેલ થઇ પડે છે.

**સર સી. વૉલર.**

* *

ગરીબોની ગરીબાઇ કાઢવાની, દુઃખીઓના દુઃખ ટાળવાની, તન–મનનો થાક ઉતારવાની અને માંદાઓનું દર્દ ભૂલાવવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી પ્રાયઃ બીજી કશામાં નથી. પુસ્તકો પ્રત્યેનો પ્રેમ એ ઈશ્વિરી રાજ્યમાં પહોચવાનો પરવાનો છે. ખરાબ ચોપડીઓનું વાંચન એ તો ઝેર પીવા સમાન છે.

મહેલોથી તથા ધન વૈભવના અખુટ ભંડારથી જે સંતોષ તમને નહી મળે, તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી મળશે. સહવાસથી જેમ માણસોના ગુણો અને પ્રકૃતિની પરીક્ષા થાય છે. તેમ જેવાં પુસ્તકો વાંચવાનો તેને શોખ હોય છે. તે ઉપરથી તેના માટે અનુમાન કરી શકાય છે.

**માર્ડન.**

* *

કેટલાએક ગ્રંથોએ જગતનું જેટલું હીત કર્યું છે, અને કર્યે જાય છે, તેઓ જે રીતે આપણી આશા, હિમ્મત અને શ્રદ્ધાને જગાડે છે. દુઃખ ટાળે છે, દુરદુરના દેશોને એક બીજા સાથે જોડી દે છે, અને સ્વર્ગિય સત્યો રજુ કરે છે, એ સર્વના જ્યારે વિચાર કરૂં છું ત્યારે હું સાચી ઉત્તમ બક્ષિસ મળવા માટે હમેશાં ઈશ્વરનો આભાર માનું છું.

**જેમ્સ-ફ્રીમેન કલાર્ક.**

* *

માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિને પામી શક્તી નથી. અને જાતિય ભાવના પણ મેળવી શકાતી નથી. બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં છે. સાહિત્ય ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય, અથવા જેનું મન સદૈવ સાહિત્ય સરોવરના કમળોની મધુર સુવાસથી મસ્ત બનવા લાગ્યું હોય. તેને તો સાહિત્ય સિવાયના સ્વર્ગિય સુખો પણ તુચ્છ લાગે છે.

**સાહિત્ય સમ્રાટ બાબુ બંકિમચંદ્ર.**

* *

તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો. પણ તેવું તો તમે થોડું વાંચો તેમાંજ સારૂ છે. ઉત્તમ ગ્રંથો અને સારાં પુસ્તકો વાંચો. કારણ તેની અસર આખી જીંદગી સુધી પહોચે છે.

**સ્વામી વિવેકાનંદ.**

* *

સત્સંગ-ઉત્તમ ગ્રંથો અને શુભ શ્રવણ-કિર્તન ત્રિલોકના રાજા બનાવી દેછે.

**સ્વામી રામતીર્થ.**

* *

પુસ્તકોમાં હું ગુંથાયેલો રહી શકતો, તેથી મને બે માસ વધારે જેલ મળત તો પણ હું કાયર થાત નહીં એટલું જ

અનુસંધાન પૃષ્ટ ૮ ઉપર જુઓ.

# સરાક જાતીનો પુરાતન ઇતિહાસ.

લેખક—
નાથાલાલ છગનલાલ શાહ.

લેખાંક ૨ જો.

## ઐતિહાસિક શોધખોળ.

ઇ. સ. ૧૭૭૪ હિંદના ગવર્નર જનરલ વૉરન હેસ્ટીંગ્સ સાહેબે બૅંગાલ રોયલ એશિયાટિક સોસાયટીની સ્થાપના કરેલ, ત્યારથી હિંદના પુરાતન ઇતિહાસની શોધખોળ કરવાનું વિદ્વાનોનું લક્ષ ખેંચાયું, તેમાં આ પ્રદેશમાં ઈ. સ. ૧૮૪૦ માં મેજર જનરલ ટીકલ અને કર્નલ ડેલ્ટને સિંહભૂમ (બૅન્ગાલ) માટે તેમ ઇ. સ. ૧૮૬૩ થી ૧૮૬૮ માં કર્નલ ડેલ્ટને માનભૂમ (બૅન્ગાલ)ની તેમજ ઈ. સ. ૧૮૭૮ માં જનરલ કનિંગહામ સાહેબે તેમ ઈ. સ. ૧૮૯૧ માં એમ. એમ. રીસલે સાહેબ અને તે પછીના સમયમાં ઘણા વિદ્વાનોની શોધખોળ પરથી બૅન્ગાલ, બીહાર અને ઓરિસ્સામાં વર્તમાનમાં વસી રહેલ સરાક જાતિના પૂર્વજોનો ઇતિહાસ શોધી કાઢવા શક્તિમાન થયા. જેમાં સરાક જાતીના પૂર્વજોનો ધર્મ, તેમના સમયમાં સ્થાપિત કરેલ જૈન શિલ્પકળામય મંદિરો તેમજ કળાકૌશલ્યતા ઉપર સુક્ષ્મતાથી શોધખોળ દૃષ્ટિએ શોધી કાઢેલ છે.[1] ઇ. સ. ૧૯૦૩ માં શ્રી સતીશ્ચંદ્ર વિદ્યાભૂષણે જનરલ રોયલ એશિયાટિક સોસાયટી બૅન્ગાલમાં આસામ (કામરૂપ) અને બૅન્ગાલમાં વસી રહેલ "સરાક જાતી"ના પૂર્વજોના ધર્મ માટે એક મહત્વપૂર્ણ લેખ પ્રકટ કરેલ છે.

ઇ. સ. ૧૯૧૧ માં મી. કૂપલૅન્ડ સાહેબે—માનભૂમ ગેઝેટીઅરમાં જણાવેલ છે કે—સરાક જાતીનું મહત્વ તેમના પૂર્વજોએ સ્થાપિત કરેલ મંદિરોથી જોવામાં આવી શકે છે. હજુ સુધી આ લોકો ચુસ્ત શાકાહારી છે. માંસાહારનો વીરોધ કરે છે. હીંસા કરવામાં પાપ માને છે. ગુલર આદિ કીડાવાળાં ફળો ખાતા નથી. દીવસે ખાવું એ ધર્મ સમજે છે. તેઓના કુલ દેવતા પાર્શ્વનાથને કહે છે. તેમને જૈન ધર્મનો ઉપદેશ નહી મળવાથી આ લોકો પોતાનો મૂળ ધર્મ બીલકુલ ભુલી ગયેલ છે. આજ ગેઝેટીઅરમાં પૃષ્ટ. ૪૮ થી પૃષ્ટ ૫૧ સુધીમાં નીચે મુજબ ઉપયોગી નોંધ લીધેલ છે.

ઇ. સ. સાતમી શતાબ્દિમાં પ્રખ્યાત ચીનાઇ યાત્રિક હુએન સૅંગ ભારતના પ્રવાસે આવેલ તે સમયે તેણે માનભૂમ જિલ્લા (બૅન્ગાલની)ની પોતાના પ્રવાસમાં નોંધ લીધેલ છે. આ સમયમાં રાજા શશાંકનું રાજ્ય શાસન ચાલતું જે બૌધ્ધો માટે કટ્ટર વીરોધી હતો. તેમ પૃષ્ટ. ૫૧ માં જણાવેલ છે કે—આ જિલ્લામાં એક એવી જાતી વસે છે કે તેમને સરાક કહેવામાં આવે છે. તેમની મનુષ્ય સંખ્યા મ્હોટા પ્રમાણમાં છે. આ લોકો મૂલમાં જૈનો હતા. જેઓએ આ ભુમિમાં પુરાતન સમયથી વસવાટ કરેલ હતો. તેઓના પૂર્વજોએ પાર, છર્રા, બોરામ અને ભૂમિમાં પહેલા અને બીજા સ્થાનો પર મંદિરો બનાવેલ હતાં. આ લોક પુરાતન સમયથી શાંતિમય જાતી તરીકે રહેલ છે. જે બીજા લોકોની સાથે હળીમળી રહે છે. આ જાતીને કર્નલ ડેલ્ટન જૈન કહે છે. તેમના મતાનુસાર આ જિલ્લામાં ઇ. સ. પૂર્વે ૫૦૦ થી ૬૦૦ વર્ષો પહેલાના વસેલ છે. તેમના પવિત્ર ચિન્હરૂપ એક મ્હોટી મૂર્તિ પાકવીરમાં છે તેને આ લોકો ભીરમર યાને વીર નામથી પૂજે છે.

આ વિષયમાં પ્રો. સર વીલસન જણાવે છે કે—શ્રી મહાવીર શ્રમણ દશામાં જ્યારે વજ્રભૂમિ અને શુદ્ધી ભૂમિના દેશોમાં વીહાર કરતા આવેલ તે સમયે તે ભૂમિના લોકોએ તેમને દુર્વચન કહ્યાં માર મારેલ, તીર ચલાવેલ અને કુતરાઓ કરડાવા છોડેલ છતાં ઉપસર્ગનો તેમને બીલકુલ ખ્યાલ કર્યો નહી.[1]

## સરાક નામ કેવી રીતે પડયું?

સરાક એ નામ નિ:સંદેહ શ્રાવક શબ્દ પરથી થવા પામેલ છે. પુરાતન સમયમાં શરૂઆતમાં શ્રાવક દરમ્યાન સરાવગી અને વર્તમાન સરાક એ રીતે નામ શબ્દનું રૂપાંતર થવા પામેલ છે. તેમ વર્તમાનમાં કેટલાક સરાવગી તરીકે ઓળખાવે છે.

## બૅંગાલમાં સરાક જાતીના વસવાટના સ્થાનો.

માનભૂમ, સિંહભૂમ, વીરભૂમ, વર્ધમાન જિલ્લો, રાંચી, બાલાસર જિલ્લો, બાંકુરા જિલ્લો, દરભંગા જિલ્લો, અને મ્યુરભંજ જિલ્લામાં 'સરાકજાતી'નો વસવાટ વર્તમાન સમયમાં ચાલુ છે.

## સરાક જાતિના પૂર્વજોની ઓળખ

૧ માનભૂમ—પાંચેત રાજ્યમાં વસનારા તે—પાંચકોટીયા.

૨ માનભૂમ—દામોદર નદીના ડાબી બાજુના તટપર વસનાર તે નદીપારિયા.

૩ વીરભૂમ-માં વસનાર તે વીરભમિયા.

૪ રાંચીપરગણામાં-વસનારા તે તમારિયા.

૫ બાંકુરા—વિષ્ણુપુર ભાગમાં વસનાર પોટજાતી.
અર્થાત—સારકીતાંતી યાને તાંતીસરાક જે ચાર નામથી ઓળખાય છે. આશ્વિની તાતી, પાત્રા, ઉત્તરકુલી અને મંદરાની.

૬ સંથલ પરગણામાં—વસનારાને ફૂલસારકી, સિખરીયા કન્દલ અને સારકીતાંતી કહે છે.

## સરાક જાતીના ગોત્ર.

૧ માનભૂમ જિલ્લામાં વસનાર સરાકોમાં સાત ગોત્રના નામો મળી આવે છે.
આદિ વા. આદ્યદેવ, ધર્મદેવ, ૠષિદેવ, સાંડીલ્ય, કાશ્યપ, અનન્ત અને ભારદ્વાજ.

૨ વીરભૂમમાં વસનાર સરાકોના ગોત્ર.
ગૌતમ અને વ્યાસ.

૩ રાંચીપરગણામાં વસનાર સરાકોના ગોત્ર.
વાત્સવ અને જોડેજાતે.

(અપૂર્ણ.)

---

૧ J. R. A. S. B. 1866 Vol. 35.

૧ Asiatic Research Vol. IX.

( અનુસંધાન પૃષ્ટ ૬ ઉપથી )

નહીં પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખ ચેનમાં રહી શકત. હું માનું છું કે જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે છે. એક પછી બીજું એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર વિચાર પણ કરી શકશો.

**મહાત્મા ગાંધીજી.**

*  *

બંધુઓ! સારાં પુસ્તકો એટલે શું! એ તમે જાણો છો? સારાં પુસ્તકોની કીંમત તમે સમજો છો! ભાઇ! હજુ આપણે એ સમજતા નથી! જો સમજતા હોઇએ તો આપણી હાલત આવી ન હોય!

**અમૃતલાલ સું પઢીયાર.**

*  *

## જ્ઞાન ઉપાસકોની જીવન છાયા.

લોર્ડ મેકોલો પાસે સુખના સર્વ સાધનો—સંપત્તિ અને સત્તા હોવા છતાં તે ખરૂ સુખ વાંચનથી અનુભવતો અને દરરોજ સવાર—બપોર પાંચ સાત પુસ્તકાલયોમાં ફરી આવે નહીં ત્યાં સુધી તેને સાંજનું જમણ ભાવતું નહીં, એ કહેતો કે **હું તો પૂર્વકાલીન વિદ્વાનોના ગ્રંથોનો ઋણી છું.**

રસ્તામાં વેરાએલી કાગળની કાપલીઓ અને આડાં અવળાં રસ્તામાં પડેલાં પુસ્તકો ઉપરથી **નેપોલીયન** આ રસ્તેથી પસાર થયો છે, તેમ લોકો અનુમાન કરતા. કારણ નેપોલીયન મુસાફરીમાં નીકળતા ત્યારે ગાડું ભરાય તેટલાં પુસ્તકો સાથે રાખતો. અને ઘોડાગાડીમાં બેઠો બેઠો પણ પુસ્તકો ઉપર નજર ફેરવી જતો. અને નકામુ જણાતું પુસ્તક ફાડીને બારીમાંથી ફેંકી દેતો.

અવકાસની એકાદ ક્ષણુનો ઉપયોગ કરી લેવા મટે ગ્લેડસ્ટન જેવો પ્રતિભાશાળી પુરૂષ પણ સદાય એકાદ પુસ્તક ગજવામાં લઇને ફરતો તો આપણા જેવાઓએ વૃથા જતી ક્ષણોનો સદઉપયોગ કરવા શું તેમ ન કરવું જોઇએ.

વહાલા મીત્રો! તમે જાણો છો કે ઉત્તમ પુસ્તકો તેનું વાંચન અને મનન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય અને પરોપકાર વૃત્તિને વિસ્તારે છે. અને જેમ જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી જાય છે તેમ તેમ! દુનીયાના આસુરી ભાવોની જડ નાશ પામતી જાય છે.

સારા પુસ્તકાલયમાં ગયા પછી તમે તેને હાથ નહીં લગાડો તો પણ એ ગ્રંથોજ માનસ વાણીથી તમને કહેશે કે આવો! આવો! અહીં પુષ્કળ જ્ઞાન ભર્યું છે. તે લ્યો! વાંચો! વાપરો! તમારૂં કલ્યાણ થશે!!

દેશ પરદેશના જ્ઞાન ઉપાસકોના હૃદયને આ રીતે સમજી હવે આપણે ગુજરાતની અર્વાચીન જ્ઞાન પ્રવૃતિના ઇતિહાસ તરફ દૃષ્ટિ નાંખીએ કે જેનાથી છેલ્લા સૈકાની જ્ઞાન પ્રવૃતિનો ઉગમ અને વિકાસ આપણી દૃષ્ટિ સામે રજુ થાય.

—અપૂર્ણ.

## શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ.

ઉપરોક્ત સમિતિની એક સભા શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીના પ્રમુખપણા નીચે કોન્ફરન્સ કાર્યાલયમાં તા૦ ૨૯-૫-૩૮ ના રોજ બપોરના ત્રણ વાગે મળી હતી. જે વખતે નીચે પ્રમાણે કામકાજ થયું હતું

૧ સમિતિના ફંડમાં ભેગી થયેલી રકમોની રજુઆત સેક્રેટરીઓ તરફથી કરવામાં આવી.

૨ શ્રી. રમણીકલાલ કેશવલાલ ઝવેરી સોલીસીટર ( પ્રતિનિધિ શ્રી માંગરોળ જૈન સભા મુંબઈ ) અને શ્રી અમૃતલાલ મગનલાલ ઝવેરી ( પ્રતિનિધિ શ્રી જૈન બાળ મિત્ર મંડળ મુંબઈ ) એ બન્ને ગૃહસ્થોને સમિતિના સભ્યો તરીકે કોઓપ્ટ કરવામાં આવ્યા.

૩ આવેલાં ફોર્મમાંથી કેટલાંએક પાસ કરવામાં આવ્યા.

બાદ પ્રમુખનો આભાર માની મીટીંગ વિસર્જન થઇ હતી.

**મનસુખલાલ હી. લાલન,**
**કેસરીચંદ જે. શાહ,**
મંત્રીઓ, શ્રી કો. કે. પ્ર. સ્થાનિક સમિતિ મુંબઇ.

## શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ વિદ્યાર્થીઓને સૂચના.

૧ ઉપરોક્ત સમિતિ માત્ર મુંબઇ અને તેના પરાંમાં વસતા જૈન વિદ્યાર્થીઓને મદદ આપવા માટેજ યોજાએલી છે, અમારા તરફ આ સમિતિમાંથી લાભ લેવા માટે બહાર ગામના વિદ્યાર્થીઓના અનેક પત્રો આવે છે, તેઓને પ્રત્યેકનો જવાબો આપવાનું બની શકે નહિ. તેથી તેમણે સમજી લેવું કે ઉપરની યોજના માત્ર મુંબઇ અને પરાંના જૈન શ્વે. વિદ્યાર્થીઓ માટેજ છે.

૨ બહારગામના વિદ્યાર્થીઓએ આ સમિતિ પાસે માંગણી કરવી નહિ.

૩ ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓ આખું ફોર્મ વિગતવાર ભરીને મોકલશે તોજ તેના ઉપર લક્ષ અપાશે. અધુરાં ફોર્મ ઉપર ધ્યાન આપવાનું બનશે નહિ. માટે સ્પષ્ટ વિગત લખી જણાવવી

૪ ફારમો જેમ બને તેમ ભરીને તુરત મોકલી આપવાં.

મંત્રીઓ,
શ્રી કો. કે. પ્ર. સ્થાનિક સમિતિ.

## શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ.

**વડાચૌટા, સુરત.**

ઉપરોક્ત આશ્રમમાં એ. ધો. ચોથાથી કોલેજ સુધીના અભ્યાસવાળા શ્વે૦ મૂર્તિ૦ જૈન વિદ્યાર્થીઓ માટે કેટલીક ખાલી જગ્યા છે, દાખલ થવા ઇચ્છનારે અરજી ફોર્મ મંગાવી તા. ૫-૬-૩૮ સુધીમાં અત્રે પહોંચે તેમ મોકલી આપવું.

**ઉજમશી ત્રિભુવનદાસ શાહ,** વકીલ.
ઓનરરી સેક્રેટરી.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."  Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે.  છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧૬ મી જુન ૧૯૩૮. | અંક ૨૨ મો.

## આજની પરિસ્થિતિ ને યુવક જગત.

"આપણી મૂર્ખાઇના, આપણી લુચ્ચાઈના, આપણી ગુનેગારીના પૂરાવા શોધવા લાંબે જવું પડે એમ નથી. વીસમી સદીને આપણે બહુ સુધરેલી માનીએ છીએ, એ સુધરેલી સદીની શરૂઆતનાં બોર–બ્રિટીશ યુદ્ધ, અને રશિયા–જાપાન યુદ્ધને બાજુએ મૂકીશું. પ્રચંડ યાદવાસ્થળી જર્મન જંગથી આપણે શરૂઆત કરીએ. એ જર્મન જંગ જગતમાંથી સદાય યુદ્ધને દૂર કરવા રચાયો હતો, એમ તે વખતના નેતાઓ કહેતા હતા અને લાખો આદર્શવાદી યુવકોને એ ધ્યેયની જાળમાં છેતરી રણ સંગ્રામના કતલખાનામાં મોકલી દેતા હતાં. મહાત્મા ગાંધીએ પણ એક સૈન્યમાં ભરતી કરાવવાનું માથે લીધું હતું. આજ એ કતલ થયેલા શૂરવીરોની કબરોનાં પૂજન થાય છે. અજાણ્યા શહીદના દેહ ઉપર કીર્તિસ્તંભો રચાય છે. કોઇના લાડકવાયા ઉપર આંસુ ઢોળાય છે અને વર્ષે વર્ષે સુલેહ દિનની ઉજવણી થઈ એક મિનિટ આખું બ્રિટિશ સામ્રાજ્ય વાચા અને ગતિ બંધ કરી શાન્ત બની જાય છે. એ કબરો, એ કીર્તિસ્તંભો, એ અશ્રુ અને એ શાન્તિ સત્ય છે કે કતલ થયેલા આપણા બાન્ધવોની એ નિષ્ઠુર મશ્કરી છે? કબરમાંથી સ્મારકમાંથી ગત્ શૂરવીરોનાં રૂહ ઉભાં થાય અને આપણને પૂછે કે અમારો ભોગ આપી રચેલા યજ્ઞમાંથી તમે શું મેળવ્યું? યુદ્ધનું નિવારણ કરવા રચાયલા યુદ્ધના તહનામાં ઉપર સહીઓ થયે હજી વીસ વર્ષ પણ થયાં નથી. એ દરમિયાન શું શું થયું? એ રૂહને–એ પ્રેતને જવાબમાં બતાવી શકીએ, ટર્કી અને ગ્રીસ, સીરીઆ, લંચુચોકો અને મોરોક્કો, અરબસ્તાન અને અફઘાનિસ્તાન, સ્પેન અને ચીન, આયર્લંડ અને હિંદ, યુદ્ધ પછીની માનવજાતની ઘેલછાના પૂરાવા આટલા બસ નથી? વધારે ઊંડાણથી આપણે જોવું હોય તો અલ્પ્સનાં શિખરો પાછળ સંતાયલી પડું પડું થઈ રહેલી લીગ ઓફ નેશન્સની ડગમગતી મહેલાત તરફ દ્રષ્ટિ કરીએ. યુદ્ધની ભયંકરતા–યુદ્ધમાં રહેલો અપરાધ–યુદ્ધમાં સમાયલી ચોક્કસ અસ્થિરતાને એક દશકો પણ સંભારી ન રાખનાર માનસ મૂર્ખ અને ચસકેલું નથી એમ કહેવાની મને હિમ્મત નથી. એ યુદ્ધ તરફ જ વાચા કરતી માનવ ઘેલછા–તેના ઘેલછાની ભયંકરતાને ટાળવા વિદ્યાર્થી–યુવક શું કરશે? માનવ સંહારનો વિરોધ તે સક્રિય રીતે નહિ કરે!"

( શ્રી. રમણલાલ વસંતલાલ દેશાઈના ભાષણમાંથી )

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ**:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—श्री सिद्धसेन दिवाकर.


# જૈન યુગ.

તા૦ ૧૬-૬-૩૮. ગુરૂવાર.


# રચનાત્મક કાર્યક્રમ એટલે શું?

રાષ્ટ્રિય મહાસભાની આખીયે પ્રણાલિકા બદલવામાં 'હોમ રૂલ લીગ' નામે સંસ્થાનો ફાળો નાનો સુનો નથી. આજે એની જે ઉંડી જડ ઝામી છે અને આજે એ જે ગૌરવના મધ્યાન્હે વિરાજે છે એના પ્રારંભકાળ તરફ મીંટ માંડી શું તો સહજ જણાશે કે એને મહાત્મા-ગાંધીજીની અપૂર્વ નેતાગીરી મળી અને સાથો સાથ જુદા જુદા સ્થળોમાં કામ કરતી હોમરૂલ લીગની શાખા-ઓનો પૂર્ણ સહકાર પ્રાપ્ત થયો.

આપણી કોન્ફરન્સ માટે પણ એ કાળ આવી ગયો છે. અલબત મહાત્માજી જેવા નેતાનું આપણને હજુ સાંનિધ્ય પ્રાપ્ત થયું નથી છતાં અધિવેશનનું સ્થળ એવું અનુ-કુળ છે કે જ્યાં જાગ્રતિના પૂર સતત વહ્યા જાય છે, જ્યાં અનુભવ કસોટીયે કસાયેલા કાર્યકરોનો વસવાટ છે, જ્યાં એક કરતા વધુ સંસ્થાઓનો પ્રાદુર્ભાવ થયો છે અને એ આજે સુંદર રીતે ચાલી રહી છે, અને અધુરામાં પુરૂ આ વર્ષે—મુનિગણમાં અગ્રપદે આવતાં પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસુરિજીનું ચાતુર્માસ છે એમાં પણ કુદરતનો કોઇ અગમ્ય સંકેત હોય તો?

જેમ વૃધ્ધાની શિખામણે ચાણકયના પરાજયને ભાવિ વિજયના માર્ગ દર્શન કરાવ્યા તેમ ભાવનગરના આંગણે આપણી આ જૈન મહાસભાને કોઇ નવી દિશાના માર્ગ-દર્શન થાય તો એમાં આશ્ચર્ય જેવું નથી જ.

દેશ-કાળની હાકલ સંગઠન કરવાની છે એ માટે બે મત નથી જ. પરિવર્તન પામતી રાજ્ય સત્તા અને નવે સરથી રચાતી દેશ પરિસ્થિતિ જૈન સમાજને પોતાના હક્ક સંરક્ષવાનું આહ્વાન કરી રહી છે. એવી કપરીક્ષણે સર્વ જૈનો માટે બોલી શકે, એના વતી સ્પષ્ટ અવાજ રજુ કરી શકે, એવી એક સંસ્થા જો કોઇ પણ આજે અસ્તિત્વમાં હોય તો તે માત્ર આપણી કોન્ફરન્સ જ લેખી શકાય. એની કાર્ય પ્રણાલિ પ્રત્યે જરૂર મતભેદ સંભવે બાકી એના બંધારણ કે પ્રતિનિધિત્વ માટે આંગલી ચીંધી શકાય તેવું નથી જ. આપણો નિર્ધાર મતભેદ નષ્ટ કરી, મતભેદ તીવ્ર કરે તેવા કાર્યો બાજુપર રાખી, છુટા પડેલા ને વિખરાઇને અટવાઈ જતાં બળોને પુઃન સંગ્રહીત કરી એક સળંગ તંતુએ ગુંથવાનો છે. એ સારૂ દરેક પ્રયાસ અંતરના ઉમળકાથી કરવાનો છે પ્રથમ તો સાતે ક્ષેત્રની સ્થિતિ પ્રભુશ્રી મહાવીરદેવના કથન મુજબ સંગીન અને સદ્ધર બનાવવાની છે. એમાં જ્યાં જ્યાં આવર્ણો હઠાવવાની, ઇંજકશન આપવાની કે ન ચાલે ઓપરેશન યાને વાઢકાપ કરવાની જરૂર જણાય ત્યાં ત્યાં ધીમેથી પણ મક્કમપણે તે આદરવાની છે. કોઇ પણ હિસાબે વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ અને મૂળવસ્તુને ક્ષતિ ન પહોંચે તેવી રીતે તે ક્ષેત્રોનો કારભાર ચાલુ રહે અને એ દ્વારા જૈન શાસનનો સાચો તેમજ ચીરકાળ સ્થાયી ઉત્કર્ષ સધાય એ સૌ પ્રથમ જોવાનું છે. જૈનધર્મનું અસ્તિત્વ, જૈનધર્મનું પ્રભુત્વ અને જૈનધર્મનું વિશાળ જૈન સમુહમાં વ્યાપકત્વ એ પ્રત્યેક જૈનનું ધ્યેય હોવું જ જોઇએ. આપણી મહાસભાનો એ મુદ્રાલેખ ગણાય. એમાં જ અને એ ભાવને અવિચળ રાખી આપણે રાષ્ટ્ર, સમાજ કે સંઘની પ્રવૃત્તિઓને જોસ આપવાનો છે. એ સારૂ કેંદ્રસ્થ સંસ્થા ઘણું કરી શકે છે. પણ એના ઘણુ કરવાનો આધાર શહેરોમાં અને ગ્રામિણ સમુહમાં સ્થપાયેલી અને કામ કરતી નાની મોટી સંસ્થાઓ પર અવલંબે છે.

એવા પ્રકારના પ્રયાસ મારફતે રાષ્ટ્રિય મહાસભા આજે કેવી સંગીન ને કાર્યકર બની છે એનો ઇતિહાસ હજુન્ નજર સામે તાજો જ છે. મહિનાનો અંતિમ રવીવાર આવ્યો કે સર્વત્ર ધ્વજવંદન થવાનું. પ્રમુખશ્રી તરફથી એકાદ પ્રસંગ ને અનુલક્ષી અમુક જાતનો કાર્યક્રમ નિયત કરાયો કે સર્વત્ર એના એકધારા પડઘા પડવાના. સાચી જાગ્રતિના—જનતાના પીઠબળ ના—એ પરથી માર્ક મૂકી શકાય છે.

આવુંજ કોઇ ધોરણ આપણે સ્વીકારવાનું છે. એ સારૂ સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચારે અંગોનો સહકાર શોધવાનો છે. એ મુસ્કેલ છે છતાં સાધ્ય છે. અલબત એ સાધનામાં પૂજ્ય સાધુગણને થોડુંક આગળ વધવું પડશે ભાવનાશીલ યુવક ગણને થોડું નમતું તોલવું પડશે; પણ એ સંકળના સધાતા જે કાર્ય અમલી બનશે એનો સરવાળો મૂકતાં સૌ કોઇને સંતોષ થશે જ. કોઇ આને સ્વપ્ન ન માને આજનું વાતાવરણ કહી આપે છે કે કોઇપણ એક વર્ગ કેવળ પોતાના જોરે સમાજ ને દોરી શકવાનો નથી. એને બીજા વર્ગ સાથે સમન્વય સાધવો જ પડશે. અને એ વાત દીવા જેવી ઉઘાડી છે તો કોણ કહેશે કે ઉપરનો ખ્યાલ એ સ્વપ્ન છે?

તેથી જ ઠેર ઠેર જીવંત સંસ્થાના મંડાણ એ રચના-ત્મક કાર્યનું પ્રથમ પગલું. ઉક્ત સંસ્થા દ્વારા જ ચરમ જીનપતિશ્રીમહાવીર દેવની જયંતિ કે જન્મમહોત્સવની ઉજવણી એ બીજું પગલું. પર્યુષણ મહાપર્વના દિનોમાં સુકૃત ભંડાર ફાળાની પ્રવૃત્તિ એ ત્રીજુ અને એવી જ રીતે મોટા ભાગને સ્પર્શતા, ધર્મવૃત્તિને સતેજતા, ને જે વિષે ચર્ચાના ચકડોળ કે મતફેરના ગંઝાવાતનો સંભવ સરખો ના હોય તેવા પ્રશ્નો હાથ ધરી આજના સંક્ષુબ્ધ વાતાવરણમાં પુનઃ શાંતિના પૂર વહાવી શકાય.

# નોંધ અને ચર્ચા.

## શત્રુંજયની તળેટીમાં આગમ મંદિર—

આગમ મંદિર માટે જગ્યા ખરીદવામાં આવી ગઇ છે એટલે ટુંક સમયમાં મંદિરના ચણતર આરંભાશે. આગમ ચીરકાળ પર્યંત સંરક્ષિત રહે એ માટે બે મત ન જ હોઇ શકે. બાકી સંરક્ષણની પદ્ધતિ પરત્વે ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ સંભવી શકે. આગમ જ્ઞાન મૂળ સ્વરૂપમાં કેવળ કોતરાયેલું રહે એ કરતાં એ જ્ઞાન સરળ ભાવાર્થયુક્ત જગતની પ્રચલિત ભાષાઓમાં પ્રગટ કરવામાં આવે અને એનો છુટથી પ્રચાર કરવામાં આવે એ રીતે જનતાના વિશાળ હૃદયમાં અંકિત થાય અને જુદા જુદા દેશમાં એ પહોંચી જાય એ વિચાર કરતાં વધુ લાભદાયી જણાય છે. પણ 'મુંડે મુંડે મતિર્ભિન્ના' એ ન્યાયે જે આયોજન થઇ રહ્યું છે તે સામે આંગળી ચીંધવા-પણુ નથી જૈન ધર્મની પ્રાચીનતા ને પવિત્રતાના પૂરાવા સમા મુખ્ય બે સાધનો છે એક મૂર્તિ અને બીજું આગમ. ઉભયનું સાનિધ્ય પવિત્ર તીર્થમાં થાય છે એ વેળા એટલું નમ્ર ભાવે જણાવીયે કે ઉભા થતાં મંદિરમાં જૈન સંસ્કૃતિને અને ભારતીય કળાકૃતિ ને હરગીજ વિસારી મેલવામાં ન આવે તેમ જ સ્તંભ કોતરાતા વર્ણોમાં શુદ્ધિ, સ્પષ્ટતા અને સુચારૂતાને ખ્યાલ બહાર ન રાખવામાં આવે. સાથોસાથ જ્યારે સુયોગ સાંપડયો છે અને રાજવી સાથે શ્રેષ્ઠિવર્ગનો સંબંધ મીઠો બન્યો છે ત્યારે નાનામોટા મતફેરો આદિનો તોડ આણી ભાવિકાળમાં જૈન સમાજ અને ઠાકોર સાહેબ વચ્ચે વૈમનસ્યનું કારણ ન રહે તેવો કરાર કરવામાં આવે. એ માટેનો આ યોગ્ય સમય છે. શાશ્વત તીર્થના આંગણે વિપુળ દ્રવ્ય ખરચવા છતાં—સંસ્થાઓ અને ધર્મશાળાઓના પાયા માંડવા છતાં—જો ભાવિ શંકાભર્યું ને અનિશ્ચિત રહેતું હોય તો હાલની પ્રત્યેક કરણી, એ જવાબદારીમાં વધારો કરનારી જ નિવડશે. વણિક બુદ્ધિની સફળતા 'પાણી પહેલાં પાળ બાંધવામાં' સમાયેલી છે. કાર્યવાહકો એ પ્રતિ અવશ્ય લક્ષ્ય આપશે.

## ગુજરાતના જૈનો અને લગ્નવિધિ—

તદ્દન સાદાઇથી જેઓ લગ્ન પતાવે છે તેઓ પણ વિધિ-વિધાનમાં દુર્લક્ષ્ય નથી કરતા. પોતે જે દેવને માને છે એની સમક્ષ નવા જીવનને લગતો યોગ્ય એ કરાર કરે છે જ. પણ જૈન સમાજમાં એનાથી સાવ ઉલ્ટું જ વર્તન દૃષ્ટિગોચર થાય છે. ગુજરાત એમાં મોખરે આવે છે! આજે પણ એના આડંબર ઓછા નથી થયા. કપડા અને જમણ પાછળના આંધળીયા ઘણે ખરે જેમના તેમ ચાલુ જ છે. ગણત્રીના શહેરો બાદ રાખીએ તો સર્વત્ર હજુ સદીઓ પૂર્વની રૂઢિ દેખા દે છે! વ્યવહાર ને અજ્ઞાનના નામે આજ ઢાંકઢુંબવામાં ને ખોટું ગાવામાં નારી સમાજના એ દિનો જાય છે. ધમાલમાં જ્યાં શાંતિ શોધી પણ જડતી નથી ત્યાં વિધિના બહુમાન કે જૈન વિધિને કયાં અવલોકવી?

અરિહંતના ઉપાસક અને વાતવાતમાં મિથ્યાત્વને જોનારા સંસાર પ્રવેશ જેવા અનોખા પ્રસંગે કેવી બેદરકારી દાખવે છે! સેંકડાથી ખર્ચા કરનારા યોગ્ય વિધાન માટે જરા પણ કાળજી રાખે છે કે? આચાર દિનકર ગ્રંથમાં લગ્ન સંસ્કાર માટે વિસ્તારથી લખાયેલું છે. એમાં પ્રથમ તીર્થંકર-શ્રી રૂષભદેવનો લગ્ન પ્રસંગ ઉલ્લેખી આ પ્રકારના જીવનમાં કર્મો કેવો ભાગ ભજવે છે અને એથી કેવી જવાબદારીઓનો ઉમેરો થાય છે તેનો તાદૃશ ચિતાર આપ્યો છે. ગુજરાતી ભાષામાં ભાવાર્થયુક્ત ટ્રેકટો પણ પ્રગટ થઇ ચુકી છે. મહારાષ્ટ્રમાં એનો પ્રચાર ઠીક પ્રમાણમાં ચાલુ છે. છતાં અફસોસની વાત એટલી જ છે કે ધર્મી મનાતા ગુજરાતમાં એ સંબંધમાં સાવ દુર્લક્ષ્ય દાખવાય છે! લગ્ન વિધિ એટલે ભૂદેવ ગમે તેવા બે પાંચ શ્લોકો બોલી જાય; અને આપવા લેવાનો વ્યવહાર થાય એટલે વર-કન્યા પરણી ચુકયા!! ઉભયમાંથી કોઇ પણ, લગ્ન મારફતે કઇ કઇ નવી જવાબદારીઓ વહોરે છે એ સંબંધમાં ભાગ્યેજ કંઈ સમજ છે! પોતે અંતરથી જેમણે દેવ તરિકે સ્વીકારતો નથી એની સમક્ષ—કેવળ ગોરના કહેવાથી પ્રણામ કરે રાખ્યે છે! વિધિ જેવો મહત્વનો પ્રસંગ આમ પ્રહસનમાં પરિણમે એ ઓછા દુઃખનો વિષય નથી. જૈનોએ જાગ્રત થઇ આ વાત વિચારી જૈન લગ્ન વિધિ અપનાવવાની જરૂર છે; એનો ભાવાર્થ વર કન્યાને સમજાવવાની ગોરને ફરજ પાડવી ઘટે છે.

## ફી પુસ્તકો અને સ્કોલરશીપો—

જ્ઞાનના સાધનોનું દાન એ સર્વ દાનોમાં અગ્રપદે છે. યુગ પોકારે છે કે દેશનો પ્રત્યેક છોકરો કે છોકરી જરૂરી જ્ઞાનથી વંચિત ન રહેવો જોઇએ. એ સારૂ પુસ્તકો આદિના ખરચા જરૂર વધી પડયા છે એની ના ન જ પડાય પણ આનંદના સમાચાર આપતાં ભાર પૂર્વક કહેવું જોઇએ કે એ કારણે કોઈ વિદ્યાર્થી ભણતર અધુરૂં ન મૂકે. આપણી શ્વેતાંબર કોન્ફરન્સ એ સારૂ બાંહધરી આપે છે. ફી આદિની સગવડ કરવામાં સ્હાયક બને છે. તો પછી શા કારણે તમો વિદ્યાર્થીઓ જે સ્થાનમાં વસો છો ત્યાંના લાગણીવાળા ગ્રહસ્થોને—જુવાન બંધુઓને—કેળવણીના રસિયા માનવોને—ઢંઢોળતા નથી? તેઓની પાસે પહોંચી જાવ ને કહો કે—ઓ મહાનુભાવો, યથાશક્તિ ફંડ એકઠું કરો ને એટલું જ બીજું તમોને કોન્ફરન્સ આપી રહી છે તે મેળવી લ્યો. માત્ર અર્ધી મહેનતે આખુ કાર્ય સધાય છે તો સત્વર એનો લાભ લ્યો. અભ્યાસના એકતાનમાં દિવાલ રૂપ નડતી આ મુશ્કેલીનો તોડ કહાડી આપો.

---

જેઓ આજે જીવનના કિનારે ઉભા છે તેઓ અન્ય જંજાળોને ત્યજી દઇ આ વાત અવશ્ય વિચારે. એ શકય બનાવવાના દરેક પ્રયત્નો આરંભે એ માટે પોતાનો અનુભવ છુટો મૂકે.

જેઓ આજે જીંદગી નૌકાની મધ્યે વિરાજે છે જેમણે આજે એક તરફ સંસાર ને બીજી તરફ વ્યાપાર ખેંચી રહેલ છે તેઓ પણ અવકાશ મેળવી આ વાતનો વિચાર કરે. વાલકેશ્વરના મહાલયમાં વસવાથી કે સીવરી પરના વેપાર કેંદ્રમાં લાખોના સોદા કરવાથી અધિક આનંદ સેવાધારીની ઝોળીમાં સમાયો છે એ સત્ય જો સમજાયુ હોય તો તેઓ પણ આ ધ્યેય માટે સમય મેળવે. અને નવજુવાનો—આશા—ઉમંગ અને અવનવી ભાવનાના અવતારો—તમોને શું કહેવાનું હોય? વાતની સિદ્ધિ એતો તમારો અડગ નિશ્ચય જ છે. ફક્ત આવેગ ને ઉભરા ને ઓછો કરી, ગર્જારવને ફંગોટી દઇ, લક્ષ્ય સાધનાના પંથે, પળવા સારૂ ઉચિત ધિરજ ધારણ કરો એ જ અભ્યર્થના.

# આપણું ભાવી જ્ઞાન મંદિર

યાને

## કૉન્ફરન્સ લાયબ્રેરી.

( લખનાર:—ઝવેરી મુલચંદ આશારામ વૈરાટી )

( ગતાંકથી ચાલુ )

ઓગણીસમી સદીનો મધ્યકાળ એ આધુનીક લાયબ્રેરીઓના મંડાણ માટેનો, અતિ મહત્વનો સમય છે. કારણ ઇ. સ. ૧૮૪૮ માં ઈંગ્લાંડના એ મહાન જ્ઞાન પ્રચારકો, મી. એડવર્ડ–એડવર્ડઝ, અને વિલીયમ એવર્ટે; આધુનિક સાર્વજનીક લાયબ્રેરીઓ માટેની પ્રવૃત્તિને ખુબ જોરસોરથી ઉપાડી, જેનાં પરિણામે ત્યાંની આમ સભાએ એ પ્રવૃત્તિને મક્કમ રીતે આગળ ધપાવવા, ત્યાંની મ્યુનીસીપાલીટીઓને લાયબ્રેરી ટેક્ષ ઉઘરાવવા માટેની સત્તા આપી. એજ પવિત્ર વરસમાં અમેરીકામાં જોસિયાહ કિવન્સી નામના જ્ઞાન ઉપાસકે સાર્વજનીક લાયબ્રેરીઓની હીલચાલ ઉપાડી જેના પરિણામે મેસેચ્યુ એટસની જનરલ કોર્ટે બોસ્ટન શહેરને પુસ્તકાલયો માટે પાંચ હજાર ડોલર ટેક્ષ તરીકે ઉઘરાવવાની સત્તા આપી. અને થોડાંજ વરસોમાં તો એ કાયદો આખાએ અમેરીકામાં ફરજયાત બન્યો. જેના પરિણામે થોડાજ વરસોમાં આખુંએ અમેરિકા જ્ઞાન મંદિરોના પવિત્ર ઘંટનાદોથી ગર્જવા લાગ્યું શું જાણે? ઈ. સ. ૧૮૪૮ અને ઇ. સ. ૧૮૫૦ ના વરસોનું પ્રભાત, જ્ઞાનપર્વ તરીકેજ જગત્‌માં ઉગ્યું ન હોય? તેમ એજ વર્ષોમાં ગુજરાતમાં પણ અર્વાચીન જ્ઞાનમંદીરોના પાયા નંખાયા.

**હિમાભાઈ ઇન્સ્ટીટ્યુટ!**

ઈ. સ. ૧૮૪૮ માં ગુજરાતના પાટનગર અમદાવાદમાં, ગુજરાત વર્નાકયુલર સોસાયટીની નેટીવ લાયબ્રેરી, કે જે પાછળથી ઇ. સ. ૧૮૫૭ માં અમદાવાદના જૈન નગરશેઠ હિમાભાઇ પ્રેમાભાઈની ઉદાર સખાવતથી હિમાભાઇ ઇન્સ્ટિટ્યુટના રૂપમાં ફેરવાઈ હતી તેના પાયા નંખાયા. વડોદરા સેન્ટ્રલ લાયબ્રેરીના ગુજરાતી સંગ્રહને બાદ કરતાં આ લાયબ્રેરી જેવો જુનો અને કીમતી ગુજરાતી સંગ્રહ આખાએ બૃહદ્ ગુજરાતમાં બીજા કોઇ સ્થળે મળે તેમ નથી. ગુજરાતી ભાષાના અભ્યાસીઓ અને સંશોધકો માટે જોઇતી સગવડો પુરી પાડનાર આ એક ગુજરાતનું સૌથી પુરાણું અણમોલ સાધન છે!

**એંડ્રુસ લાયબ્રેરી.**

ઇ. સ. ૧૮૫૦ ના જુનની ૪ થી તારીખે અઠ્ઠાવીશીની લીટરરી સોસાઇટીની સ્થાપના સાથે ફોરબસ સાહેબના પ્રમુખપણા નીચે ખા. બા. બેજનજી કોટવાળના ૬૦૦ ખાનગી પુસ્તકો વડે થવા પામી. તે ખાતાંને ૫૦૦ રૂપીઆ મુંબાઈ સરકાર તરફથી, ૮૭૪ રૂપીઆ ના. ગાયકવાડ સરકાર તરફથી તથા ૫૦૦ રૂપીઆ ભાવનગર દરબાર તરફથી અને તેટલીજ રકમ શેઠ જમશેદજી જીજીભાઇ બેરોનેટ તરફથી અને બીજી નાની મોટી રકમો વડે એ લાયબ્રેરીની શરૂઆત થવા પામી અને ૧૬ વરસ પર્યંત લાયબ્રેરીનું કામ સારા ઉત્સાહ પૂર્વક ચાલ્યું. પરંતુ ઇ. સ. ૧૮૬૬ માં લાયબ્રેરીના મકાનના સ્થાનને બદલવામાં મતભેદ ઉભો થયો. અને તેના વિકાસમાં ભંગાણ પડયું. વળી એજ વર્ષમાં તેના સભાસદોએ નવા ભપકાબંધ પુસ્તકો ખરીદવાના મોહમાં ૨૦૦૦ જુના ઉપયોગી પુસ્તકો અને માસીકોની ફાઇલો વેચી નાખી. અને ઘણો ઉપયોગી સંગ્રહ ગુમાવી નાંખ્યો. છેવટે ઇ. સ. ૧૯૦૬ માં મોતીના જાણીતા જૈન વેપારી ઝવેરી નગીનચંદ ઝવેરચંદ ઇન્સ્ટીટયુટના રૂા. ૩૫૦૦૦ ના ખરચે બંધાએલા મકાનમાં લાયબ્રેરીને લઈ જવામાં આવી. આ લાયબ્રેરીમાં ઇ. સ. ૧૯૨૭ માં દશહજાર પુસ્તકો હતાં તેમાં ૧૭ મી અને ૧૮ મી સદીમાં પ્રસિદ્ધ થએલાં કેટલાંએક કીમતી પુસ્તકો અને ઇસ્ટ ઇન્ડીયા કું. નો જુનો પત્રવ્યવહાર પણ છે.

**આપારાવ ભોળાનાથ લાયબ્રેરી!**

ઇ. સ. ૧૮૬૯ માં અમદાવાદમાં ગુજરાતના જાણીતા સુધારક ભોળાનાથ સારાભાઇના પુત્ર આપારાવ ભર યુવાન વયમાં સ્વર્ગવાસ થવાથી તેમના સ્મારક તરીકે એક લાયબ્રેરી સ્થાપન કરવા સારૂ રા. રા. મણીભાઇ જશભાઇએ એક હીલચાલ ઉપાડી અને તે ફંડમાં ભોળાનાથભાઇએ પણ રૂપીઆ ૧૦૦૦૦ ભેટ આપવાની ઉદારતા દેખાડી. અને ઇ. સ. ૧૮૭૦ ના જાનેવારી માસની ૧૨ મી તારીખે કેળવણી ખાતાના અધીકારી મી. પીલેના હાથે એ લાયબ્રેરી ઉઘાડવામાં આવી. ઇ. સ. ૧૯૦૦ ની સાલમાં રૂા ૧૯૫૦૦ ના ખરચે આ લાયબ્રેરી માટે રાયપુર દરવાજાની બહાર સ્વતંત્ર મકાન બંધાયું. ઇ સ. ૧૯૩૧ ના રીપોર્ટ મુજબ તેની વાર્ષીક આવક રૂા. ૩૬૭૭ અને ખરચ રૂા. ૩૪૬૮ નું છે.

**ડાહીલક્ષ્મી પુસ્તકાલય!**

નડીયાદના ઉમેદકુમારી મંદીરમાં, રા. રા. મનસુખરામ સુર્યરામ ત્રીપાઠીએ પોતાના સ્વર્ગસ્થ પત્નીના સ્મારક તરીકે ઈ. સ. ૧૮૯૮ ના એપ્રીલની ૨૫ મી તારીખે ખુલ્લી મુકી. સ્થાપન સમયે સ્થાપકે લાયબ્રેરીનું મકાન, રૂા. ૨૫૦૦૦ ના પુસ્તકો, રૂા. ૩૦૦૦૦ નું ફરનીચર, રૂા. ૨૫૦૦૦ નીભાવ ફંડ માટેના મળી એકંદરે રૂા. ૯૦૦૦૦ હજારની સખાવત કરી. લાયબ્રેરીમાં ૧૦૭૪૭ છાપેલા ગ્રંથો અને ૩૩૫ હસ્તલીખીત ગ્રંથો છે.

**બાર્ટન લાયબ્રેરી!**

આ લાયબ્રેરી ઇ. સ. ૧૮૯૫ માં ભાવનગર રાજ્યે શહેરના મધ્ય ભાગમાં એક સારા મકાનમાં કાઠીયાવાડના પૉલીટીકલ એજન્ટની યાદગીરીમાં સ્થાપી છે. આ લાયબ્રેરીમાં હીંદી, ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃત મળી ૧૦૦૦૦ પુસ્તકોની સંખ્યા છે. એમાં મોટા ભાગના પુસ્તકો અંગ્રેજી ભાષાના છે. વાર્ષિક આવક રૂા. ૧૨૫૦ ની છે, અને ખરચ રૂા. ૩૬૦૦ નો છે. ખુટતી રકમ રાજ્ય તરફથી મળે છે. ઇ. સ. ૧૯૩૨ માં આ પુસ્તકાલયને યુવરાજ કુમાર (હાલના દરબાર)ની સાલગ્રેહ

પ્રસંગે રૂા. ૧૦૦૦૦ પુસ્તક ખરીદી માટે તથા વાર્ષિક ગ્રાન્ટ રૂા. ૧૯૦૦ થી વધારી રૂા. ૩૦૦૦ કરી આપવામાં આવી છે.

આ સિવાય પુસ્તકાલય સર્વ સંગ્રહ જે ઇ. સ ૧૯૨૯ માં પ્રસિદ્ધ થયું છે. તે જોતાં ઇ. સ. ૧૮૫૭ થી ઇ. સ. ૧૯૧૧ સુધીમાં બીજાં ૨૭ પુસ્તકાલયો બૃહદ ગુજરાતમાં સ્થપાયાં છે. આ નોંધ પણ સંપૂર્ણ હોય તેમ જણાતું નથી. આ બધાં પુસ્તકાલયોની નોંધ લેતાં લેખ લંબાણ થઈ જવાના ભયે તેની નોંધ લીધી નથી. આ બધાં પુસ્તકાલયો ઓછે વધતે અંશે લવાજમી પુસ્તકાલયો હોવા છતાં તેમણે પ્રજાની કીમતી સેવા બજાવી છે.

અહીં ગુજરાતના અર્વાચિન જૈન પુસ્તકાલયોનો પરિચય આપવાનો ઇરાદો હતો. પણ એ માટે પ્રયાસ કરવા છતાં, જોઈતી વિશ્વાસપાત્ર માહિતી મળી શકી નથી. એટલે એ હકીકતને અહીં જતી કરવી પડે છે. પરંતુ આખાએ ભારતવર્ષમાં નાની મોટી હયાત અને બીનહયાત પુસ્તક પ્રકાશન સંસ્થાઓ ખાનગી બુકસેલરો, લાયબ્રેરીઓ, મંડળો વીગેરેની સંખ્યા જોતાં તેની નામાવલી ૮૦૦ ઉપરાંત થવા જાય છે. આ સર્વની વિશ્વાસપાત્ર માહિતી એકત્ર કરવાનો પ્રયાસ થવાની જરૂર છે. કોઇ વિદ્વાન આ માટે પ્રયાસ કરે તો છેલ્લા સૈકાનો સાહિત્ય પ્રકાશન માટેનો એક સુંદર ઇતિહાસ તૈયાર થાય તેમ છે.

ગુજરાતની જ્ઞાન પ્રવૃત્તિ તરફ આમ આછી દ્રષ્ટિ નાંખ્યા પછી આપણે ગુજરાતના થોડાએક સાચા જ્ઞાન ઉપાસકોની પ્રવૃત્તિ તરફ એક તીરછી નજર નાંખીએ.

**ગુજરાતના જ્ઞાન ઉપાસકો.**

ગુજરાતનો સાચો સક્રિય જ્ઞાન ઉપાસક, મોતીભાઇ અમીન કહે છે કે, ઈ સ. ૧૯૦૪-૫ માં અ. સું. પઠીયારનું "સંસારમાં સ્વર્ગ", અને ભાવનગર રાજ્ય તરફથી પ્રસિદ્ધ થએલું, "સંગિનિતિ વિનોદ," એ બે પુસ્તકો મેં વાંચ્યાં અને આવાં સારાં પુસ્તકોનું વાંચન વધે, એ માટે નાના નાના ગામોમાં, પુસ્તકાલયો અને વાંચનાલયો સ્થપાવાં જોઇએ એમ મને લાગ્યું. અને આ કામ શિક્ષકો ઉપાડી લે તો વધુ સારૂં કામ થઇ શકે એ દ્રષ્ટીએ મેં ઈ. સ. ૧૯૦૬ માં વડોદરા મેલ ટ્રેનીંગ કોલેજના શીક્ષકો સમક્ષ એક એવી યોજના રજુ કરી કે, તેઓ જ્યારે અભ્યાસ પૂરો કરી ગામડાઓમાં નોકરી ઉપર જાય ત્યારે જો તેઓ પોતાના ગામમાંથી રૂા. ૧૦ અથવા રૂા. ૧૫ ભેગા કરી મોકલી આપે તો તેમને રૂા. ૨૦ અથવા રૂા. ૩૦ ના પુસ્તકો અને વર્તમાનપત્રો મોકલી આપવાની જવાબદારી હું સ્વીકારૂં છું. આ યોજનાના આધારે એજ વરસમાં ૫૦ પુસ્તકાલયો ગામડાંમાં શરૂ થયાં. અને આ પ્રવૃત્તિ વ્યવસ્થીત ચલાવવાને એજ વરસના જુલાઈ માસમાં મીત્ર મંડળ પુસ્તકાલયો નામની એક સંસ્થા સ્થાપવામાં આવી. અને ઇ. સ. ૧૯૦૮ સુધીમાં તો તેણે ૧૫૦ પુસ્તકાલયો ઉઘાડ્યાં. અને આજ વરસમાં વડોદરા રાજ્યે પણ સરક્યુલેટીંગ લાયબ્રેરીની યોજના વડે પુસ્તક વહેંચણીનું કામ શરૂ કર્યું. અને થોડાજ વખતમાં પુસ્તકાલય પ્રવૃત્તિનું સંગીન કામ ઉપાડ્યું. જેનો ઇતિહાસ આપણે હવે પછી જોઈશું.

(અપૂર્ણ.)

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## કેળવણી પ્રચાર સમિતિઓ દ્વારા રૂા. ૬૭૦૩) ખર્ચવા થયેલી યોજના.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કેળવણી પ્રચારની યોજનાને અનુસરી અત્યાર પર્યન્ત ગુજરાત, કાઠીયાવાડ, મહારાષ્ટ્ર અને મારવાડમાં ૨૨ સ્થાનિક સમિતિઓ નીમાઇ છે. તેમાંની કેટલીક સમિતિઓએ પોતાના પ્રદેશની જરૂરીઆતોને પહોંચી વળવા માટે લગભગ રૂા. ૨૯૫૨) એકત્ર કરવાની જવાબદારી સ્વીકારતાં કૉન્ફરન્સની કેન્દ્રસ્થ સમિતિ દ્વારા એક વર્ષ માટે નીચે પ્રમાણેની મદદ મંજુર કરવામાં આવી છે.

મુંબઇ રૂા. ૧૦૦૦) સુરત રૂા. ૫૦૦) બારશી ટાઉન રૂા. ૬૦૦) બોરસદ રૂા. ૪૫૦) આમોદ રૂા. ૨૫૦) ખંભાત રૂા. ૨૫૦) રાજકોટ રૂા. ૧૦૦) વઢવાણ કેમ્પ રૂા. ૧૫૧) વઢવાણ સીટી રૂા. ૧૦૦) વડોદરા રૂા. ૨૫૦) ગોઘાવી રૂા. ૧૫૦) કુલ રૂા. ૩૭૫૧ ).

આ પ્રમાણે પ્રાથમિક અને મેટ્રિક પર્યન્તની માધ્યમિક તથા ઔદ્યોગિક કેળવણી પ્રચારાર્થે. રૂા. ૬૭૦૩ ) ૭ હજાર સાતસો ત્રણ ખર્ચાવા વ્યવસ્થા થઇ છે. બીજા કેટલાક સ્થળે સ્થાનિક સમિતિ નીમવા માટે આગેવાનો વિચાર ચલાવી રહ્યા છે અને ટુંક સમયમાં સારી સંખ્યામાં સમિતિઓ નિમાઇ જશે એવી સંભાવના છે.

સમિતિના એક મંત્રી શ્રીયુત મણીલાલ મોકમચંદ શાહ યોજનાના પ્રચારાર્થે ગુજરાત તથા કાઠિઆવાડના પ્રવાસે ગયા હતા. તેઓના પ્રયત્નથી ઘણા ખરા સ્થળે સ્થાનિક સમિતિઓ નીમાઈ છે અને વિદ્યાર્થીઓને ફી, પાઠ્યપુસ્તકો આદિના સ્વરૂપમાં મદદ આપવાના કાર્યની શરૂઆત કરવામાં આવી છે. ખંભાત, પાલણપુર, જામનગર, વઢવાણ સીટી, રાજકોટ, આદિ સ્થળોના આગેવાનોએ યોજનાને સહર્ષ વધાવી લીધી છે અને તે તે સ્થળોએ સ્થાનિક સમિતિઓ નિમાઇ છે. અન્ય સ્થળોના બંધુઓ પણ તેવીજ રીતે પોતાને ત્યાંના વિદ્યાભ્યાસ કરતા બાળક-બાળિકાઓના ઉત્કર્ષાર્થે સ્થાનિક સમિતિઓ નીમી કાર્ય શરૂ કરે એવી અમારી આગ્રહ પૂર્વક વિનંતિ છે.

યોજનાની નકલ, નિયમો, ફૉર્મ આદિ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ, ૨૦ પાયધુની, મુંબઈના ઠેકાણેથી મેળવી શકાશે.

**પરમાનંદ કુંવરજી કાપડીઆ.**
**મણીલાલ મોકમચંદ શાહ.**
મંત્રીઓ,
કૉન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.

## નોકરી જોઇએ છે.

ન્યાય-વ્યાકરણ-સાહિત્ય અને આગમના અભ્યાસી જૈન પંડિતને નોકરીની જરૂર છે તો કોઈ પણ સંસ્થાને જરૂર હોય તો "જૈન યુગ" પત્રની ઓફીસમાં લખી જણાવો.

## "બ્રહ્મચર્ય"

**(ગાંધીજીના "સત્યના પ્રયોગો"માંથી થોડા ફેરફાર સાથે)**

બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન એટલે આત્મદર્શન, બ્રહ્મચર્યમાં શરીરરક્ષણ, બુદ્ધિરક્ષણ અને આત્માનું રક્ષણ છે. બ્રહ્મચર્યને એક ઘોર તપશ્ચર્યારૂપ રહેવા દઇ તેને રસમય બનાવવું. તે અસિધારાવ્રત છે અને તેને માટે નિરંતર જાગૃતિની આવશ્યકતા છે.

બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તો સ્વાદેન્દ્રિય ઉપર કાબૂ મેળવવો જોઇએ. જો સ્વાદને જિતાય તો બ્રહ્મચર્ય અતિશય સહેલું છે.

ઇંદ્રિયદમનના હેતુથી ઇચ્છાપૂર્વક કરેલા ઉપવાસની ઇંદ્રિયદમનમાં બહુ મદદ મળે છે. કેટલાક લોકો ઉપવાસ કરતાં છતાં નિષ્ફળ જાય છે તેનું કારણ એ છે કે, ઉપવાસજ બધું કરી શકશે એમ માની તેઓ માત્ર સ્થૂળ ઉપવાસ કરે છે. ને મનથી છપ્પન ભોગ આરોગે છે: ઉપવાસ દરમ્યાન, ઉપવાસ છૂટયે શું ખાઇશું એના વિચારોનો સ્વાદ લીધા કરે છે; ને પછી ફરીયાદ કરે છે કે, નથી સ્વાદેન્દ્રિયનો સંયમ થયો ને નથી થયો જનનેંદ્રિયનો. ઉપવાસની ખરી ઉપયોગીતા ત્યાંજ હોય જ્યાં માણસનું મન પણ દેહદમનમાં સાથ આપે. એટલે કે, મનને વિષયભોગ પ્રત્યે વૈરાગ્ય આપવો જોઇએ. વિષયના મૂળિયાં મનમાં રહેલાં છે. ઉપવાસાદિ સાધનોની મદદ જો કે ઘણી છતાં પ્રમાણમાં થોડીજ હોય છે. એમ કહી શકાય કે ઉપવાસ કરતો છતો મનુષ્ય વિષયાસક્ત રહી શકે છે ખરો. પણ ઉપવાસ વિના વિષયાસક્તિનો જડમૂળથી નાશ સંભવતો નથી. તેથી બ્રહ્મચર્યની પાલનમાં ઉપવાસ અનિવાર્ય અંગ છે.

બ્રહ્મચર્યનો પ્રયત્ન કરનારા ઘણા નિષ્ફળ જાય છે; કેમકે ખાવા પીવામાં, જોવા ઇત્યાદિમાં અબ્રહ્મચારીની જેમ રહેવા માંગતાં છતાં બ્રહ્મચર્યનું પાલન ઇચ્છે છે. આ પ્રયત્ન ઉષ્ણ ઋતુમાં રતિઋતુનો અનુભવ લેવાના પ્રયત્ન જેવો કહેવાય છે.

[સંયમીના અને સ્વચ્છંદીના, ભોગીના અને યોગીના જીવન વચ્ચે ભેદ હોવોજ જોઇએ. સામ્ય હોય છે તે ઉપર દેખાતુંજ. ભેદ ચોખ્ખો તરી આવવો જોઇએ. આંખનો બન્ને ઉપયોગ કરે. પણ બ્રહ્મચારી દેવદર્શન કરે, ભોગી નાટકચેટકમાં લીન રહે. બન્ને કાનનો ઉપયોગ કરે, પણ એક ઇશ્વરભજન સાંભળે બીજો વિલાસી ગીતો સાંભળવામાં મોજ માણે. બન્ને જાગરણ કરે, પણ એક જાગૃતાવસ્થામાં હૃદયમંદિરમાં બિરાજતા આત્મારામને વિનવે, બીજો નાચરંગની ધૂનમાં સૂવાનું ભૂલી જાય. બન્ને જમે, પણ એક શરીરરૂપી તીર્થક્ષેત્રને નીભાવવા પુરતું દેહને ભાડું આપે. બીજો સ્વાદને ખાતર દેહમાં અનેક વસ્તુઓ ભરી તેને દુર્ગંધિત કરી મૂકે. આમ બન્નેના આચારવિચારમાં ભેદ રહ્યાજ કરે. અને એ અંતર દિવસે દિવસે વધે, ઘટે નહિ.]

બ્રહ્મચર્ય એટલે મનવચનકાયાથી સર્વે ઇંદ્રિયોનો સંયમ. આ સયંમને માટે ઉપર પ્રમાણે ત્યાગોની આવશ્યક્તા છે. ત્યાગના ક્ષેત્રને સીમાજ નથી, જેમ બ્રહ્મચર્યના મહિમાને નથી. આવું બ્રહ્મચર્ય અલ્પ પ્રયત્ને સાધ્ય નથી. કરોડોને સારૂ તો એ હંમેશાં કેવળ આદર્શ રૂપજ રહેશે. કેમકે પ્રયત્નશીલ બ્રહ્મચારી પોતાની ઉણપોનું નિત્ય દર્શન કરશે, પોતાનામાં ખૂણેખાંચરે ભરાઇ બેઠેલા વિકારોને ઓળખી લેશે, ને તેને કાઢવા પ્રયત્ન કરશે. જ્યાં લગી વિચારો પર એવો કાબુ નથી આવ્યો કે ઇચ્છા વિના એક પણ વિચાર ન આવે, ત્યાં લગી સંપૂર્ણ બ્રહ્મચર્ય નથી. વિચાર માત્ર વિકાર છે જેને વશ કરવા એટલે મનને વશ કરવું. મનને વશ કરવું તે વાયુને વશ કરવા કરતાંયે કઠીન છે. આ છતાં જો આત્મા છે, તો આ વસ્તુ પણ સાધ્ય છેજ. એ પરમ અર્થ છે. પરમ અર્થ માટે પરમ પ્રયત્નની આવશ્યક્તા છે.

"પરિખ."

---

## શ્રી કોન્ફરન્સ કેળવણી પ્ર. સ્થાનિક સમિતિની પ્રવૃત્તિ.

મુંબઇ શહેર અને પરામાં કેળવણીના પ્રચાર અર્થે યોજાએલી આ સમિતિએ પોતાનું કાર્ય નિયમીત રીતે ચાલુ કર્યું છે. અત્યાર સુધીમાં તેની ૪ મીટીંગો થઇ છે, અને જુદી જુદી સ્કુલોના વિદ્યાર્થીઓ તથા બાલિકાઓને માસીક ફી તથા પુસ્તકોની મદદ અપાઈ ગઇ છે અને હજુ આપવાનું ચાલુ છે.

ઉપરોક્ત સમિતિમાં પાટણ જૈન મંડળના પ્રતિનિધિ તરીકે બાલુભાઇ એમ. ચોકસીને સભ્ય તરીકે મંજુર કરવામાં આવ્યા છે.

## સમાચાર સાર

**અંબાલા જૈન કોલેજ**—આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીની પ્રેરણાથી ઉત્પન્ન થયેલી આ કોલેજની ઉદ્દ્ઘાટન ક્રિયા સુપ્રસિદ્ધ જૈન આગેવાન શેઠ કસ્તુરભાઇ લાલભાઇને હાથે તા. ૨૦-૬ ૩૮ ના રોજ થવાની છે, તેમજ કોલેજને લગના બીજા વિભાગોની હોસ્ટેલ, લાયબ્રેરી વિગેરેની ઉદ્દ્ઘાટન ક્રિયા પણ જુદા જુદા મુંબઇના શ્રીમંત આગેવાનોના હાથે થવાની છે, ઉક્ત પ્રસંગે મુંબઇથી ઘણા સદ્દગૃહસ્થો ત્યાં જવાના સંભળાય છે.

**માંગરોલ જૈન સભાની કાર્યવાહક સમિતિની ચુંટણી**—ઉપરોક્ત સંસ્થાની ચુંટણીએ આ વખતે અજબ પલટો ખાધો છે, જુની સમિતિ નીકળી ગઇ છે, તેની જગાએ તદ્દન નવીજ સમિતિ આવી છે. પ્રમુખ તરીકે જાણીતા દાનવીર શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલની વરણી થઇ છે. જ્યારે મંત્રીઓ તરીકે શ્રી. રતીલાલ વાડીલાલ પુનમચંદ તથા શા ચીમનલાલ વાડીલાલની ચુંટણી થઇ છે. અને ખજાનચી તરીકે શ્રી. કાન્તિલાલ બકોરભાઈની નીમણુંક થઈ છે. મેનેજીંગ કમીટી પણ તદ્દન નવીજ ચુંટાએલી જણાય છે. જુના અનુભવી કાર્યકરોની ખોટ પૂરાઇ જાય એમ ઇચ્છુ શું.

---

## વાંચક ગણને—

આ વખતે સમયની પ્રતિકૂળતાને અંગે પત્રની નિયમિતતા જણાવવા માટે બે પૃષ્ટ કમતી આપ્યાં છે, આવતા અંકમાં બે પૃષ્ટ વધારે આપવામાં આવશે.

—મ. હી. લાલન.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."                Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે.                છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું.    તારીખ ૧ લી જુલાઇ ૧૯૩૮.    અંક ૨૩ મો.

# જ્ઞાનનાં પરબ.

ગ્રીષ્મનો પ્રખર તાપ તપતો હોય, સૂર્ય નારાયણ પોતાની સઘળી શક્તિઓ પૃથ્વીપર પાથરી રહ્યાં હોય, નદી નાળાંઓ સુકાઇને ખાવા ધાતાં હોય, પ્રાણીઓ અને માનવો તૃષાથી પીડાતા હોય, પોતાની તૃષા છીપાવવા માટે જલાશયોની શોધ માટે આમ તેમ ભટકી રહ્યાં હોય, તેવે સમયે કદાચ તેમને એકાદ મીઠી વીરડીનું દર્શન થાય, તેઓના ધાડાં તે તરફ દોડે, પણ તૃષાતુરોથી ઘેરાઈ રહેલી વીરડી તરફ નજર સરખી નાંખવાનું પણ તેમને ન મળે, ત્યારે નિરાશ થઇ બીજા સ્થળની શોધ કરે, કોઇ ધનલાલચુ લોભી મનગમતા દામ લઈ થોડું જળ આપવા તૈયાર થાય, પરંતુ માનવ કે પ્રાણી પાસે કોડી પણ ન હોય ત્યારે તેઓને જે નિરાશા થાય અને તેમની જે દુઃખદ સ્થિતિ થાય, એવીજ સ્થિતિનું આબાદ ભાન કરાવતું મુંબઈનું વિદ્યાક્ષેત્ર દેખાય છે. માનવ સમાજમાં વિદ્યાની કિંમત અંકાઇ છે, જ્ઞાનની તૃષા જાગૃત થઇ છે, અનેક વિદ્યાર્થીઓના ટોળાં એ તૃષા છીપાવવા માટે જ્ઞાન મંદિરોની શોધમાં ભટકી રહ્યા છે, સ્કુલો, છાત્રાલયો, બોર્ડીંગો, કોલેજો તરફ તેઓ મીટ માંડી રહે છે, પરંતુ તેઓ ચીકાર ભરાઇ ગયાં હોય છે, મોંઘાં મૂલ્યે વિદ્યા સંપાદન કરવાની શક્તિ ન હોતાં, વિનામૂલ્યના સ્થાન શોધે છે, અરણ્યમાં એકાદ મીઠી વીરડી સમી સ્કુલ કે વિદ્યાલય નજરે પડે છે, પરંતુ ત્યાં પણ અસાધારણ ગીરદી! ત્યાં પણ સ્થાન ન મળવાથી કોઇ સ્કુલ કે હાઈસ્કુલ તરફ નજર ફેરવે છે, પણ ત્યાંની રાક્ષસી ફીઓ અને ખર્ચને તેઓ પહોંચી વળવા અશક્ય હોય છે, ત્યારે તેઓ નિરાશ થઇને હતાશ બની નોકરી કે મજુરી શોધે છે, આ સ્થિતિ જૈનોને વધુ અસહ્ય થઇ પડી; તૃષાની ચીસો ચારે તરફથી સંભળાવા લાગી, એક આગેવાન શ્રીમંતની આંખ તે તરફ વળી, અને આ પરિસ્થિતિથી તેને દુઃખ થતાં તેમણે પોતાનો જળસંગ્રહ (ધનસંગ્રહ) એ તૃષાતુરો માટે બહાર કાઢયો અને સમાજના તરસ્યાં અને જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓ માટે તેમની જરૂરીયાતો પૂરી પાડવા ઈચ્છા દર્શાવી, એ કાર્ય હાથ ધરાયું, અને આજે બીજા પૃષ્ટો ઉપર આપેલ ખબરોથી જનતા જાણી શકશે કે તૃષાતુરોની તૃષા છીપાવવા **જ્ઞાનનાં પરબો** અનેક સ્થળે બેસી ગયાં છે.

અમારાં એ જ્ઞાન પરબો અખંડિત જળધારાઓ પીરસ્યા કરે એજ પ્રાર્થના.

—મનસુખલાલ લાલન.

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ**:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

**—श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧-૭-૩૮. શુક્રવાર.


## એક કદમ આગે

નાણ પરમ ગુણ જીવનો, નાણ ભવન્નવ પોત;
મિથ્યામતિ તમ ભેદવા, નાણ મહા ઉદ્યોત.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય.

કોન્ફરન્સ કેળવણી પ્રચાર સમિતિઓની સ્થાપના, જુદા જુદા સ્થાનોમાં જે ઝડપથી થવા લાગી છે અને જૈન જનતા તરફથી એ યોજનાને જે હાર્દિક આવકાર પ્રાપ્ત થયો છે એ જોતાં આપણી મહાસભાએ એક કદમ આગે કૂચ કરી છે એમ કહેવામાં અતિશયોક્તિ જેવું નથી જ. વિદ્યાર્થી આલમમાં આ યોજના આશીર્વાદરૂપ થઇ પડી છે, એનો લાભ મેળવવા મુંબઇ જેવા શહેરમાં પડા પડી થઇ રહી છે. સ્થાનિક સમિતિનું રેકર્ડ એ વાતની સાક્ષી પૂરે છે. એ પરથી સહજ અનુમાની શકાય કે અન્ય સ્થળોમાં પણ આ જાતની સ્હાય જરૂરી હતી અને છે. શિક્ષણ મેળવવાના સાધનો દિન પ્રતિદિન મોંઘાં થતાં જાય છે. માત્ર ટેક્સ્ટ બુકો જ નહિ પણ અભ્યાસને લગતાં અન્ય પુસ્તકો પણ અવારનવાર બદલાતાં જાય છે અને માસિક ફીની રકમ પણ વૃદ્ધિ પામતી જાય છે. એ સામે વણજ વ્યાપારમાં હદ ઉપરાંતની મંદતા પ્રવર્તે છે. ઉદ્યોગ-હુન્નર નષ્ટ પામવા માંડયા છે. એટલે એક વાર સબળ અને સમૃદ્ધ ગણાતી જૈન સમાજ-અરે જેને માટે લોર્ડ કર્ઝન જેવા વૉઇસરાયે ઉચ્ચારેલું કે હિંદુસ્તાનના પૈસાનો ૨/૩ ભાગ જૈનોના હાથમાંથી પસાર થાય છે-એ જૈન સમાજનો મોટો ભાગ પોતાના સંતાનોને સરળતા ને સુલભતાથી કેળવણી આપી શકે તેવી સ્થિતિમાં નથી રહ્યો. ઘણા દાખલાઓમાં ભણી શકે તેવા વિદ્યાર્થીઓને ઉઠાડી લઇ ધંધામાં નાંખવા કે નોકરીએ જોડવામાં પોષણ વૃત્તિમાં પડતી મુશ્કેલી જેમ નિમિત્તભૂત દેખાય છે, તેમ કેળવણી પાછળ વ્યય કરવાની અશક્તિ પણ જરૂર દેખાય છેજ. આ યોજના માટે રકમ કહાડનાર શ્રીયુત્ કાંતિલાલ ઇશ્વરલાલભાઇને પોતે જે ઉત્તમ કાર્ય માટે ધન આપ્યું છે, તેનું ઉપર ખેંચેલું ચિત્ર જોઇ જરૂર આનંદ થશે. જો કે હજુ જોઇએ તેવી રીતે આ યોજના સબંધી પ્રચાર નથી થયો, છતાં સ્થિતિ સંગીન થવા માંડી છે, અને ઘણા ખરા સ્થાનોમાંથી તો નક્કી કરાયેલા કાનુન મુજબ રકમ એકઠી કર્યા પછી જ માંગણી કરવામાં આવેલ છે, એ જોતાં આ પ્રશ્ન પરત્વે સર્વત્ર એકસરખી લાગણીના દર્શન થાય છે. સૌ કોઇ એની અગત્ય પિછાને છે.

આજે જો કે આપણે કેવળ કેળવણીના પ્રચાર અર્થે સમિતિઓ ઉભી કરવી પડી છે. છતાં બંધારણ પ્રમાણે જો દરેક સ્થળોમાં આપણી પ્રાંતિક ને સ્થાનિક સમિતિઓ કામ કરતી હોય તો આ કાર્ય તે દ્વારા લઇ શકાત-કાર્યનો અમલ કરવામાં જે વિલંબ થયો તે ન થાત; અને સાથોસાથ બીજા સવાલો પણ ઉકેલી શકાત.

કેળવણીની માફક બેકારી નિવારણ-ધાર્મિક અભ્યાસ અને વ્યાયામ પ્રચારના પ્રશ્નો એ સમાજ સામે ડોકીયાં કરી રહેલ છે. સમાજમાં એ પ્રશ્નો પરત્વે ભાગ્યે જ વિચારભેદ જેવું છે. જેમ જેમ જ્ઞાન રવિના કિરણો વિશેષ પ્રમાણમાં ફેલાતા જશે તેમ તેમ અજ્ઞાનતા ને વહેમ નષ્ટ થવાના. ધર્મનો પ્રભાવ કે સમાજનો ઉત્કર્ષ જ્ઞાન પ્રાપ્તિ અને એની વૃદ્ધિ વિના નથી થવાનો અમને તો લાગે છે કે કોન્ફરન્સ હસ્તક દરેક મોટા શહેરોમાં એવી સમિતિઓ સ્થપાયેલી હોય કે જેઓ વર્ષ દરમ્યાન નિયમિત રીતે કામ કર્યે જતી હોય. સ્થાનિક સવાલોમાં જે રચનાત્મક જણાતા હોય તે લેવાની એને છુટ હોય અને બાકી તો મધ્યસ્થ ઓફિસ તરફથી નિયત થતાં કાર્યોનો અમલ કરવાનો હોય. અગાઉનાં એક લેખમાં દર્શાવેલ રચનાત્મક કાર્યક્રમમાં આ સવાલોનો ઉમેરો કરી શકાય. ટુંકમાં કહીયે તો આપણી સમિતિઓ-બંધારણ પૂર્વક કાર્ય કરતી થાય- એટલે એની મારફતેજ શ્રી મહાવીર જયંતિની ઉજવણી, સુકૃત ભંડાર ફાળાની ઉઘરાણી, એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરિક્ષામાં દોરવણી અને કેળવણી પ્રચાર માટેનો પ્રબંધ થાય. એની દ્વારાજ વ્યાયામશાળાઓ ઉઘડે અને બેકારી ટાળવાના માર્ગો પણ એની દ્વારાજ નિયત થાય.

અલબત આ સારૂ મધ્યસ્થ ઓફિસ હસ્તક મોટું ફંડ હોવું જોઇએ. એને સખી ગ્રહસ્થોનો સારા પ્રમાણમાં સહકાર હોવો જોઇએ. એની મારફતે કામ લેવામાં અને એની મારફતે ધન ખર્ચવામાં ગૌરવ સમાયેલું છે એવું સૌ કોઈને ભાન થવું જોઇએ.

એ જાતની પ્રતિષ્ઠા સંપાદન કરવા માટે વર્તમાન કાર્યકરોએ કટિબદ્ધ થવાની જરૂર છે. એક જ ધ્યેય પાછળ મંડવું ઘટે છે. સમાજનો વિશાળ સમુદાય રચનાત્મક-પ્રવૃત્તિઓનો ચાહક છે, ખંડનાત્મક પ્રવૃત્તિઓથી એને સખત થાક ચઢયો છે. વાડા-તડા અને કુંડાળાથી તે ધરાઇ ગયો છે. જે કાર્યોથી એવા વાડા વધતા હોય તેની એને ભૂખ નથી. ઘણી વાર પંડિત જવાહરલાલજીએ પોકાર્યું છે તેમ આજે એનો મુખ્ય સવાલ રોટીનો છે. સરલતાથી જીવન નિર્વાહ કરવાનો છે. કલહ વૃત્તિથી કે ધર્મના નામે ઝઘડવાથી એનો શુકરવાર વળે તેમ નથી. સુધારાના ઝંઝાવાતમાં ફસાઇ, માત્ર સિદ્ધાંતના નામે અલગ ચોકા કરવા એને પોષાય તેમ નથી.

( અનુસંધાન પૃષ્ટ ૮ ઉપર જુઓ )

# નોંધ અને ચર્ચા.

## ધનનો પ્રવાહ કઈ દિશામાં !

નિતિકારોના કથન પ્રમાણે પૈસાની ત્રણ અવસ્થા નિશ્ચિત છે. દાન-ભોગ અને નાશ. લક્ષ્મી ચંચળ મનાય છે, એ જોતાં જો તે દાન કે ભોગમાં નથી વપરાતી તો અવશ્ય કોઇને કોઇ નિમિત્તે નષ્ટ થઈ જાય છે એ અનુભવનો વિષય છે. એટલેજ પ્રથમ બે માર્ગોએ ધન ખરચાતું દ્રષ્ટિગોચર થાય છે. એમાં પણ 'દાન' નો માર્ગ પરમાર્થ દ્રષ્ટિનો હોઈ શ્રેષ્ઠ છે ધન પરનો મોહ ઉતરવો એ રહેલી વસ્તુ નથી. આમ છતાં જેમના હૃદયમાં ધર્મની ઉંડી જડ પેઠેલી હોય છે, વિશ્વના પદાર્થોની નશ્વરતા જડાયેલી હોય છે, પરોપકાર વૃત્તિ બળવત્તર બની હોય છે, સેવાની લગની લાગી હોય છે અથવા તો હાથે તે સાથે જેવી ઉક્તિ રગે રગમાં પ્રસરી ગઈ હોય છે તેમના જ હાથે સહસ્રો ને લાખોના દાન થાય છે. ભલે પછી એ ધર્મના કાર્યોમાં હોય કે સમાજના દુઃખો નિવારવાના ખાતાઓમાં હોય. ભોગ કરતાં એની ભૂમિકા નિઃસંદેહ અતિ ઘણી ઉચ્ચત્તર છે, એમાં કોઈ પણ ના નજ પાડી શકે. ભલે પછી એ કાર્યોમાં એક નજર "પાણી' જુએ કે 'ધુમાડો' ભાળે. સાથોસાથ બીજી નજર એમાં 'ધર્મ' કે 'પુન્ય' નિહાળે, એ વાત ભુલવાની નથી જ, એ વિષય શ્રદ્ધાનો છે. જૈન સમાજની વાત લઇએ તો દરેક ખાતામાં ખરચાયેલું મોટા ભાગનુ ધન ખાસ કરીને વેપારી આલમના ફાળે જાય છે એટલું જ નહિ પણ ખરચનારનો મોટો સમૂહ પોતે શેમાં ખરચે છે એ જાણવા કરતાં, પોતાને અમૂક ગુરૂદેવે કહ્યું કે આ કરવા જેવું છે માટે કરવુંજ એ નિયમે વર્તેલ છે. ગુરૂદેવના વચનમાં અટલ શ્રદ્ધાનો એ નમૂનો છે. ઉછળતા જુવાનો જેમને 'ઇલીટરેટ' કે 'દ્રામના ઉતરી ગયેલા ઘોડાઓ' ની ઉપમા આપવા સુધીની હદ ઓળંગી જાય છે તેમની જ કમાણીના ધનથી મોટા ભાગની સંસ્થાઓ સર્જાઇ છે શિક્ષિતોનો ફાળો અવશ્ય છે પણ પ્રમાણમાં ઓછો. એમનું ઘણું ખરૂં ધન ચાલુ કાળની સગવડતામાં ખરચાઇ જતું હોવાથી ક્યાંતો બચત ઓછી રહે છે કિંવા પોતે તન-મનની મદદ આપે છે એવા સંતોષથી ધનનો આંક મૂકતા વિચાર કરે છે! આજે પણ ધન ખરચાય છે છતાં યુવક ગણ માંગે છે તે રસ્તે નહીં જ! પણ કારણ ઉઘાડું છે. ખરચનારને અને ખરચાવનારને યુવકોના ચીંધેલા માર્ગમાં આસ્થા નથી અને જેમને છે કિંવા જેઓ પ્રશંસા દાખવે છે તેઓ ધન પરનો મોહ વેપારી જેવી સરળતાથી ત્યજી શકતા નથી. આ નિતરૂં સત્ય છે, તેથી જ પ્રવાહની દિશા ચાલુ સમયને અનુકૂળ રાહે વાળવી હોય તો વાણીના પ્રહાર ને કલમના બાણ રહેજી દઇ, કિનારે ઉભી પથરા ફેંકવાનું માંડી વાળી, નિષેધાત્મક શૈલી પડતી મૂકી, એ વર્ગ સુધી પહોંચી જવાની અગત્ય છે. તેમની અસ્ત પામતી આશા સતેજ કરવાની જરૂર છે. પરસ્પર વાર્તાલાપ કરી, વિવેકબુદ્ધિથી ચાલુ કાળની આવશ્યકતા ગળે ઉતારવી ઘટે છે, તોજ પ્રવાહ યોગ્ય દિશામાં વહેશે

## ઢાલની બીજી બાજુ

ઉગતા તરૂણોને કદંબગીરિમાં તેમજ પાલીતાણાના આગમ ને સાહિત્ય મંદિર પાછળ ખરચાતુ ધન આવા બેકારીના સમયમાં વેડફાઇ જતું જણાય છે. એટલે તેમાંના કેટલાક છાપાના કોલમોમાં મનગમતી હાય વરાળ! કહાડે છે!

બેકારીની નાગચૂડ અને એમાં ફસાયેલાના આજે સ્વર કદી પણ વીસરી શકાય તેમ નથી જ. છતાંએ સાથે ભુલવું જોઇતું નથી કે એજ બેકારીના કાળમાં લગ્નના સમારંભો-નાટક-સીનેમાના વધી પડેલા વ્યસનો સંગીતના જલસા અને ટુંકમાં કહીયે તો ચાલુ સમયની ફેશનના નામે ઓળખાતી કપડાંને ટાપટીપને લગતી સર્વ આદતો ચાલુ છે એટલું જ નહિ પણ ચેપી રોગની માફક વૃદ્ધિ પામતી જાય છે. બેકારીની બીક લેનારા પોતાના દૈનિક વહેવારમાં ડોકીયું કરશે તો એ સહજ જણાશે. બેકારોની દયા ચિંતવવી એ જુદી જ વસ્તુ છે અને એમને રાહત આપવા કંઈ કરી છુટવું એ જુદી વાત છે. કેવળ ઢાલની એક બાજુ જોવાથી કાર્ય સરતું નથી, ઉલ્ટું સમાજમાં વિક્ષેપ વધે છે. સાધુના સામે અર્થહીન ચેડા કઢાડવાથી શ્રદ્ધાશીળોના અંતર ચીરાય છે. તેવાઓનો સહકાર ગુમાવવાનો સમય આવે છે. એક સાદો સિદ્ધાંત છે કે તરૂણને, પોતે જે માર્ગ ઇષ્ટ માને તેમાં પોતાનો પૈસો ખરચવાનો હક્ક છે, તો પછી ધનિકને એ હક્ક હોય તે સામે વાંધો લેવાનું પ્રયોજન શું? શ્રદ્ધાહીનની નજરે જે 'પહાણો' દેખાય તે શ્રદ્ધાવંતની દ્રષ્ટિમાં 'મૂર્તિ' હોય ઉપાસનાનો પદાર્થ હોય છે. કેવળ સર્વત્ર જો બેકારીના જ રોદણા રડવાના હોય તો માત્ર ઉપર વર્ણવ્યા મંદિરોજ નહીં પણ મહાસભાના અધિવેશનો-ભિન્ન ભિન્ન પરિષદો પાછળના સમારંભો અને એવા બીજા અનેક ખરચોને ધુમાડાની કોટિમાં લઇ જવા પડશે જરા દ્રષ્ટિને વિશાળ કરીએ તો જેમ હરિપુરાના સમારંભમાં દેશની વસ્તુઓને ઉત્તેજન મળ્યું ને કારીગરોને કામ મળ્યું, તેમ ઉક્ત સ્થાનોના નિર્માણમાં એજ સ્થિતિ પ્રવર્તે છે. અલબત જૈન સમાજના ભુખ્યા બાળકોને એમાંથી રાતી પાઇ નહી મળે! છતાં એ પણ દીવા જેવી વાત છે કે જેમના ખીસામાં ધન છે તેઓ જ કંઇને કંઈ પ્રકારે ખરચી શકશે, તેઓને ખરચ ના કરવાની લગામ તરૂણોના હાથમાં નથી જ. તરૂણો માટે આજે છાપ એવી છે કે તેઓ ધર્મમાંથી ચળી ગયા છે દેવ ગુરૂમાં તેમને શ્રદ્ધા નથી. આ છાપ સાવ ખોટી છે એમ નહીં જ કહી શકાય. એ છાપ ફેરવીને. લગામધારીનો વિવેક જાળવીને, દેશ-કાળની પરિસ્થિતિનું સાચું ચિત્ર રજુ થાય પ્રેમભાવે ગળે ઉતારાય તો જૈન સમાજની બેકારીનું નિદાન સહજ છે. તરૂણ બંધુઓને કદાચ આ લખાણ કડવી ગોળીરૂપ લાગશે; છતાં ઢાલની બીજી બાજુ પણ જોવાની જરૂર ખરીજને?

## જૈન કોલેજનુ ઉદ્ઘાટન અને અર્ધશતાબ્દિ મહોત્સવ—

અંબાલામાં જૈન કોલેજનું ઉદ્ઘાટન શેઠ કસ્તુરભાઇ લાલભાઇને હાથે થયું એ આનંદનો પ્રસંગ લેખાય ચાલુ યુગની એક એ જરૂરીઆત હતી. વ્યવહારિક જ્ઞાનમાં-હુન્નર ઉદ્યોગની સર્વ કળાઓમાં જૈન સમાજ ઇતર સમાજોથી પાછળ ન રહે એ અભિલાષા તો ખરી જ પણ સાથોસાથ અનેકાંત જેવા સર્વ શ્રેષ્ઠ દર્શનના ઉદાર તત્વોના ઉંડા જ્ઞાનથી જૈન સંતાન વંચિત ન રહેવો જોઇએ એ ભાવના પણ એ પાછળ લોખંડના ટાંકણે કોતરાએલી છે. વિદ્યાર્થી કોલેજમાં ગયો કે એ ધર્મથી પર બની ગયો કિંવા આસ્તિક મટી નાસ્તિક થઈ ગયો એવું ચિત્ર ઘણું ખરૂં દ્રષ્ટિગોચર થાય છે તે આ જાતની

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ કેળવણી પ્રચાર સમિતિની એક સભા સોમવાર તા૦ ૨૦-૬-૩૮ ના રોજ ચોપાટી ઉપર શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆના નિવાસ સ્થાને શેઠ **જમનાદાસ અમરચંદ ગાંધીના** પ્રમુખપણા હેઠળ મળી હતી. સમિતિની સભામાં અગાઉ જાહેર કરવામાં આવેલ સ્થાનિક સમિતિઓને રૂા૦ ૩૭૫૧ ની મદદ ઉપરાંત **મોરબી** અને **મહુવાની** સમિતિઓને અનુક્રમે રૂા૦ **૧૫૦)** અને રૂા૦ **૬૦૦)** ની મદદ મંજુર કરવામાં આવી હતી. તદુપરાંત **ખંભાતની** સ્થાનિક સમિતિને **રૂા૦ ૧૦૦)** ની વધુ મદદ મંજુર કરવમાં આવ્યા બાદ **અમદાવાદમાં** નિમાયેલી નવી સ્થાનિક સમિતિના મંત્રીઓ તરફનો પત્ર, ફૅાર્મ વિગેરે રજુ થતાં તે સમિતિને રૂા૦ **૫૦૦)** ની એક વર્ષ માટે મદદ મંજુર કરી હતી. આ રીતે કેન્દ્રસ્થ સમિતિએ અત્યાર પર્યન્ત **કુલ રૂા૦ ૫૧૫૧)** ની જૂદી જૂદી સ્થળની સ્થાનિક કેળવણી પ્રચાર સમિતિઓને મદદ મંજુર કરી છે.

પાલણપુર તથા પાલેજમાં સ્થાનિક સમિતિઓ નીમવામાં આવી છે અનેક સ્થળોની સ્થાનિક સમિતિઓ દ્વારા વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકો, સ્કૂલ ફી અને છાત્રવૃત્તિઓ આપવાની શરૂઆત કરવામાં આવી છે.

**પરમાનંદ કુંવરજી કાપડીઆ.**
**મણીલાલ મોકમચંદ શાહ.**
મંત્રીઓ, કૅાન્ફરન્સ કેળવણી પ્રચાર કેંદ્રસ્થ સમિતિ.

કૅાન્ફરન્સની પ્રાથમિક, મેટ્રિક પર્યન્તની માધ્યમિક અને ઔદ્યોગિક કેળવણી પ્રચારની યોજનાને અનુસરી અત્યાર પર્યન્ત નીચેના સ્થળે સ્થાનિક કેળવણી પ્રચાર સમિતિઓ નીમાઇ છે.

| નંબર. | સ્થળ. | મંત્રીઓ. | કેન્દ્રસ્થ સમિતિએ એક વર્ષ માટે મંજુર કરેલી મદદ. |
|---|---|---|---|
| ૧ | **મુંબઈ** | શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન<br>શ્રી કેશરીચંદ જેસંગલાલ શાહ | રૂા. ૧૦૦૦) |
| ૨ | **અમદાવાદ** | શ્રી સારાભાઇ મોહનલાલ વકીલ<br>શ્રી કાંતિલાલ મગનલાલ શાહ | રૂા. ૫૦૦) |
| ૩ | **વડોદરા** | શ્રી નાગકુમાર નાથાભાઇ મકાતી બી. એ. એલએલ. બી. | રૂા. ૨૫૦) |
| ૪ | **સુરત** | શ્રી ઉજમશી ત્રિભોવન શાહ વકીલ | રૂા. ૫૦૦) |
| ૫ | **વઢવાણ કેમ્પ** | શ્રી ફીરચંદ શિવલાલ કોઠારી | રૂા. ૧૫૧) |
| ૬ | **આમોદ** | શ્રી ડૅા. કેશવજી ગુલાબચંદ શાહ | રૂા. ૨૫૦) |
| ૭ | **બોરસદ** | શ્રી વાડીલાલ મોતીલાલ શાહ | રૂા. ૪૫૦) |
| ૮ | **મોરબી** | શ્રી જમનાદાસ કાશીદાસ શાહ | રૂા. ૧૫૦) |
| ૯ | **ખંભાત** | શ્રી સકરાભાઇ અમરચંદ કાપડીઆ<br>શ્રી રતિલાલ બી. શાહ | રૂા. ૩૫૦) |
| ૧૦ | **રાજકોટ** | ડો. વીરચંદ લવચંદ દોશી<br>શ્રી લક્ષ્મીચંદ ડાહ્યાભાઈ સંઘવી | રૂા. ૧૦૦) |
| ૧૧ | **વઢવાણ શહેર** | શ્રી રતિલાલ વર્દ્ધમાન શાહ | રૂા. ૧૦૦) |
| ૧૨ | **ગોધાવી** | શ્રી શાંતિલાલ મણીલાલ શાહ | રૂા. ૧૫૦) |
| ૧૩ | **બારશી** | શ્રી નારાણજી નરશી શાહ | રૂા. ૬૦૦) |
| ૧૪ | **મહુવા** | શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતા | રૂા. ૬૦૦) |
| | | | ૫૧૫૧) |
| ૧૫ | **પાલણપુર** | શ્રી હીરાલાલ કેવલદાસ શાહ બી. એ. એલએલ. બી. | |
| ૧૬ | **પાલેજ** | શ્રી ચિમનલાલ છોટાલાલ શાહ | |
| ૧૭ | **ઉમેદપુર** | શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા, એમ. એ. | |
| ૧૮ | **શિહોર** | શ્રી પ્રેમચંદ મોતીચંદ વકીલ | |
| ૧૯ | **દહેણું** | શ્રી ચંપાલાલ કેશરીમલ બાફણા | |
| ૨૦ | **ગોળવડ** | શ્રી પૃથ્વીરાજ કસ્તુરચંદ | |
| ૨૧ | **વાપી** | શ્રી ધનરાજ ખીમચંદજી | |
| ૨૨ | **મિયાગામ-કરજણ** | શ્રી ઝવેરચંદ નેમચંદ શેઠ | |
| ૨૩ | **જામનગર** | શ્રી બાલચંદ હીરાલાલ લાલન<br>શ્રી છગનલાલ આણંદજી | |
| ૨૪ | **ધોરાજી** | શ્રી જાદવજી રવજી શાહ | |
| ૨૫ | **પોરબંદર** | શ્રી હીરાચંદ વસનજી કોઠારી | |

અન્ય સ્થળોના બંધુઓ પણ પોતાને ત્યાં યોજનાનુસાર સ્થાનિક સમિતિઓ નીમી કેળવણી પ્રચારના કાર્યને વેગ આપે એવી આગ્રહ પૂર્વક વિનંતિ છે.

---

સંસ્થા ચલાવ્યાથી અદ્રશ્ય થઇ જશે એમ માનવું વધુ પડતું તો નથી જ. આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિજીની એ મનોકામના. એને ફળવતી કરવાની ફરજ અંબાલાના શીરે રહે છે.

કેટલાક આજે મહોત્સવોમાં નામનાનો મોહ જુએ છે. પૂર્વે આવું નહોતું એમ કહે છે. છતાં એ ભૂલી જાય છે કે ભૂતકાળમાં અમુક નહોતું માટે વર્તમાનકાળે એ નજ થવું ઘટે એમ કહેવું એ દેશ-કાળ પ્રતિ દુર્લક્ષ્ય કરવા જેવું છે. માનવ સ્વભાવ નવિનતાનો ચાહક છે, પૂર્વકાળના જેવા નિસ્પૃહી સંતો આજે જવલ્લેજ દેખાય છે! વળી પૂર્વકાળમાં સૌ કોઇ નિસ્પૃહી હતા એવું પણ નથી. દેશમાં આજે જીવતા નેતાઓના કાર્યોની પ્રશંસા થતી હોય, વર્ષોની વૃદ્ધિઓથી જ્યુબીલીઓ ઉજવાતી હોય તો એજ ધોરણે ધર્મના ઉપદેષ્ટાઓના સુંદર કાર્યોના વ્યાજબી ગુણગાન થાય એમાં હરકત જેવું પણ શું? સૌ કોઇને "માન" મીઠું લાગે છે, પછી ચાહે તો તે સાધુ હોય કે ગૃહસ્થ હોય. આજના યુગના ચિન્હો-છાપામાં ફોટા કે મેળાવડામાં પ્રશંસાના ઉદ્ગારો-દ્વારા એની વિશેષ જાહેરાત થાય છે. ભક્તોના દિલ એથી રાજી થાય છે. એથી દૂર વસનાર ઘણાના જાણવામાં આવે છે. એટલી સાવચેતી રાખવાની ખરી કે જે એને યોગ્ય હોય તેને જ માટે એવી ઉજવણી સંભવે. વળી એમાં છતા ગુણોની પ્રશંસા થાય તો ઇષ્ટ, બાકી પદવીઓ કે વિશેષણોની હારમાળા માફક એમાં પણ સંભાર ભરાય તો એની કિંમત કોડીની જ. વળી એવા માનસન્માનમાંજ રાચી રહી જે વ્યક્તિ સ્વફરજ ભુલે તેની સમજશક્તિ ઉંડી નજ કલ્પી શકાય. એ કાર્યોની મર્યાદા સામાન્ય વહેવારરૂપ લેખાય, એને બહુ મહત્વ નજ શોભે.

# આપણું ભાવી જ્ઞાન મંદિર

યાને

## કૉન્ફરન્સ લાયબ્રેરી.

( લખનાર:—ઝવેરી મુલચંદ આશારામ વૈરાટી )

( ગતાંકથી ચાલુ )

અહીં આપણે ગુજરાતના સેવાભાવી પુરૂષોએ કરેલી નાની નાની પ્રવૃત્તિ દ્વારાએ જ્ઞાનનો કેવો પ્રચાર થયો છે, તે તરફ એક આછી નજર નાંખી જઇએ.

ઇ૦ સ૦ ૧૯૧૬–૧૭ માં ઇંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિકે, ગુજરાતના ૮૦ ગામડાઓમાં ગોખલે વાંચનાલયો સ્થાપ્યાં, અને જે ગામ રૂા. ૧૫) મોકલી આપે તેને રૂા. ૩૦) ના પુસ્તકો અને વર્તમાનપત્રો મોકલવાની વ્યવસ્થા કરી.

ઇ૦ સ૦ ૧૯૧૮–૧૯ માં મુંબાઇની હોમ રૂલ લીગ દ્વારા, યાજ્ઞીક અને જમનાદાસ મહેતાએ મળી, એજ રીતે જે ગામ રૂા. ૨૫) મોકલી આપે તેને રૂા. ૫૦) ના પુસ્તકો અને એક કબાટ મોકલવાની વ્યવસ્થા કરી.

ઈ. સ. ૧૯૧૬ માં આણંદમાં ચરોતર એજ્યુકેશન સોસાઇટીએ પણ રૂા. ૧૦) મોકલનાર ગામને રૂા. ૨૦) ના વર્તમાનપત્રો અને પાછળથી રૂા. ૧૫) મોકલનારને રૂા. ૨૦) ના વર્તમાનપત્રો અને રૂા. ૧૦) ના પુસ્તકો મોકલવાની વ્યવસ્થા કરી.

એજ પદ્ધતીએ મુંબઇના સ્વ. સોલીસીટર નટવરલાલ મા. દેશાઇએ પણ એક ફંડ કરી સોએક ગામડાને પુસ્તકો પહોંચાડવાનું કામ ઉપાડયું. સ્વ દાદાભાઇ નવરોજજીની યાદગીરી જાળવવા ઇ૦ સ૦ ૧૯૨૭ માં ખેડા જીલ્લામાં વિલાસના તંત્રીના પ્રયાસથી ૩૫ વાંચનાલયો શરૂ થયાં.

ઇ૦ સ૦ ૧૯૨૮ માં વૈકુંઠરાય ઠાકોરે પોતાના પુત્રની યાદગીરી માટે ગુજરાત વર્નાકયુલર સોસાઇટીને સોંપેલી રકમમાંથી પ્રિયવંદા–ઠાકોર વાંચનાલયો શરૂ થયાં જે ગામમાં ૧૦૦૦ માણસોની વસ્તી હોય અને શાળા હોય પણ લાયબ્રેરી ન હોય તેને ચરોતર એજ્યુકેશન સોસાઇટીની પદ્ધતિએ પુસ્તકો અને વર્તમાન પત્રો આપવાનું શરૂ કર્યું. એ સીવાય અમદાવાદ મ્યુનીસીપાલીટીએ શાળાઓ માટે ફરતા પુસ્તકાલયો ચલાવવા માટે વાર્ષિક રૂા. ૩૦૦૦) આપવા મંજુર કર્યા. એ સિવાય સર પરસોતમદાસ ઠાકોરદાસની રૂા. ૧૦૦૦૦ ની સખાવત વડે સુરત જીલ્લાના બધા તાલુકાઓની નીશાળોમાં ફરતા પુસ્તકાલયો–કેળવણી ખાતાની દેખરેખ અને વહીવટ નીચે શરૂ કરવાની યોજના તૈયાર કરી. અને ૩ તાલુકાઓમાં અમલમાં પણ મુકાઇ. એ સિવાય કાઠીયાવાડમાં, ચરોતરવાળા શેઠ હરખચંદની મદદથી રાયચુરા જ્ઞાન વર્ધક વાંચનાલયોની પ્રવૃતી ચાલુ થઇ. અને આફ્રીકાવાળા શેઠ નાનજી કાલીદાસની મદદથી જામનગર–જુનાગઢ અને પોરબંદરમાં ફરતા પુસ્તકાલયો ચાલુ થયાં. એ સિવાય રાજકોટ રાજ્યે ગામડાઓને રૂા. ૧૦) દશના પુસ્તકો આપવાની યોજના કરી. અને ભાવનગર રાજ્યે તો ફરતા પુસ્તકાલયોની યોજનાને અમલમાં મુકવા. ઇ૦ સ૦ ૧૯૩૧ માં રૂા. ૧૦૦૦૦૦) એક લાખ મંજુર કર્યા. આ સિવાય ગુજરાતના એક સેવાભાવી પુરૂષે–સસ્તા સાહિત્યવર્ધક કાર્યાલયના પ્રકાશનોના–૧૧ સેટના ફરતા પુસ્તકાલયો, વડોદરા શહેરના હોસ્પીટાલના દર્દીઓ, તેના ૪ પ્રાંતો, ગુજરાતના પાંચે જીલ્લાઓ અને કાઠીયાવાડના ગામડાઓ સુધી પોચાડવાની વ્યવસ્થા કરી.

આ હકીકત વડે આપણે જાણી શકીશું કે આવી નાની નાની પ્રવૃત્તિ વડે પણ ગુજરાતની જ્ઞાન પ્રવૃત્તિનો કેવો વિકાસ સધાયો છે તેનો ખ્યાલ આપણને આવશે.

હવે આપણે વડોદરા રાજ્યની જ્ઞાન પ્રવૃત્તિ તરફ નજર નાંખીએ, કારણ આખાએ ભારતવર્ષમાં વડોદરા રાજ્યની જ્ઞાન પ્રવૃત્તિનો આધુનીક ઇતિહાસ અતિ ઉજવળ છે. એણે ભારતવર્ષનીજ નહી, પણ જગતની પુસ્તકાલય પ્રવૃત્તિમાં પોતાનું સ્થાન ઉપર રાખ્યું છે. મને લાગે છે કે લેખ લંબાણ થતો જાય છે–પણ આવી આદર્શ પ્રવૃત્તિનો પરિચય આપ્યા સિવાય જૈન પ્રજાને લાયબ્રેરી અને તેના વડે થતા લાભોનું જે મહત્વ હું સમજાવવા માંગું છું તે અધુરૂં રહી જશે એટલે હવે આપણે વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિનો ટુંકો ઇતીહાસ જોઇશું.

વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિના સંબંધમાં આજથી બારેક વરસ અગાઉ તા. ૨૬-૭-૨૬ ના એક પત્રમાં અમેરીકાના કાર્નેગી ટ્રસ્ટના સેક્રેટરી વડોદરા સેન્ટ્રલ લાયબ્રેરીના કયુરેટર ઉપર લખે છે કે—

**જુદી જુદી પરિસ્થિતિના ફરકના અંગે, અમુક છુટછાટ મુકયા પછી, મને એમ કહેવું ન્યાય યુકત લાગે છે કે તમે ઓછામાં ઓછી ગ્રેટબ્રીટન જેટલી પ્રગતિ તો કરી છેજ!**

મહારાજા સયાજીરાવ ગાયકવાડ કે જેમની તરૂણ અવસ્થાનું ઘડતર, સ્વ. રાજા સર ટી માધવરાવ જેવા સમર્થ રાજ્યનીતિજ્ઞ પુરૂષ અને મી. એફ. એ. એચ. ઇલીયટ જેવા વિદ્વાન શિક્ષાગુરૂના અનુભવી ભેજાંઓ વડે ઘડાયું છે. એ કાળે એમના જીવનમાં નંખાએલા ઉંચા સંસ્કારોની છાપ, એમના આખાએ જીવનમાં પથરાઇ છે. અને એના ફળરૂપે લક્ષ્મીવિલાસ પેલેસના સુંદર અને સંગીન પુસ્તકાલયની સ્થાપના થવા પામી હતી. કે જેની પ્રશંસા તો નામદાર શહેનશાહ પંચમ જ્યોર્જે કરી હતી. સંગીન વાંચન અને સદગુરૂના યોગે એમના જીવનમાં એવાં દૈવી તત્વોનું સીંચન થવા પામ્યું કે એમણે પોતાની પ્રજા માટે જ્ઞાન ઉપાસનાના અનેક સાધનો ઉભાં કર્યા. અને એમની ભાવના તો એવી પ્રકટ થઇ કે પ્રજા પોતાની સ્થુળ જરૂરીઆતોને પુરી પાડીનેજ અટકે નહીં પણ ઉચ્ચતર તત્વો તરફ એમનું જીવન ઘસડાય અને પ્રાચીન અને અર્વાચિન

મહાપુરૂષોના વિચારોનું વાંચન કરી જીવનને રસીલું-શુદ્ધ અને સમૃદ્ધ બનાવે!

જીવનની આ ઉંચી ભાવનાનો સચો પરિપાક તો એમની ઇ. સ ૧૯૦૮ અને ૧૯૧૦ ની અમેરીકાની મુલાકાતે ત્યાંની વિશાળ પાયા ઉપરની વ્યવસ્થીત રીતે ચાલતી સાર્વજનીક પુસ્તકાલય પ્રવૃત્તિના નિરીક્ષણ પછી થવા પામ્યો. ઇ. સ. ૧૯૦૮ ની મુલાકાતે પ્રથમ ફરતા પુસ્તકાલયોની રચના થવા પામી, અને ઇ. સ ૧૯૧૦ ની મુલાકાતે વડોદરા સેન્ટ્રલ લાયબ્રેરીની સ્થાપના થવા પામી, અને એમણે જોયું કે, ઉત્તમ બાગવાન સિવાય સુંદર બગીચાની રચના થવાની નથી એટલે એમણે અમેરીકાની જગવિખ્યાત, એલ યુનિવર્સિટીના પુસ્તકાલયના ગ્રંથમાળ, મી. વિલિયમ એ. બોર્ડનને વડોદરા બોલાવી આખીએ પુસ્તકાલય પ્રવૃત્તિનું સુકાન તેમના હાથમાં સોંપ્યું. પ્રથમ તો તેમને વડોદરા રાજ્યના જુના ખાનગી પુસ્તકાલયના વીશ હજાર પુસ્તકો અને ૧૬૦ સંસ્કૃત ગ્રંથો સુપ્રત થયા, એ સિવાય પ્રજાહિતાર્થે ચાલતા સયાજી પુસ્તકાલયના ૬૩૦ સંસ્કૃત અને ૩૩૦૦ મરાઠી, તથા ગુજરાતી ભાષાના પુસ્તકો સંપતરાવ ગાયકવાડ તરફથી સુપ્રત થયા અને વીકૂલ લાયબ્રેરીના ૩૦૦૦ પુસ્તકો પણ તેમને સોંપવામાં આવ્યા. એટલે સેન્ટ્રલ લાયબ્રેરી રચનાનું કામ શરૂ થયું. એમણે એક બાજુએ સેન્ટ્રલ લાયબ્રેરીની રચનાનું કામ શરૂ કર્યું, અને બીજી બાજુએ વડોદરા રાજ્યમાં સ્થળે સ્થળે સ્થાપવાના, મફત સાર્વજનીક પુસ્તકાલયોની યોજનાને તૈયાર કરી અને અમલમાં મુકી. તેમજ ફરતાં પુસ્તકાલયો અને દસ્યશિક્ષણની યોજનાને તૈયાર કરી તેને પણ અમલમાં મુકી. બીજી બાજુ ગ્રંથમાળા તૈયાર કરવા માટે આખાએ હિંદુસ્તાનમાં નહીં સ્થપાએલી એવી **પુસ્તકાલય શાસ્ત્રના શિક્ષણ** માટેની સ્કૂલ ઉઘાડી. અને મી કટર અને મી. ડયુઈની પદ્ધતિનું મીશ્રણ કરી બોર્ડન વર્ગીકરણ પદ્ધતીની રચના કરી. તેમણે વડોદરા લાયબ્રેરી કલબ સ્થાપી. લાયબ્રેરી મિશેલીની નામનું અંગ્રેજી મરાઠી અને ગુજરાતી ભાષાનું માસીક ચાલુ કર્યું. પુસ્તકો ગોઠવવા માટેના બોર્ડનટેક્ષ ( લોખંડી ઘોડા )ની રચના કરી. અને ત્રણ વરસના હિંદ નિવાસમાં તો તેણે આખાએ વડોદરા રાજ્યમાં પુસ્તકાલય પ્રવૃત્તિનો જુવાળ પાથરી. વડોદરા રાજ્યમાં એક નવો યુગ પ્રગટાવ્યો!

મી. બોર્ડનના ગયા પછી તેની જગ્યાએ રાજ મહેલના ગ્રંથપાળ, મી. જ. સ. કુડીલકરની નીમણુંક થઇ. તેમને યુરોપ અમેરીકા જઇ ત્યાંની વિશાળ પાયા ઉપર ચાલતી પુસ્તકાલય પ્રવૃત્તિનો અભ્યાસ કર્યો. અને લાયબ્રેરી રચનાનું કામ વ્યવસ્થિત રીતે આગળ ધપાવ્યું. ઇ૦ સ૦ ૧૯૨૧ માં તેમનું અવસાન થતાં, તેમની જગાએ-મી. ન્યુટન. મોહનદત્ત લાયબ્રેરીના કયુરેટર નીમાયા.

આ સેન્ટ્રલ લાયબ્રેરીની રચના મુખ્યત્વે બે વિભાગમાં વહેંચાએલી છે. ૧ પાટનગરની મુખ્ય સેંન્ટ્રલ લાયબ્રેરી અને તેના પેટા વિભાગોની રચના અને ૨ જા વિભાગમાં રાજ્યના કસ્બાઓ, પ્રાંતો અને ગામડાંઓમાં લાયબ્રેરીઓની રચના અને વ્યવસ્થાનું કામ થાય છે. એ સિવાય ૧ ભાગ, જે હાલ ઇ૦ સ૦ ૧૯૨૭ થી **ઓરીએન્ટલ ડીપાર્ટમેન્ટ**ના નામથી કામ કરે છે. તેને સેંન્ટ્રલ લાયબ્રેરીથી જુદો પાડવામાં આવ્યો છે. આ ખાતા પાસે સંસ્કૃત અને બીજી પ્રાચિન ભાષાઓના હસ્તલીખીત અને છાપેલા ૬૦૦૦ ગ્રંથો છે આ ખાતાંને નામદાર ગાયકવાડ સરકારે કરેલા દાનના વ્યાજમાંથી, "ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ" નામથી ચાલતી સીરીઝ મારફતે અત્યાર અગાઉ ઘણા પ્રાચીન અને કીમતી ૫૦ ઉપરાંત ગ્રંથો છપાઈ ચુક્યાં છે.

સેન્ટ્રલ લાયબ્રેરીમાં-મહિલા પુસ્તકાલય બાળ પુસ્તકાલય અને અધ્યયન વિભાગ કે જેમાં ૧૪૦૦૦ જેટલાં કીમતી પુસ્તકોનો સંગ્રહ છે. તે પણ લાયબ્રેરીના પેટા વિભાગ તરીકે ચાલુ છે.

આ પુસ્તકાલયમાંથી પુસ્તક મેળવવા માટે શહેરના ૧ પ્રતિષ્ઠીત ગ્રહસ્થની ઓળખાણ સિવાય બીજી કશી મુશ્કેલી પડતી નથી. ગમે તે માણસ ગમે તેવું પુસ્તક વાંચવા માટે મફત મેળવી શકે છે. આ પુસ્તકાલયના પુસ્તકોની આધુનીક કાર્ડ કેટલોગની પધ્ધતિએ ત્રણ રીતની યાદીયો તૈયાર હોય છે. ૧ વિષયવાર, ૨ નામવાર, ૩ કર્તાવાર પુસ્તકોની ગોઠવણ પણ આધુનીક ખુલ્લાં કબાટોની પધ્ધતિએ થએલી હોવાથી ગમે તે માણસ પોતાની પસંદગીનું પુસ્તક પસંદ કરી થોડી જ મીનીટમાં મેળવી શકે છે!

આખાએ રાજ્યમાં લાયબ્રેરી યુગ પ્રગટાવનાર સેન્ટ્રલ લાયબ્રેરીનો બીજો વિભાગ કે જેણે ઇ૦ સ૦ ૧૯૩૨ સુધીના ૨૨ વરસના પ્રયત્નમાં પ્રજાના ૬૦ ટકા ભાગને વાંચતો કર્યો છે. અને મફત વાંચન પૂરૂં પાડવાની સર્વ સામગ્રીઓ તૈયાર કરી છે. જેના પ્રયાસથી આજે વડોદરા રાજ્યના ૪૫ કસ્બા પુસ્તકાલયો, ૮૧૭ ગ્રામ્ય પુસ્તકાલયો, ૧૫૪ વાંચનાલયો, ૮ મહિલા પુસ્તકાલયો અને ૪ બાળ પુસ્તકાલયો મળી ૧૦૨૮ પુસ્તકાલયો ચાલુ કર્યાં છે. મહારાજા ગાયકવાડ સરકારની ઇચ્છા અને સુચના તો આ ખાતાને એવી છે કે, રાજ્યનું ૧ પણ ગામડું જ્યાં શાળા હોય તેવું લાયબ્રેરી વિનાનું રહેવું ન જોઇએ. એ સિવાય ૪૫ કસ્બાના, ૬૮ ગ્રામ્ય પુસ્તકાલયો, ૩ મહિલા પુસ્તકાલયો અને ૨ બાળ પુસ્તકાલયો મળી ૧૧૮ પુસ્તકાલયોએ તો પોતાના સ્વતંત્ર મકાનો નવી વ્યવસ્થા મુજબ બાંધ્યાં છે.

( અપૂર્ણ. )


## તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ
# જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂા. ૧૮-૮-૦ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | | રૂા ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—મુંબઇ, ૩

# સરાક જાતીનો પુરાતન ઇતિહાસ.

લેખક—
નાથાલાલ છગનલાલ શાહ.

લેખાંક ૩ જો.

બંન્ગાલમાં સરાક જાતીનો વસવાટ વર્તમાનમાં માનભૂમ, સિંહભૂમ, બાલાસર જિલ્લો, વર્ધમાન જિલ્લો, વીરભૂમ, બાંકુરા જિલ્લો, દરભંગા જિલ્લો, માલદા જિલ્લો, મયુરભંજ જિલ્લો, અને રાજશાહી જિલ્લામાં મળી આવે છે.

**માનભૂમ જિલ્લાનો ભૌગોલિક પરિચય.**

માનભૂમ એ છોટાનાગપુરનો પૂર્વીય ભાગ છે. ઉત્તરમાં હજારીબાગ અને સંથલ, પૂર્વમાં વર્ધમાન, બાંકુરા અને મીદનાપૂર, દક્ષિણમાં સિંહભૂમ જિલ્લો, અને પૂર્વમાં રાંચી અને હજારીબાગ આવેલ છે.

**નદીઓ.**

બરાકર, દામોદર અને સુવર્ણરેખા.

સરાક યાને શ્રાવકોની વસ્તી ૧૦૪૯૬.

(મી. કૂપલૈન્ડ–માનભૂમ ગેઝેટીઅર સન. ૧૯૧૧. પૃષ્ઠ. ૪૮.)

"Reference is made elsewhere to a peculiar people bearing the name of Sarak (veriously spelt) of whom the district still contains a considerable number. These people are obviously Jain by Origin and their own traditions as well as those of their neighbours the Bhumij, make them the descendents of a race which was in the district when the Bhumij arrived; their ancestors are also creditted with building the temples at Para, Chharra, Bhoram and other places in there pre-Bhumij days They are now, and are creditted with having always been, a peaceable race living on the best of the terms with the Bhumij."

માનભૂમ જિલ્લા ગેઝેટીઅર સન ૧૯૧૧ પૃષ્ઠ. ૫૧.

**માનભૂમ જિલ્લામાં જૈન અવશેષો.**

આ જિલ્લામાં નીચેના સ્થાનોમાં જૈન અવશેષોમાં મંદિરો, મૂર્તિઓ, શિલાલેખો તેમજ જૈન મંદિરોના ખંડીત પ્રાચીન શિલ્પકળામય અવશેષો મળી આવે છે

બલરામપુર, વીરમગઢ, દારિકા, છર્રા, ડલમાં[1] ડાલમી, કતરાસગઢ, પવનપુર, પાકબીર, પંચેત યા પાંચકોટ, પાર–પુરૂલીયા, ગોવીંદપુર, તેલકૂપી[2], દામોદર નદી અને પાકબીર.

૧ કનિંગહામ. આર્કિઓલોજિકલ સર્વે ઓફ ઇન્ડીયા રિપોર્ટ. વોલ્યુમ ૮. પૃષ્ટ. ૧૮૬.

૨ જર્નલ ઓફ ધી એશિયાટીક સોસાયટી બંગાલ ના. ૩૫ સન. ૧૮૬૮.

**નોટઃ**—માનભૂમ જિલ્લામાં જૈન મંદિરોનું સ્થાપત્ય ચૌદમી શતાબ્દિ સુધીમાં થએલ જે ઐતિહાસિક દ્રષ્ટીએ મળી શકે છે.

**માનભૂમ જિલ્લામાં વર્તમાનમાં—**
**સરાક જાતિના વસવાટવાળા સ્થાનો.**

| | | | | |
|---|---|---|---|---|
| નવાડીહ | રૂગડી | આગસીયા | દેવલડીહ | ચીપડી |
| નન્દુવાડા | આદરા | ખજરા | વેડો | વીલતોડા | 
| કુમેડ | કુમારી | કાસીવેડા | વેલોર | પરખતપુર |
| દેવગ્રામ | ઉારબન્ધા | મુહાબ | ઇંછાલ | કતરાસગઢ વી. |

માનભૂમ જિલ્લા માટે શોધખોળ ખાતાએ સન ૧૯૦૨ માં એન્યુઅલ રિપોર્ટ ઓફ ધી આર્કિઓલોજીકલ સર્વે બૅંગાલ સરકલ કલકત્તા નામના વોલ્યુમ પૃષ્ટ. ૧૩ થી ૧૪ માં નીચે મુજબ જણાવેલ છે.

(1) પાકબીર નામના સ્થાનમાંથી આદિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરની પુરાતન મૂર્તિઓ મળવા પામેલ છે.

(2) પાલમાં, અને મુરા નામના સ્થાનોમાંથી જૈન મંદિરોના અવશેષો મળવા પામેલ છે.

(3) આર્માં નામના સ્થાનેથી જૈન મંદિર ઉપરાંત પાર્શ્વનાથની મૂર્તિ મળી આવેલ છે

(4) મુરા નામના સ્થાનમાં જૈન મંદિર તેમજ મૂર્તિ આવેલ છે મૅન્યુમૅન્ટસ ઑફ બૅન્ગાલ સન ૧૮૯૫–૯૬ પૃષ્ટ. ૫૫૪–૫૬ દેઓલી અને સુપસા નામના ગામોમાંથી જૈન મંદિરના અવશેષો તેમ મૂર્તિઓ મળવા પામેલ છે.

**સિંહભૂમ જિલ્લો.**

સિંહપુર એ છોટા નાગપુરની દક્ષિણ–પૂર્વે આવેલ છે. પૂર્વમાં મિદનાપુર, દક્ષિણમાં મ્યુરભંજ, પશ્ચિમમાં ગંગપુર, રાંચી અને માનભૂમ આવેલ છે.

**સિંહભૂમ જિલ્લાના સરાક જાતીનો એતિહાસિક પરિચય.**

ઇ૦ સ૦ ૧૨૦૦ ની શતાબ્દિનાં એ તામ્રપત્ર વામનઘાટીથી મળી આવેલ, તેમાં જણાવેલ છે કે—મ્યુરભંજના ભંજવંશના રાજાઓએ ઘણા ગામો ભેટમાં આપેલ હતાં. આ વંશના શરૂઆતના સંસ્થાપક 'રાજા વીરભદ્ર" થઇ ગએલ જે કરોડ મનુષ્યના ગુરૂ હતા. (જર્નલ રોયલ એશિયાટિક સોસાયટી બંગાલ. સન ૧૮૭૧ પૃષ્ટ ૧૬૧ થી ૧૬૯ ) "તેઓ જૈનધર્મને માનનારા હતા. આ સ્થાન પર તાંબાની ખાણો આવેલ છે. જેનું કામ પુરાતન સમયના રહીશો કરે છે. આ લોક શ્રાવક છે. તેઓના પ્રાચીન ચીન્હ પર્વતો તેમજ ઘાટોમાં અને જંગલોમાં ઘણા પ્રમાણમાં મળી શકે છે. મેજર–ટીકલે જણાવેલ છે કે—સિંહભૂમ પ્રદેશ પુરાતન સમયથી શ્રાવકોના હાથમાં હતો, પરંતુ વર્તમાનમાં તે મૂજબ નથી. તેમના પૂર્વજોનો વસવાટ પુરાતન સમયમાં શિખરભૂમિ અને પાંચેત જિલ્લો હતો. (જર્નલ રોયલ એશિયાટીક સોસાયટી બંન્ગાલ ૧૮૪૦ પૃષ્ટ. ૬૯૬.)

કર્નલ ડેલ્ટને—બંન્ગાલ એથનોલૉજીમાં જણાવેલ છે કે—સિંહભૂમનો એક ભાગ એવા લોકોના હસ્ત હતો કે જેઓએ પોતાના પ્રાચીન સ્મારક માનભૂમ જિલ્લામાં સાચવી રાખેલ છે. એ પુરાતન સમયના રહેવાશીઓ છે. જેમને શ્રાવક કહે છે. કોહલનમાં ઘણા પ્રમાણમાં સરોવરો આવેલ છે તેઓને "શ્રાવક સરોવર" નામથી ઓળખવામા આવે છે.

( અનુસંધાન પૃ ૨ ઉપરથી )

આ સ્થિતિ બર લાવવા સારૂ સમાજના શ્રીમંતો-વિદ્વનો અને સેવાભાવીઓ સૌ કોઇનો હાર્દિક સહકાર આવશ્યક છે. થોડો સમય વિવાદાસ્પદ પ્રશ્નો અભરાઇએ ચઢાવી સૌએ હાથ મીલાવી સંગઠન મજબુત કરવાની અને દેશ-કાળ પ્રતિ મીટ માંડી આપણી આ મહાસભાને બળવતી બનાવવાની અગત્ય છે.

ઉપાધ્યાયજી મહારાજના મથાળે ટાંકેલ વચનો દ્રષ્ટિ સન્મુખ રાખવાના છે આત્માનો સર્વથી મોટો ગુણ માત્ર એક 'જ્ઞાન' જ છે, એ સત્ય અંતરથી જરાપણ વેગળુ મૂકવાનું નથી. એમાં વ્યવહારિક ને ધાર્મિક સૌ પ્રકારનું જ્ઞાન સમાય છે સાચી વિદ્યા તેજ છે કે જે મુક્તિ પ્રાપ્ત કરાવે તો પછી એવા જ્ઞાનને સંપાદન કરાવવામાં-એવી કેળવણી સુતરાં લાભી શકાય તેવા સાધનો સર્જવામાં અથવા તો એવી વિદ્યા વિહુણો એક પણ બાળક કે બાળિકા જૈન સમાજમાં ન રહે એવો ઉદારભાવ ધારણ કરવામાં અને એ પ્રકારની પરિસ્થિતિ સર્જવામાં તન-મન-ધનના ભોગો ધરવામાં જે પગલાં માંડે છે તે કલ્યાણકારી છે યાને પુન્યાર્જન કરે છે એમ શાસ્ત્ર વદે છે.

આવા મહત્ લાભથી વંચીત રહેવાનું ભાગ્યેજ કોઈ શક્તિશાળી ઇચ્છે ! બીજા ધનિકો શ્રીયુત્ કાન્તિભાઈનું અનુકરણ કરી આ યોજનાને કાયમી બનાવે એજ અભ્યર્થના.

---

જર્નલ ઓફ ધી રોયલ એશિયાટીક સોસાયટી બંન્ગાલ સન ૧૮૬૯ પૃષ્ટ. ૧૭૯ થી ૧૯૫ માં જણાવ્યા પ્રમાણે—

સારાક યા શ્રાવક પુરાતન સમયમાં જંગલોમાંથી મ્હોટા ખર્ચે તાંબાની ખાણો શોધી કાઢવા શક્તિમાન થયા હતા.

સિંહભૂમના સંબંધમાં બાંકીપુરથી એક લેખ "શિક્ષા" સન ૧૯૨૨ ના મે મહીનામાં બહાર પડેલ છે. તેમાં આ ભૂમિના જૈનોના સમ્બન્ધમાં નીચે મુજબ ઘટના જણાવેલ છે—

ઇ. સ. પૂર્વે આ સારાક=જૈન જાતીનો આ પ્રદેશમાં વસવાટ હતો. તેમાં પૂર્વ સિંહભૂમમાં વસનાર વધારે પ્રમાણમાં હતા જેને અહીંની વર્તનીઓ સેરાખ (સરાક) નામથી ઓળખાવે છે. તેમના પૂર્વજોએ આ પ્રદેશમાં બનાવેલ સરોવરો, તળાવો અને બાન્ધ પુષ્કળ પ્રમાણમાં જોવામાં આવી શકે છે. તેને લઇને અહીંની પ્રજાને તેમજ ખેતી કરનારાઓ ઉપર ઘણોજ ઉપકાર કરેલ છે. કેટલાક સ્થળોમાં પુરાતન સમયનાં ઈંટોના ખંડેર પણ મળી આવે છે. તેમના આચાર્યો (દેવો)ની ખંડીત મૂર્તિઓ આ સ્થળે અનેક જગ્યાએ જોવામાં આવે છે, તેમ ભૂમિના નીચે દટાએલ જે ખોદકામથી મળી આવે છે. જૈનોએ બનાવેલ જલાશયો અને મકાનોના પ્રાચીન ખંડેર નીહાલતાં દેશવાસીઓ તે માટે અભિમાન ધરાવે છે આ પરથી સ્હેજે જાણવામાં આવી શકે છે કે-જૈનો આ પ્રદેશમાં મહા સ્મૃદ્ધીશાળી હતા. તેમ તેઓ સ્વતંત્રાથી આ ભૂમિમાં વસતા હતા. શોધખોળ ખાતા તરફથી ખોદકામ થતાં આ સ્થળોમાં ઘડામાં ભરેલ રૂપીઆ, મહોરો અને જવાહીરના કીંમતી દાગીના વીગેરે મળી આવે છે

સિંહભૂમમાં આવેલ જૈન અવશેષોવાળા.

## જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓને
## શ્રી ફકીરચંદ પ્રેમચંદ રાયચંદ પ્રાઇઝ
### દરેક રૂા. ૪૦) નું.

સ્વ. શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા ફંડમાંથી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી એક સ્કોલરશિપ પ્રાઈઝ છેલ્લી મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં **સંસ્કૃત વિષયમાં** સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને તેમજ બીજી સ્કોલરશિપ **સુરતના રહેવાસી અને કુલે સૌથી વધારે માર્ક્સ** મેળવનાર જૈનને આપવામાં આવશે. આ સ્કોલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિ. વિદ્યાર્થીઓએ સેન્ટર, સીટ નંબર, માર્કસ વિગેરેની સર્વ જરૂરી વિગતો સાથે નીચેના સ્થળે તા. ૧૫ મી જુલાઇ ૧૯૩૮ સુધીમાં અરજી કરવી.

શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સ.<br>ગોડીજી બિલ્ડીંગ,<br>૨૦, પાયધુની, મુંબઇ.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ**<br>**કાંતિલાલ ઇશ્વરલાલ**<br>રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

---

### શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભા.
## શેઠ ભગુભાઇ ફતેહચંદ કારભારી સ્કોલરશિપ.

શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા તરફથી જૈન શ્વે૦ મૂર્તિ૦ વિદ્યાર્થીઓ જેઓએ છેલ્લા વર્ષની પ્રિવીઅસની પરીક્ષા પાસ કરી હોય અને કમર્શિયલ કોલેજમાં અભ્યાસ કરવા માંગતા હોય તેઓમાં સર્વથી ઉંચે નંબરે પાસ થનાર વિદ્યાર્થીને સ્વ૦ ભગુભાઈ ફતેહચંદ કારભારી સ્કોલરશિપ રૂા. ૮૦) એકશીની આપવાની છે. સ્કોલરશિપ લેવા ઇચ્છતા ઉમેદવાર વિદ્યાર્થીઓએ પોતાના પ્રિવીઅસની પરીક્ષાના માર્ક્સ વિગેરે જરૂરી વિગતો સાથેની અરજી સભાના મંત્રીઓ ઉપર શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા, દાભોલકરની વાડી, કાલબાદેવી રોડ, મુંબઇના સિરનાછે તા. ૧૫ જુલાઈ ૧૯૩૮ સુધીમાં મોકલી આપવી.

**રતિલાલ વાડીલાલ શાહ.**<br>**ચિમનલાલ વાડીલાલ શાહ.**<br>ઑનરરી સેક્રેટરીઓ.

---

## "યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી"
## તેરમો નિર્વાણ મહોત્સવ.

જેઠ વદ ૩ સવારે શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે પંન્યાસજી શ્રી પ્રિતીવિજયજી મહારાજના પ્રમુખપણા હેઠળ જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજ સાહેબનો તેરમો નિર્વાણ મહોત્સવ ઉજવવા એક જાહેર સભા મળી હતી. સભા બોલાવવાનો શું હેતુ છે? શા માટે ભેગા થયા છીએ તે બીના શ્રી. વાડીલાલ જેઠાલાલે સમજાવી હતી. વકતાઓમાં શ્રી. પાદરાકર, શ્રી. ગૌતમલાલ હતા. તેઓએ સૂરિજીના જીવનને લગતી બીનાઓ અસરકારક રીતે સમજાવી હતી. પ્રમુખશ્રીએ પ્રસંગોચિત વિવેચન કર્યું હતું.

---

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્ક્સ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યો શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. છુટક નકલ:—દોઢ આનો.

વર્ષ જુનું ૧૧ મું. નવું ૬ ઠું. | તારીખ ૧૬ મી જુલાઇ ૧૯૩૮. | અંક ૨૪ મો.

## એક વર્ષને અંતે.

જૈન યુગનો આ અંક આ વર્ષનો ૨૪ મો એટલે કે છેલ્લો અંક છે. અમારી સમિતિને જૈન યુગ પ્રસિદ્ધ કરવાનું કાર્ય શ્રી કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિએ સુપ્રત કરેલ અને તે મુજબ અમારી સમિતિએ ૨૪ અંક બહાર પાડ્યા છે. વર્ષને અંતે અમારે જણાવવું જોઇએ કે આ કાર્ય શરૂ કરતાં અમોને અનેક પ્રકારની આશંકાઓ થયા કરતી હતી, અમોને સોંપેલા કાર્યમાં અમો ઉત્તીર્ણ થશું કે કેમ? અમારી નૌકા પાર થશે કે કેમ? એના વિચારો થયા કરતા હતા, પરંતુ સ્નેહી લેખકોની લેખો દ્વારા મળેલી સહાયથી, તેમજ ખબરપત્રીઓની અને ખાસ કરી કૉન્ફરન્સ ઓફીસમાંથી મળતી રહેતી સામગ્રીથી અમારૂં કાર્ય સરળતાથી ચાલવા લાગ્યું. સાથે સાથે પ્રેસની (જો કે તેના માલીક જ સમિતિના ~~સભ્ય~~ હોવાથી વિશેષ લખવું ઠીક નથી) જે સુંદર સગવડ પ્રાપ્ત થઇ, તેથી અમારૂં કાર્ય નિર્વિઘ્ને ચાલ્યું, અને પત્રનો એકેએક અંક નિયમિત બહાર પાડી શકયા છીએ.

આ આખાએ વર્ષની લેખ સામગ્રીનું લીસ્ટ આ અંકના પૃષ્ટ ૮ થી ૧૦ ઉપર આપ્યું છે, તે ઉપરથી આપ જોઇ શકશો કે કૉન્ફરન્સની પ્રગતિને ખાસ મહત્વ આપવામાં આવ્યું છે. તે ઉપરાંત સામાજિક, કેળવણી વિષયક અને ધાર્મિક વિષયોને પણ સ્થાન આપવામાં આવ્યું છે. ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ વિષયોથી દૂર રહેવા ખાસ કાળજી રાખી છે. અમો બન્ને સભ્યો સાક્ષરો કે મહાન્ લેખકો હોવાનો દાવો કરતા નથી, જેથી અમોએ યથાશક્તિ સામગ્રી પીરસી છે, તેની સાથે લેખકો શ્રી. મોતીચંદ ગિ૦ કાપડીઆ, સોલીસીટર; શ્રી. રમણિક ધીઆ, શ્રી. નાથાલાલ છગનલાલ શાહ, શ્રી. ચીમનલાલ સંઘવી, શ્રી. સુંદરલાલ એ. કાપડીઆ, બી. એ. શ્રી. રાજપાલ મગનલાલ વ્હોરા તથા શ્રી. વાડીલાલ જેઠાલાલ તથા મુલચંદ આશારામ વૈરાટીએ લેખો અને ખબરો દ્વારા અમોને અવારનવાર સહાય આપી છે, અને અમોને સહકાર આપ્યો છે. તે બદલ તેમના આભારી છીએ. આપણા સમાજના વિદ્વાન લેખકો અન્ય સ્થળે લેખો આપે છે તેવીજ રીતે જો આ પત્રને પણ પોતાનું ગણી લેખો દ્વારા સહકાર આપે તો કોન્ફરન્સનું પત્ર આથી પણ વધારે સમૃદ્ધ બને. સમાજના જે લેખકોએ આ દિશામાં ઉદાસીનતા દાખવી છે, તેઓ જો મન પર લે તો કોન્ફરન્સની પ્રગતિમાં તેમનો ફાળો અમૂલ્ય થઇ પડે.

અંતમાં લેખક ભાઇઓનો પુનઃ એકવાર આભાર માની વિરમીએ છીએ.

લી૦ સેવકો,

**મોહનલાલ દીપચંદ ચોકસી.**

**મનસુખલાલ હીરાલાલ લાલન.**

સભ્યો જૈન યુગ સમિતિ.

**જૈન યુગ.**

તા૦ ૧૬-૭-૩૮. શનીવાર.

# બેકારીની ચૂડમાં.

બેકારી ! બેકારી !! બેકારી !!! એને લગતી રાડ એટલી તો જોરશોરથી કર્ણગોચર થાય છે કે ભાગ્યે જ કોઇ એનાથી અજાણ રહ્યું હશે. આમેય પરાધીન ભારતવર્ષમાં હુન્નર ઉદ્યોગ તો સાવ મૃતપ્રાયઃ થયા જેવા છે. વપરાશની વસ્તુઓનો મોટો ભાગ પરદેશથી આવે, એમાં વળી હાથ કારીગરી સામે સંચાની સખત હરિફાઇ હોય ત્યાં કમીના શી રહે ! હિંદ કુદરતી રીતે કાચામાલનો ઉત્પાદક દેશ હોવાથી અને છેલ્લા કેટલાક વર્ષોથી મહાત્મા ગાંધીજીની દીર્ઘ દર્શિતાએ સ્વદેશી ભાવના વધુ જાગ્રત કરેલી હોવાથી આટલોયે ધંધો જોવા મળે છે અને ગૃહ ઉદ્યોગો પુનઃ પગભર થવા માંડ્યા છે.

જયાં આ પરિસ્થિતિ હોય ત્યાં બેકારી મ્હોં ફાડી ડોકીયા કરેજ. એમાંયે જૈન સમાજની સ્થિતિ વધુ કઢંગી બનવા લાગી છે. પૂર્વની જાહોજલાલી સાથે, એ કાળના જૈનોના વ્યાપારી મોભા સાથે પ્રત્યેક બજારમાં અગ્રેસરપણા સાથે જયારે આજે તુલના કરવા માંડીયે છીએ ત્યારે કેવલ પીછેહઠ અને આંટ કે નેતાગીરિનું અધઃ પતન દ્રષ્ટિગોચર થાય છે આ નિરાશાના પ્રબળ ઝંઝાવાતે જ યુવાનોના-તરૂણોના-હૃદયને વલોવી નાંખવા માંડ્યા છે. ઘણા તો ભગ્નાશ બની ગયા છે ! એથી જ જયન્તિ જેવા મંગળ ટાણે બેકારીના પારાયણ ન છુટકે શ્રવણ કરવા પડે છે. એના દુઃખથી ભરેલા હૈયામાંથી વિષયની મર્યાદા ઓળંગી હાયવરાળ નિકળી જાય છે ! શ્રીમંત વર્ગને ઉદ્દેશી, પ્રચલિત ધન-વ્યયના માર્ગો નિહાળી, કેટલીકવાર વરાળનો ઉભરો અતિરેકમાં પરિણમી પરમાત્મા મહાવીર દેવે જે ક્ષેત્રોને આત્મકલ્યાણના સાધન સમા દાખવ્યા છે એ સામે પણ એ ઠલવાય છે. એમાં ભૂલજ થાય છે, પણ ભૂખની પીડા-કુટુંબની ચિંતા કે એ તરફનું એકધારૂં વળણ ભાગ્યેજ મગજની સમતોલતા જાળવી શકે છે. બેકારીનો રોગ ભયંકરમાં ભયંકર છે અને એ કરતાં વધુ ભયંકર આપણા જીવનના રાહ-કુલીનતાનો ખોટો મોહ-પરિશ્રમ કરવાની ઉત્સુકતાનો અભાવ, વહેવારના નામે દિવાળીયા ખરચાળપણુ અને અમર્યાદિત ખાનપાન ને પહેરવેશના ખરચા છે. ઇતર સમાજના મનુષ્યો સહ આપણા સમાજના માનવીઓનું જીવન સરખાવી જોવાથી ઉપરોક્ત વાતમાં રહેલ તથ્ય સમજાયા વગર નહીં જ રહે. એક કમાનાર પાછળ ખાનાર સંખ્યાનું વર્તુળ ! કોઇ ગૃહઉદ્યોગ જેવો સધિયારો પણ નહીં અને અધુરામાં પુરૂં નશિબપર હાથ રાખી દાવ મૂકવા જેવા વ્યવસાય; ત્યાં પેટના ખાડાની કરૂણ ધ્વનિ દિન પ્રતિદિન વૃદ્ધિ પામે તેમાં શી નવાઇ ! અલબત એક કાળ એવો હતો કે નવકારનો ગણનાર શ્રાવક ભૂખ્યો ન રહેવો જોઇએ એવી ભાવના પ્રવર્તતી હતી. પણ આજે નવકારની શ્રદ્ધાજ હાલી ઉઠી છે ! હેમચંદ્રસુરિના કથનને ઠોકરે મારવાની વાતો થાય છે. અર્પણ પર પેટ ભરવાની નજર ચોંટે છે. સમજ છતાં દંભ સેવાય છે ! દ્રવ્યનો ઉપભોગ કરવો છે, છતાં ધારા ધોરણને ઠોકર મારવી છે ! કોલેજમાં બાઇબલનો અવર ફરજયાત એટેન્ડ કરવામાં સ્વતંત્રતા હણાતી નથી, જયારે પ્રભુપુજન કે સામાયિક માટે સમય નથી મળતો ! એ ફરજીયાત હોય તો વ્યક્તિ સ્વાતંત્ર્ય માર્યું જાય છે ! આ સ્થિતિમાં પૂર્વકાળના શ્રીમંતો પાકે એ આશા અસ્થાને નથી ? કદાચ થોડા શ્રી હેમચંદ્રસૂરિના પગલે ચાલતા હશે તેમને પણ મૌન નહીં સેવવું પડે ? આ ટીકા નથી. વિચારણીય વાત છે. વર્તમાન યુગનું પ્રતિબિંબ છે. બેકારીનો પંજો પડયા છતાં આપણી શુદ્ધ કયાં ઠેકાણે આવી છે ? માની લઇએ કે યુવાનોના ઉપાલંભ શ્રીમંતો સુણે ઘડીભર ધારી લઇએ કે તીર્થો, દેવાલયો કે ઉદ્યાપનોમાં ખરચવાનુ ધન તેઓ બેકારી નિવારણ માટે ફાજલ પાડે શું એનાથી આ કાળમુખીનું ખપ્પર ભરાશે ખરૂં ? જયાં આવક કરતાં વ્યયના રસ્તા અતિ ઘણા છે ત્યાં શાલિભદ્ર શેઠ જેવાના રિદ્ધિ સ્વાહા થઇ જાય તો અન્ય ફંડની શી ગણુના ?

સાચા બેકારો તો અજ્ઞાત અવસ્થામાં પૂર્વ કર્મનો વાંક કહાડી, ગજા ઉપરાંતની મહેનત કરી, યેન કેન પ્રકારે પોતાનુ શકટ ચલાવે છે એમના જીવનદીપ અકાળે બુઝાય છે. બાકી ગર્જારવ કરનાર કે ઝટ નજરે પડનારમાંના કોઇના જીવનમાં જોશું તો હાથ પગ હલાવ્યા વિના બેકારીના નામે ધન મેળવવાનો ધંધો લઇ બેઠેલાનો વર્ગ જણાશે બેકારી છતાં ઝીણા વસ્ત્રોનો મોહ ન છુટે ! ખાદી તો ખરબચડી જણાય. નોકરી તો કરવીજ ન હોય. આવડત હોય તો હાડકાં કસવાજ ન હોય અને ન હોય તો એ મેળવવાની ઇચ્છા ન હોય. ખરચામાં ન્યૂનતા ન કરાય. ચાર પાંચ વાર 'ચા' જોઇએ જ. આવા વ્યસનો કે આવી ટેવો સાચો બેકાર નજ રાખી શકે. સાચો જૈન કામનો કાયર નજ હોય. ધુળમાંથી ધાન સર્જવાનુ તેનું ખમીર હોય. વીરનો પુત્ર કાયર નજ હોઇ શકે. કદાચ એને હાથ ધરવો પડે તોપણ કાયમ માટે તો નહીં જ. કેટલાક અનુભવના દાખલાઓ પરથી બેકારી પાછળની કાળી બાજુ રજુ કરવી પડી છે. ગમે ત્યાં દીનતા દાખવી, ઇધર ઉધરથી પાંચ દશ મેળવી લઇ સંસારનું ગાડુ ગબડાવવું અને એદી જીવન ગાળવું એ ઇષ્ટ નથી. ચલાવી લેવા જેવું પણ નથી. એટલે જ એ ચિત્ર સ્પષ્ટ કરવું પડયું છે.

બેકારી જરૂર છે. એ ટાળવી આવશ્યક પણ છે. શ્રીમંતોએ નજર કરવાની જરૂર છે. સાધુ સંતોના એ પ્રતિ ઉપદેશ હોવા ઘટે

એ બધું છતાં બેકારોએ અને એની વ્હારે ચઢનારાઓએ કેવા જીવન તરફ વળવાનું છે, કેવું વર્તન દાખવવાનું છે અને સ્વામીબંધુત્વની જુગજુની ભાવના પુનઃ પ્રગટાવવી હોય તો કેવા રાહથી કામ લેવાનું છે એ પણ શીખી લેવાનુ છે જ.

# નોંધ અને ચર્ચા

## એક બાહોશ નરનુ અકાળે અવસાન—

સેરીસા મુકામે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના અગ્રગણ્ય વહીવટદાર શેઠ સારાભાઇ ડાહ્યાભાઇનું મૃત્યુ એ ઓછો કરૂણ બનાવ નથી. તીર્થના કાર્યોમાં, જૈન સમાજને લગતા પ્રશ્નોમાં, શેઠ સારાભાઈની હાજરી અચુક હોય જ, એના ઉકેલમાં એમની બુદ્ધિપ્રભાના દર્શન જરૂર થાય જ. એ નરની બાહોસીના અને નાના મોટા સૌ તરફ આતિથ્યના, ગરિબો પ્રતિના ઔદાર્યના જે ગુંજનો પત્રની કોલમોમાંથી લબ્ધ થાય છે એ જોતાં એક આવા આગેવાનને અપઘાતના માર્ગે જવું પડે; અને જે સંસ્થાનું હિત એમને હૈયે હતું તેજ એમાં નિમિત્તભૂત બને એ ઓછું દુઃખકર નથી. સાથોસાથ એ ગુંચ ઉકેળવાની પણ એટલી જ આવશ્યકતા છે. આપણા ધર્માદા ખાતાના વહીવટ તંત્રો કયાં તો શાસ્ત્રકારના દોરેલા ચીલે ચલાવાય અગર તો દેશકાળની ચાલુ પધ્ધતિ પ્રમાણે રખાય તો આવો પ્રસંગ ન જ બનવા પામે. જરા પણ ચશ્મપોસીને સ્થાન ન હોય તો ભાગ્યેજ અધિકારી પણ હાથમાંની સત્તાનો દુરૂપયોગ કરવા લલચાય. નાનો સરખો પણ ગેરઉપયોગ નજરે ચઢે અને જો એ સામે કડક પગલું તુરત લેવાય તો આવું ગંભીર પરિણામ ન જ આવે.

તંત્ર ભલે નાનુ હોય કે મોટું હોય પણ જ્યાં એ ચલાવવાની જવાબદારી વહોરવામાં આવે ત્યારથી જ એ ખાતર સમયનો ખપ પૂરતો ભોગ આપવો જ પડે. એમાં પગલે પગલે પ્રામાણિકતાના દર્શન જ સંભવી શકે. એમાં ન્યૂનતા કે શરમાશરમી રજમાત્ર ન ચલાવી લેવાય. એવે પ્રસંગે કયાં તો રાજીનામું આપી છુટા થવું કયાંતો રાજીનામું માગી છુટા કરવાનો માર્ગજ વ્યવહારૂ લેખાય. ધર્માદા ખાતાનાં તંત્રો શેઠ સારાભાઈના પંચત્વથી ધડો લઈ યોગ્ય પદ્ધત્તિ આદરે તો એક અવલ સંભારણું નિવડે.

## સ્થિતિ ચુસ્તતા કે પરિવર્તન ?

સામસામી દિશામાં મોરચા બાંધતાં ઉપરના બે શબ્દો આજકાળ જુદા જુદા લખાણોમાં દ્રષ્ટિગોચર થાય છે. એ ભડકાવનારા ભૂતો પાછળ જૈન સમાજના કેટલાક વિચારક ભેજાઓની શક્તિનો હ્રાસ થતો જોઈ કેટલીક વાર માનવું પડે છે કે 'અતિ અભ્યાસનું એ અજીર્ણ થયેલ છે.' જૈન દર્શનના પ્રણેતા તરિકે તીર્થંકર દેવો છે. અને તેમના અંતેવાસી તરીકે પરંપરામાં ઉતરી આવેલ વિદ્વાન્ સંતોના હાથે જન્મ પામેલ રહસ્યપૂર્ણ ગ્રંથો આજે મોજુદ છે ત્યાં ઉપરોક્ત વાદોની આંટીઘુટીમાં અટવાવાની રજ માત્ર જરૂર નથી જ. પ્રભુ શ્રી મહાવીરની ત્રિપદી ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય-માં સર્વ કાંઇ આવી જાય છે. એનાથી બીજી કોઇ નવી ચીજ સંભવી શકતી જ નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ તરફ લક્ષ્ય આપી ઉચિત ફેરફારો કરવાની છુટ ગીતાર્થોને આપેલી છે. એ દીર્ઘ દર્શિતાના અચૂક પુરાવારૂપ છે. એથી મૂળ દ્રવ્ય કાયમ રાખી ઉચીત સુધારણા કરી શકાય છે. બાકી જેને મૂળજ ઉરાડી દેવું હોય કે અંતરનો ધખારો ઠાલવવો હોય તેને એમાંથી કંઇજ નહીં જડે. સુધારાના નામે કોઈ સુધારકને એવી તો લગની લાગી હોય છે કે એણે સર્વત્ર સ્થિતિ ચુસ્તતાજ દેખાયા કરે છે. થાળીમાં જમવા જેવી ઉત્તમ પ્રથાને ત્યજી એની નજર પાતર દડીયામાં ખુંચે છે! બટાટાના શાક વિના જૈનો દુબળા થયેલા દેખાય છે! અને રાત્રિભોજનનો પ્રતિબંધ સ્વતંત્રતા હરી લેતો દેખાય છે! કેમ જાણે ઉક્ત નિયમોમાં માનતી જૈન જનતા અત્યાર સુધી અંધારામાંજ આથડી ને એમ કરવાથી એનો સર્વ નાશ થઇ ગયો!

એવુંજ સ્થિતિચુસ્ત ભેજાને અત્યારની રાષ્ટ્રિય હીલચાલમાં રેંટીયા જેવા ઘરગથ્થુ ઉદ્યોગના પ્રચારમાં, ખાદી જેવી સાદી ને ટકાઉ ચીજના પરિધાનમાં, પાશ્ચિમાત્ય પ્રજાની–બ્રિટિશ પ્રજાની–રમતનો ભાસ થાય છે. એને મન જયંતિના મેળાવડા એટલે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર! અરે દુઃખ તો ત્યારે થાય છે કે સરાક જાતિના ઉદ્ધાર જેવા પવિત્ર કાર્યમાં પણ એ જુદા ચશ્માથી જુવે છે!

આ જાતના વિરૂદ્ધ બળો ભલે કોઈ નવી શોધનો લ્હાવો માણે. એના પ્રચારને જાણે કોઇ મોટા ઉદ્ધારની યોજના તરિકે લેખવે છતાં આમ જન સમૂહના મોટા ભાગની દષ્ટિયે કોડીનુયે મૂલ્ય નથી પામતા, એમાં આમ જનતાને સમય વ્યતીત કરવો પાલવે તેમ પણ નથી. ઉદાહરણ અને અનુકરણ માટે એની સામે વિપુળ સામગ્રી પડી છે. તેનો ઉપયોગ તે કાં ન કરે?

## પવિત્રતા કે દીપડાનો શોખ, કોણ બળવાન?

અહિંસાની સાચી લગની એ કોઇ જુદી વસ્તુ છે. એ વાત જૈનેતરો જાણે તે પૂર્વે જૈનોએ પોતે જાણી લેવાની જરૂર છે. શત્રુંજયગિરિ જેવા પવિત્ર પહાડ પર કેવળ શોખને ખાતર દીપડા માટે બકરા કે કુતરાના ભોગ રોજના થઇ પડે, છતાં જો જૈન સમાજનું રૂંવાડું ન ફરકે તો એમ કહેવું વધારે પડતું નથીજ કે કયાં તો અહિંસાની શક્તિ યથાર્થ સમજાઇ નથી, કિંવા એના પાલન ખાતર હોવું જોઇએ તેટલું ખમીર નથી. ઠાકોર સાહેબ એકાદ દિન અહિંસા પાળવાનો જાહેર કરે, તેથી રાચી માચી જનાર જૈન સમાજ આ બનાવ સામે હાયવરાળ દાખવવા જેટલી તૈયારી ન દાખવે એથી શું સમજવું! એક તરફ શત્રુંજયની આટલી સમૃદ્ધિ જાણે ઓછી હોય તેમ એને આંગણે હજુ લાખો ખરચવાના પ્લાન દોરાય છે. પાયા મંડાય છે. એ પરના ચણતર આરંભાઇ ગયા છે!!

બીજી તરફ ઠાકોર સાહેબ અને જૈન સમાજ વચ્ચેના કરારનામામાં સુચવાયેલા કેટલાયે પ્રશ્નો અધુરા છે. વર્ષોથી સાઠ હજાર અપાતા છતાં પેલા સવાલોનો કંઇ જ ઉકેલ આવ્યો નથી! દિ' ઉગ્યે એની ગુંચો વધતી જ જાય છે. પરસ્પરના મતફેરના ફણગા ફુટતા જ જાય છે એમાં ડુંગર પર મોટર સડક લઇ જવાની વાત ઉમેરાય છે અને લગોલગ દીપડાનો શોખ જાગ્રત થાય છે. એક પક્ષ જે પહાડને અતિ પવિત્ર માની એના સારૂ માંગ્યા મૂલ ચુકવવામાં આવા સખત મંદીના સમયમાં પણ એક દિનનો હેરફેર નથી કરતો, ત્યાં બીજો પક્ષ પોતાની સત્તાઈ દાખવવાના અવસરે કોઇ અનેરી રીતે પગલા માંડતો જ જાય છે! આથી તો કામળી વધુ ભીંજાઇ કેવળ ભારી બને છે. દેશકાળ જોઇ રાજવીએ જૈન સમાજ સાથેનો મતફેર સત્વર સમેટી લેવાની અગત્ય છે. પવિત્ર ગિરિ સાથે અમર્યાદિત વર્તાવ સંકેલવાની જરૂર છે.

લાખો ખરચાવવા તત્પર બનેલ સુરિયુગમને જોરદાર અપીલ છે કે તેઓ પ્રથમ કરારનામું ચોકસ કરે. એકવાર ફરીથી કહીયે છીએ કે જવાબદારી વધારતાં પૂર્વે બરાબર સંરક્ષણનો મુદ્દો વિચારે. આ સંબંધમાં હવે પછી જુદાજ ધોરણે કામ લેવાની સુચનાઓ પગભર થતી જાય છે. દેશની પરિસ્થિતિ-દેશી રાજ્યોમાં ચાલતી અન્ય પ્રકારની લડતો કોઇ જુદી જ પ્રેરણા પાય છે. તીર્થોનું યથાર્થ સંરક્ષણ કરવા સારૂ જૈન સમાજે એ માર્ગ વિચારવો જ પડશે. એ સારૂ જુસ્સો કેળવવો જ પડશે. ત્યાગીવર્ગે એ પ્રેરણાઓ ઝીલી આગેવાની લેવી પડશે.

## બિહાર ગવર્નમેન્ટ હિન્દુ રીલીજીઅસ એન્ડાવમેન્ટ એકટ.

ઉપરોક્ત એકટ જે ટુંક સમયમાં પસાર થવાનો છે એ સંબંધમાં ઉપાધ્યાય શ્રી મંગળવિજયજી તથા બિહાર શરીફના બાબુ સાહેબ લક્ષ્મીચંદ સુચન્તી તરફથી જે નિવેદન પ્રગટ કરવામાં આવ્યું છે તે જોતાં એમ લાગે છે કે જૈન સમાજે એ સામે પ્રબળ વિરોધ ઉઠાવીને જૈન ધર્મના સ્થાનકોને એ લાગુ ન પડે તેવી તજવીજ કરવાની ખાસ અગત્ય છે. હિંદુ ધર્મના તીર્થો કે દેવાલયોમાં જે આવક થાય છે તે મહંત-પુજારી વિગેરેના ઉપભોગમાં લેવાય છે. એ મિલ્કત અનુયાયી વર્ગ માટે પણ ખરચી શકાય છે. એટલે એમાં અંધાધુંધી જેવું કે હાથમાં તેના મ્હોમાં જેવું પ્રવર્તતું હોય એ સમજાય તેવું છે. કોંગ્રેસ સરકાર એ બદી નાબુદ કરવા પ્રયાસ કરે જ. એ સામે આંગળી ચીંધવાપણું નજ હોય, પણ જૈન તીર્થોની મિલ્કત અને એમાં થતી આવક એ જુદી વસ્તુ છે. એ દ્રવ્યના વ્યય માટે જૈન ધર્મમાં જુદી પ્રણાલિકા પ્રવર્તે છે. વહીવટની ચોખવટ જરૂરની છે એમાં થતી અંદરકારી નજ ચલાવી લેવાય એ પણ સ્પષ્ટ છે, છતાં એટલાજ ખાતર એમાં ત્રીજી સત્તા હસ્તક્ષેપ કરે એ અનિચ્છનીય છે. સરકાર પંદર સભ્યોની સેન્ટ્રલ બોર્ડ નિયુકત કરવા ધારે છે અને એનું જે બંધારણ સુચવેલું છે એ જોતાં ભાગ્યેજ એમાં એકાદ બે જૈનને સ્થાન પ્રાપ્ત થાય.

વળી સભ્યોમાંનો મોટો ભાગ તીર્થ કે દેવાલયની આવક માટે જૈન ધર્મમાં કેવો ઉલ્લેખ છે એથી પણ અનભિજ્ઞ જ હોય. એટલે હિંદુધર્મની મિલ્કત માફક એને ગણી લઇ કાનુનો નિર્માણ થાય. એમાં જૈન સમાજને ઘણું નુકશાન થાય તેમ છે. સમેતશિખરજી, પાવાપુરી આદિ તીર્થો બિહાર સરકારની હદમાં છે એટલે જાહેર સંસ્થાઓએ, સમાજના આગેવાનોએ અને વિદ્વાન ગ્રહસ્થોએ એકટ પસાર થાય તે પૂર્વે એનો બરાબર અભ્યાસ કરી જનતાને જાગ્રત કરવાની જરૂર છે. બિહાર તથા કલકત્તાના આગેવાનોને પણ આગ્રહભરી વિનંતિ છે કે આ એકટને લગતાં સરકારી પ્રકાશનો તેમજ એ પસાર થતાં આપણા જૈન તીર્થોને લાગુ પડનારી બાબતો સંબંધી વિગતવાર નિવેદન સત્વર મુંબઇ-અમદાવાદ આદિ મોટા શહેરોમાં રવાના કરે અને આંદોલન પ્રગટાવવા એક વગદાર સમિતિ નિમે. કૅાન્ફરન્સ, શેઠ આણંદજી કલ્યાણજી આદિ અગ્રગણ્ય સંસ્થાઓ સહ પત્ર વ્યવહાર શરૂ કરે. માત્ર સામાન્ય જાહેરાતથી સંતોષ ન માને, એકટ પસાર થતાં પૂર્વે જ ખરી મહેનત કરવાની જરૂર છે. પછીના પ્રયત્નો તો આગ લાગ્યા પછી કુવો ખોદવા જેવા નકામા છે.

## સાહિત્ય સર્જનમાં સાધુ સંસ્થાનો ફાળો—

જૈન સાહિત્યનો વિપુલ ભાગ ઘણુંખરૂં ત્યાગી ને ચારિત્રશીળ સંતોના હાથેજ સર્જાયો છે એટલે ભૂતકાળની દ્રષ્ટિયે તો સાહિત્યના ફાળામાં તેઓનું જ અગ્રસ્થાન છે આમ છતાં વર્તમાન કાળમાં જે સાહિત્ય ગુજરાતી ભાષામાં વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે તે તરફ મીટ માંડતાં અને ભૂતકાળ સાથે તુલના કરતાં વર્તમાન સાધુ મહારાજાઓમાંથી થોડીક સંખ્યાબાદ કરીએ તો ઘણા ભાગનું લક્ષ્ય કેવળ ઉપદેશ તરફજ રહ્યું જણાય છે. થોડા ક્રિયાકાંડના પ્રકાશન સિવાય ખાસ જીવ જેવું સર્જન નજરે ચઢતું નથી. એ તરફ અભ્યાસી સાધુગણનું ખાસ લક્ષ્ય ખેંચીએ છીએ. સાથે વિનંતી છે કે માત્ર ગુજરાતી ભાષાજ નહીં પણ હીંદી અને ઈંગ્લીશનો પણ અભ્યાસ તેઓ કરે. ત્યારે જ દેશમાં કયી જાતના સાહિત્યની અભિરૂચી વર્તે છે અને ઉગતી પ્રજા કેવા પ્રકારનું વાંચન માંગે છે એનો તેઓને ક્યાસ કરવાનું સુગમ બને. અલબત સંસ્કૃત સાહિત્યના નવ સર્જનમાં કેટલાક મુનિશ્રીનો ફાળો ધ્યાન ખેંચે તેવો છે. એમાં મુનિશ્રી પુણ્યવિજયજીનું કાર્ય પ્રશંસનીય ગણાય. શ્રીમદ્ હેમચંદ્રસુરિજી કૃત વ્યાકરણ પર શ્રી લાવણ્યસુરિ તરફથી ક્રિયાપદોના પ્રત્યેક કાળ રૂપો-એને લગતી અન્ય બાબતો આદિ સ્વરૂપ સુચક લગભગ ચાર વિશાળ ગ્રંથો પ્રગટ થઇ ચુકયા છે. શ્રી અમૃતસુરિ તરફથી એક સ્વતંત્ર ટીકાની રચના થઇ રહી છે અને તેમનાજ શિષ્ય શ્રી ધુરંધરવિજયજીએ મેઘદૂત-કાવ્યની માફક 'મયુરદૂત' નામા કાવ્યની રચના કરી છે. આ તો જાણવામાં આવ્યા તે ઉલ્લેખ માત્ર છે પણ આવું સંસ્કૃત ભાષાને લગતું કેટલુંક સર્જન સાધુ સંસ્થામાં જુદે જુદે સ્થાને પ્રવર્તે છે. કેવલ એક દીક્ષાના પ્રશ્નથી કેટલોક મતફેર હોય તે સારૂ સારીયે સંસ્થા પર વારે ઘડીએ પ્રહાર કરવા અને બીજી જોવા જેવી બાબતો તરફ નજર સરખી ન કરવી એ ઇષ્ટ નથી. અહીં તો માત્ર ઇસારો કરેલ છે એ સંબંધી વિગતવાર નોંધ સામગ્રી પ્રાપ્ત થયે આપવાની ધારણા છે.

---

## મહાવીર વિદ્યાલયમાં મુંબઈ જૈન યુવક સંઘના પ્રતિનિધિની ચુંટણી.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં મુંબઇ જૈન યુવક સંઘને એક પ્રતિનિધિ મોકલવાનો હક્ક છે, તે અનુસાર પ્રતિનિધિની ચુંટણી કરવા માટે મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહી સમિતિની એક મીટીંગ તા૦ ૧૦-૭-૩૮ ને રવીવારના બપોરના રાા વાગે યુવક સંઘ ઓફિસમાં મળી હતી, જે વખતે મનસુખલાલ હીરાલાલ લાલન, માણેકલાલ એ. ભટેવરા, તારાચંદ કોઠારી અને વલ્લભદાસ ફુલચંદ મહેતા એ ચાર સભ્યોએ ઉમેદવારી જાહેર કરી હતી, જેમાંથી વધારે મતો **મનસુખલાલ લાલન**ને મળતાં તેમને ચુંટી કાઢવામા આવ્યા હતા.

### જનરલ સભા.

મુંબઈ જૈન યુવક સંઘની જનરલ સભા તા. ૧૦-૭-૩૮ ને રવિવારના રોજ બપોરના ૩ાા વાગે સંઘની ઓફિસમાં મળી હતી, જ્યાં સ્ત્રી સભ્યો તથા વિદ્યાર્થી સભ્યો માટે વાર્ષિક લવાજમ બે રૂપીયાને બદલે એક રૂપીયો નક્કી કરવામાં આવ્યો હતો.

# સરાક જાતીનો પુરાતન ઇતિહાસ.

લેખક—
નાથાલાલ છગનલાલ શાહ.

લેખાંક ૪ થો.

## વર્ધમાન જિલ્લો.

ઉત્તરમાં સંથલ, વીરભૂમ, મુર્શિદાબાદ, દક્ષિણમાં હુગલી, મીદનાપુર અને વાંકુડા. પૂર્વમાં નદિયા અને પશ્ચિમમાં માનભૂમ જિલ્લો આવેલ છે.

આ જિલ્લાના સંબંધમાં બંન્ગાલ ગેઝેટીઅર સન ૧૯૧૦ માં બહાર પડેલ છે તેમાં આ પ્રદેશ માટે ઐતિહાસિક ઘટના મળી આવતી નથી.

કલકતા બંગીય સાહિત્ય સંમેલનનું આઠમું અધિવેશન વર્ધમાનમાં થયેલ તેનું ઐતિહાસિક વિવરણ બંન્ગાલા સન ૧૩૨૧ માં બેંગાલી વિશ્વકોષના કર્તા શ્રીયુત નાગેન્દ્રનાથ બસુએ "વર્ધમાનનો પ્રાચીન ઇતિહાસ" બહાર પાડેલ તેમાં જૈનીઝમના સંબંધમાં જે નોંધ લીધેલ છે, તેમાંની ઉપયોગી ઘટના નીચે પ્રમાણે છે.

પુરાતન કાળમાં વર્ધમાન તેમજ તેના આસપાસના પ્રદેશને રાઢભૂમિ નામથી ઓળખાવવામાં આવતી, જેનું વિવરણ પુરાતન જૈન ગ્રંથ "આચારાંગ સુત્ર" થી જાણવામાં આવી શકે છે. તેમાં જણાવેલ છે કે–વર્ધમાન સ્વામી રાઢદેશમાં ( વજ્જભૂમિ અને શુભ્રભૂમિ ) બાર વરસ સુધી તપસ્યા કરતા વિહાર કરેલ, તેમ શ્વેતાંબર જૈનોના પ્રજ્ઞાપના સુત્રમાં "રાઢ દેશ" માટે વર્ણવેલ છે. મારકણ્ડેય પુરાણ અને વરાહમિહિરની બૃહત્ સંહિતામાં પણ આ વર્ધમાન જિલ્લાનું વર્ણન છે. મહાભારતના ટીકાકાર–શ્રીનીલકણ્ઠે સુક્ષ્મને રાઢદેશ કહેલ છે. શ્રી મહાવીરના સમયમાં એટલે ઈ. સ. પૂર્વ ૫૦૦ વર્ષો પહેલાં આ સુક્ષ્મ યાને રાઢદેશ વર્ધમાન નામથી ઓળખાતો, કારણ કે વર્ધમાન સ્વામી આ પ્રદેશમાં બાર વર્ષ વિહાર કરેલ જેના માટે જૈનોએ આ ભૂમિને પુણ્યક્ષેત્ર માનેલ, જેના નામ પરથી આ જિલ્લાનું નામ વર્ધમાન પ્રસિધ્ધ થયું. યુનાની દૂત મેગેસ્થનીજ ભારતમાં ઇ. સ. પૂર્વ ચોથી શતાબ્દિમાં આવેલ તેને પોતાના પ્રવાસમાં આ પ્રદેશને ગંગારિડી નામથી વર્ણવેલ છે. ઇ. સ. સાતમી શતાબ્દિમાં ચીની યાત્રિ હુએનસૌગ ભારતમાં આવેલ તેને આ પ્રદેશને પોતાની યાત્રા વિવરણમાં સુક્ષ્મ, રાઢ અથવા વર્ધમાનને કર્ણસુવર્ણ નામથી ઓળખાવેલ. તેમ જણાવેલ છે કે-આ પ્રદેશમાં જનસંખ્યા મ્હોટા પ્રમાણમાં છે. તેમ ધનાઢય અને વિદ્વાનો ઘણા પ્રમાણમાં વસે છે. તેની રાજ્યધાનીનું શહેર "કર્ણસુવર્ણ" હતું. તેમાં દશ બૌદ્ધ આશ્રમ અને પચાશ અન્ય સમ્પ્રદાયોનાં દેવ મંદિરો હતાં. વર્ધમાન જિલ્લામાં સિંહારણ, પ્રદ્યુમ્નપુર, શુરનગર, મન્દારણ્ય અને ભૂરસુટ વીગેરે સ્થાનોમાંથી પ્રાચીનતાનાં અવશેષો જણાઇ આવે છે.

વર્ધમાન જિલ્લામાં "આડઉયાલ" નામના પુરાતન સ્થાનમાંથી એક સ્યામ પત્થરની જિન તીર્થંકર શાન્તિનાથની મૂર્તિ ખોદકામથી હાથ આવેલ તે મૂર્તિ વર્તમાનમાં કલકતા બંગીય સાહિત્ય પરિષદના સ્થાનમાં રાખવામાં આવેલ છે.

## શોધખોળ કરવાના પુરાતન સ્થાનો.

શુરનગર, કાંટોયા, દાંઇહાટ, કેતુગ્રામ, અગ્રદ્વીપ, દેવગ્રામ અને વિક્રમપુર.

બૅન્ગાલ ગેઝેટીઅર સન ૧૯૧૦.

## રાજશાહી જિલ્લો.

ઉત્તરમાં દીનાજપુર અને બોગરા તેમજ ઉત્તર-પૂર્વ બોગરા અને પવન. પશ્ચિમમાં માલદા અને દક્ષિણમાં ગંગા નદી જે મૂર્શિદાબાદથી જુદી પડે છે.

ઇ. સ. ૬૪૦ માં ચીનાઇ યાત્રિ હુએનસૌગ જ્યારે ભારતના પ્રવાસે આવેલ તે સમયે આ જિલ્લા માટે નીચે મૂજબ નોંધ લીધેલ છે.

"આ પ્રદેશ ઐશ્વર્યવાન લોકોથી ભરપુર છે. તેમાં ઘણા સરોવરો અને બાગ બગીચા આવેલ છે. આબોહવા સાધારણ છે. ભૂમિ નીચી અને તર છે. પાક ઘણો સારા પ્રમાણમાં ઉતરે છે. અહિંના વતની વિદ્યાની પ્રતિષ્ટા કરે છે. અહીં ત્રણ ધર્મ પ્રધાન છે."

"The early Jains called Digambar Nirgranthas were very numerous."

પ્રાચીન જૈન જેમને દિગમ્બર નિર્ગ્રંથ કહે છે તેમની સંખ્યા અહીં ઘણા પ્રમાણમાં છે. અહીં સોહ દેવમંદિર આવેલ છે. તેમાં કેટલાક શૈવ અને શાક્તોનાં છે.

ગેઝેટીઅર પૃષ્ટ ૪૬ માં આ જિલ્લામાં જૈનોના સંબંધમાં પ્રાચીનતાનું વર્ણન કરેલ છે. અહીં વરેન્દ્ર રિસર્ચ સોસાયટી આવેલ છે. તેમાં ઘણા જ પાષાણના શિલ્પકળાયુક્ત અવશેષોનો સંગ્રહ કરેલ છે. એવીજ રીતે રામપુર–બોલિયાની પબ્લીક લાયબ્રેરીમાં જેવામાં આવે છે. આમાં જૈનોના સોલમા તીર્થંકુર શાંતીનાથની એક પુરાતન મૂર્તિ મન્દૈલ નામના ગામના ખોદકામમાંથી મળી આવેલ તે લાયબ્રેરીમાં રાખવામાં આવી છે.

આ મૂર્તિ ખડગાસન બે ફુટની ઉંચાઇએ છે. જે અખંડીત અને ભવ્ય આકૃતીવાળી શિલ્પ કળામય છે. બંન્ને બાજુએ ચોવીશી આવેલ છે. તે સીવાય ઘણા શિલાલેખો ઈ. સ. ૮૦૦ થી ઇ. સ. ૧૨૦૦ સુધીના મળવા પામેલ છે. સન ૧૯૧૦ માં મન્દૈલ નામના ગામના એક વૃક્ષના થડ પાસે ખોદકામથી ઉપરોક્ત મૂર્તિ મળી આવેલ, તેવીજ રીતે તેની નજીકમાં એક પુરાતન તલાવના ખોદકામમાંથી બીજી બે જૈન મૂર્તિઓ મળી આવેલ છે.

આ જિલ્લામાં પાહાડપુર નામના પુરાતન સ્થાનમાં એક ટીલો આવેલ, તેનું ખોદકામ થતાં ગુપ્તરાજ્યકાલીન એક સ્તુપ મળી આવેલ છે. જે સ્તુપ આખાયે બૅન્ગાલની પુરાતન સંસ્કૃતીમાં એક શોભારૂપ છે. અહીંના ખોદકામમાંથી તામ્રપત્ર મળી આવેલ છે તેમાં જણાવેલ છે કે—એક બ્રામ્હણે–નીગ્રંથોને રહેવા માટે જગ્યા અર્પણ કર્યાનો ઉલ્લેખ છે.

# કેળવણી સંબંધી મારા વિચારો.

કોન્ફરન્સ કેળવણી પ્રચાર મુંબઇ સમિતિના બે માસના કામકાજના મારા અલ્પ અનુભવ ઉપરથી ઉપજેલા વિચારોને અંગે મારા જાણવામાં જે કાંઇ આવ્યું છે તે આ સ્થળે દર્શાવવાની તક લઉં છું. આજ અંકમાં સ્થાનિક સમિતિનો આપેલ રિપોર્ટ ઉપરથી સમજી શકાશે કે મુંબઇ શહેરમાં હાઇસ્કૂલોની ફીનું ધોરણ બહુ વધારે પડતું હોવાથી સાધારણ મા બાપો પોતાના છોકરાઓને અંગ્રેજી ધોરણ ત્રીજાથી આગળ ભણાવતા નથી. કારણ કે બધા વિદ્યાર્થીઓ બાબુ પી. પી. હાઇસ્કૂલમાં દાખલ થાય તે પ્રમાણમાં ત્યાં જગ્યા નથી એક સાધારણ માણસ માસિક રૂા૦ ૫૦) થી ૫૫) કમાતો હોય તેના બે છોકરાઓ હાઇસ્કૂલમાં ભણતા હોય, તેની ફીના અનુક્રમે રૂપીઆ ૩) ૩॥ ૪) ૪॥ ૫) ૫॥ ૬) આપવા પડે છે, તેવી મોટી રકમ નાની આવકમાંથી કાઢવી મુસીબત પડે છે, તેથી તેઓ પોતાના બાળકોને આગળ ભણાવતા નથી. તો અત્યારે જૈન સમાજને બીજી બાબુ પી. પી. જૈન હાઇસ્કૂલ જેવી એક હાઇસ્કૂલની ખાસ જરૂર અત્યારના બેકારીના વખતમાં લાગે છે. આવી સંસ્થા એક શ્રીમંત ધારે તો ઉભી કરી શકે, તેમ ન થાય તો ફંડ ઉભું કરીને પણ એક હાઇસ્કૂલ ઉભી કરવી જોઇએ.

આપણી સમાજમાં કન્યા કેળવણીનું ધોરણ બહુ ઓછું છે, અમારી પાસે કુલે ૯૨ ફોર્મ આવેલા તેમાંથી કન્યાઓના ફક્ત ૭ થી ૮ ફોર્મ આવેલા તેનું કારણ મને લાગે છે કે આપણા પાયધુનીના લત્તામાં કોઇ જૈન કન્યા મિડલ સ્કૂલ નહિ હોવાથી આપણી કન્યાઓ મ્યુનિસિપલ સ્કૂલમાં ભણી રહ્યા પછી તેને ઉઠાડી લેવામાં આવે છે, કારણ કે સાધારણ માણસોને સ્કૂલના પુસ્તકો તથા ફી પોસાતી નથી. તો આપણા મધ્ય લત્તામાં એક કન્યા મિડલ સ્કૂલની ખાસ જરૂર છે. એક કન્યા ભણેલી હશે તો ભવિષ્યમાં તેનું આખું ઘર સંસ્કારી થશે, કારણ કે માતાના સંસ્કાર પુત્ર તથા પુત્રીઓ ઉપર ખાસ પડે છે તો આ બાબત વિચાર કરવા જેવી છે.

વિદ્યાર્થીઓ વાસ્તે મુંબઇ શહેરમાં પહેલી ઇંગ્લીશથી અંગ્રેજી સાતમા ધોરણ સુધી ભણે ત્યાં સુધી રહેવા તથા ખાવાને વાસ્તે એક પણ જૈન બોર્ડીંગ નથી, અનુભવ ઉપરથી એમ લાગે છે કે મુંબઇની નાની ઓરડીમાં ઘરના ૭ થી સાત માણસો રહેતા હોય ત્યાં વિદ્યાભ્યાસ કેમ અને કેવી રીતે કરી શકે તે વિચારવા જેવી વાત છે. માટે એક જૈન બોર્ડિંગની ખાસ જરૂર છે.

વિદ્યાર્થીએ મેટ્રીકનો અભ્યાસ કરી રહ્યા પછી કયે ધંધે લાગવું તે અત્યારનો મહા કઠીન પ્રશ્ન છે અને તે પ્રશ્ન વિદ્યાર્થીઓને જ નહિ પણ દરેકને મુંઝવી રહ્યો છે, તો એક જૈન ઉદ્યોગ મંદિરની ખાસ જરૂર છે તેમાં દરજી કામ, વણાટ કામ, ઇલેક્ટ્રીક, તથા પેઇન્ટીંગ કામ વગેરે નાના ધંધાઓ શીખવવામાં આવે, તો તે શીખી રહ્યા બાદ દરેક માણસ ધંધે લાગી જાય.

આ બધી જરૂરીઆત કરતાં પણ જૈન સમાજનો જીવન મરણનો પ્રશ્ન અત્યારે મુંબઇ શહેરમાં સસ્તા ભાડાની ચાલીની ખાસ જરૂરીઆત છે. કારણ કે માણસ ૫૦) રૂપીઆ કમાય તેમાંથી રૂા૦ ૧૫) થી ૧૬) ભાડું લઇ જાય. બાકીના રૂપીઆ ૩૫) માં ઘરના ચાર થી પાંચ માણસોને ગુજરાન ચલાવવાનું હોય છે તે કેવી રીતે ચલાવતા હશે તેનો કોઇએ શાન્તિથી બેસીને કદિ વિચાર કર્યો છે? આવા સંજોગોમાં કેળવણીની તો વાતજ કયાં કરવી? આ બાબતમાં કોઇ ગૃહસ્થો રૂપીઆ ન આપે તો પણ આપણે સસ્તા ભાડાની ચાલીઓ ઉભી કરી શકીએ એમ છીએ. આપણા શાહ સોદાગર વેપારીઓ પોતાના રૂપીઆઓ પોણાબે અને બે ટકાના વ્યાજથી બેંકમાં મૂકે છે તેને બદલે એક લીમીટેડ કંપની કાઢે અને તેના મકાનો લેવામાં આવે અને તેનું ભાડું ફક્ત ૩ ટકાનું વ્યાજ ઉત્પન્ન થાય તેમ લેવામાં આવે તો અત્યારે જે ઓરડીઓનું ભાડું ૧૫) થી ૧૬) છે તેવીજ ઓરડીઓ આપણે ૮) થી ૯) રૂપીઆમાં આપી શકીએ આમાં રૂપીઆ આપવાની વાતજ નથી. મુડી સલામત છે. વ્યાજ ૩ ટકા આવશે. અને સમાજની જરૂરીઆત પુરી પડશે, પણ આ બાબતમાં પહેલ કરનાર કોઇ સખી ગૃહસ્થ બહાર પડશે?

આટલું છતાં ઉપર દર્શાવ્યું તેમ કેળવણીની બે સંસ્થાઓની તો અત્યંત આવશ્યકત્તા જણાય છે. માટે આપણા શ્રીમંતો આ તરફ જરૂર લક્ષ આપશે એમ આશા છે.

**કેશરીચંદ જેસીંગલાલ શાહ.**

---

પુરાતન સમયની ઐતિહાસિક સામગ્રી મેળવવાનું સ્થાન "વરિન્દ" છે જ્યાં ઘણા પ્રમાણમાં મધ્યકાલિન યુગના પાષાણના અવશેષો મળી આવે છે. આ જિલ્લાનો ઇતિહાસ હજુ પુરતો મળી આવેલ નથી પરંતુ એટલું તો નિશ્ચિત છે કે આ પ્રદેશ ગુપ્ત રાજ્યના અંત સુધી ઉન્નતિએ હતો.

( અપૂર્ણ. )

---

## શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિના મંત્રીનો ખુલાસો.

કચ્છી દશા ઓશવાલ પ્રકાશના જુલાઇ ૧૯૩૮ ના અંકમાં 'જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સ્થાનિક કેળવણી સમિતિના મંત્રીની જોહુકમી" એ મથાળા નીચે કોઇ 'K. P.' નામના ભાઇની સહીથી એક ચર્ચા પત્ર છપાયું છે, જેમાં એક કચ્છી વિદ્યાર્થીને ફોર્મ નહિ આપવા બદલ ફરીયાદ લખી છે. આ સંબંધમાં જણાવવાનું કે કોઈપણ ખાસ કારણ શિવાય કોઇપણ વિદ્યાર્થીને ફોર્મની ના પાડવામાં આવી નથી. અત્યારે પણ સમિતિ તરફથી કચ્છી વિદ્યાર્થીઓએ અને બ્હેનોને પુસ્તકો, ફી વિગેરે આપવામાં આવ્યા છે, જેની અમારૂં રેકર્ડ જોવાથી ખાત્રી થઇ શકશે. તેમ છતાં કોઈ ભાઇને ના કહી હોય, તો તે ભાઇને સાથે લઇ, પત્રના તંત્રીશ્રી અથવા મી. 'K. P.' અથવા કોઈપણ સદ્‌ગૃહસ્થ અમને મળશે તો ચોકસ ખુલાસો કરવાની તક લઇશું.

આ સ્થળે એ પત્રના તંત્રીશ્રીને પણ જણાવવાનું કે એકાદ માણસના લખવા પરથી અનુમાન કરતાં પહેલાં પૂરતા તપાસ કરી ટીકા કરવામાં આવે તો વધારે યોગ્ય ગણાય.

લી૦

**મનસુખલાલ હી લાલન.**
**કેસરીચંદ જે. શાહ.**
મંત્રીઓ, શ્રી કો. કે. પ્ર. સ્થાનિક સમિતિ.

# જૈન વિદ્યાર્થીઓને મદદ.

## શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર મુંબઇ સમિતિએ કરેલી સંગીન પ્રગતિ.

સમગ્ર હિંદના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બંધુઓની વસ્તીના કેન્દ્ર સમાન મુંબઈમાં મેટ્રીક પર્યન્ત વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નિષ્પક્ષપાતપણે ઉપયોગી થઇ પડે એવા એક કેળવણી ફંડની આવશ્યકતા ઘણા વખતથી જણાઇ આવતી હતી, તે અરસામાં શ્રીમતી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ દ્વારા કેળવણી પ્રચારની યોજના સમાજ સમક્ષ રજુ થઇ. અને તેને ઉદાર કેળવણીપ્રિય શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ દ્વારા દ્રવ્ય સિંચન થતાં મુંબઇમાં તે યોજનાનુસાર એક સમિતિ સ્થાપવાના વિચારો નવપલ્લવિત થયા. એપ્રીલ ૧૯૩૮ ની આખરમાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ કેળવણી પ્રચાર મુંબઈ સમિતિ સ્થપાઇ અને તેના તરફથી સમાજોપયોગી રચનાત્મક કામની ઉત્સાહભેર શરૂઆત કરવામાં આવી. આ સમિતિએ મુંબઇમાં કેળવણીના કાર્યો કરતી શ્વે૦ મૂર્તિપૂજક વિભાગની સંસ્થાઓના પ્રતિનિધિઓને સભાસદ તરીકે જોડાવા માટે આમંત્રણ મોકલતાં શ્રીમુંબઇ માંગરોળ જૈન સભા, જૈન બાળ મિત્રમંડળ. શ્રી પાટણ જૈન મંડળ, આદિ સંસ્થાઓના પ્રતિનિધિઓને કો–ઓપ્ટ કરવામાં આવ્યા હતા.

પ્રારંભમા હેન્ડબીલો અને વર્તમાનપત્રો દ્વારા પ્રચારકાર્યની શરૂઆત થઇ, સ્કુલોમાં તેનાં ખબર મોકલવામાં આવ્યા, શ્રી જૈન શ્વે. કોન્ફરન્સની કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિએ આ સ્થાનિક સમિતિને માન્ય રાખી સ્થાનિક સમિતિએ નીચે જણાવેલા સદ્ગૃહસ્થો પાસેથી રૂા. ૫૦૦ ઉપરાંતની રકમ એકઠી કરી, અને તેની ખબર કેન્દ્રસ્થ સમિતિને આપવામાં આવી

### સ્થાનિક સમિતિને મદદ આપનારા સદ્ગૃહસ્થો

| | | |
|---|---|---|
| ૧૦૧ | શેઠ | કાન્તિલાલ ઇશ્વરલાલ |
| ૧૦૦ | ,, | હેમચંદ મોહનલાલ ઝવેરી |
| ૫૧ | ,, | ભોગીલાલ લહેરચંદ ઝવેરી |
| ૫૧ | ,, | કેશવલાલ મંગળચંદ શાહ |
| ૫૧ | ,, | રતીલાલ વાડીલાલ શાહ |
| ૩૧ | ,, | ચીમનલાલ જેસીંગલાલ |
| ૨૫ | ,, | ચંદુલાલ ટી શાહ |
| ૨૫ | ,, | ચીમનલાલ વાડીલાલ શાહ |
| ૨૫ | ,, | જીવતલાલ ચંદ્રભાણ કોઠારી |
| ૨૫ | ,, | મુલચંદભાઇ |
| ૨૧ | ,, | જેસીંગલાલ વરધીલાલ |
| ૧૦ | ,, | વાડીલાલ ચુનીલાલ |
| ૧૦ | ,, | વનમાળીદાસ ઝવેરચંદ |
| ૬ | શ્રી | લક્ષ્મીપતિ જૈન બી. એ. |
| ૫ | | એક ગૃહસ્થ |
| ૫૩૭ | | |

ઉપર પ્રમાણે રૂા. ૫૩૭ સ્થાનિક સમિતિએ એકઠા કરતાં કેન્દ્રસ્થ સમિતિએ સ્થાનિક સમિતિને રૂા. ૧૦૦૦ એક હજારની મદદ મંજુર કરી. સ્થાનિક સમિતિએ વિદ્યાર્થીઓને કેમ વિશેષ પ્રમાણમાં લાભ આપી શકાય એ દૃષ્ટિએ સાત થી આઠ મીટીંગો ભરી નીર્ણયો કર્યા હતા. વિદ્યાર્થીઓની માંગણી વિશેષ પ્રમાણમાં જણાઈ આવી છે, અને તેને આ સમિતિએ યોગ્ય રીતે પહોંચી વળવા પ્રયત્નો કર્યા છે જે આ નીચે દર્શાવેલા આંકડાઓથી જણાશે

સમિતિને કુલ ૯૯ વિદ્યાર્થીઓના ફોર્મ મળ્યા હતા, તેમાંથી ૮૬ ફોર્મ પાસ કર્યા હતા. અને ૧૧ ફોર્મ એક યા બીજા કારણે નામંજુર કરવામાં આવ્યા. અને ૨ ના નિર્ણયો બાકી છે. સમિતિ તરફથી ૭૦ વિદ્યાર્થીઓને પુસ્તકો, ૨૧ વિદ્યાર્થીઓને માસીક સ્કુલ ફી, અને ૧૭ વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિનાં રૂપમાં મદદ આપવામાં આવી છે, લગભગ રૂપીયા ૫૦૦ ના પુસ્તકો અપાઇ ચુકયા છે, તેમજ માસીક ફી તથા છાત્રવૃત્તિ માટે વાર્ષિક રૂા. ૧૧૨૮ ની મંજુરી અપાઇ ગઇ છે. એ હિસાબે કુલ રૂપયા ૧૬૨૮ ની મદદ આ સમિતિ દ્વારા પહોચાડવા વ્યવસ્થા થઇ ગણાય.

આ પ્રમાણે મુંબઈના જૈન સમાજની એક મહત્વની જરૂરીઆતને પૂરી પાડવા સમિતિએ યથાશકય પ્રયત્નો કર્યા છે. એ કાર્યને ખુબ વિકસાવી શકાય એમ છે. કેળવણી પ્રચાર અને પ્રકાશથી સમાજ સર્વ પ્રકારે ઉન્નત બનશે. સમાજ આ કાર્યને અપનાવશે એવી ખાત્રી છે.

લી. સેવકો,

**મનસુખલાલ હીરાલાલ લાલન**

તા. ૧૦-૭-૩૮. **કેશરીચંદ જેસીંગલાલ**

ઓનરરી સેક્રેટરીઓ.

---

**શત્રુંજય મોટર સરવીસ:**—શત્રુંજય પર મોટર સરવીસ યોજવાની બીના બહાર આવી છે. એ યોજનાનું ચોક્કસ સ્વરૂપ હજુ બહાર આવ્યું નથી પરંતુ જે કંઇ વિગત આજસુધીમાં બહાર આવી છે તે પરથી જણાય છે કે ડુંગર ઉપર ચઢવાનો અત્યારે જે રસ્તો છે તેના બદલે ઘોળીવાવથી શિખર સુધીનો મોટર રસ્તો બાંધવો. આ સડક તૈયાર કરવામાં એકાદ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

**ઊત્તીર્ણ થયા**—વર્ધમાન જૈન વિદ્યાલય ઓસીયાના ૪ વિદ્યાર્થી બનારસની સંસ્કૃત દ્વિતીય શ્રેણીમાં બેઠા હતા. પરિણામ સો ટકા આવ્યું છે.

**પ્રસુતિગૃહ:**—વિજાપુર (ગુજરાત)માં એક પ્રસુતિગૃહ બંધાવવા શેઠ વિઠલદાસ રણછોડભાઇ જવેરીએ રૂા. ત્રીશ હજારની રકમ અર્પણ કરી છે.

# જૈન યુગ—વર્ષ એકની વિષય સૂચી.

## ( જુનું વર્ષ ૧૧ મું—નવું વર્ષ ૬ ઠું અંક ૧ થી ૨૪ સુધી )


| અંક | વિષય | લેખક |
|---|---|---|
| ૧ લો | કહોને જીવશું કયારે? (કાવ્ય) | શ્રી. સુંદરલાલ એ. કાપડીઆ બી. એ. |
| | નવીન વર્ષની મનોરથમાળા | ( અગ્રલેખ ) તંત્રી |
| | જૈન શ્વે. કોન્ફરન્સના ઉદ્દેશ | તંત્રી |
| | પ્રચારની આવશ્યકતા | મનસુખલાલ હી. લાલન |
| | દાંકના ડુંગરને શત્રુંજયની ટુંક મનાવવાના ખોટા પ્રયત્નો | ( સમય ધર્મમાંથી ) |
| | પ્રકીર્ણ | મનસુખલાલ હી. લાલન |
| ૨ જો | એક પ્રશ્ન | રમણીક ઘીઆ |
| | આપણી ઘેન નિદ્રા નહિ ઉડે? | ( અગ્રલેખ ) તંત્રી |
| | જૈન સમાજ અને સુકૃત ભંડારની યોજના | કાર્યાલય. |
| | સમૂહબળનાં મૂલ્ય | મનસુખલાલ હી. લાલન |
| ૩ જો | કોન્ફરન્સ અને યુવકો | રમણીક ઘીઆ |
| | સુકૃત ભંડાર ફાળો કે માતાનું ઋણ | ( અગ્રલેખ ) તંત્રી |
| | જૈન શ્વે. કોન્ફરન્સ ટુંક પરિચય | શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ, સોલિસિટર<br>શ્રી. કાન્તિલાલ ઈશ્વરલાલ |
| | જૈન કોન્ફરન્સની આધુનિક પ્રવૃત્તિ | કાર્યાલય |
| | જૈન કોન્ફરન્સ સંબંધી મારા વિચારો | શ્રી કુંવરજી આણંદજી |
| ૪ થા અને ૫ મો | જૈનેતર દૃષ્ટિએ જૈન ધર્મ | શ્રી. હરિન્દ્ર ચટ્ટોપાધ્યાય |
| | પર્યુષણ પછી | ( અગ્રલેખ ) તંત્રી |
| | જૈનેતર વિદ્વાનોનું જૈન ઇતિહાસ વિષે અજ્ઞાન | સુંદરલાલ એ. કાપડીઆ બી. એ.<br>મનસુખલાલ હી. લલન |
| | પર્યુષણાનું પુણ્ય કાર્ય | શ્રી. આનંદ કુમાર |
| | ક્રાન્તિ કે પરિવર્તન | શ્રી. પદ્મકુમાર |
| | જૈન સમાજની વર્તમાન સ્થિતિ | |
| | પ્રભો! આ બધું તારા પુનિત ધામમાં? | શ્રી. ભગ્નાશ જૈન |
| ૬ ઠો | રાજવંશનો રક્ષણહાર તથા દેશનો શણગારણહાર | કવિ શ્રી. ન્હાનાલાલ |
| | કિનારો દેખાય છે ત્યારે? | ( અગ્રલેખ ) તંત્રી |
| | સમર્પણ | શ્રી. ચીમનલાલ સંઘવી |
| | જૈનો અને બેકારી | શ્રી. મોતીચંદ ગિ. કાપડીઆ, સોલીસીટર |
| | જૈન સમાજમાં આર્થિક કેળવણી પ્રચાર | |
| ૭ મો | નૂતન વર્ષે યુગની અભિલાષા | મનસુખલાલ હી. લાલન |
| | પૂજ્ય સાધુગણને | ( અગ્રલેખ ) તંત્રી |
| | શ્રી. અમૃતલાલ કાલીદાસના પ્રેરક વિચારો | શ્રી. અમૃતલાલ કાળીદાસ |
| | મૈયાની મનોવ્યથા | સ્વપ્ન દૃષ્ટા |
| | અમારો જન્મસિદ્ધ હક્ક! | શ્રી. સુંદરલાલ એ. કાપડીઆ, બી એ. |
| | મેળાવડાઓનો મહિનો | શ્રી. ચક્રવાક |
| ૮ મો | મહાવીરના સિદ્ધાંતમાં બુદ્ધિવાદનું સ્થાન | ઓન. શ્રી. લઠ્ઠે |
| | સાપ ગયા ને લીસોટા રહ્યા! | ( અગ્રલેખ ) તંત્રી |
| | ભારતના જૈન ગુફા મંદિરો લેખાંક ૧ લો | શ્રી. નાથાલાલ છગનલાલ શાહ |
| | ભક્તિની અતિશયિતા | શ્રી મોહનલાલ દી. ચોકસી |
| ૯ મો | માનવ સંસ્કૃતિના વિકાસમાં રેડાયેલ વિષ | શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઇ |
| | ધર્માદા મીલ્કતોના વહીવટદારોને | ( અગ્રલેખ ) તંત્રી |
| | ભારતના જૈન ગુફા મંદિરો લેખાંક ૨ જો | શ્રી. નાથાલાલ છગનલાલ |
| | મંદિરનું રૂપાંતર મશીદમાં | " " |
| | કેળવણી પ્રચારની યોજના | કાર્યાલય |

| અંક | વિષય | લેખક |
|---|---|---|
| ૧૦ મો | જૈનો હિંદીઓ ક્યારે બનશે ? | શ્રી. ભૂલાભાઈ દેસાઈ બાર-એટ લૉ |
| | અનુભવ સિદ્ધ વચન | ( અગ્રલેખ ) તંત્રી |
| | અંતરનાદ એટલે ? | ધર્મ મંથન |
| | સરાકજાતિ અને જૈન ધર્મ | ( મળેલું ) |
| | લોકલ ટ્રેનમાં ત્રિભેટો | કાર્યવાહી સમિતિનો સભ્ય |
| ૧૧ મો | દેશકાળ અને યુવકો | શ્રી. રમણીક ઘીઆ |
| | જ્ઞાનની પરખ | ( અગ્રલેખ ) તંત્રી |
| | રાધનપુર બોર્ડીંગની ઉદ્‌ઘાટન ક્રિયા | મળેલું |
| | શ્રી. કાન્તિલાલ ઇશ્વરલાલને અપાયેલ માનપત્ર | ,, |
| | બેકારી નિવારણની યોજના | કાર્યાલય |
| | જૈન એજ્યુકેશન બોર્ડનો અમદાવાદમાં ઇનામ સમારંભ | મળેલું |
| ૧૨ મો | ગુજરાત એક જીવંત વ્યક્તિ | ઓન. કનૈયાલાલ મુનશીના ભાષણમાંથી |
| | આ તે ભાગવતી દીક્ષા ? | ( અગ્રલેખ ) તંત્રી |
| | કોન્ફરન્સની કેળવણીની યોજનાના વિકાસમાં લેખાંક ૧ લો | શ્રી. રમણીક ઘીઆ |
| | ભારતના જૈન ગુફા મંદિરો લેખાંક ૩ જો | શ્રી. નાથાલાલ છગનલાલ શાહ |
| | અંધેરીનું દીક્ષા પ્રકરણ | મનસુખલાલ હી. લાલન |
| ૧૩ મો | બાળકોના નાચો અને નાટકો | શ્રી. કિશોરલાલ મશરૂવાળા |
| | ભારતનું યાત્રાધામ-વિઠ્ઠલનગર | ( અગ્રલેખ ) તંત્રી |
| | ઇતિહાસ આવશ્યકતા | શ્રી. ચીમનલાલ સંઘવી |
| | કોન્ફરન્સની કેળવણીની યોજનાના વિકાસમાં લેખાંક ૨ જો | શ્રી. રમણીક ઘીઆ |
| | ભારતના જૈન ગુફા મંદિરો લેખાંક ૪ થો | શ્રી. નાથાલાલ છગનલાલ શાહ |
| | પૂજ્ય સાધુ સાધ્વીઓને | શ્રી. રાજપાળ મગનલાલ વોરા |
| ૧૪ મો | તપશ્ચર્યા | શ્રી. ભારતરત્ન |
| | તાપી કાંઠે | ( અગ્રલેખ ) તંત્રી |
| | ભારતનાં જૈન ગુફા મંદિરો લેખાંક ૫ મો | શ્રી. નાથાલાલ છગનલાલ શાહ |
| | પ્રગતિ સાધનાર્થે વિચાર શ્રેણી | શ્રી. મોહનલાલ દી. ચોકસી |
| | સાધુ સંસ્થા વિનાશને પંથે | શ્રી. વાડીલાલ જીવરાજ શાહ |
| ૧૫ મો | મુકમ્મિલ આઝાદી | રાષ્ટ્રપતિ શ્રી. સુભાસ બાબુના ભાષણમાંથી |
| | એકાવનમી બેઠક-એક યાદગાર સંભારણું | ( અગ્રલેખ ) તંત્રી |
| | **जयन्तु वीतरागा।** | મુનિશ્રી પુણ્યવિજયજી |
| | ષડ્ દર્શન સંબંધી ટુંકો ખ્યાલ લેખાંક ૧ લો | શ્રી. ચોકસી |
| | કો. કેળવણીની યોજનાના વિકાસમાં લેખાંક ૩ જો | શ્રી. રમણીક ઘીઆ |
| | આપણું સંકુચિત માનસ | શ્રી. રાજપાળ મગનલાલ વોરા |
| ૧૬ મો | સાચો બ્રાહ્મણ અને સાચો યજ્ઞ | મળેલું |
| | એ બળતી ચિરાગ | ( અગ્રલેખ ) તંત્રી |
| | મારવાડ પ્રાંતિક પરિષદ્‌નો હેવાલ | મળેલું |
| | કેળવણી | શ્રી. પરીખ |
| | તીર્થ ધામોમાં ત્રીસ દિવસ લેખાંક ૧ લો | મનસુખલાલ હી. લાલન |
| | ષડ્ દર્શન સંબંધી ટુંકો ખ્યાલ લેખાંક ૨ જો | શ્રી. ચોકસી |
| | રાષ્ટ્ર સેવામાં ધર્મ સેવા | શ્રી. રાજપાળ મગનલાલ વોરા |
| ૧૭ મો | ત્યારે કરીશું શું ? | ( અગ્રલેખ ) તંત્રી |
| | હૈમ સારસ્વત સત્ર | શ્રી. મોતીચંદ ગિ. કાપડીઆ, સોલિસિટર |
| | મારવાડ પ્રાંતીય જૈન કો. અધિવેશન | કાર્યાલય. |
| | ભારતવર્ષના જૈન ધર્મ પ્રરૂપકો | મળેલું |

| અંક | વિષય | લેખક |
|---|---|---|
| ૧૮ મો | અહિંસા પ્રવચન | મળેલું |
| | અમારા મંગલમય મહાવીર | (અગ્રલેખ) તંત્રી |
| | તીર્થ ધામમાં ત્રીસ દિવસ લેખાંક ૨ જો | મનસુખલાલ હી. લાલન |
| | મહાવીર જયંતિ ઉત્સવ | મળેલું |
| ૧૯ મો | વૃદ્ધિ પામતા મૂર્તિવાદ સામે લાલ બત્તી | શ્રી. રાજપાળ મ. વોરા |
| | પરિસ્થિતિનું માપ | (અગ્રલેખ) તંત્રી |
| | તીર્થધામોમાં ત્રીસ દિવસ લેખાંક ૪ થો | મનસુખલાલ હી. લાલન |
| ૨૦ મો | કેળવણી માટે મદદની યોજના | મંત્રીઓ સ્થાનિક સમિતિ |
| | ભાવભીનું આમંત્રણ | (અગ્રલેખ) તંત્રી |
| | તીર્થધામોમાં ત્રીસ દિવસ લેખાંક ૫ મો | મનસુખલાલ હી. લાલન |
| | સરાક જાતિનો પુરાતન ઇતિહાસ લેખાંક ૧ લો | શ્રી. નાથાલાલ છગનલાલ શાહ |
| | મુંબઇ જૈન યુવક સંઘનું નવું બંધારણ | 'જૈન'નો અભિપ્રાય |
| | આત્મ વિચારણા | શ્રી. પરિખ |
| ૨૧ મો | મંદિર યુગલ એટલે? | મનસુખલાલ હી. લાલન |
| | કીર્તિના કોડ | (અગ્રલેખ) મનસુખલાલ હી. લાલન |
| | તીર્થધામોમાં ત્રીસ દિવસ લેખાંક ૬ ઠો | મનસુખલાલ હી. લાલન |
| | આપણું ભાવિ જ્ઞાન મંદિર | શ્રી. મુલચંદ આશારામ ઝવેરી |
| | સરાક જાતિનો પુરાતન ઇતિહાસ લેખાંક ૨ જો | શ્રી. નાથાલાલ છગનલાલ શાહ |
| ૨૨ મો | આજની પરિસ્થિતિ ને યુવક જગત | રમણીકલાલ વસંતલાલ દેસાઈ |
| | રચનાત્મક કાર્યક્રમ એટલે શું? | (અગ્રલેખ) તંત્રી |
| | આપણું ભાવી જ્ઞાન મંદિર લેખાંક ૨ જો | શ્રી. મુલચંદ આશારામ ઝવેરી |
| | બ્રહ્મચર્ય | શ્રી. પરીખ |
| ૨૩ મો | જ્ઞાનનાં પરબ | મનસુખલાલ હી. લાલન |
| | એક કદમ આગે | (અગ્રલેખ) તંત્રી |
| | કે. પ્ર. કેન્દ્રસ્થ સમિતિની પ્રગતિ | મંત્રિઓ કેન્દ્રસ્થ સમિતિ |
| | આપણું ભાવિ જ્ઞાન મંદિર લેખાંક ૩ જો | શ્રી મુલચંદ આશારામ ઝવેરી |
| | સરાક જાતિનો પુરાતન ઇતિહાસ લેખાંક ૩ જો | શ્રી. નાથાલાલ છગનલાલ શાહ |
| ૨૪ મો | એક વર્ષને અંતે | જૈન યુગ સમિતિ |
| | બેકારીની ચૂડમાં | (અગ્રલેખ) તંત્રી |
| | સરાક જાતિનો પુરાતન ઇતિહાસ લેખાંક ૪ થો | શ્રી. નાથાલાલ છગનલાલ શાહ |
| | કેળવણી સંબંધી મારા વિચારો | શ્રી. કેસરીચંદ જેસીંગલાલ શાહ |
| | કે. પ્ર. સ્થાનિક સમિતિના મંત્રીનો ખુલાસો | મંત્રીઓ સ્થાનિક સમિતિ |
| | કે. પ્ર. સ્થાનિક સમિતિની પ્રગતિ | " " |
| | વિષય સૂચી | જૈન યુગ સમિતિ |


આ ઉપરાંત દરેક અંકની નોંધ અને ચર્ચા તંત્રીને હાથે લખાયેલ છે, તેમજ કોન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ, એજ્યુકેશન બોર્ડનું પરીક્ષાનું પરિણામ વિગેરે ઑફિસ તરફથી મળેલાં છે.

## મુનિરાજોના મુંબઇમાં ચાતુર્માસ.

**લાલબાગ**—આચાર્ય શ્રી પ્રેમસુરિજી આદિ
**ગોડીજી**—પંન્યાસજી શ્રી પ્રીતિવિજયજી આદિ
**મહાવીરસ્વામી** (પાયધુની)-ઉપાધ્યાયજી શ્રી સુખસાગરજી આદિ
**ગોડવાડ હાઉસ**—પંન્યાસજી શ્રી રવિવિમલજી આદિ
**થાણામાં**—પંન્યાસજી શ્રી રીદ્ધિમુનીજી આદિ

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧ લી ઓગસ્ટ ૧૯૩૮. | અંક ૧ લો.

## પુનઃ આમંત્રણ—

જૈન યુગના સાતમા વર્ષની પ્રથમ પ્રભાતે અમારી વિશ્વાસુ હૃદયની મનોકામના છે કે-જૈન સમાજની એક મહાન્ સંસ્થાના આ નિયમિતપણે પ્રગટ થતાં પાક્ષિકમાં આપ સહુનો ફાળો પૂર્વ કરતાં પણ વધુ જોરથી મળ્યાજ કરશે, તેથી વિનમ્રભાવે અમારૂં આમંત્રણ છે કે-પૂજ્ય મુનિમહારાજો ધાર્મિક વિષયોના લેખો દ્વારા અને અન્ય વિદ્વાન્ તેમજ સેવાભાવી લેખકો સ્વશક્તિ અનુંસાર ધર્મ-સમાજ રાષ્ટ્રને લગતા લેખોથી કિંવા સંસ્થાની પ્રગતિમાં પૂરવણી રૂપે બની રહે તેવા સમાચારોથી અવશ્ય સહકાર આપશે.

**ઉગતા લેખકોને**-સમાજ ઉત્થાનમાં સ્હાયક બનવાના અભિલાષ સેવતા નવયુવાનોને પણ ભાવભીનું આમંત્રણ છે. વાંચકો અને ગ્રાહકોને તો એટલીજ પ્રાર્થના છે કે અન્ય ચર્ચા-કુથલી, કે કેવળ કલ્પના ગુંથણી વડે ગુંથાયેલ પત્રો માફક આ પત્રને ન માનતાં મધ્યસ્થભાવે કેવલ સમાજ સંગઠનની દિશામાં કામ કરી રહેલ એક જરૂરી સાધન સમાન લેખીને જોઇ જવાની-ગ્રાહક બની એને અપનાવી લેવાની ફરજ સમજીનેજ એના પાના ફેરવે.

—જૈન યુગ કમિટી

## જીવન સંગ્રામ અને કેળવણી.

સામાજીક જીવનમાં જો સહુથી મહત્વની કોઇ વસ્તુ હોય તો તે જીવન-સંગ્રામ છે. જીવનસંગ્રામમાં જો આપણે હાર્યા નકામા નીવડ્યા તો આપણી કેળવણી શા કામની ?

આજે દેશની સ્થિતિ એવી કટોકટીની છે. આપણ કરોડો લોકોને પેટની ચિંતાને પહોંચી વળવું એ જેટલું મહત્વનું લાગે છે તેટલું વિદ્યાસંપાદન કરવી એ લાગતું નથી. માટે પેટવાટેજ માથાને અને આખા શરીરને કેળવવું રહ્યું. કેળવણી અને આજીવિકા એ બે વચ્ચે જો મેળ ખાય નહિ તો પેટ સાથે છૂટા છેડા કરનાર કેળવણીની રાષ્ટ્રને ગરજ નથી, એટલુંજ નહિ પણ એવી કેળવણીમાં માલ પણ નથી.

દેશનાં છોકરા છોકરીઓને પ્રથમ પેટ ભરવાનો રસ્તો બનાવી આપવો જોઇએ અને તેમ કરવાની સાથે જેટલી બની શકે તેટલી સર્વોત્કૃષ્ટ કેળવણી તેમને મળે એમ કરવું જોઇએ. આમ થાય તોજ રાષ્ટ્રના કરોડો લોકો કેળવણી લેવાને તૈયાર થશે. અને તે કેળવણી તેમને સદશે પણ ખરી. આપણે કેળવણીકારોએ જોયું કે આ જાતની કેળવણી શાસ્ત્રસંમત પણ છે અને શ્રેયસ્કર પણ છે.

જ્યારથી ગાંધીજી હિંદુસ્થાનમાં પાછા આવ્યા છે ત્યારથી એમનો એજ અખંડ પ્રયત્ન રહ્યો છે કે દરેક પ્રાંતની જનતાની ભાષાનો ઉદ્ધાર થાય ને લોકોના હૃદયમાં તેમજ સરકાર દરબારમાં દેશી ભાષાની પ્રતિષ્ઠા વધે, કેમકે ભાષાભક્તિ એ દેશભક્તિનું એક બહુજ મહત્વનું અંગ છે. ગાંધીજીનો બીજો આગ્રહ એ પ્રત્યક્ષ પ્રયોગો કરી જોવા વિષેનો છે. કેવળ કિતાબી કેળવણીને આંધળા થઇ પ્રમાણ નહીં માનતા.

(કાકાસાહેબ કાલેલકરના ભાષણમાંથી)

**उद्‌धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧-૮-૩૮. સોમવાર.


# બિહાર સરકારની એરણુ પર—

ગયા અંકની નોંધમાં સુચવ્યા પ્રમાણે બિહાર સરકાર મંદિરો સબંધમાં જે બીલ ઘડવા ધારે છે એને લગતી પૂર્ણ વિગત બહાર આવી છે અને સાથોસાથ એ ભાગમાં વસતી જૈન પ્રજાએ તેમજ જૈન સમાજની અગ્રગણ્ય સંસ્થાઓ—શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, અને જૈન શ્વેતાંબર કોન્ફરન્સે પણ એ સામે વિરોધનો સુર કહાડયો છે. એટલાથી ધિરજ ન ધરતા ડેપ્યુટેશનમાં મળવાની ગોઠવણ થઇ રહી છે. અન્ય કેટલાક સ્થળોમાં પણ વિરોધદર્શક ઠરાવો થયા છે. આ જાતની જાગ્રતિ પ્રશંસનીય છે અને જૈન સમાજને લગતા આવા મહત્વના પ્રશ્નોટાણે એના દર્શન જરૂરી પણ છે.

છતાં સમાજનો વિસ્તાર જોતાં, અને પ્રચારની દિશામાં ઉંડા ઉતરતાં સખેદ કહેવું પડે છે કે એમાં એક ધારો નથી તો વ્યવસ્થિત પ્રબંધ કે નથી તો પૂર્ણપણે બીલને સમજી લઇ મુદાસર વિરોધને લગતું એકધારૂં આંદોલન! બીલની કલમે કલમનો સંપૂર્ણ અભ્યાસ કરી, કયા કયા મુદ્દાથી આપણા વહીવટમાં બહારની સત્તાનો હસ્તક્ષેપ થાય છે, કઇ કઇ રીતે મઠ અને મહંતના વહીવટ કરતાં જૈન તીર્થો અને મંદિરોના વહીવટની પ્રનાલિકામાં ફેર છે તે; અને મધ્યસ્થ વા સ્થાનિક સમિતિઓમાં યોગ્ય પ્રતિનિધિત્વના અભાવે જૈન સમાજને કેવા પ્રકારની હાડમારીઓનો સામનો કરવો પડે તેમ છે એ સર્વ વિસ્તારથી જાહેરમાં મૂકી જૈન સમાજને જાગ્રત કરવાની અગત્ય છે. બિહારના તીર્થો કે દેવાલયો એ કેવળ બિહાર-પ્રાંતમાં વસતા જૈનોની માલિકીના નથી જ. એપર ભારત-વર્ષમાં જુદા જુદા ભાગમાં વસતા તમામ જૈનોનો હક છે એ મુદ્દો અતિમહત્વનો છે. એ વાત કોન્ફરન્સના વિરોધમાં સ્પષ્ટ જણુવાઇ છે અને એ સાથે સરકારનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે કે એને લગતો કાનુન કરતાં પહેલાં બિહારપ્રાંતની બહાર વસ્તા જૈનોને જે કંઇ એ સામે કહેવાનુ હોય તે માટે પુરતો સમય આપવાની જરૂર છે. સાથોસાથ રજુ થતી કેફીયતો પર સંપૂર્ણ ધ્યાન દેવાની પણ તેટલીજ આવશ્યકતા છે.

આતો સામે ખડી થયેલી વિપત્તિનો ઉપાય માત્ર છે. એટલાથી એ દુઃખ દૂર થશે કે કેમ એ હજુન્ અનિશ્ચિત છે. એ માટે ઠેરઠેર પ્રબળ આંદોલન ઉભું કરવું પડે તો નવાઇ નહીં. આતો બિહારની વાત છે પણ બીજા પ્રાંતોમાં આ જાતના કે અન્ય પ્રકારના સવાલો ઉભા થવાના જ. બદલાતી સત્તા અને પર્યાય પામતી દેશ સ્થિતિ ઘણા ઘણા કોયડાઓનો ઉકેલ માંગવાની જ. એટલે સમગ્ર જૈન સમાજની દ્રષ્ટિયે એવા સંયોગોમાં યોગ્ય નિર્ણય કરી એકધારો સૂર કહાડવા સારૂ સંપૂર્ણ પ્રતિનિધિત્વ ધરાવનારી કોન્ફરન્સ સંસ્થાએ સતત જાગ્રત રહેવુંજ પડશે. જૈન સમાજના આગેવાનોએ-શ્રીમંતોએ-ધીમંતોએ અને સેવાભાવી સજ્જનોએ એની પાછળ પોતાના સામર્થ્ય પુંજો ખુલ્લા મૂકવા જોઇશે. 'હંસ પીંછે રળિયામણો' એ ઉકિત અનુસાર સંસ્થાનું બળ એની પાછળના અનુયાયી વર્ગની સંખ્યા પરથીજ મપાવાનુ એટલે એ જાતના સંગઠનની તૈયારીમાં રકતને ઓતપ્રોત થઇ જવાની પળ આવી પહોંચી છે.

કોઇ અટપટો પ્રશ્ન ઉપસ્થિત થતાંજ કોન્ફરન્સના નામનો પોકાર પડે છે. તોપછી એ સંસ્થા સતત્ કાર્ય કરતી રહે, એનો અવાજ સર્વત્ર હોંશભરે ઝીલાય, અને એ જયારે હુંકારો કરે ત્યારે પ્રત્યેક સ્થળમાં એનો પડઘો પડે એવી સ્થિતિ ઉભી કરવાની શું અગત્ય નથી? સારી રકમના દાનથી, મોટા શહેરો તરફથી સારી રકમના ફાળાથી, આવતાં પર્યુષણ મહાપર્વમાં વિપુળ સંખ્યામાં સુકૃત ભંડારની ઝોળીઓભરી એને સમૃદ્ધ કરવાની શું આપણી એટલે દરેક જૈનની ફરજ નથી? એકાદી વાત પકડી હાથ ધોઇ નાંખવા એતો સહજ છે. કંઇ ન કરવાના ચાળા છે! લાંબા સાદે પોતાની જાતના અણુગા કુંકી, તેરમુ કરવા જેવા મલિન શબ્દ પ્રયોગ કરવો એમાં આપબડાઇને અછકલાઇ છે. શાસનસેવાના ઇજારદારો આજે કયાં છે? તેઓ પક્ષપાતના ચશ્મા ઉતારી જોસે તો જણાશે કે જૈનધર્મપ્રત્યેનુ બહુમાન કેવળ વાણીના ઉચ્ચારમાં નથી સમાતુ જૈન શાસનની સેવા કેવળ વાવટામાં 'સવી જીવ કરૂં શાસન રસી' લખવા માત્રથી નથી થતી, અને થોડાક મૂડીવાદીના જોરે કાર્યકરતી સંસ્થામાં ભાગલા પાડી, નવા તાબૂતો ઉભા કરી તીર્થરક્ષા કે જૈન સંસ્કૃતિના રક્ષણુ નથી થવાના. નજર સામે દીવા-જેવું ખુલ્લું છે કે આવેગ અને ઉતારાથી છલકાઇ જનારા જયારે આજે કુંભકર્ણની નિદ્રામાં પડ્યા છે ત્યારે પણ એ મહા સંસ્થા પોતાના ચીલે ગતિમાન છે.

છુટા પડેલ વર્ગ આ વસ્તુસ્થિતિ પારખે. એને ઉપાલંભ તરિકે ન લેખતાં એમાં રહેલી સચ્ચાઇ ગળે ઉતારે. મતફેર કાયમ રાખી મનોભેદ ન કરે. બંધારણીય પદ્ધત્તિએ જરૂર લડત લડે પણ જયારે અન્ય પ્રશ્નોનો સામનો કરવાની વિષમ પળ ઉપસ્થિત થઇ છે, જયારે તીર્થ સબંધીના પ્રશ્નો ગુંચવાઇ ચુકયા છે અને જયારે પૂર્વજોનો વારસો સરી પડવાની ઘડીયો ગણાય છે ત્યારે પરસ્પરના મતભેદોને ભુલી જઇ, મામુલી વાતોને અભરાઇપર ચઢાવી, એક વાવટા હેઠળ એકત્ર બની, વિદ્યમાન ભાગળાને સાંધી દઇ અડગતાથી ઉભી શકાય એવું દ્રઢ સંગઠન કરવાની જરૂર છે.

'संहति कार्य साधिका' એ નીતિસુત્ર ઘડીભર પણ વિસ્મૃત ન થવું ઘટે.

# નોંધ અને ચર્ચા

## ભાખરીયા કેસનો ચુકાદો—

મ્હેસાણામાં સંઘ બહાર પ્રકરણ અંગે ચાલતા ભાખરીયા કેસનો જે ચુકાદો પ્રગટ થયો છે એ પરથી માત્ર આગેવાનો-એજ નહિં પણ વારે કવારે ધર્મના નામે ઝનુન ચઢાવનાર સાધુવર્ગે પણ ખાસ ધડો લેવાનો છે: શ્રી લક્ષ્મણસુરિના રૂ. ૫૦૦) નો દંડ અથવા બે માસની આસન કેદની શિક્ષા એ દુઃખ ઉપજાવે તેવી વાત છે! ભાગ્યેજ કોઇ જૈન એથી આનંદ પામે! પણ જ્યારથી સાધુ સમાજમાં એક ઝનુની વર્ગ પેદા થયો છે ત્યારથી સાધુ સંસ્થાની પૂર્વકાલિન પ્રતિમાને ઝાંખપ લગાડે અને એના પવિત્ર ને પરમાર્થી જીવનને ક્ષતિ પહોંચાડે તેવાં કાર્યો બનતાજ ગયા છે. એમાં આ કેસના ચુકાદાએ આડો આંક વાળ્યો છે. સાધુ-સંતોના ઉપદેશ તો અમૃત સમા કલ્યાણકારી હોય. એમના પગલાં કલહ-કંકાસ મટાડીને વાતાવરણમાં શાંતી સ્થાપનાર હોય પણ જ્યાં અમૃતને બદલે ઝેર વરસતું હોય અને જ્યાં શાંતિને નામે ધર્મ ઝનુનના પાણી પવાતા હોય. સંઘ બહાર જેવીજ વસ્તેજ વાપરવા રૂપ શિક્ષાનો કોયડો વાતવાતમાં વિંઝાતો હોય, ત્યાં સાધુતાને એબ લગાડે તેવું પરિણામ આવે તેમાં શી નવાઇ! અંતરમાં ઉદ્વેગ થાય છતાં એનો પ્રતિકાર શો? એ ઝનુની સાધુ વર્ગને ભારપૂર્વક અપીલ કરીએ કે તેઓ દેશ-કાળ ઓળખી લઇ ઝઘડાળુ પ્રવૃત્તિ પર કાબુ રાખે. વ્યાખ્યાન પીઠનો ઉપયોગ જિનવાણી શ્રવણ કરાવવાના મર્યાદિત ક્ષેત્રમાંજ કરે. કદાચ મૂઠીભર આત્માઓને ધર્મદ્રોહ ને ગુરૂનિંદાને માર્ગે ઉતરેલા જુવે તો પણ આવેગ નજ ધરે-કેવલ એમની દયા ચિંતવે. સર્વજ્ઞ દેવના શાસનને એવા મગતરાઓથી કંઇજ હાનિ પુગવાની નથી એવી દૃઢ શ્રદ્ધા રાખે. દલીલ પુરસ્સર ઉપદેશ દેવારૂપ ધર્મ માટે મના નથીજ. બાકી ખંડનાત્મક કે ભંજનાત્મક પ્રવૃત્તિને નવ ગજના નમસ્કાર કરે. એમાંજ શાસન શોભા ને સંસ્થાનું ગૌરવ સમાયેલ છે.

## ભાવનગરમાં કૉન્ફરન્સનું આગામી અધિવેશન.

( અમારા ખબરપત્રી તરફથી )

અખિલ હિંદ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના આગામી પંદરમાં અધિવેશન માટે આમંત્રણ અપાયા પછી સબકમિટી નીમવામાં આવી હતી તે કમિટીએ વધારે સ્વાગત સમિતિના સભ્યો નોંધાવવાનું કાર્ય ચાલુ કરેલું છે. એકાદ માસમાં બીજા વિશેષ સંખ્યામાં સ્વાગત સભ્યો નોંધાયા પછી ભાદરવા માસમાં સ્વાગત પ્રમુખ તથા બીજા હોદ્દેદારો તથા પેટા-સમિતિઓની નિમણુંક કરવા સ્વાગત સમિતિની સભા બોલાવવામાં આવશે એમ લાગે છે. અત્યારના સંયોગો, વાતાવરણાદિ જોતાં કૉન્ફરન્સની બેઠક નાતાળના દિવસો દરમ્યાન ભરવામાં આવશે એમ સંભળાય છે. આચાર્ય શ્રી વિજયનેમીસૂરીશ્વરજી મહારાજ ભાવનગરમાં બિરાજે છે. કૉન્ફરન્સના મુખ્ય કાર્યાલય મુંબઇના કાર્યકર્તાઓ એકાદ વખત ભાવનગરની મુલાકાત લે તો બેઠકની તૈયારીઓને વધુ વેગ મળે એવું અત્રેના આગેવાનોનું માનવું છે. ઉત્સાહ અને લાગણી ખૂબ છે.

## કેટલાક દીર્ઘદ્રષ્ટિ સુચક ઠરાવો.

વર્તમાન રાજ્ય તંત્રમાં દિન પર દિન થઇ રહેલા ફેરફારોથી જૈન સમાજના મોવડીઓ સાવ અજાણ તો નજ હોઇ શકે. વર્ષો પૂર્વે આપણી કૉન્ફરન્સ દ્વારા થતા ઠરાવોનો અમલ કરાયો હોત તો જે આજે ફરજીયાત કરવું પડે છે તે સ્થિતિ ન જન્મત. શ્રીમતી કૉન્ફરન્સના કેટલાક ઠરાવો દીર્ઘદર્શિતાના સચોટ પુરાવા સમાન છે. એમાંનો એક તો નિરીક્ષણ ખાતા સંબંધીનો. વર્ષો પૂર્વે ધર્માદા હિસાબોનું નિરીક્ષણ કરવાનું એક ખાતુ એની હસ્તક ચાલતું. એ ખાતાના માણસો જુદા જુદા શહેરોમાં જઇ જાતે ધાર્મિક ખાતાઓની તપાસ કરતાં ને ઘટતી સુચનાઓ કરતા. તેમના રીપોર્ટ પરથી વહીવટદારોને ઘટતી સુચનાઓ અપાતી. એનો આશય એજ હતો કે કોઇ પણ રીતે ધર્માદા ખાતાના હિસાબ ચોખવટભર્યા રહે; અને દેવ દ્રવ્ય ચવાઇ જાય નહીં સખેદ જણાવવું પડે છે કે આવા એક જરૂરી પગલાંને કેટલાક બડેખાંઓએ કેવળ પોતાની પોલ ખુલ્લી ન જાય એ ખાતર બંધ કરવા કમર કસી એ સામે વિરોધનો વંટોળ ઉભો કીધો. એ કામને સરળ કરી આપવાને બદલે અડચણો ઉભી કરવામાં ધર્મ માન્યો, પોતાની હસ્તકના હિસાબ બતાવવામાં ગલ્લા તલ્લા વાળ્યા; અને એક આગેવાન સંસ્થાએ તો જો તે આવી રીતે હિસાબ બતાવે તો એનો ભરમ ખુલી જાય એવી લુલી દલીલ કરી કાયદાને ઠોકરે ઉડાવ્યો! વહીવટી તંત્ર ઘણે ભાગે ખરે સ્થળે શ્રીમંતોના હાથમાંજ હોય છે એટલે એ સંબંધમાં લાંબી નજરે વિચાર્યા વગર એક બીજાનું અનુકરણ કરી શાસ્ત્ર તેમજ વ્યવહાર દૃષ્ટિયે યોગ્ય અને દૂર અંદેશીભર્યા પગલાનો વિરોધ કરી કેવળ આત્મસંતોષ અનુભવ્યો. થોડા સમય બાદ આ ખાતુ બંધ પડ્યું. એનાં કડવાં ફળ જે આવ્યા છે તે નજર સામે ખુલ્લાં પડયાં છે. કેટલીએ જગ્યાએ જે પૈસાને અડકવામાં પાપ લેખાય! અરે જેના ભક્ષણથી ભવોભવ માઠી ગતિઓમાં જન્મ લેવા પડે! અને જેને માટેના કથાનકો અવલોકતાં દેહનાં રૂવાંડાં ખડાં થાય! એવું દેવદ્રવ્ય વિશાળ પ્રમાણમાં ચવાઇ જવાયું! અરસ પરસની ચશ્મપોસીમા-ખુદ વહીવટકર્તાઓ તરફથી જ 'હોમ સ્વાહા' થઇ ગયું હિસાબોમાં જાત જાતના ગોટાળા થયા. નતીજો એ આવ્યો કે ત્રીજી સત્તાને-સરકારને-એમાં હાથ નાંખવાની જરૂર જણાઇ. એ સામે આજે બુમરાણ મચાવાય છે. એવી પણ દલીલ થાય છે કે ભીતરની વાત શામાટે બહારનાને બતાવવી? છતાં અનુભવેથી ઘડાયેલ એક વર્ગ સ્પષ્ટ જોઇ રહેલ છે કે સરકારી સત્તા વિના આજના ઘણાખરા તંત્ર વાહકોની શુદ્ધ ઠેકાણે આવે તેમ નથીજ. શાસ્ત્રના કડક ફરમાનને જે ગળી ગયા તે રાજ્યસત્તાના કાયદા વિના સમજે તેમ નથીજ. એટલે એવા કાનુનને વધાવી લેવામાં જ કલ્યાણ છે. આ મંતવ્ય સાવ ભુલભર્યું છે એમ નજ કહી શકાય. અલબત ત્રીજી સત્તાની દરમ્યાનગીરી લાભદાયી નથીજ; છતાં જ્યાં પોતાની માનીતી સંસ્થાને-પ્રતિનિધિત્વના ધોરણે કામ કરતી સંસ્થાને-પ્રેમભાવે દીર્ઘદ્રષ્ટિએ કામ લેતી સંસ્થાને-સ્હાયભુત ન બનવું હોય ત્યાં 'પારકી મા કાન વીંધે' તેવું થાય એમાં શી નવાઇ? નીચી મુંડીએ સત્તા આગળ બધું ખુલ્લું મુકવુંજ પડે ને! હજુપણ પુનઃ એવું ખાતું ઉભુ કરવામાં આવે અને એને સર્વ સ્થળોનો આવકાર મળે તો ઘણી હાડમારી અને વધુ પડતા ખરચમાંથી ધર્માદા ખાતા બચી જશે. એને વધાવી લેવાની તત્પરતા સમાજ દાખવશે કે?

# કલેશાગ્નિને સમાવો !

જેને મુખે સાંભલીએ તેને મુખેથી એકજ જાતનો અવાજ આવે છે કે જૈન સમાજ દિન પ્રતિદીન હ્રાસ તરફ પ્રયાણ કરી રહેલ છે. સમગ્ર દૃષ્ટિથી વિચારી જોઇએ તો એ વાતમાં તથ્ય સમાયેલું છે એમ કબુલવુંજ પડશે.

જે સમાજ એક વખત ધનશાલી હતો, જે સમાજ એક વખત શક્તિશાળી હતો, જે સમાજ એક વખત સત્તાશાળી હતો, જે સમાજમાં રત્ન સમાન સમાજ હિત ચિંતકો એક સમયે અસ્તિત્વમાં હતા તેજ જૈન સમાજ આજે વિનાશના ઝંઝાવાત તરફ—અધોગતિની ઉંડી ગર્તા તરફ ત્વરિત ગતિએ જઇ રહ્યો છે એમ ખુલ્લી આંખે જોઇ શકાય છે.

જૈન સમાજનો દેહ આજે ઘણા રોગોથી પીડિત બન્યો છે. વૈદકમાં ત્રિદોષને મહાન રોગ ગણેલ છે. પણ અમારો જૈન સમાજ તો આજે એવા અનેક ત્રિદોષોથી ઘેરાઇ ગયેલ છે ખેદની વાત છે કે કોઇ ધનવન્તરી સમાજ દેહની નાડ હાથમાં લઇ, નિદાન શોધી, દવા કરનાર નથી.

આ લેખકને કેળવણી પ્રચારાર્થે હમણાંજ ગુજરાત-કાઠી-આવાડના લગભગ પચાસ ઉપરાંત ગામોમાં જવાનું બન્યું હતું. સ્થળે સ્થળે જે દુઃખદાયક દ્રસ્ય જોવાયું હતું તત્સંબંધે પ્રસ્તુત-લેખ લખવાનું બને છે.

નાના-મોટા અનેક વિવાદાસ્પદ પ્રશ્નોને અંગે ઠેર ઠેર સંઘ ગૌરવ જોખમાતું જાય છે. તે માંહેની એક બાબત તે-આંતર કલહ છે. અર્થાત્ ઘણે સ્થળે કુસંપના મંડાણ દેખાયા છે. **संहतिः कार्य साधिका** સંપ એ કાર્ય સાધક છે એ સુત્ર ભુલાઇ ગયું છે અને તેને સ્થાને નજીવિ બાબતોમાં કુસંપે પગરણ કીધા છે. વ્યવહાર નિપુણ ગણાતા વણિકો આવી બાબતમાં શક્તિનો દુર્વ્યય કરી રહ્યા છે.

કેટલીક વખત નાની બાબતોના મોટા પરિણામ આવે છે. ક્ષણ જીવી ઝગડા કોર્ટના દ્વારે ચઢતાં ચિરંજીવી બને છે. સમાજના દ્રવ્ય અને શક્તિનો એ ઝગડાઓ ભોગ લીધા કરે છે. અને એ રીતે વૈમનસ્યની પરંપરા વધ્યાજ કરે છે અર્થાત્-એવા પણ સ્થાનો જોયાં કે જ્યાં ઘર મેળે પતી શકે તેવા ઝગડા-મંદિર ઉપાશ્રયના કે મંદિરની મિલ્કત તથા સત્તા વિષેના ઝગડાઓ વર્ષો થયા કોર્ટના દ્વારે ચાલ્યા કરે છે દરેક પક્ષ પોતાનું ગાણું ગાય છે.

આ આંતર કલહ મિટાવવાની ખાસ જરૂર છે ધર્મને નામે ચડેલા ઝગડા ધર્મને લજવે છે. તે સિવાયના ક્ષુદ્ર ઝગડાઓનું પણ દફન થવું ઘટે છે. એટલા માટે તો દીર્ઘ દૃષ્ટિ શાસ્ત્રકારોએ સંવત્સરી જેવા મહા પર્વની યોજના કરી છે કે-જે દિવસે અરસપરસ સૌ કોઈ ખમાવી વૈર મુક્ત બની જાય. પરંતુ ખેદની વાત છે કે એજ પવિત્ર દિવસ અમારે સમરાંગણ બને છે. કલેશાગ્નિ જાગે છે. અને નૂતન બાબતો ઉભી કરી અમારા પૂજ્ય પુરૂષો તેમાં ઘૃત હોમે છે. આ સ્થિતિમાં સૌમનસ્ય ક્યાંથી સધાય?

વ્હાલા વીર પુત્રો, સંવત્સરી પછી સુંદર ડીઝાઇનની ખમત ખામણાની કંકોતરીઓ મિત્રો પર લખવાથી સંવત્સરીની સાર્થકતા નથી. સંવત્સરીની સાર્થકતા તો વિરોધી સાથેના વૈરો ભૂલી જઇ તેને ખમાવવા અને તેમ કરી તેને બન્ધુ સમ જાણી ભેટવામાં છે જ્યારે એ સ્થિતિ બનશે ત્યારે અમારા જૈન સમાજમાં કાળમુખા કુસંપો અને ભડભડતા કલેશાગ્નિઓ નહીં હોય.

આ કર્તવ્ય અમારા પૂજ્ય પુરૂષોનું છે. ભગવાન મહાવીરના જ્યેષ્ઠ પુત્રોનું છે. પણ તેમનું કાર્ય આપણી દૃષ્ટિ સામે છે એટલે હવે તો કલેશ શમનમાં પ્રત્યેક સુજ્ઞ જૈને પ્રયાસ કરી ફાળો આપવાનો છે. સંઘમાં સંપ શાંતિ વર્તે એ ઓછી મહત્વજનક બીના નથી એ માર્ગે, યુગ ધર્મને પીછાની સૌ વળો એમ ઇચ્છીએ

—રાજપાળ મગનલાલ વ્હોરા.

# बिहार रिलीजीअस एन्डावमेन्ट बील सामे कलकत्ताना जैनोनो विरोध.

सन १९३८ के बिहार हिन्दू रिलीजिअस एन्डोमेंट बिलका विरोध करने के लिये स्थानीय श्री श्वेताम्बर जैन श्री संघ की एक सभा गत २३ जुलाई को नं. १३ नारायण-प्रसाद बाबू लेव में श्री बहादुरसिंहजी सिंघी के सभापतित्व में हुई जिसमें सर्व सम्मतिसे स्वीकृत प्रस्ताव की नकल प्रकाशनार्थ भेजी जा रही है। प्रस्ताव चूंकि बिहार गवर्नमेन्ट आदि स्थानो में भेजा जावेगा इस लिये अंग्रेजी में ही पास किया गया है। साथही इस संबंध में आवश्यक सभी कार्यवाई करने के लिये निम्न १२ सज्जनों की एक कमिटी बनाई गई है।

१ श्री बहादुरसिंहजी सिंघी—सभापति.
२ „ गणेशलालजी नाहटा—मंत्री.
३ „ नवकुमारसिंहजी दुधोलिया.
४ „ भंवरमलजी सिंघी.
५ „ मोहनलाल लल्लुचंद शाह.
६ „ केशवजी नेमचंद.
७ „ लक्ष्मीपतसिंहजी कोठारी.
८ „ प्राणजीवन जेठाभाई.
९ „ विजयसिंहजी नाहर.
१० „ अमरचंदजी बोथरा.
११ „ कस्तूरचंदजी मोघा.
१२ „ सिद्धराजजी ढड्ढा.

(ઠરાવની નકલ સ્થળ સંકોચને લઇ આપી નથી)

# "આપણું વિદ્યમાન આગમ સાહિત્ય."

**બાર અંગો**—પરમાત્મા મહાવીર દેવે જે જે વસ્તુ સ્વરૂપ કહ્યું તે ઉપરથી ગણધર મહારાજાઓએ સૂત્ર રચના કરી. એનુ નામ જ અંગ. વિદ્યમાન અંગોની ગુંથણી મુખ્ય શિષ્ય જંબુ-સ્વામીને ઉદ્દેશીને ભગવંત મહાવીરના પાંચમા ગણધર શ્રી સુધર્મે કરેલી મનાય છે. એમાં ક્રમ એવો નિયત કર્યો છે કે ભગવાન મહાવીર દેવને મુખ્ય ગણધર શ્રી ગૌતમ સ્વામી પ્રશ્ન પૂછે છે અને પ્રભુશ્રી તેનો ઉત્તર આપે છે. આ તો રચના સંબંધી વાત થઇ, પણ એ સર્વ પુસ્તકારૂઢ તો પ્રભુના નિર્વાણ બાદ ૯૮૦ વા ૯૯૩ વર્ષે થયાં અને તે વેળા સ્મરણશક્તિ અનુસાર આચાર્યોએ એકત્ર મળી સર્વ લખી લીધુ. એમાં શ્રી દેવર્દ્ધીગણિએ તેમજ શ્રી સ્કંદિલાચાર્યે મુખ્ય ભાગ ભજવ્યો છે. પ્રથમ સૂરિજીએ વલ્લભીપુરમાં અને પાછળનાએ મથુરામાં અન્ય વિદ્વાન સૂરિપુંગવોની સ્હાયથી એ કાર્ય પાર ઉતાર્યું. તેથી જ વલ્લભી વાચના અને માથુરી વાચના એવા બે ભેદ ગણાય છે. આ સંબંધમાં વધુ જાણવાના જીજ્ઞાશુએ. મુનિશ્રી કલ્યાણવિજયજી કૃત 'વીર નિર્વાણ સંવત ઔર જૈન કાળ ગણના' એ નામનું ઐતિહાસિક પુસ્તક વાંચવું. એમાં સારી રીતે આ વિષય ઉપર અજવાળું પાડવામાં આવ્યું છે અને પ્રચલિત સંવત્સરો સાથે મેળ પણ મેળવ્યો છે. આ રીતે યાદદાસ્ત મુજબ પ્રાપ્ત થયેલ બાબતો આપણને જે વારસામાં અપાઇ છે તેનો ક્રમ નીચે મુજબ છે. એ ઉપર વિદ્વાન આચાર્યોએ નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ અને ટીકાઓ પણ રચેલી છે આ રીતે મૂળ અંગ અને ઉપર પ્રમાણે એના પર ચાર જાતની નાની મોટી સમજુતીઓ મળી પંચાંગી કહેવાય છે. એ સર્વ શ્રધ્ધેય છે.

(૧) આચારાંગ સુત્ર મુળ ૨૫૦૦ શ્લોક પ્રમાણ છે. એ પર ૪૫૦ શ્લોકની નિર્યુક્તિ ૮૩૦૦ ની ચૂર્ણિ અને ૧૨૦૦૦ શ્લોકની ટીકા છે. એમાં મૂળ જૈન મતનું સ્વરૂપ તથા સાધુ-સાધ્વીના આચાર સંબંધી વિવેચન મુખ્યપણે છે.

(૨) સુત્રકૃતાંગ કે સૂયગડાંગ છે. મૂળ ૨૧૦૦ શ્લોક ૨૫૦ ની નિર્યુક્તિ ૧૦૦૦૦ ની ચૂર્ણિ અને ૧૨૮૫૦ ની ટીકા છે. મુખ્યપણે ૩૬૩ મતનું સ્વરૂપ વર્ણવેલ છે.

(૩) ઠાણાંગ—મૂળ ૩૭૭૫ અને ટીકા ૧૫૨૫૦ શ્લોકની છે. એકથી દશ સુધી જગતમાં જણાતી વસ્તુઓ સંબંધી વિસ્તારથી કથન છે.

(૪) સમવાયાંગ મૂળ શ્લોક ૧૬૬૭, ટીકા ૩૭૭૬ એમાં એકથી કોટાકોટિ સુધીના પદાર્થોનું કથન છે.

(૫) ભગવતીજી મૂળ શ્લોક ૧૫૭૫૨ ટીકા ૧૮૬૧૬ શ્રી ગૌતમ સ્વામીએ કરેલા ૩૬૦૦૦ પ્રશ્નોત્તરો છે.

(૬) જ્ઞાતા ધર્મ કથા મૂળ શ્લોક ૬૦૦૦ ટીકા ૪૨૫૨ સાધુઓને બોધ અર્થે જૂદા જૂદા કથાનકો.

| | | |
|---|---|---|
| (૭) ઉપાશક દશાંગ મૂળ શ્લોક | ૮૧૨ | આનંદાદિ દશ શ્રાવકોનું સ્વરૂપ. |
| (૮) અંતગડ | ,, ૭૯૦ | ટીકા શ્લોક ૧૩૦૦ મોક્ષે ગયેલા ૯૦ જીવોનું વર્ણન. |
| (૯) અનુત્તરોવવાઇ | ,, ૧૯૨ | અનુત્તર વિમાનમાં ઉપજેલા સંબંધી હેવાલ. |

(૧૦) પ્રશ્ન વ્યાકરણ મૂળ શ્લોક ૧૨૫૦ ટીકા ૪૬૦૦ હિંસાદિ પાંચ આશ્રવ ને અહિંસાદિ પાંચ સંવર વિષે.

(૧૧) વિપાક શ્રુતાંગ મુળ શ્લોક ૧૨૧૬ ટીકા ૯૦૦ દશ દુઃખ વિપાકી ને દશ સુખ વિપાકી જીવોનું સ્વરૂપ.

(૧૨) દ્રષ્ટિવાદ આ આખુયે અંગ હાલ વિચ્છેદ ગયુ ગણાય છે. એની પ્રાપ્તિ કોઇ પણ સ્થળેથી થઇ શકે તેમ નથી. કેમકે એ સ્મૃતિનો વિષય છે. ચૌદ પૂર્વનું સારૂયે જ્ઞાન એમાં સમાવેશ પામી જાય છે. એનો ક્રમ—

૧ ઉત્પાદ પૂર્વ એક ક્રોડ પદ સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયોની ઉત્પત્તિ સંબધી સ્વરૂપ

૨ આગ્રાયણી મૂળ શ્લોક છન્નુ લાખ ટીકા સર્વદ્રવ્ય, સર્વ પર્યાય અને સર્વ જીવ વિશેષ સંબધી પ્રમાણ.

૩ વીર્યપ્રવાદ મૂળ શ્લોક સીતેર લાખ ટીકા કર્મ સહિત અને કર્મ રહિત જીવ અજીવ પદાર્થોના વીર્ય શક્તિ વિષે.

૪ અસ્તિ નાસ્તિપ્રવાદ મૂળ શ્લોક સાઠ લાખ ટીકા સર્વ વસ્તુ સ્વરૂપને લઇ અસ્તિ રૂપ ને પરરૂપે નાસ્તિરૂપ ઇત્યાદિ.

૫ જ્ઞાન પ્રવાદ મૂળ શ્લોક એક ક્રોડ એક પદ ન્યૂન ટીકા મતિ આદિ પાંચ જ્ઞાનનું વિસ્તારથી સ્વરૂપ.

૬ સત્ય પ્રવાદ મૂળ શ્લોક એક ક્રોડને છપદ અધિક ટીકા સત્ય સંયમ વચનનું વિસ્તારથી સ્વરૂપ.

૭ આત્મ પ્રવાદ મૂળ શ્લોક છવીશ ક્રોડ પદ આત્મા જીવ વિષે સાતસો નય-મતોથી યુક્ત વર્ણન.

૮ કર્મ પ્રવાદ મૂળ શ્લોક એક ક્રોડ ને એંશી હજાર ટીકા જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ પ્રકૃત્તિ સંબધી વિસ્તારથી સ્વરૂપ.

૯ પ્રત્યાખ્યાન પ્રવાદ મૂળ શ્લોક ચોરાશી લાખ ટીકા પ્રત્યાખ્યાન એટલે ત્યાગને લાયક વસ્તુઓનું સ્વરૂપ.

૧૦ વિદ્યાનુંપ્રવાદ મૂળ શ્લોક એક ક્રોડ ને દશ લાખ પદ ટીકા અનેક અતિશયવંત ચમત્કારી વિદ્યાઓનું કથન.

૧૧ અવંધ્ય મૂળ શ્લોક છવીસ ક્રોડ પદ ટીકા જ્ઞાનાદિના શુભ ફળ તથા પ્રમાદાદિના અશુભ ફળ માટે કથન.

૧૨ પ્રાણાયુ મૂળ શ્લોક એક ક્રોડ પંચાસ લાખ પદ પાંચ ઇંદ્રિય, ત્રણ બળ, શ્વાસોશ્વાસ ને આયુ સંબંધી વર્ણન.

૧૩ ક્રિયાવિશાળ મૂળ શ્લોક નવ ક્રોડ પદ ટીકા સંયમ ક્રિયા છંદ ક્રિયા વિગેરેનું સ્વરૂપ.

૧૪ લોક બિંદુસાર મૂળ શ્લોક સાડાબાર ક્રોડ પદ ટીકા શ્રુત-જ્ઞાન સંબધી સર્વોત્તમ સર્વાક્ષરોને મેળવી જાણવાની શક્તિ સંબધી સ્વરૂપ.

આ આખુંયે સ્વરૂપ જૈન ધર્મ વિષયીક વિવિધ પ્રશ્નોત્તર નામની ચોપડીમાંથી ટુંકાવી લખવામાં આવ્યું છે ઉપરોક્ત પૂર્વોનું જ્ઞાન જો લખવા માંડીએ તો કેટલી વિશાળ સંખ્યાના હાથી સમાન શાહીનો પુંજ થવા જાય તેનું વર્ણન શ્રી કલ્પ-સૂત્રમાં આવે છે. ટુંકમાં કહેવાનું એટલુંજ કે તે લખ્યું ન

જાય એટલું વિશાળ જ્ઞાન છે; હાથી જેટલું શાહી પ્રમાણ એ તો માત્ર ઉપમા છે. એનો સર્વ આધાર સ્મૃત્તિ પરજ છે. એક પૂર્વ સુધીનું જ્ઞાન શાસ્ત્રોને ગ્રંથારૂઢ કરનાર શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણમાં હતું એમ સંભળાય છે. બારમું અંગ વિચ્છેદ હોવાથી પીસ્તાલીશ આગમમાં માત્ર અગીઆર અંગ ગણાય છે.

બાર ઉપાંગ—૧ ઉવવાઈ, ૨ રાજપ્રશ્નીય, ૩ જીવાભિગમ, ૪ પન્નવણા, ૫ જંબુદ્વિપ પન્નતિ, ૬ ચંદ પન્નત્તિ, ૭ સૂર્ય પન્નત્તિ, ૮ નિરયાવલિ યા શુંરખંડ કપ્પિયા, ૯ કપ્પવંડસિયા, ૧૦ પુપ્ફિયા, ૧૧ પુપ્ફચૂલિયા, ૧૨ વન્હિદશાંગ મળી બાર ઉપાંગ કહેવાય છે.

ચાર મૂળસુત્ર—૧ આવશ્યક, વિશેષાવશ્યક, પાક્ષિક આવશ્યક અને ઓઘનિર્યુક્તિ, ૨ દશવૈકાલિક, ૩ પિંડનિર્યુક્તિ, ૪ ઉત્તરાધ્યયન. એ મૂળ સુત્રમાં ગણાય છે.

૭ છેદ સુત્ર—૧ દશાશ્રુત સ્કંધ, ૨ વૃહત્કલ્પ, ૩ વ્યવહાર, ૪ પંચકલ્પ, જીતકલ્પ, ૫ નિશિથ તથા ૬ મહાનિશિથ સુત્ર મળી છનો સમાવેશ છેદ સુત્રમાં થાય છે.

દશ પઇન્ના—ચતુઃશરણ–આયુર પ્રત્યાખ્યાન–ભક્તપરિજ્ઞા–મહાપ્રત્યાખ્યાન–તંદુવેયાલીય–ચંદ્રવેધ્યક–ગણિવિદ્યા--મરણસમાધિ દેવેંદ્રસ્તવને વીરસ્તવ અને ગચ્છાચાર સંસ્તાર તથા ચૂલિકા સહિત મળીને દશ.

૪૪ શ્રી નંદિસુત્ર—જેમાં પાંચ જ્ઞાન સંબંધી વિસ્તારથી સ્વરૂપ વર્ણવેલું છે.

૪૫ શ્રી અનુયોગ દ્વારસુત્ર—સામાયિક આદિ વિષયો પરની વ્યાખ્યાથી યુક્ત ગ્રંથ ઉપાંગાદિ અન્ય સુત્રોના રચયિતા–પ્રભાવક ને વિદ્વાન્ સુરિ પુંગવો છે. એટલે એ સર્વ ગ્રંથો શ્રધ્ધેય છે. આ ઉપરાંત જૂદા જૂદા વિષયો ઉપર પણ સંખ્યાબંધ ને બુદ્ધિમાં ચમત્કાર પેદા કરે તેવા ગ્રંથો પૂર્વના મહાન્ પુરૂષો દ્વારા સર્જન કરાયેલાં દૃષ્ટિ ગોચર થાય છે. જેવા કે—લોકપ્રકાશ, પ્રશમરતિ, શ્રી કલ્પસુત્ર, વસુદેવ હિંડી, સન્મતિતર્ક, ઉપદેશમાળા, ઉપમિતિભવ પ્રપંચ કથા, તત્વાર્થાધિગમ સુત્ર, યોગશાસ્ત્ર, ઉપદેશ પ્રાસાદ, ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર, ધર્મબિંદુ, ષડ્દર્શન સમુચ્ચય, અધ્યાત્મ કલ્પદ્રુમ, અધ્યાત્મ સાર, સંઘપટ્ટક, કર્મગ્રંથ, કમ્મપયડી, ઉપદેશપદ, શત્રુંજય મહાત્મ્ય, કુમારપાળ ચરિત્ર, ધર્મપરિક્ષાનો રાસ, પ્રાચીન જૈન ઇતિહાસ, ભાગ ૧/૨ વર્ધમાન દેશના, પ્રશ્નોત્તર રત્ન ચિંતામણી, અજ્ઞાન તિમિર ભાસ્કર, અઢાર દૂષણ નિવારક, તત્વ નિર્ણય પ્રાસાદ, પ્રભાવક ચરિત્રમ્, જૈન તત્વાદર્શ, શ્રાદ્ધવિધિ, વિવેક વિલાસ, કુવલયમાલા, ચિકાગોપ્રશ્નોત્તર, Jainism ઉપદેશ તરંગિણી, જૈન દર્શન, History & Literature of Jainism, Outlines of Jainism, જૈન શ્વેતાંબર મંદિરાવલી, કૃપારસકોશ, Epitome of Jainism, Sacred book of Jains Vol I, Notes on modern Jainism, આનંદઘન પદ રત્નાવલી ભાગ ૧ લો સુરીશ્વર અને સમ્રાટ, પરિશિષ્ટપર્વ ઉપદેશ સપ્તતિકા, જ્ઞાનસાર, સ્યાદ્વાદમંજરી, ઉપદેશ રત્નાકર. Jain Philosophy, નવતત્વ વિસ્તારાર્થ, જૈન દ્રષ્ટિયે યોગ, સિંદુરપ્રકર તત્વાખ્યાન, ભાગ ૧/૨ પ્રબંધચિંતામણી, માનવધર્મસંહિતા, આગમસાર, આધ્યાત્મિક વિકાસ, દ્રવ્યગુણપર્યાયનો રાસ, તત્વાર્થસુત્ર સભાષ્ય ભાગ ૧/૨ સમયસાર, પ્રાચીન જૈન લેખ સગ્રંહ, ધાતુપ્રતિમા લેખ સંગ્રહ, ઐતિહાસિક રાસ સંગ્રહ. આ ઉપરાંત પ્રાકૃત ભાષામાં–તેમજ સંસ્કૃત ગિરામાં, સમરાઇચ્ચકહા, તરંગલોલા, તિલક મંજરી આદિ કંઇ કંઈ જાતના ગ્રંથો તેમજ સંખ્યાને વટાવી જાય તેવા ચરિત્રો અને કથાનકો છે. એના ભાષાંતરો પણ દ્રષ્ટિગોચર થાય છે. વળી એ કથાનકો અને જુના રાસાઓ ઉપરથી નવલકથાના આકારમાં તૈયાર કરાયેલા–સસ્તી વાંચનમાળાના અંકોને પણ વીસરી શકાય તેમ નથી. આનંદ કાવ્ય મહોદધિના મૌક્તિકો પણ જુના રાસા સંબંધી ઘણુ અજવાળું પાડે છે. એમાં રાયચંદ જૈન કાવ્યમાળા અને કાવ્ય સંગ્રહ તથા જૈન ગુર્જર કવિઓ ભાગ ૧/૨ અને જૈન સાહિત્યનો પ્રાચીન ઇતિહાસ ઠીક ઉમેરો કરે છે, ગ્રંથો સંબંધી વિસ્તારથી જોવા જાણવા માટે કોન્ફરન્સ દ્વારા પ્રગટ થયેલ 'જૈન ગ્રંથાવલિ' પુસ્તક વાંચવું.

સાહિત્ય વિષયમાં એટલું કહેવું કાફી છે કે ભાગ્યેજ એવો કોઇ વિષય હશે કે જેના ઉપર જૈનધર્મી મહાત્માઓએ અને વિદ્વાન્ શ્રાવકોએ કંઇ ને કંઇ ન લખ્યું હોય. જૈનધર્મ ત્યાગ પ્રધાન હોવાથી આત્મિક ઉન્નત્તિ તરફ દોરી જતાં કર્મ સત્તાનું પ્રાબલ્ય દાખવી એમાંથી કેવી રીતે છુટાય એ વાતનું પ્રકાશન કરતા–ગ્રંથો અવશ્ય અતિ વધુ છે, છતાં માનવ સમાજની સેવા ભાવનાથી અન્ય વિષય ઉપર પણ ઘણું ઘણું લખાયેલું પ્રાપ્ત થઇ શકે છે. ન્યાય, વ્યાકરણ અને અધ્યાત્મ પરત્વ ગ્રંથોના સર્જન થાય એ સમજી શકાય તેમ છે. પણ આગળ વધીને વૈદક જ્યોતિષ અને સ્વપ્નશાસ્ત્ર પર અને જનતાને વ્યવહારમાં ઉપયોગી થઇ પડે તેવી બાબતો પર પુસ્તકો જોતાં એક પ્રકારનો હર્ષ પેદા થાય છે અને વિચાર આવે છે કે આ ત્યાગી પુરૂષોએ સેવા વૃત્તિમાં સ્વઅવકાશનો કેવો સુંદર ઉપયોગ કર્યો છે! પરોપકારાય સતાં વિભૂતયઃ એ સુત્રમાં રહેલું સત્ય આ જોતાં તરતજ અનુભવાય છે. જૈન દર્શન વિષયિક સાહિત્યનો સંપૂર્ણ તાગ મળવો અતિ દુર્લભ છે. આજે પણ ભંડારોમાં કેટલુંયે સાહિત્ય ખડકાયેલું પડ્યું છે કે જેના પર વર્ષમાં એક વાર ભાગ્યે રવિકિરણો પડતા હશે! પાટણ, જેસલમીર, ખંભાત, અમદાવાદ આદિના ભંડારો મુખ્ય છે અને ચાલુ કાળના અભ્યાસથી, માન્યતામાં પલટો થવાથી જેમ જેમ એ અણમુલું સાહિત્ય બહાર આવતુ જાય છે તેમ તેમ આશ્ચર્ય ઉપજ તુ જાય છે! એ કંઇ ઓછા આનંદનો વિષય નથી. એનું સંરક્ષણ યોગ્ય રીતે થાય. જનતા અને અભ્યાસી વર્ગ સરલતાથી વધુ પ્રમાણમાં લાભ મેળવી શકે તેવો પ્રબંધ કરવાની ખાસ જરૂર છે. મોટા શહરોમાં જ્ઞાનભંડારો ઉભા કરવાની અને એમાં સર્વ પ્રકારનું સાહિત્ય પુસ્તકાલયની પદ્ધત્તિએ સંગ્રહવાની જ્ઞાન માટે બહુમાન ધરાવનાર વર્ગને આગ્રહભરી વિનંતિ છે.

—મોહનલાલ દીપચંદ ચોકસી.

## પૂજ્ય મહારાજોને–

આવતા વર્ષે અસાડ સુદ ૧૪ ને શુક્રવારે ચોમાસી ચૌદસ–બીજા શ્રાવણ વદ ૧૦ ને શનિવારથી પર્યુષણની શરૂઆત અને ભાદરવા સુદ ૩ (જૈનોની સુદ ૪) ને શનિવારની સંવત્સરી મુનિશ્રી વિકાસવિજયજી મહારાજના જૈન પંચાગમાં છપાયેલી છે; તે બરાબર છે કે તેમાં કંઈ ફેરફાર છે? ફેરફાર હોય તો કેવી રીતે જોઇએ તે તુરત જણાવવા કૃપા કરશોજી. કારણ કે અમારે તાકીદે જૈન પંચાંગ છપાવવાં છે.

લી० સેવક,

**શા. ભોગીલાલ નગીનદાસ**

ઊંઝા ફાર્મસી. ઉંઝા.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## બિહાર હિન્દુ રિલીજીઅસ એન્ડાઉમેન્ટ બીલ.

### વડા પ્રધાનને લખાયેલ પત્ર.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક સભા તા. ૩૦-૭-૩૮ ના રોજ શ્રીયુત રમણિકલાલ કેશવલાલ ઝવેરી, સોલીસિટરના પ્રમુખપણાં હેઠળ બિહાર હિન્દુ રિલીજીઅસ એન્ડાઉમેન્ટ બીલ ૧૯૩૮ અંગે પેટા-સમિતિના રિપોર્ટ પર વિચારણાર્થે મળી હતી. સમિતિના નિર્ણયાનુસાર બિહાર સરકારના વડા પ્રધાન, જનરલ ડિપાર્ટમેન્ટના મંત્રી વિગેરેને નીચેની મતલબનો પત્ર મોકલી આપવામાં આવેલ છે.

પત્રમાં જણાવવામાં આવેલ છે કેઃ-બિહારની ધારાસભાએ તે પ્રાંત સિવાયના આગેવાન જૈનો, જૈન સભાઓ અને સંસ્થાઓને બિહાર હિન્દુ રિલીજીઅસ એન્ડાઉમેન્ટ બીલ નં. ૪ (૧૯૩૮) અભિપ્રાયાર્થે મોકલવા ઉચિત ધારેલ નથી એથી શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિને ખેદ થયેલ છે.

એ એક જાણીતી બીના છે કે બિહાર પ્રાંતમાં સમગ્ર હિંદના જૈન સામાજને પૂજ્ય એવા ઘણાં તીર્થો છે અને તે પ્રાંતના મંદિરો અને ફંડો (અર્પણ થયેલ મિલ્કત વિગેરે) માં હિંદના સમસ્ત જૈનોનું હિત સમાયેલ છે. જૈન દ્રષ્ટિએ એ સ્થાનોની ધાર્મિક પવિત્રતા વિષે વિશેષ ઉલ્લેખ ન કરતાં એટલુંજ કહેવું પર્યાપ્ત થશે કે-તે પ્રાંતો જૈનોના ચરમ તીર્થંકર પ્રભુ શ્રી મહાવીરના જન્મ, દીક્ષા, કેવલ અને નિર્વાણ કલ્યાણકથી પવિત્ર બનેલ છે અને પ્રભુ મહાવીરની વિહાર ભૂમિના એ સર્વ સ્થાનો જૈનો માટે અતિ પવિત્ર ગણાય છે. આ મંદિરો અને ફંડો માત્ર સ્થાનિક જ નથી કે જેમાં તે પ્રાંતના જૈનોનુંજ હિત હોય પણ તે સમગ્ર હિન્દના જૈન સંસ્થાનો છે. આ બીલ જૈન મંદિરો અને મિલ્કત ફંડોને સંબંધ ધરાવે છે ત્યાં સુધી ધારાસભાએ હિન્દના બીજા પ્રાંતોના જૈનો અને જૈન સભાઓ તથા સંસ્થાઓનો તત્સંબંધે અભિપ્રાય જાણ્યા સિવાય એ બાબતમાં આગળ વધવું ન જોઇએ એમ કમિટિનું માનવું છે કમિટિ એમ પણ માને છે કે આ પ્રશ્નમાં સમગ્ર હિન્દના જૈન સમાજનું હિત સમાએલ હોવાથી તત્સંબંધી કોઇપણ કાયદાની વિચારણા મધ્યસ્થ ધારાસભાએ હાથ ધરવી જોઇએ—નહિ કે પ્રાંતિક ધારાસભાએ.

અમારે સ્પષ્ટ કરવાની જરૂર છે કે કોઇ પણ ધાર્મિક અથવા સામાજીક સંસ્થાઓના આંતરિક વહીવટમાં સીધી રીતે હસ્તક્ષેપ ન હોવો જોઇએ એમ કમિટિને લાગે છે તો પણ આ બીલના-મંદિરો અને ફંડો વિગેરેની વ્યવસ્થા અને વહીવટ જનતાના કાબુનીચે મુકવાના સિદ્ધાંતથી અમે અસંમત નથી પણ એ પ્રકારનો કાબુ કેટલે સુધી અને કેટલે અંશે હોવો જોઇએ તે બાબત અમો સમયની અલ્પતાથી ચોક્કસ અભિપ્રાય આપી શકીએ તેમ નથી.

બીલના સિદ્ધાંતોને માન્ય રાખીને કમિટિને લાગે છે કે-આ બીલની કલમો ઘણી જ ઉગ્ર છે અને અમલમાં ઘણી બીનજરૂરી ગુંચવણો તથા અનર્થ કરનારી નીવડવા સંભવ છે. કારણ કે-તેમાં આ ટ્રસ્ટોની આંતરીક વ્યવસ્થા અને વહીવટને અંગે ખૂબ હસ્તક્ષેપ કરવાની બાબતો સમાયેલી છે. જેથી ટ્રસ્ટીને સેંટ્રલ બોર્ડના અથવા ડિસ્ટ્રીકટ કમિટિના માત્ર એજંટની સ્થિતિએ મૂકી દે છે. મંદિરોના ખર્ચના પ્રમાણ અને બજેટ રજુ કરી આ મંડળોની મંજુરી મેળવવા કલમ નં. ૪૯ અને ૫૦ માં જે યોજના કરવામાં આવી છે તે બીનજરૂરી હસ્તક્ષેપના દાખલા તરીકે માની શકાય, કે જેથી ટ્રસ્ટીઓ અથવા તો એ બાબતમાં જે કાર્યવાહકો હશે તેને એથી ઘણું અનુચિત લાગશે. ખરેખરી જરૂરી બાબત એ છે કે-ટ્રસ્ટની હદબહાર કોઇ ખર્ચ ન થાય અને જો તેમ શુદ્ધ નિષ્ઠાપૂર્વક થયેલ ન હોય તો ટ્રસ્ટીને તે બાદ ભરપાઇ કરવાનું નિયમન હોવું જોઇએ. આ કાર્ય માટે દેરાસરો અને બીજી તેવી સંસ્થાઓને અર્પણ થયેલ મિલ્કત ફંડો વિગેરે તેમજ ટ્રસ્ટના આશયો તથા તેની મિલ્કતો અને લેણું, સવિસ્તૃત દર્શાવનાર રજીસ્ટર રાખવાની અને પ્રત્યેક વર્ષે હિસાબ ફાઇલ કરાવવાની તથા તે જનતાને જોવા માટે ખુલ્લું રાખવા નિયમન બસ થઇ પડશે. આ બાબતમાં અમે મુંબઇ ગવર્નમેન્ટના "ધી પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ નં. ૨૫" સન ૧૯૩૫ તરફ આપનું લક્ષ ખેંચીએ છીએ. જેમાં જાહેર કાર્યો માટે ધાર્મિક અને લોકોપકારી જેવા ટ્રસ્ટો કરવામાં આવ્યા હોય અથવા હસ્તિ ધરાવતા હોય તેની નોંધ (રજીસ્ટ્રેશન) અને ઓડીટ તથા હિસાબ ફાઇલ કરવાનો સમાવેશ થયેલ છે. વળી એ પણ નિયમન થઇ શકે કે-જો કોઇ પણ ખર્ચની રકમ અથવા રકમો મર્યાદાતિત વ્યય થયેલી જણાય તો એ રકમ ટ્રસ્ટ ખાતે ભરપાઇ કરવા ટ્રસ્ટીઓની સામે સેંટ્રલ બોર્ડ અથવા ડિસ્ટ્રીકટ કમિટિ પગલાં લઇ શકે પણ તેથી આગળ વધવું એ અત્યારના સંજોગો જોતાં તદન બીનજરૂરી અને અનુચિત થશે. એટલું જ નહીં પણ તે ટ્રસ્ટીઓમાં અત્યંત બેદીલી ફેલાવનાર બનશે. વળી કદાચ બોર્ડ અથવા કમિટિ વચ્ચે ચાલુ ઘર્ષણ ઉત્પન્ન કરનાર અને છેવટે પ્રતિષ્ઠિત તેમજ આબરૂદાર સમાજની વ્યક્તિઓને ટ્રસ્ટી તરીકેની જવાબદારી લેતાં સંકોચ પેદા કરનાર નીવડશે.

કલમ ૫૮ માં ખર્ચ સંબંધે જે નિયમન છે તે હાનિકારક નીવડવા સંભવ છે. કારણ કે એથી તે મંડળ પોતાના કાર્યપ્રદેશમાં વધારે બીનજવાબદાર બનશે. અને તેઓ (ટ્રસ્ટીઓ) સામે ગમે ત્યારે પગલા લઇ શકશે ખર્ચની બાબત હમેશાં કોર્ટની મુન્સફી ઉપર રાખવી જોઇએ.

ખાસ કરીને જ્યારે હિન્દુ મહાસભાને માટે ત્રણ અને સંસ્કૃત પદવીધારીઓ માટે એક જગા અનામત રખાયેલ છે ત્યારે જૈનો માટે કોઇ પણ સ્થાન અનામત રાખવામાં આવેલ નથી એ જાણી કમિટિને ખેદ થાય છે. કમિટિ મજબુત પણે અભિપ્રાય ધરાવે છે કે-સેંટ્રલ બોર્ડ તેમજ ડિસ્ટ્રીકટ કમિટિઓ ઉપર જ માત્ર જૈન સમાજના પ્રતિનિધિત્વની આવશ્યકતા નથી પણ તે પ્રાંત બહારના જૈનો અને જૈન સંસ્થાઓ માટે પણ સેંટ્રલ બોર્ડમાં સંગીન પ્રતિનિધિત્વપણું હોવું જોઇએ.

# :::. કૉન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ. :::

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક સભા સોમવાર તા. ૨૫-૭-૩૮ ના રોજ રાતના શ્રી. ડૉ. **ચિમનલાલ નેમચંદ શ્રૉફ**ના પ્રમુખપણાં હેઠળ મલી હતી.

**સંવત્ ૧૯૯૩ ના હિસાબ પાસ.**

સંસ્થાનો સંવત્ ૧૯૯૩ ના વર્ષનો ઓડિટ થયેલ હિસાબ તથા સરવૈયું રજુ કરવામાં આવતાં તે સર્વાનુમતે પાસ કરવા તથા ઑનરરી ઑડીટરો શ્રી બાલચંદ મગનલાલ મહેતા, જી. ડી. એ. આર. એ. અને શ્રી. નરોત્તમ ભગવાનદાસ શાહે બજાવેલ સેવા બદલ આભાર માનવા ઠરાવવામાં આવ્યું.

દરખાસ્ત:-**શ્રી ગિરધરલાલ બા. કાપડીઆ.**

ટેકો:-**શ્રી. નાનચંદ શામજી.**

**'જૈન યુગ' વ્યવસ્થાપક બોર્ડ.**

જૈનયુગ પ્રકાશનની વ્યવસ્થાર્થે તા. ૧૧-૭-૩૮ ની વર્કિંગ કમીટીમાં જે વ્યવસ્થાપક બોર્ડ નીમવામાં આવેલ છે તેની નિમણુંક પુન: એક વર્ષ માટે ચાલુ રાખવા વધુ મતે ઠરાવ્યું.

દરખાસ્ત:-**શ્રી. જમનાદાસ અ. ગાંધી.**

ટેકો:-**શ્રી. મણીલાલ મોકમચંદ શાહ.**

## બિહાર હિન્દુ રિલીજીઅસ એન્ડાઉમેન્ટ બીલ

**બિહાર સરકારના વડા પ્રધાન અને ગવર્નરને તાર.**

અખિલ હિંદ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિનું ધ્યાન બિહાર હિન્દુ રિલીજીઅસ એન્ડાઉમેન્ટ બીલ ૧૯૩૮ તરફ ખેંચાયેલ છે. આ સંસ્થાની તા. ૨૫-૭-૩૮ ના રોજ મળેલી સભામાં તે બીલ ઉપર વિચાર કરી રિપોર્ટ કરવા મેસર્સ હીરાલાલ એચ. દલાલ, બાર-એટ-લૉ; પ્રસન્નમુખ એસ. બદામી, બાર-એટ લૉ; મોહનલાલ બી. ઝવેરી, સોલિસિટર, રમણિકલાલ કે ઝવેરી, સોલિસિટર અને કાંતિલાલ ઇશ્વરલાલની એક પેટા સમિતિ નીમવામાં આવી હતી તેમજ ખાસ આ કાર્ય માટે તા. ૩૦ જુલાઇ ૧૯૩૮ શનીવારના રોજ વર્કિંગ કમીટીની સભા પુન: મલી હતી.

ઉપરોક્ત બીલ અંગે બિહાર સરકારના વડા પ્રધાન તેમજ નામદાર ગવર્નરને પટણા નીચેની મતલબનો તાર તા. ૨૮-૭-૩૮ ના રોજ મોકલવામાં આવેલ છે. તાર:—

બિહાર ગવર્મેન્ટ હિન્દુ રિલીજીઅસ એન્ડાઉમેન્ટ બીલ (૧૯૩૮) પસાર થવા સામે અખિલ હિંદ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ સખ્ત વિરોધ જાહેર કરે છે કારણ કે બિહારના જૈન મંદિરો તથા બીજી અર્પણ થયેલ જૈન મિલ્કતો સ્થાનિક નથી પણ તે અખિલહિંદની સંસ્થાનો છે તે પ્રાંત સિવાયના જૈનોનો અભિપ્રાય જાણ્યા વિના આવા કોઇ કાયદા ઘડવાની બાબત હાથ ધરાવી ન જોઇએ. તે બીલ સંસ્થાનોના આંતરિક વહિવટમાં ખૂબજ હસ્તક્ષેપ કરનાર તેમજ ટ્રસ્ટીઓને તો સેન્ટ્રલ બોર્ડના એજન્ટના દરજ્જે ઉતારી પાડનાર છે બીલમાંની કલમો બીલના દેખરેખ અને અંકુશ રાખવાના આશયથી ઘણી આગળ જનારી છે તેમજ બીજી ઘણી વાંધાભરી કલમો બીલમાં દાખલ કરવામાં આવી છે જૈનોને બીલ લાગુ પાડવા પહેલાં આગેવાન જૈનો તથા તેઓની સંસ્થાઓનો અભિપ્રાય લેવા અને સર્વ પરિસ્થિતિ વિચારવા પૂરતો વખત આપવા વિનંતિ છે. અમારો પત્ર મોકલીએ છીએ.—મોતીચંદ સોલિસિટર, કાંતિલાલ ઇશ્વરલાલ-જનરલ સેક્રેટરીઓ

---

તે સિવાય બીલમાં બીજી ઘણી વાંધા ભરેલી બાબતો છે કે જે સમયાભાવે વિચારી શકાઇ નથી. વર્તમાન સંજોગોમાં આ બીલની ખાસ કરીને જૈનોને લાગુ પડે છે તેટલા પુરતી વધુ વિચારણા મુલ્તવી રાખવા તથા તે પ્રાંત સિવાયના જૈનો કે જે ઉપર જણાવ્યાનુસારે મંદિરો અને ફંડો વિગેરેમાં સ્થાનિક સમુદાય કરતાં વધુ હિત ધરાવે છે તેમનો અભિપ્રાય જાણવા વિનંતિ કરીએ છીએ.

લિ૦ સેવકો,

(સહી) **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

,, **કાન્તિલાલ ઇશ્વરલાલ.**

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

## શ્રી મહાવીર વિદ્યાલયની સને ૧૯૩૮-૩૯ ની સાલની વ્યવસ્થાપક સમિતિ.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી. | મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલીસીટર | મંત્રી |
| ૨ | ,, | ચંદુલાલ સારાભાઇ મોદી, બી. એ. ... | |
| ૩ | ,, | કકલભાઈ ભુદરદાસ વકીલ ... ... | ટ્રેઝરર |
| ૪ | ,, | જમનાદાસ અમરચંદ ગાંધી ... ... | સભ્ય |
| ૫ | ,, | પરમાનંદ કુંવરજી કાપડીઆ, બી એ. એલએલ બી. | ,, |
| ૬ | ,, | મણીલાલ મહોકમચંદ શાહ ... ... | ,, |
| ૭ | ,, | ઉમેદચંદ દોલતચંદ બરોડીયા, બી. એ. ... | ,, |
| ૮ | ,, | મકનજી જુઠાભાઇ મહેતા, બાર-એટ લો. ... | ,, |
| ૯ | ,, | માધવલાલ હીરાલાલ શાહ ... ... | ,, |
| ૧૦ | ,, | મનસુખલાલ હીરાલાલ લાલન (શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી) | |
| ૧૧ | ,, | મોહનલાલ દલીચંદ દેશાઈ, બી. એ. એલએલ બી. | ,, |
| ૧૨ | ,, | હીરાલાલ મંછાચંદ શાહ, સોલીસીટર ... | ,, |
| ૧૩ | ,, | પ્રસન્નમુખ સુરચંદ બદામી, બાર-એટ-લો. ... | ,, |
| ૧૪ | ,, | બબાભાઇ કસ્તુરચંદ શાહ બી. કોમ એફ. આઇ. એ. | ,, |
| ૧૫ | ,, | બબલચંદ કેશવલાલ મોદી ... ... | ,, |

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્ક્સ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપ્યું શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."

Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧૬ મી ઓગસ્ટ ૧૯૩૮. | અંક ૨ જો.

## આધ્યાત્મિક વિકાસની ભૂમિકા.

ગુણો (આત્મ શક્તિઓના) ના સ્થાનોને અર્થાત્ વિકાસની ક્રમિક અવસ્થાઓને ગુણસ્થાન કહે છે. જૈન શાસ્ત્રમાં ગુણસ્થાન શબ્દની મતલબ આત્મિક શક્તિઓના આવિર્ભાવની ચઢતી ઉતરતી અવસ્થાઓ એ છે. આત્માનું વાસ્તવિક સ્વરૂપ તો શુદ્ધ ચૈત્ય અને પૂર્ણાનંદમય છે, પણ તેના ઉપર જ્યાં સુધી તીવ્ર આવરણ રૂપ ધન વાદળોની ઘટા છવાયેલી હોય ત્યાં સુધી તેનું અસલી સ્વરુપ દેખાતું નથી. આવરણોની તીવ્રતા વધારેમાં વધારે હોય ત્યારે આત્મા પ્રાથમિક અવસ્થામાં અર્થાત્ તદ્દન અવિકસિત અવસ્થામાં પડયો રહે છે અને જ્યારે આવરણ બિલકુલ નાશ પામી જાય છે ત્યારે આત્મા વિકાસની ચરમ અવસ્થામાં અર્થાત્ શુદ્ધ સ્વરૂપની પૂર્ણતામાં વર્તતો થઇ જાય છે. ઉક્ત પ્રકારની સ્થિતિ વચ્ચે આત્મા સંખ્યાતીવ ભૂમિકાઓનો અનુભવ કરે છે પણ તેનું વર્ગીકરણ કરીને સંક્ષેપમાં ચૌદ વિભાગ કરવામાં આવ્યા છે, તેને ચૌદ ગુણસ્થાન કહેવાય છે.

કર્મના બધા આવરણોમાં મોહનું આવરણ પ્રધાન છે; મોહની તીવ્રતા ને બળવાન દશા પર બધાં આવરણોની તીવ્રતા ને બળવાનપણું રહેવાના. જેટલે અંશે મોહની નિર્બળતા એટલે અંશે આવરણોનું નિર્બળપણુ. મોહની બે પ્રધાન શક્તિઓમાંની પહેલી શક્તિ આત્માને દર્શન કરતાં અર્થાત્ સ્વરૂપ પરરૂપનો નિર્ણય અથવા જડ ચેતનનો વિવેક કરતાં અટકાવે છે. અને બીજી શક્તિ વિવેક પ્રાપ્ત કર્યા છતાં અધ્યાસ (પરપરિણતિ) થી છૂટી સ્વરૂપ કે કોઈ પણ વસ્તુનું યથાર્થ દર્શન (બોધ) થયા પછીજ એ વસ્તુને પ્રાપ્ત કરવાનો કે તજવાનો પ્રયત્ન કરવામાં આવે છે, અને તેજ સફળ થાય છે. આધ્યાત્મિક વિકાસગામી આત્મા માટે પણ મુખ્ય બેજ કાર્ય છે. પ્રથમ સ્વરૂપ તથા પરરુપનું યથાર્થ દર્શન (ભેદ જ્ઞાન) કરવું અને બીજું સ્વરૂપમાં સ્થિત થવું. એમાંથી પહેલા કાર્યને રોકનાર મોહની શક્તિ "**દર્શન મોહ**" ને નામે અને બીજા કાર્યને રોકનાર મોહની શક્તિ "**ચારિત્ર મોહ**" ને નામે પ્રસિદ્ધ છે. પહેલી શક્તિ મંદ, મંદતર અને મંદતમ થાય છે ત્યાર પછીજ બીજી શક્તિ અનુક્રમે તેવીજ થવા લાગે છે. ટુંકમાં કહીયે તો આત્મા સ્વરૂપ દર્શન કરી લે તો તેને સ્વરૂપની પ્રાપ્તિ કરવાનો માર્ગ મળીજ જાય છે.

(સંગ્રહિત)

જૈન યુગ.
તા૦ ૧૬-૮-૩૮. મંગળવાર.

# રાયબહાદુરનું સંભારણુ.

પર્યુષણુ મહા પર્વ એટલે ધર્મકરણી ને વિશિષ્ટ તપ-અનુષ્ઠાન માટેના-પવિત્ર કલ્પસૂત્રનું શ્રવણુ કરવાના-દિવસો. શ્રીમંતો અને સામાન્ય માટે આ દિવસોમાં દાન દેવા રૂપ ધર્મપણુ ખરો જ. વર્ષાકાળે પડતું વારિ જેમ ક્ષેત્રોને નવ પલ્લવિત કરી દે છે તેમ આ દિનોમાં ભાવપૂર્વક ખરચાતું દ્રવ્ય આત્માને પુન્યનું ભાજન બનાવે છે તેથીજ પર્વ દિનોમાં યથાશકિત સૌ કોઇ ખરચે છે.

આ વેળા પ્રત્યેક જૈનને ભાગ્યેજ યાદ કરાવવાની અગત્ય હોય કે આપણી કોન્ફરન્સ મૈયા તરફથી રૂણ અદા કરવાની હાકલ પડે છે. એ ઝીલવાનો પ્રત્યેક માતૃવત્સલ સંતાનનો ધર્મ રહ્યો. પણુ એ સાથે જે એક પવિત્ર સંસ્મરણુનો સંબંધ છે તેનો ઉલ્લેખ અસ્થાને નહીં ગણાય. બંગાળના અગ્રગણ્ય આગેવાન બાબુ-સાહેબ રાય બદ્રીદાસજીએ સુકૃત ભંડાર ફંડની યોજનાના શ્રીગણેશ કોન્ફરન્સના અધિવેશન પ્રસંગે કરેલા, એમાં એ પુન્યાત્માની દીર્ઘદ્રષ્ટિના દર્શન થાય છે, તેમ સમાજના કલ્યાણુમાં સતત કાર્યશીળ રહેનાર સંસ્થાનુ જીવન ચિરંજીવ રહે, એનુ સંચાલન સુતરાં ચાલે અને એની સાથે ભારતવર્ષના સર્વ જૈનોનો સંબંધ એકધારો બંધાય ને એ કાયમી બને એવી અંતરની વિશાળ ભાવના પુરવાર થાય છે. પ્રત્યેક નાનો યા મોટો, ધનિક યા સામાન્ય, સ્ત્રી યા પુરૂષ, બાળ કિંવા વૃદ્ધ-અચુક, હાર્દિક ઉમળકાથી માત્ર ચાર આના જેવી નજીવી રકમ શ્રીમતી કોન્ફરન્સના દફતરે પહોંચતી કરે, અરે એ માતાની ઝોલીમાં માતૃસ્નેહના પ્રતીક તરીકે ભરે, અથવા તો માતાની અન્ય પ્રકારની સંભાળ ન લઇ શકાતી હોય, બીજી કોઇ જાતની શુશ્રુષા ન થઇ શકતી હોય, એના બદલા તરીકે દર વર્ષે એના ચરણુમાં ધરે, અગર તો માતાના અસીમ ઉપકારોની સ્મૃતિમાં યત્કિંચિત્ રૂણુ અદા કરવાની ભાવનાથી અર્પણુ કરે, તો જગત વિસ્મય પામે તેવું કામ થઇ જાય. ટીપે સરોવર ભરાય અને કાંકરે પાળ બંધાય એ માત્ર કહેવતમાં ન રહે પણુ એના પ્રત્યક્ષ દર્શન ખડા થઇ જાય. પ્રત્યેક જૈનના ખીસામાંથી પાવલીનો નાનો સીક્કો સુકૃત ભંડારની યાદીમાં અંક વૃદ્ધિ કરતો કેવલ ચાર લાખ શ્વેતાંબર જૈનોની ગણુત્રીયે એકડા પાછળના પાંચ મીંડા સુધી પહોંચી જાય. લાખ રૂપીયાની ગણુનાને વરે. સાચા અંતરની આ ધગશ-પ્રેમભાવે દેવાયેલું આ દાન, અગર તો ફરજ તરિકે અપાયેલ આ ફાળો-સંસ્થાનુ જીવન કોલના પાયે ચણી દે એટલુંજ નહિ પણુ એની નિશ્રાયે ચાલતા સંખ્યાબંધ ખાતાઓને નવજીવન અપે અને કરમાઇ, સુષુપ્ત બનેલી અસ્મિતાને વિદ્યુત વેગે ગતિવંત બનાવે. જોતજોતામાં સારાએ હિંદની જૈન આલમમાં ઝગહળતા નવિન સૂર્યનો ઉદય થાય. એના અજવાળાં સર્વત્ર પથરાઇ રહે. આ જાતની શ્રેષ્ઠ ભાવના, આ પ્રકારની લાંબી દ્રષ્ટિ જે મહાન્ નરના હૃદયમાં જન્મ પામી, ઠરાવ રૂપે અમલમાં ઉતરી અને સુકૃત ભંડાર ફંડના નામે એ યોજનાનું બીજારોપણુ થયું. તે વિભુતિનું સંભારણુ આ મહાપર્વ જોડે સાંકળી લેવાની અગત્ય છે. પર્વના પગરણુ મંડાય કે સાથોસાથ સુકૃત ભંડારના ફાળાની રમઝટ જામે. શહેરે શહેરમાં એ માટે સરઘસ સભાઓ ગોઠવાય. જૈન તરિકે ઓળખાતો પ્રત્યેક આત્મા ઓછામાં ઓછા એમાં ચાર આના જરૂર આપેજ. માથાદીઠ માત્ર અડત્રાળીસ પાઇ! એ વ્યવહારીયાના સંતાન માટે ભાગ્યેજ કોઇ અતિ મહત્વની વાત ગણાય. કુટુંબની પ્રત્યેક વ્યકિત દીઠ એ ફાળો સત્વર સંસ્થાની કેન્દ્રસ્થ ઓફિસે પહોંચવો જોઇએ. આ કરતાં કલકત્તાના બાબુસાહેબ બદ્રીદાસ મૂકીમના પુનિત નામનું અન્ય-કયુ સુંદર સ્મારક સંભવી શકે?

આજે પણુ રાયબહાદુર બદ્રીદાસજી મૂકીમનું નામ બંગાલમાં આબાલ વૃદ્ધ સુપ્રસિદ્ધ છે. સારી જૈન આલમ એથી માહિતગાર છે એટલુંજ નહિ પણુ ખુદ રાજ્યકર્તા આંગ્લ જાતિના અફસરોના કર્ણ પર્યંત પહોંચેલ છે. આજે પણુ કલકત્તામાં બાબુસાહેબની વાડીનું કાચનું દેવાલય Beauty of Beugal તરિકે ઓળખાય છે. હજારો પ્રેક્ષકો એના દર્શને પધારે છે. કારતક સુદ પૂર્ણિમાનો વરઘોડો ત્યાં ત્રણુ દિન રહે છે. એ ટાણે વાહનવહેવાર બંધ રાખી ઉંચા ધ્વજ દંડને પસાર થવા સારૂ તારના દોરડાના સાંધા જુદા પાડવામાં આવે છે. એ મહાન્ ઉત્સવની દેખરેખમાં સરકારી અધિકારીઓ રસપૂર્વક સાથ આપે છે. આમ જૈન સમાજનું ગૌરવ વૃધ્ધિંગત કરનાર એક શ્રેષ્ઠ વિભૂતિના હાથે જે ફંડના પાયા મંડાયા છે એને વ્યવસ્થિત રૂપમાં વાર્ષિક કાર્યોની યાદીમાં બજાવવાના એક આવશ્યક અંગ તરિકે સ્થાન આપી, ખંતથી ને પરિશ્રમથી એ સદ્ગત આત્માની અભિલાષા પૂર્ણ પદે પહોંચાડવા સારૂ કમર કસવાની આવશ્યકતા છે. એ સારૂ ઉત્કટ જાગ્રતિ પેદા કરવાની જરૂર છે

આ અંકમાં એને લગતી અપીલ અન્યત્ર અપાયેલ છે. પણુ એટલા માત્રથી આ યુગમાં સંતોષ ન થવો ઘટે. જૈન ધર્મનું જ્ઞાન ખૂણે ખૂણામાં પ્રસારવું, હોય, અને જૈન સમાજનું ગૌરવ ઇતર સમાજમાં સ્થાપવું હોય તો શ્રીમતી કોન્ફરન્સને-આપણી જૈન મહાસભાને બળવત્તર બનાવવીજ પડશે એનો સંદેશ સર્વત્ર એકધારો ઝીલાય તેવું વાતાવરણુ સર્જવું પડશે. સુકૃતના ફાળાની રકમ દશક કે શતકથી નહિ પણુ હજારના આંકડાથી નોંધવી પડશે.

મહા પર્વના પવિત્ર કલાકોમાં ઉપરની વાતનો દરેક આત્મા વિચાર કરે અને પોતે એમાં પ્રથમ રકમ ભરી પોતાની આસપાસના વર્તુળ-પોતાના મંડળમાં, અથવા તો સારાયે સમુદાયમાં એ અર્થે થોડા સમયનો ભોગ આપી, એકત્ર થાય તેટલી રકમ કેન્દ્રસ્થ સંસ્થાને પહોંચતી કરે.

આજના યુગનો એજ એક આવશ્યક ધર્મ છે.

## નોંધ અને ચર્ચા

### લખનારાઓ ભલે લખે!!

આ યુગ Press & Platforms યાને પ્રકાશન અને વિવેચનનો કહેવાય છે એટલે દરેક વ્યક્તિના લખવા બોલવાના હક સામે અંગુલિ નિર્દેશ કરવાપણું નથીજ. છતાં વ્યક્તિએ કાગળપર કલમ ચલાવતાં કે મુખમાંથી જીહ્વાને છુટી મૂકતાં ખાસ વિચાર કરવાનો છે. તેથીજ નિતિકારોને Look before you leap and think before you speak જેવા શિક્ષાસુત્રો રચવાં પડ્યાં છે. 'સો ગળણે ગળીને પાણી પીવું' એ ઉક્તિમાં પણ એજ રહસ્ય સમાયેલું છે ઉંડા અભ્યાસ, લાંબા ચિંતન અને આચારની ઉત્કૃષ્ટ ભૂમિકાનાં સેવન વગરનું લખાણ કિંવા વિવેચન ભાગ્યેજ અસરકર્તા નિવડે છે. વળી એનાથી થનારા લાભાલાભનું તોલન કરવાની પણ જરૂર છે નહિંતો **अप्रतिबध्धे श्रोतरि वक्तुर्वाक्यं प्रयाति वैफम्यम** જેવું થઇ પડે છે.

આવી જાતના પ્રયાસોમાં 'ખંડેવાલ જૈન હિતેચ્છુ' ને મૂકી શકાય. એમાં 'વંદે માતરમ્' ગીત સામે જે કાદવ ફેંકાયો છે ને જે જાતની દલીલો અપાણી છે તે સાવ હસવા-સરખી છે. અભ્યાસનુ એમાં દિવાળું દેખાય છે!

બિહાર સરકારના એકટ સંબંધે બોલતાં શ્રી પ્રભુદાસ બેચરદાસે પણ ઉપરના જેવીજ હાસ્યાસ્પદ ચેષ્ટા કરી છે! ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા. ૨ માં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી-ની કૃતિઓ વચ્ચે પોતાના વિચિત્ર લેખો ઘુમાડી દઇ જેવી અસંગતતા ઉભી કરી છે તેવીજ ઉક્ત પ્રસંગે શ્રીમતી કોન્ફરન્સ સામે કાદવ ઉરાડવામાં દાખવી છે. 'કોન્ફરન્સ વિગેરે સંસ્થા-ઓનો આ બાબતમાં ખાસ વિશ્વાસ કરવો જરૂરી નથી. લોકપ્રિયતા મેળવવા આવી હીલચાલોમાં પડે છે, જમાનાના સિદ્ધાંતો તરફ તેનું ધ્યાન વધુ હોય છે પાર્લામેન્ટની મારફતે આપણે સ્પેશીયલ ગોઠવણ કરવી જોઇએ.' ઉપરની ફેંકોલોજી વાંચતાં ઘડીભર પ્રશ્ન ઉઠે છે કે આતે શ્રી પારેખ ઉચ્ચારે છે કે કોઇ અનુભવ હીનનો લવારો છે. દલીલ પુરસ્સર વાત હોય તોજ સમજુ વર્ગને વિચારવાનું મન થાય બાકી આમ હોવું જોઇએ. અમુકજ થવું જોઇએ આ અધર્મી છે ને પેલા નાસ્તિક છે, ઇત્યાદિ પ્રલાપોની આજે કંઇજ કિંમત નથી. એ ભાઇને એટલુંજ કહીએ કે 'કોન્ફરન્સ' એ તો અખિલ જૈન સમાજની સંસ્થા છે. જો વર્તમાન કાર્યકરોનું કામ પસંદ ન હોય તો વધુ મત મેળવી, એનો કબજો લઇ, કયાં ધાર્યું કામ કરી શકાતુ નથી? છિદ્રો શોધવા કરતાં એ પ્રયત્નમાં પડવું ઇષ્ટ છે.

ઉપરની બાબતથી જરા જુદુ પડતું છતાં સરવાળે એજ કક્ષામાં બેસતું લખાણ 'પરિવર્તન' નું! લેખકની દ્રષ્ટિ-માફક દાતાર દાન દે ત્યાં સુધી વાંધો ન આવે, પણ જ્યાં દાતાર કેળવણી સાથે આતિથ્યમાં કે સંઘ જમણમાં દ્રવ્ય ખરચે કિંવા હાથીપર બેસવાનું આમંત્રણ સ્વીકારે કે તરતજ લેખકની કલમ વાંકી ચાલે. એમાં એણે હાથી કરતાં અંબાડી મોટી લાગે! આડંબર ને પૈસાનો ધુમાડો દેખાય! એ પરથી એકજ સાર નીકળે છે અને તે એ કે 'આપકી લાપસી અરૌ પરાઇ કુસકી' અથવા તો અમારૂં કે અમે માનેલું એ સોનું ને બાકી બધું પીતળ! 'મસ્તકે મસ્તકે જુદી મતિ' જેની જેવી ઇચ્છા થાય તેવું તે લખી નાંખે.' અમે તો એ સામે એકજ વાત યાદ દઇએ અને તે એટલીજ કે—'લખનારાઓ ભલે લખે.'

### ઉદારવૃત્તિના અભંગદ્વાર.

ઉપરની નોંધના અનુસંધાનમાં-લેખકોના લખાણ પ્રત્યે નારાજ થયા વિના જેમના હૃદયમાં ધન પ્રત્યેનો મોહ નષ્ટ થયો છે અથવા તો સારા કાર્યમાં કંઇ ને કંઇ દાન દેવાની વૃત્તિ ઉદ્ભવી છે તેઓ લક્ષ્મીને છુટે હાથે વહેવા દેછે. એ વેળા એમના હૃદયમાં નથી તો અમુક તમુક કે મ્હારા ત્હારાના ભેદ રમતાં કેળવણીમાં આપે છે, ને ભગવતી સૂત્રના વાંચનમાં પણ આપે છે. યુવકોના સંમેલન ફંડમાં નામ નોંધાવે છે અને દેવાલયના જીર્ણોદ્ધાર ફંડમાં પણ હાથ લંબાવે છે. લક્ષ્મી પ્રાપ્ત થઇ છે તો સદ્માર્ગે વ્યય કરવો એજ એમનુ ધ્યેય હોય છે. પોતાને આંગણે આવેલ કોઇ પણ આશાવંત ખાલી હાથે પાછો ન ફરે એવી એમની ઇચ્છા હોય છે આથી તેઓ શેમા ખરચે છે એની તપાસ સરખી કરતાં નથી એમ કોઇ ન માને. ઉચિત તપાસ તો કરેજ છે-બાકી નવા જુનાના ભેદથી અલિપ્ત રહે છે. એમણે શાસ્ત્રના કથન પર વિશ્વાસ હોય છે અને ચાલુ કાળની જરૂરીયાતોપર પણ ઇતબાર હોય છે. રૂઢિસામે જેહાદ કે પ્રનાલિકાવાદ પર હલ્લો' અથવા તો શિક્ષણમાં ખરચે એ સાર્થકય ને અન્યત્ર ખરચે તો પાણી! જેવી વારે ક્વારે છુટતી હવાઈઓ તેમને સ્પર્શી શકી નથી હોતી.

સૌ કોઈ આવા હોય છે એમ તો નથીજ પણ ખાસ કરી મુંબઇમાં જેમના નામો હાલ આગળ તરે છે તેમાં શ્રીયુત્ કાંતિલાલ ઇશ્વરલાલ અને શ્રીયુત્ માણેકલાલ ચુનીલાલ મુખ્ય છે. મુંબઇ માંગરોળ કન્યાશાળાને શ્રી. કાંતિભાઇએ તાજેતરમાં જ સાઠ હજાર રૂપીઆ આપ્યા છે. શિક્ષણ પાછળનો તેમનો પક્ષપાત પ્રસિદ્ધ જ છે પંદર હજાર શ્રી. માણેકલાલે એજ સંસ્થાને આપ્યા છે. તેમના બીજા દાનો પણ જાણીતા છે. 'કમાવી જાણવું અને ખરચી જાણવું' એ તેમના જેવાના જીવનમાંથી સ્પષ્ટ તરી આવે છે. એમણે અને તેવીજ રીતે દાન આપતાં ગ્રહસ્થોને તેમની ઉદારતા માટે અભિનંદન આપતાં એટલુંજ ઇચ્છીએ કે શ્રીમંતો ચાલુ સમયની જરૂરીયાતોને અપનાવતી, પરમાર્થના સંગીન મુદ્દા ઉપર ઉભેલી પ્રત્યેક સંસ્થાઓને પોષતા રહે. પોતાના અંતરદ્વાર સદા ઉઘાડા રાખે.

---

## પાટણ જૈન મંડળનું સ્તુત્ય પગલુ.

પાટણ જૈન મંડળ તથા પાટણ જૈન મંડળ બોર્ડીંગનું લગભગ રૂા. બે લાખનું ફંડ તથા પાટણ જૈન પંચાયત ફંડના રૂા. સીતેર હજાર તથા મહાજના રૂા. ૩૦ હજારની આશરે રકમ મલીને કુલ્લે રૂા. ત્રણ લાખ તથા રૂા. પંચોતેર હજારની ઉદાર સખાવત કરનાર શેઠ ખુબચંદ સરૂપચંદના મળીને રૂા. પોણાચાર લાખ રૂપીઆના ખરચે મરીનડ્રાઇવ ઉપર મુંબાઇમાં વસતા પટણીઓ વાસ્તે સસ્તા-ભાડાની ચાલીઓ બંધાવવાનું પાટણ જૈન મંડળની મળેલી મીટીં-ગમાં નક્કી થઇ ગયું અને તેની જગ્યા પણ લેવાઇ ગઇ છે. આ માટે મંડળના કાર્યવાહકો તથા ઉત્સાહી પ્રમુખ શેઠ હેમચંદ મોહનલાલને ધન્યવાદ ઘટે છે. આ ઉપરથી બીજા મંડળો અથવા સંસ્થાઓના રૂપીઆઓ બીજે પડી રહે છે તેના કરતા પોતાની કોમને વાસ્તે સસ્તાભાડાના ચાળીઓ બંધાવે તો સારૂં છે. અને પાટણ જૈન મંડળનું બીજી સંસ્થાઓ અનુકરણ કરશે એવી આશા રાખીએ છીએ.

—કેસરીચંદ જેસીંગલાલ.

# ::: જૈન કૉન્ફરન્સની આધુનિક પ્રવૃત્તિ. :::

## સમુચ્ચય રીતે સ્વધર્મી ભકિત અને સ્વામિવાત્સલ્ય પ્રત્યેક જૈન કેમ કરી શકે ?

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ દ્વારા સોમવાર તા૦ ૨૨-૮-૩૮ ના રોજ સવારે સ્ટાં. ટા. ૯-૩૦ વાગે ગોડીજી દેરાસરજીના ઉપાશ્રયમાં પૂજ્ય અનુયોગાચાર્ય શ્રી ૧૦૮ શ્રી પ્રીતીવિજયજી ગણીના પ્રમુખપણાં હેઠળ "કોન્ફરન્સની આધુનિક પ્રવૃત્તિ" ના પ્રચાર વિષયક એક જાહેર સભા ગોઠવવામાં આવી હતી.

### શ્રી પ્રીતિવિજયજી ગણી.

શ્રોતાજનોના ઉભરાતા માનવ સમુદાય વચ્ચે પૂજ્ય અનુયોગાચાર્ય શ્રી પ્રીતિવિજયજી ગણીએ ઉપદેશ આપતાં ફરમાવ્યું કે પર્યુષણ પર્વનો મહિમા અપૂર્વ છે. શાસ્ત્રકાર મહારાજાએએ આ મહાન્ પર્વ જીવદયા, તપ, સ્વામિવાત્સલ્ય આદિ શુભ કાર્યોમાં પ્રવૃત્ત રહી ઉજવવા ફરમાવ્યું છે. માનવ જીવન, જૈન ધર્મ અને પર્યુષણ જેવા પર્વનો શુભ યોગ પૂણ્યોદયેજ પ્રાપ્ત થાય છે. એમાં સ્વધર્મીની ભક્તિ એ તો એક અપૂર્વ લ્હાવા સમાન ગણાવી જોઇએ. જૈનો માટે સ્વધર્મીને પોષણ આપીએ છીએ એવા શબ્દો ઉચ્ચારવા યોગ્ય નથી-સ્વધર્મીની તો ભક્તિજ હોય. તે માટે ન્યાય સંપન્ન વૈભવ (લક્ષ્મી) સંપાદિત કરવી જોઇએ. સંઘ અને ધર્મની સેવા માટે વારંવાર અવસરો પ્રાપ્ત થતા નથી. એમાં લક્ષ્મીનો સદ્વ્યય કરનાર પુણ્યાત્મા અને ભાગ્યશાળી ગણાય. તેઓશ્રીએ એક રમુજી દષ્ટાંત આપી ન્યાય સંપન્ન વૈભવ દ્વારા થતા લાભની શ્રોતાજનોને સમજ આપી હતી

### શ્રી સુકૃત ભંડાર ફંડ.

શ્રી મણીલાલ જેમલ શેઠે કોન્ફરન્સ દ્વારા ધાર્મિક, વ્યવહારિક કેળવણી પ્રચાર, જીર્ણોદ્ધાર, સાહિત્યોદ્ધાર આદી થતા ન્હાના મોટા અનેક કાર્યોની સભા સમક્ષ ટુંક રૂપરેખા રજુ કરી કોન્ફરન્સ જે જૈનોની મહાસભા છે તેના કાર્યોને વેગ આપવા, તે તરફ જન સમાજની સહાનુભૂતિ પ્રકટ કરવા સુકૃત ભંડાર ફંડની યોજનાને અપનાવવા-જણાવ્યું હતું. પ્રત્યેક વ્યકિત દ્વારા અપાતી ચાર આના જેવી નજીવી રકમ આ જૈન મહાસભાને સંગીન કાર્યો કરવા સમર્થ બનાવી શકશે. નાણાં વિના કોઇ કામ થઇ શકે નહિં તેથી આપણે જો કોન્ફરન્સ પાસેથી સામાજિક અને ધાર્મિક ઉન્નતિના કાર્યોની અપેક્ષા રાખતા હોઇએ તો તેને આર્થિક ટેકો આપવાની પણ જરૂર રહેશેજ.

### સમુચ્ચય રીતે સ્વધર્મી ભક્તિ કેમ થાય ?

શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટર વિવેચન કરતાં જણાવ્યું કે મહારાજ સાહેબે સ્વામી વાત્સલ્ય અને સ્વધર્મીની ભકિત વિષે આજે સુંદર રીતે આપણને સમજણ આપી છે એ આપણે સમુચ્ચય રીતે કેમ કરી શકીએ ? વ્યકિતગત સેવા એ તો સરળ છે જ્યારે સમુચ્ચય રીતે-સમગ્ર જૈન કોમની એટલે જૈન ભાઇ-બ્હેનોની સામાજિક, ઔદ્યોગિક, ધાર્મિક અને રાજનૈતિક દષ્ટિએ સેવા એ કોન્ફરન્સ જેવા મંડળ દ્વારાજ પ્રત્યેક વ્યકિત કરી શકે છે તેથી સેવાના વિશાળ ક્ષેત્રમાં દરેકે દરેક જૈન બંધુએ પોતાનો ફાળો આપવાનો રહે છે. કોન્ફરન્સની સુકૃત ભંડાર ફંડની યોજના બાબુ બહિદાસ બહાદુરે સમાજ સમક્ષ રજુ કરેલી છે તેમાં બંધુત્વ ખીલવી સેવા કરવા-કરાવવાની અપૂર્વ ભાવના અને ઉદ્દેશ રહેલ છે. એનાં પરિણામે સમૂહ બળ ઉત્પન્ન થઇ શકે, પ્રત્યેક વ્યકિતને પોતાને-પોતાના સમાજને મદદ કરી જૈન ધર્મની સ્વામીવાત્સલ્ય કે સ્વામી ભકિતની પ્રચુર ભાવનાને વિકસાવી શકે છે. સમાજના અનેક કાર્યો કોન્ફરન્સ કરતી આવી છે દાખલા તરીકે હાલમાંજ બિહાર હિન્દુ રિલીજીઅસ એન્ડાવમેન્ટ બીલની બાબત કોન્ફરન્સે હાથ ધરી તે માટે ગવર્મેન્ટ ઓફ બિહારને તાર, વિગતવાર નિવેદન પત્ર મોકલાવેલ છે. ડેપ્યુટેશન માટે કલકત્તાના ભાઇઓ તરફથી પ્રયત્ન ચાલુ છે તેમાં કોન્ફરન્સે પોતાના પ્રતિનિધિને મોકલવા વિચારણા કરી છે. આ પ્રકારના કાર્યો વ્યક્તિ કરતાં વ્યક્તિઓના સમૂહ સમાન મંડળ દ્વારા સરળતા અને સફળતા પૂર્વક થવાની આશા રાખી શકાય. તેથી આપણી જૈન કોન્ફરન્સને પ્રેમથી સુકૃત ભંડાર ફંડમાં મદદ કરવી સૌની પવિત્ર ફરજ છે.

વકતાએ બિહાર હિંદુ રીલીજીસ એ બીલથી ધાર્મિક બાબતોમાં થતી દખલગિરી અટકાવવાના હેતુથી આ બીલ સામે કોન્ફરન્સે વિરોધ દર્શાવેલ છે એ વાત સ્પષ્ટ કરી જણાવ્યું હતું કે તેની સંપૂર્ણ માહિતિ રહે તેમ ઇચ્છે છે અને એ સંબંધના પૂર્વે થયેલા ઠરાવોને કોઇ રીતે અળવળ નહીં આવે તેમ કાર્ય કરે છે.

### શ્રી. કાંતીલાલ ઇશ્વરલાલ.

શેઠ કાંતીલાલ ઇશ્વરલાલે "ટીપે ટીપે સરોવર ભરાય" એ ઉકિત અનુસારે કોન્ફરન્સને દરેક જૈન ભાઇ બ્હેને મદદ કરવા વિનંતિ કરી હતી. કોન્ફરન્સ પાછળ પીઠબળ છે, કોમનો અવાજ છે એ આપણે સાબીત કરી બતાવવું જોઇએ તે કેમ થાય ? કોન્ફરન્સ નિભાવ ફંડમાં તૂટો રહે એ સમાજ માટે વિચારણીય પ્રશ્ન ગણાય. સમાજને આજના જમાનામાં આ મહાસંસ્થાની જરૂર છે અને રહેવાનીજ તો પછી એને વિકસાવવા માટે સમાજે દ્રવ્ય સિંચન કર્યા વિના છુટકો નથી. તેમણે શ્રી મુંબઇ જૈન સ્વયં સેવક મંડળના ઉપસ્થિત રહેલા સ્વયં સેવક ભાઇઓને સુકૃત ભંડાર ફંડ વસુલ આપવા અપીલ કરી હતી. ઉપસ્થિતિ જનતા ઉત્સાહથી અપીલ વધાવી લઇ સુ. ભં. ફંડમાં રકમો આપતા જણાતી હતી. બાદ સભા વિસર્જન થઇ હતી.

---

## મુંબઇના સ્થાનિક જૈન કેળવણી પ્રચાર સમિતિને મળેલી વધુ મદદ.

ઉપરોક્ત સમિતિને પ્રથમ રૂા. ૫૪૬) ની રકમ મળી હતી ત્યાર બાદ નીચેના ઉદાર ગૃહસ્થો તરફથી નીચે જણાવ્યા પ્રમાણે રૂપીઆ ૨૭૧) ની વધુ મદદ મળી છે.

| | | | |
|---|---|---|---|
| ૧૫૦) | શેઠ માણેકલાલ ચુનીલાલ | ૨૫) | શેઠ નાનચંદ શામજી |
| ૫૧) | ,, ખુબચંદ સરૂપચંદ | ૧૧) | ,, મનસુખલાલ હીરાલાલ |
| ૨૫) | ,, ચુનીલાલ વીરચંદ | ૯) | ,, બે ગૃહસ્થો તરફથી |

# સરાક જાતીનો પુરાતન ઇતિહાસ.

લેખક—
નાથાલાલ છગનલાલ શાહ.

લેખાંક ૫ મો.

## માલદા જીલ્લો.

ઉત્તરમાં પુરનીયા, ઉત્તરપૂર્વ દીનાજપુર દક્ષિણપૂર્વ રાજશાહી અને ગંગા નદી અને મુર્શિદાબાદ.

આ જિલ્લો પાણ્ડુઆ અને ગૌડ પ્રાન્તોની હદમાં આવેલ છે. સેનવંશના રાજ્યકર્તાઓનું રાજ્યશાસન આ "વરેન્દ્રભૂમ" માં કહેવાતું. તેમાં "પાણ્ડુઆ" સ્થાન પ્રસિદ્ધ હતું. પુરાતન ઇતિહાસો પરથી "પૌણ્ડ્રવર્ધન" રાજ્યનો ભાગ હતો. તેમ તેની રાજ્યધાનીનું નામ તે સમયમાં "પૌડ્રનગર" નામથી પ્રસીદ્ધ હતું. પ્રખ્યાત ચીનાઈ યાત્રી હુએનસૅાગ જ્યારે ભારતના પ્રવાસે આવેલ ત્યારે આ પુરાતન નગરનો ઘેરાવો પાંચ માઈલનો ત્થા રાજ્યવીસ્તારનો ઘેરાવો ૭૦૦ માઇલનો બનાવેલ છે. "There are some hundred Deva Temples where sectaries of different schools congregate. The naked Nirgranthas are the most pumerous."

મૌર્યવંશીય મહારાજા ચન્દ્રગુપ્ત ઇ. સ. પૂર્વે ૩૫૦ માં થઈ ગએલ તેમના સમયમાં આ પૌડ્રવર્ધન દેશ આબાદી પર હતો. તેમના ગુરૂ શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીનો જન્મ આ પ્રસિદ્ધ નગરે થએલ હતો. આ નગરના નામ પરથી જૈન શ્વેતામ્બર સંપ્રદાયમાં ગણાતી "પુંડ્રવર્દ્ધણીઆ શાખા" નો જન્મ થવા પામેલ. (કલ્પ સુત્ર સ્થીરાવલી–દશાશ્રુત સ્કંધ) દીગમ્બર જૈનોના આરાધના કથા કોષ નામના ગ્રંથના ૬૧ મી કથામાં જણાવેલ છે કે—पुण्ड्रवर्धन सदेशे, कोटी सन्नगरे वरे राजा पद्मरथो धीमान्, सोमशर्मा पुरोहितः ॥ २ ॥ श्रीदेवी भामिनी तस्य, तयो पुत्रो बभूव च । भद्रबाहुर्गुणैर्भद्रो, भद्रमूर्ति र्भवोत्तमः ॥ ३ ॥ गोवर्द्धममुनेः पार्श्वं समागत्त द्रुतं सुधीः दिक्षामादाय जैनेन्द्रीं स्वर्ग मोक्ष सुखप्रदाम् ॥ १२ ॥

ભાવાર્થ–પૌંડ્રવર્ધન દેશના કોટીપુરનામના નગરમાં રાજા પદ્મરથના પુરોહીત સોમશર્માના પુત્ર શ્રી ભદ્રબાહુ જેઓ ગોવર્દ્ધનગુરૂના શિષ્ય થયા અને દિક્ષા અંગિકાર કરેલ.

પુંડ્રનગર દેશમાં શ્રુતકેવળી ભદ્રબાહુના સમયમાં કોટી તીર્થમાં જૈન મંદિરો હસ્તી ધરાવતાં (જુઓ આરાધના કથા કોષ કથા ૮૬.)

Beals—Buddhist Records of the Western World. Vol. 2 P. 195.

## વીરભૂમ જિલ્લો.

ઉત્તરમાં સંથલ, પૂર્વમાં મુર્શિદાબાદ અને વર્ધમાન તેમ દક્ષિણમાં વર્ધમાન જિલ્લો.

## પુરાતન સમયમાં જૈન ધર્મ.

રામપુર હાટથી પશ્ચિમમાં ખરબીના નામનું ગામ આવેલ છે. તેમાં સરાક નામની એક જાતિ વસી રહેલ છે. આ જાતીમાં માંસ ખાવાનો પ્રચાર નથી. આ જાતીમાં તેમના નામોના આગળ ઉપાધી રાખેલ છે. જેમાં હદ, રક્ષિત, દત્ત પ્રામાણીક, સિંહ અને દાસ નામથી ઓળખાવે છે. ઈ. સ. પૂર્વે શ્રમણ તીર્થંકર મહાવીરે જ્યારે શ્રમણ દશામાં આ ભૂમિપર વિહાર કરેલ તે સમયથી આ પ્રદેશ વીરભૂમ નામથી ઓળખાય છે. વર્તમાનની સરાક નામથી ઓળખાતી, જાતીના પૂર્વજો જૈન ધર્મને માનનારા હતા. કાળબળે ધર્મ વિપ્લવના કારણને લઇને તેમને પરિવર્તન કરવાનું જણાઇ આવે છે. વર્તમાનમાં આ લોકો શુદ્રના સમાન રહે છે. હિંદુધર્મના વ્રત નિયમ કરે છે. તેમનો ધંધો મુખત્વે ખેતીનો છે. તેમ કેટલાકો વણાટનું કામ કરે છે. તેમનામાંની વિધવા સ્ત્રીઓ એકાદશી વ્રત કરે છે.

વીરભૂમમાં આ જાતીના લોકો વર્તમાનમાં બલેરપુર, સાન્થાલ પરગણામાં સાદિપુર, શિલાજુડી, જયતારા, બાસકુલી, વિલકાન્દી અને હાથજુડી વીગેરે સ્થાનોમાં વસી રહેલ છે.

## પુરાતન જૈન અવશેષો.

મલ્લારપુર, તાંતિબિરલ અને થાના.

આ જિલ્લામાં પુરાતન સમયના જૈન અવશેષો ઘણા પ્રમાણમાં મળી શકે તે માટે શોધખોળ કરવાની આવશ્યકતા છે.

જુઓ:–વીરભૂમ વર્ણન, (બેન્ગાલી)

સંપાદિત. મહાજકુમાર શ્રીયુત મહિમા નીરંજન ચક્રવર્તી.

નોટ–ઉપરોક્ત પુસ્તક ભાગ ૨ ના પૃષ્ટ ૧૦૨ માં સરાક જાતીને બૌદ્ધ તરીકે બતાવેલ છે. તે વાસ્તવિક નથી, પરંતુ તેઓ પુરાતન સમયના શ્રાવક એટલે જૈન ધર્મી હતા.

## બાંકુરા જિલ્લો

ઉત્તર તેમ પૂર્વમાં વર્ધમાન જિલ્લો અને દામોદર નદી દક્ષિણમાં મીદનાપુર અને પશ્ચિમમાં માનભૂમ જિલ્લો આવેલ છે. આ જિલ્લામાં પુરાતન સમયમાં જૈન ધર્મ ઉન્નતીએ હતો પરંતુ વર્તમાનમાં એક જૈન તરીકે જોવામાં આવી શકે તેમ નથી. આ જિલ્લામાં "બહુલારા" નામના પુરાતન સ્થાનમાંથી એક જૈન મૂર્તિ શિલ્પકળામય મળી આવેલ છે. જે ખડગાસને છે. બહુલારા બાંકુરાથી એક માઇલ દુર દારિકેશ્વર નદીના ડાબી બાજુના તટપર આવેલ છે. જનરલ કર્નિંગહામ સાહેબે જણાવેલ છે કે—

"The jain image is a clear proof of the existence of the jain religian in these parts in old times." 1

આ પરથી સ્હેજે જણાઇ આવે છે કે પુરાતન સમયમાં જૈન ધર્મનો પ્રચાર આ સ્થાનોમાં સારા પ્રમાણમાં હતો. આ જિલ્લામાં હદપુર અને રતનપુર નામના ગામોમાં જૈન સરખા આચારવાળી જાતી વર્તમાનમાં વસી રહેલ જણાઇ આવે છે.

---

1 Archialogical Surway of India Yolum, 8.

# સ્વીકાર અને સમાલોચના.

**આર્હત જીવન જ્યોતિ** ( પાંચમી કિરણાવલી ) (સચિત્ર) કિંમત ૦-૮-૬ સદ્ગત્ બાબુ સાહેબ જીવનલાલ પનાલાલ તરફથી વિદ્યાર્થીઓમાં વ્યવહારિક જ્ઞાન સાથે જૈન ધર્મ વિષયીક જ્ઞાનના ઉંડા અભ્યાસી પણ થાય તેમજ તેઓ વિધિ વિધાનમાં રસ લેતા બને એ અર્થે ધોરણના ક્રમ મુજબ પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડીઆ, M. A. મારફતે એક સળંગ પાઠાવલીની યોજના હાથ ધરવામાં આવેલી એનું આ પાંચમું કિરણ છે. એમાં જૈન ધર્મના ભિન્ન ભિન્ન વિષયોને લગતાં-પ્રવર્તતી કિરિયામાંની કેટલીક પર પ્રકાશ પાડતાં બત્રીશ પાઠ સંગ્રહવામાં આવ્યા છે. ભાષા સરળ ને વિદ્યાર્થી ગણને રૂચે તેવી છે. પરિશિષ્ટ તરીકે પાછળના ભાગમાં અગીઆર સૂત્રો અર્થ સહિત આપેલ છે એનો આશય ક્રિયા તરફ અભિરૂચી પ્રગટાવવાનો જણાય છે.

વસ્તુ ગુંથણી માટે તેમજ પાઠની પસંદગી માટે વળીએ ત્યારે બાલ માનસની વૃત્તિ દૃષ્ટિ સન્મુખ રાખી જે જાતના સંર્જન થઇ રહ્યાં છે એ જોતાં અવશ્ય મતફેર રહેવાનો છતાં આવા પ્રયાસો મારફતેજ સર્વાંગ સંપૂર્ણ વાંચનમાળાના મોડા મોડા પણ સર્જન થવાના એ વાત ભુલવા નથી. તેથી પ્રયાસ અભિનંદનીય લેખાય

**સુવાસ**—( પુ. ૧ અંક ૧ થી ૩ વૈશાખથી અસાડ ) ગુજરાતી માસિક વાર્ષિક લવાજમ રૂ૦ ૩) સંચાલક રતિલાલ ત્રિભોવનદાસ શાહ વડોદરા-માસિકનું નામ જેમ સુવાસ છે તેમ મનોરથ પણ સર્વત્ર અને ખાસ કરી ગુજરાતી આલમમાં સુવાસ યાને સુગંધ પ્રસરાવવાનો છે. "કંઇક અગત્યનું" વાંચતાંજ એ વાતની પ્રતીતિ થાય છે. પ્રાંત ભગે સલાહકાર મંડળમાં જે વિદ્વાનોના નામ દૃષ્ટિગોચર થાય છે જે વાંચતાં-તેઓશ્રીની કલમમાંથી વધુ નહિં તો પ્રત્યેક અંકમાં માત્ર એકેક રસ ઝરણ ઝરવાની ખાત્રી મળે તો સુવાસ અવશ્ય સમૃદ્ધ બને જૈન ગ્રહસ્થના હાથે પ્રસિદ્ધ પામતું આ માસિક કેવળ જૈન સમાજ પુરતું નથી રહેતું એ સમગ્ર જનતાનું બનવાના કોડ સેવે છે જે દેશકાળ જોતાં વાસ્તવિક જણાય છે કુમારની શૈલીએ બીજા માસિકો કરતાં કેટલીક પદ્ધત્તિમાં નવીનતા દાખવી છે છતાં અભિલાષ જોતાં હજુ ઘણું કરવાનું રહે છે શ્રી વિદ્યાવિજયજી તરફથી 'શ્રી પર્વકથા સંગ્રહ અને શ્રી દ્વાદશ વ્રત કથા સંગ્રહ **શ્રી આત્મ સિદ્ધિ શાસ્ત્ર, શ્રીમદ રાજચંદ્રના પત્રો, મહાત્મા ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્ર** આ ત્રણે લઘુ પુસ્તકો ઉંઝા ફાર્મસી તરફથી પ્રકટ થયાં છે શ્રી નગીનદાસ ગ્રંથમાળાના અનુક્રમે અંક ૩ (૦-૩-૦), અંક ૪ (૦-૨-૦) અને અંક ૫ (૦-૨-૦) કિંમતના છે. ભાગ્યેજ શ્રીમદ્ રાજચંદ્રની કૃતિ કે લખાણથી કોઇ સાવ અજ્ઞાન હોય કેમકે મહાત્મા ગાંધીજી જેવા એ પોતા પર જે ત્રણ પુરૂષની છાપ પડી છે એમાંના એક તરિકે તેમને ગણાવ્યા છે. એમના માટે "મુમુક્ષુ" શબ્દ વાપરી બધી જાતના વાંચનાર કે સામાન્ય કક્ષાના અભ્યાસવાળા માટે કવિનું લખાણ સમજવું સ્હેલું નથી તે જણાવી દીધુ છે અધ્યાત્માનો વિષય કથા વાર્તા જેવો સરલ નજ લેખાય. આમ છતાં નિશ્ચય સમક્તિના 'આત્મા છે' 'તે નિત્ય છે' વળી તે 'કર્તા' ઉપાય પણ છે એ છપદ સરળતાથી-ગ્રરગતુ ઉદાહરણથી આત્મ સિદ્ધિ શાસ્ત્રમાં સમજાવ્યો છે. ગાંધીજી સાથેના પત્ર વ્યવહાર તેમજ પ્રશ્નોના ઉત્તરો એ કેવી યુકિત પુરસ્સર અપાયા છે એ જાણવું હોય તો પુસ્તક અંક પાંચ જોઇ લેવો. એકંદરે પ્રકાશકનો સસ્તી કિંમતે આ લઘુ પુસ્તિકાનો ફેલાવો કરવાનો પ્રયાસ સ્તુત્ય છે. એથી કવિના નામે ચાલતી ભ્રમજાળનું છેદન થાય છે ને એમની વિદ્વતાનો-મંતવ્યનો સાચો ખ્યાલ આવે છે.

**પહોંચ—શ્રી મહેન્દ્ર જૈન પંચાગ**-વિક્રમ સં. ૧૯૯૫ શ્રી ખંભાત જૈન મિત્ર મંડળ ત્રિવાર્ષિક રિપોર્ટ, શ્રી મહારાષ્ટ્રીય જૈન વિદ્યા ભુવન-જુન્નેરનો પ્રથમ વર્ષનો રિપોર્ટ, શ્રી શાન્તિનાથ જૈન તાડપત્રીય જ્ઞાન ભંડારનો રિપોર્ટ. એ ઉપરાંત સમાધિશતક મુનિ મહારાજ શ્રી વિદ્યાવિજયજી તરફથી 'શ્રી પર્વકથા સંગ્રહ' તથા શ્રી દ્વાદશ વ્રત કથા સંગ્રહ અને "બારવ્રતની પૂજા સાર્થ" શ્રેષ્ટિ ગિરધરલાલ આણંદજી તરફથી મળેલ છે એ માટે હવે પછી જણાવીશું.

**સુચના**—પાક્ષિકના પાના મર્યાદિત હોવાથી અભિપ્રાયાર્થે મોકલનાર વર્ગ સમાલોચનાની ઉતાવળ ન કરે. બનતાં સુધી મળેલ પુસ્તકની નોંધ યથા શક્તિ જલ્દી લેવાનો યત્ન થશેજ. જે અંકમાં એ લેવાશે તે અંક અવશ્ય પુસ્તક મોકલનારને મોકલવામાં આ શે. હવેથી પત્ર દ્વારા સ્વીકાર પહોંચ પણ અપાશે.

---

**બાલાસર જિલ્લો.**

ઉત્તરમાં મિદનાપુર અને મયુરભંજ, પૂર્વમાં બંગાળની ખાડી દક્ષિણમાં કટક તેમ પશ્ચિમમાં કીયુનસર અને નિલગિરી આવેલ છે.

આ જિલ્લામાં "તાંતી" નામની જે જાતી રહે છે. તેમની મનુષ્ય સંખ્યા ૫૬૦૦૦) ની છે. આ જિલ્લામાં પુરાતન સમયમાં કીમતી કાપડ બનાવવાનો ઉદ્યોગ ઘીકતા પ્રમાણમાં હતો. જ્યારથી પરદેશી સરકારે હિંદુસ્તાન પર અધીકાર ચલાવવો શરૂ કર્યો ત્યારથી અહીંના વણાટ કામના ઉદ્યોગને ભારે ધક્કો લાગ્યો. જેથી પુરાતન કારીગરી નષ્ટ થઇ. આ કારણને લઈ આ પ્રદેશમાં વસનારી તાંતી જાતીના લોકોએ ખેતી અને મજુરીનું કામ કરવા શરૂ કર્યું, અને તે માંહેના થોડા માણસોએ વણવાનું જારી ( ચાલુ ) રાખ્યું. આ જાતીને અશ્વીની અને ગૌરીયા તાંતી કહે છે.

માનભૂમ ગેઝેટીઅર સન ૧૯૧૧ માં સારાક યાને સરાક જાતીના ગોત્ર બતાવેલ છે. તેમાં અશ્વિની તાંતી એ સરાક જાતીમાં છે જે પુરાતન સમયમાં જૈન હતા.

પુરી જિલ્લા ગેઝેટીઅર સન ૧૯૦૮ ના પૃષ્ટ ૮૫ માં જણાવેલ છે કે—સરાક જાતીના જૈનોમાં સરાકી તાંતી એ નામના સરાકો આ પ્રદેશમાં રહે છે. આ પરથી સ્હેજે સમજાઇ શકે છે કે—અશ્વિની તાંતી એ સરાક જૈનોની ઓલાદ છે. તેમ તેમનું ગોત્ર માનભૂમ જિલ્લાના સરાકોના ગોત્રમાંથી મળી શકે છે. વર્તમાનમાં આ જાતી હિંદુ તરીકે ઓળખાય છે.

## —: પર્યુષણપર્વમાં શું કરશો ?:—

પર્વાધિરાજ પર્યુષણ પર્વ આવે છે. કોઇ ચર્ચા કરતાં એમ કહેશે, કે આજે દોઢ માસનું ઘર છે, એક માસનું ઘર છે, પંદર દીવસનું ઘર છે. આ વખતે પર્યુષણ પર્વ ઉત્તમ રીતે આરાધન કરવા છે આજે તો આપણા આંગણે........મહારાજસાહેબ બીરાજે છે એટલે પર્યુષણ સુખ શાંતીપૂર્વક થશે. પર્યુષણની અંદર તપસ્યામાં કોઈ મહાપુરૂષે દોઢ માસના ઉપવાસ, એક માસના ઉપવાસ, પંદર દીવસના ઉપવાસ, કર્યા હશે, તો ઘણા ખરા તપસ્વીઓ, અઠ્ઠાઇ, અઠ્ઠમ, વીગેરે તપસ્યા કરશે.

### પર્યુષણ એટલે શું ?

પર્યુષણ એટલે કર્મ નિર્જરાના દિવસો, પર્યુષણ એટલે શાંતીના દિવસો, પર્યુષણ એટલે તપ, જપ, દાન કરવાના દિવસો, પર્યુષણ એટલે માસ બારનું સરવાયું કાઢવાના દિવસો, વેપારીઓ દિવાલીમાં વેપારનું સરવાયું કાઢે છે આપણે પુણ્ય, પાપનું સરવાયું પર્યુષણમાં કાઢીએ છીએ. વલી પર્યુષણમાં માફી માંગવાના દિવસો, મિચ્છામિ દુક્કડમ્ એટલે બારે માસમાં થયેલા અપરાધોની અરસપરસમાં માફી માંગવી. આજે તો ખમતખામણાં કાગળ લખવામાં જ રહી ગયા છે. મિત્ર હશે, સગાસંબંધી હશે બહાર ગામ રહેતા હશે તેમને છાપેલી ક્ષમાપના-પત્રિકા લખવામાં આવશે. એટલે આપણે ક્ષમાપના કરી ચૂક્યા એમ સમજીએ છીએ, હાથે લખીને માફી માંગવામાં જે ઉલ્લાસ આવે, તે ઉલ્લાસ-છાપેલી પત્રિકામાં નથી આવતો, વળી જેના સામે, બારમાસમાં પરસ્પર બોલવુ પડ્યું હશે, તકરાર થઇ હશે, દીલ દુખાવ્યું હશે તેની સાથે તો માફી માંગતા જ નથી. ખાસ કરીને માફી તેમની જ સાથે માંગવાની છે કે જેમની સાથે વેરવિરોધ થયો હોય, લઢયા હોય, તેવાઓની સાથે ખાસ માફીની જરૂરીઆત છે.

આપણા વડીલો તીર્થોની રક્ષા કરવામાં સમાજોન્નતિ કરવામાં, સિદાતા સાધર્મીક બંધુઓનો ઉદ્ધાર કરવામાં, દીન-દુઃખી અનાથોની સહાય કરવામાં ખડે પગે ઉભા રહેતા. એમની હાક રાજદરબારમાં વાગતી હતી. પૂર્વાચાર્યોએ, રાજા મહારાજા અને સમ્રાટોને પ્રતિબોધી. અમારી પડહ વગડાવેલી છે. અર્થાત્ જીવોને અભયદાન અપાવેલ છે, આજે આપણે તો આ બધુ ભૂલી ગયા છીએ. આજે તો એમજ નજરે પડે છે કે અમુક ઉપાશ્રયે અમુક મહારાજસાહેબે, આપ્રમાણે કર્યું તો મારે પણ તેમનાથી ઓછું કેમ ઉતરવું ? જ્યાં સુધી એક બીજા સામે ખોટા રાગ દ્વેષો, ઇર્ષાઓ, ભરેલાં છે ત્યાં સુધી આપણું શ્રેય નથી.

છેવટે દરેકને અપીલ કરવાની કે મહાન પર્યુષણપર્વમાં શ્રી કલ્પસુત્ર સાંભળવું, તપસ્યા કરવી, ચૈત્યપરીપાટી, સામાયિક, પ્રતિક્રમણ, પોસહ, આદિ ધાર્મિક કાર્યો કરી, આત્માને ઉજ્વળ બનાવવો.

' મિચ્છામિ દુક્કડમ્ " નો ખરો અર્થ સમજી તેનો અમલ કરવો. એટલે કે દરેકની સાથે ખરા અંતઃકરણપૂર્વક ક્ષમાપના કરવી.

—પંન્યાસજી સમુદ્રવિજયજી.

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

### પર્યુષણ વ્યાખ્યાનમાળા

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી દર વર્ષ માફક આ વર્ષે શ્રાવણ વદ ૧૨ તા ૨૨-૮-૩૮ સોમવારથી ભાદરવા શુદ ૪ સોમવાર તા. ૨૯-૮-૩૮ સુધી નીચે મુજબ પર્યુષણ પર્વને લગતી વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે.**

| સમય | | વ્યાખ્યાતા | વ્યાખ્યાન વિષય |
|---|---|---|---|
| તા. ૨૨-૮-૩૮ સોમવાર સવારના | ૮॥ | ડો. ચંદુલાલ દેસાઇ | મહાત્મા ગાંધીજી. |
| " " " | ૯॥ | પંડિત દરબારીલાલજી | સર્વધર્મ સમભાવ. |
| તા. ૨૩-૮-૩૮ મંગળવાર " | ૮॥ | શ્રી. ધર્માનંદ કોસંબી | બુદ્ધ ચરિત્ર. |
| " " " | ૯॥ | પંડિત દરબારીલાલજી | સર્વજ્ઞતાની વિટંબના. |
| તા. ૨૪-૮-૩૮ બુધવાર " | ૮॥ | શ્રી. ઝીણાભાઇ દેસાઇ (સ્નેહરશ્મિ) | સ્થિતિ શીલતાના ભયસ્થાનો. |
| " " " | ૯॥ | શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ | દેવાલય વિરૂદ્ધ દિવ્યાલય. |
| તા. ૨૫-૮-૩૮ ગુરૂવાર " | ૮॥ | શ્રી. ઝીણાભાઇ દેસાઇ (સ્નેહરશ્મિ) | પ્રજા ઘડતરની દૃષ્ટિએ શિક્ષણ. |
| " " " | ૯॥ | શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ | સમાજવાદની તાત્વિક ભૂમિકા. |
| તા. ૨૬-૮-૩૮ શુક્રવાર " | ૮॥ | શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ | ભગવાન મહાવીર. |
| " " " | ૯॥ | સ્વામી આનંદ | સંત સમાગમ. |
| તા. ૨૭-૮-૩૮ શનિવાર " | ૮॥ | પંડિત બેચરદાસ | દ્રવ્યક્રિયા અને ભાવક્રિયા. |
| " " " | ૯॥ | શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ | અહિંસા. |
| તા. ૨૮-૮-૩૮ રવિવાર " | ૮॥ | શ્રી. મગનલાલ પ્રભુદાસ દેસાઈ | અહિંસા વૃત્તિનો વિકાસ. |
| " " " | ૯॥ | શ્રી. ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ | ગુરૂ નાનક. |
| તા. ૨૯-૮-૩૮ સોમવાર " | ૮॥ | મુનિ જિનવિજયજી | જૈન સમાજના ઇતીહાસનું સિહાવલોકન. |

**આ વ્યાખ્યાનો સી. પી. ટેંક ઉપર આવેલ હીરાબાગના હોલમાં આપવામાં આવશે.**

તારનું સરનામું:-'હિંદસંઘ.''

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

૨૦, પાયધુની, મુંબઈ ૩.

**શેઠ શ્રી,**

તા. ૧૯-૮-૧૯૩૮.

## તથા શ્રી જૈનસંઘ સમસ્ત

સવિનય નિવેદન કરવાનું કે સમસ્ત હિંદના જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવનારી આપણી આ જૈન મહા-સભા જૈન કોન્ફરન્સ આજે ૩૫ વર્ષથી જૈન કોમની સામાજીક, વ્યવહારિક અને ધાર્મિક પ્રગતિ સાધવાના ઉદ્દેશથી કાર્ય કરી રહી છે. આ સંસ્થા અસ્તિત્વમાં આવ્યા બાદ આપણાં તીર્થો, આપણું સાહિત્ય, જીર્ણોદ્ધાર, પુસ્તકોદ્ધાર તથા નિરાશ્રિતોને મદદ આપવા અંગે ઘણું કાર્ય કરી ચુકી છે અને કરી રહી છે. હાલમાં જૈન કોમમાં પ્રાથમિક, માધ્યમિક (મેટ્રિક પર્યન્તની) અને ઔદ્યોગિક કેળવણી પ્રચારાર્થે સ્કૉલરશિપ, ફી, પાઠ્ય પુસ્તકો આદિના રૂપમાં બે વર્ષમાં રૂા. ૨૫૦૦૦) પચીસ હજાર ખર્ચવાની યોજના કરવામાં આવી છે. આ યોજનાનુસાર મુંબઇ, અમદાવાદ, વડોદરા, સુરત, વઢવાણ કેમ્પ, આમોદ, બોરસદ, મોરવી, ખંભાત, રાજકોટ, વઢવાણશહેર, ગોધાવી, બારશી, મહુવા, પાલણપુર, પાલેજ, ઉમેદપુર, શિહોર, દહેગું ગોલવડ, વાપી, મિયાગામ કરજણ, જામનગર, ઘેરાજી, પોરબંદર, માંડલ, ઉંઝા, જુન્નેર, કોલ્હાપુર, સાંગલી, પુના, આદિ સ્થળે **"કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ"**ઓ નીમાઇ છે જે દ્વારા કેન્દ્રસ્થ સમિતિએ મંજુર કરેલા રૂા. ૬૫૫૨-૦-૦ અને સ્થાનિક સમિતિએ એકત્ર કરેલા રૂા. ૫૩૫૩-૦-૦ મલી કુલ રૂપીઆ ૧૧૯૦૫-૦-૦ આ વર્ષમાં કેળવણી પ્રચારાર્થે ખર્ચવા ગોઠવણ કરવામાં આવી છે. તદુપરાંત સંસ્થા હસ્તકના શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ દ્વારા પ્રતિવર્ષે નિયમિત ધાર્મિક હરીફાઇની પરીક્ષાઓ લેવાય છે અને પાઠશાળાઓને માસિક મદદો આપવામાં આવે છે. કોન્ફરન્સદ્વારા બનારસ હિંદુ યુનિવર્સીટીમાં જૈન ન્યાય અને તત્વજ્ઞાનની જ્ઞાનપીઠ (જૈન ચેર) રૂા. બાવન હજાર આપી સ્થાપવામાં આવી છે. આ રીતે વ્યવહારિક અને ધાર્મિક કેળવણી પ્રચારની દિશામાં સંગીન પ્રવૃત્તિ ચાલુ છે.

ઉપરોક્ત સર્વ કાર્યોને પહોંચી વળવા તથા વિકસાવવા માટે આપની આ એકની એક મહા સંસ્થાની **"શ્રી સુકૃત ભંડાર ફંડની'** યોજનાને પોષણ આપવાની સૌની પવિત્ર ફરજ છે. આ યોજના પ્રમાણે **દરેક જૈન બંધુ અને બ્હેને ઓછામાં ઓછા ચાર આનાનો ફાળો દર વર્ષે આ સંસ્થાની ઓફીસમાં મોકલી આપવાનો** છે. આ ફંડની આવકમાંથી ખર્ચ બાદ જતાં બાકી રહેતી રકમનો અર્ધો ભાગ એજ્યુકેશન બોર્ડ દ્વારા કેળવણીનાં કાર્યોમાં વપરાય છે અને બીજો અર્ધો ભાગ સમાજોન્નતિનાં કાર્યો અને નિભાવ ફંડમાં વપરાય છે જ્યાં સુધી દરેક ગામના સંઘ તરફથી સારી મદદ નિયમિત મલતી ન રહે ત્યાં સુધી સંગીન કામ થઇ ન શકે તેમજ સંસ્થાની આર્થિક હાલત સંગીન ન હોય ત્યાં સુધી જરૂરી કાર્યો પણ હાથ ન ધરી શકાય એ પણ સ્વાભાવિક છે તેથી **આવતા પર્યુષણના પવિત્ર દિવસોમાં આપનો સુકૃત ભંડાર ફંડનો ફાળો અવશ્ય મોકલી આપવા વિનંતિ છે.**

આ સુકૃત ભંડાર ફંડની યોજના આજે ઘણાં વર્ષ થયા જૈન સમાજમાં જાણીતી છે એટલે વિશેષ માહિતીની જરૂર નથી. પ્રતિવર્ષ પ્રત્યેક સ્ત્રી પુરૂષ ઓછામાં ઓછા ચાર આના સંસ્થાને આપવા દ્રઢ આગ્રહ રાખે તો આ સંસ્થા મારફતે ઘણું સુંદર કાર્ય થઇ શકે તેવું છે અને એથી અમે આપને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે આ અપીલ શ્રી સંઘ સમક્ષ રજુ કરી વધારેમાં વધારે જે ફાળો આપ **સુકૃત ભંડાર ફંડમાં** મોકલી શકો તે જરૂર આવતા પવિત્ર દિવસોમાં એકત્ર કરી અમને મોકલી આપવા કૃપા કરશો.

લી૦ સેવકો,

**જમનાદાસ અમરચંદ ગાંધી.**
**મણીલાલ જેમલ શેઠ.**
**ઑનરરી સેક્રેટરીઓ.**
શ્રી સુકૃત ભંડાર ફંડ સમિતિ.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
કાંતિલાલ. ઈશ્વરલાલ.
**રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.**

---

**પજુષણના તહેવારને અંગે આવતો અંક બંધ રહેશે. ત્યાર પછીનો અંક તા. ૧૬-૯-૩૮ ના રોજ બહાર પડશે.** —જૈન યુગ કમિટી.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેન્સન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું: "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧૬ મી સપ્ટેમ્બર ૧૯૩૮. | અંક ૩-૪ થો.

## સંવત્સરીનો સંદેશ.

खामेमि सव्वजीवे
सव्वेजीवा खमन्तुमे,
मित्तिमे सव्व भूएषु
वेरं मज्जं न केणइ।

सव्वस्स जीवरासिस्स
भावओ धम्मनिहिअनिअचित्तो,
सव्वं खमावइत्ता
खमामि सव्वस्स अहयंपि।

—ગત્ વર્ષમાં લખાણ દ્વારા કોઇની પણ લાગણી દુઃખાઇ હોય તેની અંતઃકરણપૂર્વક ક્ષમા ચાહી, નૂતન વર્ષમાં લખાણ દ્વારા યથાશક્તિ સેવા કરવાના મનોરથ સાથે જૈન યુગની નિયમિતતા ચાલુ રાખવાનું પણ કરી, સમાજના પ્રત્યેક આત્માને ઉપરનો સંદેશ શાંતિથી વિચારવા અને અમલમાં ઉતારવા વિનવીએ છીએ.

—જૈન યુગ પ્રકાશન સમિતિ.

અહા! એ પૂનિત પર્વ તો હંમેશની માફક પસાર થઇ ગયું! એ ટાણે સર્વત્ર થઇ રહેલ સુંદર આરાધના અને ઇતર જનતાને પણ આશ્ચર્ય પેદા કરે તેવી તપશ્ચર્યા, પણ ભૂતકાળનો વિષય બની ચુકી; છતાં જે એક નાદ હજી પણ નથી વિસ્મૃત થઇ શકતો-જે એક આદેશ કદીપણ નથી ભૂલી શકાતો-અરે જે એક સંદેશ જરાપણ અણુસાંભળ્યો નથી કરી શકાવાનો-તે એજ કે—**मित्तिमे सव्व भूएषु-वेरं मज्जं न केणइ।** અર્થાત્ જગતના સર્વ જીવો સાથે મારે મૈત્રી ભાવ છે. મારે કોઈ સાથે વેર નથી-મારો કોઇ શત્રુ જ નથી. ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજ પણ સારાયે ધર્મનું દોહન કરી એ એકજ નવનીત તારવતાં કહે છે કે-'ખમીએ અને ખમાવીએ, એહજ ધર્મનો સારતો.'

તો પછી સંવત્સરીના પ્રતિક્રમણ કાળે સકળ સંઘને મિચ્છામિ દુક્કડમ્ દેનાર સ્વહૃદય પર હાથ મૂકી પૂછે કે એ પવિત્ર સંદેશનું પાલન કેટલા અંશે કરવામાં આવ્યું છે. એના અમલમાં કેટલી ભૂમિ વટાવી ચૂકયા અને હજી કેટલી વટાવવાની બાકી છે. પરમાત્મા મહાવીર દેવના એ ફરમાનમાં અજબ જાદુ ભર્યું છે, પણ એ જોવાને માટે રાજર્ષિ ઉદાયન જેવી આંખની જરૂર છે. એ સમજવાને સાધ્વી મૃગાવતી જેવી સરળતાની જરૂર છે. અરે એ અનુભવવા માટે ગૌતમ ગણધર સરખી શ્રદ્ધા ને કર્તવ્યપાલન-તત્પરતાની અગત્ય છે.

સાચે સાચ એ વસ્તુ સમજાય તો જૈન સમાજમા ચોથો આરો વર્તી રહે. 'શાસન રસી સવિજીવ કરૂં' એ ભાવના વિદ્યુત્ વેગે પ્રસરી જાય. વિદ્યમાન આચાર્યોથી માંડી સકળ સાધુ-સાધ્વીના ગણુ પર્યન્ત અને શ્રાવક-શ્રાવિકાના વિશાળ સમુદાય સુધી એ સંદેશનો ઝણુ ઝણાટ પ્રસરો અને એમાં છુપાયેલ ચમત્કૃતિનું યથાર્થ દિગ્દર્શન થાવ.

**જૈન યુગ.**

તા૦ ૧૬-૯-૩૮. શુક્રવાર.

# પર્વાધિરાજને પગલે પગલે.

અહા! પર્વ દિવાકર પર્યુષણુ તો પસાર થઇ ગયાં! પણુ એની મીઠી સૌરભ, ચારે બાજુ મહેકતી અનુભવાય છે. વર્ષાના જળ જેમ સારીયે વનસ્પતિ આલમમાં કોઇ અનેરી તાજગી, ઉડીને આંખે વળગે તેવી પ્રફુલ્લતા, ચક્ષુ ઠારે તેવી નીલવર્ણુતા સર્જાવે છે તેમ આ પર્વ પણુ જૈનોના હૃદયમાં વર્ષભરના સંચીત દોષોનું પૂર્ણપણે પ્રક્ષાલન થઇ ગયું હોવાથી, તપ દ્વારા એનુ સંશોધન કરાયેલ હોવાથી, ઉભરાતા ભાવે એનુ મિચ્છામિ દુક્કડમ્ ઉચરાવાથી કેવળ નિર્મળતા ને સ્વચ્છતાના સર્વત્ર દર્શન કરાવે છે. કલ્પસૂત્રના સાચી રીતે-શ્રદ્ધાપૂર્વક-પાન કરનાર આત્માઓને એમાં અતિશયતા નજ લાગવી જોઇએ. ઉદાયન ને ચંડપ્રદ્યોત કે ચંદનબાળા ને મૃગાવતીના દ્રષ્ટાંતો એ સાહિત્ય શોભાવવા નથી નિર્માયેલા! પરિવર્તનના કાંક્ષીઓને કલ્પસૂત્ર જાતેજ પરિવર્તનની દિશા સૂચક થઇ પડે છે. પ્રભુ શ્રી વીરના જીવન માટે રચાયેલ વિસ્તૃત શ્લોકોની માળા, કેવળ ઉત્પાદ, વ્યય અને ધ્રુવરૂપ ત્રણ પદો-સાચેજ પ્રખર ને પ્રજ્ઞાસંપન્ન વિદ્વાનોના અંતરમાં સજ્જડ મંથન પ્રગટાવી, ધરમૂળથીજ પરિવર્તન કરાવનાર નિવડ્યા છે એ કોણુ નથી જાણતું? એજ ચરમ જિનના ગણધરો અને પાટ પર થયેલ સુરિપુંગવોના રેખાંકનો પરિવર્તનનીજ નોબત વગાડે છે કે બીજું કંઇ?

દૂર જવાની જરૂરજ નથી. શ્રી કલ્પના કેટલાયે પ્રસંગો જેમ ભૂતકાળે કાર્યસાધક નીવડયા છે તેમ વર્તમાન કાળ માટે આવશ્યક છે અને ભવિષ્યમાં પણુ દીવાદાંડીરૂપ થનાર છે. એક દ્રષ્ટિયે કહીયે તો દીર્ઘદર્શી આચાર્યે એ દ્વારા પ્રતિવર્ષ સ્મૃતિ તાજી રહે તે અર્થે આલેખેલા માઇલ સ્ટોન છે. પણુ એ સમજવા સારૂ શ્રદ્ધા સંપન્ન ને કોઇ પણુ જાતના ભેદભાવથી અણુલેપાયેલ અંતર જોઇએ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ ચતુષ્પદીનું પુનઃ પુનઃ ઉચ્ચારણુ કરી એનું રહસ્ય પિછાનવાની ચાવી ગીતાર્થોના હાથમાં સોંપી છે એમાં પણુ દીર્ઘદર્શિતા સમાયેલી છે. સમયે સમયે પર્યાયોમાં ફેરફાર થયા કરે છે એવું મંતવ્ય ધરનાર જૈનધર્મ પરિવર્તન કે ક્રાન્તિનો વિરોધી હોય ખરો? અલબત પરિવર્તન યા ક્રાન્તિ કઇ વસ્તુની, કયા દ્રવ્યની, અથવા તો કઇ જાતની કે કેવા પ્રકારની કરવાની છે એનો નિર્ણય કરવાની જરૂર રહેવાનીજ. એ નિર્ણય કરવાની જવાબદારી ગીતાર્થો અર્થાત્ નિષ્ણાતોને શીરે અને સુચના માત્ર એટલીજ કે દ્રવ્ય-ખિત્ત-કાળ-ભાવ પર મીંટ માંડીને જ જે કંઇ કરવું ઘટે તે કરજો.

જળ સિંચન દ્વારા નવપલ્લવિતતાને અર્પનાર વર્ષાકાળનો જેટલો ઉપકાર વનરાજી માને તેથી અધિક ઉપકાર જૈન સમાજે પર્વોમાં રાજા સમાન પર્યુષણુનો માનવો રહ્યો. કેમકે એના આયોજનમાં-એના આઠ દિનોમાં-કલ્પસૂત્ર વાંચનના આદેશમાં-નવેસરથી એકડો ઘુંટવાના જાતજાતના ઇશારા છે. વળી આંટી ઘુંટીના વમળમાં અટવાવું ન પડે કે પુનઃ ભૂલના ભોગ ન થવું પડે એ માટે કેટલાયે દિશા સુચનો છે. પણુ ખોટ છે એનુ સાચું ભાન કરાવનાર ગીતાર્થોની. ગીતાર્થો યાને નિષ્ણાતો તેજ થઇ શકવાના કે જે અન્ય જંજાળોથી, બીજી આળપંપાળોથી, હાથ ખંખેરી માત્ર એ એકજ વિષય પાછળ ભેખ લઇ, એમાં તદાકાર બની રહે. કેટલાકને સાધુસંસ્થા અકારી લાગે છે પણુ તેઓ ભૂલી જાય છે કે એ ત્યાગપ્રધાન સંસ્થા વિના એક ડગલું પણુ આગળ વધી શકાવાનું નથી. રખે કોઇ માને કે અંધ શ્રદ્ધાના જોરે એ વાક્ય ઉચ્ચરાય છે! એમાં તો અનુભવી હૃદયની, જોર શોરથી વાગી રહેલ સાચી હાકલ છે. હા, એ વાત સાચી ને જરૂરની છે કે જેમ અન્ય બાબતોમાં દેશ-કાળને અનુરૂપ ફેરફારો આવશ્યક છે તેમ એમાં પણુ છે. એ ખાતર ચાર માસની સ્થિરતા અને આઠ દિનના પર્વનુ સર્જન નિર્માયું છે એમ કહીયે તો પણુ એમાં ખોટું કંઇજ નથી. જૈન સમાજના મુખ્ય અંગો-સાધુઓ અને શ્રાવકો-એ સમયમાંજ અરસપરસના પરિચયમાં વધુ આવે છે.

આવી સુંદર ગોઠવણુનો-દેશકાળના પલટાઇ રહેલ વાતાવરણુમાં-કપરામાં કપરા સંઘર્ષણુ કાળમાં-વિષમમાં વિષમ પરિસ્થિતિ ટાણે-આપણે જરાપણુ લાભ નહી લઇએ? કેવળ સંગઠનની બૂમો પાડી, ક્રાન્તિની બાંગ પોકારી, અથવા તો શાસન રસીના ઉચ્ચાર કરી કે 'જૈનં જયતિ શાસનમ્' નું મંગળિક સંભળાવી એ અપૂર્વ આઠ દિનો 'અચરે અચરે રામ' પોકારનાર શુકવત્ જવા દઇશું કે એમાંના સુચનો પાછળ પગલાં પાડીશું? આ પ્રશ્ન આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ પ્રત્યે છે. એવીજ રીતે શ્રાવકો યાને વૃધ્ધ-પ્રૌઢ કે યુવકો સામે પણુ છેજ. સાધ્વીગણુ અને શ્રાવિકાવૃંદનો એમાં સમાવેશ થાય છે. ટુંકમાં કહીયે તો એ બળતો પ્રશ્ન ચતુર્વિધ સંઘ પ્રત્યે છે. કલ્પસૂત્રના પાંચસો સુભટો આજે સાધુ સંઘાડામાં ને શ્રાવક સંઘોમાં ઠેર ઠેર જોવાય છે. વાત એટલી હદે વધી પડે છે કે સાધ્વી ગર્ભવતી અને સાધુ લફંગા જેવા ઉદાહરણો રાજ્યના ચોપડે નોંધાવા માંડયા છે! નવકારશી અને સ્વામીવાત્સલ્ય શબ્દોમાં રહેલ ઉમદા રહસ્ય અવરાઇ જઇ એને બદલે ગચ્છ ને વાડાના સાંકડા વર્તુળો ફુટી નિકળ્યા છે! ઉપાશ્રયો ને સાધુઓ વહેંચાઇ ચુકયા છે! કદાચ દેવાલયો વહેંચવાની ઘટિકા આવી પહોંચે તો નવાઇ નહીં! આ કરતાં વધુ કરૂણુ ચિત્ર કયું હોઇ શકે? શું સુરિસમ્રાટ કે તિમિર તરણી આ જોયું ન જોયું કરવા ઇચ્છે છે! શું શાસનના થાંભલા હજી પણુ છીછરા મંતવ્યોની માયાજાળમાં આ ગંભીર દશાપ્રતિ આંખમીચામણુા કરવા ધારે છે? યાદ રાખજો કે-'બુંદથી ગયેલી હોજથી નહીં આવે.' 'અવ-

( અનુસંધાન પૃષ્ટ ૧૦ ઉપર જુઓ. )

# નોંધ અને ચર્ચા

## બંધારણ—એ તો સાધન છે.

ઘણી વેળા સાધન ને સાધ્ય માની એની ચર્ચા પાછળ કિંમતી સમયને વેડફી નાંખતા અભ્યાસી બંધુઓને જોઇ દુઃખ થાય છે. જેટલો સમય સુન્દર લાગતા ને સૌ કોઇને ગમી જાય તેવા આદર્શો ઘડવામાં કે એ દ્વારા થનાર ભાવિ લાભો દેખાડવામાં વ્યતીત કરવામાં આવે છે તેટલો સમય ભાગ્યેજ એના અમલમાં ખરચાતો દ્રષ્ટિગોચર થાય છે. કેટલાકમાં તો 'આરંભે શૂરત્વ'ની ઉક્તિ અક્ષરશઃ સાચી પડે છે. આદર્શો રચવામાં જે શૌર્ય દેખાય છે તે એને અમલમાં ઉતારવામાં ભાગ્યેજ જણાય છે. ભલભલા પરિવર્તનના સ્વપ્નસેવી કિંવા ઉદ્દામ ક્રાન્તિકાર પણ ઢળતા ત્રાજવે બેસતાં વિલંબ નથી લગાડતા. એવા પ્રસંગે સિદ્ધાન્તની કલમોમાં ગલીકુંચીઓ શોધાય છે. તેથીજ એક કરતાં વધુ પ્રસંગોમાં બારીકાઇથી ઉંડા ઉતરી તપાસનારને બંધારણની કેટલીયે કલમો કેવલ કાગજ પર શોભતી જણાયા વગર નહીં રહે.

આવુ બનવાના કેટલાક કારણો સહજ છે. ઉદ્દેશની રચના સુંદર ને દ્વિઅર્થી શબ્દોથી આલેખાય, એના ઘડતરમાં, મનોરથ, વ્યવહારૂ બુદ્ધિને ઠોકરે મારી દોડતો હોય, અને બાંધણી એવી બંધાણી હોય કે સમાજ પ્રગતિનો ઉદ્ધાર હેતુ ઉપરથી જણાતો હોવા છતાં ભીતરમાં એ સમાજની કેવલ ઘોરજ ખોદાતી હોય! પ્રગતિને બદલે શતમુખ વિનિપાત જડબું ફાડીને બેઠો હોય! આમ થવામાં વિચારક હૃદયો સમાજની નાડ પારખવાને બદલે પોતાની નાડમાં ગતિ કરતા લોહીના જોરે એના આલેખન કરી રહ્યા હોય છે તે કારણ પણ છે. પરિણામ એ આવે છે કે ભાવનાશીળ ને અભ્યાસી ભેજામાંથી સર્જાઇ આવેલો બંધારણરૂપી પાક જોતજોતામાં જનતાના સહકારરૂપ જળ સિંચનના અભાવે સુકાઇ-ચીમળાઇ નિષ્ફળ જાય છે. ગણીગાંઠી વ્યક્તિના વર્તનમાં કદાચ એના દર્શન છુટા છવાયા—જણાય છે પણ સમષ્ટિનો કાંટો તો એકાદ પોઇન્ટ પણ ભાગ્યેજ આગળ જઇ શકે છે. સંસ્થાની દશા ઘાંચીની ઘાણીના બેલ જેવી થઇ પડે છે. બંધારણ બંધનરૂપ બની જાય છે!

બંધારણ એ તો સાધન છે. વ્યવસ્થિત કારભારને માટે જરૂરનું છે. શરીરયંત્રમાં જેમ કરોડ એ આવશ્યક અંગ છે તેમ સંસ્થારૂપી તંત્રમાં બંધારણનું સ્થાન છે. એ મારફતેજ છુટા ભાગોને સંકલિત કરાય છે. એ દ્વારાજ ભિન્ન ભિન્ન પ્રદેશની, જાત જાતની પ્રવૃત્તિઓને એક જોતરે જોતરી શકાય છે અને પદ્ધતિસર એકધારો ઉન્નતિક્રમ દોરી શકાય છે. એટલા માટે જ બંધારણ જેમ બને તેમ સરળ, સાદુ અને ગણત્રીના ધ્યેયવાળું હોવું ઘટે. સમષ્ટિના મોટા ભાગને સ્પર્શતું પણ હોવું જોઇએ; અને ગાંઠ પાડતાં કે ખળભળાટ જન્માવતા પ્રશ્નોથી પર હોય. જે વાહનના ચક્રો હળવાં અને જલ્દી ફરી શકે તેવા હોય છે તે વાહન પૂરપાટ દોડે છે. વાહકોને ખેંચતાં ઝાઝુ જોર પડતું નથી ને સંચાલકને તો માત્ર દિશા સુચન કરવા જેટલીજ તસ્દી લેવી પડે છે. એજ સ્થિતિ સંસ્થાના બંધારણને લાગુ પડે છે. જ્યાં એક વાર આમજનતા એને યથાર્થરૂપે સમજી લ્યેછે કે પછી એનો અમલ કરવામાં ઝાઝી મુશ્કેલી નથી રહેતી.

અલબત પ્રત્યેક વ્યક્તિએ—નાની યા મોટી એ—અવધારી લેવાની અગત્ય છે કે એકવાર બંધારણ નિયત કર્યું કે પછી એનો અમલ વિના વિલંબે કરવો જ જોઇએ. પાછળથી છીંડા શોધવા કે છટક બારીઓ ઉભી કરવી અથવા તો સીધો અર્થ ત્યજી દઈ સીધીબાઇ માફક કાન પકડવાની રીત અખત્યાર કરવી એ કોઈ પણ સંચાલક માટે શોભાસ્પદ નથીજ. તેથીજ બાંધતાં પૂર્વે ચોદિશનો વિચાર ઇષ્ટ છે. પગ જોઇને પાથરણું તાણવુ એમાં ડહાપણ છે. બાકી પછી તો એનું પાલન એજ ફરજ યાને આવશ્યક ધર્મ લેખાય.

## વ્યાખ્યાન વા ભાષણ? પણ પછી શું?

ધાર્મિક પર્વદિનો મુખ્યરીતે ત્યાગ પ્રધાન હોય છે. એ દિનોમાં આત્મા કેમ સ્વકલ્યાણ સન્મુખ બને એ ધ્યેયને અનુલક્ષી દીર્ઘદર્શી પૂર્વાચાર્યોએ આમજનતા માટે વિધિ—વિધાનના રેખાંકન આંકેલાં છે. પર્યુષણપર્વ એ સૌમાં અગ્રણી છે. આઠ દિનના એ મહાપર્વમાં પાંચ કાર્યો કરવાના મુખ્ય કહ્યાં છે.

૧ સર્વત્ર 'અમારિ'નુ પ્રવર્તન, ૨ વસવાટ સ્થળના સર્વ ચૈત્યોનું વંદન, ૩ સ્વધર્મી બંધુનું વાત્સલ્ય, ૪ અષ્ટ તપની આરાધના અને ૫, પરસ્પર ક્ષમાપના.

પવિત્ર એવા કલ્પસૂત્રનું શ્રવણ પણ ઉક્ત પાંચને પોષનારૂ હોઈ જરૂરનુ છે. એમાં ચરમ શાસન નાયક શ્રી મહાવીર દેવનું જીવન સવિશેષ હોઇ ચાલુ કાળના આત્માઓને માર્ગદર્શક થઇ પડે તેવું છે એટલે વધુ નહિ તો વર્ષમાં એકવાર એની આલોચના જરૂરની ગણાયજ. આમ સોનુ ને સુગંધ જેવી મીલાવટવાળી યોજના કેવલ લાંઘણ ખેંચવામાં અથવા તો કલાક બે કલાકમા પંચરંગી ભાષણ સાંભળી, હાથ ખંખેરી ઉભા થવામાં પૂરી થઈ જાય તો પરિણામે 'શૂન્ય'જ રહે 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ' એ પ્રજ્ઞાસંપન્નોનું કથન છે. એકલું જ્ઞાન પાંગળું છે અને એકલી ક્રિયા આંધળી છે એમ સૂત્રકાર જણાવે છે. એક ખાંડી વજન જેટલા વાંચન—શ્રવણ કરતાં પાશેર પ્રમાણના સદ્વર્તનની કિંમત મહાત્મા ગાંધીજી વધુ આંકે છે તો પછી જે પ્રથામાં જ્ઞાન-ક્રિયાનો યોગ છે. દાન—તપની સૌરભ છે. અંતર શુદ્ધિની જ્વલંત જ્યોતિ દીપી રહી છે એને ધક્કો મારી કેવળ અનોખી રીત ગ્રહણ કરવી એથી શું લાભ? માની લઇએ કે એકની એક ટીકાના શ્રવણ શ્રોતાઓને પ્રતિવર્ષ રૂચીકર ન લાગે પણ સાથે એ યાદરાખવાનું છે કે વ્યાખ્યાતા વિદ્વાન્ હોય તો એની એ ટીકા કોઇ નવુંજ જ્ઞાન પુરૂં પાડે છે. દેશકાળ જેમ નવી નવી ટીકાઓ, પ્રભુ શ્રી વીરના વિહાર કાળના વિસ્તૃત વર્ણનો—મંડનાત્મક શૈલીએ કરાયેલ ઉપદેશ આદિ માંગે છે તેમ પર્યુષણ વ્યાખ્યાનમાળાના શીર્ષક હેઠળ ગયા અંકમાં આલેખાયેલી પંચરંગીને કટાક્ષભરી ભાષણશ્રેણી નથી માંગતો. સંત તુકારામને મહાત્મા ગાંધીજી પ્રત્યે માન ધરાવી એટલું કહેવું અસ્થાને નથી કે જે નિમિત્તનુ પર્વ છે તેને લગતા પ્રસંગો પરજ ભાષણ હોય તો શોભે. વળી વિવેચનકાર પણ આચાર—વિચારની એકતાવાળા હોય તોજ ધારી છાપ પડે. ગાંધી જયન્તિ ટાણે ગોખલેજીના ગુણ ગાવા બેસવું એ ઉચિત તો નથીજ. 'ઉપાશ્રયમાં એકની એક વાત કહેવામાં આવે છે. દોરેલા ચીલાથી બીજી દિશામાં જવાતુંજ નથી.' એમ વદનારા—અભ્યાસી બંધુઓ વ્યાખ્યાનમાંથી ભાષ-

# ::: કૉન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ. :::

## કાર્યવાહી સમિતિની સભાઓ.

(૧)

તા૦ ૩-૮-૩૮ ના રોજ શ્રી **ચીનુભાઇ લાલભાઇ શેઠ** બી. એ. એલએલ. બી; સોલીસિટરના પ્રમુખસ્થાને મળી હતી જે સમયેઃ—

(૧) બિહાર હિન્દુ રિલીજીઅસ એન્ડાઉમેન્ટ બીલ અંગે પટનામાં વડા પ્રધાનને ડેપ્યુટેશનમાં મળવા સંબંધે બાબુ બહાદુરસિંહજી સિંધીના તાર ઉપર કેટલીક વિચારણા કરવામાં આવી હતી.

(૨) કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિના કામકાજનો તા૦ ૧૬-૫-૩૭ થી ૧૮-૮-૩૮ પર્યન્તનો અહેવાલ રજુ થતાં તેની નોંધ લેવામાં આવી.

(૩) કોન્ફરન્સના બંધારણમાં સુધારા-વધારા કરવા અંગે અનેક સભ્યોએ પોતાના વિચારો રજુ કર્યા બાદ એ બાબત વિશેષ ચર્ચાર્થે પુનઃ રજુ કરવા ઠરાવ્યું.

(૪) શ્રી સકરાભાઇ લલ્લુભાઇના પત્ર અંગે યોગ્ય નિર્ણય.

(૫) સંવત્ ૧૯૯૪ ના જેઠ વદ ૦)) પર્યન્તનો કાચો હિસાબ રજુ કરવામાં આવતાં તેની નોંધ લેવામાં આવી.

(૬) સંસ્થાનો સંવત્ ૧૯૯૪ નો હિસાબ તપાસવા માટે શ્રી **નરોત્તમ ભગવાનદાસ શાહ** અને શ્રી **બાલચંદ મગનલાલ મહેતા,** જી. ડી. એ. રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણુંક કરવામાં આવી હતી.

(૨)

તા૦ ૬-૮-૩૮ ના રોજ શ્રી. **મણીલાલ મોકમચંદ શાહ**ના પ્રમુખસ્થાને સમિતિની સભા મળી હતી જે સમયે—

(૧) બિહાર હિંદુ રિલીજીઅસ એન્ડામેન્ટ બીલ અંગેના ડેપ્યુટેશનમાં કોન્ફરન્સ તરફથી પ્રતિનિધિ મોકલવા સંબંધેની બાબતમાં બાબુ બહાદુરસિંહજી સિંધીના તારની હકીકત રજુ કરવામાં આવી હતી.

(૨) શ્રી આણંદજી કલ્યાણજી તરફથી બિહાર હિન્દુ રિ. એ. બીલ અંગે મોકલાયેલ તારની નકલ રજુ થતાં તેની નોંધ લીધી.

(૩)

તા૦ ૩૧-૮-૧૯૩૮ ના રોજ શ્રી. **મોહનલાલ ભગવાનદાસ ઝવેરી,** બી. એ. એલએલ. બી; સોલિસિટરના પ્રમુખસ્થાને સમિતિની સભા મળી હતી. જે સમયે—

(૧) બાબુ બહાદુરસિંહજી સિંધી તરફથી તા૦ ૨૭-૮-૩૮ ના પત્ર સાથે આવેલ બિહાર હિન્દુ રિલીજીઅસ એન્ડાઉમેન્ટ બીલ અંગે ના. વડા પ્રધાનને મોકલવા ધારેલ રેપ્રેઝેન્ટેશનની નકલ રજુ કરવામાં આવ્યા બાદ કોન્ફરન્સ તરફથી ડેપ્યુટેશનમાં પ્રતિનિધિ મોકલવાની બાબત વિચારવામાં આવી હતી. જે વખતે શ્રી. કાંતિલાલ ઇશ્વરલાલ ન જઇ શકે તો શ્રી. **હીરાલાલ હાલચંદ દલાલ,** બી. એ. એલ. એલ. બી; બાર-એટ-લૉ ને પ્રતિનિધિ તરીકે ડેપ્યુટેશનમાં મોકલવા ઠરાવવામાં આવ્યું હતું.

(૨) અધિવેશનના પ્રચાર કાર્ય અંગે કેટલીક હકીકત રજુ થઇ હતી.

## શ્રી કોન્ફરન્સ નિભાવ ફંડ.

બાબુ બહાદુરસિંહજી સિંધી કલકત્તા નિવાસી તરફથી ગત મુંબઈ અધિવેશન સમયે શ્રી કોન્ફરન્સ નિભાવ ફંડમાં ભરેલા રૂા. ૨૫૧) બસો એકાવન ચેક દ્વારા પ્રાપ્ત થયા છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

આ ફંડમાં ભરાયેલી બાકી રહેલી અન્ય રકમો માટે રિમાઇંડર પત્રો લખવામાં આવ્યા છે.

## સુકૃત ભંડાર ફંડ સમિતિ.

તા૦ ૧૮-૮-૩૮ ના રોજ શ્રી. **હીરાભાઈ રામચંદ મલબારી**ના પ્રમુખસ્થાને મળી હતી. જે સમયે પર્યુષણ પર્વમાં સુકૃત ભંડાર ફંડની યોજના અમલમાં મૂકવા સંબંધે ઘટતા નિર્ણયો કરવામાં આવ્યા હતા.

## શ્રી સુકૃત ભંડાર ફંડ.

તા૦ ૨૫-૧૧-૧૯૩૭ થી અત્યાર પર્યન્ત નીચે પ્રમાણેના શ્રી સંઘ, સદ્ગૃહસ્થો, આદિ દ્વારા જે રકમો આ ફંડમાં વસુલ આવી છે તે આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

૫-૦-૦ શ્રી. રાયશી વાગજી, મુંબઇ.
૧-૪-૦ ,, ઓતમચંદ હીરજી, મુંબઇ.
૭-૮-૦ ,, શ્રી કોટ જૈન સંઘ સમસ્ત, મુંબઇ.
૨૮-૨-૦ શ્રી મોરવી તપગચ્છ સંઘ, મોરવી.
૫-૦-૦ ,, નાનચંદ શામજી દ્વારા, મુંબઈ.
૮-૧૪-૦ ,, સાદરા જૈન સંઘ, હ. શ્રી. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની
૧૦-૦-૦ ,, જૈન સ્વયંસેવક મંડળ, મુંબઈ.
૫-૦-૦ ,, ડાહ્યાભાઈ નગીનદાસ ઝવેરી, મુંબઇ.

(અનુસંધાન પૃષ્ટ ૧૦ ઉપર.)

ણમાં, ગયા બાદ, શા સારૂ હજી પણ નવી લાઇન નથી દોરતા? પ્રભુ શ્રી મહાવીરના જીવનને સ્પર્શતી-જૈનધર્મના ઇતિહાસને લગતી નવી નવી વાતો નથી કરતા? આજે પણ જિજ્ઞાસુ ધારે તો શ્રીવીર પરમાત્માના જીવનના-ઉપદેશના-તેઓશ્રી પરૂપિત તત્વોના ઘણા ભાગો ઢંકાયેલા પડયા છે તે ઉપર સવિશેષ પ્રકાશ ફેંકી શકે. બાકી વાડા ઉભા કરવાની દ્રષ્ટિ કિંવા કેંદ્રિત વિષયમાંથી જનતાને કોઇ જુદેજ માર્ગે ઘસડી જવાની વૃત્તિ ઇષ્ટ જણાતી નથી. એ માટે પર્વના પવિત્ર દિનો સિવાય બીજા ઘણા દિવસો પડેલાં છે.

જ્ઞાન પછી કરણી હોય તોજ સાંભળ્યાનું સાર્થક્ય છે. ઉભયનો જેમાં મેળ બેસી શકતો હોય તેવું આયોજન શ્રેયકારી લેખાય.

# મૃત્યુનો ડર શા માટે ?

મોડું વહેલું સૌ કોઇને મરવાનુ તો છેજ. સર્વથા દેહનો સંબંધ તો ત્યારેજ છુટે કે જ્યારે આત્મા મુક્તિ યાને સચ્ચિદાનંદમય સ્વરૂપની પ્રાપ્તિ કરે. એ દશા દુર છે ત્યાં સુધી 'પુનરપિ જનનમ્ પુનરપિ મરણમ્' ચાલુજ રહેવાનું, એટલે સતત્ મૃત્યુને દૃષ્ટિ સન્મુખ રાખી, ચારિત્ર સંપન્ન બનવું અને કર્તવ્યશીલ રહેવું એજ ધર્મ. શરીર સંપત્તિ સચવાય એ સારૂ ખાનપાનના નિયમ પાળવા અને આહાર વિહાર નિયમિત ગોઠવવા એ જરૂરનું છે. રોગ તસ્કરને દેહમાં પ્રવેશતો અટકાવવો એ જાગ્રત દશાનું ચિન્હ છે. આ તકેદારી રાખવા પૂર્વક દુઃખીયાની સેવા કે રોગગ્રસ્ત જનસમૂહના દર્દનિવારણ જેવા આવશ્યક કાર્યોમાં છતી શક્તિએ ભિરૂતા ન દાખવવી ઘટે. ચેપી રોગવાળાની શુશ્રુષા સંભાળ રાખી કરવી ઘટે વૈયાવચ્ચનુ ફળ નાનુ સુનું નથીજ. માનવ હૃદયનો એ અણમૂલો ગુણ છે. આજના યુગમાં આ મહત્વનો મુદ્દો લગભગ ભુસાઇ જતો જોઇ, ને સાથો સાથ મરણનો અતિ ઘણો ભય ઘર કરતો નિહાળી દુઃખ થાય છે! આત્માની અમરતાનુ પ્રહસન થતું જોઇ આશ્ચર્ય થાય છે! સેવાના ઉમદા સૂત્રને વીસરી માનવ આટલી હદે દેહરખો કે મૃત્યુભીરૂ કેમ બન્યો એ પ્રશ્ન ઉઠે છે, 'અન્તકાળ' સંબંધી લખતાં શ્રીયુત કિ. ઘ. મશરૂવાળા જણાવે છે કે 'છેલ્લાં પંદરેક વર્ષથી જેટલાં મરણો જોઉં છું તે બધામાં છેવટની ક્ષણ સુધી દાકતરોને ત્યાં દોડાદોડ અને ઉપચારોની ધાંધલ એજ એક દેખાવ થઇ રહે છે. ઘરનો દાકતર ભલે હિંમત છોડે, પણ સગાવહાલાની હિંમત છૂટતી નથી. બીજા દાકતરો ભેગા કરવા દોડાદોડ મૂકીએ છીએ. હોજરીમાંથી એક ટીપુંયે આંતરડામાં જતું ન હોય તો યે છેલ્લા ડચકા સુધી ગ્લુકોજનું પાણી દેવાતુંજ જાય છે. એડ્રિનલીન કે બીજી દવાઓની સોય ભોકણી ચાલ્યાંજ કરે છે. મારા એક સગાના મરણમાં અઢાર દિવસમાં સાઠેક સોયો ભોંકવામાં આવી હતી. ઓકસીજન તો હોયજ. બીજા માણસનું લોહી આપવાનો પ્રયોગ પણ થાય. વેદનામાંથી છૂટવા માટે જીવ બેભાનપણાનો આશ્રય લે, પણ આપણે એ દર્દીને શાંતિથી મરવા દઇએ નહિં. આ ધમાલમાં ઈશ્વરનું નામે યાદ ન આવે તો ધુન કે ભજન તો કયાંથી ચાલે અને કોણ ચલાવે? એકાદ જીવ આ પ્રયત્નોથી બચીયે જતો હશે. પણ સાધારણ રીતે જેમ માણસ મોટો ગણાય, પૈસાની છુટ વધારે હોય, અને નવાં સાધનો શોધાતા જાય, તેમ મરનાર પાસેથી સાત્વિક વાતાવરણ ચાલ્યું જતું જાય'

અન્તસમયે પુન્યપ્રકાશ અને આરાધનાનુ સ્તવન એ જૈન ઘરોમાં ગુંજતુ, પણ આજે તો ઘણું ખરૂં ઉપર દોરેલ ચિત્ર જેવુંજ જોવાય છે.

મોતના ભયથી ભાગનારને ઉદ્દેશી શ્રીયુત રમણલાલ દેસાઇ પણ ઉપરના જેવુંજ ચિત્ર દોરે છે-'દરેક જમાનાને અનુકુળ ભડકાવનારાં ભુતો તે તે જમાનામાં સર્જાયે જાય છે. ભૂત, પ્રેત, ડાકણ જેવી ભયાનક કલ્પનાઓ અધુરા જ્ઞાનવાળા આપણા પૂર્વજોએ ઉભી કરી હતી એમ માની આપણે હસીએ છીએ, પણ એમ હસતી વખતે આપણે ડાકણ અને ચુડેલ કરતાં પણ વધારો ભયાનક ભૂતો વિજ્ઞાનને બહાને રચ્યા જઇએ છીએ એ વાત ભૂલી જઇએ છીએ. આ વૈજ્ઞાનિક જમાનાએ ભુવા-જતિઓની યાદ આપતી પ્રયોગ શાળાનાં ધુપ દીપમાંથી જંતુ નામનો એક એવો બિહામણો રાક્ષસ બનાવ્યો છે કે તેની આગળ ભૂત, પ્રેતની કલ્પના ઝાંખી પડી જાય છે, એ જંતુરૂપી રાક્ષસ ભણેલાઓને ડગલે પગલે બીવરાવ્યાજ કરે છે. એની બીકમાં માનવી પુરૂં ખાતો નથી, પીતો નથી, સુતો નથી એની ફડકમાં એક માનવી બીજા માનવીનો સ્પર્શ પણ કરી શકતો નથી!

ધનિકોને મોતનો ભય ભારે હોય છે, તેમનો એવો અભિપ્રાય દેખાય છે કે મૃત્યુએ તેમની સામે આવવુંજ નહિ. મરવા માટે ગરીબો કયાં ઓછા છે કે મૃત્યુએ ધનિકોને ખોળવા પડે! એ મૃત્યુ પેલા વિજ્ઞાન સર્જીત ભૂત જંતુદ્વારા બધાને પોતાના પંઝામાં પકડે છે એવી ધનિકોની ખાતરી થઇ ગયેલી હોવાથી, એ જંતુને પોતાથી દુર રાખવા તેઓ, ગરીબો પહોંચી ન શકે એવા ઉંચા પર્વતો ઉપર રહેઠાણો કરે છે, પોતાનાં ગૃહોની આસપાસ સિપાઇના ચોકી પહેરા બેસાડી દે છે, જંતુ વિનાશક દવાઓ અને ઉપચારોથી સર્વદા સજ્જ રહે છે, અને ગરીબોની વસ્તીમાંજ રોગના જંતુ મર્યાદિત રહે એ અર્થે આરોગ્યનાં સાધનોથી ગરીબોને વંચીત રાખે છે. પરંતુ એ બધા પ્રયત્નો કરવા છતાં તેઓ ભૂલી જાય છે કે જગતના ગમે એટલા ભૌગોલિક વિભાગો પાડવામાં આવે તોય જગતતો એકજ રહેવા સર્જાયેલું છે. ગોરા અને કાલા, ઉચ્ચ અને નીચ, સ્પૃશ્ય અને અસ્પૃશ્ય એવા એવા ભુલ ભુલામણી ભર્યા ભેદ પાડતા માનવ મુત્સદ્દીને ખબર પડતી નથી કે જગતનાં કોઇ અંગુષ્ટ જેવડા ખુણામાં ઉડયા કરતાં મચ્છર કે માખી પૃથ્વી ઉપર મહામારી ફેલાવી, માનવ જાતિને ઉપાડી નાખવા સમર્થ છે! રોગ અને રોગીથી નાસતા ફરતા સ્વાર્થીએ સમજવાની જરૂર છે કે જ્યાં સુધી દુનિયામાં એક પણ રોગી રહેસે ત્યાં સુધી ભારેમાં ભારે વૈદ્યકીય સાધનોથી સજ્જ હોવા છતાં, કોઈપણ ધનિક રોગના ભયથી મુક્ત નથી.'

વિજ્ઞાન યુગના નામે ભ્રમ જાળમાં પડવા. આથડવા કરતાં પૂર્વ કાલિન સંતોનો ઉપદેશ શા સારૂ યાદ ન કરવો?


## તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ
# જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા. ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઈતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,
૨૦, પાયધુની—મુંબઇ, ૩.

# સરાક જાતીનો પુરાતન ઇતિહાસ.

લેખક—
નાથાલાલ છગનલાલ શાહ.

લેખાંક ૬ ઠો.

**મયુરભંજ જીલ્લો.**

ઉત્તરમાં સિંહભૂમ, દક્ષિણમાં કટક, પૂર્વમાં મિદનાપુર અને પશ્ચિમમાં બોનાઈ તેમ કચોનસર રાજ્ય આવેલ છે. આ જિલ્લાની રાજ્યધાનીનું શહેર "બારીપદા" છે.

ત્રેવીશમા જૈન તીર્થંકર પાર્શ્વનાથના ધર્મોપદેશની અસર અંગ, બંગ, અને કલિંગ જેવા પ્રદેશમાં સારા પ્રમાણમાં થયેલ તે સંબંધીના કેટલાક ઉલ્લેખો જૈનોના પુરાતન સાહિત્યોમાં મળી આવે છે. નિગ્રંથ પાર્શ્વ શ્રમણદશામાં તામલિપ્તનો વિહાર પુર્ણ કરી કોપક યાને કોપકટક સ્થાને આવેલ ત્યાં પોતાની દિક્ષા બાદ પહેલું પારણું (આહાર) ધન્યના ઘરમાં કરેલ તે સમયથી આ સ્થાનને કોપક યાને ધન્યકટક નામથી ઓળખાવે છે. જે જૈનોના માટે પવિત્ર સ્થાન ગણવામાં આવે છે. કોપકપુરી, બાલાસર જિલ્લામાં આવેલ છે. જેને વર્તમાનમાં કોપારી Kupari નામથી ઓળખાવવામાં આવે છે. આ પવિત્ર સ્થાન મયુરભંજની સરહદ પર આવેલ છે.

**જૈન અવશેષોવાળા પુરાતન સ્થાનો.**

(૧) બરસંઇ ગામની પાસે કોસલીનું પુરાતન સ્થાન.
(૨) નિલગિરિમાં આવેલ પુંડાલ નામનું ગામ.
(૩) વારિમાંદા ગામ.
(૪) બાજસાઇની પાસે રાનીબંધમાં.
(૫) બાલાસરનગર પાસે ભીમપુરમાં.
(૬) ભીમપુર પાસે વર્ધમાનપુરમાં
(૭) કુશમએડલ પરગણામાં ઝાડેશ્વરપુરમાં.
(૮) કિમીંગ તથા આદિપુરમાં.

સિવાય બડાસાઇ, પુએડાલ, ડોમગન્ધાર અને પાંડવાઘાટ વીગેરે પુરાતન સ્થાનોમાંથી જૈન તીર્થંકરોની પુરાતન મૂર્તિઓ શિલ્પકળાના નમુના રૂપ મળી આવે છે.

ઉપર બતાવેલ સ્થાનોમાં ભીમપુર નામના ગામના સરોવરનું ખોદકામ થતાં તીર્થંકર મહાવીરની પુરાતન મૂર્તિ પાંચ ફુટની ઉંચાઇવાળી ચોવીસી સહીતની મળી આવેલ તે મૂર્તિ રાજા-વૈકુંઠનાથ બહાદુરે પોતાના મહેલના બગીચામાં રાખેલ છે.

ઈ. સ. પૂર્વ એટલે બે હજાર વર્ષો પહેલાં આ જિલ્લા પર કુસુમ્બ ક્ષત્રી રાજાઓ રાજ્ય કરી ગએલ છે, જે સમયે જૈનધર્મ એ રાજ્ય ધર્મ હતો, તેમ તે સમયની કેટલીએક મૂર્તિઓ ખોદકામથી મળી આવે છે.

Archieological Survay of India. 1911.

**દરભંગા જિલ્લો.**

દરભંગાની ઉત્તરે નેપાલ રાજ્ય, દક્ષિણમાં ગંગા અને મુંગેર, પૂર્વમાં ભાગલપુર અને પશ્ચિમમાં મુઝફ્ફરપુર આવેલ છે.

ઇ સ. ૬૩૫ માં ચીનાઇ યાત્રી હુએનસાંગ જ્યારે ભારતના પ્રવાસે આવેલ તે સમયે આ જિલ્લા માટેનું વીવરણ તેમનાં પ્રવાસમાં નીચે પ્રમાણે લખેલ છે.

તીરહુત દેશમાં આ સ્થાન આવેલ છે. વૈશાલી એ દક્ષિણમાં અને વૃજ્જિઓનો દેશ ઉત્તરમાં આવેલ છે. લોકોનો આચાર વ્યવહાર પવિત્ર અને સત્ય છે. જેઓ વિદ્વાનોની બહુ કદર કરે છે. રાજ્યધાનીનું શહેર ભીનસુરા તે વર્તમાન જનકપુર ઉજ્જડ છે અહીંના વતની બૌદ્ધ ધર્મ પાલતા નથી, જેથી બૌદ્ધ ધર્મ ઘટી ગએલ છે. સોએક બૌદ્ધમઠના અવશેષો છે. કિંતુ ૩ થી ૪ શ્રમણો રહે છે. જૈન લોકોની વસ્તી ઘણા પ્રમાણમાં છે. (ગેઝેટીઅર સન ૧૯૦૭.)

**જૈનોનાં ઐતિહાસિક પુરાતન સ્થાનો**

**મલ્લિનગર**—દરભંગાથી પુસા જતાં સડક પર નાની ગંડક નદીના ઉત્તર બાજુના તટપર પુરાતન ઐતિહાસિક સ્થાન આવેલ છે. અહિં એક મહાદેવનું વર્તમાનમાં મંદિર આવેલ છે.

**નોટ**—મીથીલા નગરમાં ઓગણીસમા જૈન તીર્થંકર મલ્લીનાથનું જન્મ સ્થાન ગણાય છે. જેમના નામ પરથી આ સ્થાનનું નામ પુરાતન સમયમાં મલ્લિનગર પડેલ હોવું જોઇએ.

**સૌરઠ**—મધુવનથી ઉત્તર પશ્ચિમમાં આઠ માઇલના અંતરે આવેલ છે. આ પુરાતન સ્થાને બે મ્હોટા ટીલા આવેલ છે તેમ મકાનોના ખંડેર જણાઇ આવે છે. આ પુરાતન સ્થાનો જૈનો વર્તમાનમાં ભૂલી ગયેલ છે. જે તીર્થંકરોના જન્મ સ્થાનના પ્રાચીન સ્મારકો છે. એકવીસમા જૈન તીર્થંકર નાભીનાથ (નમિનાથ) ની જન્મભૂમી છે.

પુરાતન કાળમાં મિથિલા નગર ઐતિહાસિક સ્થાન હતું જેના માટે જૈન સાહિત્યમાં ઘણા ઠેકાણે ઉલ્લેખો થએલ મળી આવે છે, પરંતુ વર્તમાન સમયમાં આ મિથિલા નગરને-પ્રદેશ રૂપમાં મુકાએલ છે. જૈનોની ફરજ છે કે પોતાના પૂજ્ય તીર્થંકરોના સ્મારકોની આ પ્રદેશમાં શોધ કરવા ભાગ્યશાળી બને. ભૌગોલિક દષ્ટિએ તપાસતાં ખાત્રી છે કે દરભંગા જિલ્લાનાં પુરાતન ખંડેરોની શોધખોળ કરવાથી જૈન અવશેષો મળવા સંભવ છે. મલ્લિનગર અને સૌરઠ એકજ લાઇનમાં સાઠ માઇલના અંતરે આવેલ છે તેના મધ્ય ભાગમાં આ મિથિલા નગર પુરાતન સમયમાં આવેલ હોવું જોઇએ.

**પુરિ જીલ્લો.**

ઉત્તરમાં બંકી અને અથગઢ, પૂર્વ અને ઉત્તરપૂર્વમાં કટક-જિલ્લો, દક્ષિણપૂર્વ તેમજ દક્ષિણમાં બૅન્ગાલની ખાડી અને પશ્ચિમમાં ગંજમજિલ્લો તેમ રામપુરરાજ્ય આવેલ છે.

**વર્તમાન સમયમાં સરાકજાતીનો પરીચય**

ઓરિસ્સાના બંકીથાણામાં વર્તમાન "રગનીતાંતી" નામના પ્રસિદ્ધ સરાક-શ્રાવક વસી રહેલ છે. તેઓ બધા શાકાહારી છે. જે બ્રાહ્મણોના હાથનું પાણી સુદ્ધાં પીતા નથી. બીજી પણ સરાકતાંતી નામની જાતી વસે છે, તેઓ ફક્ત કપડું વણવાનો

# સ્વીકાર અને સમાલોચના.

**સમાધિશતક અને મૃત્યુ મહોત્સવ**—૦-૧-૬ સમાધિની પ્રાપ્તિ થાય એ અર્થેના શ્લોક ૧૦૫ તથા મૃત્યુ એ ડરવાનુ કે શોક કરવાનું સાધન નથી પણ એક પ્રકારનું ટ્રાન્સફર સ્ટેશન યાને ભવ બદલો કરનારૂં સ્થાનમાત્ર છે એ ભાવ સુચવી, એ વેળા આત્માએ કેવી વિચાર શ્રેણી ધરવી ઘટે તે સુચક ૧૮ શ્લોકો સમાવતી આ લઘુપુસ્તિકા ઉંઝા ફાર્મસી તરફથી પ્રગટ થયેલ છે, મૂળ રચના દિગંબર સંપ્રદાયની છે. પણ એનો અનુવાદ પંડિત ફ. ક. લાલને કરેલ છે. વાંચવા વિચારવા ને અમલમાં મૂકવા યોગ્ય છે.

**શ્રી પર્વકથા સંગ્રહ**—સ્વર્ગસ્થ મુનિ શ્રી હિમાંશુવિજયજીએ સરલ સંસ્કૃતગીરામાં જ્ઞાન પંચમી–મૌન એકાદશી પોષદશમી–અને હોલીકા પર્વની બે કથાઓ શંસોધન કરેલ તે મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજની પ્રેરણાથી–દીપચંદ બાંઠીઆ મંત્રી શ્રી વિજયધર્મસૂરિ ગ્રંથમાળા ઉજ્જન તરફથી ભેટ મળેલ છે. એટલીજ પર્વકથાઓ છે એટલે કયાં તો મુનિશ્રીના સ્વર્ગગમનથી બાકીનાનું સંસોધન અધુરૂં રહેલ હોવું જોઇએ, કિંવા તે બીજા ભાગ રૂપે પ્રગટ થવાનું હોય એવું અનુમાન કરવું અસ્થાને નથીજ. સંસ્કૃતનો સામાન્ય અભ્યાસી પણ સમજી શકે તેવી ભાષા છે.

**શ્રી બાર વ્રત કથા સંગ્રહ**—(પત્રાકારે) શંસોધક અને પ્રકાશક ઉપર પ્રમાણે. ભાષા પણ સરળ આ કથાઓ શ્રાવકના બાર વ્રત પર શ્રી શાંતિનાથ ચરિત્રમાં અપાયેલી છે ત્યાંથી જુદી પ્રતરૂપે દેખા દે છે. કથાઓ રસદાયક હોઇ વ્રત પાલનમાં પુષ્ટિ કરે તેવી છે.

**મહેન્દ્ર કાર્તિકી પંચાગ**—તૈયાર કરનાર મુનિ વિકાસવિજયજી. સૂક્ષ્મ ગણત્રી માટે આ પંચાગ વજનદાર મનાય છે. આવતા પર્યુષણ સંબંધમાં જે દિશા સૂચન છે તેનો વિમર્શ–પરામર્શ સવેલા ચાલુ કરી નિર્ણય થવો ઘટે છે.

**બાર વ્રતની પૂજા**—૦-૨-૦ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર તરફથી પ્રગટ થયેલ આ પુસ્તિકા અન્ય અર્થ સહિત પ્રગટ થયેલ પૂજાઓની માફક જૈન સમાજને અને ખાસ કરી પૂજા ભણાવનાર વર્ગને લાભદાયી થઇ પડશે. પંડિત પ્રવર શ્રી વીરવિજયજી મહારાજે જુદી જુદી જાતની પૂજાઓ વિવિધ રાગ–રાગિણીમાં રચી છે, સંગીત સાથે જ્ઞાન આપવામાં એ કૃતિઓ ઠીક ભાગ ભજવે છે. તેઓશ્રીની ચોસઠ પ્રકારી પૂજા એના ઉદાહરણ તરિકે ધરી શકાય. આ કૃતિમાં શ્રાવકના બારવ્રત સંબંધી મનોરમ વિવેચન છે.

**પૂજા સંગ્રહ**--સંપાદક મુનિ જ્ઞાનવિજયજી. આ લઘુ પુસ્તિકામાં નવપદ પૂજા અષ્ટ પ્રકાશ પૂજા તેમજ કેટલાક સ્તવનો સમાવેલા છે. આ બીજી આવૃત્તિ શ્રી. વાડીલાલ સાંકળચંદ વોરા તરફથી ભેટ મળી છે. ઉપર મુજબ પૂજાના રસિકોને ખાસ ઉપયોગી છે. ઉપાધ્યાય યશોવિજયજીની વિદ્વતા પ્રત્યેક કાળમાં દીસી આવે છે. સારાયે નવ પદ સંબંધી આવશ્યક જ્ઞાન એમાંથી પ્રાપ્ત થાય છે. સંપાદકનું 'ઉદ્બોધન' વાંચતાંજ પૂજાના સાહિત્યની આવશ્યક્તા અને એથી થતી અસરનો પૂર્ણ ખ્યાલ આવે છે. કિંમત ૦–૨–૬ મેઘરાજ પુસ્તક ભંડાર–મુંબઇ. વા યશોવિજય ગુરૂકુળ પાલીતાણા એના પ્રાપ્તિ સ્થાન છે.

આત્માનંદ શતાબ્દિ ફંડનો રીપોર્ટ–વડોદરામાં ઉજવાયેલ શતાબ્દિ અને એકત્ર થયેલ ફંડનો વિગતવાર હેવાલ જાહેર સંસ્થાઓને ભેટ મોકલવેલ સ્મારક ગ્રંથ આદિની સંવત ૧૯૯૩ સુધીની પૂર્ણ નોંધ યુકત યાદી ને ઓડીટ કરાવેલ હિસાબ જોતાં કાર્યવાહી માટે શંકાને સ્થાન રહેતું નથી–ફંડમાંથી તાકીદે ગ્રંથમાળા જેવી યોજના હાથ ધરી ઉદ્દેશાનુસાર પુસ્તકો તૈયાર કરાવી, સસ્તા મૂલ્યે પ્રચાર કરવાનું કાર્ય હાથ ધરવાની અગત્ય છે.

—મો. દી. ચોકસી.

---

ધંધા કરે છે. તેમ તેમાંના કેટલાક ખેતીનું કામ કરે છે. આ જાતી પોતાના પૂર્વજોનો ધર્મ કેટલાક વર્ષોથી ભૂલી ગયેલ છે. તેઓના પૂર્વજો જૈનધર્મી હતા. છતાં આ જાતીના લોકો વર્તમાન સમય સુધી ખંડગિરિ નામના પવિત્ર તીર્થપર યાત્રાએ જાય છે.

**સરાકજાતીનાં વસવાટવાળા સ્થાનો.**

(૧) રૂગડી (૨) નુવાપટના (૩) માનયાબંધ (૪) જરીપાટના (૫) બાલીબીસાઇ.

ઉપરોક્ત ગામોના સરાકો પોતાની જાતે ખેતી કરતા નથી.

તરાબોઇ, મંગળપુર, ઓચિન્હાપાટના, રાયેગરપુર, ગિરીમા, (પોહરાજપુર) કાજીસાઈ, નુવાગઢ, (સ્થપુર–સ્થમપુર) ચુટયા–નાગપુર, મોલાગાં, મીહટી, કાલથીપોટા, ઓદલાબાદ, બનમાલીપુર, પ્રધાનપટના, પતિતપાવન–પટના, ઉમૃજચુન્હી પટના, હોડાસાઇ, દીયાનપટના, લક્ષ્મીજના, રઘનપટના.

ઉપરોક્ત ગામોના સરાકો પોતાની જાતે ખેતીનો ધંધો કરે છે.

તુલસીપુર, ઘોરાડીહ, વાલીપહાડ, વદીરાવર, કાલાપત્થર, ધૌલાપત્થર, કાંઇફૂલયા, જામુંસાઇ, કાંકડાજોડી, કાનપુર, વીનદાનીમાં, અઢાઇગુડી, તરાબોઇ, ચન્દ્રકોટ, કવિરાજપુર, બાલીસાઇ, સત્યવાદી, મુટમા, બાલકાટી, રથજમા, હીરાપુર, વારોમાણ, બનમાલીપુર, મોધુવન, કાકુડફૂદ, માલદા, નારંગપાટના, બાલીવીસઇ, ખમાન.

ઉપરોક્ત ગામોના સરાક જ્ઞાતીમાં ચાર ગોત્ર છે.

(૧) અનંતદેવ, (૨) ખેમદેવ, (૩) કાશ્યપ, (૪) કૃષ્ણદેવ, નામવાળાં છે.

**ઓરિસસામાં વર્તમાનમાં વસવાટ કરી રહેલ સરાકજાતી:**

(૧) ટાઇગિરિયા રાજ્ય (૨) બરમ્બા રાજ્ય, (૩) કટકના બંકી થાણું (૪) પુરીનું પીપલીથાણું.

(સંપૂર્ણ.)

* * * *

**નોટ:**—અહીં આ લેખ સંપૂર્ણ થાય છે, ભાઇશ્રી નાથાલાલે ઘણી મહેનત લઇ આ લેખ સંબંધી સામગ્રીઓ એકઠી કરી છે, તેમજ બની શકતા પૂરાવાઓ પણ આ લેખમાં ટાંકયા છે. સરાક જાતિના ઉદ્ધારની જે કોશિષો થઇ રહી છે, તેમાં આ લેખથી ઘણો પ્રકાશ પડી શકશે એમ અમારૂં માનવું છે. જૈન યુગમાં વધારે જગ્યા ફાજલ ન પડે એ સ્વાભાવિક હોવાથી લેખ કટકે કટકે છપાયો છે, આ લેખનો સંગ્રહ જો નાની પુસ્તિકારૂપે પ્રકટ થાય તો વિશેષ આકર્ષક થઇ શકે. ખાસ કરી બંગાલમાં વસતા આપણા આગેવાનો જો બંગાલીમાં આ લેખોનું ભાષાંતર કરી ફેલાવો કરે તો ઇચ્છીત કાર્ય સિદ્ધ સવેલા થયા વિના રહે નહિ.

—જૈન યુગ કમિટી.

# આપણું ભાવી જ્ઞાન મંદિર

યાને

## કૉન્ફરન્સ લાયબ્રેરી.

( લખનારઃ—**ઝવેરી મુલચંદ આશારામ વૈરાટી.** )

**( પુસ્તક ૬ ઠું અંક ૨૩ માંથી ચાલુ )**

વડોદરા રાજ્યની છેલ્લા અઢી દાયકાની જ્ઞાન પ્રવૃત્તિ અને તેણે ટુંકા સમયમાં સાધેલા વિકાસને આપણે આ રીતે જોયા પછી, આપણને એમ લાગ્યા સિવાય તો નહિજ રહે કે, આપણું કામ મુંબઈમાં એકાદ સુંદર લાયબ્રેરી ચલાવવા વડે પુરૂં થવાનું નથી. પરંતુ જ્યાં! જ્યાં! ભણેલાં સ્ત્રી પુરૂષોનો વસવાટ હોય ત્યાં ત્યાં એના પ્રકાસને પોચાડવા માટેના પ્રયત્ન આપણે કરવા જોઇએ.

કારણ! સાચો ધર્માચાર્ય! સાચો દાનેશ્વરી! કે સમાજના સાચા નાયકનું કામ, પ્રજાને કેળવણીના સાધનો આપવા વડે પુરૂ થતું નથી. પરંતુ તેનું કાર્ય તો ત્યારેજ પુરૂ થએલું ગણાય છે કે, પ્રજાને મફત વાંચન આપનારા પુસ્તકાલયો સ્થાપવાં, અને તેને વ્યવસ્થીત રીતે ચલાવવા માટેની જોગવાઇઓ કરી આપવી. કારણ કે સુધરેલા દેશોમાં એવી ગણત્રી થઇ છે કે, નીશાળ છોડયા પછી જો પ્રજાને સાત્વીક અને સારૂ વાંચન પુરૂ પાડવામાં ન આવે તો પ્રજાનો અડધો ભાગ શહેરી અને સંસ્કારી જીવનની ફરજોથી અજ્ઞાન રહે છે. અને કેળવણી પાછળ ખર્ચેલા નાણાં નિરર્થક જાય છે. આજ કારણથી આપણે આપણી કોન્ફરન્સ લાયબ્રેરીના ખાત મુહુર્તની રચના, એવા વિશાળ પાયા ઉપર કરવી જોઇએ. અને તેના મકાનને એવું ભવ્ય અને વિશાળ બનાવવું જોઇએ કે પચાસ વરસ પછીના, તેના વિકાસની સાધનાને પણ તે અનુકુળ બન્યા સિવાય રહે નહી.

આ માટે પ્રથમ તો આ લાયબ્રેરીમાં કયા કયા વિભાગોનો સમાવેશ આપણે કરવા માગીએ છીએ, તે નકકી કરવું જોઇએ. અને ત્યાર પછી, કોન્ફરન્સની આ કાર્ય માટે નીમાએલી સમીતી, સ્થપતિ (ઇજનેર) અને અનુભવી ગ્રંથપાળ, એ ત્રણે પક્ષોએ એકત્ર થઇ તેનો નકશો તૈયાર કરવો જોઇએ. નકશો તૈયાર થતી વખતે પણ હરેકપળે ગ્રંથપાળે ઈજનેરની સાથે રહેવું જોઇએ. કારણ નકશો તૈયાર થતાં થતાં, કંઇક નવી કલ્પનાઓ આવે છે. અને કંઇક અણધારી અગવડો તેમાં દેખાવ દે છે. નકશો તૈયાર થયા પછી તેના ખર્ચનું એસ્ટીમેન્ટ તૈયાર થાય છે. અને પછી કામ કોન્ટ્રાકટરના હાથમાં જાય છે. મકાન શરૂ થવા માંડે ત્યારથી, પુરૂ થતા સુધી ગ્રંથપાળે સાથે રહેવાની જરૂર છે. કારણ ચાલુ કામે કંઇક નાના ફેરફારો કરવાના પ્રસંગો ઉભા થાય છે. અને એનો ખ્યાલ ગ્રંથપાળ સિવાય બીજાને આવવો મુશ્કેલ હોય છે.

આપણે આપણી લાયબ્રેરીનું મકાન બાંધતી વખતે, તેમાંના અમુક ભાગને ભાડે આપી, તેમાંથી ઉત્પન્ન કરવાની લાલચને છોડવી જોઇએ, છતાં તેના ચાલુ ખરચને પહોચી વળવા માટે, આપણને ચાલુ આવકની જરૂર તો રહેવાનીજ, એ માટે આપણે બીજી યોગ્ય જોગવાઈ કરી લેવી જોઇએ, તેમ નહીં કરતાં, તેજ મકાનમાં ભાડવાતોને રાખી તેમાંથી ઉત્પન્ન કરવાની લાલચને આપણે વશ થઇશું તો, લાયબ્રેરીનો પવિત્ર હેતુ નિષ્ફળ જશે.

લાયબ્રેરીના મકાન માટેની જગ્યા, અતિ ઘોંઘાટવાળા લત્તાથી જરા દુર હોય તો તે વધારે ઇચ્છવા યોગ્ય છે. કારણ જ્ઞાનામૃત રસનો સ્વાદ, અતિ ઘોંઘાટવાળા સ્થળમાં મેળવવો મુશ્કેલ બનશે. એ સિવાય લાયબ્રેરી માટેની જગ્યા પણ આપણે જરા વિશાળ પસંદ કરવી જોઈએ. કે જેથી લાયબ્રેરીની આસપાસ ખુલ્લી જમીન રાખી, તેમાં આપણે નાના સરખા ખુલ્લા બગિચાની ગોઠવણ કરી શકીએ. આ માટે જમીનના અડધા ભાગ કરતાં વધુ જમીન આપણે બાંધકામ માટે ન રોકવી જોઈએ. આ સિવાય મકાન બહારના દેખાવે પણ એવું આકર્ષક બનાવવું જોઇએ કે તેનું સૌદંર્ય અને ભવ્યતા જોતાંજ લોકો તેના તરફ આકર્ષાય, અને પ્રજાને ઉંચે લઇ જનારી જૈન પ્રજાની આ સાર્વજનીક ભવ્ય મહેલાત, કળા, સૌંદર્ય અને સગવડતા માટે શિલ્પના ઉત્તમ નમુના રૂપે પોતાનું સ્થાન પ્રાપ્ત કરે. આ માટે બે જુદા જુદા દ્રશ્યો રજુ કરતા મકાનોમાંનું એક વડોદરા સેન્ટ્રલ લાયબ્રેરીનું નવું મકાન અને સ્વ. શેઠ માણેકલાલ જેઠાભાઇની સખાવત વડે અમદાવાદ મ્યુનીસીપાલીટીએ એલીસ બ્રીજ ઉપર બાંધેલું લાયબ્રેરીનું મકાન આ બન્ને મકાનની બાંધણી આપણને માર્ગદર્શન કરાવશે.

લાયબ્રેરીનું મકાન બાંધતી વખતે, આપણે એ બીના ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ, કે સહેલાઇથી સળગી ઉઠે તેવાં દ્રવ્યોનો ઉપયોગ તેના બાંધકામમાં ન કરવો જોઇએ. અને બનતા સુધી તેના બારી બારણાં, અને અંદરના ઘોડાઓ, કબાટો અને છાજલીઓ, (અભરાઇઓ) પણ ધાતુના બનાવવા જોઇએ. મકાનના દરેક ખંડમાં પુરતા હવા ઉજાસ મળે તે માટે બારી બારણાં, અને ચોકની ગોઠવણ બરાબર ધ્યાન પૂર્વક કરવી જોઈએ. એ સિવાય વાંચક સહેલાઈથી બહાર નજર નાંખી શકે, તેટલી ઉંચાઇએ બારીઓ મુકવી જોઇએ કારણ થાકેલો વાંચક સહેલાઇથી થોડી મીનીટો બગીચામાં દૃષ્ટિ નાંખી વિસામો મેળવી શકે.

આપણે આજ મકાનમાં આપણી કોન્ફરન્સની પ્રવૃત્તિ ચલાવવાનો ઇરાદો રાખતા હોઇએ તો આપણે ૧ વિશાળ લેકચર હોલ અને ૪-૫ બીજા ખંડોની તે માટે જોગવાઇ રાખવી જોઇએ. અને એ સિવાય આપણી સ્થાનિક લાયબ્રેરી તો જુદા જુદા ૭ વિભાગોમાં વહેંચવી જોઇશે. ૧ લો પુસ્તક સંગ્રહ, ૨ જો વાંચન ખંડ, ૩ જો અધ્યયન ખંડ ૬, ૪ થો સંગ્રહ સ્થાન માટેનો ખંડ; ૫ મો મહિલા ખંડ, અને ૬ ઠો બાળ વિભાગ માટેનો ખંડ. (અપૂર્ણ.)

# હેમ સારસ્વત સત્ર અને આપણું કર્તવ્ય.

હેમચંદ્રાચાર્યનો જન્મ સંવત ૧૧૪૫ ના કારતક શુદ પુનમને દીવસે ધંધુકામાં થયો હતો. તેમના માતા પિતાનું નામ પાહિણી અને ચાચીંગ હતું. તેઓ મોઢ વાણીઆ હતા પણ જૈન ધર્મના અનુયાયી હતા. તેમનું સંસારી નામ ચાંગદેવ કે ચંગદેવ હતું. વિક્રમ સંવત ૧૧૫૦ ના મહા શુદ ૪ ને શનિવારે દેવચંદ્રસુરિને હસ્તે તેમને ખંભાતના પાર્શ્વ-નાથના મંદીરમાં દીક્ષા આપવામાં આવી, ચાંગદેવનું નામ સોમચંદ્ર પાડવામાં આવ્યું. દીક્ષા લીધા પછી બાર વર્ષમાં તેમને ન્યાયનો, તર્કનો, તથા વ્યાકરણ આદિ સાહિત્યનો અભ્યાસ કર્યો તેમની બુદ્ધિ બહુ તેજસ્વી હતી તેથી બધા ધર્મશાસ્ત્રોમાં પારંગત થઇ ગયા. સંવત ૧૧૬૬ માં તેમની બુદ્ધિ જોઇ તેમના ગુરૂએ ૨૧) વર્ષની ઉમરે તેમને આચાર્ય બનાવ્યા ( નાગપુર ) તેમનું નામ હેમચંદ્ર રાખ્યું. આ સમયે પાટણની શું પરિસ્થિતિ હતી તે જોઇએ—વનરાજે વિ. સં. ૮૦૨ માં અણહિલપુરને ગુજરાતની રાજધાની બનાવ્યું ત્યારથી ઉત્તરોત્તર તેની કીર્તી વધતી ગઇ સમૃદ્ધિ, આબાદી, અને વિદ્યામાં તો તે કાળે તેની હરિફાઈ કરે તેવું ગુજરાતમાં એક શહેર કે ગામ નહોતું શહેરનો વિદ્યાવ્યાસંગ તો એટલો હતો કે લોકો એમજ માનતા કે સહસ્ત્રલિંગની આજુ બાજુમાં મુંગાને મુકી આવો તોપણ તે એક ક્ષણમાં ષટદર્શન બોલવા લાગી જાય. અણહિલ-પુરના લોકો સમૃદ્ધ અને સુખી હતા. અને તેની બજારોમાં ચોરાશી બંદરનો વાવટો ઉડતો કહેવાતો. તેમાં જૈનો ખાસ કરીને બહુ સમૃધીશાળી હતા. રાજદરબારમાં તેનનું માન બહુ સારૂં હતું. તે નગરના દેવાલયો એટલા ગગનચુંબી તેમજ અસંખ્ય હતા કે સુર્યનો રથ તેમાં અટવાઇ જતો તે વખતે અણહિલપુરની જાહોજલાલી સોળે કળાએ ખીલેલી હતી આ સમયે સિદ્ધરાજનું રાજ્ય શાસન પાટણને શોભાવી રહ્યું હતું. તેના પુર્વજોની પ્રમાણે તે પણ શૈવ ધર્મ પાળતો હતો. પણ તેના રાજદરબારમાં દરેક જાતના પંડિતોને બોલાવીને ધર્મ ચર્ચા કરતો હતો. હેમચંદ્રાચાર્ય પણ તેના રાજદરબારે જઇને ધર્મ ચર્ચા કરતા હતા ત્યારથી સિદ્ધરાજનો તેમની તરફ પ્રેમ થયો હતો. માળવા જીતીને સિદ્ધરાજ પાછો આવ્યો ત્યારે બધા સંપ્રદાયના આચાર્યો રાજાને અભિનંદન કરવા આવ્યા હતા તે વખતે હેમચંદ્રાચાર્ય પણ હાજર હતા અને તેમને પોતાના શ્લોકથી રાજાનું ધ્યાન ખેચ્યું હતું આ પ્રસંગ સંવત ૧૧૯૧) માં બન્યો હોવો જોઇએ. આ દરમ્યાન રાજાએ અવન્તીમા ભોજ વ્યાકરણ જોયું હતું તે ઉપરથી ગુજરાતનું જુદુ વ્યાકરણ રચવાની ગાંઠ મનમાં વાળી હતી. રાજાએ હેમચંદ્રાચાર્યને એક નવિન તથા સહેલું વ્યાકરણ રચવાને જણાવ્યું. હેમચંદ્રાચાર્યે રાજાનું કહેવું કબુલ રાખ્યું. કાશ્મીર દેશથી તેમજ બીજેથી જુના વ્યાકરણ ગ્રંથો મંગાવીને તેમણે તે કામ સફળતાથી પાર ઉતાર્યું. બધા સંપ્રદાયના પંડિતોએ તે વ્યાકરણને સૌથી ઉત્તમ કહીને કબુલ રાખ્યું; અને રાજાના માનમાં તે વ્યાકરણને સિદ્ધહેમચંદ્ર નામ આપ્યું. હેમચંદ્રે બનાવેલું અને સિદ્ધરાજને અર્પણ કરાયેલું આ ઉપરથી સિદ્ધરાજની તેમના ઉપર બહુ શ્રદ્ધા બેઠી, અને તે જૈન તીર્થની યાત્રાએ પણ ગયા હતા સં. ૧૧૯૯ માં સિદ્ધરાજનું મૃત્યું થયું હતું.

સિદ્ધરાજને છોકરો ન હોવાથી પોતાના પછી ગાદી ઉપર કુમારપાળ આવશે એમ જયોતિષીઓએ સિદ્ધરાજને કીધેલું ત્યારથી મહારાજા સિદ્ધરાજની ઇચ્છા પોતાની પછી ગાદી ઉપર કુમારપાળ ન આવે તે માટે કુમારપાળને મારી નાખવાની હતી. આ વાત જ્યારે કુમારપાળના જાણવામાં આવી ત્યારે તે દધિસ્થલિમાંથી ભાગી ગયો અને એક ગામથી બીજે ગામ રખડવા લાગ્યો. રસ્તામાં બહુ દુ:ખ સહન કરવા પડયા તે વખતે હેમચંદ્રાચાર્યે ખાનગીમાં ઘણી મદદ કરેલી દાખલા તરીકે ખંભાતમાં પકડાઈ જવાનો વખત આવ્યો ત્યારે સહિ-સલામત ઉદયન મંત્રીને ઘેરે પહોંચાડી દીધા. સંવત ૧૧૯૯ માં જ્યારે સિદ્ધરાજનું મરણ થયાનું જાણ્યું ત્યારે તે પાટણ આવ્યા અને પછી ગાદી મળી. ગાદી મળ્યા પછી હેમચંદ્રાચાર્ય અને તેમનો સંબંધ બહુ વધી ગયો. ધીમે ધીમે તે જૈન ધર્મનો અનુયાયી થઇ ગયો હેમચંદ્રાચાર્યના પવિત્ર ઉપદેશથી પોતાના તાબાના અઢાર દેશોમાં ચૌદ વર્ષ સુધી કોઇપણ જીવનો ઘાત ન થાય એવા રાજ્ય હુકમ બહાર પાડયા. કુમારપાળે ૧૪૪૦ જૈન મંદીરો બંધાવ્યા અને શ્રાવકના બાર વ્રત ઉચ્ચર્યા વિ. સં. ૧૨૩૦ માં તેમનું મૃત્યુ થયું. જે મહાન પુરૂષે કુમારપાળ જેવા રાજાને જૈન બનાવીને આખા ગુજરાતમાં તથા માળવા સુધી જૈન ધર્મનો તથા અહિંસાનો વિજય ડંકો વગાડયો છે તે ઉપરાંત આપણા જૈન ધર્મના જેવા કે ત્રિશષ્ટિશલાકા પુરુષ ચરિત્ર તથા યોગ-શાસ્ત્ર વિગેરે ઘણા પુસ્તકો લખીને આપણી ઉપર મહાન ઉપકાર કરી ગયા છે તે મહાન પુરૂષના નામથી હેમ સારસ્વત સત્ર આવતા નાતાલના તહેવારમાં એક વખતના ગુજરાતના પાટનગર પાટણમાં ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ઉજ-વવાનું નક્કી થયું છે. તે પાટણ અને જૈનો માટે મગરૂરીનો વિષય છે. તે ઉજવાય તે પહેલા આપણી શું ફરજ છે તેનો વિચાર કરવાની ખાસ આવશ્યક્તા છે અત્યાર સુધી મહાન જ્યોર્તિધર હેમચંદ્રાચાર્યના જીવન વિષે આપણી પાસે નહિ જેવું સાહિત્ય છે તો આપણા સાહિત્યકારોને મારી નમ્ર વિનંતિ છે કે તેમના જન્મથી માંડીને તેઓ કાળધર્મ પામ્યા ત્યાં સુધીનુ એક સ્વતંત્ર પુસ્તક બહાર પાડવું અને બને તો ઈંગ્લીશ ભાષામાં પણ તેનો અનુવાદ કરાવવો. જેથી ગુજરાત બહારના પણ આ મહાન પુરૂષના જીવનથી માહીતગાર થાય. અફસોસની વાત છે કે જે મહાન પુરૂષે સાહિત્યની આટલી મોટી સેવા કરી છે તે મહાન પુરૂષને નહિ જેવા લોકો ઓળખે છે, મોટા ભાગના લોકોને તો તેમના નામનો નહિ જેવો પરિચય છે. તો આ પ્રાપ્ત થયેલ સુંદર અવસરને સંપૂર્ણ ઓપ ચડે એ હેતુથી જૈન પત્રો તેમ દૈનિક તથા સાપ્તાહિક પત્રોમા આ પ્રસંગને અનુસરતા લેખો અભ્યાસી જૈનો લખે કે જેથી ડીસેમ્બરમાં હેમ સારસ્વત સત્ર ઉજવાય તે પહેલા જૈનેતરો પણ આ મહાન પુરૂષ વિષે

( અનુસંધાન પૃષ્ટ ૪ ઉપરથી )

| | | |
|---|---|---|
| ૪-૧૨-૦ | ,, | ઝવેરચંદ પરમાણંદ ભણસાલી, મુંબઇ. |
| ૫-૦-૦ | ,, | ખંભાત વીસા પોરવાડ જૈન યુવક મંડળ, હા. શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી. |
| ૫-૪-૦ | ,, | ધરમશી જેઠાભાઇ, મુંબઇ. |
| ૧૫-૦-૦ | ,, | જંબુસર જૈન સંઘ, હા. ડૉ. જગમોહનદાસ મંગલદાસ. |
| ૬-૦-૦ | ,, | સંઘ સમસ્ત હરસોલ, હા. શ્રી. સાંકલચંદ ઝવેરચંદ |
| ૧૮-૮-૦ | ,, | ઉજમશી ત્રિભોવનદાસ શાહ, સુરતદ્વારા. |
| ૧-૪-૦ | ,, | જૈન શ્વે. કૉન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ-આમોદ. |
| ૦-૮-૦ | ,, | કૉન્ફરન્સ કેળવણી પ્રચાર મુંબઇ સમિતિ. |
| ૯-૦-૦ | ,, | જમનાદાસ અમરચંદ ગાંધી, મુંબઇ. |
| ૧૪-૦-૦ | ,, | ભાઇચંદ અમોલખની કંપની, મુંબઇ. |
| ૨-૪-૦ | ,, | કૉન્ફરન્સ કેળવણી પ્રચાર ખંભાત સમિતિ. |
| ૩૫-૦-૦ | ,, | મણીલાલ જેમલ શેઠ, મુંબઇ |
| ૧-૮-૦ | ,, | કૉન્ફરન્સ કેળવણી પ્રચાર ઉંઝા સમિતિ. |
| ૨-૮-૦ | ,, | કૉન્ફરન્સ કેળવણી પ્રચાર ગોધાવી સમિતિ. |
| ૫-૦-૦ | ,, | ફકીરભાઇ બી. વકીલ, મુંબઇ. |
| ૭-૮-૦ | , | ભગવાનદાસ હરખચંદ, મુંબઇ. |
| ૫-૦-૦ | ,, | નરોત્તમ ભગવાનદાસ શાહ, મુંબઇ. |
| ૩૩-૪-૦ | ,, | વલ્લભદાસ એફ. મેહતા અને શ્રી સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી મુંબઇદ્વારા. |
| ૧૦-૦-૦ | ,, | રતીલાલ વર્દ્ધમાન શાહ, મુંબઇ. |
| ૫૦-૦-૦ | ,, | પાટણ જૈન સંઘ હસ્તે શ્રી કેશવલાલ અમરચંદ નગરશેઠ, પાટણ. |
| ૨૫-૦-૦ | ,, | પાલણપુર જૈન સંઘ હા. શ્રી. મણીલાલ ખુશાલચંદ પારી, પાલણપુર. |

( તા૦ ૧૨ ૯-૩૮ પર્યન્ત )

## કૉન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.

જૈન યુગ તા૦ ૧-૭-૩૮ ના અંકમાં કેન્દ્રસ્થ સમિતિ દ્વારા ૧૪ સ્થાનિક સમિતિઓને એક વર્ષ માટે રૂ૦ ૫૧૫૧-૦-૦ ની મદદ મંજુર થયાની હકીકત પ્રકટ થયા બાદ આ સમિતિ દ્વારા નીચે મુજબ વધુ મદદ મંજુર કરવામાં આવી છે.

| | |
|---|---|
| (૧૪) સમિતિઓને અગાઉ મંજુર થયેલ | રૂ૦ ૫૫૫૧-૦-૦ |
| (૧૫) **પાલણપુર** | રૂ૦ ૫૦૦-૦-૦ |
| (૧૬) **પાલેજ** રૂ૦ ૧૫૦ થી | રૂ૦ ૨૫૦-૦-૦ સુધી |
| (૧૭) **માંડળ** | રૂ૦ ૨૫૦-૦-૦ |
| (૧૮) **ઉંઝા** | રૂ૦ ૫૦૦-૦-૦ |
| (૧૯) **માલેગામ** | રૂ૦ ૧૦૦-૦-૦ |
| | ૬૭૫૧-૦-૦ |

## પ્રચારક પ્રવાસ.

કેન્દ્રસ્થ સમિતિ તરફથી યોજનાના પ્રચારાર્થે શ્રી રાજપાલ મગનલાલ વ્હોરા અત્યારે મહારાષ્ટ્રમાં પ્રવાસ કરે છે તેઓના ઓગસ્ટ માસના કાર્યનો ટુંક અહેવાલ નીચે પ્રમાણે છે.

તા૦ ૮-૮-૩૮ ના રોજ મુંબઇથી નિકલી માસની આખરે નીચે દર્શાવેલા પંદર સ્થળોએ તેઓ ગયા હતા.

(૧) થાણા (૨) કલ્યાણ (૩) પુના (૪) કોલ્હાપુર (૫) સાંગલી (૬) કરાડ (૭) જુન્નેર (૮) સંગમનેર (૯) કંતુલ (૧૦) નાશિક (૧૧) ચાંદવડ (૧૨) માલેગાંવ (૧૩) ધુલીઆ (૧૪) અમલનેર અને (૧૫) ખામગામ.

ઉપરોક્ત પંદર સ્થળોમાંથી **પુના** અને નાશિકમાં આ પૂર્વે સ્થાનિક સમિતિઓ સ્થપાયેલી જણાઇ હતી. તે ઉપરાંત નીચેના સ્થળે નવી આઠ સમિતિઓ સ્થાપવામાં આવી હતી.

(૧) **કોલ્હાપુર,** (૨) **સાંગલી**. (૩) કરાડ. (૪) **જુન્નેર,** (૫) **ચાંદવડ,** (૬) **માલેગાંવ,** (૭) **ધુલીઆ** અને (૮) **અમલનેર.**

ઉપરોક્ત સમિતિઓમાંથી કેટલીક સમિતિઓએ તો સ્થાનિક ફંડ તાત્કાલિક શરૂ કરીને કાર્યારંભ કરેલ છે એમ ગણી શકાય. બાકીની સમિતિઓ પણ ઉત્સાહી કાર્યવાહકોની બનેલી હોઇને નજીકના ભવિષ્યમાં કાર્ય શરૂ કરી દેશે એવી સંભાવના છે.

કૉન્ફરન્સના આ કાર્યને મહારાષ્ટ્રમાં લગભગ બધા સ્થાને ઉત્સાહ પૂર્વક આવકાર મળયો છે તેમજ કૉન્ફરન્સ પ્રત્યેક લોકોની અભિરૂચી જણાઇ છે.

કેન્દ્રસ્થ સમિતિએ ઉપરોક્ત આઠ **સમિતિઓ માન્ય** રાખી છે.

## કેળવણીના પ્રશ્નોની ચર્ચા

કેન્દ્રસ્થ સમિતિની તા૦ ૩-૯-૩૮ ની સભામાં શ્રી ચરોતર એજ્યુકેશન સોસાયટીના પ્રણેતા શ્રી. **મોતીભાઇ નરસિંહભાઇ અમીન** સાથે સમિતિના સભ્યોએ આજની કેળવણીના પ્રશ્નો વિષે ચર્ચા કરી હતી.

શ્રીયત મોતીભાઇએ પોતાના વિશાળ અનુભવ અને યોજનાઓની હકીકતો અસ્ખલિત વાણી પ્રવાહ દ્વારા લગભગ અઢી કલાક પર્યન્ત સભ્યો સમક્ષ રજુ કરી હતી. શાળા, પુસ્તકાલય, છાત્રવૃત્તિ, દવાખાના આદિ અંગે જૂદા જૂદા સ્થળે અને સમયે હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિઓ તેના વિકાસક્રમ અને અત્યારની સ્થિતિ વિષે તેઓએ સુંદર રીતે સભ્યોને ખ્યાલ આપ્યો હતો.

( અનુસંધાન પૃષ્ટ ૨ ઉપરથી. )

સર ચુકાયો તો બાજી હાથથી ગઇ છે જ'-તકની જ કિંમત છે સાધુ સમાજ ને શ્રાવક સમુદાય માટે એક ધારા નિયંત્રણની આવશ્યકતા છે. એની વિચારણા પૂર્વક સિદ્ધિ સાધવી હોય તો યોગ સાંપડયો છે. ભાવનગર જેવા પ્રતિભાસંપન્ન સ્થળમાં સુરિસમ્રાટ વિરાજે છે. જૈન મહાસભાના ત્યાં પગલાં પડનાર છે ભિન્ન ભિન્ન મંતવ્યધારીઓએ મજબૂતત ને અતૂટ સંગઠન જમાવવા સારૂ કેડ કસવાની છે. આપસના મંતવ્યોમાં ઢીલું મૂકી સમષ્ટિને સ્પૃર્શતું દ્રઢ ઐકય જમાવવાનું છે. શું એ શકય છે? જો સંવત્સરીનો સંદેશ સાચેજ સમજાયો હોય તો માત્ર શકયતા છે એટલુંજ નહિં પણ સહજતા ને સફળતા નિ:શંક છે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."  Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે.  છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧ લી અકટોબર ૧૯૩૮. | અંક ૫ મો.

# ઘણું જીવો: ભારત ભાગ્ય વિધાતા!

દબાયેલા ભારતવર્ષને ઉત્થાનના પુનિતમાર્ગે લઇ જનાર મહાત્માની જયંતિ આજે સર્વત્ર ઉજવાઇ રહી છે. ક્રોડો ક્ષુધાર્તોના આર્તનાદથી જેનું હૈયું દળાઇ રહ્યું છે, લાખો ભારત વાસિઓના ભાલમાં અસ્પૃશ્યતાનું કલંકિત નિશાન જોઇ જેના હૃદયમાં તે મિટાવવા આતશ પ્રગટયો છે, ઓરીસાની એ અતિ ગરીબ પ્રજાને જોઇ-બ્હેનોને વસ્ત્રવિહોણિ ફરતી જોઇ, ઉગ્ર અનુકંપાએ જેણે વસ્ત્ર ત્યાગ કરી માત્ર કચ્છોટ ધારણ કરેલ છે એવા મુઠીહાડકાના ધણી-મી. ચર્ચિલના શબ્દોમાં જે અર્ધ નગ્ન ફકીર છે એ પુરૂષવર ગાંધીની ૭૦ મી જન્મગાંઠ આજે સમગ્ર ભારતવર્ષ અને જગત્ ભારે સમારોહપૂર્વક ઉજવી રહ્યું છે.

એની પાસે કયા શસ્ત્રાસ્ત્રો છે ભલા? કયો વાણી વિલાસ છે? કયો ધનભંડાર છે? કઇ જાતનો આડંબર છે? એ સર્વ સાધનો ન હોવા છતાં તેની પાસે સર્વ કાંઇ છે એમ જોવાય છે. વિશ્વ તેને પગે પડતું આવે છે. એ કોની શકિત છે? મહર્ષિ પાતાંજલ ઠીકજ કહે છે કેઃ—"મનુષ્યમાં જ્યારે સત્ય પ્રતિષ્ઠિત બને છે ત્યારે તેની સાનિધ્યમાં જન્મવૈરી પ્રાણીઓ પણ વૈર ભાવનો ત્યાગ કરી શાંતિને ભજે છે." આજે એ બાબત જોવાય છે એ મહાત્મામાં. કાળરૂપ સર્પ દેહપર ચડી ગલે વીંટાઇ જાય છે અને છતાં જેનું રોમ માત્ર નથી ફરકતું બલ્કે એનું એ સ્મિત હાસ્ય મુખપર ફરકયા કરે છે. હૃદયમાં અપૂર્વ સમભાવ અને શાંતિવિના આમ કયાંથી સંભવે?

અહિંસાના ઉચ્ચ સિદ્ધાંતનો રાજદ્વારી ક્ષેત્રમાં ઉપયોગ કરનાર કદાચ આ પ્રથમ મહાપુરૂષ છે. આપણું એ અહોભાગ્ય છે કે. આવા એક વિરલ સંત અને યુગપુરૂષના કાળમાં જીવિએ છીએ-જૈનોને તો મહાત્માજીના જીવન પરથી ખૂબ શીખવાનું રહે છે. જૈન સમાજે રાષ્ટ્ર લડતમાંથી બોધપાઠ લઇ ઐકયના પરમસૂત્રથી સંધાવું જોઇએ. ખરા જૈનત્વના પ્રચારનો આ કાળ છે એમ જાણવું જોઇએ.

હું હવે વરસ કે બહુતો તેથી થોડા માસ વધુ જીવવાનો છું એ થોડાક શબ્દો :એ :પુરૂષના મુખમાંથી હમણાં નીકળી પડયા હતા અને એ શબ્દે જગત્ ગમગીન બન્યું હતું. કેમ ભલા? કહેવાય છે કે-અનેક જજો. પણ અનેકનો પાલનહાર ન જજો-ગાંધી ભારતનો પ્રાણ છે. નૂતન હિન્દનો એ સરજનહાર છે. મિત્ર અને વિરોધીઓ બન્નેને એક સરખું વિસામાનું સ્થાન ગાંધી છે—

કહેવાય છે કે-મહાપુરૂષને જગત્ તેની હાજરીમાં ઓળખીને સન્માનતું નથી. આ ઉકિત કદાચ-આજ સુધી ફલિતાર્થ થઇ હશે. પણ મહાત્માજી તેમાં અપવાદ છે. પોતાના જીવતાં આટલું લોકમાન, આટલી પ્રતિષ્ઠા, અને આટલી સિદ્ધિઓ અશકય નહીં તો દુઃષ્પ્રાપ્ય તો જરૂર છે.

લાખો લોકો એના દર્શન-વંદન-સ્પર્શન માટે તલપાપડ થતા હોય છે, લાખો ચક્ષુઓ તેની ગાડીની આતુર નયને રાહ જુવે છે ત્યારે એ પુરૂષ એવા માનથી દૂર ભાગવા એક નાના સ્ટેશને ઉતરી ગાડી હંકારી જાય છે.

આવા યુગપુરૂષના ગુણો કેટલા ગાઇ શકાય? અંતમાં ભારતની એ મહા વિભૂતિને ભકિતભાવે વંદન કરી-આપણા શ્રધ્ધાના પુષ્પોથી-ચંદન છાંટણાઓ થી અંતરના અર્ઘ્ય આપતાં પ્રાર્થીએ કે—

**ઘણું જીવો: ભારત ભાગ્ય વિધાતા!**

—રાજપાળ મગનલાલ વ્હોરા.

**उद्‌धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥**

**અર્થ**:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**श्री सिद्धसेन दिवाकर.**

**જૈન યુગ.**

તા૦ ૧-૧૦-૩૮. શનિવાર.

# જૈન મહાસભાનું બંધારણ.

ચાહે નાની યા મોટી કોઇપણ સંસ્થા હો પણ જેનો સંબંધ આમ જનતા સાથે જોડાયેલો છે એનુ બંધારણ Democratic યાને લોકમત વાદી હોવું જોઇએ એ આજના વાતાવરણનો પ્રધાન સુર છે. જે જનસમૂહના નામે સંસ્થા કામ કરતી હોય એ જન સમૂહની પ્રત્યેક વ્યકિતનો અવાજ સંસ્થાના તંત્રચાલનમાં સીધી, યા આડકતરી રીતે, અવશ્ય હોવો જોઇએ એ વર્તમાન યુગની મોટામાં મોટી અને અતિ અગત્યની મનાતી-માંગ છે. દેશ-કાળ પ્રતિ દ્રષ્ટિપાત કરતાં એ ઇષ્ટ લાગે છે.

જૈન સમાજમાં કોન્ફરન્સ યાને જૈન મહાસભાનું સ્થાન સર્વ શ્રેષ્ઠ હોઇ, સાથોસાથ સર્વદેશીય પણ છે. એના ઉદ્દેશ વિશાળ છે અને એમાં ભારતવર્ષના પ્રત્યેક સંઘોનો અને ઉંડાણમાં ઉતરી વિચાર કરીયે તો પ્રત્યેક જૈનોનો અવાજ છે. ઉમ્મર લાયક દરેક જૈનને-અર્થાત્ ઉકત સંસ્થા શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજની હોવાથી-પ્રત્યેક શ્વે૦ મૂર્તિપૂજક ભાઇ બ્હેનોને એમાં મત આપવાનો-એના કાર્યમાં રસ લેવાનો, એને લગતી જવાબદારી અદા કરવાનો હક છે. એ પ્રતિ જેટલી ઉદાસીનતા દાખવવામાં આવે છે તેટલી ફરજ બજાવવામાં પીછેહઠ કરાય છે એમ કહેવામાં જરાપણ અતિશયતા નથી.

બારિકાઇથી અને કોઇપણ જાતનો પૂર્વગ્રહ બાંધ્યા વગર વિચારીએ તો જ્યાં બંધારણની આટલી ઉદારતા છે ત્યાં કચવાટ કે વૈમનસ્યને રંચમાત્ર સ્થાન હોવું ન જોઇએ. વાત પણ સાચીજ છે. રાષ્ટ્રિયમહાસભા યાને કોંગ્રેસમાં વિદ્વાન્-દીર્ઘદર્શી અને સેવાભાવી માનવીઓએ રસ લઇ, આજે એ સંસ્થાને એવા તબક્કા પર મૂકી દીધી છે કે જેથી પ્રજામાં એનુ ગૌરવ અવર્ણીય છે એટલુંજ નહિં પણ સરકારમાં પણ એનુ સ્થાન અનેરી પ્રતિષ્ઠા ધરાવે છે. આજે આમ જનતાનો સાચો અને સંપૂર્ણ અવાજ દાખવતી જો કોઇપણ સંસ્થા હોય તો તે એકલી કોંગ્રેસ જ છે એમ છડે ચોક કહી શકાય. શરૂઆતથી જ સંસ્થાનું એ ગૌરવ હતું એમ ન કહી શકાય. અલબત એના બંધારણમાં જનસમૂહના હકને સ્થાન હતું. જ્યાં સુધી આમ જનતા એ બરાબર પિછાની શકી નહોતી ત્યાં સુધી એ સંસ્થા મૂઠીભર ભણેલાઓના ત્રણ દિવસના સંગમ સ્થાન સરખી હતી? વિવિધ ભાષણો અને વિનંતિ કે યાચનાઓના ઠરાવોમાં એની ઇતિ કર્તવ્યતા થતી. પણ એમાં જ્યારથી દેશપ્રત્યેની ઉંડી ધગશવાળા-દેશકલ્યાણ અર્થેજ જેમનુ જીવન છે એવી દ્રઢ પ્રતિજ્ઞાવાળા-સેવકો ભલ્યા, અને સંસ્થાના બંધારણમાં રહેલ વિશાળ જન-સમૂહના હકનુ જ્ઞાન દેશના ખૂણે ખૂણે પહોંચાડયું ત્યારથી એ સંસ્થાના દિદાર ફરી ગયા. ત્યારથી એ સતત્ કામ કરતી-રચનાત્મક અને અખિલપ્રજાની પ્રગતિ સુચક કાર્યો હાથ ધરતી-જનતાની આવશ્યક માંગણીઓ રજુ કરતી અને એ સંતોષાય એવું બળ ધરાવતી સંસ્થામાં પરિવર્તન પામી આગેવાનોની નિષ્કામ સેવા. દીર્ઘદર્શિતા-અને નાડપારખવાની સાચી શકિતએ એમાં સુંદર સાથ પૂર્યો.

જો જૈન સમાજને ઉદયના પંથે પળવું હોય, જેમ રાજ્યતંત્રના સાત અંગ હોય છે તેમ જૈન શાસનના સાત ક્ષેત્રોનો વ્યવસ્થિત કારભાર ચલાવવો હોય, અને દેશની પલટાતી સ્થિતિમાં, જનસમુદાયના પરિવર્તન પામતાં વિચારવાયુમાં, જડવાદની ચઢી આવેલ જબરદસ્ત આંધિમાં-સરળતાથી કૂચ કરવી હોય તો સારાયે સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી કોઇ ને કોઇ સંસ્થાને સબળ ને હાર્દિક સહકાર આપવોજ પડશે. એની શીળીછાયામાં બેસી, ભૂતનો અનુભવ અને ભાવિનો આશાવાદ નજર સન્મુખ રાખી, વર્તમાનકાળને બંધ બેસતા કાનુનો ઘડવા પડશે, આવી પડેલ ઘુંચો ઉકેલવી પડશે, વિવિધ પ્રકારી પ્રશ્નોનો તોડ આણવો પડશે અને નિર્ણિત ધોરણે કામ ચાલે છે કે કેમ એની તકેદારી પણ રાખવી પડશે. અમારી દ્રષ્ટિયે આવી એક સંસ્થા તે આપણી કોન્ફરન્સ છે. અલબત એ સામે થોડાની લાલ આંખ છે, કેટલાકને અણગમો છે, અમુકની મૌનતા છે અને કેટલાંકને કાર્યવાહીનો અસંતોષ છે. કોઇપણ સંસ્થાના વહીવટમાં ઉંડા ઉતરતાં આવી સ્થિતિ ઓછા વત્તે અંશે જરૂર જોવાશેજ. ડહાપણ કે આવડત તો એ કહેવાય કે સંસ્થાની એ દશા સુધારવા સારૂ યોગ્ય પ્રયાસ સેવવામાં આવે. એ સામે કેવળ બખાળા કહાડી, કે એનાથી પરાંગમુખ બની કયાંતો જુદા ચોકા માંડવા કે કાયમના અક્રિય બની બેસવું એમાં તો નરી કાયરતાજ છે. પ્રયત્ન વડેજ ઇપ્સિત સુધારણા કરી શકાય છે. ખંત ને ચીવટ વડેજ ધાર્યો ઓપ આપી શકાય છે. આપણી મહાસભાના બંધારણમાં જ્યાં સુધી સંઘને પ્રતિનિધિ મોકલવાની સત્તા છે ત્યાં સુધી ખસુસ નોંધી રાખવું કે એ કોઇ પક્ષ કે પાર્ટીના હથેલીમાં નાચતી સંસ્થા નથી જ. સંઘોના એકધારા પ્રયાસે આજે પણ એનો કબજો સમાજ જેમણે હિતચિંતક માને છે એમના હાથમાં આણી શકાય તેમ છે. એમાં જેટલો સુધારક ગણાતા વર્ગને હક્ક છે એટલોજ હક જેઓ આજે જુનવાણી તરિકે આલેખાય છે તેમને પણ છે. નજર સામેજ સાચા ભેખધારીઓએ સંસ્થાનું સુકાન પોતાના હાથમાં લીધા બાદ સેવાની સાચી ધગશ અને નિસ્વાર્થ વૃત્તિના જોરથી કરી દેખાડેલ કાર્યનો દાખલો મોજુદ છે. રાષ્ટ્રિય મહાસભાની કાર્યવાહી ને આપણી

# નોંધ અને ચર્ચા.

## શિસ્તપાલન તો જરૂરનુ જ.

રાષ્ટ્રિય મહાસભાની વર્કીંગ કમિટિના ઠરાવ સામે ડો. ખરે તરફથી જે દલીલો રજુ થાય છે અને જે સવાલ ને ઉપાડી લઇ કેટલાક મરાઠી પત્રોએ મર્યાદા ઓળંગી મહાત્માગાંધીજી જેવા પુણ્યશ્લોક પુરૂષની અને અન્ય નેતાઓની ભાંડણલીલા આદરી છે. તેનો સચોટ રદીયો આપતાં રાષ્ટ્રપતિ સુભાષબાબુએ ઉપરના શબ્દો પર ખાસ ભાર મૂકયો છે. ઉંડી નજરે જોતાં એ વાત સોટચના સુવર્ણજેવી કિમતી જણાય છે. ચહે તો રાષ્ટ્રિય મહાસભા હો, ચાહે તો જૈન કોન્ફરન્સ હો અગર તો જૈન સંઘ સંસ્થા હો અથવા તો અન્ય કોઇ કેળવણીની સંસ્થા હો. એના વરિષ્ઠ ચુકાદાસામે બખાળા કહાડવા એ નિરર્થક છે. એમાં વધુ ચર્વીત ચર્વણ કરવું એ પોતાની જાતને સૌકરતાં વધારે ડાહી ઓળખાવવા જેવી હાસ્યજનક વાત છે. ઉદ્દેશ અને એનું યથાર્થ પાલન એ સંસ્થા માટે Life & death જેવો અગત્યનો પ્રશ્ન છે. સ્થાપનાકાળે કિંવા પુષ્કળ વિચારણા અંતે કરવામાં આવેલ ઠરાવમાં જે મર્યાદા આંકવામાં આવી હોય તેનો અમલ સંસ્થાના પ્રત્યેક અનુયાયી તરફથી થવોજ જોઇએ. વ્યક્તિ કે વાણી સ્વાતંત્ર્યના નામે એ સામે ચેડા હરગીજ ન કહાડી શકાય. વિચાર સ્વતંત્રના આદરણીય છે પણ જ્યારે એ મર્યાદાની વાડ કુદાવી 'હુંપદ' નો સ્વાંગ સજે છે ત્યારે એ પ્રાણવાયુ ઓક્ષીજન મટી, સ્વછંદતામાં પરિણમે છે અને કાંરબોનિક એસીડનુ કામ કરે છે. એ કોઇકાળે પણ વધાવી લેવા જેવી વાત નથી કેમકે એ વાયુતો સર્વનાશનોતરે છે. તેથી સંસ્થાના શુભચાહક વર્ગે ઘડીભર એ પ્રવૃત્તિ ચલાવી લેવી ન ઘટે. લોકશાસનના નામે બખાળતા ખરે વાદીઓ કે મરાઠી પત્રોને બુઝર્ગ નેતાઓ તરફનો એજ જવાબ છે. આપરથી શિસ્તપાલન પાછળનુ ઉંડુ રહસ્ય દરેક આગેવાને અને પ્રત્યેક યુવાને પિછાનવાની અગત્ય છે. ભૂતકાળે એ જાતનું નિયમન હતું, વર્તમાનમાં એની એટલીજ અગત્ય ઉભી થઇ છે અને ભવિષ્યમાં એ વિના ચાલી શકવાનું નથીજ, પછી સંસ્થાના આશય પ્રમાણે એના નામ જુદા જુદા હોય. દરેક વ્યક્તિ જો મનગમતી ઢબે પોતાની તતુડીઓ બજાવે રાખે તો એકધારૂં ને કર્ણપ્રિય સંગીત સાંભળવાને બદલે બસુરા નાદનોજ સંભાર ભરાય.

---

જૈન મહાસભાની કાર્યવાહીમાં કેટલેક ફેર અવશ્ય રહેવાનો અને તે જરૂરી છે છતાં કામ ચલાવવાની પદ્ધત્તિમાં અનુકરણ કરવું કે એ પરથી યોગ્ય ધડો ગ્રહણ કરવો એમાં રંચમાત્ર ભિતિ જેવું નથીજ. અગત્ય છે એ વાત અંતર સુધી પહોંચાડી સચા સેવકોએ બહાર પડવાની.

ક્રમશઃ બંધારણ સંબંધમાં પુનઃ વિચારણા કરવાનો ઇરાદો છે. એમાં ભાગ લેવાનુ પ્રત્યેક શ્વે૦ મૂર્તિપૂજક જૈનને આમંત્રણ છે; પછી ચાહેતે વિચારનો પોતે હોય. ભાવનગરમાં અધિવેશન મળે તે પૂર્વે એ કાર્યની પૂર્ણાહૂતિ થઇ જાય તો એ પ્રસંગે ઘટતા ફેરફારો કરવાની તક સાંપડી શકે. સમાજ માટે ધગશ ધરતો પ્રત્યેક આત્મા એ આમંત્રણ ઝીલશેજ; અને પોતાને યોગ્ય જણાતી સુચનાઓ તાકીદે કાર્યાલય પર મોકલી આપશે

## પવિત્ર સંસ્થા નિયમન માંગે છે.

સાધુ-સાધ્વીની સંસ્થા અને એનુ ઉચ્ચ કોટિનુ બંધારણ એ વીતરાગ ધર્મની જે કેટલીક મહત્વની સંકલનાઓ છે એમાં અગ્રસ્થાન રોકતુ અંગ છે. એ સંસ્થાની પવિત્રતા-પરમાર્થતા અને ચારિત્ર્ય સૌરભ સંબંધે ઘણું લખી શકાય. પણ અફસોસની વાત છે કે જ્યારથી એની એકધારી દોરવણી ન રહી, અને ઘર ઘરના અર્થાત્ જુદા જુદા સંઘાડાના જુદા જુદા આગેવાનો થઇ પડ્યા ત્યારથી એમાં શિથિલતા-રૂઢિચુસ્તતા અને સડાએ ઘર કરવા માંડયું અને આજે એ ઉઘાડારૂપે પ્રગટ થઇ રહ્યો છો. કંચન-કામિનીના ત્યાગીઓ માટે એ વિષયની કાળી બાજુ સુચક વાતો વધુ વધુ સંભળાય ત્યારે અંતર ક્ષોભ પામે છે! 'થોડાકના પાપે આખુ વહાણ ડૂબે' એ કોઇ પણ સારૂ ન માને તેથી ચતુર્વિધ સંઘના મોવડીઓ એ જાગ્રત થઇ એમાટે સંગીન પગલા લેવાની જરૂર છે. સડેલો ભાગ, સારાને ખરાબ કરે તે પૂર્વે કાપી નાંખી દૂર ફેંકી દેવાની અગત્ય છે દુનિયાદારીની કોરટમાં જૈન નિર્ગ્રંથના પગલા નજ સંભવે, કારણવશાત્ આવસ્યકતા ઉભી થાય તો એ માટે અન્ય ગોઠવણ શોધાય ત્યાં આજે ચાલી ચલાવી સાધુ જવા માંડે એ શું ઇષ્ટ છે! સાધુના સામે અમર્યાદિતપણે કલમ ચલાવનારની જવાબદારી પણ ઓછી નથીજ. જ્યાં કોઇ નાયક કે વારનારજ ન હોય ત્યાં સ્વછંદ જોર પકડે તેમાં શી નવાઈ! યોગ્ય નિયમનના અભાવેજ જાતજાતની વાડા બંધીઓ ઉગી નિકળી અને ઘરઘરના નાયકો ખડા થયા! અંકુશ વિહુણુ એ શ્વેતવસ્ત્રી સૈન્ય થોડાકના દોષોથી-ગણત્રીના માનસોની અજ્ઞાનતાથી-દયા-દાન જેવા ઉમદાને ઉદાર ધર્મોના નિષેધથી અને સાધુજીવનને અણછાજતી ટેવોથી જૈન-જૈનેતર જનતામાં ચર્ચાનો વિષય થઇ પડયું છે જો હજુપણ જાગ્રત થઇ, ઉચિત નિયમન નહીં યોજાય તો અમને ભય રહે છે કે પવિત્રતાના ઓઠા હેઠળ કાલીમાનુ પ્રમાણ વધી જશે જે ત્રિદોષનાંજ પરિણમશે?

## જયન્તિના મેળાવડાઓ.

જૈન વસ્તીના ઘણા ખરા સ્થાનોમાં ઉજવાતી, પરમાત્મા શ્રી મહાવીરદેવ, જગદ્દગુરૂ શ્રી હીરવિજયજીસૂરિ શ્રીમદ્દ આત્મારામજી મહારાજ અને શ્રી વિજયધર્મસૂરિની જયન્તિઓ ખાસ ધ્યાન ખેંચે છે. આથી બીજાની નથી ઉજવાતી કે ન ઉજવવી ઘટે એમ કહેવાપણુ નથી તેમ શ્રી દાદાસાહેબની જયંતિ ઉજવાય છે એ વાત પણ લક્ષ્યબહાર નથી. વળી ચોવીસ તીર્થંકરોમાં માત્ર શ્રી વીરપ્રભુની ઉજવીએ છીએ તેથી બીજા તીર્થંકરો પ્રતિ ઓછો સદ્દભાવ છે એવું પણ નથીજ. જૈન સાહિત્યના પાના અવલોકીએ તો એટલી બધી વિભુતિઓ હાથપર ચઢે તેમ છે કે જેમની સ્મૃતિમાં જયંતિ ઉજવાય તો અસ્થાને ન ગણાય. ઉજવતાં વર્ષના દિવસો પણ ઓછા થઇ પડે

આમ છતાં ઉક્ત ચાર મોખરે છે એમાં કેટલીક વિશિષ્ટતા છે. શ્રી વીરપ્રભુ ચરમતીર્થંકર હોઈ એમનું જીવન ચાલુ સમયના પ્રત્યેક આત્માને વારંવાર અવલોકવાની જરૂર છે કર્મરાજના દાવ-પેચોનો સાચો ખ્યાલ આણવા સારૂ પરમાત્મા શ્રી મહાવીરદેવનું જીવન આરિસારૂપ છે. એવીજ રીતે વિદ્યમાન્ તીર્થોના દસ્તાવેજો સાથે, જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત 'અમારિ

(અનુસંધાન પૃષ્ઠ ૬ ઉપર જુઓ.)

# પરિવર્તનની સાચી દિશા કઇ?

**લેખક:—મોહનલાલ દીપચંદ ચોકસી.**

અન્યકોઈ બાબતમાં પરિવર્તન કરવાના મનોરથ સેવતાં પૂર્વે પ્રત્યેક તરૂણોએ વર્તમાન શિક્ષણ પ્રથામાં અને યંત્રો દ્વારા તૈયાર થતી વસ્તુઓના વપરાશમાં સંગીન ફેરફાર કરવાની અગત્ય છે. એ દિશામાં ધરખમ સુધારણા જ્યાં સુધી નહિં હાથ ધરવામાં આવે ત્યાંસુધી બેકારી રૂપી ચંડિકાનો ભય નવી પ્રજાના શીરે જે ચઢી બેઠો છે તે કેમે કર્યો દૂર થવાનો નથી જ. જે શિક્ષણથી આત્મા નથી તો આત્મિક શ્રેય સાધી શકતો, નથી તો શારીરિક બાંધો જમાવી શકતો અને નથી તો આર્થિક મુશ્કેલીનો પાર પામી શકતો એ વધુ સમય એનીએ ધરેડમાં ચાલુ રહે તેથી શો લાભ? 'सा विद्या या विमुक्तये' એ મહાસૂત્ર પાછળનુ રહસ્ય ચાલુ પ્રણાલિકામાં ઘટતા સુધારા કર્યા વિના નથી સમજાવાનુ. આજની કેળવણી ધર્મ–નિતિના બંધન શિથિલ કરે છે એટલુંજ નહિ પણ એ જાણે અધુરૂં હોય તેમ માનસિક ગુલામીનુ બીજારોપણ કરે છે એટલે જ્યારે શિક્ષણની પૂર્ણાહૂતિ થાય છે અને વ્યવહારૂ જીવનમાં પદ સંચાર કરવાનો સમય આવે છે ત્યારે ઘણાખરાને ચોતરફ દિશાશૂન્ય જેવું જણાય છે. કોઇ જાતનું સાહસ કરવાનુ વલણજ નથી દેખાતું! કેવલ નોકરીજ ધ્યેય બની જાય છે. એ સબંધમાં શ્રી યજ્ઞેશ શુકલના નિમ્ન વચનો વિચારણા સારૂ સુંદર ખોરાક પુરો પાડે છે.

'આજનું શિક્ષણ એટલું બધું ખર્ચાળ થઇ ગયું છે કે સામાન્ય સ્થિતિના વર્ગ માટે ઉચ્ચ શિક્ષણનાં દ્વાર બંધ થઇ ગયાં છે. વળી વિદ્યાર્થીઓએ પોતે પણ મોજ, શોખ, અને કપડાલત્તાની ટાપટીપમાં એ જીવનને વધારે ખર્ચાળ બનાવી મુક્યું છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓના મોજ, શોખ, જુઓ તો એ જણાઈ આવશે. વિદ્યાર્થીઓને હાથે જ વ્યવસ્થા પામતાં એ કોલેજીયનોનાં રસોડામાં દર અઠવાડિયે મિષ્ટાન્ન ઉડે છે. વારતહેવાર બાજુએ રહ્યા પણ ઘરે પણ રોજ નહિ મળતો હોય એવો ખોરાક તેઓને રોજ મળે છે નાટક–સીનેમા તો અઠવાડીયે એકાદ બેવાર હોય જ. આમ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ બાપકમાઈ ઉપર જ તાગડધીન્ના કરી શકે છે. આવાં ખર્ચાળ શિક્ષણનો લાભ સામાન્ય વર્ગ કઇ રીતે લઈ શકે? આવાં ખર્ચાળ જીવન પછી પણ આવડતને નામે તો મોટું મીડુંજ હોય છે! તેમનાથી નથી મહેનત થતી. તેમનાથી શ્રમ પડે એવું કામ થતું નથી. સહેજ વ્યવહારૂ બુદ્ધિ કે સામાન્ય સમજથી થઈ શકે એવાં કામો તેમને છાજતાં લાગતાં નથી. પરિણામે નોકરી માટે ફાંફાં મારીને તે ક્યાં તો પચાસ રૂપિયાની કારકુની કરે છે અથવા તો પંતુજી બને છે.

ઉચ્ચતર શિક્ષણની પ્રથામાં વિદ્યાર્થીઓ ભાવિજીવનમાં સ્વાશ્રયી બની શકે અથવાતો પોતાનું સ્વમાન જાળવીને કોઇ ધંધો કરી શકે કે પોતાનો જીવન નિર્વાહ કરી શકે એવી કોઇ વ્યવસ્થા નથી. વિદ્યાર્થીઓને ગગનગામી કલ્પનાઓમાં રાચતા કરીને, શકુંતલા અને જુલીયેટના સ્વપ્ના સેવતા કરી મૂકીને, વાસ્તવિક જીવનમાં નિરાધાર અને અસહાય જેવી સ્થિતિમાં છોડી મૂકવામાં આવે છે. વાસ્તવિક જીવનની કલ્પનાથી પર એવા એ આદર્શજીવીઓ પછીથી મુંઝાય છે, ન કરવાનું કરી બેસે છે અને છેવટે શિક્ષણ ઉપર અને તેમને આવી દશામાં મૂકનાર શિક્ષણ પ્રથા ઉપર શાપ વરસાવે છે. '**મુક્તિ આપે એજ વિદ્યા**' એ ધ્યેયને અભરાઇએ મૂકીને રચાયલી શિક્ષણ-પ્રથા થોડા સમયપર નોકરો–ગુલામો પેદા કરનારા કારખાનારૂપ હતી. આજે તે બેકારોને વધારનારી સંસ્થા બની છે.'

શિક્ષણની બાબત જોયા પછી જો દૈનિક જીવનના વપ-રાશમાં નજર નાંખીશું તો યંત્રોપર તૈયાર થતાં પદાર્થોનો ઉપયોગ સર્વત્ર દ્રષ્ટિગોચર થશે. વળી નવી શિક્ષિત પ્રજા પણ યંત્રવાદ તરફ ઢળતી જાય છે. બેકારીની વારંવાર બૂમ પાડ-નારા આપણે અગર આપણી ઉગતી પ્રજા યંત્રે ઉભી કરેલી પરિસ્થિતિ પ્રતિ સાવ આંખ મીચીએ છીએ. હરિજન બંધુમાં 'યંત્રનીમર્યાદા' નામા લેખ હેઠળ 'બેકારી' વિષે જે કહેવામાં આવ્યું છે તે પ્રત્યેક ભારતવાસીએ મનન કરવા જેવું છે. આ રહ્યા તે શબ્દો—

'યંત્રે જે પરિસ્થિતિ ઉભી કરી છે તેમાં સૌથી કારમી પરિસ્થિતિ તે આજની જગદ્વ્યાપી બેકારીની છે. યંત્રને લીધે મજુરીની બચત થાય ખરી, પણ એ બચતને પરિણામે કરોડો લોકો કામ વિનાના અને તેથી ભૂખે મરતાં થઈ જાય ત્યારે એ બચત શા કામની? અને એ વાતતો નક્કી છે કે દરેક નવા યંત્રની શોધ અમુક પુરૂષો અને સ્ત્રીઓને કામધંધા વિનાના તો કરીજ મૂકે છે. રેંટિયા અને સાળોની મીલો શરૂ થતાં, એ ધંધામાંથી રોજી મેળવનારાં કરોડો સ્ત્રીપુરૂષો ધંધા વિનાના થઇ ગયાં એ આપણા દેશના પ્રત્યક્ષ અનુભવની વાત છે. આજે એક ગામડામાં દળવાનો કે ખાંડવાનો સંચો દાખલ થાય એટલે સેંકડો દળનારીઓ અને ખાંડનારીઓ બેકાર પડી જાય છે. તેલની મિલ દાખલ થાય કે ઘાણીઓવાળા બધા ઘાંચી અને તેમના બળદ બેકાર પડે. કુવાઉપર પમ્પ મૂકવામાં આવે એટલે બળદને કોસનું કામ ન રહે. ખેતીના બીજા કામ-માટે બળદ તો રાખવાજ પડે છે. એ કામમાંથી ફાજલ પડે ત્યારે કોસ જોડી તેનો ઉપયોગ થઇ શકતો, તે પમ્પ હોય તો ન થઇ શકે અને છતાં બળદને નિભાવવા પડેજ. આપણા દેશમાં જ્યાં ખેડુતો પોતાના ઘરમાં તથા ગામડામાં ચાલતા હાથ ઉદ્યોગો મારફત પોતાની બધી જરૂરિયાતો પૂરી પાડી લેતા ત્યાં બીજા દેશમાંથી તથા આપણા પોતાના દેશની મિલો-માંથી તૈયાર માલ આવતો કરીને આપણા ગામડાના ધંધા પડીભાંગ્યા છે અને તેને લીધે ખેડૂત વર્ગને વરસમાં ચાર અથવા પાંચ મહિના જેટલો વખત બેકાર બેસી રહેવું પડે છે.'

જે હૃદયો સાચેજ પરિવર્તન વાંછુ છે અને બેકારીથી જેમના હૃદય દ્રવે છે તેઓ ઉપરની પરિસ્થિતિ ધ્યાનમાં લઇ સુધારણાની દિશા નક્કી કરે.

# આપણું ભાવી જ્ઞાન મંદિર

યાને

## કૉન્ફરન્સ લાયબ્રેરી.

( લખનાર:—ઝવેરી મુલચંદ આશારામ વૈરાટી )

( ગતાંકથી ચાલુ )

૧. પુસ્તક સંગ્રહ માટેનો ખંડ કે જે ખંડમાં પુસ્તકો વ્યવસ્થિત રીતે ગોઠવાએલાં હોય છે. કે જ્યાં અગાડી વાંચક સહેલાઇથી હરી ફરી શકે છે. અને પોતાની પસંદગી માટેનું પુસ્તક સહેલાઇથી મેળવી શકે છે. આ ખંડ કેટલો મોટો રાખવો તે તો આપણે વધુમાં વધુ આ ખંડમાં કેટલાં પુસ્તકોનો સંગ્રહ કરવા માંગીએ છીએ તે ઉપર આધાર રાખે છે. આજે પ્રતિ વર્ષ ઘણા ઉપયોગી અને કીમતી ગ્રંથો પ્રકાશીત થતા જાય છે. અને લાયબ્રેરીનો સાચો હેતુ એવા પુસ્તકોના સંગ્રહ સિવાય સફળ થવાનો નથી. આ માટે આપણે એક લાખ પુસ્તકોનો સંગ્રહ રાખી શકીએ, એટલી જોગવાઈવાળો આ ખંડ બનાવવો જોઇએ. અથવા એકજ ખંડમાં આ બધી સામગ્રી આપણે એકત્ર ન રાખી શકીએ તો આપણે જુદા જુદા વિષય વાર જુદા ખંડોની ગોઠવણ કરવી જોઇએ જેમકે ધાર્મિક સંગ્રહ, ઐતિહાસિક સંગ્રહ, સાયન્સ અને હુન્નર ઉદ્યોગનો સંગ્રહ, નોવેલો-કથાઓ પ્રવાસ વર્ણનોનો સંગ્રહ એ રીતે જુદા જુદા ખંડોમાં એ સંગ્રહ ગોઠવવો જોઇએ.

### ૨. વાંચન ખંડ

વાંચનખંડ એ તો પુસ્તકાલયનું એક અગત્યનું અંગ છે. તેમાં મુંબાઇ જેવા શહેરમાં, કે જ્યાં આગળ પ્રજાનો મોટો ભાગ, સાંકડી જગાઓમાં વસે છે, તેવા શહેર માટે તો વાંચન ખંડ એ પુસ્તકાલયનો સૌથી વધુ ઉપયોગી ઓરડો છે. કે જ્યાં આગળ બેસીને વાંચકો, સારા સામયિકો અને-ઉપયોગી પુસ્તકો વાંચી શકે અને સારા અભ્યાસી વાંચકો તો દિવસનો મોટો ભાગ આ ઓરડામાં-બેસી અભ્યાસ કરે, આથી કરીને આ વાંચન ખંડમાં આરામથી બેસી શકાય તેવી ખુરશીયો, લેખનસામગ્રીવાળાં ટેબલો, હવા ઉજાસ અને સ્વચ્છતા સાથે સારા ડ્રોઇંગ રૂમની માફક ગોઠવાએલો, ઓરડો હોવો જોઇએ, અને સામાન્ય રીતે વર્તમાનપત્રો વાંચનાર વાંચકોના રીડીંગ રૂમ ( વાંચનાલય ) થી આ ઓરડાને જુદા પાડવા જોઇએ.

### અધ્યયન ખંડ

આ અધ્યયન ખંડ એ તો આપણા જુના પુસ્તકભંડારો કરતા ઘણી ઉંચી સેવા આપનારો ઓરડો છે, કારણ આપણા પુસ્તકભંડારો તો પુસ્તકોને તો બંધ બારણે સંઘરી રાખનારા સંગ્રહસ્થાનો છે જ્યારે-આ અધ્યયન ખંડ એ તો લાયબ્રેરીનો અતી કીમતી અને અલભ્ય ગ્રંથો કે સાહિત્યની બીજી સામગ્રી જેને લાયબ્રેરીના દરવાજા બહાર ખસેડી શકાય તેમ ન હોય, તેવા સંદર્ભ ગ્રંથોના સંગ્રહથી સુસજ્જીત થએલો આ ઓરડો છે કે જ્યાં બેસીને અભ્યાસીઓ આવા કીમતી પુસ્તકોનો અભ્યાસ કરી શકે. વાંચનખંડ કરતાં આ ઓરડાનું ફરનીચર વધારે ઉંચા પ્રકારનું હોય છે. અને લેખકો માટેની સાધન સામગ્રી પણ વિશિષ્ઠ પ્રકારની હોય છે.

### સંગ્રહસ્થાન ખંડ

જ્યાંસુધી સંગ્રહસ્થાનની સ્વતંત્ર યોજનાને આપણે હાથ ધરીએ નહીં, ત્યાંસુધી સંગ્રહસ્થાન માટેનો એક ખંડ આપણે આવી લાયબ્રેરી સાથે રાખવો જોઇએ. સંગ્રહસ્થાન એ પણ ઇતીહાસના અને પુરાતત્વના અભ્યાસીઓ માટેનું એક અણમોલ સાધન છે એ જોતાં લાયબ્રેરી સાથેનું એવું જોડાણ અયોગ્ય છે તેમ શી રીતે કહી શકાય? જૈન કોમ જેવી કોમ કે જેના પૂર્વજો એ કળાના નિર્માણ પાછળ અબજો રૂપીઆ ખર્ચ્યા છે જેના સંખ્યાબંધ નમુનાઓ પરદેશ ઘસડાઇ ગયા છે, અને હજારો ચીજો આપણી બેદરકારી અને અજ્ઞાનને લઇને નાશ પામી છે, કલકત્તાના બાબુ પૂર્ણચંદ્ર નહારના એક નાનકડા સંગ્રહસ્થાન સિવાય આવી વીપુલ સાધન સામગ્રી ધરાવનાર જૈન કોમ માટે એના કળાપૂર્ણ નાસ પામતા અવશેષોને સંગ્રહરૂપે સાચવી રાખનારૂ એક પણ સાધન નથી. એ આપણે માટે ઓછું દીલગીર થવા જેવું નથી. આવા સંજોગોમાં આવો સંગ્રહ સાચવવા માટેનો એક ખંડ લાયબ્રેરી સાથે રાખવો એ ખાસ જરૂરી છે આ ખંડને વાંચન ખંડ અને અધ્યયન ખંડથી થોડો દૂર રાખવો જોઇએ; કે જેથી વાંચકો અને અભ્યાસીઓની શાન્તીને ખલલ પહોંચે નહીં. વળી સંગ્રહસ્થાનની જાળવણી અને વ્યવસ્થા માટે આપણે જુદો નિષ્ણાત રોકવો પડે નહીં અને થોડા ખરચે આપણો સંગ્રહ એકઠો થતો જાય.

આ વિભાગમાં કળાના અને બીજા હસ્તલીખીત ખાસ ગ્રંથો સિવાયનો અર્ધભાગ ખુલ્લાં કબાટોમાં ગોઠવાય છે. જેમાં મોટે ભાગે-શબ્દકોશો, વિશ્વકોસો, ગ્રંથયાદીયો, નકશાઓ હાથપ્રતો, માસિકની ફાઇલો છાપામાંથી કાઢેલી કાપલીઓની ફાઇલો, અને સરકારી પ્રકાશનો, વીગેરે કીમતી સંગ્રહ હોય છે.

### મહિલા ખંડ.

જે ધર્મ સ્ત્રીઓને મુક્તિની અધિકારી માને છે તે આવા ઉપયોગી અને પ્રજા જીવનને ઉંચે લઇ જનારા સાધનોથી, સ્ત્રીઓને શી રીતે જુદી પાડી શકશે. ગ્રંથકારોએ તો ગ્રંથની રચના સૌ કોઈ માટે કરી છે. તો પછી તેવા ગ્રંથોના વાંચનથી આપણે સ્ત્રીઓને શી રીતે અલગ રાખી શકીશું. કન્યાશાળાઓએ વહેતું કરેલું જ્ઞાનનું નિર્મળ ઝરણું આપણે વહેતું રાખવું છે. અને એ ઝરણાને વિશાળ સરિતાના પટમાં આપણે ફેરવવું છે. એ વાત જો આપણને માન્ય હોય તો આવી લાયબ્રેરીઓના દ્વાર સ્ત્રીઓ માટે આપણે ખુલ્લાં રાખવા જોઇએ. રૂઢી અને માન્યતાઓના જટીલ વાડામાં ગુંચવાએલા સ્ત્રી સમાજ તરફ નહીં, પણ વીસ વરસ પછી શાળાઓ, કોલેજો અને યુનિવર્સીટીમાંથી બહાર આવતા સ્ત્રી સમાજ તરફ આપણી દ્રષ્ટિ રહેવી જોઇએ. અને એમના માટેના સાધનો આપણે

આજથી તૈયાર કરવા જોઇએ. આમ હોવા છતાં હાલની ભણેલી સ્ત્રીઓ માટે પણ આપણે વાંચનના સાધનો ઉભા કરવા જોઇએ અને એમની દ્રષ્ટિ વિશાળ થાય તે માટેની તૈયારીઓ કરવી જોઇએ. કારણ આવતી કાલના જૈન સમાજનું ઘડતર તેમના હાથે થઈ રહ્યું છે.

આમ હોવાથી જ્યાંસુધી આપણે સ્વતંત્ર મહિલા પુસ્તકાલયો ન સ્થાપી શકીએ, ત્યાં સુધી આવી લાયબ્રેરીઓ સાથે એક મહિલા ખંડની રચના આપણે કરવી જોઇએ અને ભણેલી સ્ત્રીઓના વાંચન માટેની સઘળી પ્રવૃત્તિઓ ત્યાંથી ચાલુ કરવી જોઇએ. આ મહિલા ખંડ બે ભાગમાં આપણે વહેંચવો જોઇએ. એક ભાગ કે જે વાંચનાલય જેવો વ્યવસ્થિત ગોઠવાએલો હોય અને જ્યાં બેસી સ્ત્રીઓ આરામથી પોતાનો સમય વાંચન કાર્યમાં ગાળી શકે. અને બીજો ભાગ કે જ્યાંથી સ્ત્રીઓ વાંચવા માટેના પુસ્તકો ઘેર લઈ જઇ શકે, અને જુદા જુદા લત્તાઓની સ્ત્રી સંસ્થાઓ મારફતે અથવા સ્ત્રી કાર્યકરો મારફતે સ્ત્રીઓને ઘેર બેઠાં વાંચનના સાધનો પુરા પાડવાનું કામ થઇ શકે. આ મહિલા ખંડનું સઘળુ કામકાજ સ્ત્રી કાર્યકરો મારફતે ચાલે એ હાલની આપણી સ્ત્રી સમાજની મર્યાદા જોતાં વધારે હિતાવહ છે.

( અપૂર્ણ. )

( અનુસંધાન પૃષ્ઠ ૩ થી. )

ઉદ્ઘોષણ' સર્વત્ર પ્રચારવા માટે અને સાધુસમુદાય પર એકધારૂં નિયંત્રણ રાખી, એ પવિત્ર સંસ્થાની શોભા ટકાવવા અર્થે-પ્રયાસ કરનાર શ્રી હીરવિજયસૂરિને કેમ ભૂલી શકાય? જ્યાં અજ્ઞાનતાનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું, જ્યાં સંવેગી સાધુગણમાં આચાર્ય પદસુધી કોઇ પહોચનાર નહોતુ ત્યાં દીર્ઘદ્રષ્ટિ આત્મારામજી મહારાજનો જીવનકાળ પ્રકાશી ઉઠ્યો. દેશકાળ ઓળખી માત્ર ભારતવર્ષના ખૂણામાંજ નહીં પણ એની બહાર દૂર અમેરિકા સુધી જૈનધર્મનો સંદેશ જેમણે પહોંચાડ્યો અને ક્ષાત્રતેજ વીસરી જઇ વણિક વૃત્તિ ધારણ કરતી જૈન સમાજને જેમણે પુનઃ નવી રોશનીના દર્શન કરાવ્યા એવા સમર્થ ને વિદ્વાન સુરિપુંગવને તથા પશ્ચિમના એ અણમેલ્યા પ્રદેશમાં પત્રદ્વારા અને હિંદના પણ કેટલાક કટ્ટર વિરોધીયોની વસ્તીવાળા દેશોમાં જાતે વિચરી જૈનધર્મની ઉદારતાના-એના તત્ત્વોમાં સમાયેલ ઉદાત્ ભાવનાના પાન કરાવનાર વિજયધર્મસૂરિને આપણે એટલા સારૂ યાદ કરીએ છીએ કે તેમના જેવા સંખ્યાબંધ સંતો પેદા થાય. આજે જૈનધર્મનો વિજયધ્વજ સર્વત્ર ફરકાવવામાટે કમર કસી નિડરતાથી ઘુમીવળનાર સાધુઓની જરૂરીયાત છે જે પુનઃ પુનઃ સ્મરણ કરતાં પૂરી પડે એજ એ પાછળનો ધ્વનિ છે. જો એ મુદ્દો સરતો ન હોય તો કેવળ મેળાવડા એતો ઘડીભરના ગુણગાન રૂપ નિવડવાના.

**શોક પ્રદર્શન**—તા૦ ૧૨-૮-૩૮ ના રાતના આઠ વાગતા ખંભાતમાં શ્રી તરૂણ જૈન મંડળની એક મીટીંગ ભાઇશ્રી અંબાલાલ જેઠાભાઈના પ્રમુખપણા નીચે મળતાં સંસ્થાના પ્રમુખ ભાઇ રતિલાલ બેચરદાસના પુત્ર ભાઇ જીવતલાલના અવસાન માટે શોક પ્રદર્શિત કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

# હેમ સારસ્વત સત્ર અને આપણું કર્તવ્ય.

( ગતાંકથી ચાલુ )

(**નોટઃ**—આ લેખનો કેટલોક ભાગ સ્થળ સંકોચને લીધે કાઢી નાંખવાની ફરજ પડી હતી જેથી આ અંકમાં તે લેખ સંપૂર્ણ કર્યો છે.

આ પ્રાપ્ત થયેલ અવસરને સંપૂર્ણ ઓપ ચડે એ હેતુથી જૈન પત્રો તેમ દૈનિક તથા સાપ્તાહિક પત્રોમાં આ પ્રસંગને અનુઅનુઅરજ લેખો અભ્યાસી જૈનો લખે, જેથી ડીસેમ્બરમાં હેમ સારસ્વત સત્ર ઉજવાય તે પહેલા જૈનેતરો પણ આ મહાન પુરૂષ વિષે જાણીતા થઇ જાય, હવે પાટણના જૈનોનું અને ખાસ કરીને પાટણમાં બિરાજતા મુનિ મહારાજોનું કર્તવ્ય છે કે પાટણમાં આ ઉત્સવ ઉપર સાહિત્યકારો આવે ત્યારે હેમચંદ્રાચાર્ય સંબંધી જેઓની પાસે જેટલું સાહિત્ય હોય તે સાહિત્યકારોને બતાવવું અને જરૂર હોય તો આપવું, આટલેથી પાટણની ફરજ પુરી થતી નથી પણ હેમ સારસ્વત સત્ર પાટણમાં ઉજવાયું હતું તેની યાદગીરી નિમિત્તે એક ફંડ ઉભું કરી તેમાંથી હેમચંદ્રાચાર્યના પુસ્તકોના અનુવાદ કરીને બહાર પાડવા જોઇએ, જેથી કાયમનું સ્મારક થયું કહેવાય. ખાસ કરીને મારે જણાવવું જોઇએ કે પાટણ શહેરની પૂર્વકાળની જાહોજલાલી જે ઇતિહાસમાં અગ્રસ્થાન ભોગવે છે તે જાહોજલાલીનું અંશભુત દિગદર્શન કરાવવાનો જે સુઅવસર પાટણને આંગણે ઉપસ્થિત થાય છે અને જ્યારે સરસ્વતીના સેવકો પોતાના પગલા આપણા દ્વારે માંડે તે અવસરને વધુ દેદીપ્યમાન બનાવે એવી પાટણના શ્રીમંતો પાસે આશા રાખીએ તો તેમાં કાંઈ વધારે પડતું નથી. આ પ્રસંગને વધુ સારી રીતે તો ત્યારે જૈનોએ ઉજવ્યો કહેવાય કે તેની પછવાડે કાંઈ રચનાત્મક કામ કરીએ દાખલા તરીકે સમગ્ર હિંદમાંથી એક ફંડ જેવું કરીને આ પુજ્ય પુરૂષના નામની એક પાઠશાળા ખોલીને તેમાંથી ધાર્મિક ઉપદેશકો તૈયાર કરાવીએ અને તે ઉપદેશકોને અમુક વેતન આપીને હિંદુસ્તાનના દુર દુરના ભાગમાં જૈનધર્મ તથા અહિંસાનો ઉપદેશ આપવા મોકલીએ કે જેથી લોકોને જૈન ધર્મ તથા અહિંસા શું વસ્તુ છે તેની સમજ પડે અને બીજું એ કે જૈન સાહિત્ય સંશોધન ખાતું સ્થાપવું કે જેમાંથી જૈન ધર્મના તથા હેમચંદ્રાચાર્યના બનાવેલા પુસ્તકોનું ભાષાંતર કરીને બહાર પાડવાં ઉપરની મારી બે સુચનામાંથી એકનો પણ અમલ થાય તો સમાજને બહુ ઉપયોગી થઈ પડશે અને હેમ સારસ્વત સુત્ર ઉજવાયું હતું તેનું કાયમનું સ્મારક ગણાશે. બાકી જે મહાન પુરૂષને કલિકાળ સર્વજ્ઞનું બીરૂદ મળેલું છે તેમના જેટલા ગુણ ગાઇએ તેટલા ઓછા છે.

**—કેશરીચંદ જેસીંગલાલ.**

**શ્રી. નાણાવટીનું વ્યાખ્યાન**—મુંબઈ ખાતે ગુજરાત સંશોધન મંડળના આશ્રયે રીઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર શ્રી. મણિલાલ બી. નાણાવટીએ તા૦ ૧૮ મી એ "ગ્રામ્ય પુનઃરચનાનો અભ્યાસ" વિષે એક અંગ્રેજી વ્યાખ્યાન સાંજે ૬-૦ વાગે યુનીવર્સીટીના મકાનના દક્ષિણ વિભાગમાં ન્યાયમૂર્તિ એચ. વી. દીવેટીઆના પ્રમુખપદે આપ્યું હતું.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

## જ્ઞાન—દર્શન—ચારિત્રરૂપી સ્થાયી ઉજમણું

### જૈન આંતરકોમીય મેટ્રિકયુલેશન શીલ્ડ અને ધાર્મિક કેળવણી પ્રચાર પ્રવૃત્તિ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ એજ્યુકેશન—બોર્ડના આશ્રય હેઠળ રવિવાર તા. ૧૮—૯—૩૮ ના રોજ સવારે સ્ટાં. ટા ૯ વાગે ગોડીજી મહારાજ દેરાસરના વ્યાખ્યાન હોલમાં પૂજ્ય—અનુયોગાચાર્ય શ્રી ૧૦૮ શ્રી પ્રીતિ વિજયજી ગણિના પ્રમુખ-સ્થાને એક જાહેર મેલાવડાની યોજના કરવામાં આવી હતી.

પ્રારંભમાં શ્રી સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી, બી એ. એલ. એલ. બી. સોલીસીટરે (મંત્રી) પત્રિકા વાંચ્યા બાદ બોર્ડના એક મંત્રી શ્રી. બબલચંદ કેશવલાલ મોદીએ નિવેદન રજુ કરતાં જણાવ્યું હતું કે—બોર્ડ એ એક એવી સંસ્થા છે કે જેના કાર્ય વિષે કોઇજાતનો મતભેદ નથી. બીજી ઘણી સંસ્થાઓ વિવિધ વિચારોના આંદોલનોમાં અટવાઇ ગઇ છે ત્યારે આ સંસ્થા ઓગણત્રીશ વર્ષથી મૂક સેવા બજાવી રહી છે. સંગીન કામ કરનારાઓની કદર હમેશાં ધીમી ગતિ એજ હોય છે. આ સંસ્થા હાલમાં ધાર્મિક શિક્ષણ પ્રચાર તથા ધાર્મિક શિક્ષણ સંસ્થાઓનો નિભાવ એ બે કાર્યો કરી રહી છે. ધાર્મિક પરિક્ષાઓ માટે સવાસો જેટલા સેંટરો છે. અને દર વર્ષે હજાર ઉપરાંત બાળકો તેનો લાભ લ્યે છે. ધાર્મિક અભ્યાસ કરાવનારી પાઠશાળાઓ નજીવી મદદના અભાવે અટકી પડે છે. તેને બોર્ડ મદદ આપી ટેકો આપે છે. આ સંસ્થના વહીવટમાં સોંપાયેલા પૈસાનો ઓછામાં ઓછા ખર્ચે મોટામાં મોટો સામુદાયિક લાભ અપાય છે. આપણા દેશમાં હજારો રૂપીયા ખર્ચી જ્ઞાન—દર્શન—ચારિત્રના ઉજમણા ગોઠવાય છે. આવા અઠવાડીક—પખવાડીક ઉજમણામાં મોટા ભાગેનું ખર્ચ જરમનીની મખમલ અને ફ્રાંસની ઝીક—ટીકીના પ્રદર્શનની પાછળજ ખર્ચાય છે. આ સંસ્થા તો કાયમનું ઉજમણું છે. તે બાળકોને ધાર્મિક વાતાવરણમાં સ્થિર કરી ચારિત્ર્ય કેળવે છે. આવી સંસ્થાને સમૃધ્ધિવાન બનાવવા અને તેને સદૈવ મદદ કરવા કરાવવા પૂજ્ય ગુરૂમહારાજાઓ અને સમાજને અપીલ કરી વકતાએ ગંગા. સ્વ. ચંપાબ્હેન સારાભાઈ મોદી તથા શેઠ મેઘજી સોજપાલ જેઓ આ સંસ્થાની ઇનામિ યોજના ચાલુ રાખવામાં સારી આર્થીક સહાય આપી રહ્યા છે તેમનો તથા સેન્ટરોના કાર્યવાહકો અને ઑનરરી પરિક્ષકોનો આભાર માન્યો હતો.

#### શ્રી મોતીચંદ કાપડીઆ.

બોર્ડના પ્રમુખ શ્રી મોતીચંદ ગિ૦ કાપડીઆ, બી. એ. એલ. એલ. બી સોલીસીટરે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે—બોર્ડે ધાર્મિક પરિક્ષાઓના અભ્યાસક્રમની યોજના ખૂબ વિચારપૂર્વક સમાજ અને જાણીતા પૂજ્ય આચાર્ય મહારાજાઓની સલાહ સૂચનાથી કરી છે. આચાર્ય શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજે એ કાર્યમાં રસ લઇ વેગ આપ્યો હતો. એકજ દિવસે અને સમયે સવાસો જેટલા સ્થલે આપણા ભાઈ બ્હેનો ધાર્મિક શિક્ષણની પરિક્ષા વ્યવસ્થિત રીતે આપી શકે એવી ફતેહમંદ યોજના બોર્ડે કરેલી છે પાઠશાળાને મદદ પણ આ સંસ્થાદ્વારા અપાય છે, સમાજે ધર્મ તરફ જાગૃત થયેલી લોકરૂચીને—પોષવા માટે આ સંસ્થાને આર્થીક મદદ આપવી જોઇએ.

#### શ્રી કાંતિલાલ ઇશ્વરલાલ.

કોન્ફરન્સના એક મહામંત્રી શ્રી કાંતિલાલ ઇશ્વરલાલે ધાર્મિક કેળવણી પ્રચારના કાર્ય માટે હર્ષ વ્યક્ત કરી જણાવ્યું કે—સમાજના કમનસીબે આજે આપણામાં બે પક્ષ પડેલા છે અને તેમાંના એકે પક્ષની સંસ્થા પગભર નથી એ ખરેખર દુઃખજનક છે. આ સંસ્થાની સેવાઓ સમગ્ર સમાજને લાભદાયક છે તેથી સૌએ તેને અપનાવવી જોઇએ.

શ્રીયુત લલ્લુભાઈ કરમચંદ દલાલે સ્વ૦ શેઠ અમરચંદ તલકચંદ, શેઠ સારાભાઈ મગનભાઇ મોદીની કેળવણી પ્રચાર માટેની સેવાઓની યાદ આપી ધાર્મિક જીવન અને ક્રિયા માટે ઉપયોગીતા દર્શાવી હતી. તેઓએ ધાર્મિક પરિક્ષાના ક્ષેત્રમાં કામ કરતી રાજનગર, મહેસાણા અને મુંબઇની આ સંસ્થાઓને એકત્ર કરવા સૂચના કરી હતી.

શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરીએ બોર્ડના ઉત્તમ કાર્યને વધારવામાં આવે તો પરિણામ સારૂં નીપનાવી શકાય એ પ્રકારની ઇચ્છા વ્યક્ત કરી હતી. તત્પશ્ચાત્ શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસીએ ભાવિ સંતાનોના હિત માટે જ્ઞાનદાન રૂપી સાધનને સિંચન કરવા જૈનધર્મના સંદેશાઓ જગતમાં પહોંચાડવા ધાર્મિક શિક્ષણપ્રચારની યોજનાને ટેકો આપવા ઉપર ભાર મૂકયો હતો. બાદ શ્રી. ભોગીલાલ રતનચંદ કવિએ મારવાડમાં વિદ્યાપ્રચાર કરવા અને જ્ઞાન વિના મૂક્તિ નથી એ આશયની કવિતા મધુર સ્વરે ગાઇ બતાવી હતી.

#### શ્રી પ્રીતિવિજયજી ગણિ.

પ્રમુખશ્રીએ ઉગતા વૃક્ષને પાણી સિંચન થાય તેવી રીતે બાલ્યાવસ્થામાં નાખેલા સંસ્કારોથી જીવનની મહત્તા—વિશિષ્ટતા ઉપ્તન્ન થાય છે અને યાવત્ જ્ઞાનના ઉપયોગમાં આત્મા મોક્ષે પણ જઇ શકે છે. એ બાબત લંબાણપુર્વક સમજાવી હતી. ધન કે તન્દુરસ્તી ગુમાવવામાં આવે તેની જેટલી કિંમત અંકાય તેના કરતા ચારિત્રની કિંમત અનેક ગણી અધિક છે. જ્ઞાન ઉપર બધી બાબતો ટકી રહી છે ધાર્મિક જ્ઞાન, મનુષ્યની માનસિક, વાચિક અને કાયિક શક્તિઓ ખીલવી શકે છે. આજે ભાવિ જૈન શાસનના સ્તંભોને (સંતાનોને) અન્ય ધર્મીઓ સામે ટકી રહેવા માટે ધાર્મિક પાઠશાળાઓ દ્વારા ધર્મજ્ઞાન આપવાની અનિવાર્ય આવશ્યકતા છે. વડિલો જો તેમની આ ફરજમાંથી ચ્યુત થશે તો તેમની એ મોટી ભૂલ ગણાશે. પ્રમુખશ્રીએ અજ્ઞાનરૂપી અંધકારને છેદવા માટે ધાર્મિક જ્ઞાન ફેલાવવાની પ્રવૃત્તિને મદદ કરવા જોરદાર અપીલ કરી હતી.

# સુલેહનો સંદેશ-વાહક.

જ્યારે યુરોપમાં ભીષણ યાદવાસ્થળી મંડાવાની રણભેરી બજી રહી છે અને અખિલ વિશ્વની શાંતિ જોખમાવાના ચોઘડીયા વાગી રહ્યાં છે ત્યારે વિજ્ઞાનની સંહાર લીલાથી ત્રાસ પામેલા વિદ્વાનોની નજર પ્રાચીન એવા ભારતવર્ષ પર પડે છે. હિમાલયના ગાઢા બરફને ભેદીને સીધી સેગાંવ જેવા નાના ગામડામાં વસતા, મૂઠી હાડકાના માનવ સુધી પહોંચે છે.

કારણ, એક જ શસ્ત્ર સામગ્રની વિકાળતા-ક્રૂરતા કે વિજય યાત્રા સામે એ સંત નિડરતાથી સત્ય-અહિંસાના સાચા શસ્ત્રોનું શરણ ગ્રહવાની હાકલ પાડે છે. વેરનો પ્રતિશોધ વેર કે કીનાથી નહીં પણ પ્રેમથી વાળવાની પ્રાચીન પદ્ધતિ,-કેટલાકને અર્વાચીન લાગતી-આગળ ધરે છે.

એ પદ્ધતિ નવી કે અર્વાચીન નથી. પચીસો વર્ષ પૂર્વે થયેલ, શ્રી મહાવીર અને શ્રી બુદ્ધના ઉપદેશમાં એ ડગલે પગલે દેખાય છે. જનતાનો મોટો ભાગ કદાચ એથી અજ્ઞાત હોય તો એનુ કારણ એટલુંજ કે એ અણમૂલા તત્વોને જગતભરમાં પ્રચારવા સારૂ એના વારસદારોએ યોગ્ય પ્રયાસ નથી કર્યો. એ માટેની જવાબદારી વિદ્વાનો ને વિચારકોના શીરે આવે છે કે જેમણે—'નવકારમાં નવપદ કે પાંચ' 'કેવલી કવલાહાર કરે કે નહીં'? 'સ્ત્રીનો મોક્ષ થાય કે કેમ'? 'સર્વજ્ઞતા શકય છે કે અશકય' એવી કાળવિક્ષેપ કરનારી ને ભ્રમજાળ વિસ્તારનારી ચર્ચામાં ગુંથાઇ, શ્રી વર્ધમાનસ્વામીના અહિંસા-સત્ય-અકિંચનતા-બ્રહ્મચર્ય-સ્યાદ્વાદ જેવા ઉમદા અને ઉદાર તત્વોનો સરળતાથી ને સવિસ્તરપણે પ્રચાર કર્યો નહીં. અરે એટલી હદ સુધી પ્રમાદ સેવ્યો કે પોતાનાજ ઘરનો એક જૈન, આર્યસમાજીસ્ટ બની, દેશનેતા જેવા પદને શોભાવી એ અહિંસાની ઠેકડી કરવા સુધી પહોંચ્યો અને એ માન્યતા નબળાઇ છુપાવવામાં સાધનરૂપ છે એમ છડેચોક કહેવા લાગ્યો! ત્યાંસુધી એનો રદીયો આપવાની કે એમાં રહેલ અગાધ શક્તિનું ભાન કરાવવાની ભાગ્યેજ કોઇને સુઝ પડી!

સદ્‌ભાગ્યે એ વેળા આર્યભૂમિ ભારતમાં મહાત્મા ગાંધીજીના પગલા થઇ ચુકયા હતા. અહિંસાની સાચી શક્તિનું એમને ભાન થયેલું હતું અને તેથીજ જે નેતા એને નબળાનું હથિયાર પુરવાર કરતો હતો તેની સામે નિડરતાથી પ્રેમભાવે જણાવ્યું કે અહિંસા એ કાયરનું નહિં પણ સાચા શૂરવીરનુ, આત્માને યથાર્થપણે ઓળખનારનુ-શત્રુને પણ જરામાત્ર ઇજા પહોંચાડયા સિવાય, સન્માર્ગપર ચઢાવનાર અદ્વિતીય અને અનોખુ હથિયાર છે. હિંદે એનો અનુભવ કરી લીધો છે. સેંકડો ને હજારોની શંકા નિર્મૂળ થવા માંડી છે.

એ અહિંસાની વિસ્તૃત વ્યાખ્યા, સાચું રહસ્ય, અજબ શકિત જોતી હોય તો જૈનધર્મના અભ્યાસમાં ઉંડા ઉતરવુંજ ઘટે. બીજા ધર્મો કરતાં 'સુલેહનો સંદેશ વાહક' નિવડવાની શક્તિ કે સાનુકુળતા જૈન ધર્મમાં સવિશેષ છે.

જર્મન વિદ્વાન હર્મન જેકોબી કહે છે કે—' જૈન દર્શન વાસ્તવમેં પ્રાચીન વિચાર શ્રેણી હૈ. અન્યાન્ય દર્શનોંસે બિલકુલ ભિન્ન ઔર સ્વતંત્ર દર્શન હૈ. ઇસલિયે જૈન દર્શન ઉનકે લીયે તો ખાસ આવશ્યકીય હૈ જો પ્રાચીન હિન્દુસ્થાનકે તત્ત્વ જ્ઞાન સંબન્ધી વિચાર ઔર ધાર્મિક જીવન કે અભ્યાસી હૈ."

એવીજ રીતે ડો. ઓપરટોલ્ડ નામનો અન્ય પાશ્ચિમાત્ય વિદ્વાન્ 'ધર્મકે તુલનાત્મક શાસ્ત્રોમેં જૈન ધર્મકા સ્થાન ઔર મહત્વ' સબંધમેં બોલતા જણાવે છે કે 'યદિ સંક્ષેપસે કહા જાય તો શ્રેષ્ઠકર્મ તત્વ ઔર જ્ઞાન પદ્ધતિયે દોનોં દ્રષ્ટિસે જૈન ધર્મ એક તુલનાત્મક શાસ્ત્રોમેં અતિશય આગે બઢા હુઆ ધર્મ હૈ. દ્રવ્યો કે જ્ઞાન સંપાદન કરનેકે લિયે જૈન દર્શનમેં સ્યાદ્વાદ ધર્મકા આધુનિક પદ્ધતિસે ઐસા નિરૂપણ કિયા ગયા હૈ કિ જિનકો માત્ર એક વખ્ત દ્રષ્ટિગોચર કરના કાફી હૈ.'

એ સંબંધી વધુ વિચાર બાકી રાખી અત્યારના જૈનધર્મી વિદ્વાનોને એટલીજ પ્રાર્થના કરીયે કે તેઓ પોતાની શક્તિએ તત્વોના પ્રચારમાં અને સરલતાપૂર્વક જનતાના અંતરમાં ઉતારવામાં ખર્ચે.

લેખકઃ—**મોહનલાલ દીપચંદ ચોકસી.**

## જૈન આંતરકોમીય મેટ્રિકયુલેશન કોમ્પીટિશન શીલ્ડ.

બાદ ધી જૈન આંતરકોમીય મેટ્રિકયુલેશન એકઝામિનેશન કોમ્પીટિશન શીલ્ડની યોજના શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સના જનરલ સેક્રેટરી શ્રી. મોતીચંદ કાપડીઆએ વિસ્તારપૂર્વક સમજાવી, સન્ ૧૯૩૮ ની મેટ્રીકની પરિક્ષામાં જૈન વિદ્યાર્થીઓમાંથી સૌથી ઉંચે નંબરે પાસ થનાર વિદ્યાર્થીશ્રી કાંતિલાલ જેઠાલાલ શાહને રૌપ્ય ચંદ્રક તથા શ્રી. ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ પ્રાઇઝના રૂા. ૪૦) શ્રી. મોહનલાલ હેમચંદ ઝવેરીના શુભ હસ્તે અપાવ્યા હતા. તેવીજ રીતે ગતવર્ષની શ્રી. સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ અને સૌ૦ હીમઇબાઇ મેઘજી સોજપાળ સ્ત્રીવર્ગ ધાર્મિક પરિક્ષામાં ઉતીર્ણ થયેલા સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા રોકડ ઇનામો શ્રી મોહનલાલ હે. ઝવેરીના હાથે અપાવ્યા હતા. બાદ સર્વ મિંગલના ધ્વની વચ્ચે પ્રમુખશ્રીનો આભાર માની મેલાવડો વિસર્જન થયો હતો.

## ઉદાર સખાવત.

કેળવણી પ્રત્યે અપ્રતિમ પ્રેમ ધરાવનાર આ સંસ્થાના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રીમાન્ શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીઆ જેઓની હમણાં હમણાની સખાવતોથી જૈન જનતા પરિચિત છે તેમના તરફથી માંગરોળ કન્યાશાળાને હાઇસ્કુલના રૂપમાં ફેરવી નાખવાની શરતે રૂા. ૫૦ હજાર બીજા એટલે કે કુલ રૂા. ૧ લાખ ૧૦ હજારની ભેટ મળી છે. ધન્ય છે આવા ઉદારાત્મા દાનવીરને.

**સ્વીકાર**—શ્રી જૈનધર્મ પ્રચારક સભા-કલકત્તા તરફથી રીપોર્ટ તેમજ શ્રાવકાચાર, સરાકજાતિ, ઔર જૈનધર્મ અને Saraks નામા બુકો પ્રાપ્ત થયેલ છે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે | છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧૬ મી અકટોબર ૧૯૩૮. | અંક ૬ મો.

## * सत्य-अहिंसा का पुजारी बनो. *

आप मेरे पुजारी न बने। सत्य है, अहिंसा है, इनके पुजारी आप बन सकते है। आपने जिस चीजको अपना लिया वह स्वतंत्र रुप से आपकी हो गई। और जो स्वतंत्र रुप से आपकी हो, वही आपकी है। खूराक की तरह आपने जितने को हजम किया, वही काम आयगा। किसी आदमी के ख्यालात को हमने ग्रहण तो किया, पर हजम नही किया, बुद्धि से ऊनको ग्रहण कर लिया पर ऊनको हृदयस्थ नही किया, ऊन पर अमल नही किया, तो वह एक प्रकारकी बदहजमी ही है, बुद्धि का विलास है। विचारों की बदहजमी खूराक की बदहजमी से कहां बुरी है। खूराक की बदहजमी के लिये तो दवा है, पर विचारो की बदहजमी आत्मा को बिगाड देती है।

जो बात मैं करना चाहता हूं और जो करके मरना चाहता हूं वह यह है कि सत्य और अहिंसा को संगठित करुं। अगर वह सब क्षेत्रों के लिये उपयुक्त नहीं है, तो वह झुठ है। मे कहता हूं कि जीवन को जितनी विभूतियां है सब में अहिंसा का उपयोग है। याद रहे कि सत्य और अहिंसा मठवासी संन्यासियों के लिये नहीं हैं। अदालतें, धारा-सभायें और इतर व्यवहारों में भी ये सनातन सिद्धान्त लागू होते है।

सत्य ओर अहिंसा में मेरी श्रद्धा बढती ही जाती है। और मैं अपने जीवन में जैसे जैसे उनपर अमल करता हू, मैं भी बढता ही जाता हू। उसीके साथ मेरे विचारों में नयापन आता है।

—महात्मा गांधीजी.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः
न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—श्री सिद्धसेन दिवाकर.

જૈન યુગ.

તા૦ ૧૬-૧૦-૩૮. રવીવાર.

# ત્રિપુટી કે ત્રિવેણી !

સરિતાઓ અને કેળવણી સંસ્થાઓ વચ્ચે કેટલુંક સામ્ય એવું છે જે પ્રથમ નજરે ઉડીને આંખે વળગે છે. પ્રવાહના માપે માપીએ તો એક ધરતીની રસાળતા વધારે છે અને તટવર્તી પ્રદેશોને વિપુળ સુખનું ભાજન થઇ પડે છે જ્યારે અન્ય, ઉગતી પ્રજામાં અસ્મિતા પ્રગટાવે છે અને ખંતથી લાભ લેનાર વર્ગ માટે આનંદ-પ્રગતિ અને કલ્યાણનો અનોખો માર્ગ ખુલ્લો કરે છે. સરિતાના જળની મીઠાશ કે શિક્ષણના સત્વની સુવાસ વર્ણનાતીત છે એમ કહેવામાં રંચમાત્ર અતિશયોક્તિ જેવું નથી જ. સૃષ્ટિને નવપલ્લવીત કરવામાં, એપર ઉગતી વજરાજી કે વસતી જનશ્રેણીના નવસર્જનમાં આ બેલડીનો ફાળો નાનો સુનો તો નથી જ.

આવું મહત્વનુ સ્થાન શોભાવતા શિક્ષણના પ્રશ્ન પરત્વે શ્રી મુંબઇ-માંગરોળ જૈન સભાના વાર્ષિક ઉત્સવ પ્રસંગે વ્યાસપીઠ પરથી રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાના ડે. ગવર્નર શ્રીયુત મણીલાલ બાલાભાઇ નાણાવટીએ પ્રમુખ તરિકેના વકતવ્યમાં જે ટુંકી છતાં મુદ્દાસરની સૂચના કરી છે એ ખાસ ધ્યાન આપવા જેવી છે. મુંબઇમાં કેળવણી આપતી ત્રણ મોટી જૈન સંસ્થાઓમાં-શ્રી મહાવીર જૈન વિદ્યાલય, બાબુ પી. પી. હાઇસ્કુલ અને શ્રી શકુંતલાબ્હેન કાંતિલાલ ઇશ્વરલાલ જૈન કન્યા-શાળાનો સમાવેશ થાય છે. વિદ્યાલય અને હાઇસ્કુલ આજે પોતાના સ્વતંત્ર મકાનમાં ઉભી કેળવણીની દિશામાં જે માર્ગ કાપી રહ્યા છે એ સૌ કોઇના અનુભવનો વિષય છે, માત્ર કન્યાશાળા જ કે જે એક દ્રષ્ટિયે નારિજાત માટે અતિ અગત્યની સંસ્થા હોવા છતાં અને સ્થાપના દ્રષ્ટિયે જુની છતાં-પ્રગતિના કાંટે તોલતાં પાછળ હતી ભાડાના મકાનમાં-આર્થિક સંકડામણ વેઠી-શિથિલતાથી ડગભરતી. દેશ-કાળ જોતાં પુરૂષ કરતાં સ્ત્રી શિક્ષણની આવશ્યકતા ઓછી નથી. જૈન સમાજે એ મહત્વના અંગની અજ્ઞાનતા ઝડપભેર ટાળવાની જરૂર છે. એ જોતાં છેલ્લી કાર્યવાહક સમિતિએ એ પાછળ એકતાર બની થોડા સમયમાં મકાન ફંડ માટે સંગીન રકમ ઉભી કરી, શાળાને હાઇસ્કુલના રૂપમાં ફેરવવાનો જે ઇરાદો રાખ્યો છે. એ જરૂર પ્રશંસાપાત્ર છે એટલું જ નહિં પણ ત્રિપુ-ટીમાંની એકની વિકળતા સુધારી ત્રણેને સરખી પાયરી પર લાવી મૂકવાના સુંદર પ્રયાસ રૂપ પણ છેજ. એથી લાંબા સમયની જરૂરીયાત પુરી પડે છે. એટાણે કેળવણી પાછળના આદર્શ માટે બે શબ્દો ખાસ જૈન સમાજને કહેવા જોઇએ. કેવલ મકાનો ઉભા કરવાથી આપણી ભૂખ ભાંગવાની નથી. વળી શિક્ષણમાં પશ્ચિમનુ આંધળુ અનુ-કરણ પણ કામનુ નથી. સાથે એ વાતપણ ભુલવાની નથી કે કેળવણીના પ્રયોગમાં આજે જબરૂ પરિવર્તન કરવાની વિચારણા ચાલી રહી છે. એ બધા તરફ લક્ષ આપીને આપણે એવી સંસ્થાઓ ચલાવવાની છે કે જેમાં આપણી પ્રાચીન સંસ્કૃને-આર્યોચિત સંસ્કારિતાને સ્થાન હોય. આડંબરી દેખાવોથી કે ધર્મવિમુખતા ને જડ-વાદથી ભભુકતા અભ્યાસક્રમોથી આપણે અલિપ્ત રહે-વાનું છે. સંસ્થાની સાધન સામગ્રી-આવશ્યક ઔદ્યોગિક જ્ઞાન અને સુઘડતા-સ્વચ્છતા તથા નિયમિતતા માટે પશ્ચિમનુ અનુકરણ કરવું એ શોભાસ્પદ લેખાય. ટુંકમાં કહું તો તે એજ કે ચાલુ કાળને બંધબેસતી કેળવણી પ્રાપ્ત કરવામાં આપણી પ્રાચીન સંસ્કૃતિને જરાપણ ધક્કો પહોંચવો ન ઘટે. આપણા જીવનમાંથી ધર્મ જેવા અતિ આવશ્યક તત્વનુ નામ ભૂસાઇ જઇ એને સ્થાને કેવલ શુષ્કતા કે શૂન્યતા ન ઉદ્ભવવી જોઇએ.

ભાષણના શબ્દોમાંથી સ્મૃતિ અનુસાર તારવેલો ઉપરનો ભાવ માત્ર કન્યાશિક્ષણ પુરતો જ ન સમજવો. એ પરથી હાઇસ્કુલના વિદ્યાર્થીઓને અને વિદ્યાલયના નવલોહીઆઓને-કોલેજીયનોને-પણ સાર ગ્રહણ કરવાનો છે. કેટલીક વાર વીસમી સદીના નામે-કિંવા સ્વતંત્રતા મન કલ્પિત અર્થના ઓઠા હેઠળ જે જાતના આચાર-વિચારનુ પ્રદર્શન કરાવાય છે અને આર્ય ભાવનાનું જે પ્રહસન ભજવાય છે એ માત્ર અનુચિત છે એટલું જ નહિંપણ કેટલું બેહુદું અને અણછાજતુ છે તે વાત એક અનુભવીના શબ્દોમાંથી સહજ તરવરી આવે તેમ છે.

શિક્ષણ એ આત્મ વિકાસ અર્થે છે. એથી ઉન્નતિનો માર્ગ મોકળો થવો ઘટે. શિક્ષિતનું પ્રમાણ વધવા સાથે સમાજ ને ધર્મની પ્રગતિનો પારો ઉંચો ચઢવો જોઇએ. એને બદલે એથી જો સનાતન સંસ્કારિતાને ક્ષતિપહો-ચતી હોય કિંવા પ્રચીન સંસ્કૃતિનો હ્રાસ થતો હોય તો એ શિક્ષણ સાચુ નજ કહી શકાય.

એ પ્રવાહ તો પૂર આવેલી નદી માફક ગામ ખેત-રોનો નાશ કરનારી ડાકિનીની ગરજ સારે! ઉન્નત્તિના સ્થાને અધઃપતનનેજ નોતરે! કેવલ સ્વછંદ જ વ્યાપી રહે!! આપણી ભાવના તો ત્રિપુટી યાને ઉકત ત્રણે સંસ્થાઓ ત્રિવેણીમાં પરિણમી મુંબઇમાં વસતા જૈન સમાજનો ઉત્કર્ષ સાધે અને એની સૌરભ અન્ય પ્રાંતોમાં પણ પથરાય તેવું કરવાની છે. પ્રયાગ આગળ ગંગાદિ ત્રણ નદીનો થતો સંગમ કેવી સુન્દરતા જન્માવે છે. એ સ્થાનનુ મહત્વ કેવું વધારી મૂકે છે! એ પ્રમાણે આપણી ઉપરોકત ત્રિપુટી પણ ત્રિવેણીમાં ફેરવાય એજ મનો-

# નોંધ અને ચર્ચા.

## શાસનરસી સવી જીવ કરૂં.

તીર્થંકર દેવની આ ભાવના દરેક જૈનના હૃદયમાં હંમેશ રમણ કરતી હોવી જોઇએ. આ યુગ એ માટે અનુકુળ પણ છે; કેમકે સાધન સામગ્રીની અતિ વિપુળતા છે. જ્યાં આવી પ્રશંસનીય આજ્ઞા છે ત્યાં જેઓ એક કાળે એજ વીતરાગના શાસનનાં અનુયાયી હતા અને આજે હજુ પણ જૈન ધર્મના સંસ્કાર ઘસાતા ભુલાતા કે વીસરાઇ જતા જેમનામાં આછા પાતળા જળવાઇ રહ્યા છે એવા પૂર્વદેશના આપણા સ્વધર્મી બંધુ સરાકો માટે આપણે ખાસ ધ્યાન આપવું જોઇએ એમાં કહેવાપણું ન હોય.

એમનામાં પુનઃ જૈન ધર્મના સંસ્કાર રોપણ અર્થે દરેક પ્રકારની સ્હાય કરવી જરૂરી છે. એ જાતિ સંબંધમાં આ પાક્ષિકમાં પૂર્વે અતિ લંબાણથી લખવામાં આવ્યું છે એટલે ભાગ્યેજ કોઇ જૈન એવો હશે કે જે તેઓના જૈનત્વ સબંધમાં શંકા ધરતો હશે! આપણા આ સ્વધર્મી બંધુઓના ઉદ્ધાર અર્થે શ્રી જૈન ધર્મ પ્રચારક સભા-કલકત્તા (નં. ૯૬ કેનીંગ સ્ટ્રીટ) ખુબ રસ પૂર્વક કામ કરી રહેલ છે. સન ૧૯૩૬-૩૭ નો વાર્ષિક રિપોર્ટ એ પર પૂર્ણ પ્રકાશ ફેંકે છે, પ્રચાર કાર્ય-ધાર્મિક અભ્યાસ શોધખોળ મંદિર ને પાઠશાળા સ્થાપન વસ્તીગણત્રી સાહિત્યસર્જન બંગલા ભાષામાં ઉપદેશ આદિ વિવિધ પ્રવૃત્તિઓ એના દ્વારા ચાલુ છે. એ સારૂ હાથ પર સંગીન ધન સંગ્રહ જરૂરી છે. ભારતભરના જૈનોને અને ખાસ કરીને શ્રીમંતોને અપીલ છે કે તેઓ એ પ્રતિ જરૂર હાથ લંબાવે અને ચાલુ સમયના એક આવશ્યક કાર્યને વધુ વેગવંત બનાવે.

## જૈન કન્યાઓના ગરબા.

તાજેતરમાંજ શકુંતલા બ્હેન કાંતીલાલ જૈન કન્યાશાળાનો એક ભરચક કાર્યક્રમ ઉજવાયો પ્રતિવર્ષ માફક એ પ્રસંગે બાળાઓએ ગરબા ગાયા અને નૃત્યના પ્રયોગો દાખવ્યા, અગાઉના વર્ષો કરતાં એમાં થોડી સુધારણા થઇ. આડંબરી ને ફેશનેબલ શણગાર કે નાટકીય હાવભાવનું તત્વ થોડા અંશે ઘટ્યુ છતાં દેશ-કાળ જોતાં ફેરફાર જરૂરી છે. કાકા સાહેબ કાલેલકરના આ પ્રસંગને લગતા વચનો કે જેનો ઉલ્લેખ પૂર્વે આ પત્રકમાં થઇ ગયેલ છે એ વીસરવાના નથી. સંગીત નૃત્ય એ કળાઓ છે એનું પ્રદર્શન વિવેકપુરસ્સરજ શોભે. નાટકી હાવભાવો ને કે આંખો આંજે તેવા શણગારોને ત્યાં સ્થાન નજ હોય. હરિપુરામાં ગ્રામ્ય નારીઓ તરફથી જળ ભરવાનો ગવાયેલ ગરબો જેમણે જોયો હશે તેને ઉપરના વચનો પાછળનો ભાવ સહજ સમજાશે. વળી માત્ર ગરબાથી હવે સંતોષ ન માનવો જોઇએ. ધાર્મિક ને સામાજીક વિષયના સંવાદો લેઝીમ અંગમરોડ તાલબદ્ધ સંગીત આદિના પ્રયોગોને નારીજાત ઉચિત હુન્નરોની હરિફાઇ જેવા કાર્યક્રમ ગોઠવાવા જોઇએ, ટોકરીના નૃત્યમાં કે હાથ તાળીના ગરબા સાથે ઘણી વિવિધતા આણી શકાય. આ તો માત્ર પ્રેમભાવે સુચના છે. બાકી બાળાઓએ જે કાર્ય કરી બતાવ્યું છે એ માટે હર્ષ પ્રગટ કરવોજ ઘટે.

## નવ પદ આરાધન પર્વ.

જૈન દર્શનમાં નમસ્કાર મંત્રનું સ્થાન સર્વ શ્રેષ્ઠ છે એમાંના પંચ પરમેષ્ટિ સહ દર્શન જ્ઞાન-ચરિત્ર અને તપ રૂપ ચાર પદ ઉમેરી એ પરથી નવપદ યાને સિદ્ધચક્રજીનો યંત્ર એ અપૂર્વ ગોઠવણ છે. એમાં ગુણી અને ગુણના બહુમાન રહેલાં છે. એ મંત્ર સાશ્વતો ગણાય છે. સર્પિણીના ચઢ ઉતર વાયરાઓની ઝડી વચ્ચે પણ એ મહામંત્રનું સ્થાન મેરૂ પર્વત સમ સ્થિર છે. એની આરાધનાના દિનો આયંબિલની ઓળી તરીકે સવિશેષ ઓળખાય છે એ નવ દિનોમાં ષટ્ રસ વાનીઓનો ત્યાગ એ ધાર્મિક તેમજ આરોગ્યની દૃષ્ટિયે ખાસ અગત્યનો છે. દીર્ઘદર્શી પૂર્વાચાર્યોની તપ સંકલના પાછળ દૈહિક સ્વાસ્થ્ય યાને આરોગ્યનો મુદ્દો ખાસ અગ્ર સ્થાન ભોગવતો હોય છે. ઉપરોક્ત તપની આરાધના લગભગ જૈન વસ્તીના પ્રત્યેક સ્થળોમાં થાય છે અને એ દિનોમાં શ્રીપાલ રાજવીનો રાસ વંચાય છે. ઉપાધ્યાય વિનયવિજયજી અને જશવિજયજી મહારાજાઓએ એ રાસની ગુંથણીમાં નવ રાશની જમાવટ કરી, રાગરાગિણીનો કર્ણપ્રિય સંભાર ભરી, જન સમૂહમાં ધર્મ સન્મુખતા જન્માવે, સંસારી જીવન સુખી ને સંતુષ્ટ બનાવે, અને પુરૂષાર્થ સેવવાની પ્રબળ ભાવના પ્રગટાવે તથા 'નવપદ' શું ચીજ છે એનું સંપૂર્ણ મહત્વ સમજાવે તેવા પ્રસંગોની હારમાળા ઉભી કરી છે. જન સમૂહની કેળવણીમાં આ ફાળો નાનો સુનો નથી. પર્વો દ્વારા જાત જાતની જાગ્રતિ આણી શકાય છે. એક ધારો ઓપ આપી શકાય છે. અગત્ય છે એમાં ઉંડા ઉતરી એને દેશ-કાળ રૂપ તાણા-વાણામાં યોગ્ય રીતે વણી લેવાની-ઇતર સમાજ નવરાત્રના પર્વને જે નવી પદ્ધત્તિએ ઉજવવાની પહેલ કરી રહેલ છે તે પ્રમાણે જૈન સંસ્કૃતિને અનુરૂપ આ નવ દિનો માટે ગોઠવણ થવી જોઇએ કળાકોવિદો ધારે તો 'નવ પદ મંડળ' ને કળાનો અનોખો ઓપ આપી, હજારોને આકર્ષે તેવા રૂપકમાં મૂકી શકે.

## ધર્મોપદેશમાં મંડનાત્મક શૈલી.

જેમણે પરમાર્થ કરવો છે એ શા સારૂં ખંડનાત્મક પદ્ધત્તિ કે તોડ ફોડની રીતિ ગ્રહણ કરે. કેટલાક માને છે કે

(અનુસંધાન પૃષ્ઠ ૫ ઉપર.)

---

કામના હોઇ શકે. એ માટે કાર્યવાહકો પગલા ભરે અને અભ્યાસી ગણ એમાં સાથ પૂરે.

એક બીજી વાત પણ ધ્યાનમાં રાખીએ કે કાર્યસિદ્ધિ કેવલ Realising power યાને શિક્ષિતવર્ગના એકલવાયા બળથી નથી થતી એમાં Spending power અને Sacrifircing power નો સાથ જરૂરી છે અર્થાત્ ધન ખરચનાર અને ધગશથી કામ ઉકેલનાર વર્ગની પણ જરૂર છે. બુદ્ધિ, ધન અને સેવારૂપ ત્રિપુટીનો યોગ આવશ્યક છે. કન્યાશાળાની સાહસિકતા ને વ્યવહારૂ ડહાપણ કાર્યનો ઉકેલ જલ્દીથી આણી શકે છે. એટલેજ પ્રત્યેક પ્રસંગમાં બુદ્ધિજીવી-ધનિક અને સેવાભાવી સજ્જનોની ત્રિપુટી રચવી અને એમાંથી ત્રિવેણી પ્રગટાવવી એ 'Will begunis halfdone' રૂપ ઉકિતને સાચી પાડવા જેવું વિજયી કાર્ય છે.

# શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ—બંધારણનું અવલોકન.

લેખકઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

લેખાંક ૧ લો.

## ઉદ્દેશ—કાર્ય વિસ્તાર અને અધિવેશન.

આપણી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનો ઉદ્દેશ પ્રથમતઃ વિચારતાં સહજ જણાશે કે એની મર્યાદા વિશાળ છે અને દેશ-કાળ જોતાં વાસ્તવિક પણ છે આ રહ્યા એ શબ્દો—

(૧) 'આ કોન્ફરન્સ કે જેનું નામ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ રાખવામાં આવ્યું છે તેનો ઉદ્દેશ જૈનને લગતા કેળવણીના પ્રશ્નો સંબંધમાં તેમજ ધાર્મિક, સામાજીક, આર્થિક રાજકીય અને બીજા જૈન કોમ અને ધર્મ સંબંધી સવાલો ઉપર વિચાર ચલાવી યોગ્ય ઠરાવો કરવાનો અને તે ઠરાવોને અમલમાં મુકવા માટે ઉપાયો યોજવાનો છે.'

કેળવણીના સવાલ માટે ભાગ્યેજ બેમત સંભવી શકે. એની આવશ્યકતા સૌકોઇ સ્વીકારે છે એટલે એને અગ્રસ્થાન વ્યાજ-બીજ છે. એ ઉદ્દેશનો અમલ પણ એકધારો ચલુ રહ્યો છે જે એજ્યુકેશન બોર્ડને કેળવણી પ્રચારની કાર્યવાહીથી સહજ જોઇ શકાય તેમ છે. એ પછીના ચાર પ્રકારના સવાલો કે જેનો સંબંધ શ્વેતાંબર સમાજ અને જૈનધર્મ સાથે સંકલીત છે એ પર વિચાર ચલાવવનું તેમ જ ઉચિત ઠરાવો કરી અમલ કરાવવાનું કાર્ય એ પણ અગત્યનું અને પ્રસ્તુત છે કારણ કે આવી એકાદ મહાન સંસ્થા સિવાય એ દરેક પ્રશ્નમાં માથુ મારવાનું અને ઉકેલ આણવાનુ કાર્ય અન્ય કોઇ સંસ્થા દ્વારા શકય નથીજ અલબત આ સવાલોની વિશાળતાને વિવિધતા જોતાં એની મર્યાદા કોઇ રીતે નિશ્ચિત નજ કરી શકાય. છતાં એ સાથે એટલું પણ નિશ્ચિતજ છે કે એ સર્વની વિચારણા યોગ્ય રીતે કરાયા બાદજ ઠરાવ કરવાના હોવાથી તેમ જ એ સર્વ કાર્યવાહી સંઘો તરફથી ચુંટાયેલા પ્રતિનિધિ-ઓની બહુમતી પર અવલંબતી હોવાથી કોઇ કુશંકા રાખવાનું કારણ નથી.

આ ઉદ્દેશ અનુસાર દીક્ષા-દેવદ્રવ્ય આદિ ચર્ચાસ્પદ વિષયો-પર સંસ્થા જરૂર ઠરાવ કરી શકે છે; છતાં એ પૂર્વે ધર્મના અભ્યાસી સાધુ-શ્રાવકોના મંતવ્યો જાણવાની, પૂર્વાચાર્યોના એને લગના અભિપ્રાયો નજર સન્મુખ રાખવાની એ પરથી લાભાલાભનું તોલન કરવાની જરૂરીયાત રહે છેજ. એવીજ રીતે વિધવા વિવાહ કે પુનરલગ્નનો સામાજીક પ્રશ્ન પણ લેવાય. પ્રશ્ન રજુ થાય એથી અકળાવાપણું નજ હોય એવા પ્રશ્નોના નામ શ્રવણ કરતાંજ ગભરાઇ ઉઠવું કે અધર્મી-નાસ્તિક જેવા પ્રલાપો કરવા મંડી પડવું એમાં નરી કાયરતા છે. એ જૈન-ત્વને અશોભતી વાત છે. શાંતિથી-લાભાલાભની દ્રષ્ટિયે દરેક પ્રશ્નને ચોતરફ તપાસી છણાવટ કરવી એ પ્રાજ્ઞપણાની નિશાની છે. તરફેણમાં આવતી કે વિરૂધમાં જતી દલીલો સાંભળી આખરી નિર્ણય કરવાનો અધિકાર તો સમગ્ર સંઘ એટલે કે ભિન્ન ભિન્ન સંઘોએ ચુંટી મોકલેલા પ્રતિનિધિઓના હાથમાં છે. ઠરાવ કરતાં કે અંતિમ નિર્ણયપર આવતાં વર્તમાન સંજોગો ધ્યાનમાં રાખી ભૂતકાળનો અનુભવ એ સાથે મેળવી સમાજ, ઉન્નત્તિના પંથે પળે એ દ્રષ્ટિબિન્દુ વીસરવાનું નથી. તીર્થયાત્રા એ પુન્યનું કારણ હોવા છતાં, પરિસ્થિતિ વશે યાત્રા ત્યાગમાંજ ધર્મ યાને ફરજ દર્શાવવી પડે તેમ અન્ય ઠરાવોનું સમજવું. ટુંકમાં કહેવાનુ એટલુંજ કે ઉદ્દેશોની વિશાળતાથી મુંઝાયા વગર એ પરથી જ્યારે કાર્યક્રમના રેખાંકન થતાં હોય ત્યારે જે કંઇ પગલા ભરાય એ વિચારીને ભરવા ઘટે. ધાર્મિક વિષય હોય તો ગીતાર્થો યાને ધર્માચાર્યોની સલાહ ખાસ અગ-ત્યની ગણાય જ્યારે એ સિવાયના સામાજીક આદિ વિષયોમાં તે તે વિષયના અભ્યાસીઓની સલાહ લક્ષમાં રાખીને કામ આરંભાય કદાચ બહુમતીના જોરે અથવા વકતાના ચાતુર્યથી કોઈ ભુલભર્યો ઠરાવ થઈ પણ ગયો તેથી ગભરાવાનુ નજ હોય. કેમકે ઠરાવ પાછળ આમ જનતાનુ આકર્ષણ હોય તોજ એની કિંમત છે અને એ આકર્ષણ જનતાના ગળે ઠરાવનુ રહસ્ય ઉતાર્યાવિના કોઈ કાળે સંભવિત નથી. આટલુ લંબાણ એટલા સારૂ કરવું પડ્યું કે જેઓ મરજી માફક ગોળા ગબડાવે રાખે છે તેઓ સમજી લ્યે કે ઉદ્દેશમાં સૌ કોઈ વિચારણાને સરખુ સ્થાન છે તેમજ આશય ઉન્નત્તિ સાધવાનો છે નહિં કે સમાજમાં ખોટા કલહ પ્રગટાવવાનો. બાકી સમાજ પાસે તો સૌ કંઈ વાત આવે.

(૨) 'કાર્યવિસ્તાર—સમસ્ત જૈન કોમને (સંઘ) લાગુ પડતા સવાલોજ કોન્ફરન્સ હાથ ધરશે. ન્યાતના, સ્થાનિક સંઘના, મહાજન અને પંચના તકરારી વિવાદગ્રસ્ત વિષયો સીધી કે આડકતરી રીતે કોન્ફરન્સ હાથ ધરી શકશે નહિ.' આ એટલી સીધી ને સરલ બાબત છે કે એ પર ભાષ્યની જરૂરજ નથી. એવા કલેશો આપસમાં પતાવવાજ ઇષ્ટ લેખાય. સમગ્ર કોમના મેળાવડા ટાણે એની ચર્ચા અપ્રસ્તુતજ ગણાવી જોઇએ. વળી એ પરથી એ પણ ફલિતાર્થ નિકળે છે કે જે વાતનો સંબંધ સમગ્ર જૈન સમાજ સાથે ન હોય એ આવા પ્રસંગે આગળ પણ નજ લાવી શકાય. જ્યાં મહત્કાર્ય નજર સામે હોય ત્યાં સૂક્ષ્મ મતફેરો ગળી જવા ઘટે.

(૩) અધિવેશન ભરવાને લગતી કલમ—'કોન્ફરન્સની આગલી બેઠક વેળાયે ઠરાવવામાં આવેલ વખતે અને સ્થળે આ કોન્ફરન્સ સાધારણ રીતે દરવર્ષે એક વખત ભેગી મળશે

(અ) જો એવો કોઇ પણ ઠરાવ આગલી બેઠક વેળાયે કરવામાં આવેલો નહિ હશે તો કાર્યવાહી સમિતિએ કોન્ફરન્સની બેઠક મુંબઈમાં અગર બીજે સ્થળે ભરવા ગોઠવણ કરવી.

(બ) કોન્ફરન્સની બેઠક અનુકુળ તીર્થસ્થળોમાં અગર તો મુંબઇમાં ભરવાનું સંયોગવશાત્ બની નહીં શકે તો મહામંત્રીઓ અને કાર્યવાહી સમિતિ સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટિ) ની તથા સમાજના અન્ય સંભાવિત પ્રાંતિક આગેવાનોની સભા અનુકુળ સ્થળે કોમના અગત્યના પ્રશ્નોની વિચારણા માટે સાધારણ રીતે દરવર્ષે બોલાવશે.'

## સમાચાર સાર

### શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર યોજના.

#### મહારાષ્ટ્રમાં સુંદર સત્કાર.

શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ તરફથી શ્રી રાજપાળ મગનલાલ વ્હોરા મહારાષ્ટ્રમાં કેળવણી પ્રચારની યોજનાના પ્રચારાર્થે તા. ૮-૮-૩૮ ના રોજ મુંબઇથી નીકળી નીચેના ૨૪ ગામોમાં લગભગ દોઢ માસ સુધી ફર્યા હતા.

થાણા, કલ્યાણ, પુના, કોલ્હાપુર સાંગલી, કરાડ, જુન્નેર, સંગમનેર, કંતુલ, નાશિક, ચાંદવડ, માલેગાંવ, ધુલીઆ, અમલનેર, ખામગામ, બાલાપુર, આકોલા, ઉમરાવતી, ચાલીસગામ, યેવલા, અહમદનગર, બારશી, સોલાપુર, તળેગાંવ. ઉપરોક્ત સ્થાનોમાં થયેલ પ્રચારના પરિણામે નવી તેર સમિતિઓ મહારાષ્ટ્રમાં સ્થપાઇ છે. મહારાષ્ટ્રીય જૈન જનતાએ ઉત્સાહભેર આ યોજનાને આવકાર આપ્યો હતો. અને સર્વત્ર શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ પ્રત્યે લોકોની અભિરૂચી જણાતી હતી સ્થપાયેલ સમિતિઓમાંથી કેટલીક સમિતિઓએ તો તાત્કાલીક કાર્યારંભ પણ કરી દીધેલ છે. એકંદર મહારાષ્ટ્રમાં કેળવણી પ્રચારનું આ કાર્ય થોડા સમયમાં વિકાસ પામશે એમ જણાય છે.

### "જૈનાચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ"

#### —: ૨૦ મો જયંતી મહોત્સવ :—

પુજ્યપાદ પ્રાતઃ સ્મરણીય શ્રી મુક્તિવિજયજી મહારાજના શિષ્ય આ. શ્રી. વિજયકમળસૂરીશ્વરજીની ૨૦ મી જયંતી ઉજવવા શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે પં. શ્રી. પ્રીતિવિજયજી ગણીવરના પ્રમુખપણા હેઠળ જૈનોની સભા આસો સુદ ૧૦ સોમવારે મળી હતી. જે વખતે સૂરિજીને લગતુ ગીત પોતે રચેલું શ્રી. શાંતીલાલ બી. શાહે ગાયું હતું તેમજ બે બાળાઓએ મંગળાચરણ કર્યું હતું સૂરિજીના જીવન સંબંધી શ્રી. નરોત્તમ બી. શાહ, શ્રી વાડીલાલ જેઠાલાલ શાહ, તેમજ શ્રી. ભીખાભાઈ છગનલાલે વિવેચન કર્યું હતું. છેવટે પંન્યાસજી મહારાજશ્રીએ ટુંક વિવેચન કર્યું હતું. દરેક વક્તાએ જયંતી નાયકમાં રહેવા શાંત પ્રકૃતીના ગુણોનું વર્ણન કર્યું હતું. શેઠ માણેકલાલ ચુનીલાલ તરફથી બાળાઓને તેમજ શ્રી. શાંતીલાલ વીગેરેને રોકડ ઇનામો વહેંચી આપ્યા હતા. તેમજ તેમના તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

### "શ્રી ગિર્વાણવિજયજી મહારાજશ્રી કાળધર્મ પામ્યા."

લાલબાગમાં ચાતુર્માસ રહેલા મુનીરાજ શ્રી ગિર્વાણવિજયજી આસો વદ ૧ બપોરે કાળધર્મ પામ્યા છે તેઓશ્રીની સ્મશાન યાત્રામાં સારા પ્રમાણમાં પુરૂષોએ ભાગ લીધો હતો.

લી૦ વાડીલાલ જે. શાહ.

### હિસાબ ચોકખો કરો !

મુંબઇની પાસે આવેલ અગાસી તીર્થનો વહીવટ સ્થાનિક ચાર જણાને મુંબઇના પાંચ જણા ચલાવે છે. દેરાસરની મૂડી મુંબઇ ખાતે ગોડીજી મહારાજના દેરાસરમાં જમા રહે છે. આ અંગે લોકોમાં એવી જાતનો અસંતોષ ફેલાયો છે, કે સં. ૧૯૮૦ થી વહીવટ ખરાબ સ્થિતિમાં છે અને કોઇક ટ્રસ્ટીઓના નામે દેરાસરના ચોપડામાં કંઇક રૂપિયા લેણા નીકળે છે. મીટીંગો પણ સ્પષ્ટ રીતે થતી નથી, તો બધો હિસાબ છપાવીને બહાર પાડે.

### માંગરોળ જૈન સભા.

#### ૪૭ મો વાર્ષિકોત્સવ.

જૈન ગર્લ્સ હાઈસ્કૂલ આદિ માટે પ્રાપ્ત થયેલ બે લાખની સખાવતો.

શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભાના ૪૭ માં વાર્ષિકોત્સવની ઉજવણી તા૦ ૪-૧૦-૩૮ ના રોજ અત્યંત સમારોહ પૂર્વક સર કાવસજી જે. હોલમાં રિઝર્વ બેંક ઓફ ઇંડીઆના ડેપ્યુટી ગવર્નર શ્રીયુત મણીલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખપદે કરવામાં આવી હતી.

---

આ કલમ ખરી રીતે જોઇએ તો અનિવાર્ય પ્રસંગ માટેની ગણાય. ચાલુ દેશકાળ જોતાં જ્યારે રાષ્ટ્રિય મહાસભા જેવી મ્હોટી બેઠક દરવર્ષે નિયમિત મળતી હોય ત્યારે નાનકડા સમાજની બેઠક ભરવી એ મુશ્કેલ નજ હોઈ શકે. હિંદમાં જૈન સમાજ અને એના તીર્થસ્થાનો એવી રીતે વિખરાયેલા પડ્યા છે કે જો નિયમિત બેઠક મળતી રહે અને જુદા જુદા ભાગ યા પ્રાંત તરફથી એ કાર્ય ઉપાડી લેવાતું હોય તો ઘણુ ઘણુ જાણવાનુ મળે. જાગ્રતિના પૂર ફરી વળે. કાર્યકરોમાં ઉમંગ ને ઉત્સાહ પ્રગટે. વર્તમાન સ્થિતિ અને દિવસે દિવસે ઉદ્દભવતા પ્રશ્નો જોતાં વાર્ષિક બેઠક જરૂરી છે. એ દ્વારા થતા ફાયદા તો અનુભવથી જણાય.

બંધારણની ત્રણ કલમોપર વિચારણા કરી. એ સંબંધે અન્ય બંધુઓ પોતાના મંતવ્યો જરૂર રજુ કરે. પરસ્પરના વિચાર વિનિમયથી ઘણી ગુંચોનો ઉકેલ આણી શકાય છે. સંસ્થાના ઘડતરમાં અને સમાજના ઉત્થાનમાં એ નિતિ વિના ચાલે તેમ નથીજ.

(ચાલુ)

---

( અનુસંધાન પૃષ્ઠ ૩ ઉપરથી )

ધર્મોમાં તરતમતા રહેલી હોવાથી સત્ય કહેવા જતાં સામાને જરૂર ખોટું લાગેજ. અગત્ય જણાતા કડવા વેણ ઉચ્ચારવાજ પડે. મંડનાત્મક ભાષામાં કહેવા જવું એટલે સત્ય છુપાવવું! એ શૈલીની વાત એ તો આ જમાનાની દુધ દહીંયા નિતિ છે. ભાર પૂર્વક કહેવું જોઇએ કે આ મંતવ્ય ભુલ ભરેલું છે. જૈન દર્શનનો સ્યાદ્વાદ એજ શૈલીનો પ્રશંસક છે. પ્રભુશ્રી મહાવીર દેવે અગીઆર ગણધર સાથેના વાદમાં એજ પદ્ધતિનું અનુકરણ કર્યું છે. એ માટે બીજા સંખ્યાબંધ વિદ્વાનોના ઉદાહરણ આપી શકાય. અરે એ માટે એકજ દ્રષ્ટાન્ત બસ થઈ પડે તેવું છે. શ્રી નેમવિજયજીએ ધર્મ પરિક્ષાનો રાસ રચ્યો છે. એમાં પુરાણ આદિની સંખ્યાબંધ વાતો કેવી પરસ્પર વિરોધી છે એ દલીલ પૂર્વક સમજાવ્યું છે કે જેથી કડવા ઘુંટડા છતાં સામાથી એમાં આંગળી ચીંધી શકાય તેવું નથી. આત્માર્થી માટેનો ઉત્તમ માર્ગ ખંડન નથી પણ મંડન છે.

# મહારાષ્ટ્રની જૈન કેલવણી સંસ્થાઓ.

શ્રી કોન્ફરન્સની કેળવણી પ્રચારની યોજનાના પ્રચારાર્થે હમણાંજ મહારાદ્રમાં જવાનું બન્યું હતું. તેથી એ પ્રદેશમાં કેળવણી વિષયક કામ કરતી આપણી સંસ્થાઓના પરિચયમાં આવવાનું બને તે સ્વભાવિક છે આ લઘુ લેખ દ્વારા ઉક્ત સંસ્થાઓનો ટુંક પરિચય આપું છું.

### ૧ શ્રી મહારાષ્ટ્ર જૈન શ્વે. બોર્ડીંગ, સાંગલી.

મહારાષ્ટ્રમાં કેળવણી વિષયક જૈન સંસ્થાઓમાં જુની સંસ્થા આ છે એમ કહી શકાય. તેને સ્થપાયા પા સદી થઇ છે. વિદ્યાર્થીઓની સંખ્યા ૧૭–૧૮ છે. અને કાયમ લગભગ તેટલીજ સંખ્યા રહે છે. સ્થાનીક સેક્રેટરી શેઠ **ચતુરભાઈ પીતાંબર શાહ** છે કે જેઓ આ સંસ્થાની ખીલવણી અર્થે બહુ સારો પ્રયાસ કરે છે. સ્કુલમાં વિદ્યાર્થીઓને શિક્ષણ બધું મરાઠી દ્વારાજ અપાય છે. વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષા જાણી કે બોલી ન શકે એટલી બધી ગુજરાતી ભાષા પ્રત્યેની અજ્ઞાનતા ખટકે તેવી છે. ધાર્મિક શિક્ષણ એજ્યુકેશન બોર્ડના અભ્યાસક્રમ પ્રમાણે અપાય છે. કસરત વિગેરે પ્રત્યે સારૂં લક્ષ અપાય છે. વિદ્યાર્થીઓ "ઉષ:કાળ" નામનું હસ્ત લિખિત દ્વીમાસિક પણ કાઢે છે. હાઉસ માસ્તર માયાળુ અને લાગણી શીલ છે. સ્થાન પણ શહેરથી લગભગ એક માઇલ જેટલે છેટે હોઇ હવા પાણી સુંદર છે.

સંસ્થાનો વાર્ષિક ખર્ચ લગભગ રૂ૦ ૨૮૦૦ થી ૩૦૦૦ છે. વાર્ષિક આવક રૂ૦ ૧૫૦૦ ની છે. બાકીના ખુટતા લગભગ રૂ૦ ૧૫૦૦ માટે દર વર્ષે ટેલ નાખવી પડે છે. કાયમી ફંડ તો છેજ નહીં. પચ્ચીસ વર્ષની સંસ્થાને ભાડાના મકાનમાં રહેવું પડે એ શોચનીય છે.

### ૨ લેડી કીકાભાઇ જૈન પાઠશાળા, પુના.

આ પાઠશાળામાં લગભગ ૧૫૦ જેટલી બ્હેનો લાભ લ્યે છે. ધાર્મિક શિક્ષણ ઉપરાંત ભરત, શિવણ, ગુંથણ, ઇંગ્લિશ, સંગીત ઇત્યાદિ જ્ઞાન જુદા જુદા વિભાગો દ્વારા બ્હેનોને મલે છે. **શ્રીમાન શેઠ શ્રી કીકાભાઇએ** આ પાઠશાળાને રૂા. ૧૫૦૦૦ અર્પણ કર્યા છે. મંત્રી તરીકે પુનાના જાણીતા લોક સેવક અને સુધારક **શ્રીયુત્ પોપટલાલ રામચંદ શાહ** છે. તેમના પ્રયાસથી પુના મ્યુનીસીપાલીટી તરફથી પ્રતિવર્ષે આ સંસ્થાને રૂા. ૧૫૦૦ ગ્રાંટ તરીકે મળે છે. તદુપરાંત શ્રી શાહના પ્રયાસથી પુનામાં બે ત્રણ વર્ષ થયાં જૈન પ્રસુતિગૃહ પણ ખોલવામાં આવેલ છે કે જેનો લાભ સારા પ્રમાણમાં લેવાય છે.

### ૩ શ્રી મહારાષ્ટ્રીય જૈન વિદ્યા ભુવન, જુન્નેર.

આ વિદ્યા ભુવનને સ્થપાયા ત્રણેક વર્ષ થયા છે તેટલા અલ્પ સમયમાં પ્રગતિ સારી કરી છે. વિદ્યાર્થીઓ ૧૫–૧૬ છે. સ્કુલમાં મરાઠી દ્વારા શિક્ષણ મળવા છતાં બોર્ડીંગમાં ધાર્મિક શિક્ષણ વિગેરે ગુજરાતીમાં અપાય છે જે ઇચ્છનિય છે કે જેથી માતૃ ભાષાનું જ્ઞાન ટકી તો રહેજ. આ વિદ્યાભુવનની પ્રગતિ મહારાષ્ટ્રના જાણીતા કાર્યકર **શ્રીયુત્ ચુનીલાલ સરૂપચંદ રાજુરીકરના** ઉત્સાહને આભારી છે. તદુપરાંત સ્થાનિક મંત્રીઓ શ્રી. કચુભાઇ અને રમણભાઇ પણ ઉત્સાહી છે. સદ્ભાગ્યે હાઉસ માસ્તર **શ્રીયુત્ ભગવાનદાસ મીઠાભાઈ** મલ્યા છે કે જેઓ ખૂબ અનુભવિ છે અને મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળમાં પણ વર્ષો સુધી સફળ શિક્ષક તરીકે કામ કર્યું છે. હમણાં બ્યાવર ગુરૂકુળમાંથી નીકળેલા શ્રી. અમૃતલાલ ભાઇને લાવવામાં આવ્યા છે તેઓ પણ ઉત્સાહી યુવક છે. ધાર્મિક જ્ઞાન એજ્યુકેશન બોર્ડના ધોરણે અપાય છે કસરત વિગેરે પર ઘણું સારૂં ધ્યાન અપાય છે એ વિષે હમણાંજ ઉક્ત વિદ્યાભુવનનો વાર્ષિક સમારંભ **શ્રીયુત્ ચીમનલાલ વાડીલાલ શાહના** પ્રમુખપદે યોજાયો હતો તેમાં થયેલ પ્રયોગોમાં જોતા જણાય છે. આર્થીક તંગ સ્થિતિ અહીં પણ ડોકીયાં કરે.

### ૪ શ્રી નેમિનાથ બ્રહ્મચર્યાશ્રમ, ચાંદવડ.

મહારાષ્ટ્રમાં અને અન્યત્ર પણ આ સંસ્થા ઘણી પ્રસિદ્ધ છે. તેનું બંધારણ વિશાળ છે. અને તેથી શ્વે. મૂર્તિપૂજક, સ્થાનકવાસી, તેરાપંથી કે દિગંબર એમ ગમે તે ફીરકાના વિદ્યાર્થીઓને અત્રે દાખલ કરવામાં આવે છે. ફીરકા ભેદમાં આ સંસ્થાના કાર્યવાહકો માનતા નથી. પરિણામે ઉપર વર્ણવેલ ચારે વિભાગના વિદ્યાર્થીઓને માટે અન્યત્ર હોય છે તેમ ધાર્મિક કેળવણી એકજ જાતની ફરજ્યાત નથી. પણ સૌ પોતપોતનું શીખી શકે છે અને દરરોજના ધાર્મિક કર્તવ્ય પાલનમાં પણ સૌ પોતાની રીતે વર્તી શકે છે. કાર્યવાહકો મૂખ્યત્વે શ્વે૦ મૂર્તિપુજકો છે. પણ પોતાપણામાં તેઓ માનનારા નથી.

ગામથી અર્ધો માઇલ છેટે આ આશ્રમ આવેલ છે. જગ્યાની વિશાળતા માટે તો એમજ કહી શકાય કે વગડો વાળ્યો છે. અહીં લગભગ ૯૦ જેટલા વિદ્યાર્થીઓ હાલમાં છે. તેમાં અધિકાંશે ફ્રી વિભાગના વિદ્યાર્થીઓજ છે. મકાનની અગવડ અતિશય છે તેથી વિદ્યાર્થીઓને દિવસે જ્યાં ભણવાનું હોય છે ત્યાં રાત્રે સુવું પડે છે. ગામની સ્કુલમાં શિક્ષણ માટે પ્રબંધ હોવા છતાં પાંચમી અંગ્રેજી સુધીનું શિક્ષણ સંસ્થામાંજ અપાય છે અને હવે તો હાઇસ્કુલ કરવાનો નિર્ણય પણ થયો હોય તેમ જણાય છે.

ધાર્મિક અભ્યાસ માટે તો પ્રથમ જણાવી ગયો છું. તદુપરાંત શારીરીક તાલીમ પ્રત્યે ઘણું સારૂં લક્ષ અપાય છે બાર કે સોલ બાટલીઓ ઉપર બાજોઠ ગોઠવી તે ઉપર વિદ્યાર્થીઓ જે કામ કરે છે એ જોતાં પ્રેક્ષકના મુખમાંથી સ્હેજે ધન્યવાદના ઉદ્ગારો સરી પડે છે. સાંકેતીક ભાષા જ્ઞાન પણ સારૂં અપાય છે. શ્વે૦ મૂર્તિપૂજક વિદ્યાર્થીઓ માટે દર્શન પૂજનાર્થે **શેઠ શ્રી મેઘજી સોજપાળે** લગભગ અઢાર હજાર રૂપીયાના ખર્ચે એક મંદિર બંધાવી દીધું છે.

વાર્ષિક ખર્ચ લગભગ રૂ૦ ૧૫૦૦૦ નો છે કાયમી આવકનું કંઇપણ સાધન નથી તેથી સંસ્થાના કાર્ય વાહકોને સતત એ ચિંતા રહે તે સ્વભાવિક છે. આ સંસ્થાના પ્રાણરૂપ જો કોઇ હોય તો તે સ્થાનિક સેક્રેટરી શ્રી. કેશવલાલજી આબડ નામના સજ્જન છે. પોતાના સમય અને શક્તિનો ખૂબ ભોગ તેઓ આ આશ્રમને ઉન્નત બનાવવામાં ખર્ચે છે

ઉપરોક્ત વિદ્યાર્થી સંસ્થાઓ ઉપરાંત આપણી બ્હેનો માટે દક્ષિણ મહારાષ્ટ્રમાં આવેલ નીપાણીમાં એક શ્રાવિકાશ્રમ પણ ચાલે છે પરંતુ કેટલીક પ્રતિકૂળતાથી ત્યાં જવાનું બન્યું નહતું તેથી એ સંસ્થાનો અત્રે ફક્ત નામ નિર્દેષજ કરૂં છું.

અંતમાં કેળવણી પ્રિય શ્રીમાનોને વિનંતિ છે કે મહારાષ્ટ્રમાં ચાલતી આ સંસ્થાઓનું એક વખત નીરિક્ષણ કરી, તેઓને દ્રવ્ય દાનથી તૃપ્ત કરી નિશ્ચિંત કરવી ઘટે છે. અસ્તુ!

લે:—**રાજપાળ મગનલાલ વ્હોરા.**

# આપણું ભાવી જ્ઞાન મંદિર

યાને

## કૉન્ફરન્સ લાયબ્રેરી.

( લખનાર:—**ઝવેરી મુલચંદ આશારામ વૈરાટી** )

**( ગતાંકથી ચાલુ )**

**બાળ પુસ્તક ખંડ.**

બાળકો પ્રાથમીક શાળાઓમાં વાંચતાં લખતાં શીખતાં હોય ત્યારથી જ તેમને પદ્ધત્તિપૂર્વક પુસ્તકાલય તરફ વાળવામાં આવ્યાં હોય તો, તેમને પાઠ્યપુસ્તકો સિવાયનું બીજું વાંચન મળતાં તેમની બુદ્ધિ વિશાળ થવા લાગશે. અને બીજી બાળ-ઉપયોગી કેટલીક બાબતોનું તેનું જ્ઞાન વધતું જશે. એ તેના અભ્યાસને ઘણું મદદગાર થશે, એ સિવાય નાની વયમાંજ પુસ્તકાલયનો ઉપયોગ કરવાની ટેવ તેને પડી જશે. આથી ભવિષ્યમાં પુસ્તકાલયોના વાંચકો વધારવાનો પરિશ્રમ ઓછો થશે. આવા પુસ્તકાલયો ખુલ્લાં કબાટની પદ્ધતિઉપર રચાય છે. કારણ બાળકોને મનગમતાં પુસ્તકો અને આમાની ચુંટણી કરવામાં ઘણો આનંદ આવે છે. આવાં બાળપુસ્તકાલયોને સુધરેલા દેશોમાં પુસ્તકાલય પ્રવૃત્તિના પાયારૂપ ગણવામાં આવે છે.

આ બાળપુસ્તકાલયનું કાર્ય પણ તેના ખંડમાંજ પુરૂ થવું જોઇએ નહીં. પણ શાળાઓ પાઠશાળાઓ અને કસરતશાળાઓ મારફતે પણ તે બાળકોને પહોચવું જોઇએ. કે તેનાવડે માતા પીતાઓ અને શીક્ષકો પણ વાકેફગાર થાય.

બાળકો ઉત્તમ સાહિત્ય સમજી ને વાંચતાં શીખે, વાંચીને વિચારતા અને જીવનમાં ઉતારતાં શીખે, તેની કાળજી પણ અનુભવી ગ્રંથપાળે રાખવી જોઇએ. પુસ્તકાલયના નીયમો અને તેની વ્યવસ્થા અને ગોઠવણથી પણ બાળકોને માહિતગાર કરવાં જોઇએ. કે જેથી ભવિષ્યમાં આપણે એક તાલીમ પામેલા વાંચકોનું જુથ્થ જોઇ શકીએ. જ્યારે અત્યારે આપણે કોન્ફરન્સ લાઇબ્રેરી સાથે બાળવિભાગ રાખવો કે કેમ? તેનો વિચાર કરીએ છીએ ત્યારે ઈ. સ. ૧૯૨૧ માં ન્યુયોર્ક સાર્વજનિક પુસ્તકાલયના બાળ વિભાગે ૩,૧૫૦૦૦ પુસ્તકો પોતાના ૪૦,૦૦,૦૦૦ બાળકોને વંચાવ્યા હતાં. જે દેશ પોતાના બાળકો માટે આટઆટલું ખર્ચ અને આટલી કાળજી રાખે છે તે દેશ જગતના સર્વ દેશોમાં પોતાનું સ્થાન ઉંચુ કેમ ન રાખે! આ રીતે આપણી કોન્ફરન્સ લાઇબ્રેરી જુદા જુદા ૬ વિભાગોમાં વહેચાએલી હોવી જોઇએ.

આ સિવાય તેણે ભારત વર્ષની બીજી લાયબ્રેરીઓ સાથે પોતાનો સબંધ જોડવો જોઇએ. આપણા પુસ્તક ભંડારો અને આપણી અધુનીક લાઇબ્રેરીઓના વિકાસ માટેના પ્રયત્નો પણ તેણે શરૂ કરવા જોઇએ. દરેક ગ્રંથ ભંડારો અને લાઇબ્રેરીઓના પુસ્તકોની યાદીઓ તૈયાર કરાવવી જોઇએ. અને એ ગ્રંથ ભંડારો અને લાઇબ્રેરીઓ પ્રજાને કેમ વધુ ઉપયોગી થાય. તે માટેની સઘળી પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઇએ. પુસ્તકાલય શાસ્ત્રના નિયમોથી તદ્દનજ અજ્ઞાત હોય, અને ફુરસદના વખતે પુસ્તકાલયમાં ડોકીયું મારતા હોય; અને પુસ્તકાલયના કબાટમાં આમ અવ્યવસ્થીત પડેલાં પુસ્તકોને વ્યવસ્થીત કરવાની જેને ફુરસદ ન હોય કે વાંચકોને પુસ્તક વાંચવા આપતાં કંટાળો ખાતા હોય તેવા માણસોના હાથમાંથી પુસ્તકાલયોને છોડાવવાના પ્રયત્નો કરવા જોઇએ.

આ રીતે સ્થાનીક લાયબ્રેરીને સૌંદર્ય પૂર્ણ બનાવવા સાથે જૈન સમાજની સમગ્ર લાયબ્રેરીઓ ઉપર દેખરેખ રાખે તેમાં નવું ચૈતન્ય પુરે અને જ્યાં વાંચકો હોય પણ લાયબ્રેરી ન હોય તેવા સ્થાનોમાં નવી લાયબ્રેરીઓની રચના કરે. એ રીતે આપણે આપણી કોન્ફરન્સ લાયબ્રેરીને સર્વાંગ પૂર્ણ બનાવવી જોઇએ.

આ બધુંએ કરવા માટે નાણાંના એક સારા ભંડોળ સાથે તાલીમ પામેલા લાયબ્રેરી શાસ્ત્રના નિષ્ણાત ગ્રંથપાળની આપણને સૌથી વધારે અગત્ય જણાયા સિવાય રહેશે નહીં. એટલે અહીં આપણે ગ્રંથપાળની યોગ્યતા સબંધમાં થોડુંએક વિવેચન કરીને આપણે આ લેખને સમાપ્ત કરીશું.

**ગ્રંથપાળ.**

આપણા જુના જમાનાના પુસ્તક ભંડારના રક્ષકો કે જેમણે ઉધઇ અને ઉંદરોને પુસ્તકોની ઉજાણી સારી પેઠે કરવી છે. અને આ વિજળીક જમાનામાં પણ જેઓ રખે ને તેને હવા કે પ્રકાશનો પરિચય ન થાય, તેની ખુબ કાળજી રાખે છે. રખે ને એ પુસ્તકમાંનું જ્ઞાન કોઇ પ્રાપ્ત કરીને જ્ઞાની ન બની જાય તેની પણ ખૂબ કાળજી રાખે છે. અને એ જૈન પ્રજાની સાર્વજનીક મીલ્કત જાણે કે એના વડવાઓ કે એણે કમ્મર નમાવીને પેદા ન કરી હોય તેમ તેનો માલીક બનીને જ્ઞાનના પ્રકાશને રૂંધે છે. આવા એદીઓના હાથમાંથી એ જ્ઞાનનો ખજાનો છોડાવવો જોઇએ. અથવા આધુનિક કાળના ગ્રંથપાળના ધર્મને સમજી ને તેણે એ ગ્રંથ ખજાનો જગતના જ્ઞાન પીપાસુઓ માટે ખુલ્લો કરવો જોઇએ. **"कोशवानू आचार्य"** એટલે જેના હાથમાં ગ્રંથનો કોશ–સંગ્રહ છે તે પ્રજાનો આચાર્ય થવાને યોગ્ય છે. આ જોતાં ગ્રંથપાળ એ કેટલા વિશાળ જ્ઞાનનો ભંડાર હોવો જોઇએ. અને આખી એ પ્રજાને કેવા સાત્વીક વાંચન વડે ઉંચે લઇ જઇ શકાય. તે માટેનો એ કેટલો ઉંડો ચીંતનકાર હોવો જોઇએ. ખરેખર સમાજનો સાચો કેળવણીકાર એ ગ્રંથપાળ છે.

ગ્રંથપાળ એકલો સાહિત્ય રસીકજ નહીં, પણ એ પ્રભાવશાળી અને વિનયશીલ હોવો જોઇએ. પુસ્તકાલયના પુસ્તકોની ખરીદી તેની ગોઠવણ તેનું રક્ષણ અને તેના પ્રચારશાસ્ત્રનો જેમ તે જ્ઞાતા હોવો જોઇએ, તેમ હીસાબી કામમાં તે પાવરધો હોવો જોઇએ. સંસ્થાના વહીવટ અને વ્યવસ્થાનો તે જાગૃત પહેરગીર હોવો જોઇએ. એ સાથે એ માયાળુ અને

પ્રેમાળ સ્વભાવનો હોવો જોઇએ. કે જે વાંચકોનો મિત્ર બની તેની વૃત્તિઓ અને જીજ્ઞાસાને પારખી એ એવાં પુસ્તકો તેના હાથમાં મુકતો જાય કે, જેનાવડે વાંચક જીવનના વિકાસની સાધના કરતો જાય એ સ્થાનીક પરિસ્થિતીનો જ્ઞાતા હોવો જોઇએ. એ પોતાના નોકર મંડળને જ નહીં, પણ પોતાના સાથીઓ અને વહીવટદારોને પણ દોરવણી આપે, તેટલા વિશાળ જ્ઞાન અને અનુભવના રંગથી તે રંગએલો હોવો જોઇએ.

મી. જે સી. ડાના, લાયબ્રેરી સરવીસમાં લખે છે કે:—

પ્રજાના બીજા બધા શિક્ષકો કરતા વધુમાં વધુ તક ગ્રંથપાળને મળે છે. તે શિક્ષકોનો પણ શિક્ષક છે તેણે પુસ્તકાલયને બાળકો અને જુવાનો માટે શાળા સમાન, અને પ્રૌઢો માટે પાઠશાળા સમાન બનાવી મુકવું જોઇએ. તેણે જેનાથી આખી પ્રજા પથ્ય અને પ્રેરક વિચારો કરતી થાય તેવી કેળવણીની પ્રવૃત્તિનું કેંદ્ર પુસ્તકાલયને બનાવવું જોઇએ, પણ તેનો સાહિત્યનો શોખ, એવો અતિશય કે એક માર્ગિ હોવો ન જોઇએ કે જેના લીધે તે વાંચનની બાબતમાં બીજાનું દ્રષ્ટિબીંદુ સમજી જ ન શકે.

એ સિવાય પ્રો. અર્નેસ્ટ રીચર્ડસન પણ ગ્રંથપાળની યોગ્યતા સંબંધમાં કહે છે કે.

વાંચક અને પુસ્તકને એક બીજાસાથે ચોક્કસ પણે અને ઝડપબંધ જોડી આપવાની કળા, તેનું નામ ગ્રંથપાળત્વ. એ કળા માટેનો અભ્યાસ, એટલે તેના માટે ઉપયોગી ઠરેલી પદ્ધત્તિસર પુસ્તકો પસંદ કરવા, ખરીદવા, સાચવવા, પ્રચાર માટે તૈયાર કરવા, અને પ્રચારમાં મુકવા. આવી સંગીન પધ્ધત્તિનો અભ્યાસ કરવાની ઇચ્છાવાળાએ તો જ્યાં આવી પદ્ધત્તિસરના પુસ્તકાલયો ચાલતાં હોય ત્યાં જઇને અનુભવી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ પુસ્તકાલય શાસ્ત્રની ચોપડીઓવડે તે માટે કેટલું એક જાણી શકાય. પણ સંગીન અને પાકો અભ્યાસ તો જ્યાં એ પદ્ધત્તિ વહેવારમાં મુકાઇ હોય ત્યાં જઈને અભ્યાસ કરે જ શીખી શકાય.

પુસ્તકાલય શાસ્ત્રના અભ્યાસ માટેની ઈ. સ. ૧૯૨૯ સુધીમાં અમેરીકામાં ૧૯ શાળાઓ સ્થપાઈ છે અને યુરોપના બીજા દેશોમાં પણ તેવી શાળાઓ ચાલે છે. હિંદુસ્તાનમાં આ શાસ્ત્રના અભ્યાસ માટે વડોદરા રાજ્યે અને પંજાબ સરકારે આવી શાળાઓ ચાલુ કરી છે. અમેરીકામાં ચાલતી આ શાસ્ત્રની શાળાઓ ત્રણ પ્રકારે ચાલે છે. એક તો ચાલુ કાયમી શાળાઓ ચાલે છે. જ્યારે બીજી ઉનાળાની રજાઓમાં ચાલતી શાળાઓ હોય છે. અને ત્રીજા પ્રકારની શાળાઓ શીક્ષણ સંસ્થાઓ સાથે જોડાએલી શાળાઓ હોય છે. આવી શાળાઓનો અભ્યાસક્રમ બે વરસનો હોય છે. આવી શાળાઓ વ્યવસ્થીત ચાલતા સારા મોટાં પુસ્તકાલયો સાથે પોતાનો સબંધ જોડે છે. અને વિદ્યાર્થીઓને અનુભવી જ્ઞાન લેવા માટે તેમને આવી લાયબ્રેરીઓમાં મોકલવાનો પ્રબંધ કરે છે. આવી શાળાઓમાં પ્રવેશ થવાની રીતો જુદી જુદી હોય છે. કેટલેક સ્થળે હાઇસ્કુલના અભ્યાસીઓને, તો કેટલીક જગાએ અંડર ગ્રેજ્યુએટોને અને કેટલેક સ્થળે ગ્રેજ્યુએટોનેજ પસંદ કરવામાં આવે છે. જ્યારે કેટલેક સ્થળે પ્રવેશીક પરિક્ષાઓ લઇને વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવવામાં આવે છે. જેમાં ટાઈપરાઇટીંગ, હીસાબી કામ અને બીજા ઉપયોગી વિષયોની પરિક્ષાઓ લીધા બાદ દાખલ કરવામાં આવે છે. આવી શાળામાં પુસ્તકાલયની વ્યવસ્થા, પુસ્તકાલયના મકાનો તેની ગોઠવણ અને બાંધકામ હીસાબી કામ પુસ્તકાલયના ફાયદાઓ, પુસ્તકોની પસંદગી, ખરીદ કરવાની રીતો વર્ગીકરણ પદ્ધત્તિ, નામાવલી કરણ અધ્યયન અને વાંચન વિભાગની વ્યવસ્થા મુંદ્રણકળા, વ્યાપારી ઇતિહાસ સાહિત્ય વિજ્ઞાન, અર્થ શાસ્ત્ર અને ગ્રંથ વર્ણન વિદ્યા બાળ પુસ્તકાલયોની વ્યવસ્થા આદી વિષયો શીખવામાં આવે છે. દ્રવ્યના અર્થિઓ માટે આ ધંધો ઘણો લાભદાયક નથી પણ અમેરીકા જેવા દેશોમાં બીજા માનપ્રદ ધંધાઓ કરતાં ગ્રંથપાળનું આસન ઘણું ઉંચુ છે.

આ બધું જોતાં ઇંટો, ચુનો, પથ્થર, લોખંડ કે લાકડાથી બંધાએલું લાયબ્રેરીનું મકાન એ સારી લાયબ્રેરી નથી. પણ તેનો આત્મા જે અનુભવી ગ્રંથપાળ કે જેના જ્ઞાન અને પ્રયત્નો વડે લાયબ્રેરી પ્રજાને ઉન્નત્તિના ઉંચા પ્રદેશ તરફ ઘસડવાની છે. એજ આપણી સાચી જંગમ લાયબ્રેરી છે.

(સંપૂર્ણ.)

---

# સ્વીકાર અને સમાલોચના.

**સરાક જાતિ–લે મુનિશ્રી પ્રભાકર વિજય.**

પોતાના ચાતુર્માસ ને વિહાર સમયમાં, સરાક જાતિ સબંધે જાણવામાં આવેલ ટુંક હકીકતોનો પ્રાચીન મૂર્તિ વી. ના ફોટા સહિત સંગ્રહ સરાક જાતિ ઔર જૈન ધર્મ લે. તેજમલ બોથરા હીંદીમાં **સરાક જાતિ જૈન ધર્મી** છે તેને લગતી કેટલીક ઇતિહાસિક નોંધો અને પ્રચલિત રિવાજો Saraks–(asect of the Jains) અંગ્રેજીમાં, જુદા જુદા યુરોપીયન શોધકોએ જુદી જુદી વખતે ગેઝેટ આદિમાં સરાક જાતિ વિષે કરેલા ઉલ્લેખોનો વિસ્તૃત સંગ્રહ.

**શ્રાવકાચાર**–હરિચંદ્ર સરાકે પોતાના જાત ભાઇઓ ધાર્મિક ક્રિયા બરાબર કરી શકે તે અર્થે તૈયાર કરેલ લઘુ પુસ્તિકા.

ઉક્ત પુસ્તકો જૈન ધર્મ પ્રચારક સભા કલકત્તા દ્વારા પ્રગટ કરાયેલા છે. સરાક જાતિ મૂળથીજ જૈન ધર્મની અનુયાયી છે એ સબંધમાં હવે ભાગ્યેજ કહેવાનું હોય કેમ કે આ પાક્ષિકમાં એ સબંધમાં અતિ વિસ્તારથી અને ઇતિહાસિક પુરાવા સાથે કહેવામાં આવેલ છે. જિજ્ઞાસુને વિના મૂલ્યે ઉક્ત પુસ્તિકાઓ મળે છે તો એથી માહિતગાર થવા ભલામણ છે.

**શ્રી જૈન સત્ય પ્રકાશ**—પર્યુષણ અંક તંત્રી ચીમનલાલ ગોકળદાસ શાહ, છુટક મૂલ્ય ૧–૦–૦ જો કે આ ખાસ અંક પર્યુષણ પછી પ્રગટ થયેલ છે છતાં એમાંની લેખ સામગ્રી અને પ્રભુશ્રી મહાવીર દેવનો સુંદર રંગીન ફોટો તેમજ મનોહર ગેટઅપ જોતાં પ્રયાસ સફળ થયેલ છે એમ કહી શકાય. લેખ સામગ્રી ખાસ ધ્યાન ખેંચે તેવી અને જૈન ધર્મનું સ્વરૂપ જાણવાના જિજ્ઞાસુઓને સરસ ખોરાક પુરો પાડે તેવી છે. લેખક ગણમાં ત્યાગી યાને મુનિ વર્ગ તેમજ ગ્રહસ્થ વર્ગનો સહકાર પ્રાપ્ત કરી જે કૃતિના સર્જન કરવામાં આવેલ છે તે પ્રત્યેક જૈને સંઘરવા લાયક છે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."    Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે.    છૂટક નકલ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું.    તારીખ ૧ લી નવેમ્બર ૧૯૩૮.    અંક ૭ મો.

## ❁ ❁ ક્યાં છે નૂતન વર્ષ? ❁ ❁

ગત પ્રતિપદાના રોજ ભારતમાં નૂતન વર્ષના પગરણ થયા અથવા કહો કે-ભારતવર્ષે વિક્રમદેવના નૂતન વર્ષમાં પદાર્પણ કર્યું. શું ખરેખરજ આપણેત્યાં નવું વર્ષ આવ્યું છે? હૃદય ઉપર હાથ મૂકીને જો પ્રત્યેક ભારતવાસી આ પ્રશ્નનો જવાબ આપે તો તે એમજ કહી શકે કે-નહીં, નવું વર્ષ ઊગવાને હજુ બહુવાર છે. હજુ તો અમાસની રાતના ઘોર અંધારા ભારતના ખુણે ખુણામાં ભરાઈ રહ્યા છે. હજુ તો કાલી ચૌદશની કાળરાત્રી તેના બિહામણા સ્વરૂપે ખડી છે. જે દિ' નવલવર્ષનું મંગલ પ્રભાત ખીલશે તે દિ' ભારતવર્ષની આ રડતી સુરત નહીં હોય, તે દિ' આ કારમી કંગાલીઅત નહીં હોય, તે દિ' પરાધિનતાના પાપ નહીં હોય, તે દિ' હશે ભદ્ર-કલ્યાણ. તે દિ' હશે સર્વત્ર સ્વાતંત્રના ફુલગુલાબોની મનોહર સૌરભ. તે દિ' હશે માતાની મુક્તિ. તે દિ' હશે ગાંધી સમ યુગપુરુષનો યથાર્થ જય જયકાર.

ગત પ્રતિપદાના રોજ જૈન જગતમાં પણ ભગવાન વીરસ્વામીના નવા વર્ષના પગરણ થયા. શું એ સત્ય છે? વર્ષો આવે છે અને મૂકભાવે ચાલ્યા જાગ છે. પણ નવા વર્ષમાં જે નવી પ્રેરણાઓ, નવો ઉત્સાહ, આનંદના પૂર, શાંતિની ભરતી, વિવેક-પૂર્વકનો યથાર્થ ધર્મરાગ જોઇએ તે શોધ્યા મળતા નથી. એ સર્વના દર્શન દુર્લભ બન્યા છે. વ્યાધિગ્રસ્ત-અનેક ત્રિદોષોથી વ્યાધિગ્રસ્ત બનેલ જૈન સમાજને નવા વર્ષમાં કોઈક ધનવંતરીની જરૂર છે. સમાજ દેહની નાડ તપાસી યથાર્થ ઔષધ આપે તેવા પરમ વૈદ્યની જરૂર છે. કહો ભલા એ કયાં છે? જગદુદ્ધારક ભગવાન વીરનું આજે નવું વર્ષ પ્રવર્તવા છતાં અમારામાં હજુ પડ્યા છે આપસ આપસના રાગ અને દ્વેષ. વર્તે છે દુઃખ અને દાવાનલ. અમારામાં પ્રવર્તી રહ્યા છે અશાંતિ અને કલહ. ચાલી રહ્યા છે વિતંડાવાદ અને કદાગ્રહ. જે દિવસે એ સર્વ દુઃખદાયી ભૂતાવળો જૈનસમાજમાંથી જશે તે દિવસે ખરે-ખર નવું વર્ષ પ્રવર્તશે. તે દિવસે જૈન સમાજને ત્યાં સોનાનો સૂર્ય ઉગ્યો હશે. ત્યારે શાંતિના સામ્રાજ્ય જામશે. પ્રભો! એવું નવલ વર્ષ કયારે ઉગશે?

—રાજપાળ મગનલાલ વ્હોરા.

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥**

**અર્થ:**–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧-૧૧-૩૮. મંગળવાર.


# વીર–વીક્રમાર્કના ઉપ:કાળમાં—

સંવત્સરના અંકમાં એકનો ઉમેરો થયો. ચોસઠ અદ્રશ્ય થઇ પાંસઠનો–યાને ચોરાણું ભૂસાઈ જઇ પંચાણુંનો સમય આરંભાઇ ચુકયો. એની મંગળ પ્રભાતે જનતાએ સાથીઆ પૂર્યા, અને ગોરસના શૂકન પણ કર્યા. દેવને નૈવેદ્ય પણ ધર્યા અને ઇચ્છિત માર્ગે ધન વ્યય કરી મન પ્રમોદનો લ્હાવ પણ લીધો.

એકજ પ્રશ્ન ઉઠે છે કે નવા સોદાનો પ્રારંભ કરવા પૂર્વે એણે જુના વર્ષના સરવૈયા પર નજર નાંખી છે કે કેમ? પ્રફુલ્લિત હૈયે ચોપડાના નવા પાના પર કલમને ગતિમંત કરતાં પહેલાં નફા–તોટાના આંકડા મૂકયા છે કે કેમ? ઉત્તર મળશે હકારમાં ને ઘણા ગણત્રીબાજ વેપારીઓએ એની તારવણી પછીજ નૂતન વર્ષની વેપાર રેખા આંકી હશે. એ વાતમાં અંદેશો આણવાપણું ન હોઇ શકે. છતાં એટલું કહેવું અજુકતુ નથી કે અર્થ શાસ્ત્રીને આંગળીના ટેરવે નચાવનારા આ સાહસિકો ધર્મ–સમાજના સરવૈયા તરફ મીંટ પણ માંડતા નથી. કુટુંબના વર્તુળ કરતાં પણ એક બૃહત્ વર્તુળ છે અને એ પ્રતિદ્રષ્ટિપાત કરવાની સર્વ કોઇની ફરજ છે એ વાત યાદ કરતા પણ નથી. વેપારી વર્ગને ખાસ એ ઉઘાડું સત્ય આંખે કેમ ચઢતું નહીં હોય?

કડવો ઘુંટડો છે–આકરી કવીનાઇન છે છતાં એ ગળે ઉતાર્યા વિના ચાલે તેમ નથીજ. ઘર–પેઢી કે ભાગીદારીના સરવૈયા સરખા કરવા એટલા મુશ્કેલ નથી કે જેટલા મુશ્કેલ સમાજ અને ધર્મના છે, એમાં પડતા બોગદા સર્વાળે સર્વ નાશ નોતરે છે! 'આભ ફાટે ત્યાં થીંગડુ કયાં દેવું?' જેવી વિષમ સ્થિતિ ઉભી થાય છે.

તેથીજ ડાહ્યા વેપારીએ, સમજુ સદ્‌ગ્રહસ્થે કે લાગણીવંત માનવીએ અને દીર્ઘદ્રષ્ટિ નાયકે વર્ષારંભના મંગળ ચોઘડીયે સ્વાર્થસહ પરમાર્થનો કિંવા કુટુંબ સાથે સમાજ અને ધર્મનો પણ હિસાબ સમજી લેવાનો છે.

એટલું સ્પષ્ટ છે કે ધર્મ જેવા કઠીન પ્રશ્નનો ઉકેલ એકલા ગ્રહસ્થોના બળ પર અવલંબતો નથી. એ માટે મુનિથી માંડી આચાર્યપદ સુધીના આત્માઓની જવાબદારી ભારી છે છતાં એના પીઠબળમાં ઉપાસક વર્ગ જોઇએજ એ દ્રષ્ટિની આ વાત છે. સાધુતાના કડક નિયમોવાળા અને મુનિધર્મના આચારથી બંધાયેલા એ આત્માઓના ચક્રોનું કામ શ્રાદ્ધગણના પરાક્રમ પર અવલંબે છે, એ લક્ષ બહાર ન થવા દેવું જોઇએ. સમાજના ઉત્થાનમાં આમ જનતા–તરુણગણ જેટલો ભાવના શીળ દ્રષ્ટિગોચર થાય છે, તેટલો વેપારી વર્ગ નથી જણાતો. જો એ વર્ગ યથાર્થ રીતે જાગ્રત થઇ પીઠ ઠાબડી મન પર લ્યે તો હજી પણ જૈન સમાજના સંયોગો ઇતર કોમોની સરખામણીએ એવા સુંદર છે અને એનામાં ધર્મોપદેષ્ટાઓએ 'ત્યાગ ભાવના' ના એટલા ઉંડા મૂળીયા રોપ્યા છે કે આજે પણ સામુદાયિક ઉદ્ધારના મંગળભેરી વગાડતાં વિલંબ ન થાય.

ગુરૂદેવો અને સમાજ સ્થંભો! સમય એનું કાર્ય કરી રહેલ છે. આપ આપનો ફાળો નોંધાવવા કેડ કસશોને? વેપારી બંધુઓ, કરીયાણા કે અન્ય દ્રવ્યોના વેપારો વર્ષો સુધી કર્યાં, પણ દેશ–કાળ હાકલ દે છે, એવા ગૂઢ પ્રશ્નમાં-ધર્મ-સમાજના ઉદ્ધરણમાં-ઝુકાવશો ને? નજર કરો–માત્ર હિંદનુંજ નહિ પણ યુરોપ ખંડ અને એ સાથે અખિલ વિશ્વનું વાતાવરણ સંક્ષુબ્ધ થયું છે. કાળજુની માન્યતાઓ પાણીના પરપોટા માફક બદલાવા માંડી છે. હિંસા રાક્ષસી મ્હોં ફાડી સામે ઉભી છે! અને ઘરના પ્રશ્નો પણ કયાં ઓછા છે? તીર્થોના સવાલ ગુંચવાતા જાય છે. વસ્તીના આંકડા ઓટ દાખવે છે. મૂર્તિના નામે પ્રપંચ લીલા ખેલાય છે. એમાં કહેવાતી તપસ્વીને ભકતાણી બાઇનો હાથ જોઇ નવાઈ લાગે છે! વધુ નવાઇ તો એ છે કે એક મોટા પદ પર ઉભેલ આચાર્ય આગળ–પાછળનો કે શકય–અશકયનો જરાપણ વિચાર કર્યાં સિવાય–ભાવિ પરિણામ કલ્પ્યા સિવાય–એ પર ચમત્કારની છાપ મારે છે! આ નજીવા બનાવની લાંબી નજરે વિચારણા કરતાં એ પાછળ રહેલી ભયંકર હાનિ નયન પથમાં આવે છે! એવોજ બીજો કિસ્સો કરાંચીની બાઇનો! ગર્ભિણી પત્નિનો ધણી, એકાએક વૈરાગ્યના ઉભરાથી દીક્ષાનો અર્થી બને છે! એ યાદ રાખે કે આ પૂજ્ય શય્યંભવસૂરિનો જમાનો નથી પણ વીસમીસદીનો વિષમ સમય છે. જેને ગર્ભ રાખવાની જવાબદારીનું ભાન નથી અગર એ પાછળની ફરજનો ખ્યાલ નથી તે વૈરાગ્યની વાતો કરશે એ પેલી મૂર્તિ માફક ભ્રમજાળમાંજ પરિણમશે. ભલે એથી થોડા ઘેલડા રાજી થાય. સમજુ જગત તો વિચારીને ભરાતા પગલાનેજ સત્કારશે. વૈરાગ્યની ભૂમિકા સ્પર્શનારે પોતાના જીવનમાં સાચા ત્યાગના દર્શન કરાવવાની ખાસ આવશ્યકતા છે. સાધુ-શ્રાવક સંસ્થાના આ બનાવો તો અંગુલી નિર્દેશ પુરતા છે. આવા તો સંખ્યાબંધ કોકડા દિ' ઉગ્યે ગુંચાતા જાય છે. માટેજ જાગ્યા ત્યાંથી સવાર માની, એક સાથે ભેગા મળી એકજ સ્થાનેથી એ માટે એકધારો નાદ પ્રગટાવવાની મોંઘેરી પળ આવી ચૂકી છે. સાતે ક્ષેત્રોના નવેસરથી વિચારણાને કાર્ય સંકલના જરૂરી છે. એ માટે સામુદાયિક મિલનની અગત્ય છે. પરમાત્મા મહાવીર દેવના સંવત્સરના આરંભાતા વર્ષનો એ પ્રથમ સંદેશ છે.

# નોંધ અને ચર્ચા.

## ભિન્ન ભિન્ન કમિટિઓ હસ્તકના વહીવટ.

એક તરફ આપણે ધાર્મિક વહીવટોમાં ત્રીજી સત્તાની યાતો બહારની દખલગીરી ઇચ્છતા નથી અને બીજી તરફ આપણી હસ્તકના તીર્થસ્થાનોના, દેવાલયોના-જ્ઞાન ભંડારોના કે અન્ય નાના મોટા ખાતાઓના વહીવટ એવી વિચિત્ર ને બેપરવાઈ રીતે ચાલે છે કે જેનો મેળ આપણા ધાર્મિક મંતવ્ય સાથે બેસાડવા જતાં ભાગ્યેજ બેસી શકે. એક તરફ આપણે દેવદ્રવ્ય કે સાધારણ દ્રવ્યના ભક્ષણથી થતાં માઠા પરિણામને લાંબા ભવ ભ્રમણની વાતો કરીએ છીએ જ્યારે બીજી બાજુ વહીવટી તંત્ર એવી રીતે ચલાવીએ છીએ કે એ પવિત્ર દ્રવ્ય સ્વાહા થઇ જાય અગર ચવાઇ જાય! દેશકાળની હાકલ છે કે એ પ્રથામાં ઘટતો સુધારો કરી દરેક ધર્માદા ખાતાના વહીવટ ચોકખા કરી, એને ઉમંગી સભ્યોની દેખરેખ-વાળી સમિતિ દ્વારા ચલાવવા અને એ સમતિઓ માત્ર સ્થાનીક સંઘનેજ નહિં પણ અખિલ ભારત વર્ષના સંઘને અગર એ તરફથી નિમાયેલ બોર્ડને જવાબદાર રહે. બહારની દરમ્યાનગિરિ સાચેજ નાપસંદ હોય તો પહેલી તકે જાગ્રત થઇ, રચનાત્મક તંત્ર ઉભુ કરવામાં એકતાર થવાની જરૂર છે. તીર્થોના વહીવટ સારૂ એક કેંદ્રસ્થ સમિતિ અને એના હાથ નીચે જુદા જુદા સ્થળે આવેલ તીર્થોની આસપાસના પ્રદેશમાંથી સેવાભાવી અને ધર્મની ધગશવાળા સભ્યો વીણી લઇ સ્થાનિક સમિતિઓ સ્થાપવી. કદાચ કેંદ્રસ્થ સમિતિનું કામ શેઠ આણંદજી કલ્યાણજી ઉપાડી લ્યે તો એનું બંધારણ ઉદારને વિસ્તૃત બનાવી એની દેખરેખ હેઠળ જુદા જુદા ભાગની સમિતિઓ મૂકવી. દેવાલય આદિ સંસ્થાઓનું નિયંત્રણ સ્થાનિક સંઘ કરે અને મધ્યસ્થ સંસ્થા તરફથી નિયુક્ત કરાયેલ બોર્ડ વર્ષમાં એક વખત તો અવશ્ય એ સર્વની તપાસ કરે. આટલું તો પહેલી તકે કરવું જોઇએ.

## સાધ્વી સંસ્થા માટે જીવંત કાર્યક્રમ.

એક રીતે જોઇએ તો સાધુ કે સાધ્વીનું જીવન સ્વીકારવું એટલે સંસારની સર્વ આળપંપાળને ફગોટી દઇ, સર્વ પ્રકારના માયા મમત્વને તિલાંજલિ દઇ, કેવલ આત્મકલ્યાણમાંજ મન પરોવવું. એ અર્થે દેહ ટકાવવા સારૂ દિવસમાં એકાદ વેળા આહાર લેવો તેટલા પુરતો શ્રાદ્ધ સમુદાયનો પરિચય સેવવો અને બદલામાં આત્મ કલ્યાણ પ્રતિ એ વળે તેવો ઉપદેશ આપવો.

સાધુ નામ તે સાધે કાયા, પાસે ન રાખે-કવડીની માયા;
લેવે એક, દેવેનદો, ઉસકા નામ સાધુ કહો.

એ બે લીટીમાં સાચી સાધુતાનું હાર્દ સમાય છે, પણ ચાલુ સમયના વાતાવરણ તરફ જોતાં, અને મોટો ભાગ જે જાતનું જીવન જીવે છે તે તરફ નજર કરતાં ઉપર વર્ણવ્યું તેવું એકાંગી આચરણ અશકય જણાય છે. કોઇ વીરલ વ્યક્તિ એ માર્ગનું અવલંબન લેતી દૃષ્ટિ ગોચર થાય છે. જોકે ઇતર ધર્મના સન્યાસી-બાવા-કે સાંઇ-ફકીર કરતાં જૈન ધર્મી સાધુઓનું જીવન ઘણી ઘણી રીતે ઉંચું છે અને એમાં ઘણી વિશિષ્ટતા સમાઇ છે છતાં દેશકાળ કહે છે કે પહેલી તકે એમાં રહેલ નિર્નાયકતા-બેજવાબદારી દશા, દૂર કરવાની જરૂર છે. સાધ્વી જીવનમાં તો જાણે કોઈ જાતનો કાર્યક્રમજ નથી! એ પવિત્ર અંચળા-હેઠળ સંસારી જીવોને પણ ટપી જાય તેવી સાઠમારી-જીભા-જોડી કે મ્હારા ત્હારાની વહેંચણી ચાલે તે શોચનીય છે! એ સંસ્થાના મોટા ભાગની અજ્ઞાનતા સાલે તેવી છે! એ સબંધમાં સાધ્વી ખાંતિશ્રીએ 'જૈન' માં જે લખ્યું છે તે તરફ ધ્યાન આપવાની અગત્ય છે. જો યોગ્ય પ્રબંધ કરી એ સંસ્થામાં જ્ઞાનના કિરણો પ્રસારવામાં આવે અને પ્રચાર કરવાની તાલીમ આપવામાં આવે તો એની અસરથી શ્રાવિકા વર્ગ-બાળ વર્ગ અને શ્રાવક વર્ગના કેટલાક ભાગ ઉપર જરૂર સુંદર અસર પડે,-કેમકે એ સંખ્યા એટલી વિશાળ છે કે જે જુદા જુદા પ્રદેશ પર છુટથી પથરાઇ શકે. આજે નારી સમાજમાં અંધશ્રદ્ધા-વહેમ અને અજ્ઞાનતાના જે થર બાઝ્યા છે તે ઉખેડવા સારૂ તે જાતિની સરળ ભાષામાં ઉપદેશ દઇ શકે તેવી, અને જેના ચારિત્ર્યની છાપ ઉત્તમ હોય એવી ઉપદેશિ-કાઓની ખાસ આવશ્યકતા છે. સાધ્વીગણ માટે જો યોગ્ય પ્રબંધ થાય અને તેમાં રહેલ અમાપ શકિતનું ભાન કરાવાય તો આ સ્થિતિ સહજ જન્માવી શકાય. વળી એ વર્ગને યોગ્ય કામ મળતાં આજે જે વિલક્ષણ દશા પ્રવર્તતી નજરે ચઢે છે તે આપોઆપ બંધ પડી જાય. સાધુ સંસ્થામાં નિયંત્રણની અગત્ય છે અને એ કરતાં પણ વધુ અગત્ય સાધ્વી સંસ્થામાં છે. એ સત્ય જલ્દી સમજાય એમાંજ લાભ છે.

## શું આ ચિત્ર સાચું છે?

મુંબઇ સમાચાર તા૦ ૮-૧૦-૩૮ ની જૈન ચર્ચામાં જ્ઞાતિ બંધારણની ચર્ચાના પ્રાંત ભાગે લખવામાં આવ્યું છે કે-'તેઓએ એ બિના પણ ભૂલવી નથી જોઇતી કે હવે અમુક એક ધર્મને માનવાના દહાડા વહી ગયા છે અને બધા ધર્મોને એક સરખા માનવાની કેળવણી અપાઇ રહી છે. હવે શ્રી મહાવીર જૈન વિદ્યાલય, બાબુ પનાલાલ હાઇસ્કુલ, મુંબઇ માંગરોળ કન્યાશાળા, જૈન કોન્ફરન્સ અને બીજા ગુરૂકુળો-આશ્રમો વિગેરે એવી કેળવણી આપતા નથીજ કે જેથી તેઓ જૈન ધર્મમાં ખાસ શ્રદ્ધા ધરાવનાર ભવિષ્યની ધર્મીષ્ટ અને શ્રદ્ધાળું વ્યકિતઓ ઉત્પન્ન કરી અને કરાવી શકે. એ જમાનો હવે રહ્યોજ નથી. સૌ કોઇ પોતાના મન ગમતી આનંદ આપનારી અને પેટનો ખાડો પુરવામાં ઉપયોગી થઇ પડે એવી કેળવણી લેવામાં અને આપવામાં મશગુલ થઇ ગયા છે.'

લખાણનો ભાવ વાંચતાં ભાગ્યેજ કોઇ સમજુ એને નિતરા સત્યતરિકે સ્વીકારવા તૈયાર થાય. સર્વ ધર્મ પર સમભાવ રાખવો એનો અર્થ એ નથીજ કે પોતાનો કોઇ એક ધર્મ ન હોય; અગરતો પોતાને જેમાં શ્રદ્ધા હોય તે એક ધર્મ ન માની શકાય. એમાં જે જૈન સંસ્થાઓનો ઉલ્લેખ કરાયો છે એ સંસ્થાઓ જો જૈનધર્મની શ્રદ્ધા સચોટ બનાવે તેવું શિક્ષણ ન આપતી હોય તો શા સારૂ સમાજ એને પોષે છે? એમાં લાખો રૂપીઆ આપે છે? કેમ એ સર્વ જૈન સમાજ ચલાવી લે છે? શ્રદ્ધાસંપન્ન વર્ગે કિંવા લેખક બંધુએ કેવલ કોલ-મમાં વરાળ ઠાલવવા કરતાં એ સામે કેડ બાંધી સમાજને જાગ્રત કરવાની જરૂર નથી કે? શા સારૂ ગોળમટોળ રીતે આવા ચિત્રણ આલેખાય છે?

# યંત્રમય સુધારાના મૃગજળ.

આપણે હિંદીઓ અત્યાર સુધી એવી માન્યતા ધરાવતા કે જેમ યંત્રોના કારખાના વધારે તેમ દેશની સ્થિતિ વધુ સુધરેલી. પણ આજે એ ભૂલ ઉઘાડી પડતી જાય છે. યાંત્રિક સુધારો એ સાચો નથી પણ મૃગજળ સમો છે. એથી દેશની આબાદી વધી નથી પણ બેકારી તો કુદકે ને ભુસકે ચાલી આવી છે. આપણા સારા નસિબે મહાત્મા ગાંધીજીને એ અનિષ્ટ જલ્દી સમજાયું એટલે એ ભરમ ટાળવાના પ્રયાસો અદરાઈ ચુકયા છે. તેઓશ્રીના પ્રયાસથી દેશના ગૃહ ઉદ્યોગોને અને પ્રાચીન સંસ્કૃતિને ઉત્તેજન મળવા માંડયું છે. યંત્રમય સુધારાની અસંસ્કારિતા જાણવા સારૂ હરિજન બંધુનો નિમ્ન લેખ વાંચી જવાની જરૂર છે.

"નવા યંત્રમય સુધારાએ હિંદુસ્તાનની કળા અને કારીગીરી ઉપર કેવી અસર કરી છે, તે વિષે ડા. આનંદકુમાર સ્વામી પોતાના 'આર્ટ એન્ડ સ્વદેશી' નામા પુસ્તકમાં લખે છે તે ખાસ પ્રત્યેક હીંદી માટે મનનીય છે.

---

## કાર્તકીનો મેળો.

કાર્તિક પુર્ણિમાનો મહિમા સવિશેષ મનાય છે. એ પવિત્ર દિને તીર્થાધિરાજ શત્રુંજય પર સંખ્યાબંધ આત્માઓએ આત્મ કલ્યાણની સાધના કરી છે એની યાદદાસ્તમાં જૈન વસ્તીના દરેક ભાગોમાં શત્રુંજય પટના દર્શન કરવા જવાનો રિવાજ છે અને એ દિવસે ભાગ્યેજ કોઈ જૈન એ લાભથી વંચિત રહે છે. જ્યાં આવો સમુદાયિક મેળો ભરાય ત્યાં વ્યવસ્થા જાળવવાની–સૌ કોઇ શાંતિથી ભક્તિ કરી શકે તેવો પ્રબંધ કરવાની જરૂર રહેજ. મુંબઇ જેવા ભરચક વસ્તીવાળા શહેરમાં અને ભાયખલા જેવા મર્યાદિત સ્થાનમાં એ ટાણે ખાસ વ્યવસ્થા જળવાય તેવી ગોઠવણ વ્યવસ્થાપકો તરફથી થવીજ જોઇએ. સ્વયંસેવકોની સારી સંખ્યા એ દિન માટે રોકાવી ઘટે. છેલ્લા ત્રણેક વર્ષથી ભાયખલા દેવાલયના કાર્યવાહકો આ મુદ્દાની વાત-પ્રતિ કેમ દુર્લક્ષ્ય સેવતા દ્રષ્ટિગોચર થાય છે એ ન સમજાય તેવો પ્રશ્ન છે. જૈન સમાજની હાડમારી અને એ ટાણે થતી ભીંડ તથા અવ્યવસ્થા શું હજી તેમના કર્ણપટ પર નથી પહોંચી? આગલના વર્ષ જેવા પ્રસંગ ન ઉદ્દભવે તે સારૂ સત્વર પ્રબંધ કરવા તેમનું પહેલી તકે આ બાબત પર ધ્યાન ખેંચીએ છીએ.

## આપણો ભોજક વર્ગ.

મશહૂર ગવૈયા મી. પ્રાણસુખભાઇ તરફથી ભોજકવર્ગનો જૈન સમાજ સાથે સંબંધ કેવા પ્રકારનો છે અને આજે એમાં કેટલેક અંશે અંતર પડવા માંડયું છે એ સંબંધમાં જે નિવેદન રજુ કરાયેલું છે એ તરફ સાવ આંખો મીચવા જેવું નથીજ. એક કાળે જૈન વસ્તી મોટા પ્રમાણમાં હતી અને ધર્મનું જ્ઞાન–ધર્મના સંસ્કાર એમાં નવપલ્લવિત રહેતાં, જ્યારે આજે એથી ઉલ્ટી દશા જણાય છે તેના કારણો શોધવા માંડીશું તો સહજ જણાશે કે–આપણે યતિવર્ગ અને ભોજકવર્ગ તરફ ઘટતા પ્રમાણમાં લક્ષ્ય નથી આપ્યું અને તેથીજ ઉપરની સ્થિતિ બની રાખવામાં એમના તરફનો જે સહકાર પ્રાપ્ત થતો હતો તે ધીરે ધીરે ગુમાવતા જવાથી વર્તમાન દશા આવી પડી છે. આ સંબંધમાં વધુ વિચાર બીજા પ્રસંગ પર મુલતવી રાખી એટલું ભાર મૂકી કહીયે કે એ નિવેદન પાછળના ભાવનો સૌ ભાઈ અભ્યાસ કરે.

"તમારી ચો તરફ દષ્ટિ નાખો અને અર્વાચીન હિંદમાં આવેલી **અસંસ્કારિતાનો** વિચાર કરો. સુશોભિત બેડાંનું સ્થાન ઘાસલેટના ડબ્બાએ લીધું છે. જસતથી ઢાળેલાં લોઢાનાં પતરાં આપણાં ઘરોને છાઇ રહ્યાં છે. વિદેશી પોશાકની કઢંગી અનુકૃતિઓ આપણાં શરીરને પીડી રહી છે. કાંઇક પોલીસની ચાલી જેવાં અને કાંઇક ગામ બહાર બાંધેલા સરકારી બંગલા જેવાં વિચિત્ર ઘરોમાં આપણે રહીએ છીએ. યુરોપની દરિયા કિનારાની હોટેલોમાં હોય તેવા કાચનાં ઝુમ્મરો, આરસપહાણને બદલે ચળકતી લાદીઓ, અને પત્રો તથા પુષ્પોને બદલે કાગળના બનાવટી ફુલો આપણાં દેવસ્થાનોનો શણગાર થઇ રહ્યાં છે સંગીત તરફનો આપણો પ્રેમ અને ભક્તિ હારમોનિયમ અને ગ્રામેફોન દ્વારા વ્યકત થાય છે. આ બધી વસ્તુઓ આપણા અંતરમાં પ્રવેશ પામેલા કોઈ મહાન રોગનું દર્શન કરાવે છે."

"દેશી કારીગરીના નાશનું અને તેના પુનઃજીવનની પડતી અડચણનું મુખ્ય કારણ એ છે કે આપણામાં કળાની સાચી સમજજ રહી નથી. હિંદી સંગીતની આપણે અવગણના કરી એટલે વંશ પરંપરાથી વાદ્યો બનાવવામાં રોકાયેલા કુશળ કારીગરો આજે ભૂખે મરે છે. સંગીત શાસ્ત્રીઓનો તો કોઈ ભાવજ પૂછતું નથી. વીસલાખ રૂપિયાનાં પરદેશી વાદ્યોની આપણે દરવરસે આયાત કરીએ છીએ. આનાથી દેશને બેવડું નુકશાન થાય છે, અર્થનું તેમજ કલાનું. આપણે કેવળ પૈસાજ ગુમાવતા નથી, પણ વાદ્યો બનાવવાની શકિતવાળા નિપુણ કળાનાયકો પણ ગુમાવીએ છીએ. હિંદુસ્થાનમાં એક કરોડ રૂપિયાનાં ગ્રમોફોન અને હારમોનિયમ ખરીદવાની શક્તિ હોય તોપણ આ કીમતી માનવશકિતનું નુકશાન તો રહેવાનુંજ."

"આજ સ્થિતિ આપણા વણકરોની છે. દેશી રંગો અને ભાતોની ખૂબી લોકો સમજતા નથી, અને તેથી તેને ચાહતા પણ નથી. પરિણામે વણકરોનો ધંધો ભાંગી પડયો છે, અને તેમને દેશના ૭૦ ટકા માણસો જેમાંથી પોતાનું અડધું પેટ ભરે છે એવા ખેતીના ધંધામાંજ અથવા બીજા ધંધામાં ભીંડ કરવી પડે છે. જે ઉત્તમ કારીગરી હાથની સાળ ઉપર થઇ શકે છે તે કદી પણ સંચાઓથી બની શકે નહિ પણ આપણે આ વાત સમજી શકતા નથી અને માત્ર ટૂંકી નજરવાળી અર્થનીતિથી દોરાઇએ છીએ. પોતાના ઘરમાં, કુટુંબીઓની વચ્ચે અને તેમની મદદથી કામ કરનાર સાળવીને પાયમાલ કરી રાક્ષસી શક્તિથી ચાલતાં યંત્રો ઉપર કુમળાં બાળકો પાસે અનારોગ્ય વાતાવરણમાં સખ્ત મજૂરીના કામ કરાવવા આપણે તૈયાર થઇએ છીએ. અને એમ કરી મેંન્ચેસ્ટરનાં બધાં અનિષ્ટો આપણા દેશમાં લાવીએ છીએ." "સોંઘાપણાની હરીફાઇ હિંદી પ્રજાનો આત્મા હણી લેશે કારણ કે કળાવિનાનો ઉદ્યમ એ કેવળ પશુનો છે."—

"વળી રાષ્ટ્રની સંપત્તિનો વિચાર કરતાં લાંબો વખત ટકનારી થોડી વસ્તુઓ કરતાં હજાર ગણી સાદી છે. પાંચસો વરસ ટકે એવું મકાન બાંધનાર કારીગર પચાસ વરસમાં ભાંગી પડે એવા મકાન બાંધનાર કરતાં રાષ્ટ્રની સંપત્તિમાં વિશેષ ઉમેરો કરે છે. તેજ પ્રમાણે બે ત્રણ પેઢીઓ ટકી શકે એવું કાપડ વણનાર વણકર હરહમેશ નવું નવું કાપડ લેવડાવનાર વણકર કરતાં પોતાંના દેશને વધારે ફાયદો કરે છે આપણે બહુ વસ્તુઓ વાપરતા થઇએ તેમાં કાંઇ સુધારો નથી. જે વાપરીએ તે ઉંચી જાતનું અને સુંદર હોવું જોઇએ."

સંગ્રાહક—**ચોકસી.**

# માટુંગાના કહેવાતા ચમત્કાર પાછળ શું?

## સમાજને છેતરવાની ભયંકર યુકિત.

### છુપાયેલા હાથોની કરામત હોવાનો સંભવ.

દિવાળીના ઉજમાળા દિવસો મુંબઇને વધુ ઉજમાળ બનાવી રહ્યા હતા, દેદીપ્યમાન બત્તીઓથી મુંબઈ ઝળહળી રહ્યું હતું, આખુંયે મુંબઇ પ્રવૃતિમય બની રહ્યું હતું. ત્યારે વીરનિર્વાણની પવિત્ર રાત્રીએ (દિવાળીની રાત્રીએ) માટુંગામાં એક ચમત્કારનો બનાવ બનેલો કહેવાય છે, અને તેના ખબર રવીવારે સવારે વાયુ વેગે મુંબઇની આલમમાં પ્રસરી જાય છે, અને જૈન જનતામાં એક પ્રકારનું આંદોલન ખડું થાય છે ભાવિક જનતા ચમત્કારની આંધીમાં અટવાય છે, જ્યારે બુદ્ધિમાન વર્ગ પોતાની બુદ્ધિને કસોટીએ ચઢાવી વિચારમાં પડે છે, બીજી બાજુ અનેક કલ્પનાના અને અંધ-શ્રદ્ધાના ઘોડાઓ પૂરપાટ દોડાવાય છે, અને ભાવિક લોકો શ્રદ્ધાથી દર્શનાર્થે માટુંગા દોડી જાય છે, જ્યારે બીજાઓ તપાસ અર્થે અથવા તો તમાશો જોવાની ભાવનાથી માટુંગાના શાંતિનિકેતન તરફ ધસી જાય છે.

આ હકીકત મારા જાણવામાં આવતાં મને તેમાં ધતીંગની ગંધ તુરતજ આવી, અને હું પણ સોમવારે માટુંગા તપાસ અર્થે ગયો, ત્યાં જતાં જાણે કે એક મોટો મેળો ભરાયો હોય, તેવી રીતે દેખાવ થઇ રહ્યો હતો, સ્ત્રી પુરૂષોને જવા આવવાના અલગ રસ્તા, દોરીથી બાંધેલો કમ્પાઉન્ડ તથા સીડી ઉપર ચડતાં અસાધારણ ગીરદી જોઇ હું તો આશ્ચર્ય ચકિત થઇ ગયો. મહામુશીબતે માર્ગ કરી હું પણ શેઠ રવજી સોજપાળે બંધાવેલા ઘર દેરાસરમાં કે જ્યાં પ્રતિમાજી બેસા-ડવામાં આવ્યા હતા, ત્યાં ગયો, ત્યાં દૂરથી જોઈ શકાય તેવી સ્થિતિ હતી, કારણ કે દોરી ફરતી બાંધી હતી, લોકોની વાયકાઓથી જાણવામાં આવ્યું કે મૂર્તિને લંછન નથી, તેમજ ચક્ષુ પણ ચડાવેલાં નથી, આ વસ્તુસ્થિતિ મેં નજરે પણ નિહાળી, અને મારા વહેમમાં વધારો થતો ચાલ્યો, ત્યાં પૈસા ઉઘરાવનાર ભાઈ હાથમાં પૈસાનો ભરેલો થાળ લઇ બુમાબુમ મારી લોકોને દૂર કરતા હતા, જ્યારે બીજા બે ત્રણ ભાઇઓ નાળીયેર વિગેરે ભેગા કરતા હતા, મારે બારીકીથી જોવું હતું, તેથી દોરીની અંદર માથું નાંખી જોવા લાગ્યો ત્યારે ગોઠીએ બૂમ મારી હોલ ખાલી કરવાનું કહેવા લાગ્યા, મારે પણ થોડીક રકઝકી એ લોકો સાથે થઈ, મને એક બે મિત્રોનો સાથ મળ્યો, અને ગોઠીઓને જરા દમ માર્યો ત્યારે તેઓ શાંત રહ્યા, બારીકીથી જોતાં મૂર્તિ તદ્દન નવી બનાવેલી તથા તાજેજ પોલીસ કરેલ હોય તેવું જણાતું હતું, તેમજ લંછન વિનાની મૂર્તિ કેમ પૂજનીય બની ગઇ વિગેરે બાબ-તોથી અમારી શંકાને પુષ્ટિ મળી, પછી બાઇને જોઇ, પરંતુ તેના મુખ ઉપરના ભાવો શાંતને બદલે વ્યાકુળ અને ચિંતા-ગ્રસ્ત લાગ્યા, વળી કોઇ પ્રશ્ન પૂછે અને શંકા વ્યક્ત કરે તેના તે બાઇ ચીડાઇને જવાબ આપતા હતા. તે પણ નજરે જોયુ.

ઉપરોક્ત વસ્તુસ્થિતિ નિહાળી ઘેર આવ્યા ત્યાં તો યુવક સંઘના મંત્રીઓએ રાત્રીભર મહેનત કરી જે સત્ય બહાર લાવ્યા છે, તેની થોડી ઘણી ખબર મારા જાણવામાં પણ આવી. અને ત્યાર પછી આખાયે બનાવનો ઘટસ્ફોટ થયો તેથી સહુ કોઇ જાણીતા થઇ ગયા છે. જેથી તે સબંધી વિશેષ લખવાનું નથી.

હવે આ બનાવ કેવી રીતે બન્યો? બનાવનારને આમ કરવાનું પ્રયોજન શું? એની પાછળ કોઇ વ્યવસ્થિત યુક્તિ છે કે કેમ એ વિચારણીય પ્રશ્ન થઈ પડે છે વિચાર કરતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે એક યુવાન વયની બાઇની પોતાની આ યુકિત હોઇ શકે નહિ. એ બાઇની એકલીની આ પ્રમાણે રચના કરવામાં, તેમજ આ દિવસ ગોઠવવામાં તેમજ આ પ્રકારે વસ્તુની સાંકળના અંકોડા જોડવાની બુદ્ધિ સંભવી શકતી નથી, બાઇને હથીઆર બનાવી ચમત્કારથી દુનિયાને આંધળી બનાવી પૈસા કમાવાનું કાંતો આ સાધન હોય, અથવા તો આ ચમત્કાર પાછળ કોઈ એવી વ્યકિતઓનો હાથ હોવો જોઇએ કે જેઓ આવા ચમત્કાર દ્વારા શાસનની મહત્વતા વધારવાના કોડ સેવતા હોય, અને એની પાછળ જનતાને દોરવી નવા વિચારવાળાઓને અને બુદ્ધિવાદને ચમકાવવાનો હોય, ઉપરોકત બન્ને વિચારસરણીની તુલના કરતાં પૈસા કમાવાનું કાવતરૂં હોય એ ઓછું સંભવીત લાગે છે, પરંતુ શાસનની મહત્વતાના બણગાં ફુંકાય અને એ દ્વારા કોઈ તીર્થધામની ઉત્પત્તિ કરાય એવી કલ્પનાથી આ યુકિતની રચના થઇ હોય એ માન્યતાને વધારે પુષ્ટિ મળે છે, વળી વિશેષ આશ્ચર્યજનક તો એ છે કે આ ઘટનાને તરતજ સત્ય સ્વરૂપ અને સત્ય દૈવી ઘટના માની લેવા જનતા તુરત લલચાય એવી ખાત્રી અત્રે બિરાજતા મહાન્ આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિજી તુરતજ આપે છે, અને એ ઘટના ઉપર પોતાની ખાત્રીની મહોર મારે છે, પૂજ્ય આચાર્યશ્રીએ જરા થોડો સમય વિચાર કર્યો હોત, શકયતાની સાબીતીઓ મેળવી હોત, અને કોઇની સલાહ પૂછી હોત તો આ વસ્તુ આટલી હદ સુધી આવત નહિ, કારણ કે જૈન સમાજ એક એવી ધર્મચુસ્ત સમાજ છે કે આચાર્ય મહારાજે કહ્યું એટલે પ્રમાણ! પછી પૂછવાનું ન હોય! એજ રીતિએ પ્રેમસૂરિજી મહારાજની છાપ પછી જનતાના હજારો રૂપીઆનું બે દિવસમાં પાણી થયું. અને અંતે દંભિઓનો દંભ બહાર પડતાં સૂરિજીને તેમજ દંભ કરનારાઓને નીચું જોવું પડયું એટલુંજ નહિ પણ જૈનેતર સમાજમાં પણ જૈન ધર્મની હાંસી થતી જોઇ સમજુ જૈનોને શરમાવું પડે છે.

અંતમાં આ ઘટના ઉપર જો કે પડદો પડી ગયો છે, પરંતુ પાછળથી દોરી સંચાર કરવાવાળાઓને ઉઘાડા પાડવાની ખાસ આવશ્યકતા છે, કે જેથી ભવિષ્યમાં તેઓ સમાજને છેતરવાની હિંમત કરી શકે નહિ.

આ કામ મુંબઇ જૈન યુવક સંઘ જો ઉપાડી લીએ, તેને માટે એક તપાસ કમિટી નીમે, અને એ કમીટી જરૂર પડે તો છુપી પોલીસની પણ સહાય લઈ દંભીઓને સમાજ સમક્ષ ઉઘાડા પાડે અને એ રીતે આ તકનો સંપૂર્ણ લાભ લઇ સમાજને જાગૃત કરે તો તેમાંથી સમાજને ઘણું જાણ-વાનું મળી શકશે.

—મનસુખલાલ લાલન.

## આજના વર્ગ વિગ્રહો.

હિંદમાં અને એની બહાર ખાસ કરી યુરોપમાં કમ્યુનીઝમ-ફેસીઝમ-સોશ્યાલીઝમ યાને મૂડીવાદ કે સામ્યવાદના કલહો સતત્ ચાલી રહેલ દ્રષ્ટિગોચર થાય છે. ફેર માત્ર એટલોજ છે કે યુરોપમાં એ માટે લોહીની નદીઓ વહી રહી છે. બોમ્બ ને ગેસના વર્ષણમાં હજારો નિર્દોષ જીવનની આહૂતિ અપાઇ ચુકી છે ત્યારે અહીં ભારત વર્ષમાં એ હીલચાલ માત્ર હડતાળો અને સરઘસોના પ્રદર્શનો કરી ચલાવાય છે. કોઇકવાર પથરા ફેંકાય છે અને હિંસા દેખા દે છે! આ ચળવળના મૂળમાં રશિયામાં પ્રવર્તી રહેલ સામ્યવાદ અથવા તો રાજ્યનું સુકાન ખેડુત અને મજુર વર્ગના હાથમાં હોવું જોઇએ એ ભાવના રમતી દ્રષ્ટિગોચર થાય છે. એમ થવાથી ત્યાં કેટલી શાંતિ પ્રવર્તે છે અથવા ભવિષ્યમાં પ્રવર્તતી રહેશે એ કહેવું કઠીણ છે છતાં આર્ય સંસ્કૃતિના વહેણ પ્રતિ મીટ માંડતાં અને જૈનધર્મના પાંચ સમવાય કે જેનો સૃષ્ટિ-નિયંત્રણમાં સંગીન ફાળો છે તે તરફ જોતાં એ શાંતિ પણ કાલના પાયે ચણાયેલી નહીંજ હોય. એટલે કે અલ્પાયુષી હશેજ સાચુ સુખ જીવનને સંતોષી બનાવવામાં અને અધ્યાત્મવાદનો અમલ કરવામાં છે. વર્ગવિરોધી હીલચાલોથી મૂડીવાદ મરી જશે એમ માનવું ભૂલ ભર્યું છે કદાચ મજુરવાદ ફાવશે તો પણ એ સામે બીજા 'ઝમો' યાને 'વાદો' નહીં ઝઝુમતા હોય એમ પણ નહીંજ બને. સનાતનતા તરફ ઉંડી દ્રષ્ટિ ફેરવતાં એકજ વાત સ્પષ્ટ જણાય છે કે વિગ્રહ દ્રષ્ટિ ત્યજી દઇ અહિંસા અને પ્રેમ દ્વારા પરસ્પરના વિરોધો ટાળી, મૂડીવાળાઓએ અને હાથપગ ચલાવી કિંવા શરીરનો પરસેવો ઉતારી પરિશ્રમ કરનારા કારીગરોએ પરસ્પર વિચારોની આપ લે કરી, એક બીજાની અગવડતાઓનો તોડ કહાડવાનો છે. એક માર્ગી લાભ ન જોતાં-કેવલ ધન અને સત્તા કે વૈભવના ઘેનમાં જે વર્ગ આશ્રિત છે. જેની મહેનત પર એ સર્વનો આધાર છે તેને ન ઉવેખતાં,-ધનિકો યાને મૂડીવાદીઓએ દેશ-કાળ ધ્યાનમાં લઇ, વ્યાજબી માંગણીઓ સંતોષવાની જરૂર છે. ઘણાકાળથી મજુરવર્ગ પરતંત્ર દશામાં કચડાતો આવ્યો છે માટે એ સ્થિતિ ચાલુ રહેવી ન જોઇએ. અગર એના નસિબ જ એવા એમ માનવું એ વાસ્તવિક નથી. ઘડીભર એ હવે ન ચાલી શકે. તેઓમાં પણ આપણા જેવોજ આત્મા છે. તેમને પણ સુખ-દુઃખની આપણા જેવીજ લાગણી થાય છે એ વસ્તુ પિછાની લઇ તેઓની માંગણીઓ સમજવા યત્નશીળ થવું જોઇએ. એ સંબંધમાં શ્રી રામનારાયણ પાઠકના 'આવતીકાલ' ગ્રંથમાંના નિમ્ન શબ્દો લક્ષ દઈ વાંચવા જેવા છે "તમે સૌ આટલા સંસ્કારી આટલા કેળવાયલા, આટલા દૂરદેશી આટલા ભાવનાશાળી, છતાં એટલી વાત કેમ કેમ નથી સમજી શકતા કે જેને પૈસે તમે મિષ્ટાન્ન આરોગો છો તે પેટપૂર રોટલો માગે છે. બે ટંકનું પોષક ભોજન માગે છે. જેની મજૂરીને પ્રતાપે તમે આવા આલેશાન બંગલામાં રહો છો, તે તમારા પાસે સુખ સગવડવાળું મકાન માગે છે. જેની મહેનતની કમાણીથી તમારાં બાળકોને તમે યૂરોપ-અમેરિકા મોકલો છો તે પોતાનાં છોકરાંને ભણાવવા પાટી પેન માગે છે. જેની કમાઇ પર તમે દાર્જિલિંગ અને નૈનીતાલની શીતળ પહાડીઓ પર જઇ વસો છો તે બળબળતી ભઠ્ઠીમાં કામ કરવાના કલાકો ઓછા કરવાનું કહે છે, અને જેનાં શરીર અને બુદ્ધિના તમે કુલ મુખત્યાર છો, તેઓ કારખાનાંના સાચા સંચાલકો છે, ને કારખાનાંના વહીવટમાં યોગ્ય પ્રતિનિધિત્વ માગે છે. આ માગણી ઓછામાં ઓછી છે. તદ્દન વ્યાજબી અને ન્યાયપુરસ્સરની છે."

લેખક—**ચોકસી.**

## જૈનો અને સ્વદેશી.

ઉપરનું મથાળું વાંચીને ઘણાને નવાઇ લાગશે કારણ કે જે વિષય ઉપર આજે વીસ વીસ વર્ષો થયા કહેવાય છે તે વિષય ઉપર લખવાનું મને કેમ સુઝયું હશે? પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં તેમજ દિવાળીમાં મેં મારી આંખે જે જોયું તે ઉપરથી હું સ્વદેશી ઉપર લખવા પ્રેરાયો છું, મારે દીલગીરી સાથે કહેવું પડે છે કે આપણી માતાઓ અને બ્હેનોમાં સેકડે એંસી ટકા પરદેશી કાપડ વપરાય છે જ્યારે પુરૂષોમાં મોટે ભાગે સ્વદેશી કાપડ વપરાય છે. પર્યુષણ જેવા મહાપર્વમાં આપણાથી હિંસામય કપડા કેમ વપરાય? જે પર્વના દીવસોમાં આપણે અહિંસાનો ઉપદેશ સાંભળીએ છીએ તેજ દીવસોમાં આપણે હિંસાથી રંગાએલાં કપડાં પહેરીને આપણા પવિત્ર સ્થાનોમાં જઇએ છીએ તે ઓછું શરમાવનારૂં નથી. આપણે જે દેશમાં જનમ્યા છીએ તે દેશ તરફની પણ આપણી ફરજ શું છે તેનો વિચાર કરવો જોઇએ ઘરના છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાને આટો જેવી વાત છે, જ્યારે આપણા દેશમાં ભયંકર બેકારી પ્રવર્તી રહી છે. આપણી આસપાસ લાખો અને કરોડો માણસોને એક ટંક ખાવાનું મહા મુસીબતે મલે છે, આવી સ્થિતિમાં આપણી ચોકખી ફરજ છે કે ખાદીજ વાપરવી, તે ન બની શકે તો દેશી મીલનું કાપડ વાપરવું, પણ પરદેશી કાપડને તો આપણાથી અડાય નહિ સ્વદેશી કાપડ વાપરવું તેમાં આપણે મોટો ભોગ આપવાનો નથી કે જેથી આપણે ન કરી શકીએ. આજના સંક્રાંતિ કાળમાં આપણે સ્વદેશી ધર્મ પણ ન પાળી શકીએ તો પછી આપણું સ્થાન કયાં હોય શકે? આજે વર્ષો થયા પૂ. મહાત્માજી અને બીજા દેશભક્તો સ્વદેશીની વાતો આપણને દર વખતે સંભળાવી રહ્યા છે તો આપણે બધા પાકો નિશ્ચય કરીએ કે આજથી અમે સ્વદેશી સિવાય બીજું કાપડ નહિ વાપરીએ, અને અમારા ઘરમાં એક પણ તસુ પરદેશી કાપડ નહિ લાવીએ. અખિલ ભારત ચરખા સંઘ રૂપીઆ બાવીસ લાખની મુડીથી આજે લગભગ એક લાખ નેવું હજાર માણસોને રોજી આપી રહ્યું છે, ત્યારે અમદાવાદ અને મુંબઇની મીલોમાં રૂા. પચાસ કરોડની મુડી રોકાઇ છે અને એક લાખ સીતેર હજાર મજુરોને રોજી મલે છે. અખિલ ભારત ચરખા સંઘમાં આજે દશ હજાર છસો ગામડામાં પસરાએલું છે તો સ્વાર્થ સાથે પરમાર્થ છે. આપણે દર વરસે પંચોતેર રૂપીઆનું મીલ કાપડ લઇએ છીએ તેને બદલે રૂા. પંચોતેરની ખાદી કાપડ લઇએ તો આપણે એક માણસને રોજી આપીએ છીએ, હિંદુસ્તાનમાં ચારથી પાંચ કરોડ માણસોને ફરજ્યાત કામ વગર બેકાર રહેવું પડે છે તમને આપણે શુદ્ધ ખાદી ખરીદી રોજી અપાવી શકીએ.

**—કેસરીચંદ જેસીંગલાલ.**

# શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ—બંધારણનું અવલોકન.

લેખકઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

લેખાંક ૨ જો.

## પ્રતિનિધિ, વ્યાખ્યા, પ્રમાણુ અને લવાજમ.

(૪) પ્રતિનીધી—આ કોન્ફરન્સ પ્રતિનિધિઓથી બનશે. જેઓ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો હશે અને જેઓ સુકૃતભંડાર ફંડમાં પોતાનો ફાળો જે વર્ષમાં અધિવેશન ભરાય તે વર્ષ માટે આપે તેઓજ નીચેના નિયમોને અનુસરી પ્રતિનિધિ થઇ શકશે.

(૧) કોઇપણ શહેર કે ગામનો સંઘ યા સભા કે મંડળ યા સંસ્થા જે યોગ્ય ગૃહસ્થને કે સન્નારીને પ્રતિનિધિ તરીકે નીમી મોકલે તે, તથા જે સ્થળે સંઘ પ્રતિનિધિની ચુંટણી માટે ન મળ્યો હોય ત્યાં ધોરણસર બોલાવેલી જાહેર સભા જેને પ્રતિનિધિ તરીકે નિમી મોકલે તે.

(૨) ગ્રેજ્યુએટો જેની અંદર કોઇપણ યુનિવર્સિટી તેમજ વિદ્યાપીઠના ગ્રેજ્યુએટો તેમજ બેરીસ્ટર, હાઇકોર્ટ પ્લીડર, એન્જીનીયર અને સબ-એસીસ્ટન્ટ સર્જનનો સમાવેશ થાય છે જેમની નોંધ (રજીસ્ટર) કોન્ફરન્સ કાર્યાલયમાં (ઓફીસ) રાખવામાં આવશે તેમાં જે નામો નોંધાવ્યા (રજીસ્ટર કરાવ્યા) હશે તેઓ.

(૩) જૈન વર્તમાન પત્રો અને માસિકોના અધિપતિઓ.

(૪) સ્વાગત સમિતિના (રીસેપ્શન કમિટિ) સભ્યો (મેમ્બરો).

નોંધ—પ્રતિનિધિની ઉમ્મર ૧૮ વર્ષથી ઓછી હોવી ન જોઇએ તથા સભા-મંડળ કે સંસ્થા ઓછામાં ઓછું એક વર્ષ જુનું હોવું જોઇએ અને તે સ્થાયી સમિતિએ (સ્ટેન્ડીંગ કમીટી) સ્વીકારેલું હોવું જોઇએ, તેમજ તેવાં સભા-મંડળ યા સંસ્થાઓએ પોતાનાં નામ કોન્ફરન્સ કાર્યાલયમાં રૂપીઓ એક વાર્ષિક લવાજમ જે વર્ષમાં અધિવેશન ભરાય તે વર્ષ માટે આપી નોંધ કરાવેલ હોવી જોઇએ.

પ્રતિનિધિ તરીકે આવવાનો હક્ક ઉપર જોતાં દરેકને છે પછી ચાહેતો તે અંતિમ વિચારનો હોય કે સાવ જુનવાણી માનસ ધરાવતો હોય. અલબત એને સંઘ યા સંસ્થા અથવા તો ચુંટી મોકલનાર સમૂહમાં પોતે એ સ્થાન માટે યોગ્ય છે એવી છાપ પાડવી જોઇએ. જે વ્યક્તિ સેવાભાવી હશે તેને માટે ઉપર મુજબ છાપ પાડવાનું કાર્ય રંચ માત્ર મુશ્કેલ નથી. અલબત સમાજનું વર્તમાન માનસ જોતાં પ્રતિનિધિ તરિકેની પહેલી પસંદગી લક્ષ્મીવંતોના ફાળે જવાની, પછી શિક્ષિતોના અને છેવટે જ આમ વર્ગના સેવકોનો વારો આવવાનો! જો કે આ માનસમાં પરિવર્તન થઇ રહ્યું છે એટલે સાચા સેવકે તો પોતાના સેવાના મુદ્રાલેખ પરજ મુસ્તાક રહેવું ઘટે. જો પ્રત્યેક શહેર કે ગામના સંઘો વ્યવસ્થિત હોય અને રીતસર બંધારણ પ્રમાણે એના કાર્ય થતાં હોય તો સભા કે મંડળને જુદી ચુંટણી કરવાના હક્કની જરૂરજ નથી. આપણા સંઘ બંધારણ તૂટી ગયેલા હોવાથી—એમાં જાત જાતના વિક્ષેપો પડેલા હોવાથી—તડા નજરે ચઢતા હોવાથીજ હક્કનો વિસ્તાર કરવો પડ્યો છે. એમ કરવા જતાં કેટલીક સંદિગ્ધતા ને અવાસ્તવિકતા ઉદ્‌ભવી છે. પણ તે દૂર કરવાનો એકમાત્ર ઉપાય પહેલી તકે પ્રત્યેક સ્થળના સંઘો ને બંધારણ રચી વ્યવસ્થિત કરવા રૂપ છે. એમાં ભાગ્યેજ કોઇને વાંધો રજુ કરવાપણું હોય! ગમે તે વિચારનો અને ભિન્ન મંતવ્યધારી કોઇપણ જૈન બંધુ સંઘ બંધારણની આવશ્યકતા પરત્વે આંગળી ચીંધી શકે તેમ નથીજ. એની અગત્ય માટે બેમત નથીજ. કલમ બીજી ભલે પ્રારંભકાળમાં જરૂરી મનાઇ હોય પણ લોકશાસન કાળના આ યુગમાં એ પહેલી તકે રદ કરવાની જરૂર છે. શિક્ષિતોની જરૂર સવિશેષ છે પણ તેમને લાવવા સારૂ આ પ્રકારના ખાસ પ્રબંધની અગત્ય નજ ચલાવી લેવાય. પ્રતિનીધી તરિકે આવવાની ઇચ્છાવાળા સૌ બંધુઓ જ્યારે સંઘ યા સંસ્થા પાસે જાય ત્યારે તેઓ શામાટે એ વિધિથી બકાત રહે? આ યુગમાં કેવલ શિક્ષણના બળનું પ્રતિનિધિત્વ ચલાવી નજ લેવાય એ પાછળ આમ જનતાનો સહકાર આવશ્યક છે. પ્રત્યેક પ્રતિનિધિએ આમ વર્ગમાં ભળી, એનો ચાહ સંપાદન કરીનેજ ચુંટાઇ આવવુ એ વાસ્તવિક છે. ત્રીજી કલમ ચાલુ રાખી એ માટે એટલુ ઉમેરવું ઘટે છે કે સમાજની આ મહાસભાના કાર્યાલયમાં દરેકે પોતાનું પ્રકાશન વિના મૂલ્યે નિયમિત મોકલવું જોઇએ.

નોંધમાં એક વર્ષ જુનાપણાની જે શરત છે તે સાથે કેવા ઉદ્દેશ ધરાવનાર, અને કેટલા સભ્યની સ્થિતિવાળી સંસ્થાઓ સ્વીકારી શકાય તેને લગતી ચોખવટ થવાની જરૂર છે. વળી એને ભરવાનું લવાજમ અધિવેશનના વર્ષ પુરતું ન રાખતાં દરેક વર્ષનું નિયત થવું જોઇએ. કેટલીક સંસ્થાના ઉદ્દેશ કેવલ એકમાર્ગી હોય છે કે જેનો મેળ આ બૃહત્ સંસ્થા સહ ન જોડી શકાય. કેટલીકની કાર્યવાહી જોતાં એને પ્રતિનીધી મોકલવા પણુંજ નથી. કેટલીકના ઉદ્દેશ કયાંતો એટલી હદે સંકુચિત હોય છે અગરતો એટલી હદે વિશાળ હોય છે કે જેનો મહાસભાના આશય સાથે તાર ન સાંધી શકાય. આવા સંજોગોમાં પ્રતિનિધિ મોકલવાનો હક આપવો અસ્થાને છે. કેટલીકના ઉદ્દેશો વર્ષે વર્ષે બદલાતા હોય છે અને કેટલીકમાં હું બાવા ને મંગળદાસ જેટલાજ સભ્યો હોવા છતાં નામ મોટા હોય છે! એ બધાની યથાર્થ ચોકસાઇ થાય ને યોગ્ય હક્ક અપાય એ સારૂ પ્રતિવર્ષની તપાસ ને ઉદ્દેશની ચોખવટ ઇષ્ટ છે.

(૫) પ્રતિનિધિ પ્રમાણુ—દરેક શહેર કે ગામના સંઘે યા સભા. સંસ્થા કે મંડળે પ્રતિનિધિઓની નીમણુક કરતી વખતે નીચેનું પ્રમાણુ ધ્યાનમાં રાખવું.

(૧) જે શહેર કે ગામની અંદર જૈન ઘરની સંખ્યા સોથી વધારે ન હોય ત્યાંના સંઘે પાંચ પ્રતિનિધિથી વધારે ન ચુંટવા.

(૨) જે શહેર કે ગામની અંદર જૈનોના સૌથી વધારે ઘર હોય ત્યાંનો સંઘ દર સો ઘર દીઠ પાંચના પ્રમાણમાં પ્રતિનિધિ ચુંટી શકશે.

(૩) દરેક સ્થળની સભા, સંસ્થા કે મંડળ વધારેમાં વધારે પાંચ પ્રતિનિધિઓ પોતાના સભ્યોમાંથી જ ચુંટી શકશે.

(૬) પ્રતિનિધિ લવાજમ (ફી)—પ્રતિનિધિનું લવાજમ (ફી) રૂા. ૩) અને ભોજન સહિત રૂા. ૫) રાખવું. સ્વાગત સમિતિના સભ્યનું લવાજમ ઓછામાં ઓછું રૂા. ૧૦) રાખવું. જે સ્થળે કોન્ફરન્સનું અધિવેશન ભરાય તેમાં જે પ્રતિનિધિઓની ફી આવે તેમાંથી દર પ્રતિનિધિએ એક રૂપીયો કોન્ફરન્સની હેડ ઓફિસને તેના સુકૃતભંડાર ફંડમાં આપવો.

કલમ પાંચ તથા છ પર ઝાઝાં વિવેચનની જરૂર નથી. એ માટે એટલું કહેવું કાફી છે કે અધિવેશનને નિયમિત ને જુદા જુદા પ્રાંતમાં ફરતું બનાવવું હોય તો ખર્ચાળ પદ્ધત્તિને તિલાંજલી દેવાની જરૂર છે અને એ સાથે મોટી સંખ્યામાં પ્રતિનિધિઓ આવે તેવા માર્ગ નિયત કરવાની પણ અગત્ય છે. સમાજનો મધ્યમ વર્ગ જે લવાજમ સહેલાઇથી ભરી શકે તે દર વિચારીયે તો રૂા. ૨) યોગ્ય ગણાય. ભોજન સહિત રૂા. ૩) રાખવા ઘટે એ સારૂ અધિવેશન ભરનાર સ્થળના ઉત્સાહી કાર્યકરો જો શ્રીમાનોનો સહકાર સાધે તો જૈન સમાજ માટે એ પ્રશ્ન કઠીન નથીજ. આ મહા ટાણે સ્વામી-વાત્સલ્ય કરનાર ન નિકળી આવે એ માનવું અશક્ય છે. એ સારૂ સેવાભિલાષી કાર્યકરોની ચીવટ જોઇએ. એજ રીતે સ્વાગત સભ્યનું લવાજમ રૂા. ૫) રાખવું. અંકવૃદ્ધિ કરતાં સંખ્યાવૃદ્ધિ તરફ લક્ષ્ય અપાવાની જરૂર છે. એક વસ્તુ સ્પષ્ટ તરી આવે છે કે સુકૃતભંડાર ફાળો પ્રતિનિધિએ ભરવો જ જોઇશે અને તે યથાર્થ છે. એટલે સુધી કરવાની જરૂર છે કે પ્રતિનિધિ ચુંટનાર સંઘ યા સંસ્થાના સભ્યોએ પણ સુકૃતભંડાર ફાળો ભરવો જોઇએ. ચાર આના જેટલું લવાજમ એ ભારે ન ગણાય અને એટલું ભરનારનેજ મત આપવાનો હક્ક હોવો જોઇએ. કોન્ફરન્સને મળતા રૂા૦ ૧) ના ધોરણની રકમ નિભાવ ફંડમાં લઇ જવી. અધિવેશન ટાણે સંગીત, વ્યાયામ કે સાહિત્ય પ્રદર્શન વી૦ ના રસમય કાર્યક્રમ ગોઠવવા જરૂરી છે.

## સમાચાર સાર

**—સદ્‌ગુણાનુરાગી મહારાજ શ્રી કર્પૂરવિજયજીનો પ્રથમ જયંતી મહોત્સવ:**—શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે આસો વદ ૮ રવીવારે સવારે શ્રી ખંભાત વીશા પોરવાડ જૈન યુવક મંડળ તથા શ્રી જૈન બાળ મિત્ર મંડળના આશરા હેઠળ સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજશ્રીનો પ્રથમ જયંતી મહોત્સવ ઉજવવા જૈનોની જાહેર સભા મળી હતી. પંન્યાસજી પ્રીતિવિજયજી મહારાજ અધ્યક્ષસ્થાને બીરાજ્યા હતા. થોડાંક વિવેચન બાદ શ્રી રાજપાળ મગનલાલ વ્હોરાએ જણાવ્યું કે સોલાપુરના એક ગ્રહસ્થને આખા દીવસમાંથી ફક્ત પાંચજ મીનીટ ધારમીક વાંચનની બાધા આપી હતી. અત્યારે આ ગ્રહસ્થ દરરોજ એક કલાક લગભગ વાંચન કરે છે આવા અનેક દાખલા છે વક્તાએ તે પછી તેઓશ્રીનું સ્મારક જાળવવા દરેકને અપીલ કરી હતી ત્યારબાદ શ્રી. મોહનલાલ ચોકશીએ જણાવ્યું કે સાધુ પુરૂષનું જે અવલંબન કહેલું છે તે અવલંબનમાં તેઓશ્રીનો પ્રથમ નંબર આવે છે, શ્રી. ચીદાનંદજી, શ્રી. આનંદઘનજી જેવા આ મહાત્મા થયેલા છે, ત્યારબાદ શ્રી. માવજી દામજી શાહે જણાવ્યું કે બનારસમાં આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીએ-જે કાર્ય ઉપાડેલું તે કાર્યમાં મદદ કરવા આ મહાપુરૂષને આમંત્રણ આપવામાં આવ્યું હતું અને પોતે ત્યાં જઇને ગુરૂભાઇના કાર્યમાં મદદ કરી હતી. જીવનના મુખ્ય દિવસોમાં સં. ૧૯૨૫ જન્મ (વળા) સંવત ૧૯૪૬ દીક્ષા (ભાવનગર) સ્વર્ગવાસ ૧૯૯૩ (આસો વદ ૮) પાલીતાણા. ત્યારબાદ શ્રી. મોતીચંદ કાપડીયા એ જણાવ્યું કે આ મહારાજશ્રીને મેં તેઓશ્રીને કુંવરજી તરીકે તેમજ શ્રી. કર્પૂરવિજયજી તરીકે જોયેલા છે, ૨૬ વરસ ઉપર મુની સંમેલન ભરવા આ મહારાજશ્રી તેમજ આ શ્રી. બુદ્ધિસાગરજીએ પ્રયાસ કર્યો હતો, ત્યારબાદ પંન્યાસજી મહારાજશ્રી પ્રીતિવિજયજીએ પોતે પંદર દીવસ આ મહાત્મા સાથે રહી જે અનુભવ મેળવ્યો હતો તેનું વર્ણન કર્યું હતું. શ્રી ગોડીજી મહારાજના દેરાસરે આંગી રચવામાં આવી હતી.

લી:—**વાડીલાલ જેઠાલાલ.**

## ચર્ચાપત્ર.

નોટ:—આ મથાળાના નીચે આવતા લેખો તંત્રીની સંમતિવાળા છે તેમ સમજવું નહિ. —તંત્રી.

### માટુંગાના ચમત્કાર અંગે આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિશ્વરજી ખુલાસો કરશે?

માટુંગાના બનેલા ચમત્કાર વિષે સર્વે વાત જાહેર પેપરોમાં આવી છે, અને આ દરેક સ્થળે આચાર્ય શ્રી. પ્રેમસૂરિશ્વરજીનું નામ આવેલું છે, આચાર્યશ્રીને માટુંગાથી બોલાવવા માટે આવેલા અને ત્યાં આચાર્યશ્રીએ જઇને મૂર્તિને ચમત્કારીક જાહેર કરી એટલે જેટલું માણસ પ્રથમના દિવસે યાત્રા કરવા જઇ આવેલું તેના કરતાં વિશેષ માણસ-આચાર્યશ્રીના મહોર છાપ રૂપી વચનોથી જઇ આવ્યું તો આચાર્યશ્રીને આ અંગે થોડાક પ્રશ્નો પૂછવાનું મન થાય છે. આચાર્યશ્રી આ પ્રશ્નોના જવાબો પોતેજ આપે. આ બાબતમાં બીજાએ વિતંડાવાદમાં ઉતરવું નહીં.

**— પ્રશ્નો. —**

(૧) આપશ્રીની સાથે એક ગ્રહસ્થ આવેલા તે વખતે દેવતાઇ ફુલ કરમાયેલા ન હોય તેમ પેલા સાથે આવનાર ગૃહસ્થે જણાવેલું તે વાત સાચી છે? અને તે ફુલ કરમાયેલા માલમ પડતા હતા કે?

(૨) આ મૂર્તિને અંજનશલાકા થયેલી નથી તેમ એક મુનીરાજે આપશ્રીને જણાવેલું હતું?

(૩) આ મૂર્તિની નીચે લંછનની નિશાની ન હતી. તે શું આપ જાણતા નહોતા?

(૪) ઉપરની દરેક હકીકત ધ્યાનમાં લેતાં મૂર્તિ સમક્ષ ચૈત્યવંદન થાય નહીં તે વાત સાચી છે?

(૫) આપશ્રીએ મૂર્તિ સમક્ષ ચૈત્યવંદન કરેલું હતું?

(૬) આ મૂર્તિને ચમત્કારિક જાહેર કરવામાં કોઇ ગૂઢ હેતુ સમાયેલો નહોતો?

**લી૦ વાડીલાલ જેઠાલાલ,-ખંભાતવાલા.**

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ; સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:-"હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

: તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧૬ મી નવેમ્બર ૧૯૩૮. | અંક ૮ મો.

શ્રી

હેમચંદ્રસૂરિ

તેમનો

જન્મ દીક્ષા વિગેરે

જન્મ

સંવત ૧૧૪૫

દીક્ષા

સંવત ૧૧૫૦

આચાર્યપદ

સંવત ૧૧૬૬

સ્વર્ગારોહણ

સંવત ૧૨૨૯

ગુજરાતની અલૌકિક વિભૂતિ

## શ્રી હેમચંદ્રસૂરિ.

સં. ૧૧૪૫ ની કાર્તિક શુદ પુર્ણિમાએ એમનો જન્મ. મધ્યકાલીન હીન્દી વિદ્વત્તાના ભંડાર સમા. 'સિદ્ધ હેમ' લખાયે આજે બરોબર આઠસેં વર્ષ થયા. મારવાડ–ગુજરાતના મુત્સદી વ્યાપારીઓના શીરોમણી ઉદા મહેતાએ એમને દીક્ષા અપાવી. મારવાડથી ગુજરાતમાં આવી ખંભાતનો આંતર રાષ્ટ્રીય વેપાર હાથ કરી, સીદ્ધરાજના સામ્રાજ્યનો કારભાર કબજે લઇ, 'રાજ્યપીતામહ' આમ્રભટ્ટ જેવા પુત્રને દંડનાયક પદનો વારસો દઇ જનાર ઉદા મહેતાને કોણ નથી ઓળખતું? પછી એ બાળસાધુએ સીદ્ધરાજ જયસિંહના જ્વલંત યુગના આન્દોલનો ઝીલ્યા કુમારપાળના મીત્ર ને પ્રેરકની પદવી પ્રાપ્ત કરી, ગુજરાતના સાહિત્યનો નવયુગ સ્થાપ્યો, એમણે જે સાહિત્ય પ્રણાલીકાઓ સ્થાપી, જે અઇતીહાસિક દ્રષ્ટિ કેળવી એકતાનું ભાન સર્જાવી. જે ગુજરાતી અસ્મીતાનો પાયો નાખ્યો તેના પર આજે અગાધ આશાના અધીકારી એવા એક અને અવીભાજ્ય ગુજરાતનું મંદીર રચાય છે.

એ હતા સમસ્તજગતના એક પ્રખર વિદ્વાન, કવી, ઇતિહાસકાર, વઇયાકરણને કોશકાર–ગુજરાતના કલીકાળ સર્વજ્ઞ. મધનીષેધક શાસનના પહેલા પ્રેરક ને મધ્યકાલમાં અહિંસા ને રાજ્યકારભારમાં આણવાનો પ્રયત્ન કરનારાઓમાં પ્રથમ ગુજરાતની એકતા અને મહત્તાને પોતાની કલ્પનાવડે મૂર્ત કરતા વીશ્વકર્મા.

—શ્રી મુનશીનું પ્રવચન.

તા. ૮-૧૧-૧૯૩૮.

શ્રી

હેમચંદ્રસૂરિ

તેમની

કેટલીક અપ્રતિમ કૃતિઓ.

સિદ્ધહેમ-શબ્દાનુશાસન

સિદ્ધહેમચંદ્ર શબ્દકોષ

અભિધાન ચિંતામણિ

દ્વયાશ્રયમહાકાવ્ય

પરિશિષ્ટપર્વ

ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર

અયોગવ્યવચ્છેદિકા

અન્યયોગ-વ્યવચ્છેદિકા

યોગશાસ્ત્ર

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्ववोदधिः ॥**

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**શ્રી સિદ્ધસેન દિવાકર.**


# જૈન યુગ.

તા૦ ૧૬-૧૧-૩૮. બુધવાર.


# દાદાસાહેબની પવિત્ર ભૂમિમાં—

પંદરમા અધિવેશન માટે થઇ રહેલ તૈયારીના સમાચાર, ભાવનગરમાં એ માટે નિમાઇ ચુકેલ જુદી જુદી સમિતિઓનો હેવાલ-ભારતવર્ષના ચારે ખૂણામાં પ્રસરી ચુકી જૈન સમાજમાં નવજાગ્રતિની ઉષ્મા પ્રગટાવી રહેલ છે. સામાન્યરીતે ભાવનગર દેશકાળની રગ પારખવામાં બીજા દેશી રાજ્યો કરતાં મોખરે છે. એની જૈન પ્રજા પણ અન્ય ભાગના જૈનો કરતાં વધુ શિક્ષિત, વધુ સંગઠિત અને વધુ કાર્યપટુ છે. એટલેજ વર્તમાન સંયોગોમાં એના આંગણે મળનાર અધિવેશન મહત્તી આશાના કેંદ્ર સમુ છે. 'જૈન' ને 'જૈન ચર્ચા' ના પાના ફેરવતાં એ પાછળ સેવાતી અભિલાષા-રચાતી મનોરથ માળા-નો કંઇક ખ્યાલ આવે તેમ છે. દાદાજીની છત્રછાયા હેઠળ-ચરમ શાસનાધીશના પવિત્ર ચરણ કમળમાં મસ્તક નમાવી, નિખાલસ હૃદયે-ઉભરાતા હઇડે-એક જ પ્રતિજ્ઞા ગ્રહણ કરવાની કે જૈન સમાજની ચાલુ નિર્નાયકતાનો સત્વર અંત આવો અને પુનઃ સંગઠીત જૈન સમાજનો ડંકો ભારતવર્ષમાં એકધારો બજી રહો. એ કામના પૂર્ણ કરવા સારૂ આચાર્ય-ઉપાધ્યાય કે સાધુ અગર સાધ્વી અને શ્રાદ્ધ સંઘના નર-નારીઓ એ અથવા તો વૃદ્ધ-યુવક ને બાળકોએ પ્રયાસ સેવવાનો છે. એ પાછળ કેડ બાંધી મંડી પડવાનું છે. ચોઘડીયા વગડી રહેલ છે. વિલંબ છે માત્ર નિદ્રાને ત્યજી, તંદ્રાને ખંખેરી, સુષુપ્તિને ધકેલી મૂકી, બરાબર જાગ્રત થઇ જઇ, સમજીને નિર્ધારિત માર્ગે કૂચ કદમ કરવાનો. જૈન સમાજની વર્તમાન સ્થિતિ સૌને અકળાવે છે. દિ' ઉગ્યે ખડી થતી સમસ્યાઓ સૌને તંગ બનાવે છે. દેશની પલટાતી પરિસ્થિતિ-રાજકીય જીવનમાં ભભૂકી ઉઠેલ આગ આમ પ્રજાને કઈ દિશામાં દોરી જશે, એ કલ્પવું મુશ્કેલ છે. કાળના ગર્ભમાં શું સમાયેલું છે એ અનુમાનવાની, આજના પ્રખરમાં પ્રખર ગણાતા અભ્યાસીની પણ ગુંજાશ નથી. પરિવર્તનની આવી રહેલી આ આંધિ ક્યાં જઇ અટકશે અથવા તો આંધિનો એ જુવાળ કેવા પરિણામો આણશે એના વિચારો કરવાં કરતાં કિંવા એ માટે 'જો' 'તો' ના સરવાળા-બાદબાકી મૂકવા કરતાં-ગઇ ગુજરી ભૂલી જઇ,-આપણે સૌ એકજ પિતાના સંતાન છે એટલુંજ નહિં પણ, માનવભવ પામ્યાનું સાર્થક્ય એ પિતાનો આદેશ સાથે મળી બહોળા પ્રદેશપર વિસ્તારવામાં છે. પોતાના જીવનમાં ઉતારી,-ઇતર જનતામાં એની સાચી છાપ બેસાડવામાં છે-એ નિતરૂં સત્ય સત્વર ગળે ઉતારવામાં છે. જૈન ચર્ચાકાર આ ભાવ સમજી ગોળ ગોળ ચિત્રણમાં કાળક્ષેપ ન કરે, જુન્નર અધિવેશનના કે મુંબઇની બેઠકના ઢોળાઇ ગયેલા પાણી ન વલોવે. પાણી વલોવે માખણ નજ નિકળે. બાકી એટલું ન ભૂલે કે પાણીનો બહુ વલોવાટ અવશ્ય કાદવ-કચરાને ઉપર આણશેજ, એ સબંધમા એટલું ચર્વીત-ચર્વણ થઈ ચુક્યું છે કે એ પર વધુ લખવું એ કેવળ સમય ને સાધનનો દુરૂપયોગ કરવા જેવું છે. જો બાંહેધરી ને ખાતરીઓના કરારનામા વિચારવાના હોય તો એનો છેડો ન આવે એટલી લાંબી કતાર થાય તેવું છે. એ પાછળ ધ્યાન દેવા જતાં મૂળ ધ્યેયજ માર્યું જાય! મતફેર સંભવે. સ્ખલનાઓ થાય. સર્વને અનુકુળ આવે એવો માર્ગ ન પણ દોરાય. કારણ કે આપણે બધા છદ્મસ્થ છીએ. પણ તેથી મતભેદ શા કારણે જન્મે? જુદા ચોકાની શી જરૂર? એક વારની ભૂલ કે સ્ખલના ક્યાં બીજીવાર નથી સુધારાતી? શા માટે એ સારૂ બંધારણીય લડત ન લડીએ? બહુમતીનો વિજય એ આ યુગનું લક્ષણ છે. એ મેળવવા સતત્ ઉદ્યોગ કરવો-પાછળ મંડયા રહેવું એ સાચા સેવકનો ધર્મ છે. એક કાળની લઘુમતી બીજા સમયે બહુ-મતીમાં ફેરવાતી કોણે નથી જોઇ? એ માટે રાષ્ટ્રીય મહાસભાનું ઉદાહરણ જીવતું જાગતું છે. એટલેજ ભૂતને વીસારી મેલી, વર્તમાનને ઓળખી લઇ પૂર્વે જણાવ્યું તેમ એક ધ્યેય નિશ્ચિત કરી ખભેખભો મેલવવા તત્પર થવાનું છે. લેખકોએ એ જાતનુ વાતાવરણ સર્જવાનુ છે. સંઘોએ જાગ્રત થઇ બંધારણનો પૂરેપૂરો લાભ લેવાનો છે. યાદ રાખવાનું છે કે જે સમાજનો મોટો ભાગ-શ્રદ્ધાવંત-ધર્મનીષ્ઠ-ને પ્રજ્ઞા સંપન્ન છે. વળી જે દેશકાળ ઓળખી કાર્યવાહી નિયત કરવામાં દક્ષ છે ત્યાં અધર્મના દર્શન કે અનાચારના દેખાવનો સંભવ સરખો પણ નથી? કદાચ કોઇ છુટી છવાયી વાદળીઓ ખૂણે ખાંચરેથી નીકળી આવે તો પણ ગગનાંગણ ઘેરૂ કે શ્યામ નહીંજ બને. એ વાદળીઓનેજ આખરે વીખરાઇ જવું પડવાનું. તેથીજ સમાજના ઇતિહાસમાં નવું પાનું ઉઘાડવા તત્પર બનો. જેમ દેશમાં આજે એકજ રાષ્ટ્રિય મહાસભાની આણ વર્તે છે તેમ જૈન સમાજ માટે કોન્ફરન્સ યાને એકજ જૈન મહાસભાની દોરવણી રહે એવું વાતાવરણ સર્જાવો-એ સારૂ યુવક સંઘો કે યંગમેન સોસાયટીઓ અગર તો કહેવાતી પરિષદોનો મોહ છોડી દ્યો. ભિન્ન ભિન્ન વિચાર વાળા પણ જો એક સંસ્થાના આશ્રયે મળી શકતા હોય તો નવા નવા પાટીયા ઉભા કરવાથી શું લાભ છે? એથી કઇ કાર્ય સિદ્ધિ છે? વેર વિખેર બની, નોખી નોખી તુંતીની બજાવી જે હાની કરી તે ચક્ષુ સામે છે એટલે એ કાર્યથી સત્વર હાથ ધોઇ નાંખી દાદાસાહેબની છત્ર છાયામાં 'સંગઠીત થવાના-કેવલ રચનાત્મક કાર્યોમાં લયલીન થવાના' શપથ લ્યો. એમાંજ સમાજનો અભ્યુદય છે.

## ભાવનગર તથા ગોહેલવાડ પ્રાંતના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોને

# જાહેર અપીલ

સવિનય નિવેદન કરવાનું કે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું પંદરમું અધિવેશન ભાવનગરમાં ભરવા માટે રચાએલ સ્વાગત સમિતિ તરફથી તૈયારીઓ ચાલી રહેલ છે. ભાવનગરને આંગણે તે અધિવેશન બનતા સુધી નાતાલના તહેવારો દરમ્યાન ભરાય અને ધાર્યા કરતાં પણ વધુ સફળ નીવડે તે માટેની ગોઠવણો ચાલુ થઈ ગઇ છે. તે માટેના પ્રાથમિક પગલા તરીકે તા. ૨-૧૧-૩૮ ના રોજ મળેલ સ્વગત સમિતિની જનરલ મીટીંગમાં સ્વાગત પ્રમુખ તરીકે ભાવનગર રાજ્યના સર ન્યાયાધીશ તરીકે બિરાજમાન, આપણા પ્રથમ દરજ્જાના માનનીય આગેવાન **શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશી** બી. એ. એલ. એલ. બી. ની સર્વાનુંમતે ઘણા હર્ષ સાથે ચુંટણી થઇ છે. સ્વાગત સમિતિના સેક્રેટરીઓ પૈકી શ્રીયુત્ જમનાદાસ અમરચંદ ગાંધી તથા વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. ની હાલમાં ચુંટણી થઈ છે. અંડર સેક્રેટરીઓ પૈકી ચત્રભુજ જેચંદ શાહ બી. એ. એલ. એલ. બી વકીલ ભાયચંદ અમરચંદ શાહ બી. એ. એલ. એલ. બી. અમરચંદ કુંવરજી શાહ તથા તા. ૬-૧૧-૩૮ ની જનરલ મીટીંગમાં હરિલાલ દેવચંદ શેઠની ચુંટણી થઈ છે, તથા પેટા સમિતીઓમાં ડ્રાફ્ટ કમીટી, પ્રચાર કમીટી સ્વયંસેવક કમીટી, ભોજન કમીટી, મંડપ કમીટી, ભંડોળ કમીટી, પ્રેસ કમીટી તથા કારોબારી સમિતિની દરેક કમીટીને વધુ સભ્યો ઉમેરવાની સત્તા સાથે નીમવામાં આવી છે. સ્વાગત સમિતિના ઉપપ્રમુખો, વધારે જનરલ સેક્રેટરીઓ, ખજાનચીઓ, ઓડીટર વિગેરેનું કામ યોગ્ય પસંદગી અને વધારે સહકારથી થઈ શકે તે માટે બીજી મીટીંગ ઉપર બાકી રાખવામાં આવ્યું છે. નાતાલમાં કોન્ફરન્સની બેઠક ભરી શકાય તે માટે ઘણા ગૃહસ્થોના સહકાર સાથે ઝડપબંધ કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

ભાવનગર તથા ગોહેલવાડ પ્રાંતના જૈનોને કોન્ફરન્સની વિશેષ ઓળખાણ કરાવવાની ભાગ્યેજ જરૂર હોય. ત્રીશ વર્ષ પહેલા કોન્ફરન્સનું છઠું અધિવેશન ભાવનગરમાં મળ્યું અને તે પ્રસંગે આપણી જૈન કોમ અને સંસ્થાઓ માટે જે ઘણા સારા કાર્યો થયા તેની સ્મૃતિ તાજી કરવાનો અને અત્યારના સંયોગો અને જરૂરીયાત પ્રમાણે આપણી જૈન કોમની સેવા કરવાનો ફરી પ્રસંગ પ્રાપ્ત થયો છે આપણી જૈન કોમના ધાર્મિક, કેળવણી, આર્થિક, સામાજીક, રાજકીય વિગેરે પ્રશ્નો બાબત આપણું વિચારબળ અને સંગઠન કેળવી આપણી જૈન કોમનું પ્રતિનિધિત્વ ધરાવનાર સેવાભાવી સંસ્થા તરીકે કોન્ફરન્સનો જન્મ થયો હતો. તેને ઘણો કાળ વ્યતીત થયો હોવા છતાં અને નવા નવા સંયોગો ઉત્પન્ન થવા છતાં જૈન કોમનું સંગઠન અને પ્રતિનિધિત્વ ધરાવનાર તેવી સંસ્થાની જરૂરીઆત કોઇપણ વિચારશીલ ગૃહસ્થ સ્વીકારે છે. કોન્ફરન્સ એકજ એવી સંસ્થા છે કે જેમાં જુદા જુદા પ્રાંત, શહેર અને વિચારના માણસો એક સાથે બેસીને વિચાર કરી શકે છે અને આપણા જૈન કોમનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ ધરાવી શકે તેવા તેમાં તત્વો રહેલા છે. કેટલાક દુઃખદ સંયોગોમાં પણ નકામી ચર્ચા, વિતંડાવાદ અને પક્ષાપક્ષીથી દૂર રહી જે જે બાબતોમાં ઐકયતા અને કામ સાધી શકાય તેમ હોય ત્યાં સહકાર અને સેવા આપવાની ભાવનાવાળા ઘણા ગૃહસ્થો આપણી જૈન કોમમાં છે, તેઓ તથા જૈન કોમની ખરા દિલથી સલાહ સંપથી સેવા કરવાની ભાવનાવાળા કોઇપણ વિચારના ગૃહસ્થો ભાવનગરને આંગણે પધારી કોન્ફરન્સની બેઠક વખતે અત્યારના સંયોગોમાં જૈન કોમની કઇ રીતે સેવા થઇ શકે, વધતી જતી ગરીબાઇનો કેમ ઉકેલ આવે, અજ્ઞાનતા કેમ દૂર થાય અને કેળવણીનો પ્રચાર કેમ વધે, આપણું જીવન કેમ દરેક રીતે સમૃદ્ધ, સુખી, સંપીલું અને સાચા અર્થમાં ધાર્મિક બને તથા આપણો સર્વાંગી વિકાસ સધાય તે માટે વિચારોની આપ-લે કરી જૈન કોમની ઉન્નતિ માટે યોજનાઓ રજુ કરે અને ભાવનગરમાં મળનાર કોન્ફરન્સનું પંદરમું અધિવેશન દરેક રીતે સફળ થાય તે માટે અમો ભાવનગર તથા ગોહેલવાડના પ્રાંતના દરેક પ્રતિષ્ઠિત સેવાભાવી ગૃહસ્થનો સહકાર માગીએ છીએ. અત્યાર સુધી જેઓ સ્વાગત સમિતિમાં જોડાયા ન હોય તથા જેઓને અમારાથી રૂબરૂ મળી શકાયું ન હોય તે સર્વને સ્વાગત સમિતિના સભાસદ થવાની અમારી વિનતિ છે. કોન્ફરન્સ દ્વારા જૈન કોમની લાંબા વખત સુધી જે મોટી સેવાઓ થઇ છે અને ભાવનગરની બેઠક વખતે થવાનો સંભવ છે તેમાં યથાશકિત ફાળો આપવાની દરેકને વિનંતિ છે. આવી તક ભાવનગર અને ગોહેલવાડને ત્રીશ વર્ષ પછી સાંપડી છે તે ફરી ફરીને મળી શકે નહિ તે સર્વકોઇ સમજી શકે છે. ગોહેલવાડ પ્રાંતના ગામોના સેવાભાવી ગૃહસ્થો પણ સ્વાગત સમિતિના સભાસદો થઇ જૈન કોમની યત્કિંચિત સેવાના પ્રસંગમાં ફાળો આપી શકે તે માટે તા. ૨-૧૧-૩૮ ની જનરલ મીટીંગમાં ઠરાવ કરી ગોહેલવાડ પ્રાંતના ગામોમાંથી સ્વાગત સમિતિના સભાસદો નોંધવાનું ઠરાવ્યું છે. કોન્ફરન્સની બેઠક ભાવનગર તથા ગોહેલવાડ પ્રાંતને શોભે તેવી યશસ્વી રીતે મેળવવા માટે અમો દરેકનો સહકાર પ્રાર્થીએ છીએ અને તે માટે સર્વ કોઇને પોતાનું નામ સ્વાગત સમિતિના સભાસદ તરીકે નોંધાવવાની અને બીજી યથાશક્તિ સેવા આપવાની અમારી નમ્ર વિનંતિ છે.

શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સ
પંદરમું અધિવેશન
સ્વાગત સમિતિ
Tel. Add:- " Reception "
ઠે શરાફબજાર-ભાવનગર
તા. ૭-૧૧-૧૯૩૮

લી૦ સેવકો;—
**ગાંધી જમનાદાસ અમરચંદ**
**વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ** બી.એ.
જનરલ સેક્રેટરીઓ.

# શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ—બંધારણનું અવલોકન.

લેખકઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

લેખાંક ૩ જો.

## વિષય વિચારિણી સમિતિ.

૭ (સબજેકટસ કમિટી) કોન્ફરન્સના અધિવેશનમાં રજુ કરવાના ઠરાવો ઘડી કાઢવા, વકતાઓની ચુંટણી કરવા, અને સ્થાયી સમિતિના (સ્ટેન્ડીંગ કમીટી) ના સભ્યોના નામો નક્કી કરવા માટે કોન્ફરન્સની બેઠકના પહેલા દિવસે વિષય વિચારિણી સમિતી નીમવામાં આવશે.

વિષય વિચારિણી સમિતિની ચુંટણીમાં દરેક પ્રાંતનું પ્રતિનિધિત્વ આવી શકે તે માટે નીચેના નિયમો ધ્યાનમાં રાખવા. સ્વાગત સમિતીમાંથી ૨૫ મેમ્બરો, જે પ્રાન્તમાં કોન્ફરન્સ ભરાય તે પ્રાંતમાંથી ૨૦ વધારે મેમ્બરો, ગ્રેજ્યુએટોમાંથી ૧૫, અધિપતિઓમાંથી ૪, કોન્ફરન્સના અગાઉના પ્રમુખો અને ચાલુ મહામંત્રીઓ (જનરલ સેક્રેટરીઓ), પ્રતિનિધિઓમાંથી વિભાગ વાર નીચે પ્રમાણે પ્રતિનિધિઓ (મેમ્બરો) લેવા. (૧) બંગાળા ૫, (૨) બિહાર ઓરીસા ૨, (૩) સંયુક્ત પ્રાંતો ૫, (૪) પંજાબ ઉત્તર, પશ્ચિમ સરહદના પ્રાંતો સાથે ૧૫, (૫) સિંધ ૨, (૬) કચ્છ ૨૦, (૭) પૂર્વ કાઠીયાવાડ ૧૫, (૮) પશ્ચિમ કાઠીયાવાડ ૧૫, (૯) ઉત્તર ગુજરાત ૨૫, (૧૦) દક્ષિણ ગુજરાત ૨૦, (૧૧) મુંબઈ ૪૫, (૧૨) મહારાષ્ટ્ર ૧૩, (૧૩) દક્ષિણ મહારાષ્ટ્ર ૧૨, (૧૪) મદ્રાસ ઈલાકો મહીસુર સાથે ૩, (૧૫) નિઝામ રાજ્ય ૨, (૧૬) મધ્ય પ્રાંત બીરાર સાથે ૭, (૧૭) મધ્ય હિંદ—પૂર્વ વિભાગ ૩, (૧૮) મધ્યહિંદ-માળવા ૭, (૧૯) મારવાડ ૧૨, (૨૦) મેવાડ ૭, (૨૧) પૂર્વ રાજપુતાનાના રાજ્યો ૫, (૨૨) અજમેર-મેરવાડા ૫, (૨૩) બરમા ૫, (૨૪) એડન ૧, (૨૫) આફ્રિકા ૨ અને (૨૬) દિલ્હી ૫, વિષય વિચારિણી સમિતીમાં પ્રમુખ તરિકે કોન્ફરન્સના પ્રમુખ કાર્ય કરશે અને તેની ગેર હાજરીમાં સ્વાગત સમિતીના પ્રમુખ કાર્ય કરશે.

સ્વાગત સમિતીએ, ગ્રેજ્યુએટો અને અધિપતિઓએ અને ઉપલા દરેક વિભાગના પ્રતિનિધિઓએ કોન્ફરન્સના પહેલા દિવસે વિષય વિચારિણી સમિતીમાં પોતા તરફથી જે સભાસદ નીમવા માગતા હોય તેના નામો સ્વાગત સમિતિના સેક્રેટરીને લખી મોકલવાં.

વિષય વિચારિણી સમિતી માટે જો તેવાં નામો નીમાઇને લિખિતવાર ન આવે તો હાજર રહેલા પ્રતિનિધિઓમાંથી મહામંત્રીઓ તેવી ચુંટણી કરશે.

જરૂર પડતાં પ્રમુખ સાહેબ પોતા તરફથી ૫ સુધી સભાસદ વિષય વિચારિણી સમિતીમાં નીમી શકશે.

એક રીતે કહીયે તો આ સાતમી કલમ અતિ મુદ્દાસરની છે કેમકે ઠરાવોની છણાવટ એના દ્વારાજ થાય છે. જે ઠરાવો વધુમતીએ એમાં પસાર થાય તે ઘણું ખરૂં અધિવેશનમાં પસાર થાય છે એટલે એ સમિતિ અતિ અગત્યનો ભાગ ભજવે છે. એમાં ભિન્ન પ્રાંતો તરફના પ્રતિનિધિઓનો જે ક્રમ બાંધ્યો છે તે કોઈ વિભાગને અન્યાય કર્તા જણાતો નથી છતાં એ સબંધમાં વધુ ચોખવટ કરવાની જરૂર છે. કયાં તો પૂર્વ કાઠીયાવાડ કે દક્ષિણ ગુજરાત જેવા ટુંકા ઉલ્લેખને બદલે એમાં આવી જતાં પ્રદેશની સ્પષ્ટ મર્યાદા નક્કી કરવી જોઇએ અથવા તો મોટા શહેરો અને એની આસપાસનો અમુક પ્રદેશ એના વિભાગો નિયત કરવા જોઇએ. અનુભવથી એમ જોવામાં આવેલ છે કે વર્તમાન પદ્ધત્તિથી ઘણીવાર ગોટાળો થઈ જાય છે; અને કેટલીકવાર ઉત્તરવાળા દક્ષિણમાં દાખલ થઇ જાય છે અગર કેટલાક દેશી રાજ્યોને કયામાં ગણવા એ પ્રશ્ન ઉદ્‌ભવે છે. વળી એ પણ નિયત થવું જરૂરી છે કે ગમે તે પ્રાંત તરફથી ગમે તે પ્રતિનિધિ ન આવી શકે પણ કયાં તો એ પ્રાંતમાં વસતો હોય અગર તો એ એનુ મૂળ વતન હોય. જે કાળમાં આપણે જીવીએ છીએ અને નજર સામે રાષ્ટ્રિય મહાસભાની ચુંટણીઓ નિહાળીએ છીએ એ વેળા 'ગ્રેજ્યુએટોમાંથી ૧૫ અને અધિપતિઓમાંથી ૪' કાયમને માટે બંધ કરવા જોઇએ. એ જાતનો વધુ પડતા હકની હવે જરૂર નથીજ. સૌ કોઇએ પોતાના પ્રાંત તરફથીજ ચુંટાઈ આવવું ઘટે.

ચુંટણી કરનાર ડેલીગેટ બંધુઓએ પોતાના તરફથી પ્રતિનિધિ મોકલવામાં ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. પોતે જેમણે મોકલે છે તેઓ પ્રાંતના વિચારનો પડઘો પાડનારા છે કે કેવળ પોતાની મોરલીએ નૃત્ય કરનારા છે એ ખાસ જોવાની જરૂર છે. પ્રાંતનો મત રજુ કરે તેવાઓનેજ ચુંટી મોકલવા ઘટે.

વિષય વિચારિણી સમિતિ રાષ્ટ્રિય મહાસભાની માફક દિવસના મળે અને ખુલ્લી બેઠક રાત્રિના મળે તેવો પ્રબંધ કરવાની ખાસ આવશ્યકતા છે. એ પ્રથા આવકારદાયક પણ છે કેમકે એથી ઉજાગરામાંથી બચી જવાય છે અને વિચારણા માટે સમયની વિપુળતા રહે છે. કેટલીક વાર મોડી રાત થતાં જે શુષ્ક હાજરી થઇ જાય છે, તે દિવસનો સમય હોવાથી બનવા નથી પામતું.

---

## શ્રદ્ધા.

શ્રદ્ધા જ્ઞાનમયી અને વિવેકપૂર્ણ હોવી ઘટે. શ્રદ્ધાનું ક્ષેત્ર જ્યાં બુદ્ધિનું ક્ષેત્ર પૂરું થાય છે ત્યાંથીજ શરૂ થાય છે. બુદ્ધિનો જે વિષય હોય તે શ્રદ્ધાનો વિષય કદી હોઇજ ન શકે એટલે અંધ શ્રદ્ધાને શ્રદ્ધા ગણાયજ નહિં.

જે વસ્તુ સ્વભાવતઃ આત્માની સાથે સંબંધ રાખે છે તે કદી બુદ્ધિ વાટે બીજાને આપી શકાયજ નહીં. એ ઇશ્વર વિષેની શ્રદ્ધા બુદ્ધિવાટે આપવાનો પ્રયત્ન કરવા જેવી વાત છે. એ બનીજ ન શકે, કેમકે એ વસ્તુ સ્વભાવતઃજ હૃદયનો વિષય છે. શ્રદ્ધાને અનુભવને બળે જ્ઞાનમાં ફેરવી શકાય, અને એ કેવળ હૃદયવાટેજ મેળવી શકાય, બુદ્ધિવાટે નહીંજ. અનુભવે કરીને શ્રદ્ધાને જ્ઞાનના રૂપમાં ફેરવી શકાય; પણ એ બુદ્ધિ વાટે નહીં પણ કેવળ હૃદય વાટેજ આવે. બુદ્ધિ જો કંઈ કરતી હોય તો શ્રદ્ધાના વિષયોમાં અંતરાય રૂપ નીવડે છે. —ગાંધીજી.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## ( ૧૫ મું અધિવેશન )

## ભાવનગરમાં ચાલી રહેલી તડામાર તૈયારીઓ.

## પેટા સમિતિઓની નિમણુંક.

તા૦ ૬-૧૧-૩૮ ના રોજ રાત્રીના સાડા આઠ કલાકે શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં સ્વાગત સમિતિની જનરલ મીટીંગ સ્વાગત પ્રમુખ શ્રીયુત્ જીવરાજભાઇ ઓધવજી દોશી બી એ. એલ. એલ બી. ના પ્રમુખપણા નીચે મળી હતી. મીટીંગમાં પ્રમુખ સાહેબ ઉપરાંત શેઠ કુંવરજીભાઇ આણંદજી, શેઠ અમૃતલાલ છગનલાલ, શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ગાંધી જમનાદાસ અમરચંદ, માસ્તર દીપચંદ જીવણભાઇ, બી એ. બી. એસ. વકીલ ભાઇચંદ અમરચંદ શાહ બી. એ. એલએલ. બી; વકીલ કચરાલાલ નાનજીભાઇ બી. એ એલએલ. બી. ઘડીઆળી મણીલાલ ઘેલાભાઇ, શાહ વેલચંદ જેઠાભાઈ, શાહ અમરચંદ કુંવરજી, શાહ હીરાચંદ સોમચંદ, હરિલાલ દેવચંદ શેઠ, ચત્રભુજ જેચંદ શાહ બી. એ. એલએલ. બી; જગજીવનદાસ છગનલાલ, ભોગીલાલ જીવરાજ, વિનયચંદ મૂળચંદ, શાહ હરગોવિંદ ગીરધર, શાહ કાન્તીલાલ ભગવાનદાસ, શાહ સોમચંદ લાલચંદ વિગેરે ગૃહસ્થો હાજર હતા.

મીટીંગ બોલાવવાનો સરક્યુલર ચત્રભુજ શાહે વાંચી સંભળાવ્યો હતો અને છેલ્લી જનરલ મીટીંગની પ્રોસીડીંગ વંચાઇ મંજુર થયા બાદ કાર્યક્રમ મુજબ નીચે મુજબ પેટા સમિતિઓ નીમવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું.

### ૧ મંડપ સમિતિ.

વકીલ ભાઇચંદ અમરચંદની દરખાસ્ત તથા ઘડીઆળી મણીલાલ ઘેલાભાઇના ટેકાથી સર્વાનુમતે નીચે મુજબ **મંડપ સમિતિ** નીમવામાં આવી હતી:—

**પ્રમુખ**—રા. રા. શ્રી. છગનલાલ જીવનલાલ બી ઇ. (સીવીલ)

**મંત્રીઓ**:—પારેખ ચુનીલાલ દુર્લભદાસ તથા શેઠ હરિલાલ દેવચંદ.

**સભાસદો**—ગાંધી ચત્રભુજ મોતીલાલ, મ્હેતા શાન્તીલાલ ગંભીરચંદ બી. ઇ. ગાંધી વલ્લભદાસ ત્રીભોવન, શાહ હરગોવિંદ ગીરધરલાલ, શાહ લલ્લુભાઇ દેવચંદ, શાહ વેલચંદ જેઠાભાઇ.

ઉપરાંત સ્વાગત સમિતિના જનરલ સેક્રેટરીઓ. સદરહુ સમિતિને વધારે સભાસદો ચુંટવાની સત્તા આપવામાં આવી હતી.

### ૨ પ્રચાર સમિતિ.

શાહ હરગોવિંદદાસ ગીરધરલાલની દરખાસ્ત તથા શાહ વેલચંદ જેઠાભાઇના ટેકાથી સર્વાનુમતે નીચે મુજબ **પ્રચાર-સમિતિ** પોતાના પ્રમુખ તથા વધારે સભાસદો ચુંટવાની સત્તા સાથે નીમવામાં આવી હતી.

**મંત્રીઓ**:—ચત્રભુજ જેચંદ શાહ બી. એ. એલએલ. બી. તથા હરિલાલ દેવચંદ શેઠ.

**સભાસદો**—ભીમજીભાઇ હરજીવન સુશીલ, શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, વકીલ ભાઇચંદ અમરચંદ શાહ બી. એ. એલએલ. બી. કચરાલાલ નાનજીભાઇ બી. એ. એલએલ. બી. માસ્તર નાગરદાસ મગનલાલ બી. એ.

ઉપરાંત સ્વાગત સમિતિના જનરલ સેક્રેટરીઓ.

### ૩ સ્વયંસેવક સમિતિ.

શાહ હીરાચંદ સોમચંદની દરખાસ્ત તથા શાહ રતિલાલ દુર્લભદાસના ટેકાથી સર્વાનુમતે નીચે મુજબ **સ્વયંસેવક સમિતિ** પોતાના પ્રમુખ તથા વધારે સભાસદો ચુંટવાની સત્તા સાથે નીમવામાં આવી હતી.

**મંત્રીઓ**:—શાહ જગજીવનદાસ છગનલાલ તથા બેચરલાલ નાનચંદ દોશી.

**સભાસદો**—કેપ્ટન વિઠ્ઠલદાસ જીવરાજ દોશી, એમ. બી. બી. એસ. માસ્તર દીપચંદ જીવણભાઇ બી. એ. બી. એલ. સી. શાહ ગુલાબચંદ લલ્લુભાઈ, અર્જુનલાલ નેમચંદ કાપડીઆ, શાહ ભોગીલાલ જીવરાજ, શાહ રમણીકલાલ બકુભાઇ, ભોગીલાલ મગનલાલ, શાહ કાંન્તીલાલ ભગવાનદાસ, શાહ નરોતમ જીવરાજ, શાહ મોહનલાલ ઉકાભાઇ, શાહ સોમચંદ લાલચંદ, શાહ તલકચંદ લક્ષ્મીચંદ, વકીલ ભાઇચંદ અમરચંદ, ઉપરાંત સ્વાગત સમિતિના જનરલ સેક્રેટરીઓ.

### ૪ ભોજન સમિતિ.

શેઠ હરિલાલ દેવચંદની દરખાસ્ત તથા મોહનલાલ છગનલાલના ટેકાથી સર્વાનુમતે નીચે મુજબ **ભોજન સમિતિ** વધારે સભાસદો ચુંટવાની સત્તા સાથે નીમવામાં આવી હતી.

**પ્રમુખ**—શેઠ નાનાલાલ હરિચંદ દોશી.

**ઉપપ્રમુખ**—શેઠ અમૃતલાલ છગનલાલ.

**મંત્રીઓ**:—શાહ વેલચંદ જેઠાભાઇ તથા શાહ અમરચંદ કુંવરજી.

**સભાસદો**—શાહ હીરાચંદ હરગોવિંદ, શાહ અનોપચંદ ગોરધન, શાહ રતિલાલ દુર્લભદાસ, શાહ હરગોવિંદ ગીરધરલાલ, તથા સ્વાગત સમિતિના સભાસદ થવા ઉપર શેઠ જીવતભાઈ ગોરધન તથા શેઠ હરિભાઈ મુળચંદ ઉપરાંત સ્વાગત સમિતિના જનરલ સેક્રેટરીઓ.

## ૫ ડ્રાફ્ટ સમિતિ.

શેઠ કુંવરજીભાઇ આણુંદજીની દરખાસ્ત તથા અમૃતલાલ છગનલાલના ટેકાથી નીચે મુજબ ડ્રાફ્ટ (મુસદ્દા) સમિતિની વધારે સભાસદો ચુંટવાની સત્તા સાથે સર્વાનુમતે નીમવામાં આવી હતી.

**ચેરમેન**—શ્રી. જીવરાજભાઇ ઓધવજી દોશી, બી. એ. એલએલ. બી.

**મંત્રીઓ:**—ચત્રભુજ જેચંદ શાહ બી. એ. એલએલ. બી. તથા વકીલ કચરાલાલ નાનજીભાઈ બી. એ. એલએલ. બી.

**સભાસદો**—મોતીચંદ ગીરધરલાલ સોલીસીટર, શેઠ કુંવરજીભાઇ આણુંદજી, વકીલ જગજીવનદાસ શીવલાલ પરીખ, બી. એસ. સી. એલએલ. બી. શેઠ દેવચંદભાઈ દામજી, ગાંધી વલ્લભદાસ ત્રીભોવનદાસ, વકીલ વૃજલાલ દીપચંદભાઇ, વકીલ ભાઇચંદ અમરચંદ શાહ બી એ. એલએલ. બી; વકીલ ચંપકલાલ રાયચંદ બી. એ. એલએલ. બી. શેઠ નેમચંદ ગીરધરલાલ, ભીમજીભાઇ હરજીવન સુશીલ, શાહ ગુલાબચંદ લલ્લુભાઈ, શેઠ હરિચંદ કરશનજી, શાહ હરગોવિંદ ગીરધરલાલ તથા સ્વાગત સમિતિના જનરલ સેક્રેટરીઓ.

## ૬ પ્રેસ કમિટી.

શેઠ અમૃતલાલ છગનલાલની દરખાસ્ત તથા શાહ જગજીવનદાસ છગનલાલના ટેકાથી સર્વાનુમતે નીચે મુજબ **પ્રેસ-કમિટી** વધારે સભાસદો ચુંટવાની સત્તા સાથે નીમવામાં આવી હતી.

**પ્રમુખ**—વકીલ વૃજલાલ દીપચંદભાઇ.

**મંત્રી:**—અમરચંદ કુંવરજી શાહ.

**સભાસદો**—સંઘવી મણીલાલ ઘેલાભાઇ, કેશવલાલ દામોદરદાસ તથા સ્વાગત સમિતિના સભાસદ થયા ઉપર શાહ નાનચંદ તારાચંદ તથા સ્વાગત સમિતિના જનરલ સેક્રેટરીઓ.

## ૭ ભંડોળ સમિતિ.

શાહ હરગોવિંદદાસ ગીરધરલાલની દરખાસ્ત તથા શાહ વિઠ્ઠલદાસ મૂળચંદના ટેકાથી સર્વાનુમતે નીચે મુજબ ભંડોળ-સમિતિ વધારે સભાસદો ચુંટવાની સત્તા સાથે નીમવામાં આવી હતી.

**પ્રમુખ**—રા. રા. શ્રી. જીવરાજભાઇ ઓધવજી દોશી, બી. એ. એલએલ. બી

**મંત્રી:**—ગાંધી જમનાદાસ અમરચંદ.

**સભાસદો**—શેઠ હીરાલાલ અમૃતલાલ, શેઠ માણેકચંદ જેચંદ, શેઠ ભોગીલાલ મગનલાલ, શેઠ ગુલાબચંદભાઈ આણુંદજી, શેઠ દેવચંદ દામજી, ગાંધી ચત્રભજ મોતીલાલ, શેઠ અમૃતલાલ છગનલાલ, નાનાલાલ હરિચંદ દોશી, શાહ હરગોવિંદ ગીરધરલાલ, શાહ અમરચંદ કુંવરજી તથા સ્વાગત સમિતિના જનરલ સેક્રેટરીઓ અને ખજાનચીઓ.

## ૮ કારોબારી સમિતિ.

ગાંધી જમનાદાસ અમરચંદની દરખાસ્ત તથા વકીલ ભાઇચંદ અમરચંદના ટેકાથી નીચે મુજબ કારોબારી સમિતિની વધારે સભાસદો ચુંટવાની સત્તા સાથે સર્વાનુમતે નીમવામાં આવી હતી.

**પ્રમુખ**—રા. રા. શ્રી. જીવરાજભાઇ ઓધવજી દોશી, બી. એ. એલએલ. બી.

**મંત્રીઓ:**—સ્વાગત સમિતિના જનરલ સેક્રેટરીઓ.

**સભાસદો**—શેઠ કુંવરજી આણુંદજી, વકીલ જગજીવનદાસ શીવલાલ પરીખ, શેઠ ભોગીલાલ મગનલાલ, શેઠ દેવચંદ દામજી, ગાંધી ચત્રભજ મોતીલાલ, શેઠ નેમચંદ ગીરધરલાલ, શેઠ અમૃતલાલ છગનલાલ, શાહ કુંવરજી જેઠાભાઇ, ચુનીલાલ દુલભદાસ પારેખ, સંઘવી મણીલાલ ઘેલાભાઇ, શાહ જગજીવન છગનલાલ, વકીલ ભાઇચંદ અમરચંદ શાહ, શાહ ચત્રભુજ જેચંદ, શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, શેઠ હરિલાલ દેવચંદ તથા ખજાનચીઓ તથા દરેક પેટા-સમિતિના પ્રમુખ તથા સેક્રેટરીઓ.

## ૯ અન્ડર સેક્રેટરી.

શાહ ચત્રભુજ જેચંદની દરખાસ્ત અને શાહ હરગોવિંદ ગીરધરલાલના ટેકાથી સ્વાગત સમિતિના એક વધારે અન્ડર સેક્રેટરી તરીકે શેઠ હરિલાલ દેવચંદની સર્વાનુમતે ચુંટણી કરવામાં આવી હતી.

ત્યારબાદ મહેરબાન પ્રમુખ સાહેબનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

લી૦ સેવક,
**ચતુર્ભુજ શાહ.**
મંત્રી, પ્રચાર સમિતિ.


**તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ**

# જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | | રૂા ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |
| જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃત:— | પૃષ્ટ. | | |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | ૧૦૦૦ | રૂા. ૫-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | ૮૫૦ | રૂા. ૩-૦-૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઈતિહાસ | ૧૨૫૦ | રૂા. ૬-૦-૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—મુંબઈ, ૩

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## (૧૫ મું અધિવેશન.)

## સ્વાગત સમિતિની સભા.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ભાવનગર મુકામે ૧૫ માં અધિવેશન માટે સ્વાગત સમિતિના પ્રમુખ સેક્રેટરીઓ વિગેરેની ચુંટણી કરવા માટે તા૦ ૨-૧૧-૩૮ ના રોજ રાત્રીના આઠ કલાકે શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં સ્વાગત સમિતિની જનરલ મીટીંગ મળી હતી. મીટીંગમાં શેઠ કુંવરજીભાઇ આણંદજી, શ્રીયુત્ જીવરાજભાઇ ઓધવજી દોશી સરન્યાયાધીશ, શેઠ દામોદરદાસ હરજીવનદાસ, વકીલ વૃજલાલ દીપચંદભાઇ, શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. વકીલ જગજીવનદાસ શીવલાલ બી. એસ. સી. એલએલ. બી. માસ્તર દીપચંદ જીવણલાલ બી. એ. બી. એસ. સી. શેઠ ચમનલાલ ઝવેરચંદ, વકીલ ભાઇચંદ અમરચંદ, વકીલ કચરાલાલ નાનજીભાઇ, શાહ ચત્રભુજ જેચંદ, શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી, શાહ વેલચંદ જેઠાભાઇ, ઘડીઆળી મણીલાલ ઘેલાભાઇ વિગેરે સદ્ગ્રહસ્થો હતા. મીટીંગનું પ્રમુખસ્થાન શેઠ દામોદરદાસ હરજીવનને આપવામાં આવ્યું હતું. મીટીંગ બોલાવવાનો સરક્યુલર તથા અગાઉની મીટીંગનું પ્રોસીડીંગ ચત્રભુજ શાહે વાંચી સંભળાવ્યા હતા. પ્રોસીડીંગ મંજુર થયા બાદ વકીલ જગજીવનદાસે સ્વાગત સમિતિનું કામ આગળ ચલાવવા માટે પ્રમુખ વિગેરેની ચુંટણી કરવા સબંધે નિવેદન કર્યા પછી શેઠ કુંવરજી આણંદજીની દરખાસ્ત અને વકીલ વૃજલાલ દીપચંદના અનુમોદનથી શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશી બી. એ. એલએલ. બી. જેઓ ભાવનગર રાજ્યના સરન્યાયાધિશનો હોદ્દો ભોગવે છે, તેમની દરેક પ્રકારની યોગ્યતાની કદર કરી સ્વાગત સમિતિના પ્રમુખ તરીકે સર્વાનુમતે ચુંટણી કરવામાં આવી હતી. શ્રીયુત્ જીવરાજભાઇએ તેનો નમ્રતા પૂર્વક સ્વીકાર કરતા સહર્ષ વધાવી લેવામાં આવ્યા હતા. ત્યાર પછી વકીલ જગજીવનદાસની દરખાસ્ત તથા શેઠ અમૃતલાલ ઝવેરચંદના અનુમોદનથી સ્વાગત સમિતિના સેક્રેટરીઓ પૈકી ગાંધી જમનાદાસ અમરચંદ તથા વિઠ્ઠલદાસ મુળચંદ શાહ બી. એ. ની સર્વાનુમતે ચુંટણી કરવામાં આવી હતી. અને વધુ સેક્રેટરીઓ નીમવાનું કામ બીજી મીટીંગ પર મુલતવી રાખવામાં આવ્યું હતું, ત્યાર પછી જમનાદાસ ગાંધીની દરખાસ્ત તથા માસ્તર નાગરદાસ મગનલાલના અનુમોદનથી સ્વાગત સમિતિના અંડર સેક્રેટરીઓ પૈકી ચત્રભુજ જેચંદ શાહ બી. એ. એલએલ. બી. વકીલ ભાઇચંદ અમરચંદ શાહ બી. એ. એલએલ. બી. તથા અમરચંદ કુંવરજી શાહની સર્વાનુમતે ચુંટણી કરવામાં આવી હતી. સ્વાગત સમિતિના ઉપપ્રમુખો વધારે સેક્રેટરીઓ તથા અંડર સેક્રેટરીઓ, ખજાનચી વિગેરે હોદ્દેદારો અને સબ કમીટીઓ વિગેરેની ચુંટણીનું કામ બીજી મીટીંગ માટે બાકી રાખવામાં આવ્યું હતું. ત્યાર પછી ગાંધી જમનાદાસની દરખાસ્ત તથા વકીલ ભાઇચંદભાઈના અનુમોદનથી ભાવનગર ઉપરાંત ગોહેલવાડ પ્રાંતના ગામોનો સહકાર મેળવવા માટે ગોહેલવાડ પ્રાંતના ગામોમાંથી સ્વાગત સમિતિના સભાસદો નીમવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું. ત્યાર બાદ પ્રમુખ સાહેબનો આભાર માનીને મીટીંગ વિર્સજન થઇ હતી.

લી૦ સેવક,

**ચતુર્ભુજ શાહ.**

તા૦ ૩-૧૧-૩૮. ઑ. સેક્રેટરી. સ્વાગત સમિતિ.

# ડુંગરશી (સુખલાલ) દીક્ષા પ્રકરણ.

## કરાચીના શ્રી. જૈન યુવક સંઘે તા૦ ૨૬ મી ઓકટોબરના રોજ પોતાની સભામાં પસાર કરેલ ઠરાવ.

જૈન યુવક સંઘની આજની સભા સર્વાનુમતે ઠરાવ કરે છે કે કરાચીના જૈન યુવક શ્રી સુખલાલ ઉર્ફે ડુંગરસી કે જે નાની વયે દિક્ષા લ્યે છે અને એની પાછળ એક કુમળું બાળક સાથે પોતાની યુવાન પત્નિ તથા વૃદ્ધ માબાપોને રડતા મુકે છે એ માટે સખ્ત ધૃણા પ્રદર્શિત કરે છે. યુવક સંઘે શ્રી સુખલાલના યુવાન, આંસુ સારતી પત્નિ લલીતાનું સ્ટેટમેંટ દુઃખભર્યા હૃદયે વાંચ્યું છે અને, આ અયોગ્ય દિક્ષા અટકાવવા માટે યુવક સંઘ સર્વ શક્ય ઉપાયો યોજવા નિર્ણય કરે છે.

મુની રામવિજયને આ સંઘ વિનિતભાવે પ્રાર્થે છે કે આ દિક્ષા આપવાનું બંધ કરે નહિં તો એ અયોગ્ય દિક્ષાનો સામનો યુવક સંઘ દ્રઢ નિર્ણય સાથે કરશે.

## ભાઇશ્રી સુખલાલના માતાપિતાનું નિવેદન.

અમો સુખલાલ ઉર્ફે ડુંગરશીનાં માતા પિતા આથી જાહેર કરીએ છીએ કે ચિ૦ સુખલાલે પોતાના તા૦ ૭ મી અકટોબરના વીરશાસન નામક પત્રમાં પ્રસિદ્ધ થયેલ નિવેદનમાં તેણે દિક્ષા લેવા માટે અમારી રજા લીધી છે એમ જણાવ્યું છે તે તદન બીનપાયેદાર અને જુઠું છે તેથી અમો સમસ્ત સંઘને અને ખાસ કરીને મુનીશ્રી રામવિજયજીને આગ્રહ ભરી વિનંતી કરીએ છીએ કે અમારા બુઢાપાનો કંઇ ખ્યાલ કરી અમારી વહુ (લલીતા) ની દર્દભરી કરૂણાજનક સ્થિતિ ધ્યાનમાં લઇ અમારા સારાય કુટુંબ પર દયા લાવી અમારા આ વ્હાલાસોયા પુત્રને આ રીતની અયોગ્ય દિક્ષા આપવા અપાવવાનું બંધ કરે તો અમો હરહંમેશ તેઓના રૂણી રહીશું.

(સહી) **ગીરધરલાલ ભાઇચંદ દા. પોતે.**

(સહી) **દીવાળીબાઇ ગીરધરલાલ દા. પોતે.**

# સ્વીકાર અને સમાલોચના.

**શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા**—ભાવનગર મારફતે નીચે પ્રમાણે સાત પુસ્તકો સમાલોચનાર્થે મલ્યા છે. **૧ જૈન ધર્મનું ઉત્કૃષ્ટ સ્વરૂપ. ૨ જગત્ અને જૈન દર્શન. ૩ શ્રી વીર વિહારમીમાંસા. ૪ અશોકના શિલા લેખો ઉપર દૃષ્ટિપાત. ૫ 'પ્રાચીન ભારત વર્ષ' નું સિંહાવલોકન. ૬ મથુરાનો સિંહધ્વજ. ૭ મહા ક્ષત્રપ રાજા રૂદ્રદામા.** એમાંનું પ્રથમ સ્વ૦ આચાર્ય શ્રી વિજયધર્મસૂરિની તુલનાત્મક વિચારણા સુચક છે, જ્યારે બાકીના ૭ ઇતિહાસ તત્વ મહોદધિ આચાર્ય મહારાજ શ્રી વિજયેંદ્રસૂરિની સ્વતંત્ર કલમથી લખાયેલ છે. પ્રથમના બે માં જૈન ધર્મના મૂળ સિદ્ધાંતો પર–એના ઉદાર તત્વો પર, સરળતાથી છતાં સચોટ રીતે પ્રકાશ ફેંકવામાં આવેલ છે. માત્ર જૈનોજ નહિં પણ જૈનેતરો એમાં અવગાહન કરી શકે એ રીતે એની સંકલના કરાયેલી છે. જૈન ધર્મ શું વસ્તુ છે એ જાણવા ઇચ્છતી પ્રત્યેક વ્યકિતને એ બન્ને પુસ્તિકાઓ વાંચી જવા ભલામણ છે. બાકીના પાંચ (૩ થી ૭) ઐતિહાસિક દૃષ્ટિયે શોધખોળના ઉંડા અભ્યાસ પછી તૈયાર કરાયેલ ગ્રંથો છે. એ વિષય પર વજનદાર અભિપ્રાય તો ઇતિહાસનો પૂર્ણ અભ્યાસીજ આપી શકે છતાં એટલું તો નિર્વિવાદ કહેવું જોઇએ કે દરેક ગ્રંથમાં જે મુદ્દાસર ચર્ચા કરી છે, અને એ માટે ભિન્ન ભિન્ન શોધકોના અને પુસ્તકોના અવતરણ ટાંકયા છે એ જોતાં આચાર્યશ્રીનો એ વિષયનો અનુભવ પ્રશંસાપાત્ર છે. અને લખાણ વજનદાર છે એમ કહ્યા સિવાય ચાલે તેમ નથીજ. તેઓશ્રીના આ સુંદર પ્રયત્નો વડે જૈન ધર્મ પર કેટલીક ઘર કરતી માન્યતાઓ પર પૂર્ણ અજવાળું પડયું છે અને તાજેતરમાં પ્રસરતી ભ્રમજાળોનો સ્ફોટ થઇ ગયો છે. એ માટે આચાર્યશ્રીને ધન્યવાદ ઘટે છે. **શ્રી વીર–વિહારમીમાંસા** વાંચ્યા પછી ભાગ્યેજ કોઇ નાંદીયા અને બ્રાહ્મણવાડામાં પ્રભુશ્રી વીરને ઉપસર્ગ થયાનું માનવા તૈયાર થાય. લાટ અને લાઢ એ જુદા દેશ છે એ સહજ સમજાય તેમ છે.

**અશોકના શિલાલેખો અને મથુરાનો સિંહધ્વજ.** એ પુસ્તકો વાંચ્યા પછી એમ કબુલવુંજ પડે કે એ બૌધ ધર્મને લગતા છે. એને જૈન ધર્મના ઠરાવવા સારૂ ડૉ૦ ત્રીભોવનદાસે આચાર્યશ્રીએ ટાંકેલી સાદ તો કરતાં વધુ સંગીન પુરાવા રજુ કરવા જોઇએ. માત્ર માન્યતા ન ચાલી શકે.

**મહાક્ષત્રપ રૂદ્રદામાની કૃતિ, જૈન ધર્મના ઇતિહાસ** પદ તદ્દન નવું અજવાળું પાડે છે. ગર્દભિલ્લ રાજા. શ્રી કાળિકાચાર્ય અને શક પ્રજાને લગતું ઘણું ઘણું ઇતિહાસિક બ્યાન એમાંથી પ્રાપ્ત થાય છે. ભારત વર્ષમાં શકરાજના સ્થાપક તરિકે આચાર્ય મહારાજ શ્રી કાળિકાચાર્યે ભજવેલ ભાગ સમજવા જેવો છે. એને લગતા જે સંગીન ટાંચણો મહારાજશ્રીએ નોંધ્યા છે એ પરથી તેઓશ્રીના ઉંડા અભ્યાસનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. **'પ્રાચીન ભારત વર્ષ' નું સિંહાવલોકન** વાંચતાંજ ડૉ૦ ત્રિભુવનદાસ લ. શાહે ઇતિહાસ જેવા અતિ મહત્વનું પુસ્તક લખવામાં સંપૂર્ણ તપાસ કર્યા સિવાય કેવલ કલ્પના તરંગો પર ઉડ્ડયન કરી કેવા છબરડા વાળ્યા છે તેનો સહજ ખ્યાલ આવે તેમ છે. પૂર્વે આ પાક્ષિકના પાનામાંજ ડૉ૦ શાહકૃત ઇતિહાસની જે શબ્દોમાં નોંધ લીધી હતી, અને આ દિશામાં કરેલ પ્રયાસ ને અભિનંદન આપ્યા હતાં તે આ પુસ્તકના વાંચન પછી સખેદ હૃદયે પાછા ખેંચી લેવા પડે છે. આચાર્ય મહારાજ શ્રી વિજયેન્દ્રસૂરીએ શાહના ઇતિહાસમાંથી લગભગ પચીસ મહત્વના મુદ્દા ઉઠાવી, ઇંગ્લીશ, હિંદી, સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં લખાયેલ ૧૬૪ પુસ્તકોમાંથી અવતરણ સંગ્રહી, એમાં શ્રી. શાહે કેવી સ્ખલનાઓ કરી છે! મૂળ પુસ્તક જોયા વગર કેવા અર્થહીન ઉતારા આપ્યા છે અને ઘણેખરે સ્થાને માત્ર કલ્પનાના જોરે ઇતિહાસનું કેવું ભયંકર ખૂન કરી નાંખ્યું છે તે યુક્તિ પુરસ્સર પુરવાર કર્યું છે. એપરથી સામાન્ય બુદ્ધિનો માનવી પણ એટલું તો જરૂર કહી શકે કે ડૉ. શાહે ઇતિહાસ જેવા અતિ અગત્યના વિષયમાં આ પ્રકારની ઉતાવળ કરવાની અગત્ય નહોતી જ. સામાન્ય કથા કે બ્યાન લખવું એ જુદી વસ્તુ છે અને ઇતિહાસ લખવો એ તદ્દન ભિન્ન વસ્તુ છે. ઇતિહાસ લેખનમાં શોધખોળ ને પ્રાચીન પુરાવા તેમજ પુરોગામી શોધકોના અવતરણો મુખ્ય ભાગ ભજવે છે. કેવલ હું આમ ધારૂં છું, અને અમુક આમ હોવું જોઇએ એવા મંતવ્યોના જોરે ઇતિહાસના આલેખન નથી થઇ શકતા. ડૉ. શાહના ચિત્રણ કરતાં આચાર્યશ્રીના અવલોકનમાં વધુ શ્રદ્ધા બેસે તેવી પુષ્કળ સામગ્રી ભરી છે. ડૉ. શાહને એ સર્વ જોઇજવા અને ઘટતા સુધારા કરવા વિનંતિ છે. તેમનું એકજ વાતપર લક્ષ ખેંચીયે અને તે એકે જંભીયગામ અને રૂજુવાલિકા નદી–તથા પાવાપુરી સંબંધી તેમણે જે અનુમાન દોર્યા છે એ કેટલા ઉંધા માર્ગે લઇ જનારા અને આગમ ગ્રંથોના ઉલ્લેખોને કોરે મૂકનારા છે! શાંતિથી એ વાતનો વિચાર કરી પોતાના ભૂલભર્યા મંતવ્યો સુધારે. અવલોકનમાં આચાર્યશ્રીએ ઉલ્લેખેલા વિષયો પર પુનઃ વિચારણા કરી જાય અને થયેલ ભૂલોનો સ્વીકાર કરી યોગ્ય સુધારણા કરે ઇતિહાસ જેવા અતિ મહત્વના વિષયમાં આવી ઉતાવળ કે કલ્પનાના જોરે આગળ ન વધાય એ વાત જરૂર યાદ રાખે.

**અનેકાંત**—(હિંદી માસિક) નવ વર્ષાંક, B. ૧ સંપાદક જુગલકિશોર મુખ્તાર. સુન્દરગેટઅપને અનેકાંતવાદ, ચાણકય ઔર ઉસકા ધર્મ આદિ જુદા જુદા વિદ્વાનોના લેખોની રસમય સામગ્રી.

**—ચોકસી.**

## છેલ્લા સમાચાર.

**ભાવનગરથી આવતું ડેપ્યુટેશન–કોન્ફરન્સના ૧૫ મા અધિવેશન પ્રસંગે આમંત્રણ આપવા ભાવનગરથી સ્વાગતસમિતિનું એક ડેપ્યુટેશન બુધવાર તા. ૧૬-૧૧-૩૮ ના રોજ મુંબઈ આવનાર છે.**

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA."

Regd. No. B. 1956

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧ લી ડીસેમ્બર ૧૯૩૮. | અંક ૯ મો.

## માનવ દેહની સાર્થકતા.

इहाति दुर्लभं प्राप्य मानुष्यं भव्य जन्तुना ।
ततः कुलादि सामग्री मासाद्य शुभ कर्मळा ॥
हयं हानोचितं सर्वं कत्तव्यं करणो चितम् ।
श्लाध्यं श्लाघोचितं वस्तु, श्रोतव्यं श्रवणोच्चितम् ॥

મહા મુશ્કેલીએ પ્રાપ્ત થાય એવો માનવ ભવ પામીને ભવ્ય આત્માએ આત્મશ્રેયદર્શી આત્માએ-પૂર્વ સંચીત સારા કાર્યોના ફળ રૂપે પોતાને ઉત્તમ કુળ આદિ જે સામગ્રી મળેલી છે તે તરફ નજર રાખી અવશ્ય એટલો નિરધાર કરવો જોઇએ કેઃ—

આત્મ ઉન્નત્તિના માર્ગમાં જે જે હાનિકર છે તે તે સર્વ ત્યજી દેવું. આત્મ પ્રગતિના માર્ગમાં જે જે કરવા યોગ્ય છે તે તે સર્વ આદરવું. માત્ર તેજ વખાણવું કે જે પ્રશંસા પાત્ર છે. અને માત્ર તેજ સાંભળવું કે જેના શ્રવણથી આત્મા કલ્યાણ પંથે વળી શકે.

ત્યજવા લાયક—यत् किञ्चिच्चित्तमालिन्य कारणं मोक्षवारणम् ।
मनोवाक् कायकर्मेह हेयं तत् स्वहितैषिणा ॥

પોતાનું ભલું ઇચ્છનારે-આત્મશ્રેયના અભિલાષુ કે-જે કંઇ કારણથી મન મલિન થાય એવું એક પણ કાર્ય મન દ્વારા વિચારવું નહિં. વાણી દ્વારા ઉચ્ચારવું નહીં અને શરીર દ્વારા કરવું નહીં. અને દૂરથીજ નવ ગજના નમસ્કાર કરવા.

કરવા લાયક—हारनीहार गोक्षीर कुन्देन्दु विशदं मनः ।
कृतंयत् कुरुते कर्म, कर्त्तव्यं तनमनीषिणा ॥

આહારની વિલક્ષણતા છતાં ગાયનું દુધ મર કુંદના ફુલને ચંદ્ર જેવું સફેદ ને નિર્મળ હોય છે તેમ મનની સ્વચ્છતા હોવી જોઇએ કે જેથી અમલમાં આવતી કરણી શુદ્ધ બને. મનુષ્યનું એજ કર્તવ્ય છે.

પ્રશંસવા લાયક—श्लाघनीयः पुनर्नित्यं, विशुध्धेनान्तरात्मना ।
त्रिलोकनाथ स्तद्धर्मो, येच तत्र व्यवस्थिताः ॥

સંપૂર્ણપણે આત્માને શુદ્ધ-નિર્મળ બનાવી અહર્નિશ ત્રણ જગતના સ્વામી એવા વીતરાગ પરમાત્માને અને તેઓ શ્રી પ્રરૂપિત ધર્મને અથવા તો એ ધર્મને અનુલક્ષી જે કંઇ કરણી નિર્માણ થઇ છે તેને અવશ્ય વખાણવી. એજ પ્રશંસા યોગ્ય વસ્તુ છે.

શ્રવણ કરવા લાયક—श्रोतव्यं भावतः सारं श्रद्धासंशुद्ध बुद्धिना ।
निःशेष दोष मोषाय, वचः सर्वज्ञ भाषितम् ॥

આત્મ કલ્યાણના ઇચ્છુકે શ્રદ્ધા ને શંકાદિના વમળોથી શુદ્ધ બનાવી અર્થાત સાચી શ્રદ્ધા પૂર્વક ને ભાવની વૃદ્ધિ પૂર્વક સર્વજ્ઞ ભાષિત આગમ કે જે સર્વ દોષોનું જડ મુળથી નિકંદન કહાડનારા પવિત્ર વચનોના સંગ્રહ રૂપ છે તે સાંભળવો, અર્થાત સિદ્ધાંતના અમુલ્ય વચનો એ સાંભળવા યોગ્ય વસ્તુ છે.

(શ્રી સિદ્ધર્ષિ ગણિરચિત-ઉપમિતિ ભવ પ્રપંચા કથા.)

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ:**–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

**—श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧-૧૨-૩૮. ગુરૂવાર.


## કિનારે ઉભી પત્થર ન ફેંકો.

ભાવનગરમાં કોન્ફરન્સનું અધિવેશન મળે તે પૂર્વે મુંબઇ સમાચારે સંબોધેલા કેટલાક ધર્મધુરન્ધરો અને ધર્મસ્વરૂપો ભાવનગર અને મુબઇમાં એકઠા મળે છે અને ભૂતકાળના મતફેરોને તાજા કરી એ મીટાવી કામ કરવાની સલાહ આપે છે! અમને દુઃખ એકજ થાય છે કે જે રીતે આ વસ્તુને તેઓ આગળ ધરે છે તે રીતે તો મતફેર દૂર ન થાય પણ કેવળ હવનમાં હાડકું નાંખવા રૂપ કાર્ય સધાય. સાંભળવા પ્રમાણે ભાવનગરમાં કેટલાક ભાઇઓને એકઠા કરી જૈન યુગમાંના બંધારણ સબંધી લેખમાંના અમુક વાકયો વાંચી સંભળાવી, જાણે કોન્ફરન્સ માત્ર દેવદ્રવ્યને વિધવા વિવાહ કરનારી સંસ્થાજ હોય! એને કંઇ ધરમની પડીજ ન હોય એવો જે ભાવ પેદા કરી એક નવો તુક્કો ઉભો કર્યો એમાં અમને સમાજ સંગઠનની તીવ્ર લાલસાને બદલે કાર્ય વિણસાડવાની ઉતાવળ જણાય છે. એ વાત મુંબઇમાં મળેલી કડીયા ટોળીથી પુરવાર થાય છે. જૈન સમાજમાં આજ કેટલાક વર્ષોથી એક શાસન પક્ષ ઉભો થયો છે અને એનું કામ શ્રી વિજયરામસૂરિની મોરલીએ નૃત્ય કરવાનું છે. આંખ ઉઘાડી ન તો જોવું કે ન તો પ્રાપ્ત થયેલ બુદ્ધિનો રંચ માત્ર ઉપયોગ કરવો! કેવળ ધર્મના નામે જ્યાં દોરી સંચાર થયો કે ફફડાટ આરંભી દેવો અને પક્ષમાં હું ને મારો રતનીયો હોવા છતાં, જાણે જૈન સમાજનો ઇજારો મેસર્સ કડીઆ દલાલ લીમીટેડનેજ ન સોંપાયો હોય એમ મનગમતા બકવાટ શરૂ કરી, કેવળ વિરોધના સુર કહાડવા. આ પ્રવૃત્તિથી ધર્મ કેટલો વધ્યો. સમાજ કેટલો ઉન્નત્ત પંથે પળ્યો એ જોવા-વિચારવાની પણ જેને ફુરસદ નથી! અરે જેઓ તેરમું કરવા ફુટી નીકળેલા તેઓનું પોતાનું આજે બુદ્ધિનું દેવાળું નિકળવાથી તેરમું થઇ ગયું! પક્ષની જમાવટને બદલે બાર ભૈયાને તેર ચોકા જેવું પરિણામ આવ્યું! એથી જૈન સમાજના ઘરોમાં ખોટો કલેશ પ્રગટયો અને બહારના કેટલાયે સવાલોમાં એ ભાઇઓની આવી ઉંધી રમતથી, એકધારૂં બળ ન દર્શાવાયાથી સમાને સહન કરવું પડયું! તેનો કયાસ શાંત ચિત્તે કાઢવામાં આવ્યો હતે તો જરૂર આવા કોળાહળથી હાથ ધોઇ નાંખ્યા હોત. એ શાસન પક્ષ નામ પ્રમાણે ગુણ ધરાવતો હોત તો આજે કોઇ જુદોજ ઇતિહાસ લખાયો હોત. ખેર! અમને એ કડીયા ટોળીના ગર્જારવ સબંધમાં કંઇ કહેવાનું નથી. અમને ભાવનગરના એ મુત્સદ્દીને ધર્મપ્રેમી ગ્રહસ્થોની ઉતાવળ જરૂર સાલે છે. તેઓનો ઠરાવ એક તરફથી કોન્ફરન્સને ફતેહમંદ કરવાની ધ્વની કહાડે છે અને બીજી બાજુથી એ સારૂ હાથ ધરવાની જે કાર્યવાહીનો ઉલ્લેખ કરે છે તે ઘોડા આગળ ગાડી મૂકવા બરાબર દેખાય છે. એમાં બંધારણીય ગુંચ નડે એવી છે એટલું જોતાં સરખાપણુ નથી એથી આશ્ચર્ય થાય છે? એ મહાનુભાવોને પુનઃ એકવાર યાદ આપીએ કે કોન્ફરન્સ ધર્મ અને સમાજની ઉન્નત્તિ અર્થે કામ કરી રહેલી છે. સંગઠન અને સંપ એ તો એનો મુદ્રા લેખ છે. દેશકાળ પ્રતિમીટ માંડી, ચર્ચાત્મક પ્રશ્નોને બાજુએ મૂકી, રચનાત્મક કાર્ય હાથ ધરવાના એને અભિલાષ છે. એ સારૂજ આવા સમયમાં અધિવેશનના ખરચાને એ આવશ્યક લેખે છે. વર્તમાન મતભેદોને ટાળી, આપ લેના કે બાંધ છોડના ધોરણે ઐકયતા ખડી કરવા તૈયાર પણ છે. ખભે ખભો મેળવવા આતુરપણુ છે એ બધું શકય બનાવવા ખાતર તો ભાવનગર પર નજર નાંખી છે. એ સાથે એ વાત ભુલવી નથી જોઇતી કે તે બંધારણને નેવે મૂકી કોઇ કામ હાથ ન ધરી શકે. વળી બંધારણ પણ એટલું વિશાળ છે કે જે ફેરફાર ઉક્ત ભાઇઓ ઇચ્છે છે તે વિના મુશ્કેલીએ કરી શકાય એમ છે. એ સારૂ પ્રથમ મુંબઇમાં મળવાની જરૂરજ નથી. ભાવનગરની સ્વાગત સમિતિના હાથમાં એની લગામ છે; આમંત્રણ એણેજ મોકલવાના હોય છે એમાં દરેક સંઘોને સ્પષ્ટ ભલામણ કરી શકે છે કે પોતાના પ્રતિનિધિ તરિકે એવા ગ્રહસ્થોને પસંદ કરી મોકલે કે જેઓ ધર્મ માટે તીવ્ર ધગશ ધરાવતા હોય અને સમાજ સંગઠનમાં પૂર્ણ રીતે શ્રદ્ધા ધરાવી, રચનાત્મક કાર્યના ખાસ હિમાયતી હોય, જે સુધારાના વાયુને તેઓ ઝેરી લેખે છે–જેનો સ્પર્શ કરવામાં તેઓ અધર્મ માને છે એના સામે દ્રઢતાથી અડગપણે ઉભી, સખત રીતે ટક્કર ઝીલે તેવા હોય. જો કહેવામાં આવે છે તેમ સમાજનો મોટો ભાગ કોન્ફરન્સની વર્તમાન કાર્યવાહીથી સામેજ નારાજ હશે તો વધુમતી અવશ્ય એ મોટા ભાગની થવાની. એ સામે સુધારકોનુ બળ આપોઆપ નરમ પડી જવાનુ. ઘણેખરે સ્થળે તો ડેલીગેટ તરિકે ચુંટાઇ આવવાનું પણ તેમને માટે અશકય બનવાનું! ચાલુ બંધારણ પ્રમાણે આ લડત નિતિના ધોરણે લડી શકાય છે. જરૂર છે માત્ર એ વાત અંતરમાં ઉતારવાની અને જાગ્રત બની કમર કસવાની.

ચાલુ બંધારણમાં બીજા પણ જે સુધારા કરવા વ્યાજબી જણાય તે પણ એ ટાણેજ થઇ શકે છે. સામાન્ય સભાનો મોટોભાગ ધારે તેવી રીતે એમાં પરિવર્તન આણી શકે છે. સ્થાપીત હક જેવું કે અમવાયતન સમુ એમાં કંઇજ નથી. કાઠીયાવાડમાં આજે જે સ્થિતિ પ્રવર્તે

# શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સના-બંધારણનું અવલોકન.

લેખકઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

લેખાંક ૪ થો.

## ઠરાવો અને સ્થાયી સમિતી.

૮ કયા ઠરાવો કોન્ફરન્સમાં રજુ થઇ શકે. ઉપર જણાવેલી રીતે બનેલી વિષય વિચારીણી સમિતિ (સબજેકટસ કમિટિ) માં હાજર થયેલ સભ્યોનો બહુમતિ ભાગ જેની તરફેણમાં હોય તેજ ઠરાવો કોન્ફરન્સમાં રજુ થશે.

ચાલુ કામમાં બહુમતીના ધોરણે કામ કરવાની પ્રથા દરેક સ્થાને સ્વીકારેલી છે અને તે યોગ્ય જણાય છે. સર્વાનુંમતે કામ કરાય તો એના જેવું અન્ય કંઇ રૂડું નથીજ પણ દેશકાળ જોતાં એ સ્થિતિ આકાશ-કુસુમવત અસંભવિત લેખાય. આ સાથે એક વાત લક્ષ બહાર જવા દેવી ન ઘટે કે ઠરાવો એવા લેવા જોઇએ કે જે ઉદ્દેશ અને કાર્યવિસ્તારની વ્યાખ્યાથી અસંગત ન હોય. વળી એ પણ ભુલવું જોઇતું નથી કે કોન્ફરન્સ મુખ્યતયા જેટલી સુલભતાથી ધાર્મિક સવાલોનો નિચોડ આણી શકે તેટલી સુલભતાથી સામાજીક પ્રશ્નોનો નિકાલ કરી શકે તેમ નથી; કારણ કે એ ગુંચવાયેલા છે એટલુંજ નહીં પણ જુદા જુદા પ્રાંતમાં એ માટે અતિ વિચિત્ર નિયમો છે વર્તે છે. દીર્ઘ દ્રષ્ટિયે જોતાં–ચાલુ વાતાવરણને નજર સન્મુખ રાખતાં–ભાર મૂકીને કહેવું જોઇએ કે કોન્ફરન્સે ધાર્મિક અને આર્થિક પ્રશ્નો પરજ વધુ લક્ષ્ય દેવું અગત્યનું છે. રાજકીય માટે રાષ્ટ્રીય મહાસભાની નીતિને અવલંબવું, જ્યારે સામાજીક સબંધમાં કયાં તો અંગુલિ નિર્દેશ કરવો કે મૌન રહેવું એજ ઇષ્ટ છે.

૯ સ્થાયી સમિતી (સ્ટેન્ડીંગ કમિટી) નું કાર્ય–નીચે જણાવેલા કાર્યો માટે કોન્ફરન્સની બેઠક વેળાએ એક સ્થાયી સમિતી નીમવામાં આવશે, જે સાધારણ રીતે દરેક કાર્યો કાર્યવાહી સમિતી દ્વારા કરશે.

(૧) કોન્ફરન્સે પોતાની બેઠક વેળાયે જે ઠરાવો પસાર કર્યા હોય તે અમલમાં મુકવા.

(૨) કોન્ફરન્સની આવતી બેઠક ભરવા માટે ગોઠવણ કરવા.

(૩) કોન્ફરન્સમાં જોઇતા નાણાં ભેગા કરવા તથા ખર્ચ કરવા.

(૪) કોન્ફરન્સને સોંપેલા નાણાં તથા સખાવતોનો વહીવટ કરવા.

આ સંબંધમાં એટલી સ્પષ્ટતા કરવી ઘટે છે કે સ્થાયી સમિતી ચુંટયા પછી વર્ષ ભરમાં ભાગ્યેજ એકાદ વખત પણ મેળવાય છે તે પ્રથા ઠીક નથી. બની શકે તો વર્ષમાં ત્રણથી ચાર વાર હિંદના જુદા જુદા શહેરમાં એની બેઠક મેળવીને કાર્યવાહી પર પુનઃ અવલોકન કરવું ઘટે. સાથોસાથ માર્ગ દર્શન કરાવવું જોઇએ. તોજ સભ્ય તરિકે ચુંટાનારને રસ પેદા થાય. આજે અધિવેશન પછી જે સુષુપ્તિ આવે છે તે દૂર થાય; અને કેટલાક પ્રસંગમાં કાર્યવાહી સમિતી પોતાની મર્યાદા બહાર જઈ અકસ્માતિક સવાલોનો નિર્ણય કરી નાખેછે તે બનવા ન પામે. આ પ્રથા કંઇક ખર્ચાળ છે છતાં દેશની જાગૃતિ જોતાં મુશ્કેલ નથીજ. એથી અવશ્ય સમાજમાં જાગૃતિ આવે છે. જ્યાં બેઠક મળવાની હોય છે ત્યાં ચેતનાના પુર ફરીવળે છે.

**૧૦ સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) ની નીમ-**ણુંક-દર કોન્ફરન્સની બેઠક વખતે વિષય વિચારિણી (સબ-જેકટસ કમિટી) લગભગ ૨૫૦ અઢીસોની સંખ્યાની એક અખીલ હિંદની સ્થાયી સમિતિ (ઓલ ઈન્ડીઆ સ્ટેન્ડીંગ કમિટી) ની ચુંટણી કરી તે નામો કોન્ફરન્સની બહાલી માટે રજુ કરશે. સ્થાયી સમિતી (સ્ટેન્ડીંગ કમિટી) માં નીચે પ્રમાણે પ્રાંતો અને શહેરોમાંથી ચુંટણી કરવામાં આવશે.

બંગાળા ૭, બિહાર ઓરીસા ૧, સંયુક્ત પ્રાંતો ૬, પંજાબ ૧૦, સિંધ ૨, કચ્છ ૧૨.

### કાઠીયાવાડ ૨૬.

ઝાલાવાડ વિભાગ ૮, ગોહિલવાડ વિભાગ ૧૦, સોરઠ વિભાગ ૧૦, હાલાર વિભાગ ૮.

### ઉ. ગુજરાત ૫૪.

અમદાવાદ શહેર અને જીલ્લો ૧૬, પાટણ શહેર અને તાલુકો ૭, વડોદરા, ખંભાત, ખેડા તથા આસપાસનો વિભાગ ૭, રાધનપુર એજન્સી ૫, પાલનપુર એજન્સી ૫, કડી પ્રાન્ત ૭, મહિકાંઠા વિભાગ ૭.

### દ. ગુજરાત ૧૮.

સુરત જીલ્લો ૮, ભરૂચ જીલ્લો ૩, વલસાડ, નવસારી, બીલીમોરા અને આસપાસના વિભાગ ૭.

---

છે, રાજકોટમાં આજે જે સંગ્રામ ચાલેછે, ભલે એના ધ્યેયમાં ફેર હોય છતાં એની અસર દરેક સમાજ પર અને દરેક દિશામાં મોડી વહેલી થવાની છે એ નિતરૂં સત્ય પારખી લઇને ઠરાવ કરનાર ભાવનગરી મુત્સદીઓ સાચો રાહ સ્વીકારે. કિનારે ન ઉભતાં મધ્યમાં ઝડુકાવે અને જે મનોરથ સેવે છે એને ફળવંતો બનાવવામાં કટિબદ્ધ થાય. આંગણે આવેલ સુવર્ણ પળને મત ફેરના એકપક્ષીયતાના નામે વ્યર્થ ન જવાદે બંધારણીય રીતે એનો લાભ લઈ કામ પાર ઉતારે. દ્રઢ નિશ્ચયી અને ઉંડી ધગશવાળાને કંઇ અશકય નથી. જૈન સમાજના ઇતિહાસમાં ભાવનગર જરૂર નવું પાનું ઉમેરે.

અંતમાં વિરાજમાન આચાર્યશ્રીને પણ વિનંતી કરીશું કે તેઓશ્રી પણ આમાં રસવૃત્તિ દાખવે. કોન્ફરન્સની અગત્ય અન્ય સૌ વિષય કરતાં ધાર્મિક રીતે વધુ અગત્યની છે એ દૃષ્ટિબિન્દુ નજરમાં રાખી એમાં પોતાનો સહકાર આપે. બહોળા જ્ઞાનનો ઉપયોગ એ વધુ સંગઠીત થઇ શાસન સેવાના કાર્યમાં અગ્ર પદે રહે તેવી ભાવિ સંકલનામાં કરે. એ પણ શાસન પ્રભાવનાનું એક અંગ છે.

**મુંબઈ ૪૫.**

ઉ. માહારાષ્ટ્ર ૧૬, દ. મહારાષ્ટ્ર ૯, મદ્રાસ-મૈસૂર સાથે ૨, નિઝામ રાજ્ય ૨, મધ્ય પ્રાન્ત ૫, મધ્ય હિંદ પૂર્વ ૫, માલવા મારવાડ ૧૦, મેવાડ ૫, પૂર્વ રાજપુતાના ૩, અજમેર મેરવાડા ૨, બરમા ૨, દીલ્હી પ્રાન્ત ૩.

કોન્ફરન્સના અધિવેશનોના પ્રમુખો પોતાના હોદ્દાની રૂઇએ સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ના સભ્યો ગણાશે.

અખિલ હિંદ સ્થાયી સમિતિ (ઓલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટી) ની બેઠક આમંત્રણ કરીને કોઇપણ એક સ્થળે બોલાવવા કાર્યવાહક સમિતિ ગોઠવણ કરશે તથા આ સમિતિ (કમિટી) નું કામ સરળતાથી થાય તે માટે પેટા નિયમો કરવા તે સમિતિ (કમિટી) ને સત્તા રહેશે.

સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ની બેઠક (મીટીંગ) વર્ષમાં ઓછામાં ઓછી એકવાર અનુકુળ સ્થળે બોલાવવી. કોઇપણ અગત્યના પ્રશ્નો સંબંધે વીચાર કરવા ઓછામાં ઓછા આ સમિતિ (કમિટી) ના પાંત્રીસ મેમ્બરોની સહીવાળું માગણી પત્ર (રીક્વિઝિશન) આવે તો સ્થાનિક મહામંત્રીઓ (રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓ) બનતી ત્વરાએ સ્થાયી સમિતી (સ્ટેન્ડીંગ કમિટી) ની બેઠક (મીટીંગ) બોલાવશે

નોંધ નોટઃ-જેઓ સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ના સભાસદો તરીકે ચુંટાશે તેઓએ સુકૃત ભંડાર ફંડમાં ઓછામાં ઓછા વાર્ષિક રૂા૦ ૫) પાંચ પોતાના ફાળા તરીકે આપવા પડશે. સમિતી (કમિટી) ના કોઇપણ સભાસદ ઉપર પ્રમાણે પોતાનો ફાળો આપવામાં નિષ્ફળ જશે તો તે સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ના સભાસદ તરીકે બંધ પડેલ ગણાશે અને તેવા સભાસદને બદલે બીજા સભાસદની નીમણુંક કરવામાં આવશે.

સ્થાયી સમિતી (સ્ટેન્ડીંગ કમિટી) ના કોઇપણ સભાસદની જગ્યા ગમે તે કારણસર ખાલી પડશે તો તેની જગ્યાએ જે પ્રાંતના સભાસદની જગ્યા ખાલી પડી હોય તે પ્રાંતના ચાલુ સભાસદો એક માસની અંદર નવા સભાસદની નીમણુંક કરી મહામંત્રી (રેસીડેન્ટ જનરલ સેક્રેટરી) ને ખબર આપશે; જો તે પ્રમાણે ખબર આપવામાં નહિં આવે તો કાર્યવાહક સમિતી (કમિટી) તે પ્રાંતમાંથી લાયક ગૃહસ્થની નીમણુંક કરી ખાલી પડેલી જગ્યા પુરશે.

સ્થાયી સમિતીની નીમણુંકને લગતો આખોયે પેરેગ્રાફ બહુ વિચાર પૂર્વક ગોઠવાયેલો છે. અફસોસ માત્ર એટલોજ છે કે એનો અમલ કરવાનો નથી પુરતો અવકાશ મળ્યો અને મળ્યો છે ત્યારે પણ મુદત વીતી ગયા પછીજ એટલે સભ્ય સંખ્યા અને એના લવાજમ આદિના પ્રશ્નો ગુંચવાઈ ગયા છે. વળી બહારગામ રહેનાને રૂા૦ ૫) ની ફી કે સુકૃત ભંડારનો ફાળો ઉઘરાવી આપવાનું પણ મુશ્કેલ જણાયું છે. મુંબઇમાં વસતા સભ્યોમાં પણ અપવાદ મૂકતાં લગભગ એવીજ સ્થિતિ છે. આ કલમમાં ઉચિત ફેરફારો કરવાની જરૂર છે. સભ્યની ફી પાંચથી ઘટાડી રૂા૦ ૩) રાખવી. વર્ષમાં ૩ થી ૪ બેઠક ભરવી. ઇષ્ટ જણાય તો સંખ્યામાં થોડો ઘટાડો કરવો પ્રાંત યા વિભાગની વિસ્તાર પૂર્વક ચોખવટ કરવી. વળી પ્રાંત તરફથીજ જે સભ્યો ચુંટાય તેમને એ પ્રાંતવાસીઓનો ટેકો હોવો ઘટે. કેવળ પ્રાંતના વતનીપણાના મુદ્દાથી કે મુંબઇમાં વસવાટ છે એટલા પુરતી અનુકુળતાથી વરણી ન થવી જોઇએ. વળી ચુંટાનાર સભ્યે ફરજીયાત ઓછામાં ઓછા ચાળીસ સભ્યોનો સુકૃત ભંડાર ફાળો ઉઘરાવી સભ્યો પ્રતિવર્ષ બનાવવા જોઇએ. પોતાના પ્રાંતમાં કોન્ફરન્સની પ્રવૃત્તિ જીવંત રાખવાનો-એ નિમિત્તે કાર્યાલય સ્થાપન કરી, સ્થાનિક સમિતિઓ રચવાનો તેમજ નિયત કરેલા ક્રમ પ્રમાણે અધિવેશન ભરવાનો-પ્રબંધ કરવો જોઇએ. આ મુદ્દા જોતાં દરેક પ્રાંતવાસીઓએ પોતાના પ્રાંત તરફથી યોગ્ય અને ઉપર પ્રમાણે વ્યવસ્થા ઉપાડી શકે તેવા ભાઇઓને ચુંટવા ઘટે.

## શ્રી વાડીલાલ જેઠાલાલનો પત્ર.

કારતક શુદ ૧ નુતન વર્ષની પ્રભાતે એક કહેવાતો માટુંગામાં મૂર્તિ વિષેનો ચમત્કાર બની ગયો. દરેક પેપરોમાં તેમજ દરેક લેખકોના લખાણોમાં વાંચવામાં આવ્યું હશે કે, ચમત્કારીક મૂર્તિ આ. શ્રી. પ્રેમસૂરિજી એ જાહેર કરી તેને બીજે દિવસે દર્શન કરવા માટે દરોડો વધારે પડયો આટલી દીવા જેવી સત્ય વસ્તુ છે. તે ખોટી ઠેરવવા માટે હમણાં એક નવું **જૈન વિકાસ** માસિક બહાર પડેલું છે તે આચાર્યશ્રીના બચાવરૂપે લખે છે કે "મુંબઇ સમાચાર, સાંજવર્તમાન, જૈન જ્યોતી, જન્મભૂમિ, જૈન યુગ" આ દરેક પેપરોવાળાએ તેમજ લેખકોમાં શ્રી. ચોકશી, શ્રી. મનસુખલાલ લાલન, શ્રી. વાડીલાલ જેઠાલાલ વીગેરે એ આંધળા થઇ અંધારામાં ગોળીબાર કરેલો છે" આ અંગે તંત્રી શ્રી. નીચેના ખુલાસાઓ જાહેર જનતાની જાણ માટે આપવા તસ્દી લેશો.

(૧) આ. શ્રી. પ્રેમસૂરિજીને માટે જ્યારે દરેકે લખ્યું તો શા માટે આચાર્યશ્રીએ પોતે પોતાની સહીથી ખુલાસો બહાર પાડયો નથી.

(૨) રહી રહીને તમારે આચાર્યશ્રી વતી લખવાનું કયાંથી થયું?

(૩) લગભગ એકસો વરસના તેમજ ૫૦ વરસ તેમજ ૧૦ ૧૫ વરસથી નીકળતા વર્તમાન પત્રો તેમજ જાણીતા લેખકોએ અંધારામાં આંધળા થઈ ગોળીબાર (તમારા લખવા પ્રમાણે) કર્યો તો તમો નવું પત્ર બહાર પાડીને સૂરીજીના નામથી પ્રકાશમાં આવવા માંગતા લાગોછો કે?

(૪) તમો લખો છો કે આ મૂર્તિ ચમત્કારી નથી તેના હેન્ડબીલ બહાર પડેલા હતા; આ વાત સાચી. પરંતુ તે હેન્ડબીલ આચાર્યશ્રી તરફથી બહાર પડેલા નથી. આચાર્યશ્રી તરફથી જો બહાર પડયા હોત તો વર્દ્ધમાન તપ ખાતાના મહેતાજી કલ્યાણજી ભાઇએ શા માટે શ્રી ગોડીજી મહારાજના, શ્રી મહાવીર સ્વામીજીના દેરાસરજીના ઓટલા ઉપરના બાંકડા ઉપરથી બધા હેન્ડબીલો ઉપાડી લીધા હતા?

(૫) આચાર્યશ્રીએ રતીલાલ બી. શાહને શા માટે મૂર્તિ-તપાસ બાબતમાં મદદ ના કરી. ભાઇ રતીલાલને શા માટે યુવક સંઘનો આશરો લેવો પડયો? આટલા ખુલાસા તમો આચાર્યશ્રીને પૂછીને બહાર પાડશો તો વળી કાંઇ નવું સત્ય આવશે.

**લી. વાડીલાલ જેઠાલાલ શાહ.**

# ડૉ. નાનચંદ કે. મોદીનું શોકજનક અવસાન.

## જૈનોની જાહેર સભામાં આગેવાનોએ અર્પેલી અંજલી.

મુંબઇની અગ્રગણ્ય આઠ જૈન સંસ્થાઓના આશ્રય હેઠળ તા૦ ૨૬-૧૧-૧૯૩૮ ના રોજ ધર્મપ્રેમી, સેવાભાવી ડૉ. શ્રી. નાનચંદ કસ્તુરચંદ મોદી, એલ. એમ. એન્ડ એસ ના તા૦ ૧૪-૧૧-૩૮ ના રોજ ખેડા મુકામે થયેલ ખેદજનક અવસાન બદલ શોક પ્રદર્શિત કરવા જૈનોની એક જાહેર સભા શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સ હૉલમાં રાતના સ્ટાં. ટા. ૭-૩૦ વાગે જાણીતા શહેરી શ્રીયુત ડૉ. પુનશીભાઇ હીરજી મૈશેરી જે. પી. ના પ્રમુખપણાં હેઠળ મલી હતી જે સમયે સ્વર્ગસ્થને અંજલી આપવા અનેક સ્થળોના જૈન આગેવાનો ઉપસ્થિત હતા.

### ડૉ. પુનશીભાઇ મૈશેરી

પ્રારંભમાં શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ સરક્યુલર વાંચ્યા બાદ પ્રમુખ શ્રી ડૉ. પુનશી હીરજી મૈશેરી એ જણાવ્યું હતું કે હું ડૉ. નાનચંદભાઇના સહવાસથી છેલ્લા ૩૮ વર્ષથી રહ્યો હતો. તેઓ મ્હારા બંધુ જેવાજ મને લાગ્યા. નિખાલસપણે ખ્યાતિની ઇચ્છા વગર જ તેઓ દરેકની સેવા કરવા તત્પર જણાતા હતા. જૈન શ્વે૦ કોન્ફરન્સ, જૈન ગુરૂકુલ, જૈન દવાખાનું, આદિ અનેક સંસ્થાઓમાં તેઓએ પ્રારંભથી જ સેવાઓ કરી છે. તેઓ શાંત અને ધર્મપ્રત્યે પૂર્ણ લાગણીવાળા હતા. દેરાસરે દર્શન કર્યા પછી જ રોજની પ્રવૃત્તિ (ધંધો) શરૂ કરવા તેઓ લક્ષમાં રાખતા હતાં. આવા નરને ગુમાવવાથી આપણને ઘણી ખોટ પડી છે.

### શ્રી મોહનલાલ દેશાઈ.

શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઈ એ સ્વર્ગસ્થના ગુણગાન કરતાં જણાવ્યું કે તેઓની સેવાઓની ખરી નોંધ તો આપણે પણ એ રીતે સેવાઓ બજાવીએ તોજ સાર્થક ગણાશે. જે પ્રેમ, આદર, આનંદ, તન-મન-ધનથી તેઓએ સેવાઓ કરી છે તે દરેક પ્રકારે અનુમોદનીય છે. તેઓ સખી બહાદુર શ્રી. સારાભાઈ મગનભાઈ મોદીની કેળવણી પ્રચારની યોજનામાં ખૂબ રસ લઇ તેઓને એવા સત્કાર્યોમાં પ્રેરણા આપનાર હતા. તેઓએ જૂદી જૂદી સંસ્થાઓની જે સેવાઓ બજાવી છે તે હૃદયમાં કોતરાઇ રહે તેવી છે. તેઓ ભદ્રિક પ્રકૃતિના નર હોઇ કોઇ પણ જાહેર કામમાં સક્રિય ફાળો આપવા જરાએ અચકાતા ન્હોતા. બાદ વક્તાએ નીચેનો ઠરાવ રજુ કર્યો હતો:—

"જૈન સમાજની અનેક સંસ્થાઓમાં સક્રિયરીતે સેવાભાવથી ભાગ લેનાર ધર્મપ્રેમી ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી, એલ. એમ. એન્ડ એસ. ના તા. ૧૪-૧૧-૩૮ ના રોજ ખેડા મુકામે થયેલ ખેદજનક અવસાનની નોંધ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી. યશોવિજયજી જૈન ગુરૂકુલ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભા, શ્રી જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લી; શ્રી જૈન દવાખાનું, શ્રી મોહનલાલજી જૈન સેંટ્રલ લાઇબ્રેરી અને પાઠશાળા, અને શ્રી જૈન વિદ્યાશાળાના આશ્રય તળે આજે મળેલી જૈનોની આ જાહેર સભા અત્યંત દિલગીરી સાથે લે છે, તેઓશ્રી શાંત, મિલન-સાર, સરલ પ્રકૃતિના, પરગજુ અને સમાજ સેવાના કાર્યમાં સદૈવ તત્પર હોઈ જૈન સમાજની તન, મન અને ધનથી સારી સેવા કરી હતી અને ડોકટર તરીકે પૂજ્ય મુનિવર્યોની વિધવિધ પ્રસંગે કિંમતી સેવા બજાવી હતી. જે જે સંસ્થામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો તે દરેકને તેમની ખોટ પડી છે. આ સભા તેમના આત્માને શાંતિ અને સદ્‌ગતિ ઇચ્છે છે અને મર્હુમના કુટુમ્બિઓ પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ વ્યકત કરે છે."

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ-સોલિસિટરે ઠરાવને ટેકો આપતાં પૂજ્ય મુનિવર્યો એમના માટે જે પ્રશંસાના શબ્દો વાપરતા હતા તેની યાદ આપી ડૉ. નાનચંદભાઇની હૃદય પૂર્વકની સેવાઓ, સાહસિક વૃત્તિ, પરોપકારમય જીવનની કેટલીક હકીકતો રજુ કરી હતી. કર્મના સિદ્ધાન્તોને વકતાએ હૃદય સ્પર્શી રીતે વર્ણવી જન કલ્યાણાર્થે જગતમાં સૌએ બનતી સેવાઓ અર્પી જીવન સફળ કરવા જણાવ્યું હતું. શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલે, ડૉ. નાનચંદભાઈના જીવન ઉપરથી જૂના અને નવા ગ્રેજ્યુએટોને ધડો લેવા સૂચના કરી સમાજમાંથી સારા કાર્ય કર્તાઓ ઓછા થતા જાય છે તે તરફ લક્ષ ખેંચ્યું હતું. ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફે સ્વર્ગસ્થને યોગ્ય શબ્દોમાં અંજલી અર્પણ કરી હતી. બાદ ઉભા થઇ સર્વેએ શાંતિપૂર્વક ઠરાવ પસાર કર્યો હતો.

આજની સભાના પ્રમુખની સહીથી ઉકત ઠરાવ મર્હુમના કુટુમ્બિઓ અને ઘટતે સ્થળે મોકલી આપવા શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓને સત્તા આપનાર ઠરાવ શ્રીયુત મગનલાલ મુલચંદ શાહે રજુ કરતાં સન્ ૧૯૧૮ ના ઇન્ફલુએંઝા વખતે સ્વર્ગસ્થે જે અનૂપમ સેવાઓ બજાવી તેમજ ડાહ્યાભાઇ નિહાલચંદને જૈન દવાખાનું સ્થાપવામાં મુખ્ય પ્રેરણા આપી તેની યાદ આપી હતી. શ્રી મુલચંદ હીરજીના ટેકાથી ઠરાવ પસાર થયા બાદ શોક નિમગ્ન સભા વિખરાઇ હતી


## તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

# જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃત:—

| | | પૃષ્ઠ. | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,
૨૦, પાયધુની—મુંબઇ, ૩.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## અગત્યના ખુલાસાઓ.

શ્રી. મોતીચંદ ઝવેરચંદ મહેતા આદિ ભાવનગરના પાંચ સંભાવિત ગૃહસ્થોના નામથી મોકલાયેલા તા. ૧૫-૧૧-૩૮ ના એક તાર દ્વારા જૈન શ્વે૰ કૉન્ફરન્સના ભાવનગર મુકામે મળનારા આગામી ૧૫ મા અધિવેશન પહેલાં કૉન્ફરન્સના આગેવાનોએ હિંદના પ્રાંતોના સંઘના પ્રતિનિધિઓને મુંબઇમાં બોલાવી સંઘને અનુકૂલ એવું બંધારણ પાસ કરાવવા, સંઘટન કરવા વિગેરે મતલબની સૂચના કરી હતી. જવાબમાં કૉન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓએ તુરત જ તાર દ્વારા જણાવ્યું હતું કે-વર્કિંગ કમીટી ખુશીથી આપની સાથે સર્વ બાબતની ચર્ચા કરશે. આપ અત્રે (મુંબઇ) પધારો અને નિકલવાના સમાચાર તારથી આપો. ભાવનગરથી આ તારના જવાબમાં પ્રથમ તા. ૧૫-૧૧-૩૮ ના તાર સમાચારની લગભગ પુનરોક્તિ કરવામાં આવી હતી. આ સર્વ હકીકત અખિલ હિંદ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની તા. ૧૭-૧૧-૩૮ ની સભામાં રજુ થતાં ઉપસ્થિત સભ્યોએ એ બાબતની ખૂબ સંભાળપૂર્વક ચર્ચા કરી હતી જે લક્ષમાં રાખી રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓને પ્રત્યુત્તર લખવા સૂચના થઇ હતી. તદનુસારે નીચેનો પત્ર તા. ૧૮-૧૧-૩૮ ના રોજ ભાવનગરના સંભાવિત ગૃહસ્થોને લખવામાં આવેલ છે.

શ્રીયુત મોતીચંદ ઝવેરચંદ મહેતા, જુઠાભાઇ સાકરચંદ વોરા, કાંતીલાલ અમરચંદ વોરા વિગેરે. ભાવનગર.

આપનો તાર મળ્યો. તે તા. ૧૭-૧૧-૩૮ ને રોજ મળેલી વર્કિંગ કમિટીની મિટીંગમાં રજુ કરવામાં આવ્યો હતો. તે પ્રસંગે જે વિવેચનો વિગતવાર થયા તે અનુસાર આપને જણાવવાનું કે આપ કૉન્ફરન્સનું બંધારણ બરાબર સમજી શકયા નથી. આપને ત્યાં સમસ્ત હિંદના સંઘના પ્રતિનિધિઓ આવશે. તેઓ રીતસર નોટીસ દ્વારા બંધારણમાં જે ફેરફાર કરાવે તે કરવામાં કોઇને વાંધો હોઇ શકે નહિં. બીજી કોઇ રીતે બંધારણ અનુસાર ફેરફાર થઇ શકે તેમ નથી. તેમજ હિંદના સંઘોની વર્તમાન પરિસ્થિતિ જોતાં તેવા મેળાવડાની શકયતા પણ સંભવતી નથી.

આપ પ્રેમપૂર્વક સર્વને આપને આંગણે બોલાવો અને ચર્ચા કરી વાતાવરણ ઉત્પન્ન કરો. અધિવેશનની વિષય વિચારિણી સમિતિમાં સર્વને ચર્ચા કરવાનો અધિકાર છે. ડિમોક્રેસીના આ યુગમાં બીજી યોજના શકય નથી એ આપ સમજો તેવી બાબત છે

સંગઠન માટે અત્યાર સુધી અનેક વિધ પ્રયત્નો થયા છે અને થશે પણ બંધારણીય ફેરફાર કરવાનો બીજો માર્ગ નથી.

લિ. ભવદીય,

(સહી) **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

„ **કાંતીલાલ ઈશ્વરલાલ.**

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

મુંબઇ સમાચારના તા ૫ નવેમ્બર ૧૯૩૮ ના અંકમાં 'જૈન ચર્ચા' માં ભાવનગરમાં જૈન કૉન્ફરન્સની તૈયારી, ભાવનગરમાં જૈન યુવક પરિષદ આદિ હેડિંગ નીચે કેટલીક હકીકતો જનતામાં ગેરસમજ ઉત્પન્ન કરનારી પ્રકટ થઇ છે તે સંબંધમાં કોન્ફરન્સની તા. ૧૭-૧૧-૩૮ ની કાર્યવાહી સમિતિની સભામાં વિચારણા કરવામાં આવી હતી.

પ્રસ્તુત ચર્ચામાં આગામી ભાવનગર કોન્ફરન્સની સ્વાગત સમિતિ, કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિના ચાલુ મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ, અને તે સમિતિના કાર્ય અંગે જે બાબતો પ્રકટ થઇ છે તત્સંબંધે જૈન ચર્ચાના લેખક શ્રી સાકરચંદ માણેકચંદ ધડીયાલીએ કાર્યવાહી સમિતિની સભામાં તે હકીકતો તેમને પ્રાપ્ત થયેલ સમાચારોના આધારે લખાયેલી હોવાનું જણાવી તેમાં જો કોઇ પ્રકારની ગેરસમજુતી લાગતી હોય તો તે સુધારવાની તત્પરતા દર્શાવનાર ખુલાસો કર્યો હતો જે સ્વીકારમાં આવ્યો હતો.

ભાવનગરમાં આગામી અધિવેશન અંગેની સર્વ તૈયારીઓ ત્યાં નિમાયેલી સ્વાગત સમિતિ કરી રહી છે અને તેનાં સત્તાવાર સમાચારો તેમના તરફથી વખતોવખત વર્તમાન પત્રોમાં પ્રકટ કરવામાં આવે છે. બીજી બાબત કેળવણી પ્રચાર સમિતિનો કારોબાર અમુક બંધુઓ હાથ કરી શકયા છે તે સંબંધી જણાવવાનું કે અગાઉ કોન્ફરન્સની વર્કિંગ કમિટીમાં રચનાત્મક કાર્ય શરૂ કરવાની વિચારણા થતાં શ્રીયુત કાંતીલાલ ઇશ્વરલાલે સ્વયં ઉત્સાહથી જ કોન્ફરન્સને કેળવણી પ્રચારાર્થે રૂા. ૨૫૦૦૦) આપવા અને સંસ્થાની સમિતિ દ્વારા તે માટે જે યોજના સ્વીકારવામાં આવે તે અનુસારે કાર્ય કરવા ખુશી દર્શાવી હતી. તે માટેની યોજના વર્કિંગ કમિટીમાં મંજુર થયા બાદ અમુક સમય પછી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆને ખાસ કરી દાતા અને અન્ય સહકારી કાર્યકરોના આગ્રહથી મંત્રી પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા, અને અત્યાર પર્યન્ત સર્વ કાર્ય બંધારણનુસાર યોજનાના નિયમોઆધીન રહીને જ ચાલુ રાખવામાં આવેલ છે.

કેટલીક વખતે સત્યથી વેગળી હકીકતો જનતામાં ભ્રમણા ઉત્પન્ન કરનારી નિવડે છે અને તેથી કોન્ફરન્સ કે તેના કાર્ય અંગેની કોઇ હકીકત સત્તાવારરીતે પ્રકટ ન થાય ત્યાં સુધી તેને સ્વીકારી લેવા જનતાએ ભૂલ ન કરવી. એજ.

લિ. સેવકો,

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

**કાંતીલાલ ઈશ્વરલાલ.**

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ પ્રત્યે જૈન સમાજ અને પૂજ્ય આચાર્ય મહારાજોનું કર્તવ્ય.

લેખક:—**મુનિશ્રી વિકાસવિજયજી.**

**પંચાંગોની સત્ય સ્થિતિ**—છેલ્લાં ચાર વર્ષથી મારૂં બનાવેલું શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ બહાર પડે છે અને દિવસે દિવસે તેનો વધારે ને વધારે સ્વીકાર થતો જાય છે. તેથી હવે એ પંચાંગ વિષે સમાજને વિશેષ સમજણ આપવાનો હું પ્રયત્ન કરૂં છું.

એ વાત તો હવે જુના અને નવા બધા વિચારના લોકો સ્વીકારે છે કે આપણાં પ્રચલિત પંચાંગો કે જેની અંદર ગ્રહલાઘવીય અને જોધપુરીય (ચંડાંશુ ચડુ આદિ) જેવાં પંચાંગોનો સમાવેશ થાય છે. તે બધાં પંચાંગો પ્રત્યક્ષ આકાશથી ખુબજ જુદાં પડે છે. આ સ્થિતિનો ઉપાય કરવા માટે છેલ્લાં ચાલીસેક વર્ષથી હિંદુસ્તાનમાં ઘણા પ્રયત્નો થાય છે. જ્યોતિષ સંમેલનો ભરાય છે અને એ બધાં સંમેલનોમાં એ વાત તો બધા નિર્વિવાદ કબુલ કરે છે કે હાલનાં પ્રચલિત ગ્રહલાઘવીય પંચાંગો ખુબજ સ્થુલ પડી ગયાં છે. આકાશથી ખુબજ જુદાં પડી જાય છે અને તેથી અત્યંત ઝડપથી પ્રગતિ કરતા આ જમાનામાં તેને હવે વધારે વાર બીલકુલ ચલાવી શકાય નહિ. વળી આ સ્થિતિના ઉપાય તરીકે ઉત્તરમાં કાશીથી તે દક્ષિણમાં મદ્રાસ સુધી ઘણે સ્થળેથી પ્રત્યક્ષ આકાશ સાથે મળી રહેનારાં ઘણાં પંચાંગો બહાર પડે છે જેમકે—

| | | | |
|---|---|---|---|
| તિલક પંચાંગ | પુના. | ચિત્રશાળા પંચાંગ | પુના. |
| બાપુદેશ શાસ્ત્રીનું પંચાંગ | કાશી. | ભારત વિજય પંચાંગ | ઇંદોર. |
| કેતકી પંચાંગ | મુંબઈ. | રઘુનાથ શાસ્ત્રીનું પંચાંગ | પુના. |

વિગેરે.

આ બધાં પંચાંગોનું ગણિત આકાશ સાથે બરાબર મળી રહે છે ત્યારે ગ્રહલાઘવીય પંચાંગોના ગ્રહણોમાં ૧॥ કલાક સુધીનો તફાવત આવે છે ગ્રહોના ઉદયાસ્તમાં ૧૫ દિવસ સુધીનો ફરક આવે છે. અને અયનો તથા ઋતુઓમાં ૨૩ દિવસનો ફરક આવે છે એ વાતમાં હવે જુના અથવા કોઈપણ વિચારના જ્યોતિષીને શંકા રહી નથી

આજથી પાંત્રીસ વર્ષ પહેલાં મુંબઇમાં ભરાયેલ અખિલ ભારતીય જ્યોતિષ સંમેલનમાં તેમજ ત્યાર પછી પુના, સાંગલી, ધારવાડ, મ્હૈસુર, ઇંદોર, લાહોર વિગેરે અનેક સ્થળોએ ભરાયેલાં બધાં સંમેલનોમાં જુના તેમજ નવા વિચારના બધા જ્યોતિષીઓએ સર્વાનુમતે ગ્રહલાઘવીય ગણિતની સ્થુલતા સ્વીકારી છે. અને તેને બદલે પ્રત્યક્ષ આકાશ સાથે મળી રહેતું પંચાંગ બનાવવાની આવશ્યકતા પણ સ્વીકારી છે. એ વાત તે તે સંમેલનોના ઠરાવો જોવાથી તથા તે ઠરાવોને અંગે વિદ્વાનોએ કરેલ ભાષણો ઉપરથી જણાઇ આવે છે. તેમજ શ્રીયુત કેરો લક્ષ્મણ છત્રેના ગ્રહ સાધન કોષ્ટક, શ્રીયુત વેંકટેશ બાપુજી કેતકરનું જ્યોતિ ર્ગણિત, ગ્રહ ગણિત, તથા સાંગલી સંમેલનના ઠરાવ મુજબ લોક માન્ય તિલકે ખાસ તૈયાર કરાવેલ શ્રીયુત કેશવ લક્ષ્મણ દફતરી B. A. L. L. B. નું કરણ કલ્પલતા, શ્રીયુત ગોવીંદ સદાસીવ આપ્ટે (સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી જીવાજી ઓબઝરવેટરી ઉજ્જૈન) નું સર્વાનંદ કરણ, શ્રીયુત શીવરામ ગણપત પવારનું કરણ કૌમુદી, શ્રીયુત દીનાનાથ શાસ્ત્રી ચુલેટનું પ્રભાકર સિદ્ધાંત તથા શ્રીયુત હરિહર ભટ્ટનું ખગોળ ગણિત વિગેરે છેલ્લાં ૭૫ વર્ષમાં રચાયેલાં પ્રત્યક્ષ ગણિતનાં બધાં પુસ્તકોમાં એ વાત સ્પષ્ટ રીતે લખવામાં આવી છે કે હાલ ગ્રહલાઘવીય ગણિત અત્યંત સ્થુલ પડી ગયું છે અને તેના ઉપાય તરીકે આ ગ્રંથોની રચના કરવામાં આવી છે. વિદ્વાનોએ સર્વાનુમતે કરેલા આટલા સ્પષ્ટ ઉલ્લેખ પછી અને ગ્રહણો વગેરેમાં સામાન્ય માણસોએ પણ જોયેલા સ્પષ્ટ ફરક પછી ગ્રહલાઘવીય ગણિત સ્થુલ છે તથા તેને બદલે પ્રત્યક્ષ ગણિતથી પંચાંગ કરવાની જરૂર છે એ બાબતમાં તો કોઇને કાંઇપણ શંકા રહે એવું હવે રહ્યું નથી.

શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ બહાર પડયા પછી જુના અને નવા પંચાંગો વચ્ચે કયાં કયાં અને કેટલો કેટલો ફરક આવે છે તે જૈન સમાજને દિવસે દિવસે વધારે સમજાતું ગયું છે અને જેમ જેમ નવું પંચાંગ આકાશ સાથે મળતું તેઓ જુએ છે અને જુનું પંચાંગ આકાશથી જુદું પડતું તેઓ જુએ છે. તેમ તેમ જુના પંચાંગને છોડીને નવા પંચાંગનો સ્વીકાર તેઓ વધારે કરતા જાય છે. પણ આ વાત તો એવા માણસોની થઈ કે જેઓ વિચાર કરે છે, આકાશને જુએ છે, અને આકાશ સાથે જુનાં અને નવાં પંચાંગોને સરખાવે છે. પણ આવા લોકોની સંખ્યા હમેશાં થોડીજ રહેવાની. મોટો ભાગ તો હજુયે ગતાનુગતિક છે એમણે હવે શું કરવું જોઇએ એ હેતુથીજ આ લેખ લખવા હું પ્રેરાયો છું.

અમુક ધર્મકૃત્ય અમુક દિવસે કરવું એ નિર્ણયમાં એવું આવી જાય છે કે તે વખતે આકાશમાં ગ્રહોની સ્થિતિ ખરી રીતે અમુક પ્રકારનીજ હોવી જોઇએ. જો એવી ગ્રહ સ્થિતિ ન હોય તો તે સમય ખોટો આવે. અને ધર્મ કૃત્યોને માટે ઠરાવેલા સમયનો કોઇ અર્થ ન રહે. જો આકાશમાં અષ્ટમી થયા પહેલાં કે પછી પંદર ઘડીએ પંચાંગમાં લખાતી હોય તો પંચાંગમાં લખાયેલ તે અષ્ટમીનો અને તે અષ્ટમી પ્રમાણે કરાયેલ ધર્મકૃત્યોનો કોઇ અર્થ ન રહે. પણ આપણાં પ્રચલિત ગ્રહલાઘવીય પંચાંગોમાં આકાશની ખરી તિથિ કરતાં ૧૫ ઘડીનો ફરક રહે છે. એ વાત તો જુનો જોષીઓ પણ સ્વીકારે છે. આ સ્થિતિમાં આપણે જુનાં પંચાંગોનેજ વળગી રહીએ અને આગળ એક પણ પગલું ન ભરીયે તો પ્રગતિ થવાની આશા કદી પણ ન રહે.

**પંચાંગો વિષે સમાજનું કર્તવ્ય**—આપણે શું કરવું જોઇએ? જેઓ આ વિષયને સમજી શકે છે તેઓ એ તો તરતજ પ્રત્યક્ષ પંચાંગ પ્રમાણેજ વર્તવા માંડવું જોઇએ. અને બીજાઓને તે માર્ગ સમજાવવો જોઇએ. પણ જેઓ આ વિષયમાં કશું ન જાણતા હોય તેઓએ આ વિષયમાં તપાસ કરવા માટે વિદ્વાન ખગોળ શાસ્ત્રીઓને વિનંતિ કરવી જોઇએ. અને આ વિષયમાં સત્ય શું છે એ બાબતનો નિર્ણય તેઓએ

માંગવો જોઇએ. કેવળ પરંપરા પ્રમાણે ચાલીને સંતોષ માનવો એ આજના જમાનામાં હવે વધારે વખત નહિ ચાલે. જે વસ્તુ નવા જમાનાના યુવકોની બુદ્ધિને સંતોષી નહિ શકે તે વસ્તુ ઉપરથી નવયુવકોની શ્રદ્ધા ઉઠીજ જવાની. અંધશ્રદ્ધાથી આજના જુવાનને પકડી રાખી નહિ શકાય. એ કારણે તો આજના જુવાનોની શ્રદ્ધા ધર્મ ઉપરથી ઉઠતી જાય છે, એનો વાંક આજના નાસ્તિક જમાનાની ઉપર ભલે આપણે ઢોળીએ પણ તેનો ખરો વાંક આ અંધશ્રદ્ધાવાળા આગ્રહનોજ છે. જ્યાં કોઇ પણ વસ્તુને અંધશ્રદ્ધા દ્વારા પકડી રાખવી એ દેખીતી રીતે ખોટું અને હાસ્યાસ્પદ હોય ત્યાં એવો દુરાગ્રહ રાખવાથી ધર્મની સેવા થતી નથી પણ માત્ર તેની હાંસીજ થાય છે. અમે જુના વિચારવાળાને પૂછીએ છીએ કે તમારે તમારી જુની પરંપરાની શું માત્ર હાંસીજ કરાવવી છે? આ હાંસીમાંથી ઉગરવાનો એકજ રસ્તો છે અને તે એજ કે જ્યાં જ્યાં જુનાં અને નવાં પંચાંગોમાં ફરક આવતો હોય ત્યાં ત્યાં જો આપણાથી પ્રત્યક્ષ આકાશને સમજી શકાતું હોય તો આકાશમાં જોઇને નક્કી કરી લેવું કે આ પંચાંગની વાત આકાશ સાથે મળી રહે છે અને કયું પંચાંગ આકાશથી જુદું પડે છે. જ્યાં આવી રીતે પ્રત્યક્ષ જોઇને નિર્ણય કરવાનું આપણને ન સમજાતું હોય ત્યાં ત્યાં આ વાત કોઈ પણ વિદ્વાન ખગોળ શાસ્ત્રી આગળ મુકવી જોઇએ. અને તેની પાસેથી તે સમજી લેવી જોઇએ. કારણ કે ખગોળ શાસ્ત્રીઓમાં તો આકાશને વિષે કોઇપણ મતભેદ હોઈ શકેજ નહિ કારણ કે આકાશ એક પ્રત્યક્ષ વસ્તુ છે અને પ્રત્યક્ષમાં શંકાને સ્થાન નજ હોઇ શકે. આ પ્રમાણે પોતે ખાતરી કરીને અથવા વિદ્વાનોના નિર્ણયને અનુસરીને આપણે ચાલવું જોઈએ. પણ અમુક વસ્તુ પરંપરાએ ચાલી આવી છે માટે તેને પકડી રાખવી એ બરાબર નથી. આ પ્રમાણે દરેક માણસે પોતાનો રસ્તો કાપવો જોઇએ. આમ થાય તોજ પ્રગતિ થઈ શકે અને આમ ન થાય તો પ્રગતિને માટે કદી આશા રાખી ન શકાય.

—અપૂર્ણ.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### શ્રી સારાભાઈ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ અને અ. સૌ. હીમઈબાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ઇનામી હરીફાઇની ધાર્મિક પરીક્ષાઓ.

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તરફથી શ્રી સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ-વર્ગ અને અ. સૌ. હીમઈબાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની પરીક્ષાઓ આગામી તા૦ ૨૫ ડિસેમ્બર ૧૯૩૮ (પોષ શુદ ૪ ને રવીવાર) ના રોજ સર્વે સેન્ટરોમાં લેવામાં આવશે.

અભ્યાસક્રમ, ફોર્મ આદિ માટે સંસ્થાને (ઠે. શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ ૨૦ પાયધુની, મુંબઇ) લખવું. પરીક્ષામાં બેસવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ મોડામાં મોડા તા૦ ૧૫ ડિસેમ્બર ૧૯૩૮ સુધીમાં ફોર્મ ભરી મોકલવા.

## ચર્ચાપત્ર.

નોટઃ—આ મથાળાના નીચે આવતા લેખો તંત્રીની સંમતિવાળા છે તેમ સમજવું નહિ. —તંત્રી.

### ગુજરાતી પત્રના સમાલોચકને જવાબ.

તા૦ ૨૭-૧૧-૩૮ ના મુંબઇ, શ્રી ગુજરાતી પત્રના સમાલોચકે જિનવાણી પુસ્તક ઉપર સમાલોચના કરતાં કેટલીક અસંગત વાતો લખી છે, તેનો જવાબ નીચે પ્રમાણે છેઃ—

જૈન સાધુ-સાધ્વીઓને આશરે પાંચશો બ્રાહ્મણ પંડીતો પઢાવે છે તો જૈન ધર્મ ઉચ્ચ હોય તો આ બધાએ બ્રાહ્મણો જૈન ધર્મ અંગીકાર કેમ કરતા નથી? તેના જવાબમાં જણાવવાનું કે ભગવાન મહાવીરના શાસનમાં ઘણાએ બ્રાહ્મણ પંડીતોએ જૈન દીક્ષા લીધી છે, તેના દાખલા મોજુદ છે; હાલ પણ બ્રાહ્મણ ધર્મો હોવા છતાં જૈન દીક્ષા લીધેલા મોજુદ છે. જૈન શ્રાવક શા માટે બનતા નથી, તે પ્રશ્ન કદાચ ઉપસ્થીત થાય તો તેના જવાબમાં જણાવવાનું કે અત્યારે જૈન સંઘ મુખ્યત્વે વણીકોના હાથમાં છે અને સંઘ બળ, ભગવાન શ્રી મહાવીરના જમાના જેટલું મજબુત નથી કે નવી જ્ઞાતીઓ જૈન શ્રાવક થાય તો તેમને જ્ઞાતી સંસ્થાઓ અપનાવી લે. આ બીના જાણવા છતાં સમાલોચક ભાઇ શા માટે જૈન ધર્મ વિરૂદ્ધ ઉતર્યા હશે?

શ્રીમાન સિદ્ધસેન દીવાકરસુરિથી સ્યાદ્વાદની ઉત્પતી થઇ તે હજુ પિષ્ટ પેષણ કરનાર સમાલોચકે પોતે શ્રીમાન ગોકુલદાસભાઇ ગાંધી અને મારી વચ્ચે જે મુંબઇ સમાચારમાં ચર્ચા ઉપાડેલી તે વાંચી કદાચ હોય તો તેને વાગોળી નથી દેખાતી? શ્રીમાન ગોકુલભાઇએ પોતે ત્રીપદી અંગે લખતાં જવાબ આપેલો કે ત્રીભંગી એ સિદ્ધસેન દીવાકરસૂરી પહેલાંની છે, છતાં ત્રીભંગી હોય કે ચોભંગી હોય કે સપ્ત ભંગી હોય એ ભંગીઓ જૈન દર્શનને શુદ્ધ રીતે દર્શાવે છે તે ભગવાન મહાવીર સ્વામીના શ્રુત જ્ઞાનનુંજ ફલ છે અને તે શ્રુતજ્ઞાન અનંત તિર્થંકરોને રસ્તે જનારા ભગવાન શ્રી મહાવીરેજ પ્રરૂપેલું છે, છતાં ગુજરાતી પેપરના સમાલોચકે જૈન ધર્મનું જ્ઞાન સારી રીતે લીધેલું હોય તો તેને સારી રીતે વાગોળી જગતના જીવોને આત્મજ્ઞાન દોરે અને ભગવાન શ્રી મહાવીરનું શ્રુતજ્ઞાન એટલે શું તેનો પુરતો ફરીથી વીચાર કરે એજ વિનંતી.

લી૦

રતિલાલ ભીખાભાઈ.

તા. ૨૮-૧૧-૩૮. ગીરગામ પોસ્ટ—મુંબઈ.

### દાનનાં વહેણ.

અમારા જાણવામાં આવ્યું છે કે કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રીયુત કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીયા કે જેઓનું નામ એક દાનવીર તરીકે દરેક જૈનના કંઠાગ્રે થઇ ગયું છે, અને જેઓ કેળવણી પ્રત્યે અસમાન પ્રેમ ધરાવે છે તેમણે રાધનપુર સંઘ હાઈસ્કુલને રૂપીયા ૪૦ હજારની ઉદાર મદદ આપી પોતાની કેળવણીપ્રિયતા સિદ્ધ કરી બતાવી છે. અને એ રીતે જ્ઞાનના વહન યોગ્ય દિશાએ વાળવાનું જરૂરી કર્તવ્ય તેમણે બજાવ્યું છે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રી:—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમ:—રૂપીઆ બે. છુટક નકલ:—દોઢ આનો.

| | | |
|---|---|---|
| વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧ લી ડીસેમ્બર ૧૯૩૮. | અંક ૯ મો. |


## માનવ દેહની સાર્થકતા.

इहाति दुर्लभं प्राप्य मानुष्यं भव्य जन्तुना ।
ततः कुलादि सामग्री मासाद्य शुभ कर्मळा ॥
हयं हानोचितं सर्वं कत्तव्यं करणो चितम् ।
श्लाध्यं श्लाघोचितं वस्तु, श्रोतव्यं श्रवणोचितम् ॥

મહા મુશ્કેલીએ પ્રાપ્ત થાય એવો માનવ ભવ પામીને ભવ્ય આત્માએ આત્મશ્રેયદર્શી આત્માએ-પૂર્વ સંચીત સારા કાર્યોના ફળ રૂપે પોતાને ઉત્તમ કુળ આદિ જે સામગ્રી મળેલી છે તે તરફ નજર રાખી અવશ્ય એટલો નિરધાર કરવો જોઇએ કે:—

આત્મ ઉન્નત્તિના માર્ગમાં જે જે હાનિકર છે તે તે સર્વ ત્યજી દેવું. આત્મ પ્રગતિના માર્ગમાં જે જે કરવા યોગ્ય છે તે તે સર્વ આદરવું. માત્ર તેજ વખાણવું કે જે પ્રશંસા પાત્ર છે. અને માત્ર તેજ સાંભળવું કે જેના શ્રવણથી આત્મા કલ્યાણ પંથે પળી શકે.

ત્યજવા લાયક—यत् किञ्चिच्चित्तमालिन्य कारणं मोक्षवारणम् ।
मनोवाक् कायकर्मेह हेयं तत् स्वहितैषिणा ॥

પોતાનું ભલું ઇચ્છનારે-આત્મશ્રેયના અભિલાષુ કે-જે કંઇ કારણથી મન મલિન થાય એવું એક પણ કાર્ય મન દ્વારા વિચારવું નહિં. વાણી દ્વારા ઉચ્ચારવું નહીં અને શરીર દ્વારા કરવું નહીં. અને દૂરથીજ નવ ગજના નમસ્કાર કરવા.

કરવા લાયક—हारनीहार गोक्षीर कुन्देन्दु विशदं मनः ।
कृतंयत् कुरुते कर्म, कर्त्तव्यं तनमनीषिणा ॥

આહારની વિલક્ષણતા છતાં ગાયનું દુધ મર કુંદના ફુલને ચંદ્ર જેવું સફેદ ને નિર્મળ હોય છે તેમ મનની સ્વચ્છતા હોવી જોઇએ કે જેથી અમલમાં આવતી કરણી શુદ્ધ બને. મનુષ્યનું એજ કર્તવ્ય છે.

પ્રશંસવા લાયક—श्लाघनीयः पुनर्नित्यं, विशुध्धेनान्तरात्मना ।
त्रिलोकनाथ स्तद्धर्मो, येच तत्र व्यवस्थिताः ॥

સંપૂર્ણપણે આત્માને શુદ્ધ-નિર્મળ બનાવી અહર્નિશ ત્રણ જગતના સ્વામી એવા વીતરાગ પરમાત્માને અને તેઓ શ્રી પ્રરૂપિત ધર્મને અથવા તો એ ધર્મને અનુલક્ષી જે કંઇ કરણી નિર્માણ થઇ છે તેને અવશ્ય વખાણવી. એજ પ્રશંસા યોગ્ય વસ્તુ છે.

શ્રવણ કરવા લાયક—श्रोतव्यं भावतः सारं श्रद्धासंशुद्ध बुद्धिना ।
निःशेष दोष मोषाय, वचः सर्वज्ञ भाषितम् ॥

આત્મ કલ્યાણના ઇચ્છુકે શ્રદ્ધા ને શંકાદિના વમળોથી શુદ્ધ બનાવી અર્થાત સાચી શ્રદ્ધા પૂર્વક ને ભાવની વૃદ્ધિ પૂર્વક સર્વજ્ઞ ભાષિત આગમ કે જે સર્વ દોષોનું જડ મુળથી નિકંદન કહાડનારા પવિત્ર વચનોના સંગ્રહ રૂપ છે તે સાંભળવો, અર્થાત સિદ્ધાંતના અમુલ્ય વચનો એ સાંભળવા યોગ્ય વસ્તુ છે.

(શ્રી સિદ્ધર્ષિ ગણિરચિત-ઉપમિતિ ભવ પ્રપંચા કથા.)

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः**
**न च तासु भवान प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**

**અર્થ:**—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧-૧૨-૩૮. ગુરૂવાર.


## કિનારે ઉભી પત્થર ન ફેંકો.

ભાવનગરમાં કોન્ફરન્સનું અધિવેશન મળે તે પૂર્વે મુંબઇ સમાચારે સંબોધેલા કેટલાક ધર્મધુરન્ધરો અને ધર્મસ્વરૂપો ભાવનગર અને મુબઇમાં એકઠા મળે છે અને ભૂતકાળના મતફેરોને તાજા કરી એ મીટાવી કામ કરવાની સલાહ આપે છે! અમને દુઃખ એકજ થાય છે કે જે રીતે આ વસ્તુને તેઓ આગળ ધરે છે તે રીતે તો મતફેર દૂર ન થાય પણ કેવળ હવનમાં હાડકું નાંખવા રૂપ કાર્ય સધાય. સાંભળવા પ્રમાણે ભાવનગરમાં કેટલાક ભાઇઓને એકઠા કરી જૈન યુગમાંના બંધારણ સબંધી લેખમાંના અમુક વાકયો વાંચી સંભળાવી, જાણે કોન્ફરન્સ માત્ર દેવદ્રવ્યને વિધવા વિવાહ કરનારી સંસ્થાજ હોય! એને કંઇ ધરમની પડીજ ન હોય એવો જે ભાવ પેદા કરી એક નવો તુક્કો ઉભો કર્યો એમાં અમને સમાજ સંગઠનની તીવ્ર લાલસાને બદલે કાર્ય વિણસાડવાની ઉતાવળ જણાય છે. એ વાત મુંબઈમાં મળેલી કડીયા ટોળીથી પુરવાર થાય છે. જૈન સમાજમાં આજ કેટલાક વર્ષોથી એક શાસન પક્ષ ઉભો થયો છે અને એનું કામ શ્રી વિજયરામસૂરિની મોરલીએ નૃત્ય કરવાનું છે. આંખ ઉઘાડી ન તો જોવું કે ન તો પ્રાપ્ત થયેલ બુદ્ધિનો રંચ માત્ર ઉપયોગ કરવો! કેવળ ધર્મના નામે જ્યાં દોરી સંચાર થયો કે ફફડાટ આરંભી દેવો અને પક્ષમાં હું ને મારો રતનીયો હોવા છતાં, જાણે જૈન સમાજનો ઇજારો મેસર્સ કડીઆ, દલાલ લીમીટેડનેજ ન સોંપાયો હોય એમ મનગમતા બકવાટ શરૂ કરી, કેવળ વિરોધના સુર કહાડવા. આ પ્રવૃત્તિથી ધર્મ કેટલો વધ્યો. સમાજ કેટલો ઉન્નત્ત પંથે પળ્યો એ જોવા-વિચારવાની પણ જેને ફુરસદ નથી! અરે જેઓ તેરમું કરવા ફુટી નીકળેલા તેઓનું પોતાનું આજે બુદ્ધિનું દેવાળું નિકળવાથી તેરમું થઇ ગયું! પક્ષની જમાવટને બદલે બાર ભૈયાને તેર ચોકા જેવું પરિણામ આવ્યું! એથી જૈન સમાજના ઘરોમાં ખોટો કલેશ પ્રગટયો અને બહારના કેટલાયે સવાલોમાં એ ભાઇઓની આવી ઉંધી રમતથી, એકધારૂં બળ ન દર્શાવાયાથી સમાને સહન કરવું પડયું! તેનો કયાસ શાંત ચિત્તે કાઢવામાં આવ્યો હતે તો જરૂર આવા કોળાહળથી હાથ ધોઇ નાંખ્યા હોત. એ શાસન પક્ષ નામ પ્રમાણે ગુણ ધરાવતો હોત તો આજે કોઇ જુદોજ ઇતિહાસ લખાયો હોત. ખેર! અમને એ કડીયા ટોળીના ગર્જારવ સબંધમાં કંઇ કહેવાનું નથી. અમને ભાવનગરના એ મુત્સદ્દીને ધર્મપ્રેમી ગ્રહસ્થોની ઉતાવળ જરૂર સાલે છે. તેઓનો ઠરાવ એક તરફથી કોન્ફરન્સને ફતેહમંદ કરવાની ધ્વની કહાડે છે અને બીજી બાજુથી એ સારૂ હાથ ધરવાની જે કાર્યવાહીનો ઉલ્લેખ કરે છે તે ઘોડા આગળ ગાડી મૂકવા બરાબર દેખાય છે. એમાં બંધારણીય ગુંચ નડે એવી છે એટલું જોતાં સરખાપણુ નથી એથી આશ્ચર્ય થાય છે? એ મહાનુભાવોને પુનઃ એકવાર યાદ આપીએ કે કોન્ફરન્સ ધર્મ અને સમાજની ઉન્નત્તિ અર્થે કામ કરી રહેલી છે. સંગઠન અને સંપ એ તો એનો મુદ્રા લેખ છે. દેશકાળ પ્રતિમીંટ માંડી, ચર્ચાત્મક પ્રશ્નોને બાજુએ મૂકી, રચનાત્મક કાર્ય હાથ ધરવાના એને અભિલાષ છે. એ સારૂજ આવા સમયમાં અધિવેશનના ખરચાને એ આવશ્યક લેખે છે. વર્તમાન મતભેદોને ટાળી, આપ લેના કે બાંધ છોડના ધોરણે ઐકયતા ખડી કરવા તૈયાર પણ છે. ખભે ખભો મેળવવા આતુરપણુ છે એ બધું શકય બનાવવા ખાતર તો ભાવનગર પર નજર નાંખી છે. એ સાથે એ વાત ભુલવી નથી જોઈતી કે તે બંધારણને નેવે મૂકી કોઇ કામ હાથ ન ધરી શકે. વળી બંધારણ પણ એટલું વિશાળ છે કે જે ફેરફાર ઉક્ત ભાઇઓ ઇચ્છે છે ત વિના મુશ્કેલીએ કરી શકાય એમ છે. એ સારૂ પ્રથમ મુંબઈમાં મળવાની જરૂરજ નથી. ભાવનગરની સ્વાગત સમિતિના હાથમાં એની લગામ છે; આમંત્રણ એણેજ મોકલવાના હોય છે એમાં દરેક સંઘોને સ્પષ્ટ ભલામણ કરી શકે છે કે પોતાના પ્રતિનિધિ તરિકે એવા ગ્રહસ્થોને પસંદ કરી મોકલે કે જેઓ ધર્મ માટે તીવ્ર ધગશ ધરાવતા હોય અને સમાજ સંગઠનમાં પૂર્ણ રીતે શ્રદ્ધા ધરાવી, રચનાત્મક કાર્યના ખાસ હિમાયતી હોય, જે સુધારાના વાયુને તેઓ ઝેરી લેખે છે—જેનો સ્પર્શ કરવામાં તેઓ અધર્મ માને છે એના સામે દ્રઢતાથી અડગપણે ઉભી, સખત રીતે ટક્કર ઝીલે તેવા હોય. જો કહેવામાં આવે છે તેમ સમાજનો મોટો ભાગ કોન્ફરન્સની વર્તમાન કાર્યવાહીથી સામેજ નારાજ હશે તો વધુમતી અવશ્ય એ મોટા ભાગની થવાની. એ સામે સુધારકોનુ બળ આપોઆપ નરમ પડી જવાનુ. ઘણેખરે સ્થળે તો ડેલીગેટ. તરિકે ચુંટાઇ આવવાનું પણ તેમને માટે અશકય બનવાનુ! ચાલુ બંધારણ પ્રમાણે આ લડત નિતિના ધોરણે લડી શકાય છે. જરૂર છે માત્ર એ વાત અંતરમાં ઉતારવાની અને જાગ્રત બની કમર કસવાની.

ચાલુ બંધારણમાં બીજા પણ જે સુધારા કરવા વ્યાજબી જણાય તે પણ એ ટાણેજ થઇ શકે છે. સામાન્ય સભાનો મોટોભાગ ધારે તેવી રીતે એમાં પરિવર્તન આણી શકે છે. સ્થાપીત હક જેવું કે અમવાયતન સમુ એમાં કંઇજ નથી. કાઠીયાવાડમાં આજે જે સ્થિતિ પ્રવર્તે

# શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સના-બંધારણનું અવલોકન.

લેખકઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

લેખાંક ૪ થો.

## ઠરાવો અને સ્થાયી સમિતી.

૮ કયા ઠરાવો કોન્ફરન્સમાં રજુ થઇ શકે. ઉપર જણાવેલી રીતે બનેલી વિષય વિચારીણી સમિતિ ( સબજેક્ટસ કમિટિ ) માં હાજર થયેલ સભ્યોનો બહુમતિ ભાગ જેની તરફેણમાં હોય તેજ ઠરાવો કોન્ફરન્સમાં રજુ થશે.

ચાલુ કામમાં બહુમતીના ધોરણે કામ કરવાની પ્રથા દરેક સ્થાને સ્વીકારેલી છે અને તે યોગ્ય જણાય છે. સર્વાનુંમતે કામ કરાય તો એના જેવું અન્ય કંઇ રૂડું નથીજ પણ દેશકાળ જોતાં એ સ્થિતિ આકાશ-કુસુમવત અસંભવિત લેખાય. આ સાથે એક વાત લક્ષ બહાર જવા દેવી ન ઘટે કે ઠરાવો એવા લેવા જોઇએ કે જે ઉદ્દેશ અને કાર્યવિસ્તારની વ્યાખ્યાથી અસંગત ન હોય. વળી એ પણ ભુલવું જોઇતું નથી કે કોન્ફરન્સ મુખ્યતયા જેટલી સુલભતાથી ધાર્મિક સવાલોનો નિચોડ આણી શકે તેટલી સુલભતાથી સામાજીક પ્રશ્નોનો નિકાલ કરી શકે તેમ નથી; કારણ કે એ ગુંચવાયેલા છે એટલુંજ નહીં પણ જુદા જુદા પ્રાંતમાં એ માટે અતિ વિચિત્ર નિયમો છે વર્તે છે. દીર્ઘ દ્રષ્ટિયે જોતાં-ચાલુ વાતાવરણને નજર સન્મુખ રાખતાં-ભાર મૂકીને કહેવું જોઇએ કે કોન્ફરન્સે ધાર્મિક અને આર્થિક પ્રશ્નો પરજ વધુ લક્ષ્ય દેવું અગત્યનું છે. રાજકીય માટે રાષ્ટ્રીય મહાસભાની નીતિને અવલંબવું, જ્યારે સામાજીક સબંધમાં ક્યાં તો અંગુલિ નિર્દેશ કરવો કે મૌન રહેવું એજ ઇષ્ટ છે.

૯ સ્થાયી સમિતી (સ્ટેન્ડીંગ કમિટી) નું કાર્ય-નીચે જણાવેલા કાર્યો માટે કોન્ફરન્સની બેઠક વેળાએ એક સ્થાયી સમિતી નીમવામાં આવશે, જે સાધારણ રીતે દરેક કાર્યો કાર્યવાહી સમિતી દ્વારા કરશે.

(૧) કોન્ફરન્સે પોતાની બેઠક વેળાયે જે ઠરાવો પસાર કર્યા હોય તે અમલમાં મુકવા.

(૨) કોન્ફરન્સની આવતી બેઠક ભરવા માટે ગોઠવણ કરવા.

(૩) કોન્ફરન્સમાં જોઇતા નાણાં ભેગા કરવા તથા ખર્ચ કરવા.

(૪) કોન્ફરન્સને સોંપેલા નાણાં તથા સખાવતોનો વહીવટ કરવા.

આ સંબંધમાં એટલી સ્પષ્ટતા કરવી ઘટે છે કે સ્થાયી સમિતી ચુંટયા પછી વર્ષ ભરમાં ભાગ્યેજ એકાદ વખત પણ મેળવાય છે તે પ્રથા ઠીક નથી. બની શકે તો વર્ષમાં ત્રણથી ચાર વાર હિંદના જુદા જુદા શહેરમાં એની બેઠક મેળવીને કાર્યવાહી પર પુનઃ અવલોકન કરવું ઘટે. સાથોસાથ માર્ગ દર્શન કરાવવું જોઇએ. તોજ સભ્ય તરિકે ચુંટાનારને રસ પેદા થાય. આજે અધિવેશન પછી જે સુષુપ્તિ આવે છે તે દૂર થાય; અને કેટલાક પ્રસંગમાં કાર્યવાહી સમિતી પોતાની મર્યાદા બહાર જઈ અકસ્માતિક સવાલોનો નિર્ણય કરી નાખેછે તે બનવા ન પામે. આ પ્રથા કંઇક ખર્ચાળ છે છતાં દેશની જાગૃતિ જોતાં મુશ્કેલ નથીજ. એથી અવશ્ય સમાજમાં જાગૃતિ આવે છે. જ્યાં બેઠક મળવાની હોય છે ત્યાં ચેતનાના પુર ફરીવળે છે.

**૧૦ સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) ની નીમ-**ણુંક-દર કોન્ફરન્સની બેઠક વખતે વિષય વિચારિણી (સબ-જેક્ટસ કમિટી) લગભગ ૨૫૦ અઢીસોની સંખ્યાની એક અખીલ હિંદની સ્થાયી સમિતિ (ઓલ ઈન્ડીઆ સ્ટેન્ડીંગ કમિટી) ની ચુટણી કરી તે નામો કોન્ફરન્સની બહાલી માટે રજુ કરશે. સ્થાયી સમિતી (સ્ટેન્ડીંગ કમિટી) માં નીચે પ્રમાણે પ્રાંતો અને શહેરોમાંથી ચુંટણી કરવામાં આવશે.

બંગાળા ૭, બિહાર ઓરીસા ૧, સંયુક્ત પ્રાંતો ૬, પંજાબ ૧૦, સિંધ ૨, કચ્છ ૧૨.

### કાઠીયાવાડ ૨૬.

ઝાલાવાડ વિભાગ ૮, ગોહિલવાડ વિભાગ ૧૦, સોરઠ વિભાગ ૧૦, હાલાર વિભાગ ૮.

### ઉ. ગુજરાત ૫૪.

અમદાવાદ શહેર અને જીલ્લો ૧૬, પાટણ શહેર અને તાલુકો ૭, વડોદરા, ખંભાત, ખેડા તથા આસપાસનો વિભાગ ૭, રાધનપુર એજન્સી ૫, પાલનપુર એજન્સી ૫, કડી પ્રાન્ત ૭, મહિકાંઠા વિભાગ ૭.

### દ. ગુજરાત ૧૮.

સુરત જીલ્લો ૮, ભરૂચ જીલ્લો ૩, વલસાડ, નવસારી, બીલીમોરા અને આસપાસના વિભાગ ૭.

---

છે, રાજકોટમાં આજે જે સંગ્રામ ચાલેછે, ભલે એના ધ્યેયમાં ફેર હોય છતાં એની અસર દરેક સમાજ પર અને દરેક દિશામાં મોડી વહેલી થવાની છે એ નિતરૂં સત્ય પારખી લઇને ઠરાવ કરનાર ભાવનગરી મુત્સદ્દીઓ સાચો રાહ સ્વીકારે. કિનારે ન ઉભતાં મધ્યમાં ઝુકાવે અને જે મનોરથ સેવે છે એને ફળવંતો બનાવવામાં કટિબદ્ધ થાય. આંગણે આવેલ સુવર્ણ પળને મત ફેરના અકપક્ષીયતાના નામે વ્યર્થ ન જવાદે બંધારણીય રીતે એનો લાભ લઈ કામ પાર ઉતારે. દ્રઢ નિશ્ચયી અને ઉંડી ધગશવાળાને કંઇ અશક્ય નથી. જૈન સમાજના ઇતિહાસમાં ભાવનગર જરૂર નવું પાનું ઉમેરે.

અંતમાં વિરાજમાન આચાર્યશ્રીને પણ વિનંતી કરીશું કે તેઓશ્રી પણ આમાં રસવૃત્તિ દાખવે. કોન્ફરન્સની અગત્ય અન્ય સૌ વિષય કરતાં ધાર્મિક રીતે વધુ અગત્યની છે એ દૃષ્ટિબિન્દુ નજરમાં રાખી એમાં પોતાનો સહકાર આપે. બહોળા જ્ઞાનનો ઉપયોગ એ વધુ સંગઠીત થઇ શાસન સેવાના કાર્યમાં અગ્ર પદે રહે તેવી ભાવિ સંકલનામાં કરે. એ પણ શાસન પ્રભાવનાનું એક અંગ છે.

**મુંબઈ ૪૫.**

ઉ. માહારાષ્ટ્ર ૧૬, દ. મહારાષ્ટ્ર ૯, મદ્રાસ-મૈસૂર સાથે ૨, નિઝામ રાજ્ય ૨, મધ્ય પ્રાન્ત ૫, મધ્ય હિંદ પૂર્વ ૫, માલવા મારવાડ ૧૦, મેવાડ ૫, પૂર્વ રાજપુતાના ૩, અજમેર મેરવાડા ૨, બરમા ૨, દીલ્હી પ્રાન્ત ૩.

કોન્ફરન્સના અધિવેશનોના પ્રમુખો પોતાના હોદ્દાની રૂઇએ સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ના સભ્યો ગણાશે.

અખિલ હિંદ સ્થાયી સમિતિ (ઓલ ઇન્ડીંયા સ્ટેન્ડીંગ કમિટી) ની બેઠક આમંત્રણ કરીને કોઇપણ એક સ્થળે બોલાવવા કાર્યવાહક સમિતિ ગોઠવણ કરશે તથા આ સમિતિ (કમિટી) નું કામ સરળતાથી થાય તે માટે પેટા નિયમો કરવા તે સમિતિ (કમિટી) ને સત્તા રહેશે.

સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ની બેઠક (મીટીંગ) વર્ષમાં ઓછામાં ઓછી એકવાર અનુકુળ સ્થળે બોલાવવી. કોઇપણ અગત્યના પ્રશ્નો સંબંધે વીચાર કરવા ઓછામાં ઓછા આ સમિતિ (કમિટી) ના પાંત્રીસ મેમ્બરોની સહીવાળું માગણી પત્ર (રીક્વિઝિશન) આવે તો સ્થાનિક મહામંત્રીઓ (રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓ) બનતી ત્વરાએ સ્થાયી સમિતી (સ્ટેન્ડીંગ કમિટી) ની બેઠક (મીટીંગ) બોલાવશે

નોંધ નોટઃ-જેઓ સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ના સભાસદો તરીકે ચુંટાશે તેઓએ સુકૃત ભંડાર ફંડમાં ઓછામાં ઓછા વાર્ષિક રૂ૦ ૫) પાંચ પોતાના ફાળા તરીકે આપવા પડશે. સમિતી (કમિટી) ના કોઇપણ સભાસદ ઉપર પ્રમાણે પોતાનો ફાળો આપવામાં નિષ્ફળ જશે તો તે સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ના સભાસદ તરીકે બંધ પડેલ ગણાશે અને તેવા સભાસદને બદલે બીજા સભાસદની નીમણુંક કરવામાં આવશે.

સ્થાયી સમિતી (સ્ટેન્ડીંગ કમિટી) ના કોઈપણ સભાસદની જગ્યા ગમે તે કારણસર ખાલી પડશે તો તેની જગ્યાએ જે પ્રાંતના સભાસદની જગ્યા ખાલી પડી હોય તે પ્રાંતના ચાલુ સભાસદો એક માસની અંદર નવા સભાસદની નીમણુંક કરી મહામંત્રી (રેસીડેન્ટ જનરલ સેક્રેટરી) ને ખબર આપશે; જો તે પ્રમાણે ખબર આપવામાં નહિં આવે તો કાર્યવાહક સમિતી (કમિટી) તે પ્રાંતમાંથી લાયક ગૃહસ્થની નીમણુંક કરી ખાલી પડેલી જગ્યા પુરશે.

સ્થાયી સમિતીની નીમણુંકને લગતો આખોયે પેરેગ્રાફ બહુ વિચાર પૂર્વક ગોઠવાયેલો છે. અફસોસ માત્ર એટલોજ છે કે એનો અમલ કરવાનો નથી પુરતો અવકાશ મલ્યો અને મલ્યો છે ત્યારે પણ મુદ્દત વીતી ગયા પછીજ એટલે સભ્ય સંખ્યા અને એના લવાજમ આદિના પ્રશ્નો ગુંચવાઈ ગયા છે. વળી બહારગામ રહેતાને રૂ૦ ૫) ની ફી કે સુકૃત ભંડારનો ફાળો ઉઘરાવી આપવાનું પણ મુશ્કેલ જણાયું છે. મુંબઇમાં વસતા સભ્યોમાં પણ અપવાદ મૂકતાં લગભગ એવીજ સ્થિતિ છે. આ કલમમાં ઉચિત ફેરફારો કરવાની જરૂર છે. સભ્યની ફી પાંચથી ઘટાડી રૂ૦ ૩) રાખવી. વર્ષમાં ૩ થી ૪ બેઠક ભરવી. ઇષ્ટ જણાય તો સંખ્યામાં થોડો ઘટાડો કરવો પ્રાંત યા વિભાગની વિસ્તાર પૂર્વક ચોખવટ કરવી. વળી પ્રાંત તરફથીજ જે સભ્યો ચુંટાય તેમને એ પ્રાંતવાસીઓનો ટેકો હોવો ઘટે. કેવળ પ્રાંતના વતનીપણાના મુદ્દાથી કે મુંબઇમાં વસવાટ છે. એટલા પુરતી અનુકુળતાથી વરણી ન થવી જોઇએ. વળી ચુંટાનાર સભ્યે ફરજીયાત ઓછામાં ઓછા ચાળીસ સભ્યોનો સુકૃત ભંડાર ફાળો ઉઘરાવી સભ્યો પ્રતિવર્ષ બનાવવા જોઇએ. પોતાના પ્રાંતમાં કોન્ફરન્સની પ્રવૃત્તિ જીવંત રાખવાનો-એ નિમિત્તે કાર્યાલય સ્થાપન કરી, સ્થાનિક સમિતિઓ રચવાનો તેમજ નિયત કરેલા ક્રમ પ્રમાણે અધિવેશન ભરવાનો-પ્રબંધ કરવો જોઇએ. આ મુદ્દા જોતાં દરેક પ્રાંતવાસીઓએ પોતાના પ્રાંત તરફથી યોગ્ય અને ઉપર પ્રમાણે વ્યવસ્થા ઉપાડી શકે તેવા ભાઇઓને ચુંટવા ઘટે.

---

## શ્રી વાડીલાલ જેઠાલાલનો પત્ર.

કારતક શુદ ૧ નુતન વર્ષની પ્રભાતે એક કહેવાતો માટુંગામાં મૂર્તિ વિષેનો ચમત્કાર બની ગયો. દરેક પેપરોમાં તેમજ દરેક લેખકોના લખાણોમાં વાંચવામાં આવ્યું હશે કે, ચમત્કારીક મૂર્તિ આ. શ્રી. પ્રેમસૂરિજી એ જાહેર કરી તેને બીજે દિવસે દર્શન કરવા માટે દરોડો વધારે પડયો આટલી દીવા જેવી સત્ય વસ્તુ છે. તે ખોટી ઠેરવવા માટે હમણાં એક નવું **જૈન વિકાસ** માસિક બહાર પડેલું છે તે આચાર્યશ્રીના બચાવરૂપે લખે છે કે "મુંબઇ સમાચાર, સાંજવર્તમાન, જૈન જ્યોતી, જન્મભૂમિ, જૈન યુગ" આ દરેક પેપરોવાળાએ તેમજ લેખકોમાં શ્રી. ચોકશી, શ્રી. મનસુખલાલ લાલન, શ્રી. વાડીલાલ જેઠાલાલ વીગેરે એ આંધળા થઇ અંધારામાં" ગોળીબાર કરેલો છે" આ અંગે તંત્રી શ્રી. નીચેના ખુલાસાઓ જાહેર જનતાની જાણ માટે આપવા તસ્દી લેશો.

(૧) આ. શ્રી. પ્રેમસૂરિજીને માટે જ્યારે દરેકે લખ્યું તો શા માટે આચાર્યશ્રીએ પોતે પોતાની સહીથી ખુલાસો બહાર પાડયો નથી.

(૨) રહી રહીને તમારે આચાર્યશ્રી વતી લખવાનું કયાંથી થયું ?

(૩) લગભગ એકસો વરસના તેમજ ૫૦ વરસ તેમજ ૧૦ ૧૫ વરસથી નીકળતા વર્તમાન પત્રો તેમજ જાણીતા લેખકોએ અંધારામાં આંધળા થઈ ગોળીબાર (તમારા લખવા પ્રમાણે) કર્યો તો તમો નવું પત્ર બહાર પાડીને સૂરીજીના નામથી પ્રકાશમાં આવવા માંગતા લાગોછો કે ?

(૪) તમો લખો છો કે આ મૂર્તિ ચમત્કારી નથી તેના હેન્ડબીલ બહાર પડેલા હતા; આ વાત સાચી. પરંતુ તે હેન્ડબીલ આચાર્યશ્રી તરફથી બહાર પડેલા નથી. આચાર્યશ્રી તરફથી જો બહાર પડયા હોત તો વર્દ્ધમાન તપ ખાતાના મહેતાજી કલ્યાણજી ભાઇએ શા માટે શ્રી ગોડીજી મહારાજના, શ્રી મહાવીર સ્વામીજીના દેરાસરજીના ઓટલા ઉપરના બાંકડા ઉપરથી બધા હેન્ડબીલો ઉપાડી લીધા હતા ?

(૫) આચાર્યશ્રીએ રતીલાલ બી. શાહને શા માટે મૂર્તિ-તપાસ બાબતમાં મદદ ના કરી. ભાઇ રતીલાલને શા માટે યુવક સંઘનો આશરો લેવો પડયો ? આટલા ખુલાસા તમો આચાર્યશ્રીને પૂછીને બહાર પાડશો તો વળી કાંઇ નવું સત્ય આવશે.

**લી. વાડીલાલ જેઠાલાલ શાહ.**

# ડૉ. નાનચંદ કે. મોદીનું શોકજનક અવસાન.

## જૈનોની જાહેર સભામાં આગેવાનોએ અર્પેલી અંજલી.

મુંબઇની અગ્રગણ્ય આઠ જૈન સંસ્થાઓના આશ્રય હેઠળ તા૦ ૨૬-૧૧-૧૯૩૮ ના રોજ ધર્મપ્રેમી, સેવાભાવી ડૉ. શ્રી. નાનચંદ કસ્તુરચંદ મોદી, એલ. એમ. એન્ડ એસ ના તા૦ ૧૪-૧૧-૩૮ ના રોજ ખેડા મુકામે થયેલ ખેદજનક અવસાન બદલ શોક પ્રદર્શિત કરવા જૈનોની એક જાહેર સભા શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સ હૅાલમાં રાતના સ્ટાં. ટા. ૭-૩૦ વાગે જાણીતા શહેરી શ્રીયુત ડૉ. પુનશીભાઇ હીરજી મૈશેરી જે. પી. ના પ્રમુખપણાં હેઠળ મલી હતી જે સમયે સ્વર્ગસ્થને અંજલી આપવા અનેક સ્થળોના જૈન આગેવાનો ઉપસ્થિત હતા.

### ડૉ. પુનશીભાઇ મૈશેરી

પ્રારંભમાં શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ સરક્યુલર વાંચ્યા બાદ પ્રમુખ શ્રી ડૉ. પુનશી હીરજી મૈશેરી એ જણાવ્યું હતું કે હું ડૉ. નાનચંદભાઇના સહવાસથી છેલ્લા ૩૮ વર્ષથી રહ્યો હતો. તેઓ મ્હારા બંધુ જેવાજ મને લાગ્યા. નિખાલસપણે ખ્યાતિની ઇચ્છા વગર જ તેઓ દરેકની સેવા કરવા તત્પર જણાતા હતા. જૈન શ્વે૦ કોન્ફરન્સ, જૈન ગુરૂકુલ, જૈન દવાખાનું, આદિ અનેક સંસ્થાઓમાં તેઓએ પ્રારંભથી જ સેવાઓ કરી છે. તેઓ શાંત અને ધર્મપ્રત્યે પૂર્ણ લાગણીવાળા હતા. દેરાસરે દર્શન કર્યા પછી જ રોજની પ્રવૃત્તિ (ધંધો) શરૂ કરવા તેઓ લક્ષમાં રાખતા હતાં. આવા નરને ગુમાવવાથી આપણને ઘણી ખોટ પડી છે.

### શ્રી મોહનલાલ દેશાઈ.

શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઈ એ સ્વર્ગસ્થના ગુણગાન કરતાં જણાવ્યું કે તેઓની સેવાઓની ખરી નોંધ તો આપણે પણ એ રીતે સેવાઓ બજાવીએ તોજ સાર્થક ગણાશે. જે પ્રેમ, આદર, આનંદ, તન-મન-ધનથી તેઓએ સેવાઓ કરી છે તે દરેક પ્રકારે અનુમોદનીય છે. તેઓ સખી બહાદુર શ્રી. સારાભાઈ મગનભાઈ મોદીની કેળવણી પ્રચારની યોજનામાં ખૂબ રસ લઇ તેઓને એવા સત્કાર્યોમાં પ્રેરણા આપનાર હતા. તેઓએ જૂદી જૂદી સંસ્થાઓની જે સેવાઓ બજાવી છે તે હૃદયમાં કોતરાઇ રહે તેવી છે. તેઓ ભદ્રિક પ્રકૃતિના નર હોઇ કોઇ પણ જાહેર કામમાં સક્રિય ફાળો આપવા જરાએ અચકાતા ન્હોતા. બાદ વક્તાએ નીચેનો ઠરાવ રજુ કર્યો હતો:—

"જૈન સમાજની અનેક સંસ્થાઓમાં સક્રિયરીતે સેવાભાવથી ભાગ લેનાર ધર્મપ્રેમી ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી, એલ. એમ. એન્ડ એસ. ના તા. ૧૪-૧૧-૩૮ ના રોજ ખેડા મુકામે થયેલ ખેદજનક અવસાનની નોંધ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી. યશોવિજયજી જૈન ગુરૂકુલ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભા, શ્રી જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લી; શ્રી જૈન દવાખાનું, શ્રી મોહનલાલજી જૈન સેંટ્રલ લાઇબ્રેરી અને પાઠશાળા, અને શ્રી જૈન વિદ્યાશાળાના આશ્રય તળે આજે મળેલી જૈનોની આ જાહેર સભા અત્યંત દિલગીરી સાથે લે છે, તેઓશ્રી શાંત, મિલન-સાર, સરલ પ્રકૃતિના, પરગજુ અને સમાજ સેવાના કાર્યમાં સદૈવ તત્પર હોઈ જૈન સમાજની તન, મન અને ધનથી સારી સેવા કરી હતી અને ડોકટર તરીકે પૂજ્ય મુનિવર્યોની વિધવિધ પ્રસંગે કિંમતી સેવા બજાવી હતી. જે જે સંસ્થામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો તે દરેકને તેમની ખોટ પડી છે. આ સભા તેમના આત્માને શાંતિ અને સદ્ગતિ ઇચ્છે છે અને મર્હુમના કુટુમ્બિઓ પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ વ્યક્ત કરે છે."

શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ-સોલિસિટરે ઠરાવને ટેકો આપતાં પૂજ્ય મુનિવર્યો એમના માટે જે પ્રશંસાના શબ્દો વાપરતા હતા તેની યાદ આપી ડૉ. નાનચંદભાઇની હૃદય પૂર્વકની સેવાઓ, સાહસિક વૃત્તિ, પરોપકારમય જીવનની કેટલીક હકીકતો રજુ કરી હતી. કર્મના સિદ્ધાન્તોને વકતાએ હૃદય સ્પર્શી રીતે વર્ણવી જન કલ્યાણાર્થે જગતમાં સૌએ બનતી સેવાઓ અર્પી જીવન સફળ કરવા જણાવ્યું હતું. શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલે, ડૉ. નાનચંદભાઈના જીવન ઉપરથી જૂના અને નવા ગ્રેજ્યુએટોને ધડો લેવા સૂચના કરી સમાજમાંથી સારા કાર્ય કર્તાઓ ઓછા થતા જાય છે તે તરફ લક્ષ ખેંચ્યું હતું. ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફે સ્વર્ગસ્થને યોગ્ય શબ્દોમાં અંજલી અર્પણ કરી હતી. બાદ ઉભા થઇ સર્વેએ શાંતિપૂર્વક ઠરાવ પસાર કર્યો હતો.

આજની સભાના પ્રમુખની સહીથી ઉક્ત ઠરાવ મર્હુમના કુટુમ્બિઓ અને ઘટતે સ્થળે મોકલી આપવા શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓને સત્તા આપનાર ઠરાવ શ્રીયુત મગનલાલ મુલચંદ શાહે રજુ કરતાં સન્ ૧૯૧૮ ના ઇન્ફલુએંઝા વખતે સ્વર્ગસ્થે જે અનૂપમ સેવાઓ બજાવી તેમજ ડાહ્યાભાઇ નિહલચંદને જૈન દવાખાનું સ્થાપવામાં મુખ્ય પ્રેરણા આપી તેની યાદ આપી હતી. શ્રી મુલચંદ હીરજીના ટેકાથી ઠરાવ પસાર થયા બાદ શોક નિમગ્ન સભા વિખરાઇ હતી


## તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ

## જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો.

**રૂ. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | | ઘટાડેલી કિંમત. |
|---|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા ૩-૦-૦ | | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | | ૦-૮-૦ |
| જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃત:— | | પૃષ્ટ. | |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખો:—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,**
૨૦, પાયધુની—**મુંબઇ,** ૩.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## અગત્યના ખુલાસાઓ.

શ્રી. મોતીચંદ ઝવેરચંદ મહેતા આદિ ભાવનગરના પાંચ સંભાવિત ગૃહસ્થોના નામથી મોકલાયેલા તા. ૧૫-૧૧-૩૮ ના એક તાર દ્વારાં જૈન શ્વે૦ કૉન્ફરન્સના ભાવનગર મુકામે મળનારા આંગામી ૧૫ મા અધિવેશન પહેલાં કૉન્ફરન્સના આગેવાનોએ હિંદના પ્રાંતોના સંઘના પ્રતિનિધિઓને મુંબઇમાં બોલાવી સંઘને અનુકૂલ એવું બંધારણ પાસ કરાવવા, સંઘ્રઠન કરવા વિગેરે મતલબની સૂચના કરી હતી. જવાબમાં કૉન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓએ તુરત જ તાર દ્વારા જણાવ્યું હતું કે-વર્કિંગ કમીટી ખુશીથી આપની સાથે સર્વ બાબતની ચર્ચા કરશે. આપ અત્રે (મુંબઇ) પધારો અને નિકલવાના સમાચાર તારથી આપો. ભાવનગરથી આ તારના જવાબમાં પ્રથમ તા. ૧૫-૧૧-૩૮ ના તાર સમાચારની લગભગ પુનરોક્તિ કરવામાં આવી હતી. આ સર્વ હકીકત અખિલ હિંદ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની તા. ૧૭-૧૧-૩૮ ની સભામાં રજુ થતાં ઉપસ્થિત સભ્યોએ એ બાબતની ખૂબ સંભાળપૂર્વક ચર્ચા કરી હતી જે લક્ષમાં રાખી રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓને પ્રત્યુત્તર લખવા સૂચના થઇ હતી. તદનુસારે નીચેનો પત્ર તા. ૧૮-૧૧-૩૮ ના રોજ ભાવનગરના સંભાવિત ગૃહસ્થોને લખવામાં આવેલ છે.

શ્રીયુત મોતીચંદ ઝવેરચંદ મહેતા, જુઠાભાઇ સાકરચંદ વોરા, કાંતીલાલ અમરચંદ વોરા વિગેરે. ભાવનગર.

આપનો તાર મળ્યો. તે તા. ૧૭-૧૧-૩૮ ને રોજ મળેલી વર્કિંગ કમિટીની મિટીંગમાં રજુ કરવામાં આવ્યો હતો. તે પ્રસંગે જે વિવેચનો વિગતવાર થયા તે અનુસાર આપને જણાવવાનું કે આપ કૉન્ફરન્સનું બંધારણ બરાબર સમજી શક્યા નથી. આપને ત્યાં સમસ્ત હિંદના સંઘના પ્રતિનિધિઓ આવશે. તેઓ રીતસર નોટીસ દ્વારા બંધારણમાં જે ફેરફાર કરાવે તે કરવામાં કોઇને વાંધો હોઇ શકે નહિં. બીજી કોઇ રીતે બંધારણ અનુસાર ફેરફાર થઇ શકે તેમ નથી. તેમજ હિંદના સંઘોની વર્તમાન પરિસ્થિતિ જોતાં તેવા મેળાવડાની શક્યતા પણ સંભવતી નથી.

આપ પ્રેમપૂર્વક સર્વને આપને આંગણે બોલાવો અને ચર્ચા કરી વાતાવરણ ઉત્પન્ન કરો. અધિવેશનની વિષય વિચારિણી સમિતિમાં સર્વને ચર્ચા કરવાનો અધિકાર છે. ડિમોક્રેસીના આ યુગમાં બીજી યોજના શક્ય નથી એ આપ સમજો તેવી બાબત છે

સંગઠન માટે અત્યાર સુધી અનેક વિધ પ્રયત્નો થયા છે અને થશે પણ બંધારણીય ફેરફાર કરવાનો બીજો માર્ગ નથી.

લિ. ભવદીય,

(સહી) **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

„ **કાંતીલાલ ઈશ્વરલાલ.**

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

મુંબઇ સમાચારના તા ૫ નવેમ્બર ૧૯૩૮ ના અંકમાં 'જૈન ચર્ચા' માં ભાવનગરમાં જૈન કૉન્ફરન્સની તૈયારી, ભાવનગરમાં જૈન યુવક પરિષદ આદિ હેડિંગ નીચે કેટલીક હકીકતો જનતામાં ગેરસમજ ઉત્પન્ન કરનારી પ્રકટ થઇ છે તે સંબંધમાં કોન્ફરન્સની તા. ૧૭-૧૧-૩૮ ની કાર્યવાહી સમિતિની સભામાં વિચારણા કરવામાં આવી હતી.

પ્રસ્તુત ચર્ચામાં આગામી ભાવનગર કોન્ફરન્સની સ્વાગત સમિતિ, કોન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિના ચાલુ મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ, અને તે સમિતિના કાર્ય અંગે જે બાબતો પ્રકટ થઇ છે તત્સંબંધે જૈન ચર્ચાના લેખક શ્રી સાકરચંદ માણેકચંદ ધડીયાલીએ કાર્યવાહી સમિતિની સભામાં તે હકીકતો તેમને પ્રાપ્ત થયેલ સમાચારોના આધારે લખાયેલી હોવાનું જણાવી તેમાં જો કોઇ પ્રકારની ગેરસમજુતી લાગતી હોય તો તે સુધારવાની તત્પરતા દર્શાવનાર ખુલાસો કર્યો હતો જે સ્વીકારમાં આવ્યો હતો.

ભાવનગરમાં આગામી અધિવેશન અંગેની સર્વ તૈયારીઓ ત્યાં નિમાયેલી સ્વાગત સમિતિ કરી રહી છે અને તેનાં સત્તાવાર સમાચારો તેમના તરફથી વખતોવખત વર્તમાન પત્રોમાં પ્રકટ કરવામાં આવે છે. બીજી બાબત કેળવણી પ્રચાર સમિતિનો કારોબાર અમુક બંધુઓ હાથ કરી શકયા છે તે સંબંધી જણાવવાનું કે અગાઉ કોન્ફરન્સની વર્કિંગ કમિટીમાં રચનાત્મક કાર્ય શરૂ કરવાની વિચારણા થતાં શ્રીયુત કાંતીલાલ ઇશ્વરલાલે સ્વયં ઉત્સાહથી જ કોન્ફરન્સને કેળવણી પ્રચારાર્થે રૂા. ૨૫૦૦૦) આપવા અને સંસ્થાની સમિતિ દ્વારા તે માટે જે યોજના સ્વીકારવામાં આવે તે અનુસારે કાર્ય કરવા ખુશી દર્શાવી હતી. તે માટેની યોજના વર્કિંગ કમિટીમાં મંજુર થયા બાદ અમુક સમય પછી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆને ખાસ કરી દાતા અને અન્ય સહકારી કાર્યકરોના આગ્રહથી મંત્રી પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા, અને અત્યાર પર્યન્ત સર્વ કાર્ય બંધારણાનુસાર યોજનાના નિયમોઆધીન રહીને જ ચાલુ રાખવામાં આવેલ છે.

કેટલીક વખતે સત્યથી વેગળી હકીકતો જનતામાં ભ્રમણા ઉત્પન્ન કરનારી નિવડે છે અને તેથી કોન્ફરન્સ કે તેના કાર્ય અંગેની કોઇ હકીકત સત્તાવારરીતે પ્રકટ ન થાય ત્યાં સુધી તેને સ્વીકારી લેવા જનતાએ ભૂલ ન કરવી. એજ.

લિ. સેવકો,

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**

**કાંતીલાલ ઈશ્વરલાલ.**

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ**

# શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ પ્રત્યે જૈન સમાજ અને પૂજ્ય આચાર્ય મહારાજોનું કર્તવ્ય.

લેખકઃ—**મુનિશ્રી વિકાસવિજયજી.**

**પંચાંગોની સત્ય સ્થિતિ**—છેલ્લાં ચાર વર્ષથી મારૂં બનાવેલું શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ બહાર પડે છે અને દિવસે દિવસે તેનો વધારે ને વધારે સ્વીકાર થતો જાય છે. તેથી હવે એ પંચાંગ વિષે સમાજને વિશેષ સમજણ આપવાનો હું પ્રયત્ન કરૂં છું.

એ વાત તો હવે જુના અને નવા બધા વિચારના લોકો સ્વીકારે છે કે આપણાં પ્રચલિત પંચાંગો કે જેની અંદર ગ્રહલાઘવીય અને જોધપુરીય (ચંડાંશુ ચંડુ આદિ) જેવાં પંચાંગોનો સમાવેશ થાય છે. તે બધાં પંચાંગો પ્રત્યક્ષ આકાશથી ખુબજ જુદાં પડે છે. આ સ્થિતિનો ઉપાય કરવા માટે છેલ્લાં ચાલીસેક વર્ષથી હિંદુસ્તાનમાં ઘણા પ્રયત્નો થાય છે. જ્યોતિષ સંમેલનો ભરાય છે અને એ બધાં સંમેલનોમાં એ વાત તો બધા નિર્વિવાદ કબુલ કરે છે કે હાલનાં પ્રચલિત ગ્રહલાઘવીય પંચાંગો ખુબજ સ્થુલ પડી ગયાં છે. આકાશથી ખુબજ જુદાં પડી જાય છે અને તેથી અત્યંત ઝડપથી પ્રગતિ કરતા આ જમાનામાં તેને હવે વધારે વાર બીલકુલ ચલાવી શકાય નહિ. વળી આ સ્થિતિના ઉપાય તરીકે ઉત્તરમાં કાશીથી તે દક્ષિણમાં મદ્રાસ સુધી ઘણે સ્થળેથી પ્રત્યક્ષ આકાશ સાથે મળી રહેનારાં ઘણાં પંચાંગો બહાર પડે છે જેમકે—

| | | | |
|---|---|---|---|
| તિલક પંચાંગ | પુના. | ચિત્રશાળા પંચાંગ | પુના. |
| બાપુદેશ શાસ્ત્રીનું પંચાંગ | કાશી. | ભારત વિજય પંચાંગ | ઇંદોર. |
| કેતકી પંચાંગ | મુંબઈ. | રઘુનાથ શાસ્ત્રીનું પંચાંગ | પુના. |

વિગેરે.

આ બધાં પંચાંગોનું ગણિત આકાશ સાથે બરાબર મળી રહે છે ત્યારે ગ્રહલાઘવીય પંચાંગોના ગ્રહણોમાં ૧॥ કલાક સુધીનો તફાવત આવે છે ગ્રહોના ઉદયાસ્તમાં ૧૫ દિવસ સુધીનો ફરક આવે છે. અને અયનો તથા ઋતુઓમાં ૨૩ દિવસનો ફરક આવે છે એ વાતમાં હવે જુના અથવા કોઈપણ વિચારના જ્યોતિષીને શંકા રહી નથી

આજથી પાંત્રીસ વર્ષ પહેલાં મુંબઇમાં ભરાયેલ અખિલ ભારતીય જ્યોતિષ સંમેલનમાં તેમજ ત્યાર પછી પુના, સાંગલી, ધારવાડ, મ્હૈસુર, ઇંદોર, લાહોર વિગેરે અનેક સ્થળોએ ભરાયેલાં બધાં સંમેલનોમાં જુના તેમજ નવા વિચારના બધા જ્યોતિષીઓએ સર્વાનુમતે ગ્રહલાઘવીય ગણિતની સ્થુલતા સ્વીકારી છે. અને તેને બદલે પ્રત્યક્ષ આકાશ સાથે મળી રહેતું પંચાંગ બનાવવાની આવશ્યકતા પણ સ્વીકારી છે. એ વાત તે તે સંમેલનોના ઠરાવો જોવાથી તથા તે ઠરાવોને અંગે વિદ્વાનોએ કરેલ ભાષણો ઉપરથી જણાઇ આવે છે. તેમજ શ્રીયુત કેરો લક્ષ્મણ છત્રેના ગ્રહ સાધન કોષ્ટક, શ્રીયુત વેંકટેશ બાપુજી કેતકરનું જ્યોતિ ર્ગણિત, ગ્રહ ગણિત, તથા સાંગલી સંમેલનના ઠરાવ મુજબ લોક માન્ય તિલકે ખાસ તૈયાર કરાવેલ શ્રીયુત કેશવ લક્ષ્મણ દફતરી B. A. L. L. B. નું કરણ કલ્પલતા, શ્રીયુત ગોવીંદ સદાસીવ આપ્ટે (સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી જીવાજી ઓબઝરવેટરી ઉજ્જૈન) નું સર્વાનંદ કરણ, શ્રીયુત શીવરામ ગણપત પવારનું કરણ કૌમુદી, શ્રીયુત દીનાનાથ શાસ્ત્રી ચુલેટનું પ્રભાકર સિદ્ધાંત તથા શ્રીયુત હરિહર ભટ્ટનું ખગોળ ગણિત વિગેરે છેલ્લાં ૭૫ વર્ષમાં રચાયેલાં પ્રત્યક્ષ ગણિતનાં બધાં પુસ્તકોમાં એ વાત સ્પષ્ટ રીતે લખવામાં આવી છે કે હાલ ગ્રહલાઘવીય ગણિત અત્યંત સ્થુલ પડી ગયું છે અને તેના ઉપાય તરીકે આ ગ્રંથોની રચના કરવામાં આવી છે. વિદ્વાનોએ સર્વાનુમતે કરેલા આટલા સ્પષ્ટ ઉલ્લેખ પછી અને ગ્રહણો વગેરેમાં સામાન્ય માણસોએ પણ જોયેલા સ્પષ્ટ ફરક પછી ગ્રહલાઘવીય ગણિત સ્થુલ છે તથા તેને બદલે પ્રત્યક્ષ ગણિતથી પંચાંગ કરવાની જરૂર છે એ બાબતમાં તો કોઇને કાંઇપણ શંકા રહે એવું હવે રહ્યું નથી.

શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ બહાર પડયા પછી જુના અને નવા પંચાંગો વચ્ચે કયાં કયાં અને કેટલો કેટલો ફરક આવે છે તે જૈન સમાજને દિવસે દિવસે વધારે સમજાતું ગયું છે અને જેમ જેમ નવું પંચાંગ આકાશ સાથે મળતું તેઓ જુએ છે અને જુનું પંચાંગ આકાશથી જુદું પડતું તેઓ જુએ છે. તેમ તેમ જુના પંચાંગને છોડીને નવા પંચાંગનો સ્વીકાર તેઓ વધારે કરતા જાય છે. પણ આ વાત તો એવા માણસોની થઈ કે જેઓ વિચાર કરે છે, આકાશને જુએ છે, અને આકાશ સાથે જુનાં અને નવાં પંચાંગોને સરખાવે છે. પણ આવા લોકોની સંખ્યા હમેશાં થોડીજ રહેવાની. મોટો ભાગ તો હજુયે ગતાનુગતિક છે એમણે હવે શું કરવું જોઇએ એ હેતુથીજ આ લેખ લખવા હું પ્રેરાયો છું.

અમુક ધર્મકૃત્ય અમુક દિવસે કરવું એ નિર્ણયમાં એવું આવી જાય છે કે તે વખતે આકાશમાં ગ્રહોની સ્થિતિ ખરી રીતે અમુક પ્રકારનીજ હોવી જોઇએ. જો એવી ગ્રહ સ્થિતિ ન હોય તો તે સમય ખોટો આવે. અને ધર્મ કૃત્યોને માટે ઠરાવેલા સમયનો કોઇ અર્થ ન રહે. જો આકાશમાં અષ્ટમી થયા પહેલાં કે પછી પંદર ઘડીએ પંચાંગમાં લખાતી હોય તો પંચાંગમાં લખાયેલ તે અષ્ટમીનો અને તે અષ્ટમી પ્રમાણે કરાયેલ ધર્મકૃત્યોનો કોઇ અર્થ ન રહે. પણ આપણાં પ્રચલિત ગ્રહલાઘવીય પંચાંગોમાં આકાશની ખરી તિથિ કરતાં ૧૫ ઘડીનો ફરક રહે છે. એ વાત તો જુનો જોષીઓ પણ સ્વીકારે છે. આ સ્થિતિમાં આપણે જુનાં પંચાંગોનેજ વળગી રહીએ અને આગળ એક પણ પગલું ન ભરીયે તો પ્રગતિ થવાની આશા કદી પણ ન રહે.

**પંચાંગો વિષે સમાજનું કર્તવ્ય**—આપણે શું કરવું જોઇએ? જેઓ આ વિષયને સમજી શકે છે તેઓ એ તો તરતજ પ્રત્યક્ષ પંચાંગ પ્રમાણેજ વર્તવા માંડવું જોઇએ. અને બીજાઓને તે માર્ગ સમજાવવો જોઇએ. પણ જેઓ આ વિષયમાં કશું ન જાણતા હોય તેઓએ આ વિષયમાં તપાસ કરવા માટે વિદ્વાન ખગોળ શાસ્ત્રીઓને વિનંતિ કરવી જોઇએ. અને આ વિષયમાં સત્ય શું છે એ બાબતનો નિર્ણય તેઓએ

માંગવો જોઇએ. કેવળ પરંપરા પ્રમાણે ચાલીને સંતોષ માનવો એ આજના જમાનામાં હવે વધારે વખત નહિ ચાલે. જે વસ્તુ નવા જમાનાના યુવકોની બુદ્ધિને સંતોષી નહિ શકે તે વસ્તુ ઉપરથી નવયુવકોની શ્રદ્ધા ઉઠીજ જવાની. અંધશ્રદ્ધાથી આજના જુવાનને પકડી રાખી નહિ શકાય. એ કારણે તો આજના જુવાનોની શ્રદ્ધા ધર્મ ઉપરથી ઉઠતી જાય છે, એનો વાંક આજના નાસ્તિક જમાનાની ઉપર ભલે આપણે ઢોળીએ પણ તેનો ખરો વાંક આ અંધશ્રદ્ધાવાળા આગ્રહનોજ છે. જ્યાં કોઇ પણ વસ્તુને અંધશ્રદ્ધા દ્વારા પકડી રાખવી એ દેખીતી રીતે ખોટું અને હાસ્યાસ્પદ હોય ત્યાં એવો દુરાગ્રહ રાખવાથી ધર્મની સેવા થતી નથી પણ માત્ર તેની હાંસીજ થાય છે. અમે જુના વિચારવાળાને પૂછીએ છીએ કે તમારે તમારી જુની પરંપરાની શું માત્ર હાંસીજ કરાવવી છે? આ હાંસીમાંથી ઉગરવાનો એકજ રસ્તો છે અને તે એજ કે જ્યાં જ્યાં જુનાં અને નવાં પંચાંગોમાં ફરક આવતો હોય ત્યાં ત્યાં જો આપણાથી પ્રત્યક્ષ આકાશને સમજી શકાતું હોય તો આકાશમાં જોઇને નક્કી કરી લેવું કે આ પંચાંગની વાત આકાશ સાથે મળી રહે છે અને કયું પંચાંગ આકાશથી જુદું પડે છે. જ્યાં આવી રીતે પ્રત્યક્ષ જોઇને નિર્ણય કરવાનું આપણને ન સમજાતું હોય ત્યાં ત્યાં આ વાત કોઈ પણ વિદ્વાન ખગોળ શાસ્ત્રી આગળ મુકવી જોઇએ. અને તેની પાસેથી તે સમજી લેવી જોઇએ. કારણ કે ખગોળ શાસ્ત્રીઓમાં તો આકાશને વિષે કોઇપણ મતભેદ હોઈ શકેજ નહિ કારણ કે આકાશ એક પ્રત્યક્ષ વસ્તુ છે અને પ્રત્યક્ષમાં શંકાને સ્થાન નજ હોઇ શકે. આ પ્રમાણે પોતે ખાતરી કરીને અથવા વિદ્વાનોના નિર્ણયને અનુસરીને આપણે ચાલવું જોઇએ. પણ અમુક વસ્તુ પરંપરાએ ચાલી આવી છે માટે તેને પકડી રાખવી એ બરાબર નથી. આ પ્રમાણે દરેક માણસે પોતાનો રસ્તો કાપવો જોઇએ. આમ થાય તોજ પ્રગતિ થઈ શકે અને આમ ન થાય તો પ્રગતિને માટે કદી આશા રાખી ન શકાય.

—અપૂર્ણ.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### શ્રી સારાભાઈ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ અને અ. સૌ. હીમઈબાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ઇનામી હરીફાઇની ધાર્મિક પરીક્ષાઓ.

શ્રી જૈન શ્વેતામ્બર એન્યુકેશન બોર્ડ તરફથી શ્રી સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ-વર્ગ અને અ સૌ. હીમઈ-બાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની પરીક્ષાઓ આગામી તા૦ ૨૫ ડિસેમ્બર ૧૯૩૮ (પોષ શુદ ૪ ને રવીવાર) ના રોજ સર્વે સેન્ટરોમાં લેવામાં આવશે.

અભ્યાસક્રમ, ફોર્મ આદિ માટે સંસ્થાને (ઠે. શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ ૨૦ પાયધુની, મુંબઇ) લખવું. પરીક્ષામાં બેસવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ મોડામાં મોડા તા૦ ૧૫ ડિસેમ્બર ૧૯૩૮ સુધીમાં ફોર્મ ભરી મોકલવા.

## ચર્ચાપત્ર.

નોટઃ—આ મથાળાના નીચે આવતા લેખો તંત્રીની સંમતિવાળા છે તેમ સમજવું નહિ. —તંત્રી.

## ગુજરાતી પત્રના સમાલોચકને જવાબ.

તા૦ ૨૭-૧૧-૩૮ ના મુંબઇ, શ્રી ગુજરાતી પત્રના સમાલોચકે જિનવાણી પુસ્તક ઉપર સમાલોચના કરતાં કેટલીક અસંગત વાતો લખી છે, તેનો જવાબ નીચે પ્રમાણે છેઃ—

જૈન સાધુ-સાધ્વીઓને આશરે પાંચશો બ્રાહ્મણ પંડીતો પઢાવે છે તો જૈન ધર્મ ઉચ્ચ હોય તો આ બધાએ બ્રાહ્મણો જૈન ધર્મ અંગીકાર કેમ કરતા નથી? તેના જવાબમાં જણાવવાનું કે ભગવાન મહાવીરના શાસનમાં ઘણાએ બ્રાહ્મણ પંડીતોએ જૈન દીક્ષા લીધી છે, તેના દાખલા મોજુદ છે; હાલ પણ બ્રાહ્મણ ધર્મો હોવા છતાં જૈન દીક્ષા લીધેલા મોજુદ છે. જૈન શ્રાવક શા માટે બનતા નથી, તે પ્રશ્ન કદાચ ઉપસ્થીત થાય તો તેના જવાબમાં જણાવવાનું કે અત્યારે જૈન સંઘ મુખ્યત્વે વણીકોના હાથમાં છે અને સંઘ બળ, ભગવાન શ્રી મહાવીરના જમાના જેટલું મજબુત નથી કે નવી જ્ઞાતીઓ જૈન શ્રાવક થાય તો તેમને જ્ઞાતી સંસ્થાઓ અપનાવી લે. આ બીના જાણવા છતાં સમાલોચક ભાઇ શા માટે જૈન ધર્મ વિરૂદ્ધ ઉતર્યા હશે?

શ્રીમાન સિદ્ધસેન દીવાકરસૂરિથી સ્યાદ્વાદની ઉત્પતી થઇ તે હજુ પિષ્ટ પેષણ કરનાર સમાલોચકે પોતે શ્રીમાન ગોકુલ-દાસભાઇ ગાંધી અને મારી વચ્ચે જે મુંબઇ સમાચારમાં ચર્ચા ઉપાડેલી તે વાંચી કદાચ હોય તો તેને વાગોળી નથી દેખાતી? શ્રીમાન ગોકુલભાઇએ પોતે ત્રીપદી અંગે લખતાં જવાબ આપેલો કે ત્રીભંગી એ સિદ્ધસેન દીવાકરસૂરી પહેલાંની છે, છતાં ત્રીભંગી હોય કે ચોભંગી હોય કે સપ્ત ભંગી હોય એ ભંગીઓ જૈન દર્શનને શુદ્ધ રીતે દર્શાવે છે તે ભગવાન મહાવીર સ્વામીના શ્રુત જ્ઞાનનું જ ફલ છે અને તે શ્રુતજ્ઞાન અનંત તિર્થંકરોને રસ્તે જનારા ભગવાન શ્રી મહાવીરે જ પ્રરૂપેલું છે, છતાં ગુજરાતી પેપરના સમાલોચકે જૈન ધર્મનું જ્ઞાન સારી રીતે લીધેલું હોય તો તેને સારી રીતે વાગોળી જગતના જીવોને આત્મજ્ઞાન દ્વારે અને ભગવાન શ્રી મહાવીરનું શ્રુતજ્ઞાન એટલે શું તેનો પુરતો ફરીથી વીચાર કરે એજ વિનંતી.

લી૦

**રતિલાલ ભીખાભાઈ.**

તા. ૨૮-૧૧-૩૮. ગીરગામ પોરટ—મુંબઈ.

## દાનનાં વહેણ.

અમારા જાણવામાં આવ્યું છે કે કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રીયુત કાન્તિલાલ ઇશ્વરલાલ મોરખીયા કે જેઓનું નામ એક દાનવીર તરીકે દરેક જૈનના કંઠાગ્રે થઇ ગયું છે, અને જેઓ કેળવણી પ્રત્યે અસમાન પ્રેમ ધરાવે છે તેમણે રાધનપુર સંઘ હાઈસ્કુલને રૂપીયા ૪૦ હજારની ઉદાર મદદ આપી પોતાની કેળવણીપ્રિયતા સિદ્ધ કરી બતાવી છે. અને એ રીતે જ્ઞાનના વહન યોગ્ય દિશાએ વાળવાનું જરૂરી કર્તવ્ય તેમણે બજાવ્યું છે.

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.

તારનું સરનામું:- "હિંદસંઘ."—"HINDSANGHA." Regd. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jain Yuga.

[જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]

તંત્રીઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

વાર્ષિક લવાજમઃ—રૂપીઆ બે. છુટક નકલઃ—દોઢ આનો.

વર્ષ જુનું ૧૨ મું. નવું ૭ મું. | તારીખ ૧૬ મી ડીસેમ્બર ૧૯૩૮. | અંક ૧૦ મો.

## ખાદી વિષે જીવંત શ્રદ્ધા.

ખાદી મહાન સંદેશો લઇને આપણી વચ્ચે આવી છે. વરસમાં લગભગ ચાર મહિના ફરજિયાત બેસી રહેતા લાખો કરોડો લેકોને ઇજ્જતદાર ધંધો આપવાની એનામાં શકિત છે. એમાંથી મળનારી મજુરીની વાત બાજુએ મૂકીએ તોપણ એ કામજ સ્વયંવળતરરૂપ-આશીર્વાદ રૂપ છે. કારણ કે જો કરોડો લોકો કશા કામ ધંધા વગર ફરજિયાત બેકારી વેઠયાં કરે તો તેઓ અધ્યાત્મિક, માનસિક તેમજ શારીરિક દ્રષ્ટિએ મૃત્યુને પથેજ જાય. એથી ઉલટું રેંટિયાથી લાખો ગરીબ કાંતનારાઓનું સમાજમાં આપોઆપ લેખું થવા માંડે છે સમાજમાં તેમનું સ્થાન અને દરજ્જો વધે છે. આથી મીલ કાપડ કદાચ લોકોને મફત આપવામાં આવતું હોય તાપણુ પોતાનું સચું કલ્યાણ વિચારતાં પોતાના હાથના પેદા કરેલી ખાદી છોડીને તે લેવાની તેમણે ના પાડવી જોઇએ.

જીવન પૈસો નથી; પૈસા કરતાં ઘણી વધારે કીમતી વસ્તુ છે. ઘરડાં માબાપ જે કશું કામ ન કરી શકતાં હોય અને ઘરમાં તેમજ ઘરની કમાણી ઉપર કેવળ બેજા રૂપ હોય તેમને મારી નાંખવાં એ તેમને પાળવા કરતાં સસ્તુ છે. આપણા બાળકો પણ જેઓ આપણી શારીરિક સુખ સગવડોમાં આપણને જરૂરી નથી હોતાં અને કશા બદલા વગર આપણે તેમનું પોષણ કરવું પડે છે. તેમને મારી નાંખવાં એ આપણે સારૂં સસ્તું છે. આમ છતાં આપણે આપણાં માબાપોને કે બાળકોને મારી નાંખતાં નથી. ઉલટું ગમે તેટલો ખરચ થાય તોપણ તેમનું પોષણ કરવામાં આપણે માન અને લ્હાવો સમજીએ છીએ. બરાબર એજ પ્રમાણે ખાદીને બીજા તમામ કાપડને છોડીને પોષવી જોઇએ. ભાવ તાલની દ્રષ્ટિએ ખાદીનો વિચાર આપણે કરીએ છીએ તે કેવળ આપણને પડેલી ટેવને લીધે છે. ખાદીનું ગણિત કરવાની આપણી કલ્પનાજ બદલાવી જોઇએ. અને જયારે પ્રજાકીય આબાદીની દ્રષ્ટિએ આપણે વીચારીશું ત્યારે જોઇશું કે ખાદી મોંઘી નથીજ નથી. સંક્રમણના કાળ દરમ્યાન કૌટુંબિક ખરચ પત્રકમાં ઉથલ પાથલ થાય તે આપણે ખમી લેવી રહી. અત્યારે આપણે ભારે હાડમારી નીચે છીએ. દેશમાં રૂની ઉત્પત્તિ લેંકેશાયર અથવા કહો કે દેશી મીલોની હાજતોને આંખ સામે રાખીનેજ કરવામાં આવે છે. રૂના ભાવ પરદેશના બજારોના ભાવો ઉપર અંકાય છે. જયારે આ દેશમાં રૂની ઉત્પત્તિની વહેંચણી ખાદીના અર્થશાસ્ત્રની હાજત મુજબ થવા લાગશે ત્યારે ભાવોની ચડઉતર આજની જેમ નહિ થાય અને અત્યારના કરતાં તો રૂ વાપરનારને સસ્તુંજ પડશે. રાજ્ય રક્ષણથી કે ઐચ્છિક પ્રયત્નથી પણ જયારે લોકોને એકલી ખાદીજ વાપરવાની ટેવ પડશે ત્યારે પછી જેમ લાખો શાકાહારી લોકો માંસાહારના ભાવો જોડે સરખાવીને શાકાહારની ચીજોના ભાવોનો વિચાર નથી કરતા, જેમ શાકાહારી ભૂખે મરશે પણ માંસાહાર કોઇ મફત આપતું હશે તોપણ કદી નહિ લે, તેમ પછી લોકો મીલ કાપડના ભાવો જોડે પૈસાની ગણતરીએ સરખામણી કરીને ખાદીનો વિચાર કદી નહિ કરે.

(તા૦ ૧૧-૧૨-૩૮. હરિજન બંધુ.) —મહાત્મા ગાંધીજી.

**उद्धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥**

**અર્થ:**–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ ! તારામાં સર્વ દ્રષ્ટિઓ સમાય છે. પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

—**श्री सिद्धसेन दिवाकर.**


# જૈન યુગ.

તા૦ ૧૬-૧૨-૩૮. શુક્રવાર.


## ઝાંઝવાના નીર.

અનાદિ કાળથી જીવ અને અજીવ, સમકિત અને મિથ્યાત્વ, ધર્મો અને અધર્મો આદિ દ્વંદ્વો વચ્ચેના મતફેરો અને સંગ્રામ ચાલ્યા આવે છે તેમ જુનવાણી માનસ અને સુધારક માનસ વચ્ચેના વિચાર ભેદનો પ્રવાહ પણ વહ્યો આવે છે. વિશ્વની આ સ્થિતિમાંથી કોઇ દેશ કે કોઇ સમાજ બકાત નથી રહી શકતો. એ જોડલાંઓના આઘાત પ્રત્યાઘાતોમાં જેની પાછળ વિશાળ આમ જનતા ખેંચાય છે તેનું સામ્રાજ્ય પ્રવર્તે છે, જડ સંસ્કૃતિ પ્રધાન આંગ્લ દેશોમાં દૃષ્ટિપાત કરો યાતો આર્ય સંસ્કૃતિના ધામ સમા ભારત વર્ષનો ઇતિહાસ અવલોકો–ઉભયમાં જે કાંઇ ધાર્મિક–સમાજીક કે નૈતિક યા રાજકીય ક્રાન્તિઓ થઇ છે તેના પાયામાં વિશાળ જનસમૂહની જાગૃતિના ચણતરની સંગીન જડ બંધાયેલી જણાશે. એ પાયો ખોદતી વેળા અને પૂરતી વેળા એટલે કે પ્રારંભ કાળમાં જે વિભુતિઓએ ઝંડો ઉચક્યો હશે કિંવા આગેવાની લીધી હશે એને ઓછા કડવા અનુભવો નહીં થયા હોય. એમણે કેટલીયે કપરી કસોટીઓ અને આકરી તાવણીઓમાંથી પસાર થવું પડ્યું હશે ત્યારેજ અગ્નિ પરિક્ષા પૂર્ણપણે પસાર કરનાર સુવર્ણને જેમ સો ટચની છાપ મળે છે તેમ વિજયશ્રીની વરમાળા પ્રાપ્ત થઇ હશે.

સાહિત્યના પાના અવલોકતાં એટલું દૃષ્ટિગોચર થાય છે કે પાશ્ચિમાત્ય દેશો ઐહિક સુખમાં વધારે તલ્લીન હોવાથી, ત્યાંની હીલચાલોમાં બાહ્ય જીવનનો જુસ્સો, જવાંમર્દી, યાને પરાક્રમ સવિશેષ દેખાય છે. આંતરિક જીવનની નિર્મળતા માટે ઝાઝું જોવાપણું નથી. આત્મિકશ્રેયનો પ્રશ્ન લગભગ ખૂણે પડયો જણાય છે; અને પારલૌકિક દ્રષ્ટિ સાવ વિસ્મૃત થયેલી અનુભવાય છે. એથી ઉલટી સ્થિતિ ભારત વર્ષની અનુભવાય છે એમાં સંસ્કૃતિની ભિન્નતા છતાં પ્રત્યેકમાં આત્મિક કલ્યાણનું દ્રષ્ટિબિન્દુ અગ્ર ભાગ ભજવે છે. દુન્યવી સુખ તરફની કામના હોવા છતાં પરભવની વાત વિસારી મેલવામાં નથી આવી હોતી એટલેજ એની ક્રાન્તિકારી પ્રવૃત્તિમાં પગલા માંડનારના આંતરિક ને બાહ્ય એમ ઉભય પાસાની સમતોલતા ખાસ જોવાય છે. માત્ર તીખી તમતમતી શબ્દ રચનાથી, ઉપરછલા શૂરાતનથી, કે અલંકારિક ભાષાના ઘટાટોપથી નેતાગીરી હાથ નથી કરી શકાતી. જીવન સમર્પણથીજ એની ભૂમિકા શરૂ થાય છે. પવિત્ર જીવન ઘડતર અને પ્રેમ ભાવે જન સમૂહના ગાઢા પ્રદેશમાં પદ સંચાર એ પછીના અંગો છે. એ પ્રયાસના ફળ તો કોઈ ભાગ્યશાળીનાજ જોવામાં આવે છે બાકી તો ખરા મૂલ્યાંકન મરણ પછીજ થાય છે દૂર જવાની જરૂરજ નથી. મહાત્મા ગાંધીજીનું ઉદાહરણ નજર સામેજ છે. રાષ્ટ્રિય મહાસભાનો છેલ્લા વીશ વર્ષના ઇતિહાસ એની સાક્ષી રૂપ છે.

હિંદના કોઇ સંતાનથી એમાંની કંઇ ચીજ અંધારામાં નથી. જૈન સમાજના 'યંગમેનો' 'શાસનરસી સવીજીવ કરૂં' એમ પોકારતા છતાં એ માટેનો માર્ગ નથી ચીંધી શકતા. એમણે પ્રભુ મહાવીરનો ધર્મ વિજયવંતો કરવાની અભિલાષ છે છતાં 'અમેજ ધર્મી અમેજ સાચા અને અમુક મહારાજ કહે તેજ જૈન ધર્મ' એવા અહંવાદમાં બીજી બાજુ જોઇ શકતા નથી. પેલી અભિલાષા તો મૃતપ્રાય બની ચૂકી છે અને પોતાના સિવાયના બધા અધર્મી અને નાસ્તિક એવી આંધી હેઠળ તેઓ મૂળ ભૂલી પાંખડાને વળગ્યા છે. ખોટી લડતમાં અને ઉંધા રાહે ખેંચાઇ રહ્યા છે! એજ સમાજના 'યુવકો' 'નવસૃષ્ટિ સર્જનહાર' થવાનું ઇચ્છે છે છતાં આર્ય સંસ્કૃતિની જડ સમા 'ધર્મશ્રદ્ધા, ને આચાર' રૂપ મુખ્ય અંગોને ઉવેખીને! એમણે નથી પડી ધર્મના ભિન્ન ભિન્ન પ્રવર્તકોની કાર્યવાહી જાણવાની કે નથી પડી બોલ્યા તેટલું વર્તનમાં ઉતારવાની! કેવલ શબ્દ બાજીથી, એના તીવ્ર ટંકારથી નવસર્જન કરવા છે! ખૂબી તો એ છે કે છેલ્લી ઢબના સુધારા–માત્ર કલમના જોરે કરવા છે છતાં જૈન સમાજની––ઇતર પ્રજાની દ્રષ્ટિએ નાનીશી–હદ ઓળંગવી નથી! યંગમેનો અને નવ જુવાનોની આ સાઠમારી વચ્ચે જૈન સમાજનું નાવ ભરદરિયે ઝોલા ખાય છે. અલબત ઉભયને થોડા વૃદ્ધો કે પ્રૌઢોનો સાથ છે બાકી સમાજનો મોટો ભાગ આ પક્ષા પક્ષીની ખેંચતાણથી સાવ અલિપ્ત છે. એમાંના ઘણાખરાને પોતાના ચાલુ જીવનમાંથી ઉંચી આંખ કરવાની ફુરસદજ નથી. કેટલાકને ઘગશ અને સમય છે છતાં તેઓ ગમે તે આશયથી હાલ તો મૂકપણે જોયા કરવાનું પસંદ કરે છે! ખુદ આ વિલક્ષણ ચિત્ર શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજનું સૌ કોઈની આંખ સામે ખુલ્લું છતાં આગળ વર્ણવી ગયા તે પ્રકારના યંગમેનો કે યુવકોને એમાં મેળ આણવાની-સંગઠનની નવેસરથી રચના કરવાની. પરસ્પરના મતફેરોને વિચારોની આપ લે થી ઓછા કરવાની–કંઇજ પડી નથી. પહેલાને પોતાના વિચારથી સામાન્ય બાબતોમાં જુદો મત ધરાવનાર સાથે ખભો મેળવવામાં ચુંક આવે છે ત્યાં ફિરકાના ઐક્યની વાત શી? પાછળનાને આ ઘરના ચોકા ભુસી વાળવાનું ગમતુંજ નથી. એની ફલાંગજ મોટી છે! પગલે પગલે આગળ વધવામાં એને રસજ નથી? એનો આનંદ કુદકા ભુસકામાં સમાયો છે! પરિણામ જોતાં કહેવું પડે છે કે ઉભયના પ્રયાસો 'ઝાંઝવાના નીર' જેવા નિવડ્યા છે. જ્યાં જળ નથી પણ કેવલ એનો આભાસ માત્ર જણાય છે એ પાછળની દોડથી સમાજની તૃષા છીપાણી નથી.

'મૃગજળ પીવા કામ ન આવે' એ કવિ વાક્યથી કોણ અજાણ્યું છે? એ પાછળની ખોટી દોડથી પ્યાસ બુઝાવાને બદલે વૃદ્ધિગંત થઇ છે. પરિશ્રમથી ગાત્રો નરમ બન્યા છે

# ::: કૉન્ફરન્સ કાર્યાલય પ્રવૃત્તિ. :::

**કાર્યવાહી સમિતિની સભાઓ.**

ગત નવેમ્બર માસમાં તા૦ ૧૬-૧૧-૩૮ અને ૩૦-૧૧-૩૮ ના રોજ કાર્યવાહી સમિતિની સભાઓ મળી હતી. બંને સભાઓમાં સભ્યોએ સારી સંખ્યામાં હાજરી આપી કોન્ફરન્સ અને તેની વિવિધ પ્રવૃત્તિ વિષયક વિચારણાઓ કરી હતી.

**સંવત ૧૯૯૪ ના વર્ષનો હિસાબ પસાર.**

કાર્યવાહી સમિતિની તા૦ ૩૦-૧૧-૩૮ ની સભામાં સંવત ૧૯૯૪ ના વર્ષનો ઑડિટ થયેલ હિસાબ અને સરવૈયું રજુ થતાં તે સર્વાનુમતે પસાર કરવા તથા ઑનરરી ઑડીટરો શ્રી બાલચંદ મગનલાલ મહેતા, જી. ડી. એ. રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટ અને શ્રી નરોત્તમ ભગવાનદાસ શાહે બજાવેલ સેવા બદલ આભાર માનવા ઠરાવવામાં આવ્યું હતું.

**શ્રી શૌર્યપુર તીર્થ મદદ.**

કોન્ફરન્સ તરફથી અગાઉ મંજુર કરવામાં આવેલ રૂપીઆ ૫૦૦) મોકલી આપવા રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓને સત્તા આપનાર ઠરાવ તા૦ ૩૦-૧૧-૩૮ ની વર્કિંગ કમિટીમાં પસાર કરવામાં આવેલ છે.

**બિહાર હિન્દુ રિલીજીઅસ એન્ડાઉમેન્ટ બીલ.**

રાંચીમાં તા૦ ૧૮ અને ૧૯ ઑકટોમ્બર ૧૯૩૮ ના રોજ અવિધિસર (Informal) કોન્ફરન્સમાં આ બીલ અંગે બાબુ બહાદુરસિંહજી સિંધીના નેતૃત્વ નીચે કેટલીક મંત્રણા કરવામાં આવી છે. આ બાબત કોન્ફરન્સની કાર્યવાહી સમિતિએ નીમેલ મેસર્સ હીરાલાલ એચ. દલાલ, બાર-એટ-લો; શ્રી પ્રસન્નમુખ સુરચંદ્ર બદામી, બી. એ. એલએલ. બી; બારીસ્ટર; શ્રી. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલિસિટર; શ્રી. રમણિકલાલ કેશવલાલ ઝવેરી, સોલિસિટર; અને શ્રી. કાંતીલાલ ઇશ્વરલાલ એ સભ્યોની પેટા-સમિતિની સભાઓ તા૦ ૧૪-૧૧-૩૮ અને તા૦ ૨-૧૨-૩૮ ના રોજ એકત્ર થઈ હતી. પેટા-સમિતિનો રિપોર્ટ ટુંક સમયમાં કાર્યવાહી સમિતિની વિચારણાર્થે રજુ થશે.

**કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.**

આ સમિતિની એક સભા તા૦ ૧૪-૧૧-૩૮ ના રોજ શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, બી. એ. એલએલ. બી; સોલિસિટરના પ્રમુખસ્થાને કોન્ફરન્સ૦ કાર્યાલયમાં મળી હતી જે સમયે જૂદી જૂદી સ્થાનિક સમિતિઓ દ્વારા અપાયેલ મદદ, હિસાબ, હવે પછી મદદ આપવા અંગેની જવાબદારી વિષયક વિગતો રજુ કરવામાં આવી હતી સમિતિના નિર્ણયાનુસાર નીચેની સ્થાનિક સમિતિઓને મદદના બીજા હફતાની રકમ મોકલી આપવામાં આવી છે.

| | |
|---|---|
| **મુંબઇ** સ્થાનિક સમિતિ | રૂ૦ **૫૦૦-૦-૦** |
| **વઢવાણ કેમ્પ** સ્થાનિક સમિતિ | રૂ૦ **૭૫-૦-૦** |
| **બોરસદ** સ્થાનિક સમિતિ | રૂ૦ **૨૨૫-૦-૦** |
| **ગોધાવી** સ્થાનિક સમિતિ | રૂ૦ **૭૫-૦-૦** |
| **વડોદરા** સ્થાનિક સમિતિ | રૂ૦ **૧૨૫-૦-૦** |
| **ઉંઝા** સ્થાનિક સમિતિ | રૂ૦ **૨૫૦-૦-૦** |
| **પાલેજ** સ્થાનિક સમિતિ | રૂ૦ **૭૫-૦-૦** |

**શ્રી સુકૃત ભંડાર ફંડ.**

તા૦ ૧૩-૯-૩૮ થી તા૦ ૧૩-૧૨-૩૮ પર્યન્ત આ ફંડમાં નીચેની જે રકમો આવી છે તે આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

- ૧૦-૦-૦ **આમોદ જૈન શ્વે. સંઘ** હા. શેઠ છગનલાલ ફુલચંદ
- ૧૭-૦-૦ કો. કેળવણી પ્રચાર **બારસી સમિતિ** હા. શ્રી. નરાણજી નરશી શાહ (મંત્રી)
- ૨-૦-૦ કોન્ફરન્સ કેળવણી પ્રચાર **ખંભાત** સમિતિ હા. શ્રી. રતીલાલ બી. શાહ (મંત્રી) મારફત શ્રી. મોહનલાલ દી. ચોકસી.
- ૧૫-૦-૦ **અંચલગચ્છ જૈન ઉપાશ્રય જામનગર** હા. શ્રી. મનસુખલાલ હીરાલાલ લાલન.
- ૧૭-૦-૦ શ્રી. કાંતીલાલ ઇશ્વરલાલ મુંબઇ દ્વારા.
- ૩-૮-૦ શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ મુંબઇ દ્વારા.
- ૧-૮-૦ શ્રી. કેશવલાલ દલપતભાઇ ઝવેરી મુંબઈ દ્વારા.
- ૫-૦-૦ શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી મુંબઇ દ્વારા
- ૧૧-૮-૦ શ્રી. કોન્ફરન્સ કેળવણી પ્રચાર **પાલેજ સમિતિ** હા. શ્રી. ચીમનલાલ છોટાલાલ શાહ (મંત્રી)
- ૧૨-૮-૦ ડો. પુનશીભાઇ હીરજી મૈશેરી મુંબઈ દ્વારા.
- ૮-૧૨-૦ શ્રી. ઝવેરચંદ પરમાણંદ મુંબઇ દ્વારા.
- ૫-૦-૦ શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી મુંબઇ દ્વારા.
- ૭૨-૪-૦ **શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ** મુંબઇ દ્વારા હા. શ્રી. શીવલાલ અમુલખ, મુખ્ય મંત્રી.

---

અને શક્તિના સંચયને બદલે વિનાશ થયો છે! આ પરિસ્થિતિને હજુ પણ આપણે સત્ય સ્વરૂપે નહીં જોઇ શકીએ?

સહકારી બંધુઓનો ખોફ વહોરીને પણ કહેવાની વૃત્તિને નથી રોકી શકતા. એક વાર નિષ્પક્ષપણે ભુતકાળની કાર્યવાહીનું અવલોકન કરી જવાની આગ્રહ ભરી અપીલ છે. યંગમેનો ભલે ધર્મ ધેનમાં ભૂલે પણ યુવકો-મહાત્મા ગાંધીજીના વચનને કાર્યમાં શ્રદ્ધાવંતો-શા સારૂં ભૂલે? કયા કારણે 'શઠંપ્રતિશાઠ્યમ્' નો માર્ગ ગ્રહણ કરે? સ્વધર્મી બંધુ તરિકેના નાતાથી જોવામાં-મળવામાં અરે અહિંસા અને પ્રેમના અમોઘ શસ્ત્રો વડે જીતી લેવામાં હીણપ કેમ માને?

દિન પ્રતિદિન જન્મતા સંખ્યાબંધ સવાલોમાં સમાજ એટલો બધો ગુંચવાતો જાય છે કે ખુલ્લા હૃદયે સાથે બેસી બાંધ છોડ કર્યાં વગર એનો નિચોડ આવવો અસંભવિત છે. અન્ય પ્રશ્નો ઘડીભર બાજુએ મૂકીએ-જો કે મૂકવા જેવા તો નથીજ-મોડો વહેલો એનો પણ દેશ-કાળ અનુસાર વિચાર કરવોજ પડવાનો-તોપણ ધર્મને લગતાં એટલા પ્રશ્નો છે કે એ પાછળ સતત મંડયા વિના પૂર્વજો દ્વારા પ્રાપ્ત થયેલ વારસાને સાચવવો પણ મુશ્કેલ છે. એમાં ચતુર્વિધ સંઘના ચારે અંગોનો એક સરખો સાથ જરૂરી છે. એ સંઘથી યંગમેન કે યુવકો જુદા નથીજ.

આ એકજ મુદ્દાને બરાબર પિછાની લઈ જુન વાણી અને સુધારક ઉભય મૃગજળ પાછળની દોટ ત્યજી દે. ખભે ખભો મેળવી ઉભી શકાય તેવા રસ્તાની શોધ પાછળ મંડી પડે. મતફેર રૂપી દ્વંદ્વો નવા નથી. એનો સમન્વય કરવાની વૃત્તિ ખીલવવી જોઇએ. આજનો એ ડિંડિમ નાદ છે. સંભળાશે તો શ્રેય છે નહિં તો પશ્ચાતાપ.

# શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સના-બંધારણનું અવલોકન.

લેખક:—મોહનલાલ દીપચંદ ચોકસી.

લેખાંક ૫ મો.

## કાર્યવાહીના અંગો.

**૧૧ કાર્યવાહી સમિતિ**—અખિલ હિન્દ સ્થાયી સમિતિ (ઓલ ઈન્ડીયા સ્ટેન્ડીંગ કમિટી) માં મુંબઈમાંથી ચુંટાયેલા સભ્યો તથા સદરહુ કમિટીના બીજા વિભાગોમાંથી ચુંટાયેલા સભ્યો જે મુંબઇમાં રહેતા હશે અથવા હાજર હશે તેઓની એક કાર્યવાહી સમિતિ બનશે અને તે કાર્યવાહી સમિતિ કોન્ફરન્સનું તેમજ સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ને સોપાયેલ દરેક કાર્ય કરશે અને સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમીટી) ના ઠરાવોનો અમલ કરશે. સદરહુ કાર્યવાહી સમિતિ પોતાના પ્રમુખ (ચેરમેન) અને ઉપ-પ્રમુખ (વાઈસ ચેરમેન) ની નીમણુંક કરશે અને સ્થાનિક મહામંત્રીઓ [રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ] સદરહુ સમિતિના મંત્રીઓ (સેક્રેટરીઓ) ગણાશે. આ કાર્યવાહક સમિતિ પોતાના કામકાજ કરવાના પેટા કાનુનો ઘડી કાઢશે.

મહાસભાનું કાર્યાલય મુંબઇમાં હોવાથી કાર્યવાહક સમિતિની રચનામાં મુંબઇમાં વસતા સભ્યોનો મોટો ભાગ સહજ આવે. દેશના અન્ય પ્રાંતો કરતાં મુંબઇ વાસીના વિચારો વધુ પ્રગતિકર હોય એ પણ ચોખું છે' છતાં જ્યારે અખિલ ભારતવર્ષની પ્રતિનિધિ સંસ્થાની દ્રષ્ટિથી જોઈએ છીએ અને એના વતી બોલવાનો મુદ્દો તપાસીએ છીએ ત્યારે આ જાતની સમિતિની સત્તા અતિ વિશાળ જણાય છે. ઘણા પ્રસંગો એવા ટાંકી શકાય કે જેમાં આ સમિતિએ અન્ય પ્રાંતોની નજરે પોતાનો અવાજ રજુ નથી કર્યો પણ મુંબઈમાં વસતા સભ્યોના વિચારોનોજ પડઘો પાડયો છે. કયાં તો આ સમિતિને મર્યાદિત સત્તાજ હોય ને કોઇ નવિન સવાલ ઉપસ્થિત થતાં સ્ટેન્ડીંગ કમિટિ બોલાવવીજ જોઇએ એવો ખાસ નિયમ કરાય અથવા તો આ સમિતિમાં માત્ર મુંબઇના સભ્યોજ નહીં પણ ભિન્ન ભિન્ન પ્રાંતોનું પ્રતિધિત્વ આવી શકે એ સારૂ મુંબઈમાં વસતા હોય એવા અને દરેક પ્રાંતે પોતાના તરફથી સમિતિમાં હાજર રહી કામ કરવાની સત્તા આપી હોય તેવા સભ્યો ચુંટવા જોઇએ. તોજ કાર્યવાહીમાં સંગીનતા આવે. પ્રાંતનું પીઠબળ રહે અને કેટલીક વાર જે વિસંવાદીના દષ્ટિગોચર થાય છે તે બનવા ન પામે. સમિતિમાંના ઘણા ખરા સભ્યો મુંબઈમાં વસતા હોય. પોતાના પ્રાંતમાં ભાગ્યેજ એકાદવાર જતાં પણ હોય, એટલે કેટલીકવાર પ્રાંતની જનતાના વિચારથી સાવ ઉલ્ટી દિશામાંજ તેમનું વિચાર વહેણ હોય. એથી એવા સભ્યના કોઇ ઠરાવને અન્ય પ્રાંતોનો તો શું પણ પોતે જે પ્રાંતનો વતની હોય અને જેના દાવાથી સમિતિમાં બેસતો હોય તેનો ટેકો સહજ પણ નથી હોતો, મુંબઇની કાર્યવાહક સમિતિ અખિલ હિંદની દ્રષ્ટિયે ને નિયત કરેલી મર્યાદાના પ્રશ્નો હાથ ધરી શકે. નવા સવા પ્રત્યેક પ્રશ્ન માટે એણે સ્ટેન્ડીંગ સમિતિની દોરવણી માગવીજ જોઇએ. આવી જાતના નિયમન વિના કાર્યવાહીમાં સંગીનતા ને એકવાકયતા નથી આવી શકવાની. મુંબઈ જેવા વિશાળ ક્ષેત્રમાં હિંદના દરેક પ્રાંતોનું પ્રતિનિધિત્વ મળી શકે તેમ છે પણ એ માટે સાચી દિશામાં યત્ન સેવવો જોઇએ. બીજા પ્રાંતના ધોરણેજ મુંબઈ શહેરના સભ્યો એમાં લેવાવા જોઇએ.

**૧૨ મહામંત્રીઓ-(જનરલ સેક્રેટરીઓ)**:-નીમાયેલ સ્થાયી સમિતિ (સ્ટેન્ડીગ કમિટી) માંથી કોન્ફરન્સની બેઠક વખતે પાંચ મહામંત્રીઓ (જનરલ સેક્રેટરી) ની નિમણુંક કરવામાં આવશે જેમાંથી બે મુંબઇના રહેવાશી જોઇએ. મુંબઇમાં રહેતા મશામંત્રીઓ (જનરલ સેક્રેટરીઓ) સ્થાનિક મહામંત્રીઓ (રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ) ના નામથી ઓળખાશે. પાંચ મહામંત્રીઓ (જનરલ સેક્રેટરીઓ) માંથી કોઈનું પણ રાજીનામું આવશે તો મુંબઇની કાર્યવાહક સમિતિ કામચલાઉ નિમણુંક કરશે.

**૧૩ પ્રાંતિક તથા સ્થાનિક સમિતિઓ**:-૧ કોન્ફરન્સના અધિવેશન વખતે દરેક પ્રાંતના સ્થાયી-સમિતિ (સ્ટેન્ડીગ કમિટી) ના સભ્યો (મેમ્બરો) ચુંટાય તેમાંથી તે તે પ્રાંતના પ્રાંતિક સેક્રેટરીઓની કોન્ફરન્સે નિમણુંક કરવી. આવા પ્રાંતિક સેક્રેટરીએ તે તે પ્રાંતની સમિતિ તે તે પ્રાંતમાંથી સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમિટી) ના જે મેમ્બરો ચુંટાયા હોય તે ઉપરાંત યોગ્ય લાગે તો બીજા ઉમેરીને પ્રાંતિક સમિતિ રચવી અને તે સમિતિ દ્વારા કોન્ફરન્સને લગતાં કાર્યો કરવાં તથા ઠરાવ અમલમાં મુકવાં પ્રયત્નો કરવા. આવી પ્રાંતિક સમિતિઓ બીજી સ્થાનિક સમિતિઓ તથા તેના મંત્રીઓ નીમશે. આવી સ્થાનિક સમિતિઓના સભ્યો જો તે સ્થાનમાં રહેતા હોય તો તેઓ તેના સભ્ય ગણાશે. [૨] આવી રીતે પ્રાંતિક સમિતિઓ યા સ્થાનિક સમિતિઓ કોઇ પણ કારણે ન રચી શકાય તો જનરલ સેક્રેટરીઓ તેવી બને પ્રકારની સમિતિઓ તથા તેના મંત્રીઓની રચના તથા નિમણુંક કરશે. [૩] આ પ્રાંતિક અને સ્થાનિક સમિતિઓ રજીસ્ટર થયા વિના દર સો સભ્યોએ પાંચ પ્રતિનિધિઓ મોકલી શકશે અને તે માટે તેને સભા કે મંડળ તરીકે ગણવામાં આવશે. [૪] જે સ્થાને પ્રતિનિધિની ચુંટણી માટે સંઘ કોઇપણ કારણે ન મળ્યો હોય યા ન મળે તેમ હોય ત્યાં આ સમિતિ જાહેર-સભા બોલાવી પ્રતિનિધિ નીમી મોકલી શકશે. [૫] આવી પ્રાંતિક તથા સ્થાનીક સમિતિઓ પોતાના પ્રાંત યા શહેર યા ગાંમમાંથી સુકૃત ભંડાર ફંડ ઉઘરાવશે તથા તેમાંથી ઉઘરાવવાનું ખર્ચ બાદ જતાં બાકીની રકમમાંથી અર્ધો હિસ્સો પોતાના પ્રાંત કે સ્થાનિક સમિતિના ખર્ચ, પ્રચારકાર્ય વગેરે માટે રાખી બાકીની અર્ધો રકમ હેડ ઓફીસમાં મોકલશે.

રચનાની ને કામ કરવાની નજરે કલમ ૧૨ અને ૧૩ સુંદર છે પણ એ માટેનો અત્યાર સુધીનો તાગ કહાડતાં 'નામ મોટા ને દર્શન ખોટા' સિવાય બીજું કંઇપણ પરિણામ નજરે આવ્યું નથી. આ ટીકાની દૃષ્ટિથી નથી લખાતુ પણ બનેલી

વસ્તુ નુ નિદર્શન થાય છે. મુંબઇ સિવાયના ત્રણ મહામંત્રીઓ એ કોઇપણ ખાસ કાર્ય કર્યાનું હજુ સુધી જાણવામાં આવ્યું નથી. તંત્ર ગમે તેટલું સુંદર ગોઠવાય, તંત્રના મોવડી તરિકે ગમે તેવા શ્રીમંત કે ઉંચા ડીગ્રીધરને પસંદ કરાય છતાં જો તેમનામાં સેવાની ધગશ નજ હોય તો એ અધિકાર કે એ શ્રીમંતાઇ કંઇપણ કામ આવતી નથી. આ બંધારણ અમલમાં આવ્યા પછી કેટલી સ્થાયી સમિતિઓએ રીતસર કામ ઉપાડયું છે? આજે કેટલાક સ્થળે બંધારણમાં સુચવ્યા મુજબ કોન્ફરન્સનું કામ ચાલુ છે? આ પરિસ્થિતિનો ખરો નિચોડ કહાડવાનો છે. મશીનરી કયાં બગડેલી છે એ જોવામાંજ સાચી કાર્ય પટુતા છે. બાકી ચર્ચાસ્પદ ઠરાવોનો વંટોળ ઉભો કરવામાં કે વારે કવારે એના નામે જુસ્સાદાર પ્રવચન કરવામાં એક ધ્રુંચભર પણ ગતિ થવાની નથી. હંસ પીંછે રળિયામણો એ સુત્ર સૌ કોઇએ યાદ રાખવાનુ છે અને કામ કરવાની ધગસવાળા તરૂણોએ અને નવસર્જન કરવાના અભિલાષ ધરનારા યુવકો એનો ખાસ કરીને એને હૃદયના ઉંડાણમાં કોતરવાનું છે.

બંધારણની આ કલમો સાચેજ જો અમલમાં આવી હોત અને એ પાછળ જો થોડા પણ ગણત્રીના દિવસોની ફકીરી લેનારા બહાર પડયા હોત તો કોન્ફરન્સની અત્યારની સ્થિતિ ન હોત. થોડા ભલે માને કે યંગમેન સોસાયટીના ભાગલાથી કોન્ફરન્સમાં શિથિળતા આવી છે. હું તો એ વાત માની શકતો નથી. ચાલુ સ્થિતિની જવાબદારી આપણા કાર્યવાહકોના ઢીલાપણાને આભારી છે. આપણે જેટલી ગાજવામાં કુચ કરીએ છીએ તેટલી અમળમાં નથી કરી શકતા. ઘણુ ખરૂ આપણી નજર મુંબઇ બહાર અન્ય પ્રાંતો તરફ જતીજ નથી. સંગઠનની ભાવનાવાળા આપણે કાર્યાલયની ખુરસીઓ જેટલું સંગઠન પણ રચી શકતા નથી! જનનામાં આજે કોન્ફરન્સ માટે માન છેજ. બંધારણ માટે પણ વિરોધ ઓછો છે, પણ એ સત્યના દર્શન કરાવતાં પૂર્વે આપણે પોતાની જાતને એ પ્રશ્ન પુછવાની જરૂર છે સંસ્થા પ્રત્યેની ઉપર છેલ્લી નહીં પણ સાચી વફાદારીના દર્શન કરાવવાના છે. આજની આપણી કાર્યવાહી એક સુરીલી નથી, એથીજ એનો પડઘો એક ધારો પડતો નથી. સૌ કરતાં પ્રથમ એ એકવાકયતા હાથ કરવાની અગત્ય છે, રચનાત્મકના શ્રીગણેશ ત્યાંથી થવા જોઇએ.


## તમારા ઘર, લાઇબ્રેરી, જ્ઞાનભંડારના શણગારરૂપ
## જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો

**રૂા. ૧૮-૮-૦ ના પુસ્તકો માત્ર રૂપીઆ ૭-૮-૦ માં ખરીદો.**

| | અસલ કિંમત | ઘટાડેલી કિંમત. |
|---|---|---|
| શ્રી જૈન ગ્રંથાવલી | રૂા ૩-૦-૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન મંદિરાવલી | રૂા. ૧-૮-૦ | ૦-૮-૦ |

જાણીતા સાક્ષર શ્રી. મોહનલાલ દ. દેશાઇ કૃતઃ—

| | | પૃષ્ટ | |
|---|---|---|---|
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૧ લો | રૂા. ૫-૦-૦ | ૧૦૦૦ | ૧-૦-૦ |
| શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨ જો | રૂા. ૩-૦-૦ | ૮૫૦ | ૧-૮-૦ |
| શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ | રૂા. ૬-૦-૦ | ૧૨૫૦ | ૩-૦-૦ |

વાંચન પૃષ્ઠ ૩૧૦૦ સેટ લેનારને ત્રણે ગ્રંથો રૂા. ૪-૦-૦ માંજ.

જૈન સાહિત્યના શોખીનો, લાઇબ્રેરીઓ, જૈન સંસ્થાઓ આ અપૂર્વ લાભ લેવા ન ચુકે.

લખોઃ—**શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.**
૨૦, પાયધુની—મુંબઇ, ૩


# હૈમસારસ્વત સત્રની સફળતા કયારે?

લેખકઃ—ચૈતન્ય.

એ વાતને આજે નવ નવ સદીના વ્હાણાવાયા છે જ્યારે ગુજરાતના એ મહાન જ્યોતિર્ધરની પ્રતિભા અને અણહીલપુર પાટણના ઓજસ એકમેક થઇ ગયા હતા. ધંધુકાની ધરતી પરથી નીપજેલા એરત્નનું સાચું મુલ્યાંકન જૈન જોગી દેવચંદ્રસુરિએ કર્યું. એમાં સાધુતાનો પ્રભાવ હતો. ચારિત્રની શીળી છાંયા હતી. વીરતાના પૂજન હતા. ધર્મ અને સંસ્કૃતિનો સમન્વય સાધતા એ સામ્રાજ્ય શીરોમણી ફકીરે અહીંસા પરમો ધર્મની આણુ વર્તાવીને પણ ગુર્જર સીમાડાની પેલે પાર યશ કલગી મેળવ્યા હતાં. એની સાહિત્ય સમૃદ્ધિએ સારા જગતના અનેક ધુરંધર વિદ્વાનોને મુગ્ધ કર્યા હતા વાણિજ્ય સંસ્કૃતીના એ વારસે સરસ્વતી દેવીની અખંડ ઉપાસના કરીને અન્ય સંસ્કૃતિ પર આધિપત્ય જમાવ્યું હતું. માનવીના આદર્શ, એની અભિલાષા અને સિદ્ધિના સર્વાંગ ચિત્રને એણે મુર્તિમંત બનાવ્યું હતું કાલના પ્રચંડ ઝંઝાવાતો, સામ્રાજ્યોના પરિવર્તનો અને સંસ્કૃતીના ખંડન મંડન પ્રવાહો વચ્ચે આજે પણ એના અવશેષો મોજુદ છે. સહસ્ત્રો સહસ્ત્રો કાજલ રાત્રીઓના ભીષણ અંધકાર વચ્ચે એક નાનકડી ચીનગારી હજુપણ સળગી રહી છે. ગુર્જર ગીરાના સાક્ષરોએ એને પીછાની, અને હૈમસારસ્વત સત્રની ભાવના પ્રગટી છે. આ તો જૈનેત્તર જગતની વાત.

જૈન જગતનું શું ? કોણ જવાબ આપશે ?

ધર્મની ગાંડી ઘેલછા વચ્ચે, અંદ્ધ શ્રદ્ધા અને અજ્ઞાનતાના પૂરમાં એ વીર પૂજન પુસાઇ ગયાં છે. ગચ્છા ગચ્છના ભેદો અને વાડા પાડાની વીમાસણોમાં એનું અસ્તિત્વ ઝાંખુ પડી ગયું છે. શ્રમણ સંસ્કૃતિની એ ઉજ્વળ મનોભાવના અને નિર્મળ વર્તનને બદળે આજે આડંબર અને અહંપદના મલીન વાતાવરણે એના આદર્શ અને ભવ્યતાનું ઉચ્છેદન કર્યું છે.

આ બધું કોણ નથી સમજતું ?

એ બધીએ અસહ્ય અને વિકટ પરિસ્થિતિઓ હોવા છતાં પણ **'गतं न शोचामि'** અથવા ભુલ્યા ત્યાંથી 'ફરીથી ગણીએ' એ કહેવતને અનુસરવામાં આપણને જરાયે નાનમ નથી.

સમયના વહેણ સરખા વહેતાં નથી. એમાંએ ભરતી અને ઓટને અવકાશ છે. આપણે પણ એ સંસ્કૃતિને પુનઃ સજીવન કરી શકીએ છીએ. એનું સ્મારક જાળવી શકીએ છીએ.

એ બધું કયારે થાય ?

એ મહાન જ્યોતિર્ધરને ઓળખીયે અને એના પ્રકાશે પ્રકાશે પગલાં માંડીએ તો—એનો ઉજ્વળ અને અમુલ્ય વારસો આજે સરસ્વતીના ભંડારોના ભોંયરામાં પુરાઇ ગયો છે તેને નવયુગનો સ્પર્શ કરાવીએ તો—

આજે જૈન સંસ્કૃતિનો સાચો ઉદ્ધાર ગુરૂમંદીરો અને આગમ મંદીરો ઉભા કરવામાં નથી. એથી સમાજનું અને સંસ્કૃતિનું કોઇનું શ્રેય થવાનું નથી.

—એમાં તો સ્વયંભૂ પ્રકાશ જોઇએ—

# શ્રી નમિનાથજીના દેરાસરનો અંધેર કારભાર.

## નગરસાથ સંઘની ઘોર નિંદ્રા ક્યારે ઉડશે ?

સંવત ૧૯૯૪ ની સાલ પણ ભૂતકાળના ખાડામાં પડી ગઇ છે. સંવત ૧૯૯૫ ના દિવસો પણ એક પછી એક પસાર થતા જાય છે; પરિવર્તન કાળની નોબતના ભણકારા ચારે દીસામાં વાગી રહ્યા છે. ત્યારે એક સમાજ એવો પડ્યો છે કે જેના કાન પર એ નોબતના અવાજ પડતા નથી અથવા તો એ સમાજના કહેવાતા સુત્રધારો પ્રગતિ યુગની નોબતનો અવાજ તેમને સાંભાળવા દેતા નથી. ચોખવટ માગતો વંટોળીઓ ચારે તરફ ફેલાઇ રહ્યો છે એ વંટોળીઆનો ઘેરો ધુંધવાટ મુંબઇના નમિનાથજીના દેરાસરને પણ ઘેરી વલ્યો છે. જુના ટ્રસ્ટીઓના વહિવટ સામે ઊલકાપાત મચાવી તેઓને વિદાય કરવામાં અગ્ર ભાગ લેનારાઓ સતાની ગાદી ઉપર આવતાં એઓ પણ બેપરવાઇવાલી સ્થીતીનો ભોગ થઇ પડયા છે. દેરાસરના વહીવટનું સુકાન તેઓએ સં. ૧૯૯૧ માં હાથમાં લીધા પછી ૪ વર્ષના વહાણાં વાઇ ગયા છે. છતાં તેઓ તરફથી હીસાબ કે સરવાયાં બહાર પડતા નથી. જે સુધરેલા જમાનામાં ૭ માસનો સમય પણ હિસાબ બહાર પાડયા વિના ગાળી સકાતો નથી. એવા જાગતા કાળમાં આ દેરાસરના સુત્રધારોને ચાર વર્ષનો કાળ તો નજીવો લાગેજને ? અનેક વખત વિનવણીઓ છતાં સંઘને બોલાવી સંઘ સમક્ષ સાચી વસ્તુસ્થીતી રજુ કરવા તેમને અવકાસ નથી. અનેક વિનવણીકરવા છતાં જુના હીસાબની આંટી ઉકેલવા તેઓ ઇચ્છતા નથી. ઉપાશ્રયમાં કયા મહારાજ લાવવા જેવી નજીવી બાબત પુછવા સંઘ બોલવાય છે જ્યારે બાંધકામના ઝગડા, જુના હીસાબની પતાવટ અને નવા બંધારણની વ્યવસ્થા. આ બધા મહત્વના કામો હવામાં લટકતાં છતાં સંઘ બોલાવવાનું તેઓ ઇચ્છનીય ગણતા નથી.

આ નિષ્ક્રિયતાને પોસવા માટે નગરસાથ સંઘ પોતે પણ એટલોજ જવાબદાર છે. આજે નગરસાથ સંઘ એક નામનીજ સંસ્થા દેખાય છે, નથી તેનું બંધારણ કે નથી તેના રીતસરના સભ્યો, નથી લેવાનું લવાજમ કે નથી કોઈ વ્યવસ્થાપક. આજે નમીનાથજીના દહેરાસરના ટ્રસ્ટીઓ જો સંઘ બોલાવે તોજ સંઘ મલી શકે એવી માન્યતા ફેલાઇ ગઇ છે. જ્યારે એ ટ્રસ્ટીઓ સંઘનો સહકાર સાધવાની જરાપણ ઇચ્છા ધરાવતા હોય તેવું જણાતું નથી, તેથી સંઘ પણ ઘોર નીંદ્રામાં પડયો છે અને એનો લાભ આપખુદી અને આળસ લઈ રહ્યા છે.

આ વસ્તુસ્થીતીનો અંત આણવા સંઘે તૈયાર થવું જોઈએ ટ્રસ્ટીઓને નમ્ર વિનંતી કરી સમગ્ર વસ્તુસ્થીતીનો ફેંસલો મેળવવો જોઇએ. તેઓ સંઘ પાસે સ્પષ્ટ રજુઆત કરી સંઘ કે જેને તેઓ જવાબદાર છે તેની સુચનાઓ મેળવવી જોઇએ. તેમ છતાં જો તેઓ તરફથી સંઘ મેળવવાની કઇ પણ તજવીજ ન થાય તો સંઘના સભ્યોએ ભેગા થઇ ઠરાવ કરવો જોઇએ.

આ સંબધમાં એક દુ:ખદ બીના જાણવા મલે છે કે ટ્રસ્ટીએમાંના કેટલાક એમ માનતા જણાય છે કે સંઘમાં લાયક માણસો આવતા નથી જેથી અમે તો મોટેરાંઓને જુદા બોલાવી તેની સલાહ લેસું, અને આ પ્રમાણેના શબ્દો જવાબદાર વ્યકતીઓ તરફથી બોલાયેલા જાણવામાં આવ્યા છે. જો આ વાત ખરી હોય તો તે ઘણું દુ:ખકારી છે, નગર સાથ સંઘનું ભયંકર અપમાન છે. સંઘના કાર્યવાહકો સંઘના સેવકો છે એ કદી સંઘનું અપમાન ન કરી શકે એમ અમારૂં દ્રઢ મંતવ્ય છે.

આ હકીકત લક્ષમાં લઇ ટ્રસ્ટી સાહેબો સંઘની સભા તુરત બોલાવી સંઘનો સહકાર અને સુચનાઓ મેળવવામાં હવે વિલંબ નહિં કરે એમ માનીએ છીએ. કિંતુ જો આ સુચનાઓ પણ બહેરા કાન પર પડે અને અમલ ન થાયતો સંઘને વ્યવસ્થીત કરવા ઇચ્છતા નગરવાસી ભાઇઓ એક સ્થલે એકત્ર મળે અને બંધારણ ઘડે અને એ બંધારણ અનુસાર નમીનાથજીના દહેરાસરનો તેમજ અન્ય ટ્રસ્ટ ખાતાઓનો વ્યવસ્થીત કારભાર ચલાવવાની ટ્રસ્ટીઓને ફરજ પાડી શકે.

નમિનાથજીના દહેરાસર સંબંધી એટલી બધી ઘટનાઓ છેલ્લા ચાર વરસમાં બની ગઇ છે કે જેનો ઉલ્લેખ કરતાં એક મોટો પોથો બની જાય. પરંતુ આ સ્થળે તો આટલીજ સુચના કરી વિરમવું યોગ્ય લાગે છે.

**મનસુખલાલ હીરાલાલ લાલન.**

---

## શ્રી કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિની મીટીંગ.

ઉપરોક્ત સમિતિની એક મીટીંગ તા. ૧૨-૧૨-૧૯૩૮ સોમવારના રોજ રાત્રિના ૮ વાગે કોન્ફરન્સ ઓફીસમાં મળી હતી. જે વખતે શ્રી. નાનચંદ શામજી શાહે પ્રમુખસ્થાન લીધું હતું. બાદ સેક્રેટરીઓ તરફથી ૭ માસીક રીપોર્ટ તથા તે પછીના થયેલા કામકાજનો હેવાલ સમિતિ સમક્ષ રજુ કર્યો હતો.

બે વિદ્યાર્થીઓના આવેલા ફાર્મ ઉપર વિચાર કરી એક વિદ્યાર્થીને ૪ માસની ફી તથા પુસ્તકો, અને બીજા વિદ્યાર્થીને ટાઇપરાઇટીંગ શીખવા માટે રૂા. ૧૫) ની મદદ આપવાનું નક્કી કરવામાં આવ્યું.

ચાલુ વર્ષ માટે મંજુર થયેલી તથા ભેગી કરેલી રકમ લગભગ વપરાઇ ગયેલ હોવાથી હવે નવાં ફાર્મ હાલ તુરત ન લેવાં એમ નક્કી કરવામાં આવ્યું.

ત્યારબાદ કેટલુંક પરચુરણ કામ કરી પ્રમુખનો આભાર માની મીટીંગ વિસર્જન થઈ હતી.

લી૦

**મનસુખલાલ હીરાલાલ લાલન.**
**કેસરીચંદ જેસીંગલાલ શાહ.**
માનદ્ મંત્રીઓ.

# શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ પ્રત્યે જૈન સમાજ અને પૂજ્ય આચાર્ય મહારાજોનું કર્તવ્ય.

લેખક:—**મુનિશ્રી વિકાસવિજયજી.**

**(ગતાંકથી સંપૂર્ણ.)**

**પંચાંગો વિષે પૂજ્ય આચાર્ય મહારાજોનું કર્તવ્ય**–મારૂં નમ્ર માનવું છે કે જ્યારે સમાજમાં આ સ્થિતિ પ્રવર્તે છે અને ઘણા લોકો સંશયને લીધે મુંઝાય છે તે વખતે આપણા પૂજ્ય આચાર્યોએ સમાજને માર્ગ દર્શન કરાવવું જોઇએ. આ માર્ગ દર્શન કરાવવામાં સંપૂર્ણ સત્ય એ એકજ પ્રકાશને એઓએ અનુસરવું જોઇએ. પરંપરાનો પ્રારંભ પણ પ્રકાશમાંથીજ થાય છે. પણ જ્યારે એ પરંપરાને સ્થળ, કાળના વિચાર વગર જડતાથી પકડી રાખવામાં આવે છે ત્યારે તે પરંપરા પ્રકાશને બદલે અંધારામાં આપણને લઈ જાય છે. અમુક વસ્તુ અમુક વર્ષથી ચાલી આવેલી છે એટલા ઉપરથીજ તે અત્યારના કાળમાં અને આ સ્થળમાં સ્વીકાર્ય બનતી નથી. આથી ઉલટું તો એમ કહી શકાય કે અમુક વસ્તુને ચાલુ રહ્યાને ઘણો વખત થઇ ગયો છે માટે હવે તે વસ્તુ ઉપર ફરીને વિચાર કરવા માટે સમય પ્રાપ્ત થયો છે એમ ગણાવું જોઇએ. વખતો વખત સ્થળ, કાળનો વિચાર કરીને પરંપરામાં સુધારો કરતા રહેવું એજ બધી પરંપરાઓની સૌથી મોટી મહાપરંપરા છે. અને આ મહાપરંપરાને વફાદાર રહેવું એની અંદરજ ધર્મની સાચી સેવા છે. દુર્ભાગ્ય! જે વસ્તુથી ધર્મનો આજે નાશ થવા બેઠો છે તેને આપણે ધર્મની સેવા સમજીએ છીએ અને ધર્મની જે સાચી સેવા છે તેને આપણે ધર્મ વિમુખ ગણીએ છીએ. દરદીના શરીરમાં ઝેરી ગુંબડું થયું હોય તેને પંપાળનાર દરદીની સેવા કરતો નથી પણ તેનું મૃત્યુ આણે છે. પણ જે શસ્ત્રવૈદ્ય સખ્તપણે એ બધો ઝેરી ભાગ કાપી નાખે છે તેજ દરદીની સાચી સેવા કરે છે અને તેને જીવાડે છે.

આવી પરિસ્થિતિમાં જૈન સમાજના ઘણા ભાઇઓ જુના અને નવા પંચાંગમાં આવતા ફરકની બાબતમાં આચાર્યોનો નિર્ણય મેળવવા એમને વિનંતી કરે એ સ્વાભાવીક છે. આવે વખતે આપણા મુરબ્બી આચાર્યો કેવા પ્રકારનો નિર્ણય આપશે? મારા નમ્ર મત પ્રમાણે એઓશ્રી આ વિષયના વિદ્વાનો પાસે આ વિષયને મુકશે અને તેઓનો અભિપ્રાય જાણવા પ્રયત્ન કરશે. કારણ કે આ વિષય વૈજ્ઞાનિક છે અને તેનો નિર્ણય આ વિષયના વિદ્વાનોજ કરી શકે. પંચમીએ કયાં કયાં ધર્મકૃત્યો કરવાં અને તે કેવી રીતે કરવાં એ બાબતમાં આપણાં ધર્મશાસ્ત્રો નિર્ણય કરવાને માટે સ્વતંત્ર છે. પણ તે પંચમી કાલે ગઇ, આજે છે કે આવતી કાલે આવશે એનો નિર્ણય તો ખગોળ શાસ્ત્રીજ કરી શકે અને તેમાં ધર્મશાસ્ત્રો કાંઇ કહી ન શકે. કારણ કે તે તેનો વિષય નથી. તેવીજ રીતે ખગોળ શાસ્ત્રી માત્ર એટલુંજ કહી શકે કે પંચમી કયે દિવસે છે. પણ તે દિવસે કયાં ધર્મકૃત્યો કરવાં તે ખગોળ શાસ્ત્રી કહી ન શકે કારણ કે તે તેનો વિષય નથી. આપણી ધર્મવિધિઓમાં વૈજ્ઞાનિક અને ધાર્મિક વિષયો ગુંથાઇ ગયા છે. તેમાંથી વૈજ્ઞાનિક વિષયોનો ઉકેલ વિજ્ઞાન દૃષ્ટિએ અને ધાર્મિક વિષયોનો ઉકેલ ધર્મદૃષ્ટિએ કરવો જોઇએ. અને જો આ બન્ને વિષયોને પોતપોતાની યોગ્ય મર્યાદાઓમાં રાખવામાં આવે તો તેઓની વચ્ચે કદી પણ વિરોધ ઉત્પન્ન ન થાય. આ વિજ્ઞાનદૃષ્ટિ રાખીને આ વિષયના વૈજ્ઞાનિકોની પાસેથી તેઓનો અભિપ્રાય જાણીને આ વિષયનો નિર્ણય જો આપણા પૂજ્ય આચાર્યો કરશે તોજ એઓ આ વિષયમાં સમાજને ખરૂં માર્ગ દર્શન કરાવી શકશે. માત્ર જુની પરંપરાને અનુકુળ થઇ રહેવામાં એઓ જો પોતાની તાત્કાલીક સલામતી શોધશે તો સમાજના આ વિષયના અજ્ઞાનને લીધે એ સલામતી થોડો વખત સુધી કદાચ એઓને મલશે. પણ એ સલામતી લાંબો વખત ટકી શકશે નહિ. અને જ્યારે સમાજ જોશે કે અમારા આચાર્યો અમને એમની તાત્કાલીક સલામતી ખાતર ખરૂં માર્ગ દર્શન આપતા નથી તે વખતે તેઓ આચાર્યો તરફનું બહુમાન છોડી દેશે. અને સમજદાર વર્ગ તો તરતજ એ બહુમાન છોડી દેશે. એટલે આ વિષયને માથા ઉપરથી કાઢી નાખવા માટે જુના પંચાંગનો સ્વીકાર ચાલુ રાખવો એવો નિર્ણય જો પૂજ્ય આચાર્યો આપશે તો તેઓ સમાજની સાચી દોરવણી કરશે નહિ.

હું બહુ નમ્રપણે પણ બહુજ ગંભીરપણે અમારા પૂજ્ય આચાર્યશ્રીઓને સ્પષ્ટપણે જણાવી દેવા માંગુ છું કે આપણા મુખમાંથી પડેલા શબ્દ છે માટેજ તે પ્રમાણ છે. એમ માનવાને હવે સમાજ તૈયાર નથી—સમાજ તો સારાસારના તાજવામાં તેને તોળી જોશે, આચાર્યશ્રીનો નિર્ણય છે એટલે તેને માનપુર્વક વાંચશે, તેના ઉપર પૂજ્ય બુદ્ધિથી ખુબજ વિચાર કરશે પણ એ આચાર્યનું વચન છે માટેજ પ્રમાણ છે એમ માની નહિ બેસે. પણ તેને સત્યની કસોટીએ કસી જોશે અને એ સત્ય ઠરશે તોજ તેનો સ્વીકાર કરશે. વળી પૂજ્ય આચાર્યોએ એ પણ યાદ રાખવું કે અમુક નિર્ણયો આપવાથીજ છુટી શકાશે નહિ. એ નિર્ણયો આપવા માટેનાં કયાં સબળ પ્રમાણો તેઓની આગળ છે એમ સમાજ તેઓને તરતજ પૂછશે. અને જો એ પ્રમાણે તેઓ રજુ કરી શકશે નહિ તો તેઓ પોતાની આજ્ઞા લાંબા વખત સુધી મનાવી શકશે નહિ. આ ઉપરથી હું પૂજ્ય આચાર્યશ્રીઓને નમ્રપણે પણ ગંભીરપણે વિનતિ કરૂં છું કે તેઓ જે નિર્ણય આપે તેને સત્યની અને વિજ્ઞાનની દૃષ્ટિએ કસી જુએ.

આ વિષયની ચર્ચા લાંબા વખતથી વર્તમાન પત્રોમાં અને જૈન સાપ્તાહિકો વગેરેમાં આવ્યા કરે છે. તેના ખુલાસારૂપે મારે કંઇક લખવું જોઇએ એમ મને ઘણા વખતથી લાગ્યા કરતું હતું. તેને લીધે ઉપરનો લેખ લખવા પ્રેરાયો છું. અને તેમાં સત્યની નિર્વિકાર સેવા એજ આશય રહેલો છે હું આશા રાખું છું કે મારો આ આશય લક્ષમાં લઇને પૂજ્ય આચાર્યશ્રીઓ તેમજ જૈન સમાજ આ વિષયમાં મારા કથનને સહાનુભૂતિપૂર્વક લક્ષમાં લેશે. એજ.

# ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ.

## ટ્રસ્ટ રજીસ્ટર્ડ કરાવવાના છેલ્લા દિવસે એટલે તા૦ ૮-૧૨-૩૮ ના રોજ નજરે નિહાળેલો

# એક રમુજી પ્રસંગ.

**સમય:**—સ્મોલ કોર્ઝ કોર્ટનું વિશાળ કમ્પાઉન્ડ.

**સ્થળ:**—બપોરના ૨ વાગે.

તા૦ ૮-૧૨-૩૮ નો એ દિવસ સ્મોલ કોર્ઝ કોર્ટના કમ્પાઉન્ડમાં અને રજીસ્ટ્રાર પાસેં ટ્રસ્ટ ફંડોના ટ્રસ્ટીઓની, મુનીમોની અને મહેતાજીઓની જોવા જેવી ગીરદી જામી હતી, કોઇના હાથમાં ટાઈપ કરેલા કાગળોના બંડલો, તો કોઇની સાથે ભૈયાજીએ ઉપાડેલ ચોપડાનો ગાંઠડો, કોઇ ટ્રસ્ટીઓની સાથે ઓડીટરો તો કોઇ એકલા મુનીમો નજરે પડતા હતા. આ ગીરદીમાં ફરતો હું પણ જઇ ચઢયો, ત્યાં એક ખુણા ઉપર મારા ઓળખીતા બે ગૃહસ્થો વાતો કરતા હતા, તેની પાસે જઇ મેં સાહેબજી કર્યા. તે બન્ને મિત્રો અને હું ત્રણે એક બાંક ઉપર જઇ બેઠા, મારા મિત્ર જેનું નામ સુધાકર હતું તેને મેં કહ્યું—

'કેમ તમારે પણ આજે આ કોર્ટમાં આવવું પડ્યું?'

'શું તમો નથી જાણતા કે આજે ટ્રસ્ટો રજીસ્ટર્ડ કરાવવાનો છેલ્લો દિવસ છે? જવાબ મળ્યો.

'પણ આપણું ટ્રસ્ટ કયાં બહુ મોટું છે? થોડા દિવસ પહેલાં આવ્યા હોત તો આટલું ખોટી થાવું ન પડત.' મેં કહ્યું.

'અરે ભાઈ! આ મહેતાજીને હું પણ કહી કહી થાકયો પણ હિસાબ તૈયાર કરે ત્યારે અવાય ને? સુધાકરે જવાબ આપ્યો.

અત્યાર સુધી મૌન બેઠેલા ભાઇ જેનું નામ કૃષ્ણલાલ હતું! તે તપકીરનો સડાકો લેતાં બોલી ઉઠ્યા 'અરે બાપ! આતો એવી બલા વળગી છે કે ન પુછો વાત, આપણે જાણીએ કે કોંગ્રેસ રાજ છે, એટલે આપણને કાંઈ કહેવાનું નહિ રહે, પણ આતો ઉલટું વખાણી ખીચડી દાંતે વળગી, આ અમારે પણ રામચંદ્રજીના મંદિરના ચોપડા લઇને અહિં મરવું પડયું છે.'

મારા મિત્રે તેને ટેકો આપતાં કહ્યું, 'કૃષ્ણભાઈ, તમારે તો આટલેથીજ પત્યું. પણ મારી પીડાની તો વાતજ ન કરો, અરે! ક્રીકેટનો પાસ આવ્યો હતો, તે પણ છોકરાને આપી દેવા પડયો, પહેલાં બે દિવસ મેચ જોવા ગયો, ત્યાં દહેરાસરથી મુનીમ બોલાવવા આવ્યો કે ચાલો ઓડીટર આવ્યા છે, કાંઈક પૂછવા માંગે છે, અને ભાઇ! મેચ મૂકીને દહેરાસરે દોડવું પડયું, વળી અમારે તો કયાં સહેલું છે? જુના હીસાબોમાં કાંઈક ગરબડ છે તેની તપાસ કરવા યુવાનો બૂમાબૂમ કરે છે, બીજી બાજુથી અમારા સંઘોના ઝગડા, હકની મારામારી વિગેરેથી તો કૃષ્ણભાઇ, તોબાહ પોકારીએ છીએ.'

'પણ સુધાકર ભાઈ! આમાંથી ટ્રસ્ટોને ઘણોજ ફાયદો થશે, આંધળા વહીવટો સુધરી જશે, અને તમારે પણ રસ્તો સીધો થઇ જશે' મેં હસતાં હસતાં કહ્યું.

કૃષ્ણલાલભાઇ પગ પર પગ ચઢાવી બોલ્યા—'આ ભાઇ વહેવારૂ લાગતા નથી, આજ કાલના યુવાનો અનુભવ વિનાની વાતો કરી નાહકના લોકોને ઉંધે રસ્તે લઇ જાય છે, સુધાકરભાઇ! જેવું તમારે ત્યાં તેવું અમારે ત્યાં પણ છે, પણ ખરૂં પૂછો તો આ કાયદાથી એક વાતે તો સુખ થશે, બસ! વાઉચર બનાવી ઓડીટર પાસે ઓડીટ કરાવી જાણ મોકલી દીધા પછી આવા યુવાનોની કીટ કીટ તો સાંભળવી નહિ રહે. માત્ર દુઃખ એટલું કે આપણી બાંધી મુઠી સરકાર જાણી જશે એટલુંજ દુઃખ છે."

મેં કહ્યું 'શેઠ સાહેબો! હું તો સામાન્ય વ્યક્તિ છું, પણ મારે કહેવું જોશે કે આપખુદ અને આંધળા વહીવટોએ અત્યાર સુધી અનેક સખાવતોનો સત્યાનાશ કાઢી નાંખ્યો છે, સખાવતના પૈસાનો દુરૂપયોગ થવાના અનેક દાખલા છે; જે આ સુધાકરભાઈ જાણે છે. તેવા દાખલાઓ હવે બનવા અશકય બનશે એટલું તો ચોકસ છે.'

આટલી વાતચીત થતાં કૃષ્ણલાલભાઇનો ભૈયો ત્રણ સીંગલ ચા લાવ્યો તે પીને અમો જુદા પડયા, હું પણ ટ્રસ્ટીઓની મનોદશાનો વિચાર કરતો ધામમાં ચડી ગયો.

લી૦ જિજ્ઞાસુ.

# સમાચાર સાર

(૧)

## ખંભાતમાં થયેલા પ્રતિષ્ઠા મહોત્સવો.

જૈનાચાર્ય શ્રી વિજય અમૃતસૂરિશ્વરજીની છત્ર છાયામાં ખંભાતના શ્રી. ભોંયરાપોડાના શ્રી. ચંદ્રપ્રભુ સ્વામીના દેરાસરજીનો તેમજ આવી પાડા મધ્યે આવેલા શ્રી. સુપાર્શ્વનાથજી ભગવાનના દેરાસરજીનો પ્રતિષ્ઠા મહોત્સવ માગસર શુદ ૧૦ ના દિવસે કરવામાં આવ્યા હતા. તેમજ તે દિવસે શાંતીસ્નાત્ર ભણાવવામાં આવેલ હતું.

(૨)

## મુંબઇના શ્રી. ગોડીજી મહારાના ઉપાશ્રયે શ્રી. કર્પૂર ગ્રંથમાળા સમિતિનું વાંચવામાં આવેલ નિવેદન.

પંન્યાસજી મહારાજ શ્રી. પ્રીતિવિજયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં મૌન એકાદશીના શુભ દિવસે વ્યાખ્યાનના ટાઇમે શ્રી કર્પૂર ગ્રંથમાળા સમિતિ તરફથી બહાર પાડવામાં આવેલ નિવેદન શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસીએ વાંચી સંભળાવતા જણાવ્યું કે શ્રી કર્પૂરવિજયજી મહારાજ સાહેબના પ્રથમ જયતિ મહોત્સવના દિવસે મહારાજશ્રીના સ્મારક તરીકે કાંઇપણ કરવાનો વિચાર કેટલાક બંધુઓને ઉદ્ભભવ્યો આ વિચાર થયા બાદ એક કમીટી નીમવામાં આવતા અને તે કમીટીના પ્રયાસથી તેમજ પંન્યાસજી મહારાજ શ્રી પ્રીતિવિજયજી ગણીવરના સતત્ ઉપદેશથી અત્યાર સુધીમાં લગભગ ૧૩૦૦) રૂપીઆ ભરાયા છે. વિગેરે હકીકત લંબાણથી રજુ કર્યા બાદ તેજ વખતે ચાર ગ્રહસ્થોએ દરેકે રૂ૦ ૧૧) મુજબ ભર્યા હતાં. આ કમીટીના સભ્યો, માગશર વદ ૫ ને રવીવારે રાત્રીના મળ્યા હતા જે વખતે મંત્રી તરીકે શ્રી. નરોત્તમદાસ બી. શાહની નિમણુંક કરવામાં આવી હતી.

લી૦ **વાડીલાલ જેઠાલાલ ખંભાતવાલા.**

આ પત્ર મી૦ માણેકલાલ ડી. મોદીએ શ્રી મહાવીર પ્રીં. વર્કસ, સીલવર મેનશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, ગોડીજીની નવી બીલ્ડિંગ, પાયધુની, મુંબઇ ૩ માંથી પ્રગટ કર્યું છે.